## :: અનુક્રમણિકા ::


| ક્રમ | વર્ષ | અંક | વિષય | પે.નં. |
|---|---|---|---|---|
| ૧. | ૧૪ | ૧ | નયસારના જીવનમાં શું શું ? | ૨ |
| ૨. | ૧૪ | ૧ | **આત્મ વિકાસનો બીજો ઉપાય** | ૪ |
| ૩. | ૧૪ | ૧ | પ્રભંજનાનું દૃષ્ટાંત | ૬ |
| ૪. | ૧૪ | ૧ | સાધ્વીનો ઉપદેશ | ૭ |
| ૫. | ૧૪ | ૨ | બ્રાહ્મણીની ત્રણ દીકરીનું દૃષ્ટાંત | ૧૦ |
| ૬. | ૧૪ | ૨ | બ્રાહ્મણીની જીવન શાંતિની ફિલસુફી | ૧૩ |
| ૭. | ૧૪ | ૩ | મા બાપ પ્રત્યે સ્થિતપ્રજ્ઞતા | ૨૨ |
| ૮. | ૧૪ | ૩ | 'નાથ તે નાથ, સેવક એ સેવક.' | ૨૫ |
| ૯. | ૧૪ | ૩ | બ્રહ્મદર્શનાર્થી રાજાનું દૃષ્ટાંત | ૨૮ |
| ૧૦. | ૧૪ | ૪ | મહાત્માની આત્મસાવધાની | ૩૨ |
| ૧૧. | ૧૪ | ૬ | **આત્મવિકાસનો ૩ જો માર્ગ** | ૩૪ |
| ૧૨. | ૧૪ | ૬ | સીતાજીનો આ પ્રસંગ શું શીખવે છે ? | ૩૮ |
| ૧૩. | ૧૪ | ૬ | ખરી ભક્તિનો મહાલાભ | ૪૨ |
| ૧૪. | ૧૪ | ૬ | સ્વામીભક્તિનો એક પ્રસંગ જુઓ | ૪૩ |
| ૧૫. | ૧૪ | ૭ | વનવાસ દુઃખરૂપ કેમ ન લાગે... | ૪૫ |
| ૧૬. | ૧૪ | ૮ | રાજાની ચોરી પછીથી ભેટ | ૫૩ |
| ૧૭. | ૧૪ | ૮ | કૂતરું અને સિંહ | ૫૫ |
| ૧૮. | ૧૪ | ૯ | મન ખડતલ હોય એને કષ્ટમયતા ન લાગે | ૬૫ |
| ૧૯. | ૧૪ | ૧૦ | ભાવના સંસારથી મુક્ત કરે છે. | ૭૦ |
| ૨૦. | ૧૪ | ૧૦ | કવિ કાળીદાસનો એકાંતનો કડવો અનુભવ | ૭૨ |
| ૨૨. | ૧૪ | ૧૦ | વીમા દલાલનું દૃષ્ટાંત | ૭૪ |
| ૨૩. | ૧૪ | ૧૦ | દેરાસર માટે દૂધ કેસર વગેરેની એક યોજના | ૭૬ |
| ૨૪. | ૧૪ | ૧૧ | વિચારોને શુદ્ધ કરવા માટે સાધનો, | ૮૦ |
| ૨૫. | ૧૪ | ૧૧ | મહાસતીઓના કષ્ટ પ્રસંગ | ૮૩ |
| ૨૬. | ૧૪ | ૧૧ | ક્રોધમાંથી કામવાસનામાં સુપર્ણખા | ૮૬ |
| ૨૭. | ૧૪ | ૧૧ | સીતાનું હરણ | ૮૮ |





| | | | | |
|---|---|---|---|---|
| ૨૮. | ૧૪ | ૧૨ | મલયસુંદરીનો પ્રસંગ | ૯૦ |
| ૨૯. | ૧૪ | ૧૨ | સીતાએ આપેલ ભોગ અદ્ભુત | ૯૪ |
| ૩૦. | ૧૪ | ૧૨ | ધનના ભોગ કોણે આપ્યા ? | ૯૭ |
| ૩૧. | ૧૪ | ૧૩ | શીલની મર્યાદાનું કડક પાલન | ૧૦૧ |
| ૩૨. | ૧૪ | ૧૩ | સુમતિલાલને દુરાચારનું ફળ | ૧૦૩ |
| ૩૩. | ૧૪ | ૧૪ | નગ્ન શરીર પર મારની ઝડી | ૧૦૮ |
| ૩૪. | ૧૪ | ૧૪ | સીતાની મંદોદરીને શીલ ગર્જના | ૧૧૦ |
| ૩૫. | ૧૪ | ૧૫ | રતિસુંદરીએ ચાર મહિના શું કર્યું ? | ૧૨૧ |
| ૩૬. | ૧૪ | ૧૬ | નિર્વાણીની કથા | ૧૩૧ |
| ૩૭. | ૧૪ | ૧૭ | નિર્વાણીના મુદ્દા | ૧૪૨ |
| ૩૮. | ૧૪ | ૧૯ | ધર્મદત્તની કથા | ૧૫૬ |
| ૩૯. | ૧૪ | ૧૯ | જીવોની દુર્દશા દેખી અદ્ભુત વિચારણા | ૧૬૩ |
| ૪૦. | ૧૪ | ૨૨ | જીવાદિ ૯ તત્ત્વ | ૧૮૨ |
| ૪૧. | ૧૪ | ૨૩ | **જૈનધર્મમાં 'પરિણતિ'ના ૫ અર્થ** | ૧૯૨ |
| ૪૨. | ૧૪ | ૨૩ | વેદના વખતે શુભ ભાવનાના પ્રકાર | ૧૯૬ |
| ૪૩. | ૧૪ | ૨૪ | તપની ભાવના | ૨૦૦ |
| ૪૪. | ૧૪ | ૨૪ | બ્રહ્મચર્યની ભાવના | ૨૦૪ |
| ૪૫. | ૧૪ | ૨૬ | સુકુતમાં ધનવ્યય અર્થે ભાવના | ૨૧૬ |
| ૪૬. | ૧૪ | ૨૭ | શીલની મર્યાદાનું પાલન | ૨૨૫ |
| ૪૭. | ૧૪ | ૨૮ | શીલના મહામૂલ્ય | ૨૩૭ |
| ૪૮. | ૧૪ | ૩૦ | સીતાજીને કેમ કાઢી મૂકે છે ? | ૨૫૫ |
| ૪૯. | ૧૪ | ૩૨ | રાજા-મંત્રીનું મિલન | ૨૭૨ |
| ૫૦. | ૧૪ | ૩૩ | મુનીમના અવિવેકી બોલ | ૨૭૯ |
| ૫૧. | ૧૪ | ૩૫ | જીવનદૃષ્ટિ બે | ૨૮૯ |
| ૫૨. | ૧૪ | ૩૬ | દેવની પ્રશંસા | ૨૯૬ |
| ૫૩. | ૧૪ | ૩૬ | ઉચ્ચ અને ઉમદા હૃદય શી રીતે બને ? | ૩૦૩ |
| ૫૪. | ૧૪ | ૩૬ | વિચિત્ર રીતે ચોરી થયાનું દૃષ્ટાંત | ૩૦૭ |
| ૫૫. | ૧૪ | ૩૭ | હૃદય તામસી કેમ ન બને ? | ૩૦૯ |

# આત્માનો વિકાસ અને મહાસતી સીતાજીના જીવન-પ્રસંગ

ત્રિલોકનાથ વિશ્વદયાળુ તીર્થંકરદેવ શ્રી મહાવીર પરમાત્મા પોતાના અનંત જ્ઞાનમાં જેવું દેખે છે એવું જ ફરમાવતાં કહે છે કે આ માનવભવે જીવન-વિકાસ કરીને સ્વાત્માનો વિકાસ સાધવાની એક અણમોલ તક છે. વેપારની મોસમમાં વેપારીને પૈસા કમાઈ લેવાની તક મનાય છે ને ? માણસને કુમાર અવસ્થામાં વિદ્યાભ્યાસ કરી લેવાની તક ખરી ને ? માંત્રિકનો યોગ મળે મંત્ર સાધી લેવાની તક કહેવાયને ? એમ, આ ઉત્તમ ભવમાં જીવન વિકસિત બનાવી આત્માનો મહાન વિકાસ સાધી લેવાની તક અનુપમ ગણાય. કીટ-પશુની યોનિમાં જીવન નિર્વિવેકી હોય છે, એ અણવિકસ્યું જીવન કહીએ; ત્યારે મનુષ્યપણે વિવેકભર્યું જીવન જીવવા દ્વારા વિકસિત જીવન જીવી શકીએ છીએ. એ જ જીવન-વિકાસ છે, અને એમાં આત્માનો મહાન વિકાસ સાધી શકાય છે. એની તક અહીં છે.

એ વિકાસના શા શા ઉપાય હોય ? એ વિચારવાનું છે. અલબત્ત જિનેશ્વર દેવના આગમ-શાસ્ત્રોમાં આત્મ વિકાસના ઉપાયોનો ધરખમ વિચાર કરવામાં આવ્યો છે, પરંતુ એમ કોરે કોરો વિચાર બતાવવામાં ઘણાઓને એની ઝટ ઉર્મિ ઊઠતી કાંઈ દેખાતી નથી; પણ હાં, કોઈ દૃષ્ટાંત હોય તો ઝટ ગળે ઊતરી જાય. એ હિસાબે આપણે વિકાસના માર્ગનો વિચાર મહાસતી સીતાજીના ક્રમસર એકેક જીવન પ્રસંગ લઈ લઈને કરવાનું રાખ્યું છે.

મહાસતીની જીવન ઘટનાઓ બોલે છે કે 'આનાં અમારાં રહસ્ય સમજો અને એ એકેકી ઘટનામાં જુઓ કે આત્મા વિકાસનો કેવો કેવો સુંદર રાહ અંકિત થયેલો પડ્યો છે.'

અહીં પ્રશ્ન થવા સંભવ છે કે શું સીતાજીમાં એટલી બધી વિશેષતા હતી કે એમના જીવન-પ્રસંગો વિકાસનાં તત્ત્વથી અલંકૃત હતા ?

સીતાજીના પ્રસંગો દ્વારા જ આત્મવિકાસનો વિચાર શા માટે ?

આનો સીધો ઉત્તર એ છે કે એમના અમુક અમુક પ્રસંગો તો જગતના ઘણા જીવો કરતાં એમના આત્માની કેટલી બધી ઊંચી ઉન્નત દશા હતી એ સ્પષ્ટપણે સૂચવી રહ્યા છે. એ પરથી સમજાય એવું છે કે એમના બીજા પણ પ્રસંગો જરૂર



તેવા ઉન્નતિના તત્ત્વથી શોભતા હશે. ઊંડો વિચાર ન કરવામાં આવે ત્યાં સુધી એનો ખ્યાલ ન આવે એ બનવાજોગ છે.

**ચારિત્રશ્રવણમાં પ્રસંગ પાછળના રહસ્યનો વિચાર ખરો ? :-**

મહાપુરુષોના ચરિત્રો સાંભળી જવાય છે, પણ અફસોસી એ છે કે ચરિત્રના પ્રસંગોમાં વણાયેલ તત્ત્વ રહસ્યનો વિચાર નથી કરવામાં આવતો. એક દા.ત. જુઓ કે મહાવીર પ્રભુનું ચરિત્ર તો સાંભળ્યું છે ને ? અનેકવાર સાંભળ્યું છે. એમના પ્રથમ ભવમાં એ નયસાર એક ગામના મુખી હતા અને રાજાના હુકમથી રથ વગેરે બનાવવાનો યોગ્ય કાષ્ઠ લેવા માટે જંગલમાં ગયા હતા. ત્યાં ભોજન સમયે અતિથિને યાદ કરી બહાર નજર નાખવા જાય છે. જંગલ એવું ભયાનક છે કે ત્યાં રક્ષણનાં શસ્ત્ર લઈને આવવું પડે. એમાં પાછો મધ્યાહ્નકાળ છે કે જે વખતે વળી કોણ અતિથિ ત્યાં ફરતો હોય ? હવે અહીં આ રીતે વિચાર કરી તમને પ્રશ્ન સ્ફુર્યો છે ખરો કે,

'આવા તે વનમાં અને મુસાફરોને નહિ ચાલવાના મધ્યાહ્ન જેવા કાળે નયસારને અતિથિ શોધવાનું મન કેમ થયું ?'

અને જો મન થયું, 'તો એ એમના કેવા જીવનનું પ્રતિબિંબ છે ? એમના જીવનમાં શું રહસ્ય હશે ?'

આ વિચાર નથી કર્યો ને ? આટલો સાદો વિચાર કે જે સહેજે સમજાય એવો છે, તે ય ન કરાતો હોય. તો એમના કે બીજાના પ્રસંગ કે જેમાં ઉંડાણથી વિચાર કરાય તો જ રહસ્ય લાધે. એના પર તો વિચારવાનું અને રહસ્ય શોધવાનું કર્યું જ શાનું હોય ?

**નયસારના રોજીંદા જીવનમાં :-**

ખેર ! નયસારના જીવનનું રહસ્ય એ સૂચિત થાય છે કે નયસારનું રોજીંદુ જીવન અતિથિ-સત્કારની મુખ્યતાવાળું હશે. પછી ભોજન કરતાં પહેલાં અતિથિને સહેજે યાદ કરાય.

**નયસારના જીવનમાં શું શું ? :-**

(૧) ભયાનક પણ જંગલમાં એ અતિથિને યાદ કરે છે એ હંમેશની અતિથિ-સત્કારની ખાસિયત સૂચવે છે.

(૨) એની પાછળ દિલની ઉદારતા પણ સૂચિત થાય છે.

(૩) આર્ય દેશની મર્યાદાના પાલનનો માથે ભાર પણ સૂચિત છે.

(૪) જે રીતે એ અટવીમાં મળેલા મુનિઓને લઈ આવે છે, ભક્તિ કરે છે, જાતે માર્ગે ચઢાવે છે અને મુનિઓની કંઈ કહેવાની ઈચ્છા પર સાંભળવા આતુર

છે, એ બધી વસ્તુ પરથી એના સહજ વિવેક, નમ્રતા, સહાનુભૂતિ, લઘુતા વગેરે કેટલાય ગુણો સૂચિત થાય છે.

એના પર સમ્યગ્દર્શન પામી જાય એમાં નવાઈ નથી. નયસારનો અતિથિભક્તિનો આ પ્રસંગ આપણને વિકાસનો માર્ગ બતાવી જાય છે, કે રોજ અતિથિ સત્કાર, ઉદારતા, મર્યાદાપાલન, વિવેક, નમ્રતા, સહાનુભૂતિ વગેરે આચરતા રહો.

મહાસતી સીતાજીના જીવન પ્રસંગો પણ આત્મવિકાસના અનેક પ્રકારના માર્ગના સૂચક છે. એ દૃષ્ટાંતરૂપ હોવાથી એના આધારે આપણને વિકાસમાર્ગ મનમાં સારો ઠસી જાય છે.

**સીતાજીના ઉન્નત જીવનનો બીજો પુરાવો :-**

બીજી વાત આ છે કે સીતાજી ચારિત્ર પાળી બારમા દેવલોકના ઈન્દ્ર અચ્યુતેન્દ્ર થાય છે. અચ્યુતેન્દ્ર એટલે ૨૨ સાગરોપમ=૨૨૦ કોડાકોડી પલ્યોપમ સુધીના કાળના ગાળામાં અસંખ્ય જિનેશ્વર ભગવાનના જન્માભિષેકમાં જેમને સૌથી પ્રથમ અભિષેક કરવાનું મળે છે. એ વખતે એના કેટલા બધા ઊંચા ભાવોલ્લાસ જાગે ! અસંખ્ય વાર જિન-જન્માભિષેકમાં પ્રથમ અભિષેક કરવાનું મેળવી આપનાર પુણ્ય કેટલું ઊંચું ! એ શી રીતે ઉપાર્જ્યું હશે ? શું પૂર્વભવે આત્માની ઊંચી લાયકાત વિના જ ?

શું સીતાજીના જીવન-પ્રસંગો આત્મ-વિકાસના તત્ત્વોથી વણાયેલા નહિ હોય ? અને એ એમજ ચારિત્રના માર્ગે ચઢી ગયા હશે ? તે પણ જ્યારે હવે તો અગ્નિની ખાઈમાં પ્રવેશનું દિવ્ય કરતાં ખાઈ જળબંબાકાર બનીને વચમાં સુવર્ણકમળ પર બિરાજમાન સીતાજી જગદંબા મહાસતી તરીકે લોકોના દિલમાં સ્થાપિત થઈ ગયા છે ! ને હવે એ જ્વલંત યશસ્વી નામના સાથે મહા સ્વાગતભેર અયોધ્યામાં લઈ જવા રામ, લક્ષ્મણ અને સમસ્ત પ્રજા હર્ષઘેલી બની ગઈ છે ! એવા અવસરે એ જ ક્ષણે એ બધું પડતું મૂકી ત્યાંથી જ ચારિત્ર માર્ગે ચાલ્યા ગયા ! એ જીવન આખું ય આત્મ-વિકાસના તત્ત્વોથી મઘમઘ હોયા વિના બન્યું ? એમના જીવનના એકેક પ્રસંગ અમૂલ્ય આત્મ-વિકાસના વિવિધ ઉપાય સૂચવી જાય છે. એનો વિચાર અહીં કરીએ છીએ. એના એકેક મુદ્દા હૃદયપટ પર અંકિત કરી રાખવા જેવા, અને પોતાના જીવનમાં પ્રસંગે પ્રસંગે એ નજર સામે લાવી ઘટતા વિકાસ-માર્ગનું આલંબન કરવા જેવું છે.

**આત્મવિકાસનો પહેલો માર્ગ :-**

સીતાજીના પૂર્વ જીવનમાં જુઓ કે પહેલું તો એમણે વડિલો પ્રત્યે કેવો



વિનય, અદબ અને લઘુતાદિ આચર્યા હશે, જીવનમાં કેવા વિદ્યાભ્યાસના સુસંસ્કારો ઉતાર્યા હશે, કે પછીના જીવન સમગ્રને એ ગુણો વ્યાપે છે ! પૂર્વ જીવનમાં ગમે તેવાં ઉદ્ધત, ઉછાંછળાં, અને ગર્વિષ્ઠ વર્તાવ આચર્યા પછી તેમજ વિદ્યાભ્યાસથી સંસ્કારી બન્યા વિના ઉત્તર જીવનમાં વિનય-અદબ-લઘુતાદિ આવવા સહેલા નથી. કૈકેયી શોક્યા સાસુ રામને ગાદી મળવાના સમયે ભરત માટે રાજ્ય માગી લે, ને સસરા દશરથ એ આપી દે, છતાં મનમાં રોષ લાવવાનો નહિ, એક હરફનું ઉચ્ચારણ નહિ, પતિ રામચંદ્રજી સાથે જુઆરા કરવાની ગોષ્ઠી નહિ, એ બધું પૂર્વજીવનના વિનયાદિ આચાર અને મળેલી વિદ્યા-કેળવણીથી આત્માને ખરેખર સુસંસ્કારિત કર્યાનું પરિણામ છે.

આત્મવિકાસનો પહેલો માર્ગ આ કે ઠેઠ નાનપણથી વિનય-અદબ-લઘુતાદિ અને સુસંસ્કારિતા તેવાં તેવાં આચરણમાં સિદ્ધ કરવા.

**આત્મ વિકાસનો બીજો ઉપાય :-**

હવે એમના પાણિગ્રહણ-પ્રસંગને તપાસો.

મહાસતી સીતાજીને જીવનસ્વામી કેવો ઈચ્છ્યો ? કેવો મંજૂર કર્યો ? પિતા જનકરાજાને દેવથી અધિષ્ઠિત ધનુષ્ય ઊઠાવી વાળીને ઉપર પણછ ગાંઠે એવો - પુરુષ સીતાજીના પતિ તરીકે ઈષ્ટ છે, તો સીતાજીને મન પણ તે મંજૂર ! મહાસાત્ત્વિક નરવીર વિના આ પરીક્ષામાં પસાર થવાનું કોનું ગજું ? પછી આમાં સેંકડો રાજા-રાજકુમારાદિમાંથી જે નીકળી આવે તે સહી, ભલે એ રૂપરંગે એટલો શોભિતો ન હોય, વૈભવ-સમૃદ્ધિએ એવો મહાસમૃદ્ધ ન હોય, તો ય ધનુષ્યને પણછ ગાંઠનારો સ્વીકારી લેવાનો છે. ધનુષ્ય દેવથી અધિષ્ઠિત અને અતિ ભારે છે હોં ! કાચા પોચાનું ગજું નહિ એ ગાંઠવાનું ! મહાન સત્ત્વ ધરાવતો હોય એ જ ગાંઠી શકે. એકલા બળનો કે કળાનો સવાલ નથી, પણ દેવની સામે કાર્ય કરવાનો પ્રસંગ છે ! સાત્ત્વિકનું જ એ કામ ! સીતાજી એમાં સંતુષ્ટ છે. એવા પુરુષને જીવનના સ્વામી તરીકે નાથ તરીકે માથે ધરવા ખુશી છે.

કારણ કાંઈ ? એ જ કે

સાત્ત્વિકને જીવન સોંપ્યા હોય તો એ કાયર-કંગાળ-અધમ વાતોમાં આપણને ઘસડે નહિ. સાત્ત્વિક છે એને પોતાને એ કાયરતા-અધમતા પસંદ નહિ. તેમજ જે પોતાના આશ્રિત છે એની જવાબદારી સમજે છે એટલે એને પણ કાયર-કંગાળ-અધમ બાબતમાં ઘસડવાનું નહિ કરે. બસ, સ્વામી આવો મળે તો જીવનમાં શી કમીના ? તમને મનમાં ઊઠશે કે

**પ્ર.**- પણ એવો પુરુષ કદાચ સ્વભાવનો આકરો હોય તો ?

ઉ.- તો ચિંતા શી છે ? આપણે દબાયા, ચંપાયા રહેવું પડે, અને વિશેષ સાવધાન રહેવું પડે એજ ને ? સારું, એથી કાંઈ આપણે ગરીબડા નથી બની જતાં. ઊલટું કહો કે,

**કાયરતા-અધમતા વિનાના યોગ્ય પુરુષની**

આગળ વધારે નમ્રતા, સહિષ્ણુતા, ખામોશ વગેરે સત્ત્વ-શીલતાના ઘરના ગુણો કેળવવાનો અવસર મળે છે. એથી સત્ત્વ વિકસે છે. દુનિયામાં જુઓ કે,

જે મા-બાપ જરા કડક છે પણ સાત્ત્વિક પ્રકૃતિના છે, યોગ્ય છે, એના સંતાન કેવા વિનયશીલ, સહિષ્ણુ, અને ક્ષમાવંત બને છે.

એથી ઊલટું જે મા-બાપ એવા નથી, પણ વિષય લંપટ છે, અર્થ-કામના લાલચુ છે, અને સંતાનને માત્ર લાડ લડાવે છે, એમના એ સંતાન કેવા નીવડે છે ? અપવાદે સંતાન સારું પાકે એ વાત બાજુએ રાખો, પણ મોટા ભાગે શું બને છે એ જુઓ.

એવું જ ગુરુ-શિષ્યમાં બનતું દેખાય છે, ગુરુ કડક છતાં સાત્ત્વિક પ્રકૃતિના હોય તો શિષ્ય વિનયી, નમ્ર, ક્ષમાશીલ અને સહનશીલતાવાળા ઘડાય છે.

મનુષ્ય જીવનમાં ઈન્દ્રિય-વિષયોના ભોગના સારાભામટા બનવાનું મળ્યું, અભિમાની ને તંડુમિજાજી રહેવાનું મળ્યું, અને અસહિષ્ણુ તથા સ્વચ્છંદ મવાલી જેવું વર્તવા મળ્યું, એટલે જીવન સફળ ઊંચું અને યશવંતુ એ વાત ભૂલી જાઓ. આર્યકુળમાં અવતરવાનું મળે એમાં એ વિશેષતા ન હોય. એ તો અનાર્યકુળે પણ મળે જ છે. એવું જીવીને અંતે સાર શો લઈ જવાનો ? અરે ! આ જીવનમાં ય એથી શી શાંતિ મળે ? કોઈ એવી આપત્તિ, સંકડામણમાં, કોઈ એવા રોગમાં અને છેવટે મૃત્યુ વખતે થતી રીબામણમાં, જીવનભર જીવેલી ભોગ-ભામટાગીરી અને ઉદ્ધત મિજાજી મવાલીગીરી કશી જ શાંતિ-સ્વસ્થતા ન આપે ! તો એવા જીવનમાં બીજાઓ તરફથી સદ્ભાવ, સન્માન, સ્નેહ-સહાનુભૂતિ પણ શાના મળે ? કશું ય નહિ.

જીવન દરમિયાન જીવનના અંતે, અને આ જીવન પછી યશ, શાન્તિ અને પ્રસન્નતા આપનાર કોઈ હોય તો તે વિનય, નમ્રતા, ખડતલતા, સહિષ્ણુતા, ઈન્દ્રિયસંયમ વગેરે ગુણો જ છે; અને તે સાત્ત્વિક સ્વામી માથે ધર્યાથી મળે છે.

સીતાજી એવા સાત્ત્વિક પતિને વધાવવા તૈયાર છે, પછી ભલે એમાં વૈભવ-વિલાસ અને સ્વતંત્રતા ઓછી મળે. પિતાના ઘરે ગુણિયલ અને સંસ્કારી તો એ બનેલા જ છે. પણ સમજે છે કે જીવનનો સુકાની સુયોગ્ય મળે, વિષયલંપટ-વાસનાભૂખ્યો, અને કાયરતા-અધમતાવાળો નહિ એવો સાત્ત્વિક સુકાની મળે તો



એ ગુણો અને સુસંસ્કારનાં સંરક્ષણ-સંવર્ધન સારાં થાય, તેમજ અયોગ્ય માર્ગે ઘસડાવાનું ન બની આવે, કે જાતે ભૂલ-ભાલ કરાવનારી અનાદિની દુષ્ટ વાસનાઓનું જોર ન ઊઠી આવે. સાત્ત્વિક સ્વામી માથે ધર્યાનું ઊંચું મૂલ્ય નહિ સમજતા હો, ત્યાં સુધી સીતાજી જેવાની આ પસંદગીનું રહસ્ય ગળે નહિ ઉતરે.

## • પ્રભંજનાનું દૃષ્ટાન્ત •

વૈતાઢ્ય પર્વત પર ચક્રાંકા નગરીમાં સમ્રાટ વિદ્યાધર રાજાની અદ્ભુત કન્યા પ્રભંજનાને એક હજાર રાજકન્યાઓએ એની સાત્ત્વિકતા જોઈ એને પોતાની સ્વામિની તરીકે માથે ધરી છે; નક્કી કર્યું છે કે 'એ જેને વરે એને જ અમારે વરવું.' મહાગુણિયલ અને મહાસાત્ત્વિક પ્રભંજનાને માટે સુયોગ્ય વરની તપાસમાં પિતાને નિષ્ફળતા મળ્યા પછી મુંઝવણ છે. એને જ્યાં ત્યાં નથી નાખવી. પિતાની મુંઝવણ જોઈ પ્રભંજનાએ જ માર્ગ કાઢ્યો. પિતાની સંમતિથી પતિની પસંદગી માટે દેશાટને નીકળી. હજારો સખીઓ સાથે ને સાથે છે. મોટા રસાલા દાસદાસીઓ સાથે હજાર રૂપવાન નવતરુણી, રાજકન્યાઓથી પરિવરેલી એક સામ્રાજ્ઞી જેવી પ્રભંજના પ્રવાસે ચાલી રહી છે. હજારોને બીજો વિચાર નથી, માત્ર પ્રભંજનાની જેને વરવાનો નિર્ધાર છે. પ્રભંજનાએ પસંદગી કરવામાં આ બધાની સંમતિ નથી લેવાની, તેમ પેલીઓએ એવું રાખ્યું નથી કે પસંદ કરતાં પહેલાં અમારી સલાહ લે. રખાય એવું નથી, કેમકે પ્રભંજના કાંઈ એમને બળાત્કારે તાણતી નથી. એ તો એ બધાએ પ્રભંજનાને મહા સત્ત્વશીલ તરીકે પરખીને એને મૂંગા મૂંગા અનુસરવાનું જ નક્કી કર્યું છે. જાણે છે કે આ મહાસાત્ત્વિક નેત્રી જાતને ખાડામાં નહિ ઉતારે, તો આપણે તો એને અનુસરવામાં શાનું ખાડામાં ઊતરવાનું થાય ?

**જંગલમાં સાધ્વીયોગ :-**

કાફલો ઉલટભેર ચાલ્યો જાય છે. જંગલમાંથી પસાર થતાં એમને જોગાનુજોગ સામેથી આવતા સાધ્વીજી મહારાજો મળ્યા.

વંદના કરી હાથ જોડી વિનયથી પૂછે છે, 'આપ સુખશાતામાં છો ?'

**સાધ્વીનું આશ્ચર્ય :-**

સાધ્વીજી કહે છે, 'દેવ-ગુરુ-પસાયે. પણ તમે કાં આટલી બધી ઉલટમાં ?'

જવાબમાં હજારોને કાંઈ બોલવાનું નથી; કેમકે એમણે મહાસાત્ત્વિક પ્રભંજનાને આગળ કરી છે, એટલે 'એ જ સવાલ-જવાબ કરે. આપણે ડહાપણ ડહોળવું ઉચિત નહિ,'-એમ સમજે છે. આવી સમજ ન હોય તો કોઈને આગેવાન તરીકે આગળ કર્યાનું પ્રમાણ શું રહ્યું ?

પ્રભંજના રાજકન્યા સાધ્વીજીને ઉત્તર કરે છે, 'અમે પતિની પસંદગી અર્થે નીકળ્યા છીએ.'

**વેપારી માલ બતાવે છે :-**

હવે આ તો ત્યાગી ગુરુણી છે. દુનિયામાં વેપારી માત્ર ઘરાક મળતાં પોતાના માલ દેખાડે છે, તો આ પણ કેમ ન દેખાડે ? એ કહે છે,-

**સાધ્વીનો ઉપદેશ :-**

'અરે ! વિષયરંગમાં આટલી બધી ઉલટ-ઉતાવળ ?'

**'વિષય હળાહળ વિષ તિહાં, શી અમૃત-બુદ્ધિ ?'** 'શું ખબર નથી કે વિષયો ઝેર જેવા છે ? વિષયો એ અમૃત થોડું જ છે ? ઝેર પાછળ આટલી ઉલટ ? ઉલટ તો વિષય-વિષયને છોડવાની જોઈએ કે આદરવાની ?'

પ્રભંજના કહે છે, 'મહારાજ ! પણ આ તો અમારી અનાદિની ભૂલ ચાલી આવે છે. એ શે મીટે ?'

સાધ્વીજી કહે છે 'મહાભાગ્યવતી ! આમ કરી કરીને તો અનંતા કાળથી આપણે આ ભીષણ ભવસાગરમાં ભટકતા આવ્યા ! પરંતુ ભૂલ મિટાવી શકવાના આ સમર્થ ભવમાં ય કાયર બન્યા રહી ભૂલને પાછી સેવ્યા કરવાની ? નિજના આત્માની અનંત શક્તિ કાં વીસરો ? અનંત અ-પરાધીન શાશ્વત સુખ કાં ભૂલો ? એની આગળ વિષયોનું શું સામર્થ્ય, શું સુખ છે ? સબળ એવી જાતને મૂકી બળહીન બીજાને મહત્ત્વ આપો છો ? બીજાની ગુલામી ખપે છે ?...'

પ્રભંજના વિચારમાં પડી ગઈ. સાધ્વીજીનો ઉપદેશ તો આગળ ચાલ્યો, ને એ એકાગ્ર મનથી એ સાંભળતી જાય છે, ને મનમાં ગોઠવતી જાય છે. હજાર રાજકન્યાઓ અહીં મૌન છે. એમને મન ઊંચું નીચું થતું નથી કે પ્રભંજના કેમ અહીં અટકી પડી છે ! આપણે કયા કાર્ય માટે નીકળી છીએ ને આ વળી અહીં શી આ વૈરાગ્યના ઉપદેશમાં કાન ધરી ઊભી રહી છે ? ના, મહાસાત્ત્વિક તરીકે પ્રભંજનામાં વિશ્વાસ મૂક્યો છે પછી એ જે કરે એમાં અધીરાઈ શી કરવાની હોય ?

ત્યારે એ જુઓ કે સાત્ત્વિકને જીવન સોંપ્યા, સાત્ત્વિકની દોરવણી નીચે બરાબર રહ્યા, સાત્ત્વિકને બરાબર અનુસર્યા, તો પરિણામ કેવા મનોહર આવે છે !

**પ્રભંજનાની ભવ્ય વિચારણા :-**

પ્રભંજના ધ્યાનથી ધારામાં ચઢી ચઢી તે એવી ચઢી કે એને એમ થયું કે 'આ સાધ્વીજી મહારાજ શું ખોટું કહે છે ?'

મૂલ્ય તે અમારા આત્માનું પોતાનું ? કે ઈન્દ્રિયો અને બાહ્ય વિષયોનું ?



આ હું અંદરમાં ઠરવાને બદલે બહારમાં જઈ ઠરવાના વ્યર્થ ફાંફાં કાં મારી રહી છું ?

આ જીવ બહારમાં તો અનંતા કાળથી ભટકતો આવ્યો છે, તોય ક્યાં હજી સુધી ઠર્યો છે ? હજી ય વાસનાની ખણજો ને વિકારના ઉકળાટ તો એવા ને એવા ઊભા જ છે ! તો હવે બહારમાં જઈ ઠરવાની શી આશા, તે હજી ય આ બધી ધાંધલ મચાવી રહ્યા છીએ ?

આમાં તો એવું થાય છે કે જાણે આત્માની પોતાની પાસે પોતાનું કાંઈ છે જ નહિ !! બહારના પદાર્થોમાં જ માલ છે, તે એની પાસે જીવભિખારી ભીખ માગતો જ ફરે છે ! જાતનું કેટલું બધું અવમૂલ્યાંકન અને તુચ્છ બાહ્યનું કેટલું મોટું મૂલ્યાંકન !

કેવી આ મૂર્ખાઈ ? બહારમાં શું છે ? જીવને એ શું સુખ આપી શકે ?

અનંતજ્ઞાની તીર્થંકર ભગવંતો કહે છે,

આત્માની પોતાની પાસે જ અનંત સુખસમૃદ્ધિ છે, અપ્રગટ છે તે પ્રગટ કરવાની છે; પણ તે બહારને તદ્દન નિરુપયોગી તરીકે ઓળખી લઈ એનાથી તદ્દન અલિપ્ત-અનાસક્ત, લેણદેણ વિનાના થઈ જવાય ત્યારે બને.

તો મારે પણ હવે બાહ્યથી સર્યું. આ જડ કાયા અને ઈન્દ્રિયો પણ મારા નથી, મારે ને એને કાંઈ લેવા દેવા નથી. હું તો અજર અમર ચિદાનંદઘન,...શુદ્ધ સ્વચ્છ વીતરાગ અનંત જ્ઞાનજ્યોતિમય છું...'

**પ્રભંજનાને કેવળજ્ઞાન :- ૧૦૦૦ સખીની દીક્ષા :-**

બસ, પ્રભંજના બહાર તરફ આંખ મીંચીને નિર્મળ-આત્મ-સ્વરૂપની ભવ્ય વિચારણા અને શુભ ભાવમાં ચડતાં રાગાદિ દોષો દબાવતી અનાસંગ દશાએ પહોંચી ! શુક્લધ્યાન પ્રગટાવ્યું ! ક્ષપકશ્રેણિ માંડી ! ઘાતીકર્મોનો ત્યાં ને ત્યાં જ વિધ્વંસ કરી કેવળજ્ઞાન પામી !! અનંતાનંત ભૂતભવિષ્યના લોકાલોકના સમસ્તભાવ નજરે નિહાળ્યા ! દેવતાઓએ આવી પુષ્પવૃષ્ટિ અને જયજયકાર કર્યો ! સાધ્વીવેશ આપીને કેવળજ્ઞાની પ્રભંજના સાધ્વીજી મહારાજને વંદના કરી સુવર્ણ-કમળ પર આરૂઢ કર્યાં.

ઉપદેશ દેનારા સાધ્વીજી મહારાજો અને હજાર રાજકન્યાઓ સ્તબ્ધ થઈ ગઈ કે 'આ શું ? કેવો અદ્ભુત ચમત્કાર !' રાજકન્યાઓએ મહાસાત્ત્વિકનો પલ્લો પકડ્યો હતો તે હવે ક્યાં છોડવાનો હતો ? હજારો ય એમની પાસે દીક્ષિત સાધ્વી બની ગઈ !

મહાસતી સીતાજીએ સાત્ત્વિક પતિ પકડવામાં ખુશી માની હતી, એટલે

સ્વયંવર યોજાયો છે.

**મુરતિયો કેવો શોધાય ?**

શું પિતા જનકરાજાને વિચાર નહિ આવ્યો હોય કે 'આવી આકરી પરીક્ષામાં કોણ પસાર થશે ? નહિ થાય તો દીકરીનું ભવિષ્ય કેવું ? અને પસાર થાય તો એ વર આ મારી રાજવી કુળની સૌન્દર્યભરી કન્યાને યોગ્ય સુંદર રૂપવાળો હશે કે નહિ ? એનો સ્વભાવ આકરો કે ધૂળ જેવો તુચ્છ તો નહિ હોય ?' મૂરતિયાની પસંદગી કરતી વખતે સ્વભાવ તો પહેલો જોવાય છે. સ્વભાવની તપાસ માટે આજુબાજુવાળાને પૂછપરછ થાય છે, મનને બેઠું છે કે 'દીકરીને જિંદગી આખી કાઢવી છે. પૈસા ઘણા હશે પણ સ્વભાવમેળ નહિ હોય તો રોજ ઊઠીને રગડા !' વળી સ્ત્રી એટલે પુરુષને પરાધીન, અનેક મર્યાદાઓ-પ્રતિબંધોનાં નિયંત્રણ; એને રાતે એકલા જવાય નહિ, પુરુષોની વચમાં બેસાય નહિ, પુરુષો સાથે છૂટથી વ્યવહાર ન થાય; આવી નિયંત્રિત સ્થિતિમાં ધણી જો તુંડમિજાજી, તોછડા સ્વભાવવાળો તો બાઈની જિંદગી ધૂળધાણી ! તો અહીં આ વસ્તુની તપાસ નહિ, ને એકલી ધનુષ્ય પર બાણ ચડાવવાની જ શરત ? એ કાળ કેવા કે જ્યાં આવી આવી કોઈ એક જ ગુણ, પરાક્રમ, કે વિદ્યાની શરત પર લગ્ન થતા ? અને એ લગ્ન સફળ નીવડતા ! પણ કહો, શું જનક રાજા કે શું બીજા એ સમજતા કે,

**સાત્ત્વિકની શોધ પાછળ રહસ્ય :-**

(૧) જેનામાં આવી શરતમાં પસાર થવાનું મોટું પુણ્ય હોય, એનામાં બીજી ઘણી વાતોની પુણ્યાઈ હોય, એ એવા નિઃસત્ત્વ-શુદ્ર-તુચ્છ સ્વભાવવાળા હોય નહિ. વળી,

(૨) 'આપણી દીકરીને સારી ગુણિયલ સમજીએ છીએ તો એનામાં સામાના ગુણ-સ્વભાવ-સંપત્તિ આદિને અનુકૂળ થઈ જવાની આવડત-હોશિયારી હોય જ; એટલું જ નહિ પણ,'

(૩) 'સામામાં કોઈ ખામી-ત્રુટી હોય તો દીકરીમાં પહેલા એને સારી રીતે સેવા વિનયાદિથી વશ કરી પછી કુશળતાથી એ ખામી સુધરાવવાની ત્રેવડ હોય.'

(૪) 'અને આપણા સારા પ્રયત્ન છતાં કોઈ ભવિતવ્યતા જ એવી વિલક્ષણ નિર્ણીત હોય ને દીકરીનું ધાર્યું સારું ન ઊપજે, તો પણ દીકરીમાં સહિષ્ણુતા-ગાંભીર્ય-ઉદારતાથી ઉપસ્થિત સંયોગ નભાવી લેવાનું સત્ત્વ હોય, ઓજસ્ હોય.'





બોલો, તમારી દીકરીમાં આ આવડત, કુશળતા અને સત્ત્વ કેળવો છો ને ? એ કેળવ્યા હોય તો પછી વિમાસણ ઊભી થાય ? આજ કેટલાય માબાપો અને એમની પરણી ગયેલી દીકરીઓનાં રોદણાં ઊભા થયેલા છે ને ? એમાં મોટો વાંક સંયોગો કરતાં દીકરીઓની એ કેળવણી નહિ પામેલા અણઘડ મનનો છે એ ભૂલશો નહિ. બાકી તો કેળવાયેલા મનવાળી દીકરીઓને એના એ શું પણ એથી ય બદતર સંયોગોમાં ય કશું રોદણું નથી.

## • બ્રાહ્મણીની ત્રણ દીકરીનું દૃષ્ટાંત •

શાસ્ત્રમાં એક બ્રાહ્મણીનું દૃષ્ટાન્ત આવે છે. બ્રાહ્મણીને ત્રણ કન્યાઓ હતી. એમાં મોટી કન્યા ઉંમરમાં આવી એટલે માતાએ ગુણ, વિદ્યા વગેરે જોઈ કરીને એક બ્રાહ્મણ યુવક સાથે એને પરણાવી, પરંતુ હવે જમાઈનો આંતરિક સ્વભાવ જાણવા માટે અને એ પછી દીકરીના સુખમય જીવન માટે આગળ રસ્તો કાઢવા એણે કન્યાને પહેલી વાર સાસરે વળાવતાં કાનમાં કહ્યું કે 'એક કામ કરજે. તારા પતિ પહેલવહેલ તારી પાસે આવે ત્યારે એમને એક લાત લગાવજે. પછી શું પરિણામ આવે છે તે મને જણાવજે.'

**સદ્ભાવ કેમ ટક્યો રહે ?**

છોકરીને મા પર વિશ્વાસ હતો એટલે એણે કાંઈ સામે પ્રશ્ન કર્યો નહિ, કે 'શા માટે ? એમાં આવું આવું થાય તો ?' ના, કોઈ જ તર્કવિતર્ક નહિ. માતાની પહેલેથી કેળવણી જ એવી કે સંતાનને એના પ્રત્યે અથાગ આદર, શ્રદ્ધા અને વિનય ! એ કેળવવાનું એમજ નથી થતું, ભોગ આપવો પડે છે. સંતાનના દિલમાંથી સદ્ભાવ ઊઠી ન જાય એ પહેલું જોવું પડે છે. એ માટે

(૧) કેટલીક વાર વેઠી લેવું ય પડે. વળી,

(૨) એને વાત વાતમાં ઉતારી પડાય નહિ,

(૩) બીજા આગળ સંતાનને હલકું ન પડાય. એમ,

(૪) એ કાંઈ વાત કરવા આવે ત્યારે 'બેસ, બેસ ડાહ્યા !' વગેરે કહી એની અવગણા ન કરાય; કે વાત સાંભળી સીધો એનો વિરોધ કરવાનું કે ઠપકો જ આપવાનું ન કરાય. એ તો પ્રેમથી સાંભળીને પહેલાં તો એને આવકાર આપવો, લાગણી બતાવવી જોઈએ. એની વાતમાં જેટલી ઘટતી વસ્તુ હોય એની કદર બતાવાય. એમ એનો ઉત્સાહ અને આપણાં પ્રત્યે આકર્ષણ વધારી પછી અજુગતી

વસ્તુ માટે દિલના ગદ્‌ગદભાવ સાથે લાગણીભર્યા શબ્દમાં યોગ્ય સમજણ અપાવી જોઈએ.

(૫) વળી સંતાનને ખોટા લાડ પણ નહિ લડાવવા.

(૬) અલબત્ત ભૂલ કરે ત્યાં ત્યાં તરત જ તડ ને ફડ ઠપકો નહિ આપવો, પરંતુ કેટલીક વાર તરતે ય અવસરોચિત શબ્દમાં કહેવું પડે, ને કેટલીક વાર એ વખતે ગમ ખાઈ જઈ પછી અવસર કાઢીને એને લાગણીભર્યા ગદ્‌ગદ શબ્દમાં શિખામણ આપવી જોઈએ. એમ તો કોઈ ગંભીર ભૂલમાં ભય પણ દેખાડવો પડે.

(૭) કેટલીક મામૂલી બાબત ખાઈ પણ જવી પડે.

(૮) ઉપરાંત આપણા પ્રત્યે સંતાનનો સદ્‌ભાવ ટક્યો રહે, વધે. એ માટે તેવા તેવા અવસરને પકડી લેવા જોઈએ. દા.ત. એને ક્યાંકથી ઘરે આવતાં મોડું થયું, તો આપણે જમ્યા વિના બેઠા રહ્યા, એ આવ્યા પછી એને સાથે લઈને જમ્યા...વગેરેથી એનો ભાવ વધે.

(૯) વળી એના મંદવાડમાં દહાડામાં દસ વાર એની ખબર પૂછાય.

(૧૦) એના હાથે ગફલતમાં કાંક ઢળ્યું-ફૂટ્યું તો એને કહેવાય, 'ગભરાઈશ ના, મારા હાથે ય એવું બન્યું છે. ચીજની શી વિસાત છે ? તને દાઝવા-વાગવાનું તો નથી થયું ને ? ચીજ તો ફરીથી આવશે. એમાં શું ? ને આપણને પણ ફરીથી ધ્યાન રહેશે, જરા સાવધાનીથી કામ થશે. સંતાપ કરીશ નહિ.'-આવું કાંક કહેવાય તો એને આપણા પર કેટલો ભાવ વધે !

(૧૧) એમ અવસરે અવસરે એને લાગવું જોઈએ કે આપણે કેટકેટલો ભોગ આપીને ખમી ખાઈને કષ્ટ વેઠીને એનું કરીએ છીએ. હા, એ મોંઢે સીધું કહી બતાવવાનું નહિ કે 'જો આ તારી ખાતર હું કેટલું સહન કરું છું,' પણ આડકતરી રીતે એ સમજી જાય. દા.ત. એને કહેવાય, 'જો, અમે આટલું બધું કષ્ટ કરીએ કે ભોગ આપીએ એમાં કોઈ નવાઈ નથી કરતા, એ તો અમારી ફરજ છે. માણસે સારું જીવન જીવવું હોય તો કષ્ટ તો ઉપાડવા જ જોઈએ, ભોગ તો આપવો જ ઘટે. બાકી તારા માટે અમને લાગે છે કે અમારી મહેનત અને ભોગ લેખે લાગો. તું એક સારો તૈયાર થાય, તો તું પણ આવું જીવન સહર્ષ જીવી શકે...' વગેરે વગેરે કુશળતાથી કહેવાય.

(૧૨) એમ એનાથી કદાચ ઉદ્ધત બોલ બોલાઈ ગયા, તો કહેવાય, 'જો બચ્ચા ! એકદમ ઊકળી ન જઈએ. કોની આગળ આ બોલવાનું ? આપણે તો રોજ સાથે જ રહેવાનું છે, તારાથી કે મારાથી કાંઈ ઘર મૂકીને થોડું જ જવાય એમ છે ? પછી,, જેની સાથે રહેવું એની સાથે ઉકળાટ શા માટે ? અલબત, અમે તો



ખમી ખાઈએ એ અમારી ફરજ છે, પરંતુ તારે આગળ જીવન જીવવાનું છે, એમાં કોઈ શેઠ, આગેવાન, ઓફિસર વગેરે સાથે પ્રસંગ પડવાના. એમાં જો આવા આકળા ઉતાવળા બોલની ટેવ પડી હશે તો તને ભારે પડશે. એ બધા કાંઈ અમારી જેમ થોડું જ ખમી ખાય ? આ જો ને, પેલા ભાઈ શેઠ સામે બોલ્યા તો એમને સારી નોકરી ગઈ. કેમ એનાથી એમ બોલાયું હશે ? નાનપણમાંથી એવા ઉદ્ધત બોલની કુટેવ પડી હશે માટે સ્તો. એટલે તું સારા વિનય-નમ્રતાભર્યા બોલ બોલે એ તારા જ લાભમાં છે...'

આવી આવી તકેદારી અને પ્રયત્નો દ્વારા એનો ઉત્સાહ, પ્રેમ, સદ્‌ભાવ વધારતા રખાય તો આપણા પર એને આદર, શ્રદ્ધા સાથે વિનયભક્તિ સારા વિકસે.

બ્રાહ્મણીએ એવી સંતાનની કેળવણી કરેલી એટલે મોટી કન્યા પતિને પહેલી મુલાકાતે લાત મારવા જેવી વિચિત્ર વાત સ્વીકારી લે છે. સહેલુ છે આ ? છોકરી ઉંમરમાં આવેલી છે ને ? એ પતિને પહેલીવાર મળે એ કેવા કોડથી ? જેની સાથે જિંદગી ગાળવી છે એને પહેલી જ લાત ? પણ માતા પર અથાગ શ્રદ્ધા અને બહુમાન છે તેથી એની એ ભલામણ માની લે છે; સમજે છે કે માતાની આ વાતમાં મોટું રહસ્ય છે.

છોકરી ગઈ સાસરે, દિવસના તો પતિ સાથે મળવાનું શાનું ? પ્રાચીન કાળમાં વડિલોની અદબ, આમન્યા જે હતી, તે આજે લુપ્ત થતી ચાલી છે. પરિણામ, નિર્લજ્જતા-ઉઘલામણ-ઉચ્છંખલતા વિકસવા માંડ્યા છે. આ સુધરેલો યુગ ? કે બગડેલો ? છોકરી રાત પડી, ઘરકામથી પરવારી ઓરડામાં જઈ પલંગ પર બેઠી છે. પગ લટકતા રાખ્યા છે. પછી પતિ આવ્યો એટલે હળવેથી એને લાત લગાવી !

**લાત ખાનાર આ પતિએ શું કર્યું ? :-**

પેલીએ લાત લગાવી તો ખરી, પણ ભારે પડી ગઈ ! પતિ એકદમ ગુસ્સામાં આવી ગયો. 'દુષ્ટા' કહીને ઊભો થઈ ગયો. કાનપટ્ટી ઝાલીને સ્ત્રીને ઓરડા બહાર મૂકીને કહે છે, 'જા નફ્ફટ મારે તારું કામ નથી. આ ઢેડ ભંગીના કુળના ધંધા કરવા છે ? ચાલી જા તારા પિયર ! ફરી જિંદગીમાં મોં બતાવતી નહિ. હાલ, હાલી જા. અહીંથી તારું કાળું મોં લઈને.'

**જાત વેચીને વિષયો નહિ**

કેમ એમ ? નવોઢા પત્નીને પહેલી વાર મળવામાં દિલમાં કેટકેટલાં ગિલગિલીયાં હોય ? બધું ખરું, પણ એ એવો લંપટ નહોતો. 'કામવાસના અને

વિષયો તથા વિષય-સાધનો માટે જાત નહિ, પણ જાત માટે એ,' એમ માનનારો હતો. એટલે કે જાતને વેચીને, હલકી પાડીને, ગુલામ બનાવીને એને એ ખપતા નહોતા. જાતનું ગૌરવ, જાતનું મહત્ત્વ અખંડ રાખ્યા પર જ એ મળે તો ઠીક, નહિતર કાંઈ નહિ, એવી એની મનોવૃત્તિ હતી. સ્ત્રી રાતભર રોતી બેઠી. પેલો પીગળવા તૈયાર નથી. પ્રભાતે જાગીને કહી દે છે, 'અહીંથી ચાલતી પકડ, સીધે સીધી પહોંચી જા પિયર. ફરીથી અહીં આવીશ જ નહિ.'

**કન્યા પિયરે :-**

કન્યા ગઈ પિયરે. માને રોતી રોતી કહે છે "આ તેં શું શીખવાડ્યું ? મેં તો તારા ભરોસે એમ કર્યું તો ખરું, પણ લાત મારીને ક્યાં રહું ? તરત જ એમણે ધુત્કારી બહાર કાઢી રાતભર રોતી રાખી, ને કહી દીધું 'જા તારા પિયર, ફરીથી અહીં જિંદગીમાં કદી આવીશ નહિ.' હવે મારું શું થશે."

માતા કહે છે, જરાય મુંઝાઈશ નહિ. હું બધું સારું કરી આપીશ. ચાલ મારી સાથે, તને સાસરે મૂકી દઉં છું. અને તારા પતિને સમજાવીને ખુશ કરી દઉં છું. પરંતુ એ પહેલાં આટલું ખાસ સમજી લે કે મેં આ કેમ કરાવ્યું હતું ?

**બ્રાહ્મણીની જીવન શાંતિની ફિલસુફી :-**

બ્રાહ્મણી છોકરીને કહે છે કે જો, સામાનો સ્વભાવ ઓળખીને ચાલીએ તો જિંદગી આખી ય એની સાથે શાંતિમાં જાય. કેમકે

સ્વભાવ ઓળખ્યા પછી સમજાઈ જાય કે સામાને આપણો કેવો વર્તાવ ગમે છે ?

(૧) નમ્ર સેવકભાવનો, કે

(૨) મિત્રાચારીના મધ્યમ ભાવનો, યા

(૩) પ્રેમના રોફવાળો ?

એ ખબર પડ્યા પછી જો એમને ગમતા વર્તાવે ચાલીએ તો એમનો પ્રેમ વધે અને જીવન શાંતિમાં થાય. એ તારા પતિનો સ્વભાવ ઓળખવા માટે તને મેં પહેલે તબક્કે લાત મારવાનું કહેલું.

**(૧) સત્તાધીશ સ્વભાવના વડીલ સાથે કેમ વર્તવું ? :-**

હવે તે પ્રમાણે કરવાથી જે બન્યું, તે ઉપરથી એમના સ્વભાવની આ ખબર પડી કે એ સત્તાધીશ સ્વભાવના જરાય તારો રોફ, તારું અભિમાન, તારી જોહુકમી, ચલાવી લેવા તૈયાર નથી. માટે જો તારે એની સાથે સુખ શાંતિથી જીવવું હોય, તો તું એમને દેવ જેવા માનીને ચાલજે. એમના પ્રત્યે નમ્રભાવ, વિનય, સેવા વગેરેમાં સહેજ પણ ખામી ન આવે એ ખાસ ખ્યાલમાં રાખજે. દેવની આરાધનાની જેમ એમની સેવા કરીશ તો એમનો ઘણો પ્રેમ રહેશે અને તું સુખી થઈશ.'



બસ, છોકરીએ માતાની સલાહ હાથ જોડીને સ્વીકારી લીધી અને માનો ઘણો ઉપકાર માન્યો. પછી બ્રાહ્મણી છોકરીને સાસરે લઈ જઈ જમાઈને એકાંતમાં બેસાડી હસતી હસતી કહે છે, 'શું કુમાર-શા ! આ શું કર્યું તમે ? તમે સમજ્યા વિના ઊકળી ગયા ? આ તો અમારા કુળનો રિવાજ ચાલ્યો આવે છે કે પહેલી મુલાકાતે આટલું જરા કરવું પડે; બાકી તો આખી જિંદગી તમારી સેવા કરવા આવેલી. એ આવું કરે એમ તમને લાગે છે ?'

જમાઈ જરાક ઝંખવાણો પડી ગયો; એને લાગ્યું કે આ મેં ઉતાવળ કરી નાખી હતી. એટલે એ નરમ બની કહે છે, 'શું એમ બાબત છે ? ક્ષમા કરજો મને એની ખબર નહિ હોં. સારું સારું, જાઓ ત્યારે, હવે મારા મનમાં કોઈ રોષ નથી. ભલે એ અહીં રહે.'

પત્યું, જમાઈ હસતો ખીલતો થઈ ગયો. છોકરીને મૂકીને બ્રાહ્મણી ઘરે ગઈ. છોકરી સાવધાનીથી ચાલે છે; નમ્રતા અને અદબભાવથી સેવા ઉઠાવે છે; ભૂલ થાય તો બચાવ કરવાને બદલે પહેલેથી જ માફી માગી લે છે. જીવનમાં પરસ્પર ક્લેશ-વિવાદને સ્થાન જ નથી મળતું.

હવે બીજી છોકરીને પરણાવ્યા પછી બ્રાહ્મણી જમાઈનો સ્વભાવ ઓળખવા એ જ રીતે એને સલાહ આપે છે. છોકરી તેમ કરતાં જુએ છે કે પતિ લાત ખાતાં જરાક આંખ ચડાવી રોષથી કહે છે ખરો કે 'આવું કરવાનું ?' પણ છોકરી જરા નરમ બની જાય છે કે તરત પેલો, જુઓ હવે ફરી આવું કરતા નહિ. એમ કહી માંડવાળ કરી લે છે. પત્યું, બીજે દિવસે છોકરી પિયરે જઈ એની માતાને કહે છે કે આવું બન્યું.

**(૨) મિત્રાચારી પણ જરા કડક સ્વભાવવાળા સાથે :-**

મા એને સમજાવે છે કે 'જો આ તારા પતિ જરાક કડક સ્વભાવના પણ મિત્રાચારીના સ્વભાવના છે. હવે આમાં તું જરાક ગમ ખાઈ લેશે એટલે એમનો ક્યારેક રોષ એમ જ ઊતરી જશે. માટે બહુ રોફ નહિ. ને બહુ નરમાશ નહિ, એવી રીતે તારે રહેવાનું. એમની સેવા કરવાની, અને એમની પાસેથી અવસરે કામ પણ લેવાનું.' છોકરી એ રીતે રહેતા સુખી થઈ.

હવે ત્રીજી કન્યાનો વારો આવ્યો અને માતાની સલાહ મુજબ એણે પતિને પહેલી મુલાકાતે લાત મારી ! એટલે એ તો બિચારો લાત ખાતાં ઝટ પાસે આવી, બાઈના સુંવાળા-રૂપાળા પગ પંપાળે છે, અને કહે છે 'અરે ! આ તમારા પગને વાગ્યું તો નથી ને ? આ મને તો ગમ્યું, ને અમે તો લાકડા જેવી કાયાવાળા, અમનું શું થવાનું હતું ? પણ તમારા સુકોમળ પગને તકલીફ નથી પડી ને ?'

બ્રાહ્મણ-છોકરી જરા રીસાવા જેવું કરે છે, એટલે પેલો બિચારો રોવા જેવો થઈ જઈ કહે છે, 'હેં બા, એમ કેમ કરે ? કેમ રીસાય ? તને ખોટું લાગ્યું ? લે તને પગે લાગું, માફ કર,' એમ કહેતો હાથ જોડી એના પગમાં માથું મૂકે છે. પછી માથું ઉઠાવી કહે છે, 'આવું ન કર. હું તો તું કહે તેમ કરવા તૈયાર છું.' ત્યાં છોકરીએ જરા મોં મલકાવ્યું એટલે જાણે દેવ તૂઠ્યા ! તે ભાઈ ખુશી ખુશી થઈ જઈ એના પગ ચાટે છે ! કાલા કરે છે, 'હા, બા, તું તો બહુ સારી છે હોં.' છે ને કામ વિટંબણા ? કવિ કહે છે,-

**જગતની કામ વિટંબણા ? :-**

**'રતિપતિ-આણ વશે સૌ જગતમાં, હરિ-હર-બ્રહ્મ-મુરારિ;**
**રે થાશું કામ સુભટ ગયો હારી.'**

-રતિપતિ એટલે કામદેવ, એની આજ્ઞાના વશમાં જગતમાં બધા છે, ખુદ હરિ=ઈન્દ્ર, હર=શંકર, બ્રહ્મા અને મુરારિ યાને કૃષ્ણ પણ ! હે વીતરાગ ! આપની બલિહારી છે કે થાશું-આપનાથી કામ સુભટ હારી ગયો છે !'

ઈતર શાસ્ત્રોમાં આલેખાયેલા ઈન્દ્ર-શંકર-બ્રહ્મા-વિષ્ણુના ચરિત્ર-પ્રસંગ કહી જાય છે કે એ સ્ત્રીના કામુક સંબંધમાં આવેલા; એ સૂચવે છે કે કામદેવનું વર્ચસ્વ એ દેવો સુધી પહોંચેલું છે.

**'એ સાચું જ્યું નીર-પ્રભાવે, અગ્નિ હોત સવિ છારી...રે થાશું.'**

મોટા દેવો ભલે ને દૈવી શક્તિથી અગ્નિ જેવા હોય, પણ જેમ પાણીના પ્રભાવે અગ્નિ પર રાખ વળી જાય, ઓલવાઈ જાય છે, એમ કામના વરસાદથી એ દિવ્ય શક્તિઓ ઠંડીગાર થઈ કામને ડારી શકતી નથી. દેવો કામ-સુભટ આગળ બળહીન થઈ નમી પડે છે, એને વશ થઈ જાય છે. ત્યારે પ્રશ્ન થાય કે તો પછી વીતરાગમાંય કેમ એમ બનતું નથી ?

કવિ એનો જવાબ કરે છે,-

**'પણ વડવાનલ પ્રબલ જબ પ્રગટે, તબ પીબત સવિ વારિ...રે થાશું.'**

-અર્થાત્ અગ્નિ જેવી દિવ્ય શક્તિ ભલે કામવાસનાની જળરેલથી કુંઠિત થઈ જાય, પરંતુ જેમ જ્યારે સમુદ્રમાં પ્રબળ વડવાનળ પ્રગટ થાય છે. ત્યારે સમુદ્રના જળથી ઓલવાવાને બદલે એ પોતે જ્વલંત રહી પાણીને ઊલટું પી જાય છે; એવી રીતે વીતરાગની પ્રચંડ વડવાનળ સમી બ્રહ્મ શક્તિ કામવાસનાને ધોળી પી જાય છે, અર્થાત્ એને નષ્ટ કરી નાખે છે. પણ એ તો વીતરાગ અને વીતરાગતા માટે મથનાર મુનિઓ સાધ્વીઓ અને બ્રહ્મચારી શ્રાવક-શ્રાવિકાઓ ! બાકી તો વાસનાના પનારે પડેલા જગતની કામસુભટ આગળ ભારે દુર્દશા છે. પત્નીને 'હે



બા, તું કેમ બોલતી નથી ?' એમ 'બા' કહેતાં શરમ ન આવે ? ઉંમરો વહી જાય છતાં એની ચાટુગીરી છૂટતી નથી !

રૂપકુશીલતા અને સ્પર્શકુશીલતા અર્થાત્ ચામડાનાં રૂપ અને સ્પર્શમાં મૂઢ આસક્તિ ચક્ષુ અને સ્પર્શનેન્દ્રિય નચાવ્યા જ કરે છે, મન વિહ્વળ જ રાખે છે ! આત્માને નિઃસત્ત્વ રાખે છે ! ભાન નથી ક્ષણભંગુર જેવા ચામડાના રૂપ-સ્પર્શમાં કશો સાર ભર્યો નથી. શા સારુ એમાં મુંઝાઈ આત્માના-પરમાત્માના બ્રહ્મ-સૌંદર્ય, નિર્વિકારતા-નિરિચ્છતા-તટસ્થતાના સૌંદર્યને ભૂલે ? વાસના અને આકર્ષણ શું પરખાવી દે છે ? કશું જ નહિ. ઊલટું કૂત્તા-ગદ્ધા જેવી ગુલામી-ચાટુગીરી કરાવે છે ! અને આત્માનું વીર્ય હણી લે છે.

પતિ ખુશી ખુશી થઈ ગયો.

**સેવાકામી સ્વભાવવાળા સાથે વર્તાવ :-**

પત્યું. છોકરીએ બીજે દિવસે માતાને આવીને બનેલી હકીકત કહી એટલે માતા સલાહ આપે છે કે 'જો આ તારા પતિ સેવાકામી સ્વભાવના છે. તું હુકમ કરતી ચાલીશ તો રાજીરાજી રહેશે, એટલે તારે એમની સેવા તો કરવાની, પરંતુ રોફ સાથે ! એમાં એ ખુશી. તું જો ગરીબડી થઈશ તો એ દુઃખી થશે.'

**સેવાકારી પતિ મળે તો જોખમ :-**

બાકી એટલું ધ્યાનમાં રાખજે કે આવો અનુકૂળ સેવક-પતિ મળવામાં તારી બે મોટી બેન કરતાં વધારે ભાગ્યશાળી હોવાનું તને લાગશે; પરંતુ ફૂલાઈ જતી નહિ, તારે તો જોખમ મોટું છે. આપણે સ્ત્રીજાત, તે અંકુશ વિના ઉચ્છ્રંખલ થઈ જઈએ. માથે કોઈનો દાબ હોય તો જ દરમાં સાપની જેમ સીધા ચાલીએ. પરંતુ તને તો પતિ આજ્ઞા કરે એવો નહિ, પણ ઊલટું તારી પાસે આજ્ઞા માગે, તારી સેવા કરે એવો મળ્યો છે ! માટે ખૂબ સાવધાન સજાગ રહી જરાય ઉદ્ધત ઉછાંછળી કે જ્યાં ત્યાં ફરનારી બનીશ ના. પરપુરુષ સાથે વાતમાં પડીશ ના, અરે ! સામે દૃષ્ટિ પણ નાખીશ નહિ. આપણે તો ખૂબ લાજ-મર્યાદામાં રહેવાનું. ઘરના ખૂણે પતિ સાથે છૂટથી રહેતા હોઈએ, પરંતુ બીજાના દેખતાં કે બહારમાં લજ્જા મર્યાદા રાખીને જ ચાલવાનું. એ માટે માથે તારા પિતાના કુળનો, મારી લાગણીનો, આબરૂનો અને પરલોકનો ભારે ભાર રાખવાનો, નહિતર સમજી રાખજે કે પરપુરુષ બિલાડા તને ઉંદરડીને ફેંદી નાખશે !'

**આજનો કાળ જુદો :-**

બ્રાહ્મણીની દીર્ઘ અને સૂક્ષ્મ દૃષ્ટિ જોવા જેવી છે. આજની માતાઓ જો આ લાજ-મર્યાદા-સાવધાની ખાસ શીખવાડે તો એમની છોકરીઓ કેવાં નારીરત્ન

પાકે ! પણ અફસોસ ! આજનો કાળ જુદો છે. આજની માતાને પોતાને ય છૂટછાટ ગમે છે. અને છોકરીના ઉદ્‌ભટવેશ બોલચાલ પસંદ હોય છે ! પછી સાચી હિતની સલાહની શી આશા ? ખેર ! બ્રાહ્મણીની ત્રણે દીકરીઓ સુખથી જીવી. એમાં મોટી ય કડક પતિ છતાં ય મસ્ત જીવે છે. સારી કેળવાયેલી કન્યાને એ આવડે.

જનક રાજા સીતાનો પતિ કરવા પહેલાં એના રૂપરંગ, સમૃદ્ધિ કે સ્વભાવ જોવા નથી જતા, એ સમજે છે કે સીતા કુશળ કેળવાયેલી છે, ચતુર છે, એવી બધી તો જે સ્થિતિ મળશે એમાં Adjust થતાં (ગોઠવાઈ જતાં) એને અનુકૂળ બની જતાં એને આવડે છે. જોવાનું છે માત્ર સત્ત્વ-સાત્ત્વિકતા. કેમકે જમાઈ બધું સારું ધરાવનારો છતાં નિઃસત્ત્વ હશે તો એના પનારે પડેલી દીકરીનું જીવન ધૂળધાણી ! માટે જમાઈ શોધવાનો હોય તો સાત્ત્વિક શોધવો જોઈએ. સીતા પણ એ મંજૂર કરે છે. એક જ વાત છે સ્વામી કરવો નાથ કરવો તો સાત્ત્વિક કરવો.

એટલે જ માતાપિતાનું પહેલું કર્તવ્ય આ બને છે કે છોકરા-છોકરીને નાનપણથી જ સારા કેળવવા જોઈએ.

**સારા કેળવવા એટલે ? :-**

ગમે તેવા પ્રતિકૂળ સંયોગ પ્રતિકૂળ પ્રસંગ ઊભા થાય પણ આપણે આવા ખડતલ એવા સહિષ્ણુ બનવાનું કે (૧) એ સંયોગો કે પ્રસંગોને આપણે અનુકૂળ થઈ જવાનું; (૨) આપણા મનથી એને સહર્ષ વધાવી લેવાના; (૩) 'બધુ બરાબર છે;' કરીને ચાલવાનું. તેવા તેવા પ્રતિકૂળ સંયોગ-પ્રસંગને અનુસારે મન પ્રસન્નતાથી બોલે,

**સંયોગ અનુકૂળ કરવા કરતાં સંયોગને આપણે અનુકૂળ થવું. એ માટે વિચારવું કે, :-**

(૧) 'આપણા પુણ્યનાં નાણાં પ્રમાણે બરાબર છે.'

(૨) 'આવા જ પ્રસંગ કે સંયોગમાં આપણને ક્ષમા, સમતા, ઉદારતાનો મહાકિંમતી ગુણ કેળવાનો અવસર મળે છે; બાકી સારાસારીમાં એ ક્ષમાદિ કેળવવાનો અવસર જ શાનો ? એ ક્ષમાદિ કમાવવાનો લાભ જ અમારે અનુપમ છે !'

(૩) 'ભાવી ભાવમાં જે સંયોગ-પ્રસંગ નિશ્ચિતરૂપે અંકિત થઈ ગયા હોય તે તેમજ બને. મોટા તીર્થંકર ભગવાન પણ એમાં ફેરફાર કરી શકતા નથી.'

(૪) 'મહાન બનવું છે ? કે આવા સુંદર મનુષ્ય ભવે અધમના અધમ બન્યા રહેવું છે ? મહાન બનવું હોય તો પ્રતિકૂળમાં સહર્ષ ખમી ખાવાથી, સહન કરી લેવાથી, વધાવી લેવાથી જ ચલાવી લેવું પડે; તો જ મહાન બનાય.'

(૫) 'બધું બરાબર છે' કરીને ચાલવું. વિશ્વના તંત્રમાં બનતું બધુ જ



ગણિતના આંકડા પ્રમાણે જ, ને વૈજ્ઞાનિક જ છે;- everything mathematical and Scientific;-બધા કારણો આવી મળીને જ ઘટના બને છે, પદાર્થો ઊભા થાય છે; પછી એ આપણને અનુકૂળ હો, કે પ્રતિકૂળ પણ સિદ્ધ હકીકત જેવી વસ્તુ બને છે તેથી જરાય દુઃખ કરવાની જરૂર નથી.

**"दिव्य-दर्शन"-"प्रवचन महोदधि" वर्ष-१४,अंक-३,ता.२५-९-१९६५**

**ઘડતર સાથે સાત્ત્વિકના સંબંધ :-**

...આવા આવા સનાતન સત્યો પહેલાં આપણા મનની અંદર તરવરતા કરી દીધા હોય, અને પછી સંતાનના મનમાં ઠસાવતા જવાય, તો એનામાં એવા ઘડતર થાય કે પછી ગમે તેવા પ્રસંગ-પરિસ્થિતિને પોતે જ શાંત સ્વચ્છ ચિત્તે અનુકૂળ થઈ જાય. પુત્રીને પેલી બ્રાહ્મણીનું આવું કાંઈક ઘડતર મળેલું. તેથી જેવો પતિ મળ્યો તે પ્રમાણે જાતને ગોઠવી દીધી. એટલી વાત ચોક્કસ છે કે આવા ઘડતર સાથે નવો સંબંધ સાત્ત્વિક સાથે હોય તો જીવન ધોખામાં ન પડે. તેથી જ જનક રાજા અને સીતા બંનેય સાત્ત્વિકની પસંદગીમાં છે. માટે તો રામ અને સીતાનાં જીવન લાખો વરસથી લોકોને પ્રેરણા આપતા આવ્યા છે.

**આપણને ક્યાં સાત્ત્વિક નાથ મળ્યા છે ? :-**

તમને કદાચ થતું હશે કે અમને ક્યાં એવા સાત્ત્વિક આત્માનો સંગ મળ્યો છે કે મળે એમ છે ? પરંતુ જરાક દૃષ્ટિ લાંબી કરો તો દેખાશે કે આપણને તીર્થંકર ભગવાન પરમ સાત્ત્વિક મળ્યા છે, ગણધર આદિ પૂર્વ પુરુષો મહા સાત્ત્વિક મળ્યા છે, વર્તમાનમાં એવા સાધુ પુરુષો પણ સાત્ત્વિક મળ્યા છે. એમનાં સાત્ત્વિક ચરિત્રને નજર સામે રાખો તો ઘણું બળ સત્ત્વ શક્તિ ખીલશે. માટે પહેલાં મનને નિર્ધાર રાખો કે મારે તો આ સાત્ત્વિક મહાત્મા-પરમાત્મા જ મારા જીવન-સંચાલક, જીવનના દોરનારા; એ જ મારે રક્ષક, તારક; એ જ આશ્વાસન-પ્રોત્સાહન સ્થાન; ને એ જ ઠરવાના પહેલાં-છેલ્લાં સ્થાન ! સીતાજી સ્વયંવર કરે છે તે એક વિષયભોગની લાલચુ સ્ત્રી તરીકે કરે છે એમ સમજતા જ નહિ. એને તો સાત્ત્વિક જીવનનેતા જોઈએ છે. વિષયસુખનું મુખ્ય લક્ષ હોત તો તો એવો જ કોઈ પતિ પસંદ કરવાનું કરત. પણ ના, એને જીવન-સંચાલક-જીવનનેતા, જીવન-આશ્વાસક, જીવન-પ્રોત્સાહક-અને હૃદય ઠારવાનું એકમાત્ર સ્થાનભૂત પતિ જોઈએ છે. તે સાત્ત્વિક હોય તો આ બધું બની આવે.

સમ્યગ્દૃષ્ટિ આત્માને પણ દેવ-ગુરુ સાત્ત્વિક મળ્યા છે, એટલે એ એમને આ

ખાસિયતોનું આલંબન સમજે છે.

**બે વાત છે,-**

(૧) જીવન સાત્ત્વિકને વરેલું જોઈએ, માથે નાથ સત્ત્વશીલ હોવા જ જોઈએ, પણ નાથ વિનાનું ઉચ્છંખલ જીવન નહિ, તેમ સત્ત્વહીન રાજસી-તામસી નાથ પણ નહિ. એવા નાથ તરીકે શ્રી અરિહંત પરમાત્મા અને એમને સમર્પિત નિર્ગ્રન્થ મુનિને જ ધરવાના.

(૨) તેમજ એ નાથની પ્રત્યે એવો શરણભાવ કે જીવનના માર્ગદર્શક એ જ, આશ્વાસનભૂત એ જ, પહેલું છેલ્લું ઠરવાનું સ્થાન એજ. કોઈપણ ભય કોઈ પણ દુઃખ કોઈ પણ આપત્તિ, ને કોઈપણ મુંઝવણ વખતે 'અરિહંત નાથ ! મારે તમેજ એક શરણ છો. તમે છો તો મારે દુઃખ શું ? આપત્તિ અને મુંઝવણ શી ? તમે માથે છો તો બધું સારું જ છે. તમારા પ્રભાવે બધું સારું જ થવાનું છે.'-આ આટલું ધૈર્ય, આ અનન્ય વિશ્વાસ, આ અનેરું આત્માપર્ણ હોય.

**બસ, પહેલો આત્મવિકાસનો ઉપાય આ કે સત્ત્વશીલ અરિહંત દેવ અને નિર્ગ્રન્થ ગુરુને આ રીતે જીવનનાયક નાથ તરીકે માથે ધરવા. પછી એ નાથ ધરી રાખવામાં બીજા ગમે તેવા ભોગ આપવા પડે એની ચિંતા નહિ, ભોગ આપવાની પૂરી તૈયારી.**

**રાજા દશરથનો વૈરાગ્ય :-**

મહાસતી સીતાજી સાત્ત્વિક રામચંદ્રજીને પતિ તરીકે પામીને મસ્ત છે. પણ હવે કસોટી મોટી આવે છે. રાજા દશરથે શાંતિસ્નાત્રનું ન્હવણ જળ બધી રાણીઓને મોકલેલું પણ એમાં કૌશલ્યા મુખ્ય રાણીને આપવા મોકલેલ કંચુકી મોડો પહોંચ્યો. કૌશલ્યાને ખોટું લાગ્યું, ખુલાસો કે કંચુકી વૃદ્ધત્વના કારણે ધીરે ધીરે ચાલવાથી મોડો પહોંચ્યો એના પર રાજા વિચારમાં પડી ગયા કે 'અહો ! આ શરીર જીર્ણ થવાના સ્વભાવવાળું જ્યારે જીર્ણ થઈને ઊભું રહે ત્યારે જીવને હવે નજીકમાં એ છૂટી જવાનું જાણી આત્મહિત સાધવા માટે ધગશ જાગે છે ! પણ આવી અશકત દશામાં સાધનાના શા કષ્ટ ઉપાડી શકાય ?' 'માટે હું તો હમણાં જ વેળાસર ચેતી જઈ આત્મહિત સાધી લઉં. રુડાં મનુષ્ય જીવનમાં આવ્યાનો આંટો ચારિત્ર-સાધનાથી જ સફળ થાય. માટે હવે રામને રાજ્યગાદી સોંપી મારે ચરિત્રમાર્ગ સ્વીકારી લેવાનો.'

**માનવભવમાં જ સર્વત્યાગને સ્થાન :-**

બસ આટલો જ પ્રસંગ અને આ વિચારણા ! પૂર્વ પુરુષોની પરંપરામાં આ ચાલ્યું આવે છે. જીવનમાં જો રંગરાગ-ભોગને સ્થાન છે, તો ત્યાગને પણ એક સ્થાન જરૂર છે, હોવું જ જોઈએ,'- એવી સચોટ માન્યતા રહેતી.



જે ત્યાગમાર્ગ એકલા મનુષ્યભવમાં જ આદરી શકાય છે એને શું ત્યાં સ્થાન આપવાનું જ ચોક્કસ નહિ ? સ્થાન આપવાનું શું હૃદયમાં નક્કી ન કરી રાખ્યું હોય ? જો એ નિશ્ચિત્ત કરેલું હોય તો તો એ ચારિત્રમાર્ગ શરીર-ઈન્દ્રિયોની શક્તિ ક્ષીણ થઈ ગયા પહેલા જ લેવાની ઉત્કંઠા હોય. મોટા સામ્રાજ્યના માલિક રાજાઓના મનમાં આ બેઠું હતું, તેથી સહેજ કાંક નિમિત્ત પામી એ સંસાર છોડી ચારિત્ર માર્ગે સિધાવી જતા. મહારાજ દશરથ પણ મનમાં એનો નિર્ણય કરી કુટુંબ-પરિવારને ભેગો કરીને પોતાનો નિર્ણય કહી દે છે. કેવા નિમિત્તમાં આ નિશ્ચય કર્યો તે પણ કહે છે. અહીં પ્રશ્ન થશે,-

**નિમિત્ત પણ ધર્મ ક્યારે પ્રેરે ?**

**પ્ર.**- શું આ વૃદ્ધ કંચુકીનું સ્નાત્ર જળ મોડું પહોચાડવાનું નિમિત્ત બહુ મોટું નિમિત્ત છે કે આવા મોટા રાજવી વૈભવ-વિલાસને ધક્કો લગાવી દે ? નિમિત્ત બળવાન તો કોઈ તેવો રોગ આવી ગયો હોય, યા આવો કોઈ અકસ્માત નડી ગયો હોય, યાં વૈભવ જવા બેઠો હોય કે સ્નેહીઓનો વિશ્વાસઘાત ઊભો થયો હોય, વગેરે ગણાય, આ વૃદ્ધ કંચુકીનું ધીરે ધીરે ચાલવું એ ક્યું મોટું નિમિત્ત છે તે દશરથ રાજા ઊભા થઈ જાય છે ?

**ઉ.**- વાત સાચી છે કે એ મોટું નિમિત્ત નથી. પરંતુ એમ તો આજના કાળે મોટાં નિમિત્ત પણ ક્યાં મળતા નથી ? છતાં જીવની દૃષ્ટિ ક્યાં ચારિત્ર માર્ગ પર જાય છે ? રોગો કે અકસ્માત નડ્યો ને બચી ગયા તો 'હાશ' કરીને પાછા ભોગના એના એ જ કીડા બન્યા રહેવાય છે ને ? એક ઠેકાણે વિશ્વાસઘાત મળ્યો, બીજે પાછા એવા જ તકલાદી સ્થાને વિશ્વાસ મૂકી સંસારયાત્રા અખંડ ચાલુ રખાય છે ! જગતમાં આજે કેવા કેવા રોગ ! કેવા કેવા દુઃખદ અને અકલ્પ્ય મૃત્યુ ! કેવા કેવા રગડા ઝઘડા...વગેરે બને છે ! નિમિત્ત ક્યાં કમ છે ? પણ એ નિમિત્ત બિચારા ય શું કરે જ્યાં મૂળના જ વાંધા હોય ? જમીનમાં બીજ જ જો નથી પડ્યું, મૂળ જ નથી રોપાયું, તો ત્યાં વરસાદ ગમે તેટલો પડે, છતાં શું થાય ? વરસાદ બળવાન નિમિત્ત છે, પણ મૂળ પર હોં. એમ અહીં,

મૂળ છે વૈરાગ્ય ભાવ; એના પર નિમિત્ત અસર કરી જાય છે. નિમિત્ત બળવાન જબરદસ્ત હોય યા ના ય હોય, પરંતુ વૈરાગ્ય ધબકતો જોઈએ. ત્યાગમાં વૈરાગ્ય એ બળવાન મૂળભૂત કારણ છે.

**પ્ર.**- શું દશરથ વગેરે રાજાઓની પરંપરામાં રાજ્ય ભોગવતા હતા ત્યારે પણ વૈરાગ્યનું અસ્તિત્વ હતું ?

**ઉ.**- વૈરાગ્ય એટલે શું સમજો છો ? અંતરના ઉંડાણમાં મોક્ષની જ રુચિ

હોઈને સંસાર પ્રત્યે ત્યાજ્યભાવનો પરિણામ હોય એ જ વૈરાગ્ય. પક્ષપાત મોક્ષનો જ; પણ સંસારનો નહિ. સંસાર ત્યાજ્ય લાગે, આદરણીય નહિ. હૈયે સચોટ બેઠું હોય કે સંસાર ખોટો, નિર્ગુણ, આત્માને અપકારી એક વિટંબણારૂપ,' આવી સચોટ માન્યતા, તેના પ્રત્યે હૃદયનું એવું પાકું વલણ, એ વૈરાગ્ય. શ્રાવકને આ વલણ સમ્યગ્દર્શનની જેમ પહેલેથી હોય. દશરથ વગેરે રાજાઓના દિલમાં એ વૈરાગ્ય હતો, માટે કાંક નિમિત્ત મળતાં એમાં તેજી આવી અને સંસારની કાંચળી ફગાવી દેવા ઊભા થઈ જાય છે ! નિમિત્ત કરતા આ વૈરાગ્યરૂપી મૂળ એ વિશેષ મહત્ત્વનું છે; -તેથી તો નિમિત્ત ગમે તેવું પણ ભાવ ભજવી જાય છે. આજે મૂળના ફાંફાં હોય ત્યાં જબ્બર નિમિત્ત મળી આવે તો ય કાર્ય શા દેખાય ? માટે,

**મૂળ સાબિત કરો; દૃષ્ટિ ચોક્ખી કરો.**

આંતર ચક્ષુએ વસ્તુમાત્રના આંતર સ્વરૂપને જોતાં વિચારતાં શીખો તો જ દૃષ્ટિ સાફ થશે. બાકી માત્ર બાહ્ય ચામડાની આંખે વસ્તુનું માત્ર ઉપલકિયું સ્વરૂપ જ જોવામાં તો દૃષ્ટિ મેલીની મેલી રહેશે.

**ભરત શું કહે છે :-**

રાજા દશરથે કુટુંબ આગળ પોતાના ચારિત્રનિર્ણયની વાત મૂકી તો ત્યાં ભરત ઊભો થઈ ગયો. કહે છે, 'પિતાજી ! હું આપના વિના નહિ રહી શકું. હું પણ આપની સાથે ચારિત્ર લેવાનો.'

આ સાંભળી એની મા કૈકેયી રાણીને ગભરામણ થઈ કે 'અરે ! આ તો પતિ ય જશે અને દીકરો પણ જશે ! માટે છેવટે પુત્રને રોકવા ઈલાજ કરું.' એ વિચારી પોતાના લગ્ન વખતનું દશરથે આપેલ વરદાન યાદ કરાવ્યું.

**કૈકેયીને વરદાન કેમ મળેલું ?**

વરદાન ખરી હોશિયારીનું મળેલું હતું; કેમકે એણે સ્વયંવરમાં સંન્યાસીવેશે આવેલ દશરથને વરમાળા આરોપેલી; એના પર બીજા રાજા-રાજકુમારો લડવા ઊભા થઈ ગયેલા ! એ વખતે દશરથના કહેવાથી કૈકેયીએ અશ્વરત્ન શોધી લાવી રથમાં જોડી આ રાજમંડળની ચારે બાજુ રથને ઘુમાવેલો અને એમાં દશરથે બેસી બાણો છોડેલા; રથ એવો અતિશય વેગથી ઘુમાવેલો કે રાજાઓને એમ લાગે કે ચારે બાજુ રથોની ગોળ કતાર લાગી ને ! એમાંથી સામટી બાણવર્ષા વર્ષી રહી છે. તેથી બધા દશરથને શરણે આવી ગયેલા ! રાજા દશરથે એ પ્રસંગે પોતે કૈકેયીને આપેલા વરદાન હજી યાદ છે; તેથી તરત જ કહે છે, 'માંગો ખુશીથી જે માગવું હોય તે.' કૈકેયીએ ભરતને અયોધ્યાની રાજગાદી મળે એ માગ્યું, ને દશરથે આપ્યું હોશિયારી પર ખુશીથી પોતે જ આપેલા વરદાન હવે શાહજોગ પતાવવામાં સંકોચ શો ?



**સ્થિતપ્રજ્ઞ માણસોના હૃદય ડોલં ડોલં ન હોય** કે 'ના, મેં પૂર્વે કહેલું ત્યારના સંયોગ કરતાં આજના સંયોગ જુદા છે, માટે પૂર્વે કહેલું હાલ નહિ બને.' જીવન-વિકાસ ઈચ્છે એને તો આ ટેક રાખ્યે જ છૂટકો કે **'સકૃત જલ્પન્તિ સાધવ;'**-સાધુ-સજ્જન પુરુષો એક જ વાર બોલે છે, અર્થાત્ અબી બોલ્યા, પછી ફોક, પછી બીજું જ બોલવાનું, એમ નહિ; એ તો બોલ્યા તે બોલ્યા. એને બધી ય કઠિનાઈ વેઠીને પાળવાનું.' એનું નામ પ્રજ્ઞા સ્થિત અવસ્થિત. એ સ્થિતપ્રજ્ઞતા કહેવાય, સ્થિરબુદ્ધિ કહેવાય. આને બદલે જો બુદ્ધિ અસ્થિર છે, એક વાર કોઈ ઉત્સાહ-ઊછાળો આવ્યો ત્યારે અમુક વિચાર, પછી સમય જતાં એ રદ ! અને એથી વિરુદ્ધ વિચાર ! એ વિકાસ નથી, પીછેહટ છે. અલબત્ત વિચાર પાપનો હોય તો પછી જ્ઞાનદશા આવતાં એ ફેરવી જ નાખવો જોઈએ. ત્યાં તો એ રાખી મૂક્યે પીછેહટ છે, ને ફેરવી નાખ્યે વિકાસ છે. પરંતુ કૃતજ્ઞતા અદા કરવાનો વિચાર, ઔચિત્યનો વિચાર ઈત્યાદિ જે વિચાર પાપી નથી એને ફોક કેમ કરાય ? એમાં તો પ્રજ્ઞા સ્થિત, સ્થિર જોઈએ.

**મા બાપ પ્રત્યે સ્થિતપ્રજ્ઞતા :-**

મા બાપના ઉપકારની કૃતજ્ઞતા વાળવાનો અવસર આવ્યો ત્યારે પત્નીના મોહમાં તણાય અને પછી બહાનું કાઢે કે 'મા-બાપનો સ્વભાવ ખરાબ છે તેથી જુદા રહેવું પડે છે,' એમ કહી એમની સેવાભક્તિ ખીંટીએ ચડાવે, ત્યાં સ્થિર બુદ્ધિ શી રહી ? એ તો એક જ નિર્ધાર જોઈએ કે 'નાનેથી ધારેલું કે માતા-પિતાની સારી સેવા-ચાકરી કરીશ, તે ધાર્યું પાર જ પાડવાનું, પછી એમાં આઘું પાછું કરાવનાર નવી આવેલી પત્ની કોણ માત્ર ?'

**પ્ર.-પણ પત્નીની સાથે આખી જિંદગી કાઢવાની છે તે એનો વિચાર તો કરવો પડે ને ?**

ઉ.- બહુ ડાહ્યા !! એની સાથે જે જિંદગી કાઢવાની છે તે જિંદગી, પહેલાં તો, ઊભી કોણે કરી આપેલી ? અહીંથી પછીની જિંદગીનો જેમ વિચાર છે, તેમ પૂર્વની જિંદગીનો ય વિચાર કેમ ભૂલાય ? માતાપિતાનો ઉપકાર ન હોત તો આટલે સુધી ઊગીને ઊભા જ ક્યાંથી થાત ? માતાને પોતાના યૌવનની રક્ષા અર્થે ગર્ભપાતની બુદ્ધિ થઈ અને અમલી કરી હોત કે બાળક જન્મ્યા પછી એના કકળાટથી કંટાળી છેહ દીધો હોત, સંસ્કાર ન નાખ્યા હોત, તો આજ તું આ જિંદગીમાં ક્યાંથી હોત ? માટે સ્થિતપ્રજ્ઞતા યાને સ્થિરબુદ્ધિ આ, કે પત્ની સાથે નવો સંબંધ થયો છે, માતા પિતા સાથે ઠેઠ ગર્ભથી સંબંધ છે, ભારે ઋણાનુબંધ છે; માટે એ ચૂકવ્યા વિના નવાને અગત્યતા શી આપવી'તી ? એ તો જે પ્રત્યુપકાર કરવાનો

વિચાર, કૃતજ્ઞતા બજાવવાનો વિચાર, મીઠા મધુરા ઉપકાર લેતી વખતે કરેલો તે કાયમ.

**શોભનમુનિના સંસારી પિતા બ્રાહ્મણે** જૈન મુનિના ઉપકારના બદલામાં કહેલું કે **'તમને એક પુત્ર આપીશ.'** પરંતુ હવે વર્ષો પછી મુનિ ત્યાં આવ્યા ! છતાં બ્રાહ્મણ નામક્કર નથી જતો. એક પુત્ર ધનપાલને કહે છે 'મેં સાધુને વચન આપેલું છે તે મુજબ તું જા એમની સાથે.' ધનપાલ ઘસીને ના કહે છે; તો ય પિતાના વિચારમાં ફરક નહિ. એ તો વચન તે વચન, પાળવાનું જ. દીકરા બેય રતન જેવા છે, પણ તેથી શું ? એક આપવાનો તે આપવાનો જ. સ્થિતપ્રજ્ઞતા બરાબર જાળવવાની. એટલે બીજા દીકરા શોભનને સમજાવે છે અને તે માની જાય છે, એટલે ખુશમિશાલ હૃદયે એને સાધુને સોંપી દે છે ! ખૂબી જુઓ કે નહિ માનનારો પુત્ર ધનપાલ ભવિષ્યમાં બીજું કેટલું માનશે ? કેવો વિનયી અને આજ્ઞાંકિત સેવાકારી રહેશે એનું માપ કાઢી શકાય ને ? ત્યારે આ માનનારો પુત્ર તો બહુ લાયક ગણાય તે આ માની ગયો. એ પિતાની ઉત્તમ સેવા-વિનય-મર્યાદા જાળવનારો કહેવાય. છતાં એને સહર્ષ આપી દે છે ! જીવનનો નિશ્ચિત વિકાસ સ્થિતપ્રજ્ઞ બન્યા રહેવામાં દેખ્યો. સાધુને એકવાર વચન આપ્યું છે, એને આજે વર્ષો થયા છતાં પાળવાનું તે પાળવાનું. શોભનને દીક્ષા અપાવી દીધી, અને જાતને એટલી કૃતકૃત્ય કર્યાની ખુશાલી માની !

સારી પ્રજ્ઞા, બુદ્ધિ, સ્થિર રખાય,-પહેલા સારી કરી, ને પછી ફેરવી ખરાબ મમતા-માયાદિની કરી એમ નહિ,-તે સ્થિતપ્રજ્ઞતા મહાન ગુણ છે.

ચિત્તની ચંચળતા, ઘડીકમાં આ વિચાર, અને પછી બીજો જ વિચાર, હમણાં આ નિર્ધાર, ને પછી એ ફેરવી ઊલટો જ નિર્ધાર,-એ આત્માને અવ્યસ્થિત રાખે છે. વિચાર નિર્ધાર કરતાં તોલવું ખરું, ઉતાવળિયા ન બનવું, પરંતુ નિર્ણય લીધા પછી ડગુમગુ શું થવું ? આપણું મન તે કાંઈ પવનચક્કી છે ? ઊલટસુલટ ફર્યા જ કરે ? જિંદગી આખી એવી જાય પછી સ્થિરતા વ્યવસ્થિતતા ક્યારે લાવવાની ? ધ્યાનમાં રહે ક્ષપકશ્રેણી સ્થિરતા પર છે.

રાજા દશરથે ચારિત્રભાવના કરી, રામચંદ્રજી રાજ્ય ગાદી માટે હકદાર છે, પણ કૈકેયીને વરદાન કરેલું તે હવે અદા કરવાનો પ્રસંગ આવી ઊભો તો વાર ન લગાડી, તરત ભરતને ગાદી બક્ષી. વચન તે વચન; પાળવાનું એમાં ફરક ન પડે. રામ આવ્યા, તેને કહ્યું કે 'ગાદી ભરતને સોંપી છે.' ત્યાં રામ બહુ ખુશી બતાવી કહે છે કે 'મને એમાં પૂછવાનું હોય જ નહિ, પરંતુ મને ડર છે કે હું અહીં બેઠા ભરત ગાદી નહિ લે. અને એ ગાદી ન લે તો આપનું વચન કેમ જળવાય ? વચન



તો રહેવું જ જોઈએ. માટે હું વનવાસ માગી લઉં છું.' બસ, એમ કહી તરત પિતાને પ્રણામ કરી આવ્યા માતા પાસે. પોતાનો વિચાર કહી રજા માગી. માતાને તો આ કેવો આઘાતનો પ્રસંગ કહેવાય ? એ કેમ મંજૂર કરે ? એ તો બેઠા રોવા. પણ જુઓ સાત્ત્વિક રામ શું કહે છે,-

'મા ! ઈક્ષ્વાકુ વંશના રાજાનાં વચન એક જ હોય છે, એ અન્યથા થાય નહિ. હું અહીં છતે ભરત ગાદી ન લે તો પિતાજીનું વચન શી રીતે પળે ? પતિનું વચન સફળ થાય એમાં તમારે તો ખૂબ ગર્વ લેવા જેવો. તમારાથી મને રોકી રાખી એ વચનપાલનથી વિરુદ્ધ કેમ જવાય ? તમારે તો ઊલટું મને પ્રોત્સાહન દેવું જોઈએ; જે ભોગ આપવો પડે તે આપીને પણ ઈક્ષ્વાકુ વંશની વચનબદ્ધતાને અખંડિત રાખવી જોઈએ.'

બસ, માતાએ સંમતિ આપી દીધી. રામ હવે બીજી માતાઓને પ્રણામ કરી વનવાસે જવા તૈયાર થાય છે.

અહીં સીતાજીનો સવાલ આવીને ઊભો રહે છે. એમણે એવું કાંઈ વિચાર્યું ખરું કે 'આવા મહાગંભીર વનવાસ સેવવા જેવા પ્રસંગને ઊભો કરતાં પતિએ શું મારી સલાહેય ન લીધી ? જરાક પૂછ્યું પણ નહિ ? ત્યારે શું અમારી કોઈ જ કિંમત નહિ ?' ના; આવું કાંઈ જ વિચાર્યું નહિ.

ઊલટું રામચંદ્રજી સીતાને માતા પાસે મહેલમાં જ રહેવા કહે છે, સાસુ કૌશલ્યા પણ કહે છે કે 'મારો રામ તો ખડતલ છે, પણ તમે સુકોમળ છો.' તમે અહીં જ રહો.' ત્યારે એ દુઃખી થાય છે, કહે છે, 'મારે તો પતિની છાયામાં જ રહેવામાં આનંદ છે, માટે મને પણ વનવાસની રજા આપો.'

આ બધું શાના ઉપર ? કારણ આ જ, કે

આવા ઉત્તમ જીવોને જીવન પતનના નહિ પણ જીવન વિકાસના જ માર્ગે જીવવા જોઈતું હોય છે.

**આપણો નહિ, નાથનો અધિકાર :-**

તો પ્રશ્ન છે કે વિકાસ શામાં ?

ઉત્તર એ છે, કે જેમ પૂર્વે કહ્યું માથે સાત્ત્વિકને જ નાથ તરીકે ધરવા, તેમ અહીં આ વાત છે કે સાત્ત્વિકને જ નાથ કર્યા પછી આપણા સર્વ હક આપણને પોતાને આધીન નહિ, પણ સર્વ હક નાથને આધીન રાખવાના. આપણું નાથને આશ્રિતપણું શું ? આ જ કે એમનાં પર આપણો કોઈ અધિકાર નહિ, કે એમણે કશું કરતાં પહેલાં આપણને પૂછવું જોઈએ. અધિકાર તો એમનો, કે એ ઈચ્છા-પસંદગી કરવામાં સ્વતંત્ર છે, આપણે તો એમને એમની ઈચ્છામાં અનુસરવાનું એ

જ આપણું કર્તવ્ય, અધિકાર વાપરવો હોય તો આ જ વાપરવાનો કે 'અમને નાથની ઈચ્છાને અનુસરવાનો જ હક છે. એમાં કોઈ અમને અટકાવી શકે નહિ.' ત્યારે પૂછો,

**પ્ર.**- શું જિંદગી ગુલામીભરી જીવવાની ? સદા દબાયેલા રહેવાનું ? એમાં શું સુખ ?

ઉ.- પણ તમને ખબર નથી કે જેવી રીતે સ્વચ્છંદ માણસોને પોતાની ઈચ્છાએ ચાલવામાં આનંદ રહે છે, માલિક પર પણ હક-દાવો-અધિકાર અજમાવવામાં રસ રહે છે, એવી રીતે આશ્રિત થઈને રહેનારને ખરેખર આશ્રિતપણું, સેવકપણું, આજ્ઞાધીનપણું સેવવામાં ભારે રસ અને કોઈ અનેરો આનંદ હોય છે. એ સમજે છે કે

**'નાથ તે નાથ. સેવક એ સેવક.'**

(૧) એક આજ્ઞાકારક, બીજો આજ્ઞાપાલક,

(૨) એક સ્વાધીન, બીજો પરાધીન,

(૩) એક સ્વતંત્રેચ્છું, બીજો એમની ઈચ્છા એ જ પોતાની ઈચ્છા એમ સચોટ માનનારો,

(૪) નાથે સેવકને પૂછવાની જરૂર નહિ, 'સેવકે સર્વ બાબતમાં નાથને પૂછવું જ જોઈએ.'

જો આવો ભેદ ન હોય તો નાથ-સેવકપણામાં ભેદ શો ? સાચા સેવકને તો એ રસ હોય છે કે નાથ તરફથી ક્યારે મને આજ્ઞા મળે ! કેમ એમની ઈચ્છાને અનુસરવાનું મળે !' એ મળવામાં જીવનને ધન્ય માને છે.

ગણધર ભગવાન ગૌતમસ્વામીને જાણો છો ને કે નાથ મહાવીર પ્રભુની આજ્ઞા મળતાં કેટલો અપૂર્વ આનંદ ઊછળતો હતો ! જાતની કેટલી ધન્યતા અનુભવતા હતા ! ભગવાનને કશું કરવામાં ગૌતમની સંમતિ લેવાની હતી ? ના, કેમકે એ નાથ હતા, સેવક માટે ખાતરી કે એ એવું ઈચ્છે નહિ કે 'સ્વામી મને પૂછી-ગાછીને કરે, મારો અભિપ્રાય લે.' સેવક તો સ્વામીની આજ્ઞા જ ઝંખે, સ્વામીની ઈચ્છા જ જોયા કરે, અને એને વગર કહ્યે અનુસરે. અવધિજ્ઞાન અને મનઃપર્યાય જ્ઞાન જેવા વિશિષ્ટ જ્ઞાનના ધણી તથા સ્વયં દ્વાદશાંગીના પ્રણેતા પ્રથમ ગણધર ગૌતમસ્વામીજી મહારાજ પ્રભુના આવા સેવક હતા ! એવું સેવક-જીવન જીવવામાં એમને અનેરો આનંદ આવતો.

મોક્ષ જોઈએ છે ? તો પરમગુરુ દેવાધિદેવ શ્રી તીર્થંકર ભગવાન અને ગુરુ નિર્ગ્રન્થ મુનિરાજને નાથ સ્થાપી એમની પ્રત્યે આવું સેવકપણું બનાવો. મોક્ષ કાંઈ દૂર નથી. મોક્ષને અને કેવળજ્ઞાનને અટકાવનાર માનકષાય છે, એ આનાથી ઊડે છે.



બાહુબલજીએ યુદ્ધભૂમિ પર ચક્રવર્તી સામે વિજય પર વિજય મેળવેલો ! છતાં એમણે ભવ્ય સંસારત્યાગ કર્યો ! ત્યાં જ ભૂખ્યા તરસ્યા બાર મહિના સુધી કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા ! તો હવે કેવળજ્ઞાન કેમ આવતું નથી ? કારણ, માન, અભિમાન હૃદયમાં ઊભું રાખ્યું છે. બીજા કષાયોને જતા કર્યા, અન્યાયી શસ્ત્રપ્રયોગ કરનાર ભરત ઉપરનો ક્રોધ જતો કર્યો, પોતાની રાજ્ય-સંપત્તિ-પરિવાર વગેરેનો લાભ રવાના કર્યો, પણ નાના ભાઈમુનિઓને કેમ નમું ? એ માન ઊભું રાખ્યું. તો કેવળજ્ઞાન આવવા તૈયાર નથી. કર્મ-આવરણરૂપ સંસારનો પાયો માનકષાય; એને હટાવ્યા વિના આવરણને શે જાય ?

આવા ખંધા માનને ઉડાવનાર છે જિનનો અને ગુરુનો સાચો સેવકભાવ. મન પોકારે કે 'સ્વામીના અભિપ્રાય, સ્વામીની ઈચ્છા, સ્વામીની પ્રવૃત્તિ, એ જ મારે દીવાદાંડી, એ જ માર્ગદર્શક. એની સામે કોઈ પ્રશ્ન નહિ, કોઈ મારી જુદી ઈચ્છા નહિ.' આ આવે એટલે ખંધો અનાદિરૂઢ માનકષાય મરે.

મહાસતી સીતાજીએ રામ પ્રત્યે સેવકભાવ રાખ્યો હતો, સમાન હક નહિ, એટલે એમને કોઈ વિચાર જ ઊઠતો નથી કે 'પતિ રામચંદ્રજીએ કેમ પૂછ્યું નહિ ? સલાહ કેમ ન કરી ? મારી સંમતિ વિના કેમ વનવાસ ચાલ્યા જાય ?' ના આવું કાંઈ વિચારવાનું જ નહિ. પુત્ર પિતા પ્રત્યે, પત્ની પતિ પ્રત્યે, શિષ્ય ગુરુ પ્રત્યે આ ભાવ ધરે તો રગડા ઝગડા ક્યાં થાય ? મન ઊંચા શાના બને ? રીસ શાની ? શા સારુ વિરોધ-દુર્ભાવ, અંટસ વગેરે કશું જાગે ?

**પ્ર.**- પણ પતિ પિતા કે ગુરુ ક્યાંય ભૂલે નહિ ?

ઉ.- ભૂલે એમ બને, કિન્તુ ભલે એવું લાગતું હોય ત્યાં એ પોતે યોગ્ય હોવાથી સલાહ કરે, અભિપ્રાય પૂછે. બાકી તો હૃદયથી સાચો સેવકભાવ ધરનારને તો એટલી તૈયારી હોય છે કે પોતાને ભૂલનો ભોગ થવું પડે તો ચિંતા નહિ. 'હાય ! મારે સહન કરવાનું આવ્યું' એવો સ્વાર્થભાવ જ મારે છે. સ્વામી પ્રત્યેનું અનહદ બહુમાન હોય તો એ નિજના સ્વાર્થ-સગવડ-સુખશીલતાને દેશવટો દેવરાવી દે. એટલે જ સીતાજીને કોઈ વિચાર નથી કે 'મહેલવાસ મૂકી વનવાસ સેવવા જવામાં કેટલું સહન કરવું પડે ?' ખાસ નોંધી રાખવા જેવું છે કે,-

**તાબેદારી કરતાં આપમતિના જીવનમાં જ ફસામણી છે, સરવાળે સહવાનું છે.**

જીવનવિકાસ સાધવો છે ? કે જીવન મતિકલ્પનાના સુખ-સન્માનનું જીવવું છે ? એટલું ધ્યાનમાં રાખજો કે કલ્પિત સુખ-સન્માનનું જીવવું જીવનના પ્રયત્નમાં જશ મળે એવો નથી, ધાર્યું ફળે જ એવું નથી; કેમકે મતિકલ્પનાના જીવનમાં તો એવા માર્ગ અખત્યાર થાય છે કે જે કદાચ ક્ષણિક જ સુખ દેખાડી અનહદ વિટંબણા

ઊભી કરે ! ક્ષણિક સન્માન પછી ભારે વેઠ લાવી મૂકે ! દા.ત. જ્યાં વડિલજનો પ્રત્યે તાબેદારી અને આજ્ઞાધીનતા રાખવાની છે, એવા સ્થાન પર હક ને દાવો કરતા જવાય, અને આપમતિનો માર્ગ અખત્યાર કરાય ત્યારે કદાચ એવું બને કે 'મા મને કોઠીમાંથી કાઢ'ની જેમ ફસામણીમાંથી ઉગરવાનો ઉપાય જ પોતાના હાથમાં ન રહ્યો હોય ! હવે કહો, શો સાર કાઢ્યો ? બહુ માનેલા સુખ-સન્માન તો દૂર, પણ યોગ્ય સ્થાનની તાબેદારી અને આજ્ઞાધીનતા કેળવી જીવનવિકાસ કરવાની તક પણ ગુમાવી !

આજે બને છે ને કે પત્નીની ખુશી ખાતર મા બાપની તાબેદારી આઘી મૂકી જુદા રહેવાનું કરે છે, પણ પછી આગળ જતાં કેવી કેવી આપદામાં પડે છે કે ન એમાં શાંતિ અને ન હવે પાછા માબાપના ભેગા રહેવા જવાય ! એમાં નથી ને જો પોતાનું મૃત્યુ યા તેવી કોઈ ભયંકર બિમારી થઈ ગઈ કે અકસ્માત થઈ ગયો તો હવે નિરાધાર જેવી બનેલી અને જુવારું કરાવનારી એ પત્નીની દશા વિચારો, અથવા પત્ની જ ગુજરી ગઈ તો એના બાળકોની દશા કઈ ? એમાં વળી નવી પત્ની કરે તો તો કેવી ય દુઃખદ ?

એટલે જ ખરું કર્તવ્ય આ છે કે વ્યવહારથી જેની આજ્ઞામાં આધીનતામાં ગણાઈએ એની સામે હઠ કરવા કરતાં એના માર્ગને વધાવી લઈએ એમાં એક પ્રકારનો જીવન-વિકાસ સધાય છે. સીતાજીએ સમજીને જ પોતાને પૂછ્યા વિના રામે પિતા પાસે માગી સ્વીકારી લીધેલા વનવાસ માટે કોઈ પ્રશ્ન નથી ઊઠાવતા કે મને પૂછ્યા-કહ્યા વિના કેમ આમ કર્યું ? એ તો સીધી તાબેદારી જ હૃદય પર રાખી પતિની પાછળ સહર્ષ વનવાસ કરવા ચાલી નીકળે છે.

**રામે કેમ વનવાસ માગી લીધો ?**

ત્યારે રામે પણ વનવાસ પિતાજીની ઈજ્જત તાબેદારી ખાતર માગી લીધો હતો. કેમકે પોતે અહીં બેઠા હોય તો પોતાનો અત્યંત વિનય સાચવનાર ભરત રાજગાદી પર બેસે જ નહિ. એટલે પિતાએ કૈકેયીને આપેલા વરદાન મુજબ ભરતને એમનું રાજગાદી દઈ દેવાનું પિતા વચન અમલમાં જ ન આવે. ઈક્ષ્વાકુ વંશના આ એક રાજા દશરથનું વચન ફોક થાય જ કેમ ? ન જ થવું જોઈએ. એ વિચારના રામચંદ્રજીએ આ માર્ગ કાઢ્યો કે પોતે વનવાસ ભોગવે. પિતાની ઈજ્જતની કેવી સુંદર છતાં કપરી તાબેદારી અદા કરી ? હવે આ કરતી વખતે સીતાને શું પૂછવા રહે ?

જીવન વિકાસ સ્વચ્છંદપણે લક્ષ્મીના ઢેર વધારવામાં કે મનમાન્યા ભોગવિલાસ વિસ્તારવામાં યા સત્તા-સન્માન-વિકસાવવામાં નથી. એ તો ગુરુજનની તાબેદારી



અને સંપૂર્ણ શરણાગતિ અપનાવવામાં છે. એમાં વિકાસ વધવાનું કેટલી હદ સુધી થઈ શકે એના પર એક ગુરુશરણે ગયેલાં રાજાનું દૃષ્ટાન્ત છે. આ દૃષ્ટાન્ત ઝટ મગજમાં નહિ ઊતરે ! મનને થશે કે શું ગુરુની તાબેદારી આટલી બધી હદ સુધી ઉઠાવવાની હોય ? પરંતુ ભવની કારમી ગુલામીથી થાકેલાને એમાં કાંઈ વધારે પડતું લાગતું નથી. ગુરુની ગુલામી મામૂલી અને ભવ કટે.

**બ્રહ્મદર્શનાર્થી રાજાનું દૃષ્ટાંત**

એક રાજા હતો, એનો જીવ અધ્યાત્મ તરફની રુચિવાળો. તે એમાં ચિંતન વધતા એને એમ લાગ્યું કે આ દુઃખદ માયાજાળ જોતાં જોતાં જીવન વીતાવી નાખવું એ મૂર્ખતા છે. માટે બ્રહ્મદર્શન કરવું અતિ જરૂરી છે. પરંતુ તે કોઈ તેવા સુયોગ્ય મહાત્મા મળે તો થઈ શકે. તેથી એની શોધમાં રહેતો. એનું શાસ્ત્ર પણ એમ કહેતું કે,

**'तमेव विदित्वा अतिमृत्युमेति'**

-તે શુદ્ધ બ્રહ્મને જ જાણીને જીવ મૃત્યુને ઓળંગી જાય છે; અર્થાત્ બ્રહ્મદર્શનથી જ મોક્ષ થાય. બ્રહ્મ એટલે એક શુદ્ધ નિર્ગુણ, નિર્ધર્મક, નિર્વિકાર, સત્-ચિદ્આનંદ સ્વરૂપ આત્મા; એ જ વિશ્વ, એ જ સર્વ, એ જ પરમાર્થ; બાકી દેખાતા અનેક જીવાત્મા અને જડ પદાર્થો, બધું જ પરમાર્થથી અસત્. 'બ્રહ્મ સત્યં, જગન્મિથ્યા.' બ્રહ્મ એ જ સાચું, જગત અસત્ મિથ્યા જગત ખરેખર સ્વપ્નવત્ લાગે, અસત્ લાગે ત્યારે જ એ છૂટે. એ માટે પોતાનું ભાન થવું જોઈએ, અર્થાત્ શુદ્ધ બ્રહ્મદર્શન થવું જરૂરી છે, જેના પ્રભાવે ભ્રાન્તિનો યાને જગત-માયાનો લય થઈ જાય, જીવાત્મા તરીકેનું પ્રતિબિંબ ઊડી જાય.

**'એક શુદ્ધ બ્રહ્મ જ સત્' શું એ સાચું છે ? :-**

આ એમની પ્રક્રિયા છે. એમાં એ જોવું ભૂલ્યા કે જો એકમાત્ર શુદ્ધ બ્રહ્મ જ સત્ છે તો એનું પ્રતિબિંબ પડવા માટે પણ કોઈ વાસ્તવ ચીજ જોઈશે, તે વિના પ્રતિબિંબ શામાં ? આકાશના એક ચંદ્રના પ્રતિબિંબ અનેક તળાવમાં પડે ત્યાં ભલે કદાચ પ્રતિબિંબોને અસત્ કહો, પણ એ જેમાં પડે છે તે તળાવડાં તો સાચાં જોઈએ ને ? એવી જ રીતે મુખના અનેક પ્રતિબિંબ અનેક અરીસામાં પડે ત્યાં અરીસા તો સાચા જ હોય ને ? અરે ! એ પ્રતિબિંબ જોવાની મૂળ મુખમાં આંખો પણ સાચી જોઈએ ને ? હવે અહીં જુઓ કે શુદ્ધ એક બ્રહ્મને છોડીને બીજું કાંઈ સત્ છે જ નહિ તો પ્રતિબિંબ શામાં ? તેમ બ્રહ્મા પરનું કે સ્વનું જ્ઞાન કરવાની શક્તિ પણ છે નહિ, તો પ્રતિબિંબ જોનાર કોણ ? ભ્રમ કોણ કરે ? શુદ્ધને કશું કરવાનું છે નહિ, અને અશુદ્ધ કોઈ ચીજ નથી. આમ જગત્ મિથ્યાની માન્યતા ખોટી ઠરે છે.

**રાજા પાસે ઘણા ગુરુ આવે છે :-**

પણ રાજાને તો એ મત પર શ્રદ્ધા છે, એટલે બ્રહ્મદર્શન કરાવનારા ગુરુની શોધમાં છે. 'ગુરુ વિના જ્ઞાન નહિ.'-એ પ્રાચીન કાળની પાકી ગણતરી હતી. તેથી જ વિધિસર ગુરુ પાસે લીધેલ થોડું પણ જ્ઞાન સફળ નીવડતું, આત્માને ઊંચે ચડાવનારું બનતું, પરિણામ પામતું, આત્મા એથી સુ-પરિણત થતો. રાજાના મનને એમ થાય છે કે 'જો યોગ્ય ગુરુ મળી જાય તો એમના ચરણ પકડીને બેસી જાઉં.' રાજાની આ જિજ્ઞાસા જાણીને રાજાના ગુરુ થવાનું મન કોને ન થાય ? ઘણા આવે છે, કહે છે, 'હાં, હમ બ્રહ્મ-દર્શન કરા દેંગે.' પરંતુ રાજાને એમના રંગ-ઢંગ જોતાં કાંઈ શ્રદ્ધા નથી બેસતી. જુએ છે કે 'જે પોતે જ બાહ્ય ધામધૂમમાં પડેલા છે એના શી રીતે બ્રહ્મના સ્વરૂપ તરફ ઝોક હોય ? અને જાતે જ ઝોક નહિ તો મને ય શું દોરી શકે?' હવે તો રાજા અદ્દુક-દદ્દુકિયા જોગી વગેરેના સંપર્કમાં જ નથી આવતો.

**રાજાને સાચા ગુરુનો પત્તો :-**

પરંતુ એક વારનો પ્રસંગ છે. રાજાને જાણવા મળ્યું કે 'બાજુના પર્વત પર કોઈ મહાત્મા પધાર્યા છે, પણ કોઈને મળવા દેતા નથી. કદાચ કોઈ જાય તો એને દૂરથી જ ના પાડી દે છે કે 'યહાં મત આના.' બસ એ તો ધ્યાનમાં જ રહે છે, કોઈનું ય ભોજન નિમંત્રણ લેતા નથી. ગામમાંથી ક્યારેક ભિક્ષા માગી જાય છે.'

રાજાને આના પર વિચાર થયો કે 'ત્યારે આમાં કાંઈક કસ લાગે છે, જેને લોકરંજન, લોકો સાથે વાતો-ચીતો, કે લોકોનાં વંદન-સન્માન નથી ગમતા, એ તો ખરા મહાત્મા કહેવાય, અને એકાંતમાં ધ્યાનપ્રિય હોય અને ખરેખર બ્રહ્મદર્શન થયું હશે. તો પછી મારે હવે બરોબર આલંબન મળવાનાં ભાગ્ય જાગ્યા લાગે છે. એટલે હવે હું જાઉં, જોઉં, આ સાંભળવા મુજબ જ હોય તો તો એમના પગ પકડી લઉં.'

વળી પાછું મન કહે છે કે 'પણ એ તો કોઈને મળવા જ દેતા નથી, તો મને કેમ મળવા દેશે ?' મન વિમાસણમાં પડ્યું. પરંતુ વળી પાછો વિચાર આવ્યો કે 'એ તો જોઈ લેવાશે, આપણી જો પાકી ઈચ્છા છે તો એ શું કામ ના પાડે ? એમનો પાકો વિનય જાળવી કામ લેવાશે તો જરૂર એ પણ પીગળશે.'

બસ મહાત્માને મળવાનું નક્કી કર્યું.

**મહાત્મા પાસે જાય છે :-**



બીજે દિવસે પોતે જવા નીકળે છે, પરિવાર, મંત્રીઓ વગેરે પણ સાથે જાય છે. પહાડ પર ચડ્યા, શિખર પર પહોંચતાં જુએ છે કે દૂર એક ઝાડ નીચે મહાત્મા બેઠા છે. રાજા જોઈને પ્રસન્ન થાય છે. મન હવે જલ્દી મળવા ધખે છે, તેથી આગળ વધવા માંડે છે.

પણ ત્યાં તો ખટ અવાજ આવ્યો કે 'કૌન હૈ ? હાં કૃપા કર મત આનાં.'

રાજા ક્ષણભર થંભી જાય છે. મંત્રીઓ હાથ જોડી કહે છે 'મહારાજ ! એમને મળવાનું પસંદ નથી, તો ભલે આપણે પાછા જઈએ.' એને રાજાના દિલની ક્યાં ખબર હતી કે 'આ કઈ ધગશથી અહીં આવેલ છે, એને શેની લગની લાગી છે.'

રાજા તો કહી દે છે કે 'તમે તમારે બધાં જાઓ, હું તો અહીં ગમે તેમ કરીને મહાત્માજી પાસે રહેવાનો છું.'

પેલા કહે, 'અરે મહારાજ ! એમ આપને એકલા મૂકીને અમે જઈએ ? જવાય અમારાથી ?'

રાજા કહે, 'અરે પણ આ બધું લશ્કર લઈને તે શી રીતે મળાય ? મહાત્મા નજીક શેના આવવા દે ?'

'તો મહારાજ ! આપ પધારો મહાત્માજી પાસે; અમે અહીં ઊભા છીએ.'

બસ, રાજાને એટલું જ જોઈતું હતું, કેમકે મહાત્માજીને એકાંતમાં પોતાના દિલની ધગશ કહેવી છે. એ તો ચાલ્યો આગળ મહાત્માજીની સામે.

પણ અહીં મહાત્મા ક્યાં પાસે આવવા દે એમ છે ? એ તો તરત રાડ પાડી ઊઠ્યા, 'અરે કૌન હે યહાં આને વાલા ? ના નહીં બોલે હમ ?'

રાજા તો ઊંધું ઘાલીને પહોંચી ગયો મહાત્મા પાસે. ઘુંટણીએ પડી હાથ જોડીને બેઠો.

મહાત્મા કહે 'અરે ભાઈ ! હમ ના નહિ બોલે ? તું કૌન હૈ યહાં આને વાલા ?'

રાજા કહે 'સાબ ! હું આ નગરનો રાજા છું.'

'અરે ! તું રાજા હૈ ઈસસે હમકો લોભાતા હૈ ? હમેં રાજાકી ભી કોઈ આવશ્યકતા નહિ. હમેં બ્રહ્મલક્ષીકો રાજાસે ક્યા મતલબ ?'

રાજા કહે છે, 'મહારાજ ! હું લોભાવવા નથી આવ્યો. હું આપની પાસેથી જ્ઞાન ચાહું છું.'

'અરે તૂં વૈભવ વિલાસ કા કીડા, રાનીઓ કા ગુલામ ! તુઝે જ્ઞાનસે ક્યા મતલબ ? તેરી યોગ્યતા ક્યા ?'

**રાજાની માગણી :-**

'સાચી વાત પ્રભુ ! હું અધમ છું, કિન્તુ હવે આ બધી માયાજાળથી થાકી ગયો છું. મારે હવે એની સાથે કોઈ સંબંધ રાખવો નથી. હું આપની કૃપાથી બ્રહ્મજ્ઞાન ચાહું છું. તેથી મને રાખો આપની પાસે અને બ્રહ્મજ્ઞાન કરાવો.' રાજા ગળગળો થઈ બોલતાં રડી પડે છે.

**મહાત્માની આત્મસાવધાની :-**

'આ તો હવે અહીં લપ વળગે એમ છે, અને પોતાની સાધનામાં કાંઈ એ પોષાય એવું નથી; કેમકે ક્યારેક પણ એના પર મમત્વ જો આવ્યું તો પોતાને બ્રહ્મજ્ઞાનના વાંધા થવાના.' એટલે પહેલેથી જ રાજાને હટાવવા ચાહે છે. એ સમજે છે કે

'જેણે બ્રહ્મ-સાક્ષાત્કાર કરવો હોય, એણે પોતાની કાયા પર મમત્વ નહિ કરવું જોઈએ. પરંતુ કાયાને ક્યાં હટાવે ? ક્યાં મૂકી આવે ? અને કાયા જાય એ પાલવે પણ કેમ ? કેમકે બ્રહ્મજ્ઞાન કરવાનું કાર્ય તો પાછું આ માનવ-દેહ દ્વારા જ થાય એમ છે. ત્યારે હવે શું કરવું ?' એટલે એમણે જોયું કે

'કાયાના રાગનાં પોષાક સારા ખાનપાન-માન સન્માન કીર્તિ-પ્રતિષ્ઠા વગેરેનો લેશમાત્ર રાગ-અભરખો જ રાખવો નહિ. કે જેથી એના દ્વારા કાયા પર મમત્વ કરવાનું ઊભું થાય. ત્યારે એ રોકવું હોય તો રાજાને ચેલો કર્યે ન બને. કેમકે એનાથી તો ઊલટું એ પોષાવાનું થાય. તો એકલા અટુલા રહ્યે જે કાંઈ અગવડ-આપત્તિ આવે એ વેઠી લેવાની, કિન્તુ કાયાનાં અનુકૂળ-અનુકૂળને મહત્ત્વ જ આપવાનું નહિ, એ સ્થિતિએ એકલા જીવાય તો કાયામમત્વ સંપૂર્ણ હરી બ્રહ્મદર્શન જાગે.'

અહીં વિચારણીય છે કે ત્યારે ગુરુ રાખ્યા વિના એકલા રહીને મનમાન્યો માર્ગ આરાધવામાં ન તો સમગ્ર કુસંસ્કારોનો અંત આવે, કે ન સર્વજ્ઞદષ્ટ સૂક્ષ્મ જીવોની ય સૂક્ષ્મ દયા-અહિંસા સુધી પહોંચાય; યા ને ઝીણી કોટિના અહંત્વ આદિનો નાશ થઈ શકે; કે ન સર્વજ્ઞશાસ્ત્ર મળવા દ્વારા શુદ્ધ આત્માને ઉપયોગી નિર્મળ તત્ત્વજ્ઞાન પામી શકાય. સર્વજ્ઞના વચનને આગળ કર્યા વિના અને એના જ્ઞાતા ગુરુને માથે ધર્યા વિના એ બધા વાંધા મટે નહિ. આમ આ મહાત્માને સર્વજ્ઞવચન અને એવા ગુરુની નિશ્રા નહિ હોવાથી એના લાભ ખૂટે છે, છતાં મનથી એક વાત નક્કી થઈ ગઈ છે કે 'આત્માનાં શુદ્ધ સ્વરૂપે દર્શન કરવા છે. માટે તો આત્મા સિવાય બીજી કોઈ પણ વાત-વસ્તુ પર મમત્વ ન થવા દેવું. એ મમત્વ ન થાય એ માટે બીજા ત્રીજાના સંગ જ ખોટા, એ સમજી એવા સંગથી જ દૂર રહેવું.'



જુઓ આમાં મેવા મિઠાઈ ખાતા રહેવું ધન માલ-મિલકત રાખી રહેવું, સગવડ-અનુકૂળતા ભોગવતા રહેવું અને મનથી માન્યા કરવું કે 'મને કાંઈ આના પર મમત્વ નથી, આસક્તિ નથી, રાગ નથી,' એવી પોકળ-બોગસ વાત અહીં નથી. એને તો એ ઢોંગ સમજે છે; લુચ્ચાઈ અને ભારોભાર અજ્ઞાન દશા સમજે છે, અનાદિ અનંત કાળથી એવા સંગ રાખી રાખીને તો મમત્વ રાગ-આસક્તિ પોષાય છે, તો એ મમત્વાદિનાં પોષક તત્ત્વો હટાયા વિના એ મમત્વ વગેરે ક્યાંથી હટવાના હતા ? આ વિચારે મહાત્માએ એ બધું છોડી જ એકાંત સેવવા માંડ્યો છે, અને હવે એક રાજા જેવો શિષ્ય થવા આવે છે, એ વસ્તુ પણ પસંદ નથી. આ વસ્તુ બરાબર સમજી રાખવી, જેથી

(૧) આગળ પર રાજા પ્રત્યે એમના કઠોર વ્યવહારને અન્યાય ન અપાય.

(૨) બીજું એ પણ ધ્યાનમાં રહે કે આજના કાળના બનાવટી નિશ્ચયપંથે, બનાવટી અધ્યાત્મ માર્ગ, કૃત્રિમ યોગ અને ધ્યાન માર્ગ વગેરેથી ચેતતા રહેવા જેવું છે. પાયાનો ઉપાય 'અસત્-સંગનો ત્યાગ' કરવો નથી, અને મહાન અસંગીઓના આંતર ભાવના ચાળા કરવા છે, એ કેટલું બધું બેહૂદું છે !

**બનાવટી નિશ્ચયવાદીના ચાળો :-**

હજી તો જેને અભક્ષ્ય ભક્ષણ છૂટતું નથી; અકાર્ય કરણ મૂકાતું નથી, અવાચ્ય બોલ બોલવા જોઈએ છે, અનુચિત વર્તન મૂકાતું નથી, એ શું નિશ્ચય નયની આત્મશુદ્ધિ, અધ્યાત્મદશા, યોગ અને ધ્યાન વગેરેનો સાધક બની શકવાનો ? સંગ વિના ઘડીય ચાલતું નથી ને મનથી માની લે કે 'મને કશું મમત્વ નથી, રાગ નથી, આસક્તિ નથી.' એ તો મહારોગ છે. રોગમાં જાતને તદ્દન નીરોગી માનવા બેઠો ! ચોરી કર્યે જવા છતાં મનથી માની લે કે હું દિલથી તો શાહુકાર છું. પરસ્ત્રીગામી હોવા છતાં મન મનાવે કે 'અંતરથી તો હું બ્રહ્મચારી છું. આ તો પુદ્ગલના ખેલ પુદ્ગલ બજાવે છે. મારો અંતરાત્મા તો એનાથી અલિપ્ત છે. મારે ને જડ પુદ્ગલને કોઈ લેવા દેવા નથી. જડ જડને સેવે છે, આત્મા તો મારો તટસ્થ જ્ઞાતા દ્રષ્ટા છે, શુદ્ધસ્વરૂપમાં રમતો છે.' આ અજ્ઞાન મૂઢ દશા જેવી આજના કોરા નિશ્ચયમતીઓ, શુષ્ક અધ્યાત્મવાદીઓ, અને કશા જ ત્યાગ-તપ-સદનુષ્ઠાન વિનાના મનમાન્યા યોગ-ધ્યાનને પકડી બેસનારાની દશા છે.

**મહાત્માનો ખુલાસો :-**

મહાત્માને એવી મૂઢતા ખપતી નથી. એ તો સંગમાત્ર ખોટો સમજી એનાથી દૂર રહેવા માગે છે તેથી રાજાને પણ શિષ્ય સેવક તરીકે સાથે રાખવા માગતા નથી એટલે કહી દે છે.

દેખો ભાઈ ! બ્રહ્મજ્ઞાન તો હમકો ભી નહીં હુઆ હૈં; તો આપકો મૈ કૈસે કરા સકતા હું ? ઔર બાત તો યહ હૈ કિ મૈં બ્રહ્મજ્ઞાન કરના ચાહતા હું. ઈસ લિયે મુઝે કોઈ સંગ નહી ચાહિએ. વાસ્તે તુમ અબ જાઓ, કિસી ઔર મહાત્મા કો ખોજ લેના.'

**રાજાનું વિશેષ આકર્ષણ :-**

રાજા આટલું સાંભળ્યા પછી તો ભારે ઓવારી ગયો ! એના મનને લાગ્યું કે 'આ તો બરાબર જેવા જોઈએ તેવા જ ગુરુ મળી ગયા ! હવે આમને કેમ છોડાય ? હાશ ! મારી વર્ષોની કામના હવે જરૂર પૂરી થવાની, અને અનંત કાળની મારી સંસાર માયાજાળ તૂટવાની ! ધન્ય દિવસ આજનો !' રાજા સુખદ તરંગોમાં ચડ્યો. પણ ક્યાં ? જ્યાં આ મહાત્મા ઘસીને ના પાડે છે ત્યાં શું એ રાજાને બહકાવી રહ્યા છે ? કસી રહ્યા છે ? ના, એ તો અંતરથી ના કહી રહ્યા છે. એમને લેશમાત્ર જરૂરે ય નથી, અને રાજા એમજ મફતિયો રહે એમાં ય જરાય ખુશીય નથી. રાજાને ચાલ્યા જવાનું જ કહી દીધું છે,

રાજા કહે છે, 'મહારાજ ! આપ કલ્પવૃક્ષ મળી ગયા, મારા મહાન ભાગ્યે મળ્યા, હવે બીજાને ક્યાં શોધવા જાઉં ? મારે તો જીવનમાં એક આપ જ ગુરુ ! એક જ શરણ !'

મહાત્મા કહે છે 'ભાઈ ! મૈને કહ નહીં દિયા ? માફ કરો; ચલે જાઓ યહાં સે.'

રાજા હવે જ્યાં બોલે છે કે 'નહીં સાબ ! હવે તો હું આપના શરણે જ છું,' ત્યાં મહાત્મા ગુસ્સો દેખાડી ગર્જે છે, 'સૂનતા નહીં હૈ ? ઊઠ હટ યહાં સે,' પણ રાજાને ક્યાં સાંભળવું જ છે ? એણે તો હવે પાકો નિર્ધાર કર્યો છે કે આમના જ ચરણ પકડવા; તે જમીન પર બે હાથ જોડી મસ્તક લગાડી એમ જ નમ્યો રહ્યો.

બસ ખલાસ ! મહાત્માએ જોયું કે 'આ આમ નહિ ખસે, અને કદાચ હું અહીંથી ચાલતો થાઉં તો આશાએ એ મારી પૂંઠે લાગશે એના કરતાં તો અહીં જ ચમત્કાર બતાવી દેવા દે કે જેથી અહીંથી જ આ બલા ટળે.'

શું ? રાજા જેવો રાજા શિષ્ય થવા કરગરે છે અને જાતે વળગ્યો રહ્યો છે, એને મહાત્મા એક બલા સમજે છે ! જગતથી અલિપ્ત રહી આત્મહિત સાધવાની કેવી લગની ! તમને કદાચ લાગશે.-

**પ્ર.**- તો શું કોઈ અર્થી જીવ પર મહાત્મા ઉપકાર ન કરે ?

**ઉ.**- ન જ કરે એવું નહિ; પણ એમને જો એમ લાગતું હોય કે હું હજી બહુ અધુરો છું, અને આ બીજાની દયા કરવા જતાં મારું બગડશે, તો બીજાના ઉપકારની પ્રવૃત્તિમાં ન ય પડે.





એમને રામની સાથે હૈયાનો મુખ્ય સંબંધ હતો, સુખ-વિલાસ સાથે નહિ; અને જેની સાથે હૈયાનો મુખ્ય સંબંધ નહિ, એમાં આઘું પાછું થાય તેથી મનને શું ઓછું લગાડવાનું ? હા, રામમાં કોઈ બિગાડો ન્યૂનતા આવી હોય તો મનને લાગી આવે. પરંતુ એવું તો હતું નહિ; રામ તો એમને મન સો ટચના સોના જેવા હતા. પછી જો એ સલામત તો મનને શું દુઃખ લગાડવું ?

**પ્ર.**- પણ રામના કષ્ટ જોઈને તો દુઃખ લાગે ને ?

ઉ.- લાગે, પણ એમાં દીનતા નથી, એ તો સમવેદનાની ભલી લાગણી છે. અહીં તો વાત પોતાના કષ્ટ પર પોતાના મનને ઓછું આવવાની છે. 'અરે રે ! ક્યાં આ કષ્ટ આવ્યાં !' એવી દીનતાની વાત છે. સીતાજીને એ નથી, એનું કારણ એ કે એ સાહ્યબી-સગવડને નહિ પણ રામને પરણેલા હતા.

અહીં જીવન-વિકાસ યાને આત્મ-વિકાસના સુંદર માર્ગ માટે આ નિયમ જડે છે કે,

જેની સાથે હૈયાનો મુખ્ય સંબંધ હોય એનામાં કાંઈ વાંધો-વચકો બિગાડો હોય તો મનને ઓછું આવે ? પણ તે સિવાયના અંગે શું કામ ઓછું આવે ?

**વિકાસનો ૩ જો માર્ગ :-**

આ નિયમ અનુસાર બે રીતનો વિકાસ માર્ગ મળી આવે છે,-

(૩) જેની સાથે માતા-પુત્રપણાનો, પિતા-પુત્રપણાનો પતિ-પત્નીપણાનો, મિત્રાચારીનો, કે ગુરુ-શિષ્યપણાના સંબંધ વ્યવહારથી બંધાયો છે, ખરેખર હૈયાથી મુખ્ય સંબંધ એ વ્યક્તિ સાથે જોઈએ, પણ નહિ કે એના દ્વારા મળવી ધારેલી બીજી સગવડો અને સ્વાર્થ સાધના સાથે. લગ્ન સંબંધ તો બાંધ્યો, પણ હૈયાની ચોંટ જો સામી વ્યક્તિ પાસેથી મનમાન્યા રંગરાગ-સહેલસપાટી-માન સન્માન ઉપર રાખી, તો પછી વિખવાદ-મનોભેદ ઊભા થવાના, મનને ઓછું આવવાનું. કેમકે મોટા ભાગે પુણ્ય એટલું બધું પ્રબળ નથી કે બધીય વાતે મન માન્યું જ થાય. એટલે પુણ્યની ખામીએ કાં ચીજ વસ્તુ ઓછી મળી, નરસી મળી, કાં સામા અંગે બહુ શ્રમ વેઠવો પડ્યો, કાં એ લંપટ નથી, કાં એ કૃપણ છે, કાં આપણને છોડી બીજાને માન આપે છે, અરે છેવટે બીજું બધું ભરપૂર રાખવા છતાં સ્વભાવ આકરો છે. આપણી પર જોહુકમી કરે છે, આપણી વાત તોડી પાડે છે,-આવુ કશુ થતાં, જો હૈયાને મનમાની સગવડ સાથે સંબંધ છે, તો મનને દુઃખ થવાનું, ક્લેશ થવાનો, અને કદાચ ઝગડો ય મચવાનો.

**નજીવી વાતના ચિત્તક્લેશ કેમ ? :-**

આજે ઘરોઘર જુઓ કઈ સ્થિતિ છે ! ઠીક છે, જરા શાણપણ હોય તો બહાર દેખાવમાં રગડો ઝગડો નહિ ઊભો કરે, ખમી ખાશે, સહી લેશે, નભાવી લેશે, પરંતુ દિલમાં ક્લેશ તો ખરો ને ? 'શું કરીએ ? ઘરના માણસ કેવા મળ્યા છે !' એમ મનને ઓછું તો આવે ને ? શું કારણ ? હૈયાના સંબંધ મન માન્યા સન્માન-સગવડ સાથે છે, વ્યક્તિ સાથે નહિ. આમાં પછી વ્યક્તિ ભલેને ગુણિયલ હોય, માત્ર એનું બિચારાનું પુણ્ય કિંમતી હોય કે જરા સ્વભાવ વિષમ હોય એટલે આપણને એના તરફથી મન માન્યું ન મળતું હોય, છતાં એની ગુણિયલતાની કદર અને આપણા સંબંધી વ્યક્તિ તરીકેની કદર શાની રહે ? એના પર મન મુસ્તાક રહી કશું ય દુઃખ ન લગાડવાનું શાનું કરે ? એ તો નજીવી બાબતમાં ચિત્તને ક્લેશ પણ ખરો, ઠબકારવાનું ય ખરું, રગડો ય સહી, અને બહાર નિંદાય ખરી ! શું આ જીવન વિકાસ છે ? આત્મ વિકાસ છે ? આત્મામાં ધીરતા-સહિષ્ણુતા-સહનશીલતા-સૌમ્યતા વિકસે ખરી ? જડ વસ્તુઓ સાથે જ હૈયાના મુખ્ય સંબંધ રાખવામાં એ શે બને ? એ તો વ્યક્તિ સાથેના જ સંબંધ હોય તો બને.

**પ્ર.**- એમ તો શું દીકરો બજારમાં અવળા ધંધા કરી કરી પૈસા ગુમાવતો જાય, તો શું હૈયે માત્ર એ વ્યક્તિનો સંબંધ મુખ્ય રાખી ધીરતાથી જોયા કરવું ? મનને ક્લેશ ન થાય ?

**ઉ.**- અહીં ગણતરીમાં ભૂલ્યા. નિયમ આ છે કે વ્યક્તિ સાથે મુખ્ય સંબંધ હોય, અને એમાં જ બિગાડો દેખાય તો મનને દુઃખ થાય એ સહજ છે; પછી ત્યાં એના સુધારા માટે ઉચિત હિત શિક્ષા વગેરેનો પ્રયત્ન અવશ્ય કરાય. છોકરો અવળા ધંધા કરી આવે છે એ એનામાં ખોટી સાહસવૃત્તિ અને લોભના આવેશનો બિગાડો છો. એને સુધારવા ઘટતું જરૂર કરાય. વેપાર કે પૈસા દેવાનું ય બંધ કરાય. પણ તે સિવાય એની નિંદા, એની સાથે ઝગડ્યા કરવાનું, કે હાયવોય ને બળાપો-બખાળા કાઢ્યા કરવાનું, એ વગેરે તો નહિ ને ?

**શેઠે મન ન બગાડ્યું :-**

જાણો છો પૂર્વજોના ઈતિહાસ ? શેઠે છોકરાના હાથમાં બધી મૂડી મૂકી દીધી હતી, પણ પછી એ વિશ્વાસઘાતી અન પજવનારા પાક્યા, તો બાપે કોઈ ચિત્તલેશ કે રગડોઝગડો ન કરતાં આખું ઘર છોડી પહેર્યે લુગડે બહાર નીકળી ગયા ! અને દૂર જઈ પોતાનું જીવન જાતે જ નભાવ્યું ! એવો બીજો દાખલો આવે છે કે શેઠે મોટું જિનમંદિર બંધાવ્યું ચાર છોકરા છે, એમને દુકાન-વેપાર સોંપી દઈ એ પ્રભુભક્તિ કરે છે, અવસરે ઉત્સવ કરે છે, દાન દે છે, પણ એ ખર્ચ છોકરાઓને ગમ્યો નહિ, તે બાપને ઠપકો આપે છે. યાવત્ સાફ મનાઈ પણ કરી દે છે 'આ ઘરમાં આમ નહિ ચાલે.'

બાપ શાંતિથી કહે છે 'અલ્યા ભાઈ ! આ ઘરમાં એટલે કોના ઘરમાં ? મારા કે તમારા ? ખેર ! ખુશીથી ઘર તમારું કરો, સુખી થજો, લ્યો હું આ ચાલ્યો.' બસ, કહીને શેઠ નીકળી ગયા. મનને જરાય દુઃખ ન લગાડ્યું, બહાર કોઈ નિંદા નહિ, શહેરના દૂર બીજા ભાગમાં કે પરામાં મસાલાનો થેલો ફેરવી સુખેથી ધર્મધ્યાન કરે છે. હૈયાને મુખ્ય સંબંધ ધર્મ સાથે હતો, તેથી બીજા વાંકાચૂંકાને બહુ મન પર જ ન લીધું. બીજાનાં કર્તવ્યની માથાફોડમાં ન ઊતર્યા, પોતાનું ધર્મકર્તવ્ય જાળવી લીધું.

**દુનિયા શું કહે છે એ ન જુઓ. આપણું કર્તવ્ય શું એ જ વિચારો.**

**મહાપુરુષોએ શાસ્ત્રમાન્ય કયો રાહ લીધો એ જ જુઓ અને એને જ અપનાવો. શક્તિ ન હોય, ને ન અપનાવી શકાય, તો પણ કર્તવ્ય તો એ જ માનો.**

ભરત ચક્રવર્તીની શિરજોરી પર અઠ્ઠાણું ભાઈઓએ પિતા ઋષભદેવ પ્રભુના ઉપદેશથી રાજ્ય છોડી દીધા ! સંસાર ત્યજ્યો ! ભ્રાતૃદ્વેષ ન પોષ્યો, ઝગડો ન કર્યો.

જોયું ને, રામચંદ્રજીએ પિતાનાં વચનને અખંડિત રાખવા ખાતર આપમેળે વનવાસ લીધો. તો સીતાએ વનની ભારે સંકડામણ વેઠીને ય પતિ રામનો સહવાસ પકડી રાખ્યો !

દમયંતી વનમાંથી નળને છોડી જવા તૈયાર નહોતી; ત્યારે એ પોતાની સાથે કષ્ટમાં ન પડે અને એના પિતાના ઘેર જાય એ માટે અંતે નળને એને ઊંઘતી મેલી જવું પડ્યું.

હૈયાને સંબંધ વ્યક્તિ સાથે, પણ બાહ્ય સુખ-સગવડ સાથે નહિ, એનાં એ સુખદ પરિણામ હતાં.

**અંતિમ મુખ્ય સંબંધ કોની સાથે ? :-**

જીવન વિકાસના આ માર્ગમાં એ જ નિયમ અનુસારે સાર રૂપે તો એક વિશેષ વસ્તુ આ મળી આવે છે કે

આપણે હૈયાના અંતિમ મુખ્ય સંબંધ જો વીતરાગ પરમાત્મા સાથે જ રાખીએ, તો પછી બીજી ત્રીજી પુણ્યની કચાશથી રહેતી અગવડો માટે મનને ઓછું ન આવે, ને ધીરતા-સૌમ્યતા-સાત્ત્વિકતા વધતી જાય.

**વિલાયતમાં ઈશ્વરશક્તિમાં શ્રદ્ધા :-**

વિલાયત-અમેરિકા જેવા દેશમાં પણ કે જ્યાં આત્મ-સંસ્કૃતિ નથી,

અધ્યાત્મવાદ નથી, તેવું તત્ત્વશોધન નથી, માત્ર ઈશ્વર શ્રદ્ધા છે, ત્યાં આજે એવા માણસો છે કે જે હૃદયનો મુખ્ય સંબંધ પરમાત્મા સાથે જ રાખે છે. મનને એક જ ગણતરી, કે ઈશ્વરની અચિંત્ય શક્તિથી બધું સારું જ થાય છે. દુઃખ-આપત્તિ-કષ્ટ આવ્યું તો એમાં પણ સારું એ, કે સહનશીલતાની શક્તિ કેળવવાનો રૂડો અવસર મળ્યો એ ઈશ્વરીય સંકેત છે. જો આ ગણતરી હોય તો પછી મનને ઓછું આવવાનો પ્રસંગ જ ક્યાં ? તેમ અનુકૂળ પ્રાપ્ત કરવા માટેની ખોટી ધાંધલ કે વલોપાત પણ શાનો ? કેમકે ઈશ્વરીય અચિંત્ય શક્તિ અને દયા પર અથાગ શ્રદ્ધા છે.

ત્યારે અહીં ભારતમાં પણ ઈતર આર્યધર્મીઓમાં ભગવાન પર અતૂટ શ્રદ્ધા રાખી એની સાથે જ હૈયાનો મુખ્ય સંબંધ રાખનારા પણ હોય છે.

તો પછી વીતરાગ સર્વજ્ઞ અચિંત્ય પ્રભાવવંતા અરિહંત પરમાત્મા પામેલાને તો એ લાવવું શું કઠીન છે ? અરિહંત પરમાત્મા જેવા પ્રભાવવંતા છે જ કોણ ? સર્પ જેવાને ધરણેન્દ્ર બનાવી શકે. સમડીને વિવેકી રાજકુમારી સુદર્શના બનાવી શકે, વાનરને દેવ, ભીલભીલડીને રાજારાણી, બળદને રાજકુમાર, ચોરને દેવતા...વગેરે વગેરેને બનાવી શકે, એ તો એક અરિહંત જ. માત્ર અંતકાળે અરિહંતનું આલંબન લેવાયું તો ય અસાધારણ સદ્‌ગતિ ! ત્યારે એ અરિહંત પ્રભુના અચિંત્ય સામર્થ્યનું પૂછવું શું ? પરલોકમાં જે આટલે ઊંચે ચઢાવી દે એમનો શું અહીં પ્રભાવ કામ ન કરે ?

એ પરમાત્મ-પ્રભાવ પર ભારોભાર શ્રદ્ધા જોઈએ, એ હોય તો પછી હૈયાનો મુખ્ય સંબંધ એમની સાથે જ રહે. વિચારજો, એવો એમની સાથે સંબંધ રાખ્યો છે ? જો એ રાખ્યો હોય, તો પછી બહારમાં કાંઈ ઊલટ-સુલટ થયું તો ય મન એને બહુ નહિ ગણે. મનને ઓછું નહિ આવે; કેમકે મન એક જ ગોખશે કે 'મારે તો ભગવાનનો સંબંધ મુખ્ય છે. એ સલામત તો સબ સલામત.'

**પ્ર.**- પણ કોઈ વ્યાધિ; અકસ્માત્ પૈસાની તંગી, ભૂખ વગેરેની તીવ્ર પીડા હોય તો ત્યાં ક્યાં સબ સલામત છે ?

**ઉ.**- ત્યાં જો ભગવાન યાદ રહેતા હોય તો સલામત જ છે. બાકી ભગવાનને ભૂલી, હાય-વોય કરવાથી શું વળવાનું હતું ? એવી હાય-વોયથી તો નવાં અશુભ કર્મ ઊભા થઈ નવી પીડાને આમંત્રણ આપવાનું થાય છે કે 'આવજે ભવિષ્યમાં ય તું મારે સલામત રહેજે !'

**પ્ર.**- તો શું એ પીડા ટાળવા ઔષધ-ઉપચાર ધંધો, ભોજન વગેરે ન કરવું ?

**ઉ.**- આવું કેમ પૂછો છો ? કર્યા વિના રહેવાના છો ? ના, પણ એટલું યાદ



રાખજો કે ભગવાનને ભૂલીને એ ઔષધાદિ કરવાનું જ મુખ્ય રખાશે તો હૈયાને મુખ્ય સંબંધ ભગવાન સાથે હોવાનું નહિ ગણાય. જૈન માનવ અવતારે આ ? જો અહીં ભગવાન સાથે હૈયાને મુખ્ય સંબંધ નહિ જોડાય, પછી ક્યાં જોડાશે ? બીજી વાત એ છે કે 'શું ઉપચાર ન કરવા ? શું ઉપચાર ન કરવા ?' આ જે ભારપૂર્વક પ્રશ્ન કરાય છે, એ ઉપચારાદિ પ્રત્યે અથાગ શ્રદ્ધા હોવાનું સૂચવે છે. એથી સ્થિતિ એ થાય છે કે ચિત્ત એમાં ને એમાં લાગ્યું રહે છે. વળી ઉપચાર આદિ કરવા છતાં હાયવોય સંતાપ તો પાછા ઊભા જ છે. ભગવાનનો વિચાર જેટલામાં કદાચ એકવાર પણ નહિ આવે, એટલામાં રોગ, દવા, ડાક્ટર, અનુપાન, પથ્ય વગેરેના વિચાર અને સંતાપ અનેકવાર આવ્યા કરશે ! કેટલી દુર્દશા ! જાણે બધું એ ઉપચાર આદિથી જ સિદ્ધ થવાનું છે ! ભગવાનનો તો જાણે કોઈ જ પ્રભાવ નહિ ! કોઈ શક્તિ નહિ !

**સીતાજીનો આ પ્રસંગ શું શીખવે છે ? :-**

ખરી રીતે તો ઉપચારાદિ કરવા છતાં હૈયું આ જ પોકાર્યા કરતું હોય કે 'સારું થવાનું તે ભગવાનના જ પ્રતાપે. અને મારે તો મુખ્ય સંબંધ ભગવાન સાથે છે, એટલે મુખ્ય દૃષ્ટિ એમના પર જ રાખવાની છે. એ જો સલામત છે, તો શરીરાદિ બીજું વાંકુચૂકું બહુ હોવાનો વલોપાત હું રાખતો નથી. એના એવા કોઈ સંતાપ મને છે નહિ. સંતાપથી શું વળે છે ? ચાલવા દો ગાડું, મુખ્ય તો મનમાં ભગવાનને જ બરાબર પકડી રાખવા દે. દૃષ્ટિ એમની સામે જ રાખવા દે. જેમ વનવાસમાં જવું એ કષ્ટ છતાં સીતાજીને નજર રામ સામે જ રહી, એમ મારે પણ અરિહંતદેવ પ્રત્યે જ નજર રહે. હૈયાને મુખ્ય સંબંધ એમની સાથે જ.' સીતાજીનો એ પ્રસંગ આ શીખવી જાય છે !

**આજનું વિજ્ઞાન કયા આદર્શ આપે છે ? :-**

આજના જમાનાના કેટલાકો રામાયણને કલ્પિત કહે છે. એમને કહીએ,-અરે ભલા ભાઈ ! આમાં કલ્પિત જેવું શું છે ? અવગત ખાતર માની લે કે કલ્પિત પણ હોય તો ય એ તો વિચારો કે પ્રજામાં આર્ય-સંસ્કૃતિ વિકસાવવામાં કેટલો બધો ફાળો આપ્યો છે ! આવા સંસ્કૃતિ વિકાસમાં મહાન સાધનભૂત બનનારને 'કલ્પિત' 'કલ્પિત' કહી અવગણવામાં કઈ બુદ્ધિમત્તા છે ? અને જેના પર બહુ ઓવારી જાઓ છો એવા તમારા આજના જડ વિજ્ઞાનના આવિષ્કારોએ, કહો તો ખરા, સંસ્કૃતિના નવા વિકાસ તો શું, પણ છે એટલીનીય રક્ષામાં શો ફાળો આપ્યો છે ? કે સંસ્કૃતિના હ્રાસમાં જવાબદાર છે ? ગુપ્ત અને પ્રગટ ભોગલીલા ખેલવાના સાધન વધ્યા એમાં જીવની ભોગલાલસા તો જુગજુગની ચાલી આવે છે, હવે એને

મહાલવાનું કેવું સરળ થઈ ગયું ! પછી ત્યાં એક સ્નેહસ્થાનની વફાદારી ક્યાં રહેવાની ? ક્યો સિનેમા જોનારો પ્રમાણિકપણે પોતાની પત્નીને કહી શકશે કે મારી આંખ, કાન ને હૃદય માત્ર તારામાં જ ઠરે છે ? તારા માટે જ છે, બાકી કોઈ સ્ત્રીનાં રૂપ, શબ્દ કે હાવભાવમાં જવા માટે છે જ નહિ ? એવું કંઈ સિનેમા શોખીન સ્ત્રી પ્રામાણિકપણે પતિને કહી શકશે ? સંસ્કૃતિના લોપક સાધન બનાવનારા વિજ્ઞાન પર ઓવારી જવાનું ? ને રામ-સીતાજી જેવા આદર્શ આપી જીવોમાંથી એવા પાત્ર ઘડવાનું સાધન બનનાર રામાયણને 'કલ્પિત' કહી અવગણવાનું ? આ બુદ્ધિનો વિકાસ છે કે બુદ્ધિનો વિકાર ? અક્કલની દિવાળી કે અક્કલનું દેવાળું ?

ખરી રીતે રામાયણ કલ્પિત નથી. વીસમા તીર્થંકર ભગવાન મુનિસુવ્રત સ્વામીના શાસનકાળમાં બનેલ આ સત્ય ઘટના છે. સીતાના પ્રસંગો સુસંભવિત સાચા હોવાનું આજના પડતા કાળે પણ બનતા તેવા કોઈ વિરલ પ્રસંગો પરથી માની શકાય છે. આ કાળે પણ બને છે કે હાઈસ્કૂલ-જીવનમાં કોઈ કન્યાની સાથે રાગ બંધાઈ ગયો હોય, કોલેજમાં ગયા પછી સગાઈ પ્રસંગ આવતા વડિલો પાસે એ જ કન્યાની સગાઈ માગી લીધી હોય, પણ પછી સદ્‌ગુરુનો યોગ થતાં મન વૈરાગ્ય તરફ ઢળ્યું, ચારિત્ર લીધું ! હવે પેલી કન્યાને આજની રીતરસમ મુજબ બીજે જોડાઈ જવાની તક છતાં, બસ સગાઈ થઈને ધારેલ પતિ પાછળ વૈરાગ્ય અપનાવી ચારિત્ર માર્ગે સ્વરુચિથી જીવન ઝુકાવી દીધું ! ઉપરાંત કઠોર તપસ્યાનો પુરુષાર્થ પણ આદરી દીધો ! બોલો ત્યાં કોઈ રગડો માંડ્યો કે 'પતિ કેમ મને પૂછ્યા વિના દીક્ષા લે ?' અગર લીધી તો મનમાં ગાંઠ વાળી કે 'તમને મારી પડી નથી, તો મારે શું કામ તમારી પાછળ તૂટી મરવું ?' ના. કોઈ રગડો નહિ. Complete surrender and submission પૂર્ણ શરણાગતિ અને તાબેદારી !

મનના ઉચ્ચ આદેશોને અમલી કરવાનું પોતાને આધીન છે, બીજા સામે શું જોવાનું ? પડતો કાળ શું નડે ?

આવા કે સીતાજીના હર્ષપૂર્વક પતિ સાથે વનમાં જવાના પ્રસંગ સૂચવી જાય છે કે,

ઉત્તમ આત્માઓને સુખની ઈચ્છા કરતાં સ્વામિભક્તિ પ્રબળ રહે છે.

**જાતની ઉત્તમતા કેમ પરખાય ? :-**

આ, 'આપણા આત્મામાં ઉત્તમતા છે કે અધમતા ?'-એ માપવાનું ગણિત છે. સ્વામિભક્તિ બજાવવાનો અવસર હોય એ વખતે જ એને જતી કરી આપણા સુખ-સગવડ-સન્માનને વળગવાનું કરાય છે ખરું ? જો હા, તો ઉત્તમતા શી ? જગતના અધમ જીવોને ય એ તો આવડે છે. ઉત્તમતા તો આ કે સુખ-સગવડ-



સન્માન બધું ય ઠુકરાવી સ્વામિભક્તિ આગળ કરાય.

**નજર સામે કોણ ? : જીવ કાયાનો મજૂર :-**

આ માટે એ જોવાનું છે કે આપણી નજરે સામે કોણ મુખ્ય રહે છે, આપણી આ કાયા કે આપણો આત્મા ? કાયા તો આગંતુક છે એ ભૂલશો નહિ. એને પીરસેલાં સુખ-સગવડ-સન્માન કામચલાઉ છે, કાયમી નથી. આવી તો અનંતી કાયાઓને એ પીરસતા આવ્યા, છતાં મૂર્ખ જીવ એનો એ જ મજૂર છે તે નવી નવી કાયાને નવાં નવાં સુખ-સગવડ-સન્માન પીરસવાની મજૂરી કર્યા જ કરે છે ! અહીં જ જુઓને કે આ કાયાને આજ સુધીમાં કેટલાં ય સુખ આપ્યાં, સગવડો દીધી અને સન્માન અપાવ્યાં, છતાં એની ભૂખ શમી ? ના, રોજ નવી પ્રભાતે એનું નવું ઉઘરાણું ચાલુ જ છે. એ ભરવાનું ધમધોકાર જીવનભર કર્યે જવા છતાં અંતકાળે કેટલી બધી દુઃખદ સ્થિતિ આવીને ઊભી રહે છે ! જીવને મરતાં ચેન નથી, જંપ નથી, સ્વસ્થતા નથી; ભારે વિહ્‌વળતા. વ્યાકુળતા અને હાયવોય છે. કારણ કે કાયાના સુખ-સગવડ-સન્માન જોવાનો જ જિંદગીભરનો અભ્યાસ છે અને એ અત્યારે લૂંટાઈ જતાં દેખાય છે, પછી ચેન ક્યાંથી પડે ?

સારી રીતે ફૂલે પૂજાઈ મેવા-મિઠાઈ અને રંગરાગ ભોગવ્યા ઉપર જો અંતે શૂળીએ ભોંકાઈ મરવાનું હોય તો એ ભલાને ઊંચામાં ઊંચા મેવા મિઠાઈ અને રંગરાગ ઉડાવવા મળ્યા એની શી કિંમત ? કોણ સુજ્ઞ એમાં રાચે ? મૂઢની વાત જુદી કે જેનો એ હિસાબ હોય છે કે 'હમણાની મજા માણી લો, પછીનું જોયું જાશે ?' પછીનું શું જોયું જાશે ? નજરે દેખાય છે ને કેટલાય ભયંકર રોગોમાં પીડાતા અને મરવાનું ઝંખતા છતાં મોત ન પામી શકનારા દર્દીઓ ? જાઓ ટાટા હોસ્પિટલમાં જઈને જુઓ કેવા કેવા કેન્સરથી પીડાતા દર્દીઓ આવે છે ! કેવી એમની દારુણ વેદના અને કરુણ રાડો હોય છે ? માથામાં જાણે ઘણના ઘા પડતા હોય અને હાથમાં જાણે લોખંડના ખીલા ભોકાતા હોય, એ વખત માથું ભીંતે અફાળી તોડી નાખવાનું અને હાથ છરાથી કાપી કાઢી-દૂર ફેંકી દેવાનું મન થતું હોય, એની દુઃખદ સ્થિતિનો વિચાર કરો. જીવનભર કાયાની સુખસગવડ વહાલી કરતી વખતે આ જોવાનું છે ? ત્યારે પૂછો,

**પ્ર.**- તો શું આત્માનો વિચાર રાખી સ્વામિભક્તિને સુખ-સગવડ-સન્માન કરતાં મુખ્ય કરે, **સ્વામિભક્તિ આદિ કર્તવ્યમાં રક્તને મન કેવું ?** એને આવી જીવલેણ ભયંકર પીડા-વેદના નથી આવતી ?

**ઉ.**- એ આવવા ન આવવાનો સવાલ નથી, પૂર્વ ભવે ઊંધા વેતરણ કર્યા હોય તો મહાન ધર્મીનેય પીડા વેદના આવે. પણ સવાલ તો એ છે કે એ વખતે

મનની દશા કેવી રહે છે ? રાંકડી દીન-દુઃખીયારી ? કે સ્વસ્થ સુભટ જેવી ? જીવનભર કાયાનાં સુખ-સગવડ-સન્માન જ જોયાં કર્યા હશે એને એવી ભયંકર પીડા-વેદનામાં મનની ભારે દીન-દુઃખીયારી સ્થિતિ હોય છે. એથી ઊલટું એ સુખ-સન્માનને ગૌણ કરી સ્વામિભક્તિ વગેરે આત્મસંબંધી કર્તવ્ય મુખ્ય કર્યા હોય છે એ એવી પીડા-વેદનામાં પણ મનને સારું સ્વસ્થ અને સત્વશીલ તથા સહિષ્ણુ રાખી શકે છે. એવી પતિભક્ત પત્નીઓ, એવા પિતૃભક્ત પુત્રો, એવા સ્વામિભક્તિ સુભટો, અને એવા ગુરુભક્ત શિષ્યો અવસરે એ અનુભવ કરતા દેખાય છે.

આ સચેતનતા જરૂરી છે કે નજર કાયાને બદલે આત્મા પર રહે, ને એને હિતકારી સ્વામિભક્તિ વગેરે સત્કર્તવ્ય જીવનમાં મુખ્ય કરાય. આ સ્વામિભક્તિનો એવો સુંદર ખ્યાલ રાખવાનો કે ઠેઠ પરમ સ્વામી પરમાત્મા સુધી નજર રાખી એમની ભક્તિ જીવનમાં મુખ્ય રાખવાની; જેથી આપણાં સુખ-સગવડ-સન્માનને બહુ મહત્ત્વ ન આપી એનો ભોગ આપીને પણ ભક્તિ કરવાનું ચૂકીએ નહિ.

ભૂલતા નહિ, પરમાત્મા આપણાં પરમસ્વામી છે. માટે જ વિચારવા જેવું છે કે સુખની ઈચ્છા કરતાં દિલમાં સ્વામિભક્તિ પ્રબળ હોય તો જાત માટે સુખ-સગવડાદિની મોટી ત્રેવડ રાખીને પરમ સ્વામી પરમાત્માની ભક્તિ લુખ્ખી કેમ ચલાવ્યે રાખીએ ? રોજ એમાં આપણા દ્રવ્યનો ભોગ આપવાનું કેમ જ ચૂકાય ?

**લુખ્ખી ભક્તિ ચલાવવામાં ભ્રમણા અને આત્મવંચના :-**

ત્યારે શું એમ માનો છો કે 'જે પરમાત્માના પ્રભાવે તો રૂડો માનવજન્મ તથા પૈસા-ટકા-પરિવાર વગેરેની પુણ્યાઈ અને મહા ધર્મશાસન પામ્યા છીએ, એ પરમસ્વામી પરમાત્માની લુક્ખી કોરી અને દ્રવ્યના નિત્ય ખર્ચ વિનાની દુબળી રાંકડી ભક્તિ, ભક્તિ તરીકે જમા થશે ? સ્વામી પ્રત્યે ભક્તિ તો પછી, પણ કૃતજ્ઞતાય અદા કરી ગણાશે ? જાતના સુખ-સગવડ અને રોગ-કોર્ટ-કચેરી વગેરેની આપત્તિના નિવારક ખર્ચમાં કમીના રાખવી નથી અને ખર્ચ વિનાની લુક્ખી સુક્કીટાટ ભક્તિને ભક્તિ માનવી છે ! ગુરુ આગળ શાણપણ લેવું છે કે 'સાહેબ ! જિનપૂજા તો અમે રોજ કરીએ છીએ.' આનાથી દળદર ફિટશે ! ભગવાન ભગવાન કરો. ભ્રમણામાં ને દેવવંચના ગુરુવંચના અને આત્મવંચનામાં જીવન પૂરું થઈ જશે. જાતના સુખના ભોગે પરમસ્વામી પરમાત્માની કરવાની ભક્તિની મળેલી જે મહાદુર્લભ તક એ વેડફાઈ જશે ! આજની સુખ-સગવડમાં એવો કોઈ દેવતાઈ ભલીવાર નહિ; પાછું એમાં કુવિચારો-કષાયો-દુર્ધ્યાન-પાપલેશ્યાઓ વગેરેથી ભરચક ભરેલા સર્વ દિવસો-મહિના-વર્ષોનું જીવન; અને અંતે મધપૂડો લૂંટાઈ ટાંગ ઘસતી બનેલી માખીની માફક હાથ ઘસતા ચાલ્યા જવાનું ! આ કેવું મજેનું જીવન



કહેશો ? કે સરાસર બરબાદીનું જીવન ! આવા જીવન સુખો ખાતર પરમાત્મભક્તિ ગુમાવવાની મૂર્ખતા ?

**ખરી ભક્તિના મહાલાભ :-**

આની સામે એ જુઓ કે જીવનમાં જો સ્વામી અને પરમસ્વામીની ખરી ભક્તિ જ મુખ્ય રાખી હોય તો પછી જાતનાં સુખ-સગવડ-સન્માનની બહુ પરવા જ નહિ કરાય; એટલે.

(૧) એ પોતાની જાતનાં સુખાદિની લંપટતાની મોંકાણે ઊભા થતા કુવિચાર-કષાય-દુર્ધ્યાન-પાપલેશ્યા વગેરેની પ્રતિદિન ભરચકતા નહિ રહેવાની. તેમ,

અંતે હાથ ઘસતા બનવાની પીડાય નહિ લાગવાની.

(૩) એમાં તો પ્રતિદિન સુંદર ભાવો-વિચાર-લેશ્યાઓથી હૃદય મઘમઘાયમાન રહેવાનું, અને

(૪) અંતકાળે મહાન આશ્વાસન સાથે પ્રયાણ કરવાનું મળે.

**સદ્વિચાર-શુભલેશ્યાદિના અધિકારી બનવા માટે,** એકવાર સ્વામી અને પરમસ્વામીની ભક્તિનો રંગ લગાડી દો, થોડા મહિના એની મુખ્યતાનું જીવન જીવી જુઓ એટલે અનુભવ થશે. બાકી પોતાની જાતના સુખાદિની પ્રબળ લંપટતામાં તો આનું સ્વપ્નુંય નહિ આવે. ત્યાં તો સ્વપ્નામાં ય જાતની, સુખ-સગવડ આદિ સંબંધી દર્શન થવાનાં. બીજું શી રીતે સ્ફુરે ? જાતની રોજની સગવડો, રવિવારની ઉજવણીઓ, ટાણાં પ્રસંગ, વટ-વ્યવહારની સાચવણી,...વગેરે વગેરે પાછળ પૂરી કાળજી સાથેનાં ધન ખર્ચ બરાબર કરાય, ત્યાં રોજ શું ? કે ટાણે પ્રસંગે વગેરે વખતે શું, પહેલું પરમસ્વામી પરમાત્માની ભક્તિ, એમની આજ્ઞાની અને એમના સંઘની ભક્તિમાં ખર્ચવાનું યાદેય ન આવે. કોઈ શીખવાડે તોય રૂચે નહિ, જચે નહિ, પછી ઉત્તમ સદ્વિચારો, શુભધ્યાન, સારી લેશ્યાઓ વગેરેનો અધિકાર જ ક્યાં રહે છે ? ભૂમિકા જ ક્યાં છે ? સ્વપ્ને પણ શાનું સ્ફુરે ?

મહાસતી સીતાજી વનમાં જતાં કેમ ન ખચકાયા ? કારણ, જાતની સુખ-સગવડની ઈચ્છા કરતાં સ્વામિભક્તિ એમના દિલમાં મુખ્ય હતી, પ્રબળ હતી. આત્મ-વિકાસનો આ માર્ગ જીવનમાં સહજ બનાવી દીધો હતો. માટે તો આ આકસ્મિક ઊભી થયેલી આપત્તિમાં હૈયે ધીરતા પાકી હતી. સ્વામીને કહેવાની જરૂર નહોતી પણ અંદર મનોમન વાત આ અંકિત હતી કે

**'નાથ ! તમને ગમ્યું એ મનેય ગમ્યું.**
**એ જ તમારું ગમતું જ મને ગમ્યું.**
**તમારા ગમતાથી વિરુદ્ધ મારું ગમતું કશું છે જ નહિ.'**

આવી નગદ સ્વામિભક્તિ દિલમાં રમતી હોય પછી અકસ્માત વનવાસે જવાનું થાય છે પણ તે સ્વામીએ પસંદ કરેલા વનવાસે ને ? પછી એમાં વિહ્વળતા ગભરામણ શી હોય ?

**સીતા જેવી આપત્તિમાં બીજી સ્ત્રી શું કરે ?**

કલ્પનામાં લાવી જૂઓ કે આ આપત્તિ કેટલી બધી મોટી હતી ! ભર્યું-ભાદર્યું પ્રેમાળ મોટું કુટુંબ છોડી પરદેશ જવાનું થાય તો ય મુંઝવણ થાય છે, ત્યારે એના બદલે અહીં તો મોટું રાજવી કુટુંબ છોડી પરિવાર છોડી વનવાસ સેવવાની જ વાત છે ! અને તે પણ ભરપૂર ભવ્ય રાજાશાહી સમૃદ્ધિ-સગવડ વૈભવ-વિલાસ એકાએક પડતા મૂકી વનમાં ભટકતા થવાનું ! રામ મરદ હતા, તે એમણે પિતૃવચન ભરત અન્યથા ન કરે માટે સ્વેચ્છાએ વનવાસ માગી લીધેલો. એટલે એ મરદની વાત જુદી, પણ સુકોમળ સીતાદેવીને આ કેવી આપત્તિ ? બીજી કાચીપોચી બાઈને તો ગભરામણનો પાર ન રહે ? કેટલા રુદન કલ્પાંત થાય ! એમાં વળી જો પતિ કહે કે તમે તમારે હમણાં ઘરે કે પિયરે રહો, તો વધાવી ય લેવાય ! અને છતાંય દિલમાં દુઃખ રહ્યા કરે ! કારણ ? જાતના સુખની ઈચ્છા પ્રબળ ! ત્યારે અહીં રામ સીતાને મહેલમાં રહેવાનું કહે છે છતાં એ વધાવી લેવાની વાત નહિ, તેમ ભયંકર આપત્તિ રૂપ વનવાસમાં, વનમાં સાથે ચાલી નીકળવામાં કોઈ ગભરામણ વિહ્વલતા નહિ, પણ પાકી ધીરતા !

**સ્વામિભક્તિનો એક પ્રસંગ જુઓ.**

પ્રસંગ **સુકોશલ** મુનિનો છે, અદ્‌ભુત છે ! આ મુનિ એટલે કોણ ? રામચંદ્રજીની પૂર્વ પરંપરામાં થયેલ રાજા કીર્તિધરના પુત્ર, સુકોશલ નાના બાળ હતા ત્યારે પિતાને ગુરુ સંયોગે વૈરાગ્ય પ્રગટી ઊઠ્યો, અને એમણે વીરતાથી રાજ્યપાટ વગેરેને તરત સાપની કાંચળીની જેમ ત્યજી દઈ દીક્ષા લીધી. હવે નાના બાળ સુકોશલની વતી મા રાણી રાજ્ય ચલાવે છે. પણ એના મનમાં સુકોશલ મોટો થતાં વિચાર આવ્યો કે 'જો પતિ કીર્તિધર મુનિ અહીં આવશે તો સંભવ છે આ છોકરાને ય વૈરાગ્યની લગની લગાડી દે ! તો મારે તો પતિ તો ગયા, પણ પુત્રે ય જવાથી બેય આંખે આંધળી જેવી થવાનું બને ! માટે એ અહીં આવે જ નહિ એવું કરું.'

જો જો આ સંસાર ! ક્યાં એક વખત પતિના લીધેલા પ્યાર, વહાલ, અને વૈભવ-વિલાસ ! સાથે પોતે બતાવેલા પ્રાણના ન્યોછાવર ક્યાં ? ને આજે પતિ પ્રત્યે આટલો ક્રૂર કઠોર વર્તાવનો વિચાર ક્યાં ? દુનિયાને સ્વાર્થની માયા સિવાય બીજું શું છે ? એવી સ્વાર્થાંધતામાં જુઓ તો ખરા કે કેટલા નીચા પાટલે જઈ બેસે



છે ! દિલમાં કેટલી બધી કઠોરતા, નિષ્ઠુરતા અને કૃતઘ્નતા ! કૂતરા જેવાએ રોટલાના ટૂકડા ખાધા હોય તો રાતના ડેલી-શેરીનું રક્ષણ કરે છે ! અજાણ્યો મારવા આવે તોય એની પરવા મૂકી ભસી ભસીને એને હાંકી કાઢવા મથે છે ! લોકોને જાગતા કરવાનું કરે છે ! કૂતરા નિમકહલાલ; અને માણસ નિમકહરામ ? તે ય ઉત્તમ કુળમાં જન્મ્યા પછી ય નિમકહરામી ? પણ સ્વાર્થલંપટતા બધીય ઉત્તમતા સલેપાટ કરી નાખે એવી ભયંકર છે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૪,અંક-૭,તા.૬-૧૧-૧૯૬૫

**સ્વાર્થલંપટતા કઈ ખરાબી નથી કરતી ?**

માણસને કૃપણ બનાવનાર એ છે, ક્રૂર પણ એ કરે છે. જૂઠ પણ બોલાવે છે, અનીતિ કરવી જાણે રમતવાત ! ત્યારે સ્વાર્થલંપટ માણસ પ્રસંગ મળ્યે દુરાચાર નહિ સેવે એની શી ખાતરી ? તો માતાનો દ્રોહ, પિતાનો દ્રોહ, પત્નીનો દ્રોહ, પતિનો દ્રોહ વગેરે કરવાનું અસંભવિત નથી. કીર્તિધર રાજાની રાણીએ પોતાની સ્વાર્થલંપટતામાં પતિ મુનિ થયા પછી દ્રોહ કર્યો ને ? એને હવે ક્યાં પતિ સાથે સંબંધ છે ? હૈયાનો મુખ્ય સંબંધ સાંસારિક સુખો અને મોહમાયા સાથે, એટલે એનું જ જોયા કરે છે. 'એ સલામત ચાલે છે ને ? એમાં કાંઈ વાંધો આવે છે ? હા, પતિ મુનિ અહીં આવે તો છોકરો એમની સાથે ચાલ્યો જાય; એટલે કે મોહમાયા જતી રહે;-આ વાંધો દેખાય છે; તો ફિકર નહિ મુનિને અહીં આવતા જ અટકાવો,'-આ ધુનમાં એનો રસ્તો લીધો.

**સ્વાર્થલંપટતામાં સ્વચ્છંદતા :-**

હવે આમાં રહી કોઈ સ્વામિભક્તિ ? સ્વામી મટી ગયા ને ? પછી સ્વામિભક્તિની શી વાત ? સ્વાર્થનો અંધાપો આ કશું દેખવા નથી દેતો દિલને સ્વચ્છંદ બનાવે છે. મારે હવે સ્વામી સાથે શી લેવા દેવાં ? એ એમના રસ્તે, હું મારા રસ્તે. મારે વળી એમની તાબેદારી શી ? એ સ્વતંત્ર, હું સ્વતંત્ર મારી આડે ને મારા સ્વાર્થની આડે એ આવે તો એમને દૂર હટાવવાના.'-આ નિષ્ઠુરતા ઊભી થાય છે. આમાં ક્યાં આત્મવિકાસને જગા જ રહે ?

**ત્યારે સીતાજી કેવી રીતે તાબેદારી સેવે છે ?**

માત્ર મૂંગા મોઢે રામની પાછળ વનમાં ચાલવાની જ વાત. કોઈ પ્રશ્ન નહિ, કોઈ હકદાવો નહિ, કોઈ ફરિયાદ નહિ. સ્વાર્થલંપટતા છે નહિ, સ્વામિભક્તિ ભરપૂર છે, એટલે સ્વામીની તાબેદારી સ્વેચ્છાએ માથે ધરી છે.

પુત્ર બાપની, યા નાનો ભાઈ મોટાભાઈની, પત્ની પતિની, નોકર સુયોગ્ય શેઠની, શિષ્ય ગુરુની, આ રામ પ્રત્યે સીતા જેવી તાબેદારી સેવે, તો વિચારો કે એ જીવનમાં કેવો સરસ વિકાસ સાધે ? મહાસતી સીતાજી રામની સાથે વનમાં વિહરે છે ક્યાં એમના શરીરની સુકોમળતા અને ક્યાં અહીં કાંટા-કાંકરાળા રસ્તે ચાલવાનું ? ક્યાં જનક રાજાના ઘરે વૈભવમાં ઉછેર, ક્યાં અયોધ્યામાં મહેલના વૈભવી વસવાટ અને અહીં કપરો વનવાસ ? ગાદી નહિ, તકિયા નહિ, રથ નહિ, પાલખી નહિ, દાસ નહિ દાસી નહિ, કોઈ રાજાશાહી ખાનપાન ન મળે ? મઘમઘતા સુગંધીદાર પદાર્થ, મુલાયમ કિંમતી વસ્ત્ર, હીરા માણેકનાં આભૂષણ ઉસ્તાદોના સંગીત કશું ય છે ? મહેલવાસની કોઈ સુખ-સગવડ-સમૃદ્ધિ નથી !

વિચારવા જેવી છે આની સામે જંગલના મહાકષ્ટોની વિટંબણા ! કેટલા સત્ત્વ અને સમતોલ મન હશે કે એથી મનને કાંઈ ઓછું આવ્યું નહિ. આ દુર્લભ જીવનનાં ઊંચા ફળ મેળવી લેવા તરફ દૃષ્ટિ છે.

**મહેલવાસનાં સુખ ગયાનું દુઃખ કેમ નહિ ?**

ત્યારે પ્રશ્ન થાય છે કે એવા સુખદ મહેલવાસ એકાએક છૂટી જઈ વનવાસનાં કષ્ટ ભોગવવાનાં આવ્યાં એમાં સીતાજીના મનને ઓછું કેમ ન આવ્યું ? કારણ એવું પ્રૌઢ હોય કે જેમાં જીવન-વિકાસનો એક નવો જ સુંદર માર્ગ હોય.

**વનવાસ દુઃખ રૂપ કેમ ન લાગે એના કેટલાક ઉત્તર :-**

(૧) એમ તો કહેવાય કે 'એ તો રામે એમને અયોધ્યામાં જ રહેવાનું કહેવા છતાં ખુશીથી જાતે જ વનમાં આવ્યા છે, પછી શું કામ ઓછું માને ?'

પરંતુ એ વિચારો કે ભલે પોતાના મનથી આવ્યા તો ય આ કષ્ટ જોઈ શું મનને એમ ન થાય કે કૈકેયીએ આ તોફાન ક્યાં ઊભું કર્યું કે અમારે વનમાં આવવું પડ્યું ? અથવા રામચંદ્રજીએ આવું માથે વહોરવાની શી જરૂર હતી ? અગર 'ભલે મારે પતિને છોડવાના હોય નહિ છતાં એક ગરીબને પણ આવાં કષ્ટ ન હોય એવાં આ કષ્ટ ભારે તો ખરા !' આમ મનને ઓછું ન આવે ?

(૨) ત્યારે એમ કહી તો શકાય કે એ કર્મ-સિદ્ધાન્ત સમજતા હતા એટલે કર્મે જેવું આપ્યું તે ખુશીથી વધાવી લેવાનું, પછી મનને ઓછું લગાડવાનું ક્યાં રહે ?

વાત સાચી, પરંતુ આમાંય, એટલો તો સંભવ છે કે મનને એમ થાય કે 'શું કરીએ ? આપણા કર્મ એવાં તે આ સ્થિતિમાં મુકાવું પડ્યું.' તો આ જ મનને ઓછું આવ્યું ગણાય.

(૩) ત્યારે કહો, 'એ ઉત્તમ બની ગયા હતા.' પણ એથી શું ? એ કાંઈ



સંસાર-ત્યાગી તો નહોતા જ બની ગયા, કે કપરા કર્મના ઉદયને વધાવવા જાય ! આવ્યું વધાવી લે એ એમની ઉત્તમતા ખરી, પરંતુ શું મનમાં સહેજે મહેલવાસની તુલના ન આવે ? ને આવે તો મન સહેજ તો ઘવાય ને ?

(૪) ત્યારે શું મહેલવાસના વૈભવવિલાસ પર એવો ઉત્કટ વૈરાગ્ય થઈ ગયા હતો કે વનવાસનાં કષ્ટ પર ભારે આનંદ થાય એટલે મનને ઓછું ન આવે ? જો એવું હોત તો તો પછી પાછળથી અયોધ્યા શું કામ જાત ?

**વનવાસ દુઃખરૂપ ન લાગવાનું ઉત્તમ કારણ :-**

ખરી વાત આ છે કે,

**(૫) સીતાજી રામને પરણ્યા હતા, રાજાશાહી, સુખ-સાહ્યબીને કે વિલાસને પરણ્યા નહોતા; પછી એ વૈભવવિલાસ જતાં શું કામ દુઃખ લાગે ? શા સારુ મનને ઓછું આવે ? જેની સાથે હૈયાનો મુખ્ય સંબંધ, એ સલામત તો સબ સલામત.**

પતિ રામથી વધીને બીજો કોઈ સ્વાર્થ નથી કે જે ઘવાતાં મનને ઓછું આવે. સ્વાર્થલંપટતા જ માણસને મારે છે, કર્તવ્ય ભૂલાવે છે, સ્વામિભક્તિ ચૂકાવે છે.

**ભવની ઉચ્ચતા સાથે આત્મગુણોની ઉચ્ચતા સાધી ?**

જીવ અનંતાનંત કાળથી સુખ-સગવડ જોતો આવ્યો અને સ્વાર્થમાં રમતો આવ્યો; પણ હવે આટલા ઊંચા માનવ ભવે આવ્યા પછી અને ઉત્તમ ગુણિયલ સંબંધ પામ્યા પછી પણ જો એ જ સ્વાર્થમાયાની કુટિલ રમત અને દ્રોહ-પ્રપંચ-નિષ્ઠુરતા વગેરે પશુધર્મ ન મૂકવાના હોય તો જેવી ભવની ઉચ્ચતા સાધી એવી આત્મગુણોની ઉચ્ચતા સાધી ? જડ પુદ્‌ગલની ગુલામીના ઘેરાવામાંથી શું બહાર નીકળ્યો ?

**પૌદ્‌ગલિક સુખોના રસનું ગુલામી માનસ માણસને હેવાન બનાવે છે,** એની પાસે પિશાચી કૃત્ય કરાવે છે. દ્રોહ પ્રપંચાદિ કરતાં એને આંચકો નહિ. એટલે જ પૌદ્‌ગલિક સુખોની ગુલામીભર્યા સંસાર ઉપર સુજ્ઞને, વિવેકીને અત્યંત અભાવ થાય છે, ગ્લાની ઉપજે છે, એમાંથી છૂટવાની તાલાવેલી જાગે છે. શું મોટા રાજા મહારાજા ને શેઠ શાહુકારોએ સમજ્યા વિના સંસાર છોડ્યા હશે ? ના, સંસાર સુખોની ગુલામી આવી દ્રોહ-પ્રપંચ-નિષ્ઠુરતાદિ પાપલીલાથી ભરી ભરી જોઈને જ સંસારનો ત્યાગ કરેલો. સ્વાર્થ સુખની લંપટતા ભૂંડી છે.

**રાણીનો પતિમુનિ પર જુલ્મ :-**

સુકોશલની માતાએ સ્વાર્થના, જાતના સુખની લંપટતામાં સ્વામિભક્તિ ભૂલી મુનિ બનેલા પતિને નગરમાં ન પેસવા દેવાના કુવિચારની આજુબાજુ કાંઈ જ જોવાનું કર્યું નહિ. તરત વિચારને અમલી કરવા નગરમાં બહારથી કોઈ જ સંન્યાસી-

બાવા-જોગી-સાધુ વગેરે ન આવે એવો કડક પ્રબંધ કર્યો. ભૂલભૂલે કોઈ જોગી નગરના દરવાજે આવી જતો તો સિપાઈઓ તરત એને પાછો ધકેલી દેતા. એમાં એક વાર મહાત્મા કીર્તિધર મુનિ આવી ચડ્યા. દરવાન આઘોપાછો હશે તે દરવાજે બહારથી તો કોઈ તો કોઈ એમને ધકેલવાનું મળ્યું નહિ. પરંતુ નગરમાં પેઠા પછી સિપાઈઓને ખબર પડતાં તરત મુનિને બાવડે ઝાલીને નગર બહાર ઘસડી જવાનું કરે છે.

કર્મની કેવી વિચિત્રતા ! એક વખતના આ જ નગરના રાજા હવે મુનિપણામાં બહાર ધકેલાય છે ! મુનિ તો બહુ મોટા મનના છે. એમના મનમાંથી પરમસ્વામી પરમાત્માને પામીને રાજ્ય ને પાટ, નગર ને કુટુંબ, બધુંય પોતાનું વિસરાઈ ગયું છે. એટલે એમને અહીં મનમાં લેશ પણ રોષ કે ખેદ થતો નથી કે 'હેં ? મારા નગરમાંથી જ મને બહાર ધકેલવાનો ? કલ્પનામાંથી 'મારું નગર' જ કાઢી નાખેલું છે પછી શો ખેદ ? સ્વામિભક્તિ પાછળ 'મારી તો જિનાજ્ઞા સેવા' જ રાખી છે, એટલે જિનાજ્ઞા મુજબ અરુચિકર સ્થાનેથી હટી જવું એજ વાત છે.

હવે અહીં એવું બને છે કે બરાબર એ જ વખતે સુકોશલ મહેલના ઝરુખે બેઠો દૂર આ દૃશ્ય જોઈ રહ્યો છે. એને પૂરી સમજ ન પડવાથી એ ધાવમાતાને પૂછે છે કે 'આ શું બની રહ્યું છે ?'

**ધાવમાતા દુઃખથી કહે છે,** "ભાઈ ? તમને શું કહું ? તમારી માતાને બીક છે કે તમારા પિતાજી સાધુ અહીં આવે તો કદાચ તમે વૈરાગ્ય પામી એમની સાથે સાધુ બની ચાલ્યા જાઓ તો ? તેથી એમણે નગરમાં એમને આવતા રોકવા, કોઈપણ જોગી-સંન્યાસી-સાધુ ન આવે એવો પ્રતિબંધ કર્યો છે. એમાં આજે આ બાપુમુનિ અચાનક પધાર્યા તે એમને સિપાઈઓ બહાર ધકેલી રહ્યા છે ! આ ખરી દુઃખની વાત તમને કહું છું, પણ મારું નામ બહાર ન જાય."

**અવસરે ખમીર ઉછાળો :-**

હવે અહીં જુઓ સુખની ઈચ્છા કરતાં સ્વામિભક્તિ કેવી પ્રબળ છે તે જોવા મળે છે. મૂળ ઋષભદેવ પ્રભુનો ઈક્ષ્વાકુવંશ જ એવો ગૌરવભર્યા રત્નોનો ચાલી આવે છે કે અવસર આવી લાગતાં એમની અંદરનું ખમીર જ્વલંત બહાર ઝળકી ઊઠે ! શું આપણને એમ ન થાય કે હું ય એવા કોઈ પ્રસંગમાં ખમીર ઉછાળી મારા કુળ-વંશનો ઉદ્યોતિત કરું ? એવા કોઈ દાન, ઉદ્ધાર આદિના પ્રસંગે દેવાનું ખમીર ન ઊછળે, કોઈ વિષમ કડવા પ્રસંગે ત્યાગનું ખમીર ન ઊછળે, પર્વના પ્રસંગે પણ તપનું ખમીર ન ઊછળે, પીડિતને બચાવવાના ખાસ પ્રસંગે રક્ષાનું ખમીર ન ઊછળે, ત્યારે એ જીવન કેવું માયકાંગલું, કંગાળ અને ગરીબડું !



**સુકોશલની શુભ વિચારણા :-**

સુકોશલ એવા ઉત્તમ વંશમાં જન્મેલ રત્ન છે. સગી માતાના કૃત્યમાં તણાયા વિના એને ધાવમાતાનો ખુલાસો સાંભળી ખમીર ઉછળી આવે છે ! એને મનમાં થાય છે કે 'અરે ! આ માતાની સ્વાર્થબુદ્ધિ આટલી બધી અધમ કે પોતાના પતિને નગરમાં પેસવા દેવાનું પણ નહિ ? શા કારણે ? સંસારના તુચ્છ પુણ્ય સુખો ભોગવી લેવાની અધમ સ્વાર્થ ભાવનાના જ કારણે. અહો ! જે સંસાર આ અધમ સ્વાર્થભાવનામાં (૧) જીવના પુણ્યનો ખુરદો કરાવે. (૨) સ્વામીની વિટંબણાદિ કરાવી નીચ પાપ કર્મો બંધાવે. અને (૩) ઉત્તમ સુસંસ્કારની તકનો સત્યાનાશ કાઢી અનેક ભવો લાંબી પહોંચે એવી અધમ કુવાસનાઓ પગભર કરે, એવા સંસારનું ત્યારે મારે શું કામ છે ? ખેર, માએ એનો ભાગ ભજવ્યો, પણ મારે મારા પિતા સ્વામીની ભક્તિ કેમ ચૂકાય ? ભલે ને એમાં સંસાર સુખો સળગી જાય, તોય બલા ગઈ !'

**સ્વામિભક્તિમાં સુકોશળનું ખમીર ઉછળે છે.**

જો જો હોં, સુકોશલ પરણેલો છે, પત્ની ગર્ભવતી છે, પત્નીનો કોઈ ગુનો નથી, બલ્કે પતિભક્તા છે, પ્રેમાળ છે, છતાં સુકોશલને પોતાની સ્વામિભક્તિ અત્યારે સંસારના સમસ્ત સુખોની ઈચ્છાને કચરી પ્રબળ ઊછળી રહી છે ! હૈયું તીવ્ર આઘાત અનુભવી રહ્યું છે કે 'હું મહેલવાસી, ને મારા સ્વામીનું આવું અપમાન ? ધિક્કાર પડો આવા મહેલવાસમાં બેસાડી રાખવા ખાતર જ માતા તરફથી સ્વામીનું આ અપમાન ને ? તો પછી સ્વામિભક્ત એવા મારે શી જરૂર છે આ રાજપાટ ને મહેલવાસની ?'

**વગર ઉપદેશે વૈરાગ્ય :-**

સુકોશલને કોણ આ ઉપદેશ આપવા આવ્યું છે ? કોઈ જ નહિ. પોતાની મહાન યોગ્યતા એનામાં સ્વામીની ભક્તિનું ખમીર એવું પ્રબળ ઊછળતું કરી દે છે ! મોટા રાજવીપણાનાં સુખની ઈચ્છાને તુચ્છકારી એને ઊભો કરી દે છે ! માતાને કે કોઈને કહ્યા વિના પોતે ઊઠીને તરત ચાલી જાય છે. નગર બહાર નીકળી પિતા કીર્તિધર મહાત્માને જઈ મળે છે. પોતાની હૃદયવ્યથા કહી પોતાનો વૈરાગ્ય પ્રદર્શિત કરે છે. એટલામાં તો મહેલમાં ખબર પડી ગઈ, એટલે તરત લશ્કર આવ્યું બહાર ! માતા, પત્ની, મંત્રીઓ બધા જ સુકોશલને કરગરે છે, 'ઘરે ચાલો.'

**મંત્રીઓ કરગરે છે : સુકોશલનો નિર્ધાર :-**

પણ આ તો સાત્ત્વિક સુકોશલ ! સ્વામિભક્તિમાં ખેંચાઈ સંસાર-સ્વરૂપનો

જે ક્યાસ કાઢેલો તે કાઢેલો. હવે એમાં ફરક પડે નહિ. મંત્રીઓ ઘણું ય મથ્યા, કરગર્યા કે 'આ તમારા વિના રાજ્યનો ભાર કોણ ઉપાડશે ? પ્રજાનું શું થાય ? આ માતાજીને કોનો આધાર ? આ આપની ઉંમર હજી કેટલી નાની ? વળી નાના રાણી સાહેબ પણ હજી ઉગતી ઉંમરના. આ બધાનો કશો વિચાર નહિ કરો ? અમારે પણ આપ ન આવો તો કોણ સ્વામી ?...' વગેરે વગેરે રોતાં કકળતાં ઘણું ય વિનવે છે.

પરંતુ અહીં તો સુકોશલના મનને સ્વામિભક્તિના પાયા પર ભડભડ ભપકી ઉઠેલો વૈરાગ્ય એવો તીવ્ર છે કે એ સાફ ના પાડી દે છે, અને પત્ની ગર્ભિણી છે એના માથે અભિષેક કરીને કહે છે, 'જાઓ, આનો પુત્ર તમારો સમર્થ રાજા થશે મારો મોહ મૂકી દો. મારો તો પિતાજી પાસે ચારિત્ર લેવાનો પાકો નિર્ધાર છે. મારી પાછા વળવાની કોઈ જ આશા રાખો મા.'

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"  વર્ષ-૧૪,અંક-૮,તા.૧૩-૬-૧૯૬૫**

કેટલાક કહે છે,-

**પ્ર.**- ભગવાન તો વીતરાગ છે એટલે એમને કશી જરૂર નહિ હોવાથી એમની ભક્તિ શી કરવી ? બાકી સાધુ મહારાજ અને સંઘ-સાધર્મિકની તો શક્તિ અને ભાવના મુજબ ભક્તિ અમે કરીએ જ છીએ ને ?

**સ્વામિભક્તિ શું ચીજ છે ? :-**

**ઉ.**- અહીં પહેલી વાત તો આ છે કે શું ભક્તિ સામાની જરૂરિયાત પોષવાની ક્રિયા છે ? કે આપણા દિલમાં એમને સ્વામી માની એમની પ્રત્યે કૃતજ્ઞતા અને ગુણાનુરાગ અદા કરવા માટે ભોગ આપવાની ક્રિયા છે ? માબાપની માત્ર જરૂરિયાત પોષવાનું જ સમજનારાના હાલ જુઓ કે માબાપને કેવી દયામણી સ્થિતિમાં રાખે છે અને જાતને કેવાં ભપકાદાર મોજ-શોખ વગેરેના આલીશાન ખર્ચ નભાવાય છે ? જરૂરિયાત પોષવાની બુદ્ધિમાં તો જાણે દયાદાન કરવાનો ભાવ રહે છે ! ત્યારે,

**ઉપકારીના ઉપકારનો યત્કિંચિત્ પણ બદલો વાળવાની અને ગુણરાગની વિશેષ પૂજા-ભક્તિ કરવાની બુદ્ધિમાં** પોતાનાં કર્તવ્ય-પાલન અને સુકૃત-આરાધનનો ભાવ રહે છે. આ પેલા કરતાં ઘણો ઊંચો અને નમકહલાલીભર્યો ભાવ છે. ભગવાનના આપણા પર અનુપમ અગણિત ઉપકારનો ખ્યાલ હોય ને ઉપરાંત એમના અનંત ગુણોનો રાગ હોય તો એમની જરૂરિયાત ન જોવાય, એમને કાંઈ



જોઈએ છે કે નહિ એ ન વિચારાય, પરંતુ 'મારું શું કર્તવ્ય છે ? મારે સ્વામીની પૂજા-ભક્તિનું અતિ આવશ્યક સુકૃત શું ? એ વિચારી મારે એ સેવ્યા વિના ચાલે જ નહિ.'-આજ ભાવ મનમાં રહ્યા કરે.

બાકી પોતાના રોજીંદા ભોગ-ઉપભોગ અને પ્રસંગ-ટાણાંના રંગરાગ બધા વ્યવસ્થિત ઉડાવ્યે જવાય છે, પણ

(૧) ત્યાં સાથોસાથ અનંત ગુણસંપન્ન અને આપણા ઉદ્ધારક અરિહંત દેવની ભક્તિ યાદે ય ન આવે !

**(૨) અરે ! જે પુણ્યથી આ બધું નભી રહ્યું છે એ પુણ્યના અપાવનાર પરમાત્માની કૃતજ્ઞતા બજાવવા તરીકે ય રોજ અને અવસરે અવસરે ભક્તિ કરતા રહેવાનું ય યાદ ન આવે.**

એ પોતાનાં સ્વાર્થસુખની કેટલી બધી ઘોર લંપટતા સૂચવે છે ? આવા પરમ સ્વામીની કૃતજ્ઞતા ય ભૂલાય અને ગુણપૂજાય વિસરાય, પછી સદ્‌ગુરુ સાધુ-સાધ્વીજી મહારાજ ને સંઘસાધર્મિક શ્રાવક-શ્રાવિકાની કૃતજ્ઞતા તથા ગુણપૂજા વિસરાય એમાં શી નવાઈ ? કેમ જાણે જીવનમાં એ કોઈ આવશ્યક અંગ જ નથી ! જાતે ખાવું-પીવું, કમાવવું, ભેગું કરી રાખવું, મનગમતા ભોગ રંગરાગ ઉડાવતા રહેવું, વગેરે બધાં તો જીવનનાં અંગ ખરા, પણ ગુણવંતોની ઉપકારીની નિત્ય ભક્તિ એ જીવન, અંગ નહિ ! ઉચ્ચ માનવ-અવતારની આ કેવી વિટંબણા !

વિચારો સોચો, ફોરા મનથી ચિંતવો કે, **"જે જીવનમાં ઉપકારીની સેવા વિનય વગેરે જીવન અંગ નથી. એ જીવન માનવતાનું ચાલી રહ્યું છે કે પશુતાનું ?"**

**"કાળ કાળનું કામ કર્યે જાય છે.**
**કર્મ કોઈ કાઠાં કરેલાં ડોકિયાં કરી રહ્યા છે.**
**મૃત્યુ નજીક ને નજીક આવતું જાય છે.**
**દીવો એક દિ' સાવ બુઝાઈ જવાનો."**
**આંખ મીંચ્યે ડૂબ ગઈ દુનિયા.**

એ પહેલાં ધર્મની સમજને સફળ કરી લો. ક્ષણિક સુખોની લગની ગૌણ કરી નાખી સ્વામિભક્તિ પ્રબળ બનાવી દો.

**સુકોશલ મુનિ પર ઉપદ્રવ :-**

સુકોશલ મુનિ તો સ્વામિભક્તિથી એટલા બધા મસ્ત જીવનમાં ચડી ગયા કે સ્વામીની સાથે ઘોર તપ તપતાં તપતાં એકવાર મહિનાના કે ચોમાસાના ઉપવાસના પારણે પિતાગુરુની સાથે ભિક્ષા માટે વનમાં થઈને ગામ તરફ જઈ રહ્યા છે, ત્યાં પેલી મા-વાઘણ ભૂખી ફાળ મારતી આવી ! પહેલી સુકોશલ મુનિ પર તૂટી

પડી ! દાંત અને જડબાથી મુનિદેહને જામફળની જેમ ભરખી રહી છે ! પણ આ મહાત્મા તો શરીરની પણ નિઃસ્પૃહતા કેળવી ચૂકેલા, તે શુકલ ધ્યાનમાં રમતાં કર્મ ખપાવી કેવળજ્ઞાની અને ભવમુક્ત બની સિદ્ધશિલા પર શાશ્વત સ્થાન પામી ગયા ! મૂળ સ્વામિભક્તિની પ્રબળતા પર ટુંક સમયમાં કેટલો બધો સર્વોત્કૃષ્ટ લાભ લીધો.

સ્વામિભક્તિમાં રાજવી સંસાર છોડવામાં આંચકો નહિ, પાકી ધીરતા ! સીતાજીએ એ ધીરતા અપનાવી છે, એટલે અકસ્માત વનવાસ ખડો થતાં હૈયે કોઈ ખેદ કે આંચકો નથી.

**આત્મવિકાસનું માપ ધીરતા પર :-**

જીવનવિકાસ, આત્મવિકાસ સાધી રહ્યા છીએ એ શી રીતે મનાય ? આકસ્મિક આપત્તિમાં ય પાકી ધીરતા રહેતી હોય. આ આકસ્મિક આપત્તિમાં પક્કી ધીરતા એ આત્મવિકાસનો માર્ગ છે. માટે ત્યાં ધીર બનો, મન ખિન્ન-વ્યાકુળ ન કરો. આડુંઅવળું દુર્ધ્યાન ખોટા વિચાર, હાયવોય, વગેરે ન કરો.

**બેબાકળું મન ઊંધું ચીતરે છે :-**

એટલું સમજી રાખવું જોઈએ કે અકસ્માત કોઈ આપત્તિ આવી પડી, ત્યાં અધીરા, બાવરા ને બેબાકળા બનવાથી કશું સીઝતું નથી, એથી કાંઈ આપત્તિનું નિરાકરણ થઈ જતું નથી. ઊલટું કેટલીયવાર એવું બને છે કે બાવરા-ઉતાવળા બનીને આડુઅવળું એવું ચીતરી દેવાય છે કે જેથી ઓલામાંથી ચૂલામાં પડ્યા જેવું થાય છે, ને પસ્તાવાનો પાર રહેતો નથી !

**પેલી બાઈ અને પાળેલા નોળિયાની વાત** આવે છે ને ? એકલા તરફડતા નોળિયાના નાના બચ્ચાને બાઈએ દયાથી પાળ્યું-પોષ્યું, બચ્ચું મોટું થયું. એમાં એક વાર એવું બન્યું કે બાઈ કૂવે-તળાવે પાણી ભરવા ગયેલી તે ઘરમાં પારણામાં પોતાના બાળપુત્રને મૂકીને ગયેલી. એવામાં ઘરમાં એક સાપ નીકળ્યો, એ નીકળી પારણા આગળ જઈને પારણા ઉપર ચઢવા જતો હતો. એકાએક એને નોળિયે જોયો એણે સાપ ઉપર તરત ચોટ મારી એને ખંડ ખંડ તોડી નાખ્યો. પછી લોહીયાળા મોં એ બારણા આગળ જઈ બાઈને ચાટુ કરવા ઊભો.

**અધીરાઈમાં સાહસ :-**

એટલામાં બાઈ આવી પહોંચી. એને એવી ફાળ પડી કે ‘હાય ! આણે મારા દીકરાને મારી નાખ્યો લાગે છે, તેથી આ એનું મોઢું લોહીએ ખરડ્યું છે !’ બસ એણે ધીરતા ગુમાવી, આકળી-ઉતાવળી થઈ પોતાના માથા પરનું પાણીભર્યું બેડું ગુસ્સામાં તરત નોળિયા ઉપર ઝીક્યું. નોળિયાના છુંદે છુંદા થઈ ગયા ! પછી



બાઈ ઘરમાં આવી જુએ છે તો બાળક પારણામાં ગેલ કરી રહ્યું છે, અને સાપના ટુકડે ટુકડા જોયા. તરત એને લાગ્યું કે ‘હાય ! આ તો સાપ મારા બાળને ડસવા જતો હશે તે આ નોળિયે એના ટુકડે ટુકડા કરી નાખ્યા અને મારા દીકરાને બચાવી લીધો ! ત્યારે મેં મૂર્ખીએ ખોટી કલ્પનામાં ગુસ્સે થઈ આ શું કરી નાખ્યું ? નોળિયો બિચારો મારા બાળ જેવો મારી સાથે હળીમળી ગયેલો બાળને બચાવીને મારી આગળ બિચારો શાબાશી લેવા ઊભેલો લાગે છે, તે હેં મેં એને ખોટો મારી નાખ્યો ?’ એને ઘણોઘણો પસ્તાવો થયો, પણ હવે શું થાય ?

**બીજાને દંડવાના ખુન્નસમાં જાતે દંડાવાનું ? :-**

આપત્તિમાં ધીરતાથી પહેલા તપાસ કર્યા વિના આકળી ઉતાવળી થઈ તો એવું ખોટું પગલું ભરી કાઢ્યું કે હવે એ ન ભર્યું થઈ શકે નહિ, ને પસ્તાવાનો પાર ન રહે ! જરાક ધીરી પડી તપાસ કરી હોત તો શું ખાટું-મોળું થઈ જવાનું હતું ? નથી ને કદાચ બાળકને મારી નખાયેલું પણ જોયું હોત તોય શું હવે નોળિયાને મારી નાખવાથી એ જીવતું થાત ? પણ અજ્ઞાનીને લાગે છે કે ‘ભલે ન જીવતું થાય કિન્તુ ગુનેગારને દંડી નાખ્યાથી દિલની ખીજ ઊતરે ને ?’ અરે ! એમ ખીજ ઉતારવામાં ખબર છે. ભયંકર રૌદ્રધ્યાન અને કૃષ્ણલેશ્યાના પરિણામ ઊભા થાય છે, જો એ વખતે કદાચ આયુષ્ય બંધાયું તો નરકમાં ઘસડી જાય ! અને કદાચ ન બંધાતું હોય તો પણ ભયંકર અશાતાવેદનીય વૈર બંધાવે ! ગુનેગારને દંડવાના સિદ્ધાંતમાં તો પહેલું પોતાને જ કેટલીય વાતોમાં દંડાવાનું યાદ આવે ખરું ?

માટે આપત્તિમાં ધીરતાથી વિચારો, ધીરતાથી ચાલો, હૈયું કાબુમાં રાખી વસ્તુને જુઓ-તપાસો, તોલ બાંધો. **ઉતાવળા સો બાવરા, ધીરા સો ગંભીર.**

**ધીરતામાં શ્રીકાન્તનો પ્રસંગ :-**

શ્રીકાન્ત નામના ચોરને પ્રસંગવશ સત્ય જ બોલવાની પ્રતિજ્ઞા કરવી પડેલી. એમાં એકવાર એવું બને છે કે ભાઈ મધ્યરાત્રિએ વેશ બદલી રાજાને ત્યાં જ ચોરી કરવા માટે નીકળ્યા છે. એમાં અચાનક સામેથી રાજા અને મંત્રીને આવતા જુએ છે હવે શું થાય ? આપત્તિમાં ધીરતા ન રાખી જો એકદમ ભાગી પાછા વળવાનું કે ગલીમાં ભરાવાનું કરવા જાય, તો સામેથી આવતા રાજા-મંત્રીને વહેમ જ પડી જાય ! ત્યારે સામે એ આવી મળે ને પૂછે તો શું થાય ? કેમકે પોતાને સત્યની પ્રતિજ્ઞા છે. પરંતુ એ અંગેય કોઈજ અધીરતા કર્યા વિના એ તો ચાલતો હતો તેમ ચાલ્યો. સામે બરાબર રાજા-મંત્રી આવી લાગ્યા ને ઝટ પૂછે છે કે ‘તું કોણ છે ?’

**આપત્તિ છતાં વિહ્વળતા નહિ :-**

હવે ખૂબી તો પાછી એ હતી કે આ રાતનો ચોર, પણ દિવસનો શાહુકાર

આબરૂદાર વેપારી ! અને પાછો રાજાની નગર-શેઠિયાથી ભરાતી ખાસ પરિષદ એમાં એ સભ્ય હતો. હવે પ્રશ્ન આવ્યો છે અને સત્યનું વ્રત છે, તો શું કરવું ? અલબત્ત એની પાસે અમુક જાતની કળાવિદ્યા હતી કે સ્વર બદલીને એવી રીતે બોલે કે પરિચિતને પણ એ વખતે એના સ્વરની ઓળખાણ ન પડે, નવો અપરિચિત જ લાગે ! તેથી સ્વરની તો ઓળખ પડે એવી નહોતી, પરંતુ સત્યનું વ્રત છે, અને તું કોણ છે એ પૂછાયું છે, તો ઉત્તર શો કરવો ?

આપત્તિમાં ધીરતાનાં સૂત્રને પકડી રાખનાર આ શ્રીકાન્તે જરાય વિહ્વળ થયા વિના પ્રશ્ન સાંભળ્યા બરાબર ખટ ઉત્તર દઈ દીધો કે 'હું ચોર છું.'

**આપણી ધીરતા બીજાને આંજી દે :-**

રાજા આશ્ચર્ય પામે છે કે આ જબરો માણસ કે પોતે જ પોતાની જાતને ચોર તરીકે ઓળખાવે છે ! એ ઝટ પૂછે છે, 'ક્યાં ચાલ્યો ?'

**જુઓ કસોટી !** કસોટી શું. વિટંબણા મોટી ઊભી થઈ ! એક બાજુ સત્યનું વ્રત છે એના પર આ આકસ્મિક આપત્તિ ઊભી થઈ ! ત્યારે બીજી બાજુ પકડાઈ જાય તો પ્રભાતે જડતી લેવાતાં વેશની બનાવટ ઉઘાડી પડી જાય ને ભાઈસાહેબ જાણીતા શ્રીકાન્ત રૂપે ઓળખાઈ જ પડે ! આ પણ અકસ્માત્ આપત્તિ ! છતાં આપત્તિમાં ધીરતાને વરેલો તેમજ સત્યની લીધી પ્રતિજ્ઞા જાનના જોખમે પણ અણીશુદ્ધ પાળવાની ટેકવાળો આ શ્રીકાન્ત જરાય ખચકાયા વિના ઉત્તર કરે છે કે 'રાજાના ખજાનામાં ચોરી કરવા જાઉં છું.'

સ્થિર, સ્વસ્થ મનના આ બે તાત્કાલિક ઉત્તરો અને સત્યનો પ્રભાવ કેવો પડ્યો ? કે ત્યાં રાજા અંજાઈ ગયો. આપણી ધીરતા બીજાને આંજી દે છે, વિહ્વળતા કિંમત ઘટાડે છે. મંત્રીને કહે 'જોયું ? કોઈ પાગલ લાગે છે ! એને બિચારાને ક્યાં ભાન છે કે રાજાનો ખજાનો કેટલો બધો સચોટ રક્ષણ પહેરા હેઠળ હોય !'

પત્યું, રાજા શ્રીકાન્તને કહે છે, 'જા રે જા, પાગલ લાગે છે !' એમ હસીને રાજા-મંત્રી આમ ચાલી નીકળ્યા ને પેલો પોતાના કામે આગળ ચાલ્યો.

**રાજાની ચોરી પછીથી ભેટ :-**

આપત્તિમાં ધીરતાનો પ્રભાવ જોયો ? પણ હજી આટલેથી બસ નથી. એ જ્યારે ભંડારમાંથી ચોરી કરી પાછો ફરતો હતો ત્યારે ભોગજોગે ફરીથી પાછા રાજા-મંત્રી સામેથી આવતા મળ્યા ! રાજાએ હસતાં ઝટ પૂછ્યું 'અરે ! તુ જ કે ? કેમ ચોરી કરી આવ્યો ?'

આને જૂઠ તો બોલવાનું જ નથી, તેમ વિહ્વળ પણ થવાનું નથી. ખટ ઉત્તર કહે છે, 'હા.'



ત્યારે રાજા પૂછે છે 'અરે ! તો માલ ક્યાં ?'

**ધીરતા ક્યાં સુધી :-**

હવે જુઓ હદ આવી ગઈ છે. માણસ જો અધીરો બની જાય તો ઝટ વિચારવા લાગે કે "હાય ! હવે જો સાચું કહી દઉં, તો આ તો ઝટ ત્રીજો બોલ કાઢે કે 'લાવ બતાવ ત્યારે !' ત્યાં મારે શું કરવું ? માટે હવે તો યુક્તિ પ્રયુક્તિનો ઉત્તર કરી છૂટવા દે આ બલાથી." પણ એવી વિચારણા પાછળ ગલ્લાં તલ્લાં કરતાં પકડાઈ ગયા તો શી દશા ? અહીં તો કાંઈ ગભરાવાની વાત નથી, આપત્તિમાં ધીરતા રાખી સાચુ બોલવાનું તે બોલવાનું જ છે.

રાજાએ પૂછ્યું છે- 'માલ ક્યાં ?' આ ઝટ પોતાની બગલ સામે આંગળી કરી કહે છે કે 'આ !'

**રાજા કેમ ભરમાયો ? :-**

રાજાને પોતાના ખજાનાના સુરક્ષણ પર એટલો બધો ભરોસો છે અને વળી જગતમાં કોઈ જ ચોર આવા વખતે આવા ખટ્ખટ્ ઉત્તર જે ન કરે એવા ઉત્તર આની પાસેથી મળવા પર આની સરાસર પાગલતા રાજાના ભરમાયેલા મનમાં એટલી બધી ઠસી ગઈ છે કે બસ, હવે કોઈ જ પ્રશ્ન ન પૂછતાં એને 'જા, રે જા પાગલ !' એમ હસી કાઢી ચાલતી પકડે છે ! શ્રીકાન્ત સ્થિર પગલે આગળ ચાલ્યો જાય છે.

શ્રીકાન્તને અદ્ભુત રીતે છૂટ્યા પર મનમાં એક અનેરો વિચાર આવે છે ! એવો કે જે ચાલુ જીવનને મોટો ધક્કો લગાડી દે છે ! આપત્તિમાં ધીરતા કેટલી હદ સુધી એણે રાખી ! અને એના પર કેવો અદ્ભુત પ્રત્યક્ષ બચાવ ઉપરાંત કોઈ અવનવો લાભ એને થઈ જાય છે ! એ જોવા જેવું છે.

**અકસ્માત કાંઈ થયું ને ધીરતા ગુમાવી આકળા-ઉતાવળા થઈ વિચારી કે બોલી-ચાલી નાખવાના ગોલા-લેખાનાં કે પેલા પટેલશાહી ગણિત માંડવામાં મીઠાં પરિણામ જોવા ન મળે ! માઠાં પરિણામના ભોગ બનવું પડે.**

**પટેલશાહી હિસાબની ખબર છે ને ?** પટેલ છોકરા છોકરી સહિત દસ માણસનું કુટુંબ લઈ પરગામ જતા હતા વચમાં નદીમાં પૂર આવી ગયેલું તે અટક્યા. વિચાર કરે છે કે 'માર્યા ! આ આપદા ક્યાં આવી ?' પણ ઝટ એમણે એકલે જરા નદીમાં ઊતરી માપ્યું કે પાણી કેટલું ઊંડું છે પછી ઝટ average સરેરાશનો હિસાબ માંડ્યો કે અમે દસ જણ છીએ, ને દરેકની જુદી જુદી ઊંચાઈ લઈ એનો સરવાળો કરી દસે ભાગતાં સરેરાશ ઊંચાઈ ૪ ફૂટની આવે છે, અને પાણી ૩ ફૂટ ઊંડું છે, ફિકર નહિ.' બસ, પટેલ કુટુંબ સાથે નદીમાં ઉતર્યા ! આગળ વધતાં,

નાનકા ૨-૩ ફૂટના, તે પાણીમાં ગુંગળાવા લાગ્યા, એથી આગળ જતાં તો પાણીનું ઊંડાણ વધ્યું તે ચાર ફૂટવાળાય ગુંગળાવા લાગ્યા ! આ કેવું ગણિત ? પટેલશાહી આપત્તિમાં ધીરતા ગુમાવતાં અધીરા-બાવરા બની જે હિસાબે વિચારાય કે બોલાય-ચાલાય છે તે પટેલશાહી ગણિત છે, ગોલાલેખું છે. અડધોશેર દૂધની પળીમાં થીજ્યું ઘી ભરી એને ય અડધોશેર માપ તરીકે દેવું વેચવું એ ગોલાલેખું છે, બંને ગણિતમાં ભારોભાર નુકસાની; એમ અધીરા વિચાર અને અધીરા બોલ-ચાલમાં પણ ભરચક નુકસાન છે.

**એવી અધીરાઈથી બચવા,** મન પર કડક કાબૂ રાખી જરાય આકળા-ઉતાવળા કે વિહ્વલ ન થવું.

**પ્ર.- એવા અવસરે મન પર કાબૂ જ નથી રહેતો તેનું કેમ ?**

ઉ.- મન આપણું છે કે પારકું ? આપણે મનને ચલાવીએ છીએ કે મન આપણને ચલાવે છે ? જેમ ભાષા ગોઠવીએ તેવી ગોઠવાય છે, ભાષા કાંઈ સ્વતંત્ર ગોઠવાતી નથી, કે આપણને ચલાવતી નથી. બસ એ રીતે મનને આપણે સરજીએ છીએ. માટે તો કહો જો, શું આપણે જેવા વિચાર કરવા હોય તેવા એની પાસે કરાવવાનો અનુભવ નથી ? બસ, એ ધ્યાનમાં રાખી, ભલે ને અચાનક આપત્તિ આવી આપણે ધીરતાથી જ મન પાસે શુભ વિચાર કરાવવાના. અલબત ત્યાં એ તૈયારી રાખવાની કે 'હવે આ કોઈ વિચિત્ર કર્મ સંયોગ ઊઠ્યો છે. ને કર્મસંયોગ એટલો સમર્થ છે કે એ મારી શક્તિ, બુદ્ધિ કે શેઠાઈ વગેરેની પરવા કર્યા વિના સ્વતંત્રપણે ઊઠી શકે છે એ હકીકત છે. તો પછી મને આટલા જ કર્મસંયોગ શું, કિન્તુ ઠેઠ અંતિમ પરિણામના સ્વતંત્ર કર્મસંયોગની ય તૈયારી રાખવા દે. ભલે એ આવવાના જ હોય, તો આ બાકી એક તો, કર્મસંયોગ તો મારા કાબૂ બહાર ઊઠે છે જ અને જોડે મારા મનને પણ હાથે કરીને કાબૂ બહાર કરવાની મૂર્ખાઈ શા સારુ કરું ?'

ધીરા બની મનને કાબૂમાં રાખી સ્વસ્થતાથી આગળ પાછળનો અને વસ્તુને ઉંડાણ સુધીનો વિચાર કરીને જ પગલું માંડવા દે.' આ લાઈને જઈએ તો મન કેમ બહાર જાય ?

## ● કુતરું અન સિંહ ●

કૂતરું દૂરથી આવેલા પત્થરનો ઘા લાગતા અધીરું બની તરત પથરાને જ બચકાં ભરવા માંડે છે ! પણ પરિણામ ? તરત બીજા પથરાનો ઘા આવી લાગે છે ! ત્યારે સિંહ એ સંયોગમાં ધીરતા રાખી પથરા પર ગુસ્સો ન ઉતારતાં દુર દૃષ્ટિ નાખે છે કે કોણે પથરો નાખ્યો ? ને એ તરફ ગર્જના સાથે ફાળ મારતાં શું



સામાની ગુંજાયશ છે કે બીજા પથરાનો એને ઘા કરી શકે ? એમ આપણે સંયોગને ગાળ ન દેતા કર્મ તરફ મીટ માંડીએ, તો પછી એના નાશનો ઉપાય કરતાં એના ભાવિ ઘા નિવારી શકાય.

**પેલો શ્રીકાન્ત** એ વિચારમાં ચડી ગયો કે 'અહો ! આ સત્યનો કેવો પ્રભાવ કે મને એણે આખો ને આખો બચાવી લીધો ! કદાચ આ વ્રત ન હોત તો હું આડોઅવળો ઉત્તર કરવા જાત ત્યાં ચાર પ્રશ્નમાંથી છેવટે એકાદમાં તો ફસાઈ પડતાં શી વાર લાગવાની હતી ?

ત્યારે શું આ માનવના અવતારમાં, ખરેખર ! સત્ય વગેરે ગુણ જ બચાવ આપે છે ને ?

તો પછી આટલો પ્રત્યક્ષ જાત-અનુભવ જોયા બાદ હવે મારે શું ચોરી, કે શું આખાય નિર્ગુણ સંસારની આસક્તિ, કોઈ પણ અવગુણને આશરે રહેવાનું શું કામ છે ? બસ, રાજાને કાલે સવારે ખાનગીમાં કુશળતાથી સમજાવી બધી જ ચોરીઓનો માલ સોંપી દઈ આ અમારા સંસારનો ત્યાગ કરી ચારિત્ર-માર્ગ સ્વીકારી લેવાનો.'

ખલાસ ! સવારે શ્રીકાન્ત વેપારી શેઠ બની રાજાની આભ્યન્તર પર્ષદામાં ગયો. ત્યાં ખજાનચીએ બે ઝવેરાતના ડબા ચોરાયાની ધા નાખી. રાજા પસ્તાયો 'હાય ! પેલો રાતના મળેલો ચોર જ એ ઉઠાવી ગયો, ને મેં મારી જાતે જ એને જવા દીધો ! હું કેવો મૂર્ખ !' અહીં શ્રીકાન્તે તો એક જ ડબો ચોરેલો, એટલે એ તો ખજાનચીની લુચ્ચાઈ સમજી ગયો કે આણે બીજો ડબો જાતે ચાઉં કરી એક ભેગી બેની ચોરી નોંધાવવાની કળા કરી છે ! પણ રાજા કે બીજા કોઈને આની શી ગંધ ? તે જ્યારે એ બધા કાંઈ તોડ ન કાઢી શક્યા ત્યારે શ્રીકાન્તે રાજા પાસેથી અધિકાર માગી લઈ ખજાનચીને ચાબુકે લેવરાવી એણે ચાઉં કરેલો ડબો હાજર કરાવ્યો. રાજા જ્યારે કહે છે કે 'ત્યારે બીજો ડબો પણ આ હરામીએ જ ચોર્યો છે તે કાઢવો એની પાસેથી,' ત્યારે શ્રીકાન્ત રાજાને એકાંતમાં લઈ જઈ કહે છે,

'મહારાજા ! ખજાનચીએ બિચારે એકજ ડબો ચોર્યો છે, અને એક તો આપ કહો છો તે રાતવાળો ચોર જ ધામી ગયો. માટે તો આ વર્ષોના વફાદાર પણ ખજાનચીની બુદ્ધિ બગડી કે લાવ, એક ભેગા બે ડબાની ચોરી નોંધાવીશ.'

રાજા કહે 'ત્યારે એ રાતવાળા ચોરને શી રીતે પકડવો ?'

શ્રીકાન્ત કહે છે 'હવે શું થાય ? છતાં તમે મને અભયદાન લખી આપો તો આગળ કામ ચાલે. માત્ર એજ શું, હવે તો પૂર્વની નગરની પણ બીજી ચોરીઓ કેમ ન પકડાય ?'

**શ્રીકાન્તનો ઈકરાર અને દીક્ષા :-**

રાજાને તો હવે શ્રીકાન્તની બુદ્ધિનું એવું ભારે અંજામણ થયું છે અને ચોરીઓ પકડાવાનો લોભ લાગ્યો છે કે એણે તરત અભયદાન લખી આપ્યું. પછી શ્રીકાન્તે પોતાની બધી સ્થિતિ કહેતાં કહ્યું,

"ચમકશો નહિ, હું જ રાતવાળો અને પહેલાંનો ચોર છું. આ પૂર્વે પેલા ધર્મી પરદેશી શ્રાવક યાત્રાએ આવેલા, એકેક જિનમંદિરની યાત્રા નિમિત્તે ૧-૧ ઉપવાસ કરતા, પારણે બીજાઓ આગ્રહ કરીને પોતપોતાના ઘરે લઈ જઈ એમની ભક્તિ કરતા, પણ હું જરાય વિનંતિ જ નહોતો કરતો કેમકે એમને શ્રાવકના ત્રીજા વ્રતમાં ચોરીનું-અનીતિનું ખાવાનો પણ ત્યાગ હતો, એટલે મારા ઘરે ક્યાંથી નીતિનું ખવરાવી શકું ? છતાં આપણી પર્ષદાએ એક વાર મારા માથે ઓઢાડ્યું, અને એમને ઘરે લઈ જતાં એમણે પહેલું પૂછ્યું, 'તમારે ત્યાં અનીતિની એક રાતી પાઈ પણ નથી આવી ને ?' દુનિયાને તો ઠગીએ પણ આવા ધર્માત્માને કેમ ઠગાય ? એ તો ધર્મનો વિશ્વાસઘાત થાય, જે અતિ ઉત્કૃષ્ટ ભયંકર પાપ કહેવાય,-એવો વિચાર કરીને મેં એમને પેટછૂટી વાત કરી. ત્યારે શેઠ પારણું કર્યા વિના જવા લાગ્યા, મને થયું કે આ બીજે જઈ પારણું કરશે, ને મારી આબરૂ એબ ખુલ્લી પડશે ! તો વળી કદાચ કોટવાળથી જડતી લેવાઈશ. એટલે શેઠને મારી આબરૂ સાચવવા વિનવ્યા, તે પણ ચોરી મુકાવ્યા સિવાય બીજી કોઈ શરતે, એટલે શેઠે મને જુઠું ન બોલવાની પ્રતિજ્ઞા કરાવી, પોતે બે ઉપવાસ કરી લઈ મારી આબરૂ બચાવી. બસ એ સત્યના પ્રભાવે હું ગઈ રાતે આપના હાથમાંથી ચોરીના માલ સાથે બચી ગયો. પણ હવે આ સત્યનો સાક્ષાત પ્રભાવ જોઈ મેં અહિંસા, સત્ય વગેરે પાંચેય મહાવ્રતનું ચારિત્રજીવન સ્વીકારવાનો નિર્ધાર કર્યો છે. ચોરીનો બધો માલ આપને સોંપી દઉં છું. તે આપ તે તે ફરીયાદ કરનારને આપી શકશો અને વિશેષમાં આ મારી હકીકત તદ્દન ગુપ્ત રાખી આપના તરફથી મોટો ઉત્સવ-વરઘોડો મારી દીક્ષા નિમિત્તે ઉજવાવા વિનંતિ કરું છું. ઊઠીને રાજાના પગમાં પડે છે. 'ભલું થજો પેલા શેઠનું કે એમણે પરાણે પણ મને કરાવેલ સત્યવ્રતના ધર્મે આજે મને સંસાર કીચડમાંથી બહાર નીકળી જવાનો નિર્ધાર કરાવ્યો છે !,' એમ બોલતાં બોલતાં શ્રીકાન્તનું હૈયું ભરાઈ આવ્યું, આંખમાંથી દડદડ પાણી ટપકવા માંડ્યું. રાજા પણ ગળગળો થઈ ગયો. એની ય આંખમાં ઝળઝળિયા આવ્યાં ! પછી તો એ પ્રમાણે વ્યવસ્થા ઊતરી, અને શ્રીકાન્તે ભારે લોકપ્રશંસા સાથે ચારિત્રમાર્ગે ઝુકાવી નક્કર આત્મકલ્યાણ સાધ્યું.'

આપત્તિમાં ધીરતા પર આ સચોટ દૃષ્ટાન્ત વિચારી આત્મવિકાસ માટેના



એક ઉપાય તરીકે અકસ્માત શું, કે આગાહીવાળી શું, કોઈ પણ આપત્તિમાં જરાય આકુળવ્યાકુળ ન થતાં ધીરતા રાખી ન્યાયના અને ધર્મના માર્ગે આગળ ધપવું જોઈએ.

**મહાસતી સીતાજી** વનમાં જવાની આપત્તિ અકસ્માત ઊભી થતાં જરાય વિહ્વળ થયાં નહિ; કૈકેયી કે રામ સામે એમણે બખાળા કાઢ્યા નહિ, હાયવોય કરી નહિ, પણ ધૈર્ય રાખી સ્વસ્થતાથી રામ સાથે વનમાં ચાલ્યા.

**સુખના વિસ્મરણથી દુ:ખ નહિ લાગે :-**

ખૂબી જુઓ કે વનવાસમાં ભારે કષ્ટ-અગવડ વગેરે છતાં મનને દુ:ખ ન લગાડ્યું ! કેમ ? દુ:ખ ન લાગે ? ના, એનું કારણ હતું કે એમણે પૂર્વ જીવનની સુખ-સગવડોનું વિસ્મરણ કર્યું હતું, એને યાદ જ કરતા નહોતા, તેથી એની સાથે વર્તમાન સ્થિતિની તુલના જ નહોતા કરતા. પછી દુ:ખ શું કામ લાગે ? તુલના કરે તો દુ:ખ થાય ને ?

માણસ રોદણાં કેમ રૂએ છે ? કેમ પ્રાપ્ત થયેલ નરસા સ્થિતિ-સંયોગ વધાવી નથી લેતો ? કારણ આ છે, કે કાં તો પોતાનાં પૂર્વનાં સુખ યાદ કરી તુલના કરે છે, યા બીજાનાં સુખ જોઈ તુલના કરવામાં મરે છે ! બજારમાં પાંચ હજાર ખોનારો પૂર્વના પચાસ હજાર યાદ કરી અત્યારે હવે ૪૫ હજાર જોઈ દુ:ખી થાય છે. જો પૂર્વનું ભૂલી જાય, યાદ જ ન કરે, તો કાંઈ દુ:ખ કરવાની જરૂર નથી.

માણસ કરોડપતિમાંથી ગરીબ થઈ જાય તો દુ:ખ થાય છે ને ? શાથી ? ગરીબાઈને લીધે ? ના પૂછો.

**પ્ર.**- એમ કેમ કહો છો ? સ્પષ્ટ દેખાય છે કે બિચારો ગરીબાઈથી જ મુંઝાઈ રહ્યો છે ને ?

**ઉ.**- અહીં જરા ઊંડા ઊતરો. માનો કે કોઈ કરોડપતિ મરીને કોઈ ગરીબને ત્યાં જન્મ્યો છે, અને ગરીબી છે. પરંતુ દાળ-રોટલો મળી રહે છે, તો ત્યાં શું એને એવું દુ:ખ લાગશે ? ના, પણ જો, ધારો કે, એને પૂર્વ ભવનું સ્મરણ થઈ આવ્યું, તો પછી એને કેટલું બધું દુ:ખ લાગશે ? શાથી ? ગરીબી તો એની એ જ છે, તો દુ:ખ કેમ એકદમ વધી ગયું ? ત્યારે એ જ કહેવું પડશે કે પૂર્વનાં સુખનું સ્મરણ થઈ આવ્યું તેથી હૈયાને આઘાત-વ્યથા-હાયવોય જાગી ! એનો અર્થ એ, કે જ્યાંસુધી પૂર્વ સુખનું વિસ્મરણ હતું ત્યાં સુધી વર્તમાન કષ્ટમાં દુ:ખ નહોતું લાગતું.

એમ કોઈ મુનિમે ખાનગી ઘાલમેલ કરીને વર્ષો સુધી એમ ચલાવતાં શેઠના ૨૫-૫૦ હજાર રૂ. સુધી અવળા કરતો ગયો. પણ શેઠને અલબત્ત મૂડી કપાઈ રહી છે, છતાં જ્યાંસુધી એની ખબર નથી પડી, ત્યાં સુધી કાંઈ દુ:ખ આઘાત નથી

લાગતો. જો ખરેખર મૂડી કપાય, એ માલિકના દિલમાં દુઃખ કરતું હોય તો તો અહીં દુઃખ તરત કરવું જોઈતું હતું ? પણ ના, એ તો જ્યારે પાછળથી એકાએક એના જાણવામાં આવે છે ત્યારે ચોંટ લાગે છે, દુઃખ-આઘાત થાય છે ! માટે કહો દુઃખ કોણે લગાડ્યું ? વર્તમાન દુઃખે નહિ, પણ પૂર્વના સારી મૂડી હોવાના ખ્યાલે, કે જે હમણાં કપાઈ ગઈ દેખાય છે !

**ખોટમાં કયા વિચારે ધીરતા રહે ? :-**

ત્યાં જો ધીર વીર શેઠ હોય તો મૂડી કપાઈ ગઈ દેખાવા પર વિચારશે કે 'બાપ આમેય મરીને શું મૂકી ગયા હતા ? અગર મૂકી ગયા હતાં, છતાં હું પોતે અહીં જન્મ્યો ત્યારે શું સાથે લઈને જન્મ્યો હતો ? કાંઈ નહિ, હજી ય મારા હાથમાં પાંચ લાખ છે ને ? અગર છેવટમાં છેવટે રોટલો ખાવા જેવી સ્થિતિ તો છે ને ? પછી શી ફિકર ? મુનિમનાં નસીબનું મુનિમ લઈ ગયો, પણ બિચારો વિશ્વાસઘાતનું કેવું ઘોર પાપ કરી દુઃખદ તિર્યંચાદિગતિને યોગ્ય કેવાં કારમાં અશુભ કર્મ ઉપાર્જી ગયો !'

સારાંશ, પોતાના પૂર્વ સુખનું અને પૂર્વની વધુ સગવડનું સ્મરણ નથી કરવું, ને એને હવે જરાય ખ્યાલ પર નથી લાવવું પણ નવો જ જન્મ મળ્યો માનવું છે, તો વર્તમાન નરસી પણ સ્થિતિમાં એને કોઈ દુઃખ લાગવાનું નથી. એમ પોતાની ચાલુ પણ ગરીબ સ્થિતિમાં બીજા સુખીના સુખ સામે જોવું નથી, એની સાથે જાતની તુલના કરી માનવું નથી કે 'હાય ! આને આવી સુખસમૃદ્ધિ ? ને મારે કશું નહિ ?' તો એને શું કામ દુઃખ લાગે ? શા સારુ હૈયે આઘાત થાય ?

**ક્યાંક જમવા ગયા,** ભાણામાં શીરોપુરી પીરસાયા, ખાતા ખુશી ય થવાય છે, પણ જો એટલામાં રસોડાની અંદર નજર પડતાં બીજા કોઈ મેમાનને શીખંડ-પુરી, ખરખડીયાં ખાતો જોયો, તો ઝટ મનમાં તુલના ઉભરી આવતાં દુઃખ થઈ આવે છે કે 'હે પેલાને શીખંડ પુરી ? ને મને ઘઉંની પોટિસ ?' બસ ખલાસ, હવે મફત શીરાપુરી ભક્તિઆદરથી જમાડનારા પણ જજમાન ઉપર અરુચિ થશે. પોતાનું અપમાન કર્યું લાગશે ! આ બધી મોંકાણ શાના પર ? શીરાપુરી પર નહિ, કિન્તુ બીજાના સુખસગવડ જોવા ઉપર, ને પોતાની તુલના કરવા પર.

એથી ઊલટું જો પોતાના કે બીજાના કોઈ અધિક દુઃખ સાથે તુલના થશે. અગર પોતે અધિક દુઃખથી બચ્યો એમ લાગશે. તો વર્તમાન દુઃખમાં પણ હૈયું નહિ ઘવાય, ઊલટું પોતાને ઠીક છે એવો સંતોષ રહેશે. જુઓ વર્તમાનનો એક બનેલ દાખલો, કે જેમાં મહાદુઃખ આવ્યું છતાં અધિક દુઃખથી બચ્યાનો સંતોષ જોવા મળે છે.



**૪ આના બચ્યા, પગ કપાયા :-**

**એક શ્રીમંત માણસ** ક્યાંક બહાર જવા માટે નીકળ્યો રસ્તા પર એક ગાડીવાળા મળ્યો, પૂછે છે 'બોલ, અમુક જગાએ આવવું છે ?'

'હા, ચાલો શેઠ.'

આ કહે 'પણ શું લઈશ.'

એ કાળ આજની મોંઘવારી પહેલાંનો અને બહુ દૂર જવાનું નહોતું. એટલે ગાડીવાન કહે છે, 'શેઠ ચાર આના.'

'અરે ! એટલામાં ચાર આના ? લે બે આના મળશે ચાલ ચાલવું હોય તો.'

ગાડીવાન કબુલ ન થયો ત્યારે આ ભાઈ મન વાળી ચાલ્યા કે 'લાવને ચાલી નાખું.' જે ચાર આના બચ્યા તે લાભમાં છે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૪,અંક-૯,તા.૨૦-૧૧-૧૯૬૫**

બસ, ચાલી તો નાખ્યું, પણ વચમાં આવ્યો રેલવે ફાટક; ભાઈ ઝટપટ રેલપાટા ઓળંગવા જાય છે એટલામાં તો ધુમધમાટ કરતી ટ્રેન આવી ને ભાઈને કચડી ચાલી ગઈ ! બે પગ ઢીંચણ પરથી કપાઈ ગયા ! જુઓ

(૧) બે આના ચાર આનાની રકઝકનું પરિણામ ક્યાં સુધી પહોંચી ગયું ?

(૨) ત્યારે, ચાર આના બચાવ્યાનો આનંદ કેટલો પોકળ અને કેટલો જાલિમ ખતરનાક નીવડ્યો ?

(૩) એમ, ગાડીએ મોટા શેઠની શરમ કેટલી રાખી ?

(૪) તો પછી, જીવન સુખપૂર્વક જ ચાલશે એવા વિશ્વાસ ધરી મૂક્યો હોય, એમાં થાપ કેવી ખાધી ગણાય ?

(૫) વળી, ગાડી ત્યાં આવવાની એક જ મિનિટ પહેલાં કે એક જ મિનિટ પછી પાટા ઓળંગવા ભાઈ આવી ઊભા હોત તો કેવા બચી જાત ?

(૬) ત્યારે, માણસે સર્જેલું એંજીન માણસનો જ કેવો ભોગ લે છે ?

(૭) શેઠની શ્રીમંતાઈ કૃપણતા કેવી કે ગરીબ ગાડીવાન બે આના વધુ કમાય એ ન ખમાયું ! તો કુદરતે કેવો ઘોર બદલો લીધો ?

(૮) ભારેમાં ભારે દુશ્મન પણ કદાચ જે નુકસાન ન કરે તે આ સંસારની સુખસાધન ગણાતી વસ્તુ કેટલું કારમું નુકસાન કરે છે ?

વિચારો, એક પ્રસંગ પર કેટલા મુદ્દા વિચારી શકાય ? હવે જુઓ આ મુદ્દા શું શું તત્ત્વ આપે છે.

**(૧) નાનું પણ પાપ ભયંકર પરિણામ લાવે :-**

(૧) બે-ચાર આનાની રકઝકનું આ ભયંકર પરિણામ સૂચવે છે કે મામુલી દેખાતા કારણમાંથી અકલ્પ્ય પણ કાર્ય ઊભું થઈ શકે છે.

**ઘાસની મોટી ગંજીમાં આગની એક નાની ચિનગારીય આખી ગંજીને ભસ્મસાત કરી દે છે ને ?**

**એમ, આપણને મામુલી લાગતો ક્ષણનો મલિન ભાવ પરલોકમાં ભયાનક અનર્થ ઊભો કરી શકે છે.**

નાનું પણ દેખાતું પાપકર્મ કે સત્કર્મ ભારે મોટું દુઃખ કે સુખ ઊભું કરી શકે છે. મોટા ત્રણ ગાઉ ઊંચા પણ જુગલિયાના શરીરનું ઉત્થાન મૂળ કેવડાક બુંદમાંથી થાય છે ? એવું પાપ અને મલિન ભાવનું કે પુણ્ય અને શુભ ભાવનું છે. માટે કદીય મનનો ભાવ બગાડો નહિ, અને નાના પણ પાપથી ડરતા રહો, એનો પક્ષ એનું સમર્થન કરો નહિ, પછી ભલેને બહુ જરૂરનું લાગતું હોય. કહો છો ને કે સંસારમાં બેઠા એટલે પૈસા ભેગા કરવા પડે છે ? વેપાર ચૂલો ચલાવવો જોઈએ ને ? શાસ્ત્રે ભિન્ન ગોત્ર અને સમાન કુળમાં તો લગ્નની હા પાડી છે ને ?' હવે વિચારો, જો કે આમાં ભૂલા પડી જરૂરી પણ લાગતા પાપનું સમર્થન તો નથી કરી રહ્યા ? દિલનો ભાવ તપાસવાનો છે કે એ ક્યાં જઈ રહ્યો ? ધનપરિગ્રહ આરંભ સમારંભ અને મૈથુનની જરૂરિયાત પર ? કે એ પાપની ઘૃણા-અરુચિ-ભય ઉપર ? હૈયું ક્યાં ઢળે છે ? એવો નિયમ નથી કે જરૂરી હોય એના પર ઘૃણા ન જ થાય ? કરવી હોય તો અવશ્ય થાય. પાયખાનું-સંડાસ ગમે તેટલો જરૂરી છતાં એના પ્રત્યે ઘૃણા રહે છે ને ? જમતાં જમતાં કોઈ બોલે કે 'ઘરમાં સંડાસ જરૂરી છે,' અગર 'આજ મને ઝાડો બરાબર બંધાઈને આવ્યો,' તો સાથે જમવા બેઠેલાને કેવું લાગે ? અરે તમેજ શીરો જમી રહ્યા હો, અને કોઈ ભંદા પાડોશીએ આવીને પોતાની માંડી 'આ મને પાતળા ઝાડા થતા હતા, ઠેકાણું જ નહોતું પડતું, તે આ પેલા વૈદની દવા બરાબર લાગુ પડી, હવે ઝાડા ઓછા થઈ ગયા અને બે વાર જવું પડે છે તે પણ શીરા જેવો ઘટ્ટ આવે છે,' તો તમને કેવું લાગે ? શું સંડાસ જરૂરી નથી ? ઝાડો બંધાઈને આવવાનું જરૂરી નથી છતાં ઘૃણા થાય ને ? કહેવાનું મન થાય, મૂકો અહીં આ શી વાત કરો છો ?' કેમકે હૈયે ભારે સૂગ બેઠી છે. બસ એ રીતે જરૂરી પણ પરિગ્રહ-આરંભ-સમારંભ-મૈથુન એ **પાપ** છે, માટે એના પર ઘૃણા-સૂગ-ગ્લાની રહેવી જ જોઈએ એનુ સમર્થન કરવાની હોંશ ન હોય. આજ વાત છે કે નાના છે પણ પાપનું સમર્થન નહિ, સૂગ હોય, ભય હોય; એમ થોડો પણ મલિન ભાવ થવા દેવો નહિ; એ સમજી ને કે થોડાનું ય પરિણામ ભયંકર આવી શકે.



**સંસારનો આનંદ ચાર આના બચ્યાનો આનંદ જેવો ખતરનાક :-**

(૨) પેલા ભાઈને ચાર આના બચ્યાનો આનંદ જાલિમ ખતરનાક નીવડ્યો, એમ આ સંસારના બધા આનંદ ખતરનાક નીવડે છે, એમ સમજી આનંદની ઘેલછા રોકી વૈરાગ્યની વૃદ્ધિ કરવી. વૈરાગ્યનું આ કેવું જબરું નિમિત્ત છે !

(૩) ગાડીએ શેઠની શરમ ન રાખી, ને કચડ્યા. એમ રળેલાં પાપનાં પોટલાં અહીંની શેઠાઈ-સન્માન-વાહવાહ વગેરે કશાની શરમ રાખ્યા વિના જીવને કચડી નાખનારાં બનવાનાં છે, એ હંમેશા નજર સામે તરવરતું રાખી પહેલું કામ આ કરો કે જાતને પાપથી બને તેટલી બચાવી લેવી. પરોપકારની ય વાત પછીની, પહેલી વાત આ, જાતને પાપથી ભારે નહિ કરવાની.

**સુખે જીવવાનો વિશ્વાસ ખોટો :-**

(૪) શેઠનો સુખે જીવવાનો વિશ્વાસ ડૂલ થઈ ગયો, એમ આપણે પણ સુખ ટક્યું રહેવા વિશ્વાસ રાખવા જેવો નથી, સંભવ છે દુઃખ બિમારી વગેરે આવી પડે ! અને ત્યારે હૃદયના ભાવ વિશુદ્ધ રાખવા, ને ધર્મસાધના કરવી મુશ્કેલ બનશે. માટે સારા સારીમાં તો વિશેષે કરીને હૈયું પવિત્ર, સૌમ્ય, નિઃસ્પૃહી અને દયાભર્યું રાખવું તથા દાન, વ્રતનિયમ, તપસ્યા, જિનભક્તિ વગેરે ધર્મની સાધના ખૂબ કરી લેવી. જેથી પછી કદાચ દુઃખ કે વ્યાધિ આવે તોય મનને સમાધિ રહેવાનો પણ લાભ થાય.

**મિનિટના સવાલે બચાવનો પ્રભુનો અગણિત ઉપકાર :-**

(૫) પેલા ભાઈને પાટે પહોંચતાં એક મિનિટ પહેલાં કે પછી આવી હોત તો બચી જવાનો મોટો સંભવ કહેવાય, એમ આપણે પણ મિનિટના સવાલે રોજના કેટલાય અકસ્માત્ કે પીડાથી બચી જતા હોઈશું. તો મિનિટના સવાલે બચી જવાનો કાળ એવો અનુકૂળ રહેવામાં પુણ્યની અનુકૂળતા અને એવી અનુકૂળતામાં પૂર્વે મળેલી દેવ-ગુરુની કૃપા કારણભૂત સમજી પ્રત્યેક બચાવદીઠ ગણતાં દેવ-ગુરુના કેટલા બધા વિશાલ ઉપકાર આપણા પર વરસી રહ્યા ગણાય ? જો કૃતજ્ઞતા હોય, એ અસંખ્ય મહા ઉપકારોની આપણાં હૈયે કદર હોય, તો એનો બદલો વાળવા તરફ કેટકેટલો ભોગ આપ્યે જતા હોઈએ ? તત્ત્વ આ ઝરે છે કે કાળની અનુકૂળતામાં મૂળ કારણભૂત દેવ-ગુરુની કૃતજ્ઞતાનો ખ્યાલ અને એમની સેવા-ભક્તિમાં વિવિધ ભોગ આપવાનું ચાલુ જ રહ્યા કરે.

**સર્જેલા સુખસાધન દુઃખ દે છે :-**

(૬) શેઠ-માણસનો માણસે જ સર્જેલા એંજિને ભોગ લીધો ! વિજ્ઞાનની શોધોથી અવનવી સગવડો પર દિલ ઓવારી જતાં જરા થોભવાની જરૂર છે.

વિચારવા જેવું છે કે એનાં એ સુખ-સાધન બીજી બાજુ કેટલાયનાં કચ્ચરઘાણ કાઢે છે ! સગવડ લેનારનો પોતાનો જ અવસરે કેવો ભોગ લે છે ! માટે એનાં શાં વધામણાં-ઓવારણાં કરવા ?

**કુદરતે દીધેલું કુદરત લઈજ લેવાની. તો દાનનો લહાવો લો. :-**

(૭) ગરીબ ગાડીવાન બે આના વધુ કમાઈ જાઓ એટલી દયા મોટી શેઠાઈ-સંપત્તિ છતાં ભાઈને ન આવી ! આ જગતની વધુ અનુકૂળતા મળવા ઉપર તો દિલ વધારે વિશાળ બનવા જોઈએ 'જ્યારે કુદરતે મને આપ્યું છે, અને કુદરત પાછી છેવટે મરતાં એ ખુંચવી લેવાની જ છે તો પછી મારે શક્યતા અનુસાર બીજાને આપી ઠારવાનો તારક લહાવો કાં ન લઈ લેવો ?' આ ભાવના રમતી રહેવી જોઈએ. ગરીબ માણસ બે આના વધુ લઈ જાય એમાં દેનારને શી બહુ મોટી ખોટ પડી જાય છે. પરંતુ કોણ જાણે સ્વાર્થકરણ સિવાય પરાર્થકરણ એ જીવનનું કોઈ અંગ (Item) જ નથી, એમ હૃદય કઠોર જ રાખ્યા કરે છે ! ત્યારે જોવાનું એ છે કે કુદરત અવસરે કેટલો ક્રૂર જવાબ વાળે છે !

**સંસારનાં સુખસાધનની રાક્ષસી લીલા :-**

(૮) રેલગાડી આજે સંસારમાં કેટલું બધું ઉપયોગી સુખસાધન મનાય છે ? પણ એણે જ પેલા શેઠના પગનો ભોગ લીધો ! સંસારનાં સુખસાધનની આ રાક્ષસીલીલા શું સંસારની અનાદેયતા-અગ્રાહ્યતા નથી સૂચવતી ? જેનાં સુખસાધન આવાં ગોઝારાં હોય એવા સંસારમાં શું કરીને રહેવાય, કે ડરીને ? સંભવ છે ઘોડાગાડી કે બળદગાડીએ આ નુકસાન ન કર્યું હોત એવું આ રેલગાડીઓ ભયંકર નુકસાન કરે છે ! એનો અર્થ આ, કે સંસારનું વધારે ઊંચું સુખસાધન વધારે અનર્થકારી બન્યું, તો પછી ઓછાં પૈસા કરતાં વધુ વૈભવ અને ઓછાં વિષયો કરતાં વધુ સારા ગણાતા વિષયો કેટલા બધા ખતરનાક ? તાત્પર્ય, 'સંસારનાં સુખસાધન પણ સરવાળે અસાર છે, જરાય પ્રશંસનીય નથી, વિશ્વસનીય નથી,' એમ એના પરથી આસ્થા અને એના માટે સારો અભિપ્રાય ઊઠી જઈ વૈરાગ્ય જાગતો થઈ જાય.

**બચાવેલી લક્ષ્મી અવસરે સહાય નથી કરતી :-**

અસ્તુ પેલા ભાઈના બંને પગ કપાઈ ગયા લોહી ધડધડ વહી જવા લાગ્યું. વેદનાનો પાર નથી ! છતાં અત્યારે પેલી વહાલી કરેલી લક્ષ્મી બચાવવા નથી આવતી, પણ ત્યાં આસપાસ રહેલ માણસ દયાથી હોસ્પિટલમાં પહોંચાડે છે ! ભાઈને બીજા માણસ પર દયા નહોતી આવી, પણ બીજાને ભાઈ ઉપર દયા આવી જાય છે. **'અવસરે અવસરે બીજાની દયા, સહાય, સહાનુભૂતિ લેવી પડે છે' એ**



**નગ્ન હકીકત જોવા છતાં બીજા ઉપર જાતે દયા-સહાનુભૂતિ નથી રાખવી, શક્ય સહાય નથી કરવી એ ભવાભિનંદિતા, કારમો જડાનંદ, અને જટિલ સંસારસિકતા નહિ, તો બીજું શું ?**

હોસ્પિટલમાં ભાઈને ઊંધા લટકાવવામાં આવ્યાં ! ટેભા મારવામાં આવ્યાં ! એમ કેટલા બધા વખત સુધી ઊંચું લટકવું પડ્યું. ત્યારે લોહી વહી જતું અટક્યું. આમ નરકનાં દુઃખ જોયાનું લાગ્યું, સાજા થયા, તોય પગ તો સદા માટે ગયા ! આટલું બધું છતાં ભાઈના મનને શું રહ્યું ? આ જ કે 'હાશ ! પગ ગયાતો ગયા, પણ જાનથી ન મરી ગયા, એ સારું થયું !'

આપણી વાત આ હતી કે દુઃખમાં બીજાનાં કે પોતાના વધુ દુઃખની તુલના થાય, સ્મરણ રહે, તો જાતનું વર્તમાન બહુ પણ દુઃખ મનને એટલું બધું ખિન્ન નથી થવા દેતું. સારાંશ,

**દુઃખનાં સ્મરણ કે તુલના આશ્વાસન આપે છે અને સુખનાં સ્મરણ કે તુલના બળતરા કરાવે છે.**

**એથી ઊલટું, પૂર્વ દુઃખનાં વિસ્મરણ વર્તમાન સુખમાં જીવને બેફામ બનાવે છે ત્યારે પૂર્વ સુખનાં વિસ્મરણ વર્તમાન દુઃખમાં જીવને શાંતિ રખાવે છે.**

મહાસતી સીતાજી જેવા ઉત્તમ આત્માઓ ભયંકર દુઃખમય જીવન આવી પડતાં પણ પોક નહોતા મુકતા, રોદણાં નહોતા રોતાં, મનને દુઃખી નહોતા કરતાં, એનું એક કારણ આ કે એ પૂર્વનાં સુખનું સ્મરણ કરતાં નહિ, વિસ્મરણ રાખતા, રાખી શકાય હા, જો માની લઈએ કે દુઃખનો આ નવો જ જન્મ પામ્યા છીએ, તો જેમ પૂર્વ ભવના દેવતાઈ સુખનાં સ્મરણ નહિ કરીને સુખી રહી શકીએ છીએ, તેમ વર્તમાન, ભવના કર્મસર્જિત પૂર્વાવસ્થાનાં સુખ ભૂલી જઈને મનને સાબુત-સ્વસ્થ રાખી શકીએ છીએ.

**અવંતી સુકુમાલ** મોટો શ્રીમંત પુત્ર છતાં એને પૂર્વ ભવે નલિનીગુલ્મ નામના દેવ વિમાનનાં પોતે અનુભવેલાં ઉચ્ચ દિવ્ય સુખ યાદ આવ્યાં, ત્યાં વર્તમાન મોટી સમૃદ્ધિ પણ કૂચા લાગી ! અને મન દુઃખમાં પડ્યું, વિસ્મરણ હતું ત્યાંસુધી સુખી હતો; હવે સ્મરણ થતાં જાત મહા દુઃખી લાગી, મન ક્લેશમાં પડ્યું. પરંતુ ડાહ્યો એટલો કે મુનિના ઉપદેશથી મહાસુખદ પણ સમૃદ્ધિ વૈભવ અને વહાલસોયી માતા તથા ૩૨ સ્ત્રીઓને છોડી દઈ તરત જ ચારિત્ર માર્ગ આદર્યો એમાં સ્મશાનમાં ભુખી શિયાળની અને એનાં ભુખ્યાં બચ્ચાનાં દાંતે જામફળની જેમ ચવાઈ જવાની ઘોર પણ પીડા નવ કલાક સુધી સહી છતાં માન ને દુઃખ ન કર્યું. કેમકે નજર સામે નરકનાં આથી પણ ઉગ્ર, દુઃખ રાખ્યાં, વધુ દુઃખની તુલના રાખી, સ્મરણ રાખ્યું

તો વર્તમાન ભારે કષ્ટમાં પણ મન દુઃખી ન થયું.

**માણસ આપત્તિથી કષ્ટથી દુઃખી ન થાય એટલો પૂર્વ સુખનાં સ્મરણ કે બીજાનાં વધુ સુખની તુલના કરીને દુઃખી થાય છે.** ગઈકાલે શાક સસ્તું મળેલું, આજ મોંઘું મળે છે. એટલે ગઈકાલનું સુખ યાદ કરી આજે મન દુઃખી થાય છે.

કાલે શરીર સાજા હતા, આજે માંદા છીએ, પણ જો કાલનું આરોગ્ય સુખ ભૂલતાં આવડે તો આજની સ્થિતિ પર મન એટલું દુઃખ નહિ કરે.

ગઈકાલ કોઈ માન આપતું હતું, પણ આજે નથી આપતું, તેથી જાતે મનને દુઃખી કરવાની શી જરૂર છે ? પણ પેલું ગઈકાલનું સન્માન સુખ યાદ કરવું છે તેથી મનને જાતે જ દુઃખી કરવાનું થાય છે ! એથી ઊલટું જો એમ માની લે કે,

**'વિલક્ષણ સંસારમાં આવાં દુઃખની શી નવાઈ છે ? માટે જ તો સંસાર અસાર છે.'** સારું છે કે આથી પણ અધિક આપત્તિ સંભવિત છતાં મારે નથી આવી, સામો માન નથી આપતો એટલું જ, કિન્તુ કાંઈ મારવા કે કનડવા નથી આવતો એ ઠીક જ છે,' જો આમ વિચારી લે, તો વૈરાગ્ય અને મનની સ્વસ્થતા, બંને જળવાય.

**આત્મવિકાસનો આ એક માર્ગ છે.** દુઃખમાં પૂર્વ સુખનાં સ્મરણ કરી દુઃખી ન થવું, પણ આથી ય વધુ દુઃખ ન આવ્યા સંતોષવાળી સ્વસ્થ રહેવું. પેલા ભાઈને ભૂલતા નહિ એમના પગ કપાઈ ગયા છતાં જાન બચી ગયો માની મનને સ્વસ્થ રાખ્યું.

સીતાજી સુખનાં વિસ્મરણથી વનવાસ છતાં સ્વસ્થ હતા. જીવનના દિવસ તો આમેય પસાર તો કરવાના જ છે, તો શા માટે ફોગટ મન બાળી બાળીને દહાડા કાઢવા ? પ્રસન્ન, પ્રશાંત મન રાખી જીવવાથી સ્વસ્થતા રહે છે, દુર્ધ્યાન થતું નથી ભારે કર્મબંધથી બચી જવાય છે...વગેરે અનેકાનેક લાભ છે.

**પ્ર.**- પરંતુ ગમે તેટલું પૂર્વનું સુખ ન સંભાર્યું, તોય શરીર અતિ સુકોમળ અને પાછું રાજાશાહી સગવડોમાં ટેવાયેલું, તે આ વનવાસ અને વનના પાદપ્રવાસમાં કષ્ટમયતા ન લાગે ?

ઉ.- લાગે ખરી, અર્થાત્ હાયવોય કરાવે, પણ કોને ? શરીર સુકોમળ સાથે મન સુકોમળ હોય, એને

**મન ખડતલ હોય એને કષ્ટમયતા ન લાગે.**

શરીર પર કષ્ટ આવવાં એ જુદી વસ્તુ છે, અને મનને કષ્ટમયતા લાગવી એ જુદી વસ્તુ છે. એવો નિયમ નથી કે બાહ્ય કષ્ટરૂપ જ લાગે મહાત્માઓ કેટલાંય સંયમજીવનનાં કષ્ટ અનુભવે છે, તપસ્વીઓ કેટલાંય તપના કષ્ટનો અનુભવ કરે



છે, છતાં શું એમને એ કષ્ટરૂપ લાગે છે ? મન દુઃખી થાય છે ખરું ? કે ઊલટું પ્રસન્ન રહે છે ? અરે ! સંસારમાં જુઓ ને, ધનના અર્થીને ધન કમાતાં કેટલાંય કષ્ટ વેઠવા પડે છે, છતાં ક્યાં એને એનું દુઃખ થાય છે ? કષ્ટ હોવાનું શરીરને છે, પણ લાગવાનું મનને છે. મન ખડતલ બનાવ્યું હોય તો શરીરનું કષ્ટ કષ્ટરૂપ લાગતું નથી. મહાસતી સીતાજી શરીરે સુકોમળ છતાં એમનું મન ખડતલ હતું. તેથી મહેલવાસમાંથી સીધા વનવાસ ભોગવવાનો આવ્યો તોય તે એમને કષ્ટરૂપ લાગ્યો નહિ. ત્યારે પૂછો,

**પ્ર.- મન એવું તે ખડતલ શી રીતે બન્યું ?**

ઉ.- શી રીતે બન્યું ? સીધો હિસાબ છે, પેલા મહાત્મા, તપસ્વી અને ધનાર્થીની સ્થિતિ વિચારો કે એમને લગની કેવી લાગી હતી, એટલે સમજાઈ જશે કે મન ખડતલ શી રીતે બન્યું ? સાધુ મહાત્માને લગની છે કે મારે કઠોર સંયમ પાળી આત્માના જુગજુગના પાપ કર્મોના ગંજના ગંજ સાફ કરી નાખવા. તપસ્વીને પણ એવી લગની છે. કઠોર તપ અને સંયમ વિના થોકબંધ પાપ કર્મનો વિધ્વંસ થાય નહિ. એવી શાસ્ત્રવચનની અચલ શ્રદ્ધા છે. બુદ્ધિ પણ કહી રહી છે કે સોના ભેગી ભળેલ માટી કે હલકી ધાતુ એ જલદ તેજાબ અને તીવ્ર અગ્નિપાક વિના ક્યાં નાશ પામે છે ? તો આત્મામાં જામ થઈ ગયેલા કર્મ-કચરાનો થોક ઉગ્ર તપ-સંયમના તાપ વિના શે નષ્ટ થાય ? ઘાંચીની ઘરનું તેલિયું મેલું કપડું સોડાખાર પાણી અને ધોકા વિના ઊજળું બને ખરું ? બાર મહિનાના અવાવર ઘરમાં જમીન પર ચિટકી પડેલા કચરા રોડા-પથરાતી ખાટના પાણીએ ઘસ્યા વિના સાફ થાય ખરા ? ખાણમાં રત્ન સાથે પત્થરની જેમ ચીટકી પડેલા અને રત્નને ઢાંકી દેનારા પત્થરિયા પડ ખાર-પુટપાક ખમ્યા વિના અને વજ્રશી લાદી સરાણ વગેરે પર પ્રબળ ઘસારા વેઠ્યા સિવાય ઉખડે ખરા ? એમ આત્મા સાથે એકરસ બની ગયેલ અને આત્મ તેજને ઢાંકી દેનાર કર્મના ઝુંડ આત્માને વિષય ભોગમાં સુંવાળો સુંવાળો રાખી કઠોર સંયમ અને તપના ઘસારા-તપારા આપ્યા વિના એ કર્મના ઝુંડ શી રીતે સાફ થાય ? સંયમી-તપસ્વી આ સમજે છે, અને એમને સંયમ-તપને યોગ્ય આ એકમાત્ર માનવ ભવમાં એ સાધી કર્મના ઝુંડ ઊખેડી નાખવા છે, તેથી એ એના કષ્ટ સહર્ષ વધાવી લે એમાં નવાઈ શી ? વધાવતા મન પ્રસન્ન છે, અર્થાત્ સુંવાળું નહિ પણ કષ્ટ સામે ખડતલ, સહિષ્ણુ, કષ્ટક્ષમ છે. પછી દુઃખ લાગવાનું 'હાય બહુ કષ્ટ' લાગવાનું ક્યાં રહ્યું ? પછી ભલે ને કાયા સુકોમળ કાં ન હોય ?

મહાવીર પ્રભુની કાયા મહાસુકોમળ મુલાયમ હતી, એના પર અધમ સંગમ દેવતા જેવાનાં ય ક્રૂર ઉપદ્રવ આવ્યા, ઘોર કષ્ટ વરસ્યાં, છતાં પ્રભુ દુઃખી

હતા ? એમને 'હાય, બહુ કષ્ટ !' લાગ્યું ? ના કેમ નહિ ? કારણ, એ ખડતલ હતા. ખડતલ બનવામાં ફાળો એમની રાગાદિનાશ, કર્મવિધ્વંસ અને આત્મશુદ્ધિની તીવ્ર તમન્નાનો હતો. આ તમન્નાએ એમના મનને પાકું ખડતલ સહિષ્ણુ-સર્વસહ બનાવી દીધું હતું. ભગવાન જેવા કે જેમને તે ભવે મુક્તિ નક્કી હતી, એવું પોતે જાણતા પણ હતા. છતાં એમને આ તમન્ના અને આ ખડતલતાથી ભારેમાં ભારે કષ્ટ વેઠવાની જરૂર લાગી ! ત્યારે આપણને એવી કશી જરૂર જ નથી એમને ?

જરૂરી માન્યાનું લક્ષણ :- (૧) એની ખોજ અને ન માન્યાનું દુઃખ.

**પ્ર.**- જરૂર તો છે, પણ થઈ શકતું નથી.

**ઉ.**- ખોટાં બોલો ? જરૂર તો, જ્ઞાનીઓ કહે છે કે, જ્ઞાનીનાં ખુદનાં આચરણ કહે છે કે છે. પરંતુ તમને પોતાને અંતરમાં એની જરૂર લાગી છે ખરી ? બાપના પૈસા પર તાગડધિન્ના કરનારો અને વેપાર દુકાનમાં નહિ ડોકાનારો કહે કે 'પૈસા માટે વેપારની જરૂર છે, દુકાન ચલાવવાની જરૂર છે,' એથી શું વળ્યું ? એને જાત માટે ક્યાં જરૂર લાગી છે કે મારે જવું જ જોઈએ ? બે કલાક પણ જતો નથી, ને એ જરૂરનું કહે છે એ તો દિલ-ચોર કહેવાય, એવા ફડાકિયા છોકરા જેવી આ વાત છે કે 'આ એકમાત્ર યોગ્ય માનવભવમાં તપ-સંયમના કષ્ટ વેઠવાની જરૂર છે' એમ કહેતા ફરવું અને નાનામાં નાના એનાં કષ્ટથી દૂરને દૂર જ રહેવું ! ખરીવાત આ છે કેળવવા આચરવા માટે શોધાશોધ હોય, અને અશક્ય સ્થિતિમાં એનું ભારે દુઃખ હોય. જીવ વલખા મારતો હોય એ સ્થિતિમાં મન થોડું ઘણું પણ કાઠું ખડતલ કરીને શક્ય પ્રયત્ન થાય. સનતકુમાર ચક્રવર્તીને શરીરસૌંદર્ય એકાએક રોગોથી નષ્ટ થયું જોઈ કર્મની વિટંબણા, કર્મનો દગો કર્મની નિષ્ઠુરતા દેખાઈ. તરત એવા કર્મનો ફેસલો કરવાની તમન્ના જાગી, સાચી જરૂર લાગી, તો મન ખડતલ બનાવી કાઠું કરીને તરત છ ખંડની ઠકુરાઈ, એક લાખ બાણું હજારનું અંતઃપુર, ચૌદ રત્ન અને નવ નિધાનનો મહા વૈભવ, વગેરે બધું પડતું મુકી તરત જ ચારિત્ર પંથે નીકળી પડ્યા ! સંસાર ત્યજી અણગાર બન્યા એટલું જ નહિ, કિન્તુ એકધારા ૭૦૦ વર્ષ સુધી રોગો વગર-દવાએ સહીને એવા રોગીષ્ઠ શરીરે પણ કઠોર તપસ્યાઓ આરાધી ! મન કેટલું બધું ખડતલ થઈ ગયું ? જાતે જરૂર લાગે તીવ્ર ચટપટી થાય, પછી મન કાઠું થતા વાર નહિ.

દેખો શાલિભદ્ર, મેઘકુમાર, જંબુકુમાર, ગજસુકુમાર અરે ! આ પંચમકાળમાં અવંતીકુમાર વગેરેએ ખરેખર જરૂર લાગ્યા પછી ઊઠ્યા સંસારમાંથી તત્કાળ ! અને મહાસુકોમળ તથા વૈભવી સંસારસુખમાં મહાલેલા છતાં ખડતલ બની ઘોર તપ-સંયમનાં કષ્ટ વેઠવામાં લાગી પડ્યા ! આ કાળમાં જુઓને કેવા કેવા ભાગ્યવાનો



૫૦૦ આંબેલ, ૧૦૦૦ આંબેલનાં, સિદ્ધિ તપનાં, એથીય મોટમોટાં તપનાં, કડક અભિગ્રહ-નિયમ સાથે ઉપધાનનાં અને કઠીન સંયમના કષ્ટ સહન કરે છે ! તમન્ના લાગ્યા પછી એ માટે મન સહેજે ખડતલ થઈ જાય છે, અગર કરી દેવાય છે.

ધનના અર્થીને શું છે ? આ જ કે એને ધનની તીવ્ર તમન્ના લાગી છે. ત્યારે જરૂર લાગી છે, તેથી ધંધો-નોકરી કરવામાં મન કાઠું કરીને કંઈ કષ્ટ સહન કરે છે ! કહો છો ને કે 'માળો આદુ ખાઈને ધનની પૂઠે પડ્યો છે ?' શું એ ? ખડતલતા, સહિષ્ણુતા. પછી એ ભૂખ નહિ જુએ. તરસ નહિ, ઉજાગરો નહિ જુએ, થાક-તકલીફ નહિ ! બધું હોંશેહોંશે સહી લેશે ! એજ મન ખડતલ.

**સાચું જરૂરી લાગ્યા પછી ખડતલ બનાય :-**

મહાસતી સીતાદેવી રાજકુળે ઊછરેલા અને રાજવી ઘરે મહાલેલા છતાં વનવાસમાં સહિષ્ણુ-ખડતલ બન્યા રહી મનથી લેશ પણ દુભાયા વિના આનંદથી કષ્ટ વેઠી લે છે. મન ખડતલ બનવામાં કારણ આ, કે એમને એક માત્ર પતિ સાથે રહેવાનું જરૂરી લાગ્યું, પછી ગમે તેવી પરિસ્થિતિ કે ગમે તેવા સંયોગમાં. સ્વામીની છાયા માત્ર જરૂરી છે એમ નહિ, પોતાના મનને અતિ જરૂરી લાગી હતી, એ છાયામાં રહેવામાં પછી કષ્ટ આવો, તકલીફ પડો, દુઃખો વરસો, કોઈ ચિંતા નહિ, બધું હોંશપૂર્વક વધાવી લેવાનું, કોઈ જ દુભામણ નહિ. એટલે સ્વામીની છાયા જરૂરી લાગ્યા પછી મન ખડતલ બને એમાં નવાઈ નથી.

**સાધુ ક્યાં ભૂલે ?**

કઠિન છે આ હોં. એમ પણ કદાચ ભૂલા પડી જઈએ અને જરાક પાંખ આવી કે ઊડવાનું મન થાય. ત્યારે સ્વામીની અર્થાત્ ગુરુની છાયા એટલી બધી જરૂરી નથી લાગતી, જેટલી જરૂરી લોકને લાભ આપવા જુદા વિચરવાની પ્રવૃત્તિ લાગે છે. એમાં અનાદિના માનવશ જીવને માન મળે છે, મોટા મહારાજ તરીકે પૂજાવાનું ભાવ પૂછાવાનું મળે છે. અનાદિના લોભવશ જીવને લોભની પુષ્ટિમાં ભગત-ભક્તાણી યથેચ્છ આહાર-વસ્ત્રાદિની અનુકૂળતાઓ, બેન્ડવાજા-જનસમુહનાં સામૈયાં, વાહવાહ-સન્માન મળે છે. આ બધુ જરૂરી લાગે, એની તમન્ના હૈયે રમ્યા કરે, પછી પેલી બિચારી સ્વામિછાયા-ગુરુછાયા મનને શી એટલી જરૂરી લાગવા જાય ? કદાચ ગુરુએ પરાણે આઘા મોકલ્યા હોય તો હૈયું દિન-રાત 'ક્યારે ગુરુછાયામાં જાઉં ?' એવો તલસાટ શે રહ્યા કરે ?

**જીવ બહુ કંટાળે છે ત્યારે મોહ બાપા જાણે કહે છે,** "જા ભાઈ જા. ચારિત્ર લે, ધર્મ કર, પણ જોજે હોં, અંતરમાં આ માનાકાંક્ષા, આ તૃષ્ણા-તર્પણ, આ અહંત્વ ને સુંવાળા વિષયોની લાલસા છુપી છુપી સલામત રાખજે હોં. તું જરાક

પગભર થાય, પછી સ્વામિછાયા ગુરુછાયાનું વેવલાપણું રાખીશ મા. ગુરુનું સાચવનારા તો બીજા ઘણાય શિષ્યો છે એટલે એમને કાંઈ વાંધો નથી આવવાનો. ગુરુની સેવા કરવાની તે ગુરુના માટે છે, આપણા કલ્યાણ માટે નહિ. આપણું કલ્યાણ તો ગુરુને બીજાના પનારે મૂકી આપણે લોકોપકાર કરીએ, તીર્થયાત્રાઓ કરીએ, સારા વિદ્વાન થઈએ વગેરેમાં છે. અને આપણી શોભા થાય એ ગુરુની જ શોભા છે ને ? એટલું ધ્યાન રાખવાનું કે વખાણ-વાણીમાં સ્વામીની છાયાના મહત્ત્વ પર ગુરુછાયાની જરૂરિયાત ઉપર કદી ભાર મૂકીને કહેવાનું નહિ, નહિતર મૂઢ અજ્ઞાન લોક ગેરસમજ કરી આપણા સામે જ પહેલું જોવા લાગે કે, 'આપ સાહેબ કેટલા વરસથી ગુરુછાયાથી દૂર વિચરો છો ?' માટે લોકને એવી ગેરસમજ કરાવનારું બોલવાનું જ નહિ ને. અરે ! ભાષણમાં કે વાતચીતમાં 'ગુરુ મહારાજ આમ કહેતા હતા, ગુરુ મહારાજ બહુ ગુણિયલ, ગુરુ મહારાજનો બહુ ઉપકાર,' એવુંય કાંઈ લાવવાનું નહિ; નહિતર લોક ગેરસમજમાં પડે ! ને ગુરુનું ગૌરવ વધી જાય તો પછી આપણી એટલી છાયા નહિ પડવાથી લોક પર એટલી ઉપકારની અસર નહિ થાય..."

આવી આવી કંઈ મોહની શીખવણી હોય છે. ઉપકારનાં ઓઠાં હેઠળ, જે પ્રથમ નંબરની જિનાજ્ઞા છે ગુરુ નિશ્રા-ગુરુ સેવાની, તેની જ પરવા મુકાવી છૂપી માનાકાંક્ષા, તૃષ્ણા, વિષય-મોહ વગેરેને અણીશુદ્ધ રાખે છે એટલે અમારે તો બહુ સાવધાન રહેવાનું છે કે આ મોહની શિખવણી અને અનાદિની માનાકાંક્ષા વગેરે નડી ન જાય, પ્રાથમિક જિનાજ્ઞા સ્વામિછાયાની ચૂકાઈ ન જાય.

સીતાજીને સ્વામિછાયાની જ લગની હતી, જાતને એ અતિ જરૂરી લાગી હતી, તેથી એ સાચવી લેવામાં પછી વનવાસનાં-વનપ્રવાસનાં કષ્ટ ગમે તેટલાં આવે તોય સ્વામીની શીળી શીતળ છાયા નીચે હોંશે વધાવવાની જ વાત હતી. એ માટે મન ખડતલ હતું, સહિષ્ણુ હતું.

**ત્યારે આત્મવિકાસનો આ મહાન માર્ગ છે કે,**

(૧) ગમે તેવા સંયોગમાં કે કષ્ટમાં મન ખડતલ રાખીએ, સહિષ્ણુ-સર્વસહ રાખીને, એ માટે કોઈ સારી લગની ઊભી કરી રાખવાની.

(૨) જ્ઞાનીઓએ કહેલી વસ્તુને આપણે માત્ર જરૂરી કહીએ એમ નહિ કિન્તુ આપણી જાત માટે જરૂરી લખીએ, હૈયાથી એની લગની-તમન્ના-તલસાટ રહે.





(૩) કર્મક્ષય, પાપના થોકનો નાશ, આત્મશુદ્ધિ, એ મનને અતિ જરૂરી લાગ્યા કરે.

(૪) સ્વામીની છાયા એ મનને બહુ મૂલ્ય લાગે, અતિ જરૂરી લાગે, ચાલે ત્યાંસુધી એને ન છોડીએ.

(૫) જીવનની શોભા આ બધી સદ્‌વિશેષતાઓમાં જ લાગે.

**આત્મવિકાસના માર્ગોની ભાવના :-** ભેગા કરતાં રહેજો આત્મવિકાસના ભિન્ન ભિન્ન માર્ગ. જુદી ડાયરીમાં નોંધતા જજો. સીતાજીના કે બીજાના તે પ્રસંગના નામ સાથે નોંધજો, અને રોજ યા અવરનવર એને વાંચતા વિચારતા રહેજો, જાણે એનો પાઠ મોંઢે થઈ જાય, ડાયરી પાસે ન હોય છતાંય ગમે ત્યાં એને યાદ કરો તો મનની ડાયરીમાંથી ક્રમસર યાદ આવવા માંડે, સળંગ ધારાબદ્ધ એનું સ્મરણ થાય. સીતાજીનાં જીવનનાં ક્રમિક પ્રસંગો છે, એટલે એને આલંબીને યાદ રાખવું અને યાદ કરવું સહેલું છે. એમ વારંવાર કરવાથી એની ભાવના થયા કરશે એ જાણો છો ને કે 'ભાવના ભવનાશિની.'

**ભાવના સંસારથી મુક્ત કરે છે. :-** કેમકે (૧) અનાદિની કુટિલ વાસનાઓ ભાવનાના વારંવાર અભ્યાસથી મોળી પડે છે, મંદ પડે છે, નબળી-દુબલી થઈ અંતે ઘસાઈ જાય છે.

(૨) દિલની ભાવનાથી દિલ ભાવિત થતાં મનોબળ આત્મબળ વધે છે.

(૩) ભાવનામાં મન સ્વચ્છ અને સ્વસ્થ રહે છે.

(૪) ઉત્કટ ભાવનાની તો, વિચારસરણી, વાણીપ્રયોગ અને વર્તન-વર્તાવ ઉપર, ભારે અસર પડે છે. માટે

(૫) ભાવના ધર્મને તો દાનાદિ ધર્મમાં એક મહત્ત્વનું સ્થાન મળેલું છે.

આ ભાવના ધર્મની સાધના માટે અહીં બતાવાતા સીતાજીના પ્રસંગ સાથેના આત્મવિકાસના અનેકવિધ ઉપાયો અતિ ઉપયોગી છે, ઉપાયોનું નિત્ય વાંચન-મનન-ચિંતન બહુ જરૂરી અને આત્મહિતનું સરળ સહેલું સાધન છે.

**સીતા-લક્ષ્મણનો વ્યવહાર :-**

વનવાસમાં સીતાજીનો બીજો એક પ્રસંગ છે લક્ષ્મણજી સાથેના વ્યવહારનો. જૈનશાસ્ત્રો તો સીતાજીનું મહાસતીત્વ અને એની મર્યાદાઓનું પાલન કહે છે જ; પરંતુ ઈતરશાસ્ત્રો પણ કહે છે કે લક્ષ્મણજીને સીતાજીના એકમાત્ર ચરણ સામે જોવાનું બની આવતું; પણ તે સિવાયના અંગો સામે એ દ્રષ્ટિ જ નાખતા નહિ.

માટે તો જ્યારે સીતાને રાવણ ઉપાડી ગયા પછી રામ-લક્ષ્મણ સીતાને શોધવા નીકળ્યા અને અને કોઈ કુંડલ કે કંકણ મળી આવ્યું, ત્યારે રામ 'એ સીતાનું છે કે કેમ' એ લક્ષ્મણને પૂછે છે. ત્યાં લક્ષ્મણે આ ઉત્તર કર્યો છે, કે

**कुंडले नैव जानामि, नैव जानामि कङ्कणे ।**
**नुपूरे त्वभिजानामि नित्यं पादाब्ज वन्दनात् ॥**

અર્થાત્ હું સીતાજીના કુંડળને ઓળખતો નથી, તેમ કંકણને પણ નહિ. હું માત્ર પગના ઝાંઝરને ઓળખું છું, કેમકે હું હંમેશા એમનાં ચરણે નમસ્કાર કરતો હતો. આ સૂચવે છે કે સીતાજીના મુખ સામે કે હાથ સામે એમને જોવાનું બનતું નહોતું. ચરણ જોવાનું તો એટલા પૂરતું બનતું કે રોજ એ મહાસતીના ચરણે પ્રણામ કરતા. આ મર્યાદાના પાલનના હિસાબે પછી સીતાજીની મુખાકૃતિ નહિ તો મનોહર આંખ, કે ગળું કે છાતી વગેરે સામે જોવાનું તો બને જ શાને ? એમને જો બને નહિ તો સીતાજી તો વળી જુએ જ શાને ?

હવે વિચારો આ પ્રસંગ પણ આત્મ વિકાસનો કેટલો મહાન માર્ગ શીખવી જાય છે ! એ માર્ગ ખાલી ઉપદેશને નહિ, પણ સીતા-લક્ષ્મણે જીવનમાં આચરી બતાવેલો !

**મર્યાદા અને મન પર અંકુશ :-**

સીતાજીના અત્યારે કયા સંયોગ છે ? વનવાસે નીકળ્યા છે, સાથે રામ અને લક્ષ્મણ સિવાય બીજું કોઈ છે નહિ એમાં રામ અને લક્ષ્મણ ને તો વારાફરતી કોઈ કામ પ્રસંગને લીધે બહાર જવાનું મળે, પણ પોતાને તો વનમાં જ્યાં મુકામ કર્યો ત્યાં જ બેસી રહેવાનું થાય ને ? એ સ્થિતિમાં કાં તો રામ કે કાં લક્ષ્મણ સાથે કાંઈ વાતચીત કરવા-કારવવાનું થાય. હવે ત્યાં દિલ સાથે વાત દ્વારા મોકળું કરવાનું મન ન થાય ? લક્ષ્મણે સીતાના હાથ કે મુખ તરફ જોયું જ નથી ત્યારે કેટલો અંકુશ પોતાના મન અને પ્રવૃત્તિ પર રાખ્યો હશે ? એ પણ સીતાજી ! કેવા કડક સંયમન પર બની શક્યું હશે ? રામ બહાર ગયા હોય ત્યારે મોટા ભાગે ઝુંપડીની અંદર પોતે એકલા, અને લક્ષ્મણ બહાર બેસતા હશે તો જ આ શક્ય બને ને કે ક્યારેય પણ સીતાજીના અંગોપાંગ સામે જોવાનું નહિ બનતું હોય ? જો બંનેને ઝુપડીની અંદર એકલા બેસી રહેવાનું બનતું હોય તો સહેજ વાતમાં શું સીતા તરફ જોવાનું ન બની આવે ?

**એકાંત ભયંકર છે. :-** એ વાત પૂર્વ પુરુષો સારી રીતે સમજતા હતા. પોતે ગમે તેવા પાકા છતાં પરસ્ત્રી સાથે એકાંતમાં બેસવાની રાભસવૃત્તિ કરતા નહોતા, નહિતર માને ને કદાચ આપણે મનોબળિયા બની જરાય દ્રષ્ટિનોય કુપ્રસંગ ન



કરીએ, પણ સામાની બુદ્ધિ બગડી તો ? સામી વ્યક્તિ છૂટછાટ લઈ હસી ખીલી બોલવાનું જોવાનું કરે, મનની ઢીલી પડે, પછી આપણી કઈ દશા ? એકાંત ભયંકર છે, સારા સારાને પણ મુંઝવી નાખે ! કાળીદાસ જેવો મહાકવિ અને સરસ્વતીનું વરદાન પામેલો, એ એકાંતમાં મુંઝાયો, ભાનભૂલો બન્યો ! તે ય કોના સંસર્ગે ? પારકી સ્ત્રીના નહિ પોતાની જ છોકરીના સંસર્ગે ? એકાંત કેટલું ભયંકર ?

**કવિ કાળીદાસનો એકાંતનો કડવો અનુભવ :-**

વાત એમ હતી કે રાજાએ સભામાં પૂછયું કે સૌથી વધુ ભયંકર કઈ ચીજ ? ઠીક ઉત્તર ન મળતાં કાળીદાસને જ ઉત્તર કરવા કહ્યું. આ તો મહાન ભેજાબાજ, તે એકેક ચીજની ભયંકરતા વિચારે ત્યાં એક કરતાં બીજી, ને બીજી કરતાં ત્રીજી ભયંકર લાગે ! બરાબર જવાબ નથી જડતો, રાજાએ મહેતલ આપી, તેય કડક મહેતલ ! જવાબ ન મળે તો કડક સજા સમજી રખાવવા સાથે.

કાળીદાસ ઘરે આવે છે, ઉદાસ છે, એટલે પોતાને બહુ વહાલી પોતાની છોકરી પૂછે છે, 'કેમ પિતાજી ! આમ ઉદાસ ?' આગ્રહથી પૂછતાં એને રાજાનો આદેશ કહ્યો, છોકરી કહે 'એમાં શું છે ? જવાબ હું કહીશ.'

બસ, પછી અવસર પામી શૃંગાર સજી એકાંતમાં બાપને સંગીતમય ગીત સંભળાવે છે. કોયલ-કંઠના મીઠા મધુરા કોમળ સૂર રણઝણ્યા, પાછું, ગીત શૃંગાર ભરેલું, શ્રવણ એવું દર્શન એવું, તેય હાવભાવ અને કામના અભિનય સાથે,' શું બાકી રહે ? કાળીદાસને ઉન્માદ ચડ્યો ! એમાંય સાંજ પછીનો સમય, દીવો નહિ, ગમે તેટલું સાબુત મન આવા ઉત્તેજક સંયોગમાં શેં સ્વસ્થ રહે ? છોકરીએ રંગ જોયો, તરત ચૂપકીથી ખસી જઈ પોતાની માતાને અંદર મોકલી દીધી. કાળીદાસ તો ઉન્માદના જોરમાં ક્ષણભર આંખ મીંચી બેઠો હતો, વળી અંધારું હતું, એટલે એને આ ફેરફારની ખબર જ ન પડી. એને છોકરી ગયાનો ખ્યાલ નથી એ તો અતિ ઉન્માદવશ ઊભો થઈ ગયો, જે પલંગ તરફ ધસ્યો ! ભાન ભૂલ્યો સવારે રાજાના પ્રશ્નપરની ઉદાસતા કરતાં તો આ ઉદાસતા અતિશય તીવ્ર છે. છોકરી પૂછે, કેમ ઉદાસ ?'

શું કહે ? અત્યંત લજ્જાથી મોં નીચું છે. ફરી પૂછે છે

કાળીદાસ કહે,-શું પૂછે છે ?

છોકરી આશ્વાસન આપે છે, મુંઝાશો નહિ, એ તો હું નહિ મારી માતા. જુઓ આ ત્યારે એને આપેલા નિશાની તમારો ઉન્માદ કળી જઈ હું ખસી ગયેલી.' કાળીદાસનું મન હવે શાંત પડ્યું. છોકરી કહે છે, 'બસ, જોયું ને ? એકાંત કેટલું ભયંકર ?'

કાળીદાસ સમજી ગયો. રાજાને ઉત્તર દઈ દીધો. રાજા પ્રસન્ન થયો.

અહીં સીતાજીને વનમાં રામચંદ્રજી ક્યાંય બહાર ગયા હોય ત્યારે પોતાને અને લક્ષ્મણને એકલા રહેવાના કેટલીયવાર પ્રસંગ આવે છે. પરંતુ શીલની મર્યાદા સાચવવા સીતાજી પોતે એકલા ઝુંપડીમાં અને લક્ષ્મણ એકલા બહાર બેસતા હશે, ત્યારે જ પળાતી હશે ને ? એમને ઓરતા નથી થતા કે લાવ, દિયરિયાને અંદર બોલાવી અગર પોતે એની સાથે બહાર બેસી વાતોચીતો કરું. 'બળ્યું આ એકલા અટુલા તે કેટલું બેસી રહેવાય ?' ના, કોઈ જ ઓરતો નહિ, કોઈ મર્યાદાનું ઉલ્લંઘન નહિ. મહિનાના મહિના ને વરસોના વરસો જાય તોય શું થઈ ગયું ?

**પાળ ગયે પાણી વહી જાય :-**

જીવન-વિકાસ સાધ્યા હોય યા સાધવા હોય, આત્માના મહાન વિકાસ કર્યા હોય કે કરવા હોય તો દરેક જાતની મર્યાદા અખંડ પાલન જોઈએ. અને એમાંય વિશેષ કરીને શીલની પાલન માટેની મર્યાદા સંયમનની મર્યાદા તો બરાબર સાચવવી જ પડે. ખબર છે ને, **મર્યાદારૂપી પાળ ભંગાઈ જતા તળાવના પાણીની જેમ આત્માનું સત્ત્વરૂપી પાણી વહી ગયું સમજો.**

આજના કોલેજીયન છોકરા-છોકરીઓનાં અને પરણિત યુવક-યુવતીઓનાં પણ ઉદ્ભટ વેશ-પરિધાન, વાતચીત-મિલન-પરસ્પર દર્શન વગેરે મર્યાદાના ઉલ્લંઘન અને એનાં કારમાં પરિણામ જુઓ છો ને ? કેવું કેવું સાંભળવા મળે છે ! કદાચ છેલ્લી હદે હજી ન ગયા હોય, તોય એમનાં બીજા ચેનચાળા, ચેષ્ટાઓ અને છુટછાટ કેટલી બધી શરમ વિનાની દેખવા મળે છે ! જુના રિવાજવાળાઓમાં પણ જમાનાના રંગથી એકાંતમાં પરસ્ત્રી પુરુષના હસી ખીલીને વાતચીત-મિલન વગેરે ય ચાલે છે ને ? એકલા-અટુલાપણાની હૈયાની તુચ્છ વિહ્વળતા-અકળામણ શાંત કરવા મર્યાદાઓના ભંગ કેટલા ફાલ્યાફૂલ્યા છે ! ભર્યા કુટુંબ વચ્ચે પણ સાસુ, જેઠાણી, નણંદ કે મા બાપ મોટાભાઈ વગેરેની લાજ-શરમ છોડી નાનડિયાની કેવી છુટછાટ ભરી વાતોચીતો વગેરે ચાલી પડી છે !

સીતાજી અને લક્ષ્મણને એમાંનું કશું છે ? કોઈ અકળામણ, કોઈ ઓરતા, કોઈ ખણજ ખરી ? ના, જરાય નહિ; કેમકે આત્માના વિકાસ ઈચ્છનારે તો એના પડછાયાથી ય દૂર રહેવાનું હોય છે. કુળલાજ, વડીલલાજ અને ધર્મલાજના માથે ભાર એટલા બધા રખાય કે ક્યાંય આડાઅવળા ચસકવા જ ન દે.

**વહેવારમાં ય વિવેક અને મર્યાદા પાલન :-**

ત્યારે, માનવજીવનમાં આવીને માત્ર ખોળિયે જ નહિ, પણ હૃદયથી માનવ બનવું હોય, બન્યા રહેવું હોય, તો વિવેક અને મર્યાદા પાલન તો પહેલાં સાચવવા



જોઈએ. ઘરમાં સંતાનને એનું પહેલું શિક્ષણ હોય. નિશાળમાં પણ એ પહેલેથી જ સારી રીતે ઠસાવવામાં આવે એકલા કલા-વેપારની આંટીઘુંટી શીખવાડી તેથી શું વળે ? જ્યાં એવો અવસર આવી લાગ્યો ને ત્યાં જો વિવેક ચૂક્યો, તો ગ્રાહક કે આડતિયા વગેરે સાથેની મર્યાદા ભૂલશે, ને ઊંધું મારશે ! એથી ઊલટું, વિવેક અને મર્યાદા પાલન સુંદર આવડતા હશે, એ કદાચ કળા-વેપારની એટલી બધી ઝીણવટ ન ય જાણતો હોય છતાં સારો સેલ્સમેન બની ગ્રાહકો વગેરેની પ્રિય થઈ પડશે અને એને વેપાર મનગમતો ચાલતો હશે !

**વીમા દલાલનું દૃષ્ટાન્ત :-**

વિલાયતમાં એક વીમા દલાલ એકવાર એક મોટા ઓફિસરને ત્યાં વીમાનું કેન્વાસીંગ કરવા માટે ગયો. પોતાનું વિઝિટીંગ કાર્ડ મોકલાવી અંદર જઈ બેસે છે, ત્યાં પેલો ઓફિસર બફારો કાઢે છે,- 'તમારા જેવા કેટલાય દલાલો અહીં આવી ગયા અને અમારો કિંમતી સમય બગાડી ગયા. તમે લોકો શા સારુ પૂંઠે પડતા હશો ? હું બિલકુલ વીમા-પોલીસી કઢાવવાનો નથી. હું એમાં માનતો જ નથી. હું તો તમારા વળગાડથી કંટાળ્યો છું.'

થયું ? વાત એમ મળી કે ઘણા અહીં આવી માથું ફોડી ગયા, અને આ માણસે કશું પરખાવ્યું નથી. એને આમાં શ્રદ્ધા જ નથી, રસ જ નથી. આ સાંભળીને નિરાશા ન થાય ? ઊઠીને ચાલતી ન પકડે ? પણ ના, આ વીમા દલાલ વીમા અંગેની ભારે હોશિયારી કરતાં વિવેકની હોશિયારી ધરાવતો હતો એના બળ ઉપર એ જરાય નિરાશ ન થતાં હસીને વાત કરે છે.

**વાત કરવાની હોશિયારી :-**

'આપે ઠીક વાત કરી. એ માટે હું આપનો આભાર માનું છું. મારે કોઈ એવું ગળે પડવાનું છે જ નહિ. આટલો આવ્યો છું તો જો આપને હરક્ત ન હોય તો થોડુંક આપના ધંધાના અનુભવ વિષે જાણવા માગું છું. અમારા વીમાના પ્રચારના ધંધામાં આપ જાણો જ છો કે ઘણી મુશ્કેલીઓ હોય છે. કદાચ આપના કિંમતી અનુભવમાંથી મને કોઈ બીજી લાભકારી ધંધાની દિશા મળી જાય.'

આ વીમા દલાલ વાત કરે છે એને આજુબાજુ નજર નાખી લે છે કે કોઈ વસ્તુ ઉપર એને બોલવાની તક મળી આવે. એમાં એવું બન્યું કે ઓફિસરનો નાનો છોકરો ત્યાં આવી જાય છે અને પોતાના પિતાને જુની ટિકિટો બતાવે છે. 'જુઓ પપ્પા ! આ કેવી સરસ ટિકિટો છે !'

ઓફિસર લાડથી છોકરાને આવકારે છે, અને ટિકિટોની પ્રશંસા કરે છે. 'બહુ સારી ભેગી કરી !'

વીમા દલાલે અહીં વિવેક વાપર્યો. પોતાના દફતર-પાકિટમાંથી કેટલાક આવેલા કવરો કાઢી એના પરથી જુદા જુદા દેશી ટિકિટો કાઢી છોકરા આગળ ધરતાં કહે છે, 'લે, આ તને પસંદ પડશે ?'

છોકરો એ જોઈને ખુશી ખુશી થઈ ગયો, પણ ઝટ હાથ ધરતો નથી. ખાનદાન છે ને ? છતાં બાપની સામે જુએ છે, 'આ લેવાય ?' એવી રજા લેવાની ઈચ્છાથી.

વીમા દલાલ તરત ઓફિસરને કહે છે, 'આ આપો એને ખુશીથી, અમારે કોઈ એનો ઉપયોગ નથી. અમારી કંપનીને તો દેશાવરો સાથે બહુ સંબંધ છે, એટલે આવી દેશદેશની કેઈ ટિકિટો આવે છે. છોકરાને ગમતી હોય તો હું બીજી લાવી દઈશ.'

**વિવેક આ કે સામાના રસમાં રસ લો. :-**

શો વિવેક વાપર્યો એણે ? એણે જોયું કે પહેલાં મને એ જોવા દે કે આ ઓફિસરને શામાં રસ છે ? છોકરામાં એને સારો રસ જોઈ, પોતે એમાં રસ લીધો. ત્યારે મનુષ્યનો આ સ્વભાવ છે કે **પોતાને જેમાં રસ છે એની વાત એ હોંશે હોંશે સાંભળશે.** બિમારને પોતાની બિમારી મટવામાં રસ છે ત્યાં મળવા આવેલો જો એની વાત કરશે તો તો રસપૂર્વક સાંભળશે. પણ એના બદલે,

**જો પોતાની પોક મૂકશે** કે 'આ મારે ય વ્યાધિ રહ્યા કરે છે. કેટલીય દવા કરી કાંઈ ઠેકાણું જ પડતું નથી. કામ કેટલાંય બગડે છે. ચેન જ ન પડવા દે. સવારે ઉઠવાનાય હોશ નહિ...' વગેરે વગેરે ચાલ્યું લેક્ચર ! પેલાને એ સાંભળતાં કંટાળો આવશે એ કંટાળતાં એના મનને થશે કે 'આ બલા હવે ક્યારે અહીંથી જાય.'

**એના બદલે જો આવનારો એનામાં રસ** દેખાડી કહેશે, 'ત્યારે તમે સારા વૈદ્યનો ઉપચાર લો એ જરૂરી છે. કેટલા વખતથી આ બિમારી ચાલે છે ? તમારા કામેય કેટલાંક બગડતા હશે. શું થાય ? બિમારી ચીજ જ એવી છે કે સુખ ન પડવા દે. પણ આજના તકલાદી કાળમાં બહુ સાચવીને ચાલવા જેવું છે. તમે તો સમજુ છો એટલે મારે શું કહેવાનું હોય ? બાકી તમારે જવાબદારીઓ વધારે, તેથી શરીર પર વિશેષ લક્ષ રાખવાની જરૂર રહે. મારા સરખું કામ કાજ હોય તો જરૂર કહેશો, સંકોચ રાખશો નહિ તમારા જેવા ગુણિયલ સ્નેહીની પીડા જોઈ મને તો મનને લાગી આવે...' જો આવું કંઈક કહેશે તો પેલાને એમ થશે કે 'કેમ આ વધુ બેસે. રોજ આવે,' સર્ટિફિકેટ આપશે કે 'માણસ સજ્જન છે, વિવેકી છે, માયાળુ છે...'

**સ્વ-પરમાં રસ લેવામાં ફુળમાં મોટું અંતર :-**



કેટલો બધો ફેર પડ્યો ? પોતાની વાત કરવામાં પરિણામ સારું કઈ નહિ, પોતાનું ય વળવાનું નહિ, ને સામો ઊલટું અભાવ કરે એ નુકસાન જુદું. ત્યારે સામામાં રસ લેવાથી એનો સદ્ભાવ વધે છે, એને આશ્વાસન મળે છે, અવસરે એ પણ આનામાં રસ લેવા તૈયાર થઈ જાય છે !

**વિવેક આ છે કે આપણી પોતાની** વાત કરતાં સામાની વાતમાં સામાને રસ છે, માટે એ પકડતાં સામાનો સદ્ભાવ વધે છે, પ્રેમ વધે છે, ને એ અવસરે આપણી સલાહ લેવા જેટલો આદરભાવ ઊભો કરે છે.

**સાધુ જો સંઘહિતમાં રસ લે :-**

સાધુને આવું બને છે કોઈ ગામમાં ચોમાસું ગયા, ત્યાં જો પોતાની જ વાત કરશે, 'જુઓ આ પુસ્તક લેવાનું છે, છાપવાનું છે, બહુ ઉપયોગી છે,...' વગેરે, તો ગામના લોકોને એમાં રસ નહિ હોય, સાધુ પર સદ્ભાવ નહિ વધે. પરંતુ જો સાધુ એમ ઉપદેશ કરશે કે 'આ તમારા ગામમાં પાઠશાળા કેમ નહિ ? સારો જ્ઞાન ભંડાર કેમ નહિ ? જ્ઞાન ભંડાર તો સંઘની એક મૂડી છે, ગામનું અલંકાર છે એથી સારા સાધુ-સાધ્વી ચાર દિવસ વધુ રોકાવા પ્રેરાય. વળી સાધારણ ખાતાનું કેમ ચાલે છે ? જુઓ સાધારણ વગેરે ખાતાની આવી આવી યોજના થઈ શકે.'

**દેરાસર માટે દુધ કેસર વગેરેની એક યોજના :-**

દા.ત. મંદિરમાં કેશર, સુખડ, વગેરેમાં ખૂટતું હોય, તો સુપનાની ઉછામણી પછી આની ઉછામણી બોલી શકાય. સંઘ આગળ આ રીતે વાત મૂકાય કે 'જુઓ ભાઈઓ ! આપણા દેરાસરમાં આટલા ભગવાન છે, એમાં આટલા પૂજા કરવા આવે છે. સરેરાશ રોજ ૧૦૦ માણસ દસેક ભગવાનની પૂજા કરે છે એટલે રોજની એક હજાર પૂજા થઈ. એમાં નવ અંગે તિલક કરે એ હિસાબે ૯,૦૦૦ તિલક થયાં. એવા વરસદહાડામાં લગભગ ૩૨ લાખ તિલક થાય. આ બધા તિલકમાં જે કેશર સુખડ તીર્થંકર ભગવાનના અંગે ચઢે એ સંઘને પૂરું પાડનાર કેટલો બધો ભાગ્યશાળી ગણાય ? બોલો, આ કેશર આપવાનો મહાન પુણ્યાનુબંધી પુણ્યનો લાભ કોને લેવો છે, બોલો ઉછામણી આમ રજુઆત થાય, પછી જુઓ ઉછામણીના આંકડા કેવા ચડે છે ! આવી આવી સાધરણ ખાતા માટે કોઈ યોજના કરી હોય તો સાધારણ ખાતા તરતાં થશે...' સાધુ જો આવી ગામની ધાર્મિક બાબતમાં રસ બતાવશે અને એમાંનું કાંઈક નક્કર કરીને જશે તો ગામવાળાને સાધુ ઉપર ભારે સદ્ભાવ ઊભો થઈ જશે. તાત્પર્ય પોતાના સ્વાર્થ કરતાં સામાના રસમાં રસ લેવાથી એનો સદ્ભાવ વધે છે. અલબત્ત આત્મહિતકર બને એવો રસ લેવાવો જોઈએ. વાત આ છે કે વિવેક કરવો જોઈએ કે વધારે સારભૂત અને ફળદાયી શું છે ?

**પેલા વીમા દલાલે** ઓફિસરનો રસ જોયો કે એને એના છોકરા પર બહુ પ્રેમ છે, છોકરાની ખુશીમાં એ બહુ ખુશ છે, તેથી બીજે ત્રીજે દિવસે એ જુના સ્ટેમ્પો લઈ આવ્યો છોકરાને આપ્યા, ને છોકરો પણ નહિ જોયેલા સ્ટેમ્પો જોઈ જાણે નાચવા કૂદવા લાગ્યો ! હવે ઓફિસર વીમા દલાલ સાથે પ્રેમથી વાતો કરે છે. એમાં વીમા દલાલે હોશિયારીથી આ કંપનીમાં વીમો ઉતરાવવાથી કેટકેટલા બોનસ, નીચા પ્રીમીયમ દર, હપ્તા વગેરે લાભો વીમો ઉતરાવનારને મળે છે. એ એના મન પર લાવી એને ચમત્કાર પમાડી દીધો, દિલ આર્વજ્યું છે ને ? એટલે હવે એની વાત રસથી ઝીલી. કહેવાની જરૂર નથી કે હવે તો ઉપરથી ઓફિસરે આનો આભાર માની સારી જેવી પોલીસી ઉતરાવી આપવા વિનંતી કરી.

કોણ વધે ? કળા-વેપારની ઊંચી ડીગ્રી ? કે વિવેક ? ક્યાં છે આજની સ્કૂલ-કોલેજોમાં આ શીખવાડવાનું કે વિવેક શીખો, વિવેકી બનો ? હજી તો આ વિવેક તો લૌકિક છે; પણ લોકોત્તર વિવેક વળી આથીય ઊંચો છે. એ જો જીવનમાં આવી જાય, તો આત્માનો વિકાસ કૂદકે ને ભૂસકે વધે. પંડિતાઈ નહિ કામ કરે એટલું આ વિવેક કામ કરશે.

**લોકોત્તર વિવેક આ, આત્માના લાભમાં ઊતરે એવાં મર્યાદા પાલન મૂકવા નહિ, ને આત્મઘાતક મર્યાદા ભંગના અભરખા નહિ;** મર્યાદાનો આઘે જઈને જે ભંગ કરાવે એવો સંભવ હોય એના પણ અભરખા નહિ.

**સીતાજી** આ સમજતા હતા કે દિયર લક્ષ્મણજી સાથે એકલા પડ્યા સામે મોંઢે વાતોના ટાયલા કૂટવા એ કુલીન સ્ત્રીની મર્યાદા બાહ્ય છે, એટલે એકલા પડ્યા પણ એમને એના અભરખા નહોતા ઊઠતા કે 'લાવો વાતચીતો કરી જરા મન મોકળું કરીએ ત્યારે તેમ પૂછવાના કે,'

**પ્ર.**- એકલા અટુલા રહેવામાં કંટાળો ન આવે ?

ઉ.- એ તો ખૂબી છે. પાસે કોઈ કામ નથી હોતું એટલે કંટાળો આવે છે. એકલો માણસ પણ જ્યાં સુધી કામમાં પડ્યો હોય ત્યાં સુધી કાંઈ નહિ, પણ નવરો પડે એટલે હવે કંટાળો લાગે છે. તો કહો,

**કંટાળો શાને છે ?**

**કંટાળો એકલા-અટૂલપણાનો નહિ, પણ પાસે કામ નથી એનો છે.**

અથવા કેટલાકને વાતોચીતોનો નાદ લાગેલો હોય છે. તેથી કામ ચાલુ છતાં એનો રસ વાતોચીતોમાં લઈ જાય છે, અને વાત કરનાર ન મળે એટલે છતે કામેય કંટાળો આવે છે. સીતાજી પાસે આ બેમાંથી એકેય ચીજ નહોતી.

(૧) કામ વિનાનું બેકાર જીવન નહોતું. તેમ



(૨) ફજુલ વાત-ટાયલાંનો રસ નહોતો.

**કોઈપણ ઉત્તમ આત્માને ફજુલ વાતોચીતોનો રસ હોય નહિ.** કેમકે એવી વાતો નિષ્ફળ છે. નિષ્ફળ પ્રવૃત્તિ વિચારક પ્રેક્ષાવાન માણસ કરે નહિ. એ તો અધમ માણસોનાં લક્ષણ કે નિષ્ફળ પ્રવૃત્તિમાં ય એને રસ હોય. ફજુલ વાતચીતોથી વાસ્તવિક ફળ કાંઈ નથી આવતું. એ નિષ્ફળ છે. તો ઉત્તમને એનો શો રસ હોય ?

**પ્ર.**- મન ફોરું કરવા રૂપી ફળ છે ને ?

ઉ.- તો એનો અર્થ એ થશે કે પહેલાં કર્તવ્યો બજાવવામાં મન ભારે થયું હતું તે હવે તુચ્છ ગામતડાકા ઠોકતાં ફોરું થાય છે. વિચારવા જેવું છે કે

**જેને કર્તવ્ય બજાવતાં મન ભારે થતું હોય એને કર્તવ્ય પાલનનો રસ કેટલો ?** રસ હોત તો હોંશે હોંશે કરત; એ હોંશમાં મનને ભારે થવાને કારણ નથી. જો ભારે થાય છે તો એનો અર્થ એ, કે કર્તવ્ય પાલન કરવામાં મનને હોંશ નહોતી.

**કર્તવ્ય પાલનમાં રસ અને તુચ્છ-ક્ષુદ્ર વાતો-તડાકાનો રસ હોય એવા આત્માની કક્ષા કઈ ગણાય ?**

મુશીબત આ છે, કે આપણે એ જોવા નથી રહેતા કે કેવી પ્રવૃત્તિ કે વાતોચીતો યા કેવા બોલ અને વિચારસરણીથી આપણે કેવી કક્ષામાં મુકાઈએ છીએ ? અધમ, મધ્યમ કે ઉત્તમ ?

**જેવી કક્ષા તેવી બોલ-ચાલ અને વિચારણા**

ઉત્તમ માણસોની એ ઉમદા રહેવાની, મધ્યમની મધ્યમ અને અધમની અધમ, તુચ્છ-ક્ષુદ્ર.

ત્યારે એમ નથી સમજવાનું કે

**પ્ર.**- તો પછી કક્ષા તો પૂર્વની જેવી લાવ્યા તેવી જ રહેવાની, અને તેવી જ બોલ-ચાલ-વિચારણા ચાલવાની. એમાં અધમ કક્ષાની ખબર પણ પડી તેથી થોડો જ ફેરફાર થવાનો ?

ઉ.- ના, કક્ષા જો પૂર્વની જ ચાલ્યા કરવાની હોય તો તો જીવનો કદીય મોક્ષ જ ન થાય ! કેમકે પૂર્વ પૂર્વ જોતા અનંત કાળ પહેલાં તો જીવની કક્ષા અધમ જ હોય છે, તે જો પછી ઠેઠ સુધી ચાલ્યા કરતી હોય છે, તો ઉત્તમ થવાની ક્યાં, ને મોક્ષ થવાનો શી રીતે ? માટે કહો એવું નથી.

**કક્ષામાં સુધારો કરી શકાય છે;** ને તે બોલ-ચાલ-વિચારણા પહેલાં મન મારીને પણ ફેરવવાથી ઉત્તમ કરવાથી થઈ શકે.

સહેજે સહેજે બોલ-ચાલ-વિચારણા ચાલે છે, તે સહેજે તેવી કક્ષાના હિસાબે, પરંતુ પુરુષાર્થથી એને ફેરવી શકાય છે. આપણે જાણતા ય હોઈએ કે આપણા આત્માની અધમ કક્ષા છે, છતાં જો મન પર લઈને ખાસ પ્રયત્નપૂર્વક બોલચાલ વિચારણા ઉમદા કરવાનું કરીએ તો તે શક્ય છે. અલબત્ત પ્રારંભમાં એ સહેજે નહિ થાય; એ તો મન મારીને જ કરવી પડશે; છતાં એમ લાંબો કાળ અભ્યાસ પાડતાં, પછી એ સહજ બની જાય છે. એનો અર્થ આ કે

(૧) સહજ ભાવે પહેલા કક્ષા કામ કરે છે, કક્ષા મુજબ બોલચાલ-વિચારણા ચાલે છે.

(૨) પણ પછી પુરુષાર્થ કામ કરે છે, અર્થાત્ પ્રયત્નપૂર્વકના બોલ, ચાલ કે વિચારો મુજબ કક્ષા ઘડાય છે, પૂર્વની કક્ષા બદલાય છે. માટે તો ઉત્તમ ખાનદાનીના માણસો ખરાબ સંગને કે ખરાબ વાંચનથી અધમ કક્ષાના બની જાય છે; ત્યારે અધમ પણ જીવો સારી સંગતે કે સારા વાંચને ઉત્તમ કક્ષાના બની શકે છે. સત્સંગ અને શાસ્ત્ર શ્રવણનું આ ફળ છે કે જીવને અધમ કક્ષામાંથી ઊંચે લાવી ઉત્તમ બનાવે. પણ કેવી રીતે ? ઉત્તમ બોલ-ચાલ-વિચારણા શીખવીને. સત્સંગ-શાસ્ત્ર શ્રવણના પ્રભાવે જીવ સારી વિચારણા, સારી વાણી અને સુંદર કાર્યોને મન મારીને પણ કરતો થાય, એટલે એની કક્ષા સુધરવા માંડે છે. અલબત્ત લાંબો અભ્યાસ રાખવો પડે. એકાદું કોઈક સારું કામ કરી લીધું તેથી કાંઈ ઉત્તમ ન બની જવાય. સંભવ છે કે એ કોઈ લાલચેય કર્યું હોય તેથી શું વળે ? એ તો નાના કે મોટા કોઈપણ પ્રસંગમાં ઉત્તમ જ કાર્ય કરવાનો ઉત્તમ જ બોલ બોલવાનો અને ઉત્તમ જ વિચારો કરવાનો આગ્રહ રાખવો જોઈએ; માનસિક નિર્ધાર જોઈએ કે હું નાની પણ બાબતમાં કાર્ય-પદ્ધતિ ઉત્તમ જ રાખવાનો, બોલ ઉમદા જ બોલવાનો, વિચારો પણ ઉમદા જ કરવાનો.

**મન પર લઈને કરાતા ચોક્કસ પ્રયત્ન પુરુષાર્થનો પ્રભાવ પડે છે કે એ સારા વિચાર-વાણી-વર્તાવ કરાવી આત્માનું ધોરણ ઊંચું લાવે, કક્ષા સુધારી દે.**

**કક્ષા કેમ સુધરે ?**

માટે તો શાસ્ત્રકારો ધાર્મિક આચાર અનુષ્ઠાનો પર ભાર મૂકે છે. એ કરતા રહો એટલે આત્મામાં સુધારો થતો આવશે, એમ કહે છે. એના બદલે જો દુનિયાના રવાડે ચડી દેખાદેખી પાપભરી, મોહમૂઢ, અજ્ઞાન-બાલિશ બોલ-ચાલ-વિચારણાની પ્રવૃત્તિ રાખ્યા કરશો તો ઊંચા આવી રહ્યા. જો આખો દિવસ વેપાર-રોજગાર કર્યા



કરો અને ઘરે આવ્યા પછી ય સાંજે રાતે એની જ વિચારણા અને વાતો ચીતો કરતા રહો, તો તેથી આત્મામાં સુધારો નહિ થાય. એમાં તો જીવ એનો એ જ અર્થરસિયો યાને પૈસાનો પૂજારી જ બન્યો રહેવાનો. એ તો અતિજરૂરી કરવા પડતા ધંધા નોકરીના વ્યવસાય સિવાયના બચેલા સમયમાં સત્સંગ, શાસ્ત્ર શ્રવણ અને ધાર્મિક ક્રિયાઓ, ધાર્મિક આચરણો, ધાર્મિક વાંચન રોજના રખાય, વાતોચીતો પણ ઉમદા જ કરાય, અને વિચારો પણ હલકટ છોડી દઈને સારા, સુંદર, ધર્મની લાઈનના કરતા રહેવાય, તો દિલમાં ધર્મનો સહજ રસ જાગે, હોંશ જાગે, અને આત્માની કક્ષા સુધરતી આવે.

ત્રણેય ઉત્તમ જોઈએ, ઈન્દ્રિયો સહિત કાયાની પ્રવૃત્તિ, વાણીવ્યવહાર, અને વિચારસરણી. તો જ આત્મામાં સંગીન સુધારો થતો આવે. એટલે પછી એ પ્રશ્ન નહિ ઊઠે કે ‘દેવદર્શન સામાયિક-પૂજાદિ ધર્મક્રિયા કરનારા ક્યાં સુધરે છે ? એમનાં હૈયાં જુઓ તો દેખાય છે કે એ બહાર કેવું વર્તે છે ? કેવો રોફ, કેવા રોષ કેવા છળપ્રપંચ કરે છે !’-આ પ્રશ્ન નહિ ઊઠે, કેમકે અહીં તો બોલ, ચાલ, વિચારણા ત્રણેય ઉમદા બનાવવાની વાત છે. દેવદર્શન કરવા તો આવ્યો, પણ કંઈક વાંકું પડતાં બોલ ગુસ્સાના કાઢે છે, અગર વિચારો દુનિયાદારીના કરે છે તો સુધારો ક્યાંથી થાય ? વિચાર-વાણી-વર્તાવ ત્રણેય સારા જોઈએ, ઉમદા જોઈએ, પવિત્ર જોઈએ. અલબત્ત બનવા જોગ છે કે પ્રારંભમાં વિચારો મેલા આવી જતા હોય, પણ એના પર અંકુશ મુકવાનો ધરાર પ્રયત્ન તો જોઈએ ને ? સારા સારા વિચારો કરવાની મહેનત તો કરવી પડે ને ? એ માટે ભરપૂર સત્સંગ-શાસ્ત્ર શ્રવણ-શાસ્ત્ર વાંચન પણ રાખવું જોઈએ ને ?

**વિચારોને શુદ્ધ કરવા માટે આ સાધનો છે, :-**

(૧) સત્સંગ ખૂબ કરો;

(૨) શાસ્ત્રોની તત્ત્વની વાતો અને મહાપુરુષોના ચરિત્ર તથા આચારની પ્રક્રિયા ખૂબ સાંભળો.

(૩) ઘેર બેઠા પણ એવું જ વાંચન અને વાતોચીતો રાખ્યા કરો;

(૪) મેલા વિચારો અટકાવવા માટે સતત જાગૃતિ ચોકી પહેરો અને રોકવાનો પ્રયત્ન કર્યા કરો.

(૫) તુચ્છ વાતોચીતો, કુથલી, વિકથા બંધ કરો.

(૬) બને તેટલી વધુ પ્રમાણમાં ઉમદા પ્રવૃત્તિ, ધાર્મિક ક્રિયા અને ધાર્મિક આચારો સેવતા રહો.

આ કશું કરવું નથી, ચાલુ તુચ્છ અધમ રીતરસમો ફેરવવી નથી, ને બૂમ

માર્યા કરવી છે કે 'અમને વિચારો કેમ ખરાબ આવ્યા કરે છે ? આડાઅવળા વિચારો કેમ ચાલ્યા કરે છે ?' ચાલશે, એમજ ચલાવવું હશે તો જિંદગી સુધી જ શું, પરલોકમાંય ચાલ્યા કરવાનું. એની સુધારણાના ઉપાયો ખાસ મન કરીને આચર્યા વિના સુધારો ક્યાંથી થવાનો હતો ? સાધુ પાસે બેસવું નથી, વ્યાખ્યાન વાણી સાંભળવી નથી, સાંભળી તોય ઘરે જઈને પણ ઉમદા વાંચન ચિંતન કરવું નથી, ઊલટું તુચ્છ ક્ષુદ્ર અધમ વાતોચીતો વિકથા, કુથલી સારી પેટ ભરીને કરતા રહેવું છે, હલકા વિચારો નિરંકુશપણ કર્યા કરવા છે. સામાયિક-વ્રત-નિયમ-તપસ્યા-દાન-ભક્તિ વગેરે કરવું નથી, હરવું-ફરવું દુનિયાના પાપ વ્યવહારો કરતા રહેવું આ ભરચક કરવા જોઈએ છે. પછી વિચારો મેલા ન આવે, આડાઅવળા ન આવે તો બીજું શું આવે ?

**એ તો સારું જેટલું કરવું હશે તે પહેલાં તો મન મારીને બળિયા થઈને નરસું રોકી સારું કરતા રહેવા માટે ધરખમ લગની અને પુરુષાર્થ જોઈશે.**

**વાતોચીતોનો રસ કેમ મટે ?**

અસ્તુ. વાત એ હતી કે આત્માની કક્ષા આત્માનું ધોરણ ઊંચું લાવવા માટે ઉત્તમ બોલચાલ અને ઉત્તમ વિચારણાનો જ આગ્રહ રાખવો જોઈએ. મન મારીને પણ એવો પ્રબળ પ્રયત્ન જોઈએ. એથી કક્ષા ઊંચી આવતાં લાંબા અભ્યાસ પછી સહજ ભાવે ઉત્તમ-બોલ-ચાલ-વિચારણા ચાલશે. કક્ષા ઊંચી બની ગયા પછી તુચ્છ ક્ષુદ્ર વાતોચીતોના અને ગામગપાટાના રસ નહિ રહે, એ કરવાનું મન જ નહિ થાય. એટલે કાંઈ કામ લઈ બેઠા એમાં એવી વાતો કરનાર ન મળ્યો તો છતે કામે કંટાળવાનું નહિ બને.

**વાતોચીતોથી આત્મધોરણ ઊંચું ન આવે :-**

**અધકચરીયા પંડિતો** શાસ્ત્ર ભણાવવા બેઠા હોય પણ તુચ્છ વાતોનો રસ હોય છે એટલે એકલું ભણાવ્યે જવામાં એમને કંટાળો આવે છે તે વચમાં વચમાં આડી અવળી ફજુલ વાતો કરવાનું મન થાય છે. ત્યાં સમજવું પડે કે સારું કામ લઈ બેઠા પછી એમાં કંટાળો શાનો આવે છે ? તુચ્છ વાતો કેમ કરાય છે ? કક્ષા એટલી ઊંચી નથી આવી માટે સ્તો. સાધુ પણ જો પોતાનું આત્મધોરણ ઊંચું લાવવા નહિ મથે, તો એને પણ નીચી કક્ષાના યોગે ક્રિયા કરતાં કે શાસ્ત્ર સ્વાધ્યાય કરતાં કંટાળો આવશે અને વચમાં વચમાં ફજુલ વાતોચીતો કરવાનો રસ રહેશે.

એટલે વાત આ છે કે છતે ચાલુ કામે પણ વાતોચીતો કરનાર નથી મળતા તો કંટાળો આવે છે, એટલે પછી કામકાજ ન હોય અને એકલા પડ્યા હોય એટલે કંટાળો આવે એમાં નવાઈ નથી. સીતાજીને વનવાસમાં પણ એકલા પડ્યાનો



કંટાળો કેમ નહોતો ? કારણ આ જ કે એમની કક્ષા ઊંચી હોવાથી એમને તુચ્છ ફજુલ વાતોના તડાકાનો રસ નહોતો તેમજ એકલા પડે છતાં કામ વિનાના નવરા નહોતા. તેમજ એકલા પડે છતાં કામ વિનાના નવરા નહોતા. એટલે જ લક્ષ્મણજી સાથે ફજુલ વાતતડાકા અને ટહેલટપ્પાં મારવાની જરૂર નહોતી. એથી જ બન્નેને પરસ્પરનાં અંગો સામે જોવાના પ્રસંગ નહોતા બનતા. ત્યારે પૂછો.

**પ્ર.**- સીતાજીએ વનવાસ જેવામાંય એવું શું કામ રાખ્યું હશે કે એમાં પરોવાયેલા રહેવાથી એકલા અટુલા પડવાનો કંટાળો નહિ આવતો હોય ?

**નવરા પડ્યાનાં સારાં કામ :-**

ઉ.- કામ તો રાખ્યું હશે એ વાત તો નક્કીને ? નહિતર કહે છે કે નવરો પડ્યો નખ્ખોદ વાળે; અર્થાત્ અધમ વિચારો કરી કરીને કાં પાગલ જેવો થાય અગર દુષ્ટ યોજનાઓ ઘડે ને દિલની લેશ્યા બગાડે, એટલે સીતાજીએ કામ તો રાખેલું જ. હવે જ્યારે શાસ્ત્રમાંથી એમના રોજીંદા જીવનનો વિસ્તૃત કાર્યક્રમ જોવા નથી મળતો, ત્યારે અનુમાન પર આવવું પડે કે ગામની કોઈ બાઈઓ આવે જાય અને પરોપકાર-બુદ્ધિથી સારી સલાહ શિખામણ આપવી, એ એક કાર્ય હોય. કેમકે ઉત્તમ જીવો સ્વાર્થપરાયણ નહિ પણ પરાર્થપરાયણ હોય પરોપકાર તત્પર હોય છે. એમાંથી નવરા પડ્યા ત્યારે ઉત્તમ તત્ત્વચિંતનનું મહાન કાર્ય રાખ્યું હોય.

પિતાને ત્યાં ઊછરેલા ને જંગલના રોઝની જેમ નહિ, પણ ઉત્તમ કળા-શિક્ષણ લેતાં લેતાં ઊછરેલા. એમાં તાત્ત્વિક વાતોનો અભ્યાસ-અધ્યયન હોય, શાસ્ત્રોનું શિક્ષણ હોય એ બધું લઈને અહીં આવેલા. એમની પાસે એની રટણા એના પર ચિંતન-મનન કરવાનું કામ મોટું હોય એમાં નવાઈ નથી. અવસરે અવસરે ઉત્તમતા ઝળક્યા કરે છે, રાવણની કેદમાં પણ પરપુરુષ હનુમાનની કાંધે બેસી ભાગી છૂટવાની વાત નહિ, કિન્તુ રામ આવીને છોડાવી જાય નહિ ત્યાંસુધી એમજ એકલા અટુલા બેસી રહેવાનું કર્યું હશે તે શું રોઈ રોઈને ? હલકા વિચારો, સંકલ્પ-વિકલ્પો કે દુર્ભાવનાઓ કરી કરીને ? ના જરાય નહિ, એ તો ત્યાં પણ પોતાના પૂર્વ સુશિક્ષણના અભ્યાસનો ઉપયોગ કરીને તત્ત્વચિંતન, વિશ્વના જીવોની પરિસ્થિતિ, કર્મના વિચિત્ર વિપાક, વગેરેનું ચિંતન કર્યા કરતા હશે, માટે ત્યાં પણ સ્વસ્થ અને સ્વચ્છ હૃદય જાળવી શક્યા છે; અને રાવણના કોઈ પણ પ્રલોભન કે ભયને વશ થયા નથી.

**ઉત્તમ તત્ત્વચિંતન, ઉત્તમ ભાવનાઓ, મહાપુરુષોના જીવન પ્રસંગો યાદ કરી કરી તે પર વિચારણા, વગેરેનું મહાન કાર્ય એ એકલવાયાપણાનો કંટાળો કે હલકા વિચાર અને સંકલ્પ વિકલ્પ-વ્યાકુળતાદિથી બચાવે છે. મહાસતી દમયંતીએ** વનવાસમાં

ગુફામાં એકલી અટુલીએ સાત વરસ કાઢ્યા ! શે નીકળ્યા હશે ? આમ જ, પરમાત્મ ભક્તિ, પ્રાસંગિક પરોપકાર, તત્ત્વચિંતન, નવસ્કાર મહામંત્રનું સ્મરણ... વગેરેમાં લીન રહીને. એમણે શ્રી શાંતિનાથ પ્રભુના માટીના પ્રતિમાજી બનાવી લીધા હતા. એમાં નવકાર મંત્ર પૂર્વક પ્રભુની માનસિક સ્થાપના કરી લીધી હતી અને પછી વનનાં પુષ્પોથી રોજ પૂજા અને ભાવના ભક્તિ એ કરતી. બાકી તત્ત્વ ચિંતન, શાસ્ત્રોની વાતોનું સ્મરણ, નવકાર જાપ વગેરે કાર્ય ચાલે ત્યાં પછી પુરુષો સાથે ગપ્પા મારતાં બેસવાનું મન પણ શાનું થાય ? કે એકલા અટુલા પડ્યાનો કંટાળો અને હાયવોય પણ શાની હોય ?

**મહાસતીઓના કષ્ટ પ્રસંગ :-**

એવું જ હરિશ્ચંદ્ર રાજાની **રાણી તારામતી,** મદનરેખા, નર્મદાસુંદરી, કલાવતી, દ્રૌપદી, ચંદનબાળા, અંજનાસુંદરી વગેરેને પ્રસંગ આવ્યા તો એમજ શાંતિથી પસાર કર્યા. તારામતીને પરઘેર દાસી તરીકે વેચાવવાનો અવસર આવ્યો, **મદનરેખાને** શીલરક્ષાર્થે જંગલમાં ભાગી જવું પડ્યું, **નર્મદાસુંદરી સુર-સુંદરી** ને પતિ પરદેશ દ્વીપમાં એકલા છોડી ભાગી ગયા, **ચંદનબાળાને** ત્રણ દિવસ ભોંયરામાં પૂરાવાનું આવ્યું. **કલાવતીને** કાંડા કપાઈ જંગલમાં મુકાવું પડ્યું, ઈત્યાદિ ઈત્યાદિ પ્રસંગોમાં એ મહાસતીઓએ દિવસ કેવી રીતે ગુજાર્યા ? રોઈ રોઈને નહિ. સ્વસ્થતાથી તે તત્ત્વચિંતન-પરમાત્મ સ્મરણ પૂર્વપુરુષનું સ્મરણ વગેરે ઉમદા કાર્યની ઓતપ્રોતતા રાખીને; સીતાજીનું પણ એમ સમજવું.

**આ વિવેક છે કે જે પરિસ્થિતિ આવી પડી એમાં સ્વાત્માની હસ્તગત શુભ કમાઈ જતી નહિ કરવી ને હાથે કરીને અશુભ સ્થિતિને નોંતરવી નહિ. એકલા જેવું જીવન આવ્યું તો ખેદથી બળવું શા માટે ? જીવને પ્રફુલ્લિત રાખવા આવા પરપુરુષ સાથે વાત ટાયલાં કે કુથલી જેવો હલકો ઉપાય શા સારુ અપનાવવો. લોકોત્તર વિવેક આ છે કે જે રીતે વધુ આત્મલાભમાં ઉતરે એ રીતે અવશ્ય પકડવા યોગ્ય, અને નુકસાનકારી બનવા જાય એ ખાસ છોડવા જેવી.** સીતાજીએ વનવાસમાં પણ આખો દિવસ એકલી અટુલી સ્થિતિ છતાં લક્ષ્મણજી સાથે ઝુંપડીમાં એમને જોડે બેસાડી વાતોચીતોનાં ટાયલાં કેમ ન કુટે રાખ્યા ? આ લોકોત્તર વિવેક ઉપર જ કે,-

**સીતાજીનો વિવેક :-**

જીવને અનંતાનંત કાળનો આ સ્વભાવ છે કે વિજાતીય પ્રત્યે આકર્ષાયા રહેવું, સ્ત્રીને પુરુષ પ્રત્યે પુરુષને સ્ત્રી પ્રત્યે. એમાં નુકશાન આ છે કે એ આકર્ષણની મગજ પર એટલી બધી ઘેરી અસર હોય છે કે પછી મગજમાં ઉત્તમ વિચારો, ઉચ્ચ ભાવનાઓ વગેરે તેવું સ્થાન પામી શકતા નથી. ઊલટું એ આકર્ષણના પાત્રના જ



ગલિચ વિચાર બહુ આવ્યા કરે છે. એમાં વળી એકાંત મિલન, દ્રષ્ટિસ્થાપન, વાતોચીતો વગેરે ચાલે એટલે તો આકર્ષણ ભારે જામી જાય છે; ને આ ખતરનાક છે. ખૂબી તો પાછી એ કે આકર્ષણમાં મળવાનું કાંઈ નહિ, માત્ર વાસના વિકારનું સ્ફુરણ. એ મનને ક્ષણિક અધમ આનંદનો આવેશ. બાકી તો ઝુરવાનું, ધખવાનું, બળવાનું ને આતુર રહ્યા કરવાનું ! તાત્ત્વિક રીતે જોતાં જીવનું આમાં કાંઈ સીઝતું નથી, ઊલટું નિઃસત્વતા-પામરતા કંગાલિયતતા વધતી જાય છે. પછી નિઃસત્વ અને કંગાળ મગજમાં ઉત્તમ વિચારો ને ઊંચી ભાવનાઓ શાની સ્થાન પામે ?

**લોકોત્તર વિવેક આ શીખવે છે કે** આવા વિજાતીયનાં આકર્ષણ નિસ્સાર છે, અને એકાંત મિલન, દ્રષ્ટિપાત વગેરે એ હવસને પોષનારો છે. આ વિવેકને સીતાજી સમજતા હતા. તેથી વનવાસમાં પણ કડક મર્યાદાનું પાલન કરતા હતા. લક્ષ્મણજી દિયર ખરા, પતિ રામના નાના ભક્ત ભાઈ; પરંતુ પોતાને માટે તો પરપુરુષ જ કહેવાય.

**પરપુરુષની સાથે એકાંત મિલન બેઠક કે દર્શન યા એકાંતમાં વાતોચીતો હોય નહિ.**

આ કડક મર્યાદાપાલનનો પ્રભાવ એ કે મન સાત્ત્વિક ઉચ્ચ વિચારો અને અદ્ભુત સહિષ્ણુતા ગુણથી ભર્યું રહેતું, જેનો પડઘો પ્રસંગે પ્રસંગે પડતો દેખાય છે. રાવણ એમને આખા ને આખા ઉઠાવી લઈ લંકામાં પોતાના કબજા નીચે અશોકવાટિકામાં કેદ જેવા કરી રાખે છે, છતાં મન સ્વસ્થ રાખી શકે છે. એ પ્રતાપ સહિષ્ણુતાનો અને ઉત્તમ વિચારસરણીનો. પરપુરુષ સાથે લપનછપન કે લપેડાવેડા કર્યા હોય એનામાં આ ક્યાંથી આવી શકે ? પુરુષની પણ એ જ સ્થિતિ છે કે પરસ્ત્રી સાથે જો એકલી દ્રષ્ટિથી કે વિચારમાત્રથી પણ રાગભર્યા સંબંધમાં આવ્યા તો સ્વસ્થતા-સહિષ્ણુતા ગઈ ! વીર્ય-સત્વ ઓસર્યા ! વિવેક અને મર્યાદા-પાલન જ એમાંથી બચાવી શકે, એવાં અધમ આકર્ષણથી દૂર રાખી શકે.

**આત્મ વિકાસ સાધવા હોય એણે :-**

**(૧) આ જ્વલંત વિવેકનો દીવડો જાગતો રાખવો પડે, એ મર્યાદાપાલનનો કડક સંયમ વ્યાયામ ચાલુ જ રાખવો જોઈએ.**

**(૨) આત્મા પાસે પરમાત્મસ્મરણ, તત્ત્વચિંતન, શાસ્ત્રપારાયણ, મહાપુરુષોના જીવન પ્રસંગ પર પુનઃ પુનઃ દૃષ્ટિપાત, વગેરે કામ એવા જ રખાવવા કે બીજેથી નવરા પડ્યા કે એ કામ ચાલુ થઈ જ જાય પછી એકલા પડ્યાના અનર્થ નહિ પેસે.**

## • સ્વાર્થ વિસ્મરણ-પરાર્થધગશ •

**લક્ષ્મણના હાથે ખૂન :-**

હવે સીતાજીનો એક પ્રસંગ સ્વાર્થ વિસ્મરણ અને પરાર્થધગશનો આવે છે. વાત એમ બની છે કે રાવણની બેન સુપર્ણખાનો પુત્ર જંગલમાં વાંસની ઘટાઝુંડમાં ઊંધો ટીંગાઈને ચંદ્રહાસ ખડ્ગની સાધના કરી રહ્યો છે. લક્ષ્મણ ફરતાં ફરતાં ત્યાં આવે છે. ઉપર ચંદ્રહાસ ખડ્ગ દેખી એ ઉપાડે છે, પણ ખબર નથી કે વાંસઘટાની ભીતરમાં પેલો ધ્યાનમાં લટકી રહ્યો છે. વાસુદેવપણાનું પુણ્ય અને બળ છે. તેથી દેવાધિષ્ઠિત જેવું આ ખડ્ગ ઉપાડીને ચલાવી શકે છે. એટલે ખડ્ગની ધારની તીક્ષ્ણતા ચકાસવા એને વાંસની ઘટા પર ચલાવે છે. યોગાયોગ બને છે એવું કે એમની અજાણતામાં તલવારનો ઘા વાંસ પર થઈને અંદર રહેલા એ સુપર્ણખાના પુત્રના ગળા પર ફરી વળે છે, ડોકું કપાઈ જાય છે ! લોહીનો ધોધ છુટે છે ! લક્ષ્મણને તરત ખ્યાલ આવી જતાં ભારે ખેદ અનુભવે છે કે 'અરે ! આ બિચારા કોઈ સાધકનું મારી ખોટી જિજ્ઞાસામાં મારે હાથે મોત થઈ ગયું !'

**ખોટી આતુરતાઓ :-**

જીવને કેટલીય મફતિયા જિજ્ઞાસાઓ થયા કરે છે, આ શું ? પેલું શું ? આનું શું મૂલ્ય હશે ? પેલાનો કોણ માલિક હશે ? આ કેમ ઊભા છે ? કોણ આવે છે ? શાનો અવાજ આવ્યો ? આનો શો ઉપયોગ ?...' આવી આવી કેટલીય જિજ્ઞાસા થયા કરે માટે તો જીવ ડાફોળિયાં માર્યા કરે છે, અમથો અમથો બજાર જોવા નીકળે છે. ગપ્પા મારવા બેસે છે, જે તે વસ્તુ ઉથલાવે છે, જે તે પૂછે છે, જેમાં-તેમાં માથું ઘાલે છે, મફતિયા પ્રવૃત્તિ કરે છે. જીવનમાં આનો શો ઉપયોગ ? કયો ગુણ પ્રાપ્ત થાય ? કઈ આત્મ-સ્વસ્થતા વધે ? કશું જ નહિ, ઊલટી અસ્થિરતા વધે છે, જે કર્તવ્ય લઈ બેઠો એમાં મનની એકાગ્રતા રહેતી નથી. વિશેષ કરીને ધર્મ સાથે તાર સંધાતા નથી. જિંદગીભર ધર્મક્રિયા કરતો રહે છતાં આ ન બને એ કેટલી મોટી કમનસીબી ?

**ખોટી જિજ્ઞાસાથી ધર્મધારા તૂટે :-**

એમ સમજતા નહિ કે 'દિલમાં તો ધર્મનો ભાવ અખંડ છે ને ?' અખંડ ક્યાંથી રહે, જો મફતિયા વસ્તુ તરફ અલ્પ પણ રાગયુક્ત જિજ્ઞાસાનો ભાવ ઉઠ્યો ? ત્યાં પ્રભુ-ભક્તિનો, સામાયિકના સમભાવનો, જાપ વિષયના બહુમાનનો ભાવ પેલાથી ખંડિત થયો.

માટે પહેલું આ કરો. જે તે જે તે જાણવા કરવાની ખણજ દાબતા ચાલો. ખણજને અમલમાં ન મૂકો. દુનિયામાં તો ઘણુંય ચાલે છે, ને ઘણુંય બને છે. બધે



ક્યાં જોવા જાણવા જઈએ છીએ ? ત્યારે દેખ્યાનું ઝેર છે ને ? નજર સામે આવે છે માટે લલચાવાનું ને ? રૂડા ધર્મયોગમાંથી હાથે કરીને દિલ ઉઠાવી લેવાનું ને ? મૂકો એ લપ. માની લેવાનું કે 'જાણે નજર સામે કાંઈ છે જ નહિ, મને મારું સંભાળવા દે. પરમાં માથાં ઘાલ્યે હાથમાં કશું નહિ આવે. આવશે તો રાગ, દ્વેષ, અને આર્તધ્યાન ! તેથી કર્મના પોટલાં.'

આત્મવિકાસ સાધવા આ એક ખાસ ઉપાય છે કે ખોટી જિજ્ઞાસા આતુરતા ખણજ નિષ્ફળ કરતા ચાલીએ, અમલમાં ન આવવા દઈએ. સીતાજી વિષમ પ્રસંગોમાં પણ સ્થિર મનવાળા રહી શકે છે, વ્યાકુળતા નહિ, વિહ્વળતા નહિ, એની પાછળ આ ઉપાય પણ કામ કરે છે. લક્ષ્મણજીના હાથે 'જોઉં તલવારની ધાર કેવી છે,' એ ખોટી જિજ્ઞાસામાં પેલા સાધકનું ગળું કપાઈ ગયું. પારાવાર ખેદ થયો પાછા વળ્યા.

**ક્રોધમાંથી કામવાસનામાં સુપર્ણખા :-**

એમાં ત્યાં એની મા સુપર્ણખા સહેજે પોતાના પુત્રને જોવા આવી ચઢી. એને આ જોઈ ગુસ્સો ચઢ્યો. કોણે હરામીએ દીકરાનું ગળું કાપ્યું ? એ ગુસ્સામાં પગલે પગલે આવી લક્ષ્મણ પાસે, હાથમાં તલવાર જોઈ સમજી ગઈ કે ખૂની આજ હોય, પરંતુ ત્યાં ગુસ્સો પલાયન ! કેમ વારું ? લક્ષ્મણજીના દેહના મનોહર રૂપ-લાવણ્ય-લષ્ટપુષ્ટતામાં રાગાન્ધ બની મોહિત થઈ ગઈ, કેવું વિચિત્ર ! પુત્ર મરણના શોક કરતાં કામવાસના જોર કરી ગઈ ! એ સૂચવે છે કે આ સંસાર કેવો ખતરનાક છે ! જીવને વાસનાથી કેવો જકડે છે ! એ પરથી સમજાય એવું છે કે ધર્મનો ખપ કરવો હોય એણે આ વાસના પર કેટકેટલો અંકુશ મૂકવો પડે ? પેલીને કામની વાસના જાગી ઊઠી ! કામનો ભાવ ઊઠે છે ત્યારે ક્રોધનો ભાવ છૂ ! એવું ક્રોધનો ભાવ ઊઠે, કે, લજ્જાનો-માનભંગનો જાગે ત્યારે પેલો ખત્મ ! એટલે કામવાસનાને દાબવાની આ એક ચાલ થઈ કે બીજો ભાવ જાગતો કરી દેવો. સુપર્ણખા મોહિત થઈ લક્ષ્મણને કહે છે 'મને પત્ની બનાવો.'

લક્ષ્મણ કહે, 'મોટાભાઈ બેઠા છે. એમના જ થાઓ.'

પેલી ગઈ રામ પાસે, 'પત્ની કરો ? રામ કહે, ના, મારે તો આ પત્ની છે, લક્ષ્મણ પાસે જા !'

આવી લક્ષ્મણ પાસે, એજ માગણી કરે છે. લક્ષ્મણ કહે છે, 'ના, હવે તો તમે મનથી મોટાભાઈને ઈચ્છ્યા એટલે મારા ભાભી થયા, ભાભીને ન પરણાય.'

**કામવાસનામાંથી ક્રોધમાં રાવણને ચડાવે છે :-**

સુપર્ણખાને લાગ્યું કે 'આ તો મને ઠેબે ચડાવી, એકેય સ્વીકારી નહિ, ઊલટું

બનાવી !' બસ, કામનો ભાવ પલાયન, ને ક્રોધનો ભાવ જાગ્યો. નક્કી કર્યું 'બનાવું આમને' ઉપડી ભાઈ રાવણ પાસે, અને પુત્ર મરાયાની હકીકત કહીને કહે છે, 'એ તો ગમે તેમ, પણ તારા અંતઃપુરમાં શો માલ છે ? ક્યાં એ સીતા ! અને ક્યાં તારી કુબડીઓ ?'

રાવણનું મન વિહ્વળ થયું સીતાના દેહનું, અંગોનું, રૂપનું વર્ણન સાંભળી ઉઠ્યો, ઉપડ્યો સીતાને ઉપાડી લાવવા.

સ્ત્રીના દેહનાં વર્ણન સાંભળ્યે પણ જો રાવણ જેવાને ય ઉન્માદી અને અનુચિત પ્રયત્ન કરતો બનાવે, તો આંખેથી સાક્ષાત્ એ દેખી બીજા અલ્પ સત્ત્વવાળાના શા ગજા કે એ બચી શકે ? દૃષ્ટિના દુરાચાર કેવા ભયંકર છે ? દર્શન અને શ્રવણ બંને ખતરનાક ! એથી ચિત્તની સ્વસ્થતા-શુભભાવ ખત્મ થઈ ઉન્માદ અને અનુચિત ભાવ દિલમાં ઘૂસે છે. પરસ્ત્રી સામે કેમ જોવાની મનાઈ ? આટલા જ માટે કે મન એથી ઉન્મત્ત અને અયોગ્ય ઈચ્છાવાળું બની જાય છે. બ્રહ્મચર્ય-સદાચારના રક્ષણ કરવા હોય એણે એ દર્શન અને શ્રવણ બંનેથી છેટા રહેવું જોઈએ. એ ન જાણ્યા સાંભળ્યામાં જ નવગુણ છે. જાણ્યું સાંભળ્યું ત્યાં મરો છો. હૈયું સુંદર રાખવું હોય એણે પરસ્ત્રીની સુંદરતા જોવા જાણવાના પચ્ચક્ખાણ જ કરવા પડે, એના ત્યાગની પ્રતિજ્ઞા જ રાખવી જોઈએ. આત્મવિકાસનો આ અતિ જરૂરી ઉપાય છે.

**હૈયું જ બગડ્યું, પછી વિકાસ દૂર, ને વિનાશ નજીક થશે.**

**સીતાજીને ઉપાડવા રાવણનું છટકું :-**

રાવણને સીતાના સૌંદર્યનું વર્ણન સાંભળીને ચટપટી જાગી. તે આવ્યો ઉપાડી જવા. પણ અહીં તો રામ-લક્ષ્મણ બેઠા છે એટલે એમની હાજરીમાં એની શી મજાલ કે એ ઉપાડી લઈ જઈ શકે ? એટલે એણે એમના મુકામથી થોડે દૂર એવો એક લડાઈનો તાકડો ગોઠવ્યો કે જેમાં રામ લક્ષ્મણને સહાય કરવા જવાનું થાય. એમાં રામ જવા તૈયાર થાય છે, એટલે લક્ષ્મણ કહે છે, 'આપ રહેવા દો, હું જાઉં છું. આપ અહીં રખેવાળી કરો.'

રામ કહે, 'પણ પછી ત્યાં દુશ્મનનું જોર વધુ હશે તો ?'

લક્ષ્મણ કહે છે તો હું સિંહનાદ કરીશ, આપ તે સાંભળી પધારજો.' રાવણ વિદ્યાબળે ગુપ્તપણે આ સંકેતને જાણી લે છે.

બસ. લક્ષ્મણ જાય છે લડવા. ત્યાં લક્ષ્મણને લડતો રાખી રાવણે જ જરા આગળ આવી રામને પણ લડાઈમાં ખેંચી લેવા સિંહનાદ કર્યો.

હવે અહીં એ અવાજ સાંભળી રામચંદ્રજી જરાક વિમાસણમાં પડે છે કે



સીતાને આવા વિકટ જંગલમાં એકલી મૂકીને કેમ જવું ?' ત્યારે, સીતાજી કહે છે, 'કેમ. અવાજ સાંભળ્યો ને ? તો જાઓ જલ્દી લક્ષ્મણજી આપત્તિમાં લાગે છે. મારી ચિંતા કરશો નહિ. આપ તો હમણાં જીતીને પાછા આવી જશો.'

**સીતાનું હરણ :-**

રાવણે રામ અહીંથી ખસે એટલે સીતાને ઉપાડી જવાનું આ એક છટકું જ ગોઠવ્યું છે. એવા વેરાન વનમાં સીતાની વહારે કોઈ ધાય એવું નથી એટલી નિર્જનતા છે. ત્યાં સીતા પોતાનો વિચાર કર્યા વિના લક્ષ્મણના રક્ષણ અર્થે પતિને મોકલવા ઝટપટી કરે છે, પોતાનો સ્વાર્થ બાજુએ મૂકી રામને મોકલી દે છે. હવે અહીં રાવણ ભિક્ષુકરૂપે ત્યાં માગવા આવે છે. તો ભિક્ષા આપવા સીતા ઝુંપડાની બહાર આવી. પણ એ નથી વિચારતા કે આવા જંગલમાં એકલા અટુલાપણે બહાર નીકળવામાં જોખમ કેટલું ? કેમ એમ ? પરાર્થવૃત્તિ જીવનમાં પ્રધાન છે માટે, સ્વાર્થ ગૌણ.

**પ્ર.**- પણ આ અવિવેક ન ગણાય ? કેમકે પછી તો રાવણ એમને ઉપાડી જાય છે.

ઉ.- એ ખબર થોડી જ હતી ? નહિ જ; અને છતાંય લક્ષ્મણ પર આપત્તિ અને પોતાના પર આપત્તિ બેમાંથી સ્વાર્થને પહેલાં જોનારી આ નહિ ! બાકી તો અહીં પોતે મુકામ કરીને રહેલા છે. તેમાં કોઈ પોતાને આખીને આખી ઉપાડી જાય એવી કલ્પના જ નથી. આજુબાજુની નિર્ભય સ્થિતિ જાણે છે. એટલે જે પરિણામ આવ્યું તેની એમને સંભાવના જ નથી. એ સ્થિતિમાં એમના હૃદયની વૃત્તિ જોવા જેવી છે. પોતાની રક્ષા વિસારી છે. લક્ષ્મણને સહાય કરવા, પતિને મોકલ્યા એ સીતાનું દિયરિયા પર વાત્સલ્ય પણ છે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૪,અંક-૧૨,તા.૧૧-૧૨-૧૯૬૫**

**જીવન વિકાસ સ્વાર્થ-પરાયણતા અને શુષ્ક હૈયા પર નથી થતો, પણ પરાર્થ પ્રધાનતા અને નાનાઓ ઉપરના વાત્સલ્યભીના હૃદય પર થાય છે.** આ વસ્તુ આ પ્રસંગમાંથી શીખવા મળે છે. ત્યારે વિચારો.

**પ્ર.**- આપણે પશુયોનિમાં નહિ અને માનવપણે અવતાર પામ્યા એમાં આપણો આત્મા વિકાસના પંથે છે એમ કહી શકાય ને ?

**વિકાસ શાના પર મપાય ?**

ઉ.- તોજ કહી શકાય કે જો આવા આવા સ્વાર્થ, ગૌણ, પરાર્થ-મુખ્ય

વર્તાવ હોય, શુષ્ક હૃદય નહિ પણ નિર્દોષ વાત્સલ્ય, વગેરે વગેરે ગુણો ઝળકતા હોય. ગુણો અને વર્તાવ પરથી વિકાસની ખબર પડે. આપણું દિલ આપણે તો સમજી શકીએ ને કે એનો ઝોક કઈ તરફ જાય છે ? સીતાજી પોતાનો વિચાર ગૌણ કરી લક્ષ્મણ માટે રામને મોકલે છે. એ પરથી જેમ સમજાય છે કે ત્યાં પરાર્થ મુખ્ય કર્યો, તેમ આપણું મન તેવા તેવા પ્રસંગ આવ્યે કોના વિચાર તરફ પહેલું ઢળે છે ? મન ઝોક કઈ તરફ લે છે ? પોતાનો સ્વાર્થ સંભાળવા તરફ કે બીજાનો ? એકાદિ વેળા પરાર્થ સાધવાનું ગજું કે સંયોગ ન હોય તો, તોય હૃદયમાં તો લાગે ને કે પહેલું આ બીજાનું કરવા જેવું છે, પણ લાચાર છું ?'

**સીતાજીનો અન્ન ત્યાગ :-**

સીતાજી, રાવણ એમને ઉપાડી ગયો ત્યારથી માંડીને એવો સંકલ્પ કરે છે કે શ્રી રામચંદ્રજીના કુશળ સમાચાર ન આવે ત્યાં સુધી ભોજન ન લેવું. વિચારવા જેવું છે કે રામચંદ્રજીને સીતાજીનો પત્તો લગાડતાં દિવસો લાગે છે, ત્યાં સુધી મહાસતીએ ભૂખ્યા રહેવાનું નક્કી કરવું એ એમનું કેટલું સત્ત્વ કહેવાય ? પોતાની પાસે કોઈ જ માણસ નથી કે જેને મોકલીને કુશળ સમાચાર પૂછાવાય-કહેવરાવાય. ત્યારે સામાને શી ખબર પડે કે પોતે ક્યાં છે ? પણ એની કોઈ ચિંતા નહિ. એ વાત મનમાં નિશ્ચિત બેઠી છે કે ભાગ્ય કરશે તેજ થવાનું છે.

**'વિદ્યત્તે યદ્વિધિસ્તત્સ્યાત્ ન સ્યાદ્ હૃદયચિન્તિતમ્ ।'**

અર્થાત્ દૈવ જે કરે તે થવાનું છે, પણ આપણા હૃદયનું ચિંતવેલું નહિ; આપણા મનના વિચાર ઉપર વસ્તુ બનવાથી નથી. આ સ્થિતિમાં આપણું કર્તવ્ય વિસારી મન ફાવ્યે વર્તવું એ અંધારામાં કૂવામાં જ ભૂસકો મારવા જેવું છે. કેમકે કર્તવ્ય ચૂક્યા એટલે તો આપણા હાથની ઉચિત શુભ વર્તનની વાત ગુમાવી. દૈવ આપણા સત્ પુરુષાર્થની આડે નથી આવતું. નહિતર દૈવ એટલે કે કર્મ તો આત્મા પર ઘણા બધા પડ્યા છે, પછી મોક્ષનો પુરુષાર્થ થઈ જ શકે નહિ. પ્રશ્ન થશે,

**દૈવની મર્યાદા :-**

**પ્ર.**- તો શું ત્યાં દૈવ કશું કરી શકતું નથી ?

**ઉ.**- જો બળવાન ન હોય તો તો એ કર્મ બીજામાં ભળી બીજા રૂપે ભોગવાઈ ખત્મ થાય છે. કર્મ જો બળવાન હોય તો પુરુષાર્થને એનું ફળ બેસવા દેતા નથી; કર્મ પોતાનો ભાગ ભજવીને ખત્મ થાય છે. પરંતુ જો પુરુષાર્થ ચાલુ છે, અને એના શુભ સંસ્કાર આત્મામાં જમા થાય છે. તો તેથી આજે નહિ તો કાલે, પેલાં કર્મ ભોગવાઈ જતાં પુરુષાર્થનું ફળ આવવાનું જ છે.



દા.ત. ક્રોધ મોહનીય કે લોભ મોહનીય કર્મ જો બળવાન નથી તો ક્ષમા-વૈરાગ્યનો પ્રબળ પુરુષાર્થ એનો રસ ઘટાડી ગુણનો ઘાત ન કરે એ રીતે મંદ પાકરૂપે ભોગવાવી ખત્મ કરશે, અને જો કર્મ બહુ બળવાન છે તો અંતરમાં એનો ભાવ ભજવશે. ક્રોધ-લોભ-રાગની લાગણી પ્રગટાવશે, તેથી ઘડીભર પેલા ક્ષમાદિનું આંતરિક ફળ નહિ બેસતું લાગે, પરંતુ પુરુષાર્થ ચાલુ છે એના શુભ સંસ્કાર ચાલુ છે એટલે પેલાં બળવાન કર્મ ખત્મ થતાં આનું રૂડું ફળ આવવાનું.

વાત આ છે કે સત્ પુરુષાર્થ ચાલુ રહેવો જોઈએ, તો આત્માના કર્મનો વિધ્વંસ થતાં થતાં ગુણો પ્રગટ થતા આવે છે, પુષ્ટ બનતા જાય છે, યાવત્ પરાકાષ્ઠાની આત્મવિશુદ્ધિ થઈ મોક્ષ નીપજે છે.

બાકી દુન્યવી અનુકૂળ સંયોગ ઊભા કરવા અને પ્રતિકૂળને અટકાવવા ગમે તેટલા વલખા મારવામાં આવે, મનના લોચા વળાય પણ કાંઈ વળે નહિ; એતો **દૈવના દાવ જ આગળ આવે : કર્મ કરે તે થાય**

**મલયસુંદરીનો પ્રસંગ :-** મલયસુંદરી મહાબળકુમારને પરણવા ધખતી હતી, પિતાએ સ્વયંવર માંડ્યો છે અને મહાબળકુમારના પિતાને કુમારને મોકલવા કહેવરાવ્યું પણ છે, મહાબળ પણ જવાને ઉત્સુક પણ છે અને પિતાએ જવા આદેશ પણ કર્યો છે, પરંતુ આટલું બધું છતાં વિધિ-દૈવની ઘટના જુઓ શું કામ કરે છે.

રાજાએ મલયસુંદરીને હાર આપેલો, તે એણે ખાનગીમાં કુમારને ભેટ કરેલ. એ કુમારીની ઓરમાન માતા કનકવતી જોઈ ગઈ અને બળવા લાગી, તે કુમારીનું કાટલું કાઢી નાખવાની ચિંતામાં છે, એમાં કુદરતે કુમાર ઊંઘમાં છે ત્યારે એક દુષ્ટ દેવતા હાર ખેંચી જઈ કનકવતી પાસે નાખે છે ! બસ, હવે એને ફાવતું જડ્યું. એણે એ છુપાવી, રાજાને ખોટી ભંભેરણી કરી કે કુમારીએ કુમારને હાર આપી લશ્કર સાથે અહીં ચડી આવી પોતાને અને રાજ્યને કબ્જે કરવા કહેવરાવ્યું છે. કનકવતીએ એવી જુઠી વાત કરી. રાજાએ કુમારી પાસે હાર માગતાં ન મળવાથી પેલીની વાત સાચી માની લીધી, અને કુમારીને મારી નાખવા આદેશ કર્યો. કુમારી મરવા માટે કૂવે પડી, ત્યાં ભોગજોગે અજગરના મુખમાં ગળાઈ.

અહીં કુમાર હારની શોધ માટે બીજી રીતે જાગતો બેઠો, ભૂત દેવ આવ્યો એના હાથને વળગ્યો અને એથી એ આકાશમાં તણાયો, વચમાં દેવતાના કરુણ રૂદનથી ઉદાર કુમાર હાથ છોડી દેતાં જંગલમાં એક ઝાડ પર પડ્યો. વિચારે છે કે 'અહો ! હાર મેળવવાનું ક્યાં રહ્યું અને મલયસુંદરીને પરણવાનું ક્યાં રહ્યું !'

**માણસનું ધાર્યું શું થાય ? દૈવ** કરે તે થાય. જોગ એવો બન્યો છે કે એ કુમારીના નગરની પાસેના વનમાં જ પડ્યો છે. પેલો અજગર પણ આજ ઝાડને

આંટા દઈ પેટમાંના શિકારનો ખત્મ કરવા આવી રહ્યો છે. કુમારે એ જોતાં કલ્પના એવી જ કરી તરત ઝાડ પરથી નીચે કૂદી અજગરના બે જડબા મજબૂત હાથે પકડી ઊભા ચીર્યા. એમાંથી મલયસુંદરી બહાર નીકળતાં ચકિત થઈ ગયો ! કુમારી પણ ભાનમાં આવતાં કુમારને જોઈ આશ્ચર્ય પામી ગઈ ! કહો, આમાં બંનેનો એક બીજાને ભેગા થવા માટેનો વિચાર કરી પ્રયત્ન ક્યાં હતો ? કુમાર હાર માટે નીકળ્યો હતો, કુમારી મરવા માટે પડી હતી. છતાં ન હાર, ન મરણ, અને ત્રીજી જ ઘટના બંનેના મિલનની બની આવી. ઘટના કોણે કરી ? ભાગ્યે, દૈવે, વિધિએ.

**વિકાસ ઘડતરના ૩ ઉપાય :-**

સીતાજી ભાગ્ય પર ભરોસો રાખી પોતાના કર્તવ્યનો પુરુષાર્થ કરે છે, રામના કુશળ સમાચાર ન મળે ત્યાં સુધી ભોજન ત્યાગ કરી બેઠા છે.

આ પરથી **આત્માના વિકાસનો આ એક માર્ગ મળે છે કે આડાઅવળા ભય સેવવાને બદલે ભાગ્ય પર દઢ વિશ્વાસ રાખી કર્તવ્ય બજાવવામાં પાછી પાની ન કરવી, ખોટા ભય સેવી કર્તવ્ય ચૂકવું નહિ.**

ભાગ્યનો અટલ વિશ્વાસ ખોટા ભય-સંતાપનો ત્યાગ અને કર્તવ્યપાલન એ વિકાસ માર્ગ.

આ સૂત્ર જો બરાબર પકડી રખાય તો,

(૧) માણસ કેટલીકવાર જે કેટલાય કર્તવ્ય ચૂકે છે.

(૨) માનવ જીવનમાં જ લભ્ય એવી કર્તવ્યોનાં સતત પાલનથી થતી સ્વ વિકાસ ઘડતરની એવી દુર્લભ તક જે ગુમાવે છે,

(૩) પછી અહીંથી જવાનો સમય આવે ત્યારે હવે એ તકને સફળ કરવાનું જે ઘણું મોડું થઈ ગયું હોય છે,

એ બધું સુધારી શકે; તક સફળ કરી શકે, મન દબાવીને પણ બજાવેલાં કર્તવ્યોથી સુંદર આત્મવિકાસ સિદ્ધ કરીને અંતકાળે સંતોષ-સમાધિપૂર્વક કામ કરી શકે; પરલોકમાં સદ્ધર સદ્‌ગતિ પામી આગળ આગળ વિકાસ સહેલાઈથી સાધી શકે. આ બધાના મૂળમાં ભાગ્યનો દઢ વિશ્વાસ, ખોટા ભયનો ત્યાગ, ને કર્તવ્ય પાલન જોઈએ. ખોટા ભય રાખીને એક બાજુ ભાગ્યતત્ત્વની શ્રદ્ધા ગુમાવવી, અને બીજી બાજુ સત્ કર્તવ્ય ચૂકવા. એ ક્યાંનો ન્યાય ? સીતાજી જરાય ભય રાખ્યા વિના અન્નત્યાગ કરી પતિભક્તિનું સહજ કર્તવ્ય બજાવે છે.

**પર તરફ આકર્ષણ કેમ અટકે ?**

અહીં એટલું સમજવાનું છે કે મહાસતી સીતાએ રામના કુશળ સમાચાર ન મળે ત્યાં સુધી ભોજનત્યાગ કર્યો, એ કાર્ય આમ રામની પ્રત્યેના મોહનું લાગે,



પરંતુ ગર્ભિત રીતે કર્તવ્યની નિષ્ઠા ઉપરાંત એમના પ્રત્યે દિલ એવું આકર્ષિત રાખે છે કે પછી પરપુરુષ તરફ દૃષ્ટિ જ ન લઈ જવામાં વિશેષ પ્રેરક બને છે; મન ચોક્કસ પ્રકારની આકીનવાળું બન્યું રહે છે કે 'મારે તો એજ. એ એકજ રામ સર્વસ્વ. બીજા સામે જોવાનું પણ નહિ, તો લેશ પણ આકર્ષવાની તો વાતે ય શી ? એ સમર્પણ ચોક્કસ થયું હોય ત્યાં પછી કુશળ સમાચાર મળ્યે ભોજન લેવાની સ્થિતિ આવી ઊભી તો પણ દઢ બનેલ આકીન-આસ્થા જીવંત જાગ્રત રહી પોતાનું કાર્ય બજાવ્યે જાય છે, શીલ આદિ કોઈપણ ધર્મના પાલનની ચુસ્તતા રખાવે છે.'

આથી એ ફલિત થાય છે કે **જે ધર્મની દઢતા કેળવવી હોય તેના માટે પ્રારંભે ભારે ભોગ આપવાની જરૂર છે.** પૂછો,

**કષ્ટથી મન પાછું કેમ ન પડે ?**

**પ્ર.-** એમ ભોગ આપવા છતાં કષ્ટને લીધે મન ઊલટું કદાચ પાછું ન પડે ?

ઉ.- એવો ભય રાખવાની જરૂર નથી. કેમકે જો ધર્મનું લક્ષ્ય નક્કી કર્યું છે, અને સમજપૂર્વક એની ખાતર ભોગ આપવાનું નિર્ધાર્યું છે, તો પછી એ નિર્ધાર ચાલુ રહ્યે પાછા પડવાનું શાનું ? અલબત્ત ભોગ આપવામાં પોતાની શક્તિ તો માપી લેવી જોઈએ. પરંતુ તમને ખબર નથી કે આપણામાં એવી કેટલીય શક્તિ ભરી પડી છે પરંતુ કદી એનો ઉપયોગ નથી કર્યો. અભ્યાસ કરી કરી આગળ શક્તિ-વિકાસ કર્યો નથી હોતો એટલે માની લેવામાં આવે છે કે મારી શક્તિ નથી. શક્તિની ખબર તો અભ્યાસ કરી કરી જેમ જેમ આગળ વધવામાં આવે તેમ તેમ પડતી જાય.

**ભારે ભયમાં શક્તિનું માપ નીકળે :-**

બીજું એ પણ છે કે જીવને જ્યારે કોઈ મોટો ભય ઊભો થઈ જાય છે ત્યારે એમાંથી બચી જવા માટે ભારે ભોગ આપવાની તૈયારી આવી જાય છે. એમાં ન ધારેલી શક્તિ પ્રગટ થઈ અદ્‌ભુત કાર્ય કરે છે. ખુની લૂંટારા પૂંઠે પડ્યા હોય તો જંગલી રસ્તામાં પણ માઈલો સુધી દોડી જવાની શક્તિ દેખાઈ આવે છે. જેવું ભયમાં બને એમ પરલોકનો ભારે ભય ઊભો થઈ જાય તો ગુપ્ત શક્તિઓ બહાર આવી ભારે ભોગ આપવાની સ્થિતિ ઊભી કરે છે, દુર્ગતિનો ભારે ભય ઊભો કરી દેવો જોઈએ, પછી શક્તિના જુઠાણાના માપ નીકળી જશે.

**છોકરાની ધર્મની શક્તિ નથી ?**

જેવું ભયમાં એવું પ્રલોભનમાં જીવને જો કોઈ વસ્તુ મહામહત્ત્વની લાગી જાય, દિલ એને પ્રાપ્ત કરવા તલસી ઉઠે, તો પછી એની ખાતર પણ શક્તિ પ્રગટ કરી ભોગ આપવાનું બની આવે છે. અરે ! નાનો છોકરો પણ નિશાળે સમયસર

પહોંચવાના લોભમાં કોઈ વાર ખાવાનું ય જતું કરે છે ને ? હોંશપૂર્વક ચિત્ત રાખીને ભણે છે ને ? ભૂખ્યા કામ કરવાની શક્તિ ક્યાંથી આવી ? હતી જ. હવે એના માબાપ જો આ તો ચલાવી લે પણ તિથિએ એકાસણું બેસણું કરાવવાની વાત આવે ત્યાં માની લે કે 'ના, મારા છોકરાની શક્તિ નથી,' તો એ ભ્રમણા અને ધર્મની બેપરવાઈ આત્મહિતની ઉપેક્ષા કે બીજું કંઈ ? શક્તિ છતાં ન હોવાનું માનવાની મિથ્યા માન્યતા પણ કેવી ?

સીતાએ ભારે ભોગ આપ્યો કે રામના કુશળ સમાચાર ન મળે ત્યાં સુધી ભોજન ત્યાગ, સુકોમળ સીતાજીની શક્તિ છે ? હા, રામ પ્રત્યેનું પતિવ્રત અને એમની અજાણમાં પરપુરુષે ઉપાડી જવાની કરેલી બદમાશી દિલ હચમચાવે છે, અને અંદરની એ મહાન ત્યાગ-શક્તિનાં દર્શન કરાવે છે.

**જીવનમાં અવનવી ઘટના, શક્તિ પ્રગટ કરવી હોય તો એ પ્રગટ કરાવવા સમર્થ છે.**

સીતાજીની અહીં મહાન વિશેષતા જોવા જેવી છે કે રામની ગેરહાજરી થઈને રાવણ એમને ઉપાડી ગયો હતો, છતાં મનને એમ પશ્ચાત્તાપ નથી કે 'ક્યાં લક્ષ્મણજીના બચાવ માટે રામચંદ્રજીને મોકલ્યા કે આ રાવણનો જુલ્મ ઊભો થયો ?' એવો સંતાપ તો નથી તો નથી. પણ ઉપરથી રામ લક્ષ્મણનાં કુશળ સમાચાર વિના ભોજન લેવાની ય તૈયારી નથી ? એનો ભોગ આપી દે છે ! વિષયલંપટ અને સ્વાર્થ-સાધુ સ્નેહીથી આ ન બને. દિલમાં કાંક નિઃસ્વાર્થ સ્નેહ આદરભાવ જેવું હોય તો જ એ શક્ય છે કે ભારે ભોગ અપાય, શક્ય જ શું, આપ્યા વિના ચાલે નહિ, રહેવાય નહિ. ભોગ આપ્યા વિનાનો સ્નેહ કે સેવકભાવ કેવો ?

**ભોગ વિનાની પૂજા-સેવા-ભક્તિ કેવી ?**

ભગવાનની પૂજા કરવા જાઓ છો ને ? તે પૂજા ભોગ આપીને કરો છો ખરા ? કેટલા પૈસાનો ભોગ આપો છો ? કેશર-સુખડ, દૂધ-ફૂલ-અંગલુછણું, ફળ-નિવેદ. વગેરે શું શું અને કેટલું લઈ જાઓ છો ? કે દેરાસરમાં તૈયાર હોય તે ચાલે છે ? ન હોય તે વિના પણ ચાલે ? છતાં 'મેં પૂજા કરી' એવો આત્મસંતોષ અને પ્રસંગ આવે ત્યાં 'આપણે તો પૂજા રોજ કરીએ છીએ. પૂજા વિના આપણને ન ચાલે,' એવી બડાઈ ગૌરવ પ્રદર્શન કરવા ખડે પગે ! **વીતરાગ ભગવાન પર કેટલો સ્નેહ છે, રાગ છે. બહુમાન છે, એનું માપ આ ભોગ આપવા પર નીકળે છે.**

**સ્નેહ પાછળ ભોગ આપવો એ વિકાસમાર્ગ :-**

મહાસતીના જીવનમાંથી આ એક વિકાસમાર્ગ મળી આવે છે કે જેમ એણે પતિ રામચંદ્રજીને સ્વામી કર્યા પછી એમના પર જ સ્નેહ રાખ્યો, જે સદ્ભાવ



રાખ્યો. જે બહુમાન-પ્રેમ-વિશ્વાસ અનન્ય ધર્મ એ બધું કોરેકોરું નહિ, કિન્તુ નક્કર ભોગ આપીને, એમની પાછળ સારી રીતે ઘસાઈને, સારું સહન કરીને, સ્વાર્થ-સુખ-સ્વ સગવડ જતા કરીને. એમ આપણને જો માતાપિતાને શિરછત્ર માન્યા છે, જો ગુરુને માથે ધર્યા છે, જો દેવાધિદેવને એક અનન્ય નાથ તરીકે સ્વીકાર્યા છે, તો એમના પ્રત્યે સ્નેહ-સદ્ભાવ, પ્રેમ બહુમાન, શ્રદ્ધા-સમર્પણ વાસ્તવિક કોટિના ધરવા માટે નક્કર ભોગ આપીએ, ઘસાઈએ, સહન કરીએ, એ અત્યંત જરૂરી છે. યશોવિજયજી મહારાજ ભગવાન પ્રત્યેના રાગ-શ્રદ્ધા-બહુમાનમાં સીતા વગેરેના દાખલા સમજ્યા વિના મૂકતા હશે કે સમજીને ? એ કહે છે,

**"સીતાકું રામ, કામ જ્યું રતિકું, પંથિકું ઘરબારના,**
**દાનીકું ત્યાગ, યાગ બમ્હનકું, જોગીકું સંજમ ધારના,**
**ઐસે સાંઈ સુપાસસે દિલ લગા."**

અર્થાત્ જેમ સીતાને રામ, રતિને કામદેવ, પ્રવાસીને પોતાના ઘર દ્વારે પહોંચવાનું, દાનીને ધનત્યાગ, બ્રાહ્મણને યજ્ઞ, અને યોગીને સંયમ પર દિલ લાગેલું રહે છે, એમ મારે શ્રી સુપાર્શ્વનાથ સ્વામી પર દિલ લાગેલું છે.

વિચારો એ બધાનુ મન પોતાના એક પ્રિયમાં કેવું રમતું છે ? યોગીને સંયમના મન એટલે આત્મસર્વસ્વનું સમર્પણ. પછી એ સંયમની ખાતર કેટલો ભોગ આપે છે ! કેટલું સહન કરે છે ! તન-મનથી કેટલા ઘસાય છે ? કેટલું ખમી જાય છે ! બધું શા માટે ? સંયમને માટે.

**એમ સાચો દાની** ધન ત્યાગને બહુ માનનારો, એમાં જ જીવનની સફળતા દેખનારો, અને એ ધનત્યાગને પોતાના પ્રાણ સમજનારો, એની ખાતર શું શું નથી જતું કરતો ? શું સહન પણ નથી કરી લેતો ? કેટકેટલો ઘસાય છે ?

**સીતાએ આપેલ ભોગ અદ્ભુત :-**

એમ સીતાએ રામ ખાતર ભોગ આપવામાં શું બાકી રાખ્યું ? પતિ રામ વનમાં જવા નીકળ્યા ને ખુદ પોતે કહે છે 'માતાની સેવામાં રહો.' અને સાસુય કહે છે 'તું શે વનનાં કષ્ટ ઉપાડી શકે ? તું અહીં જ રહે,' તોય એ ન રહ્યા. રહ્યા હોત તો કઈ આબરૂ જવાની હતી ? કહી શકત કે 'સાસુ અને ધણીનો આદેશ એટલે રહેવું પડ્યું !' પણ ના, રામમાં દિલ લાગેલું હોય તે શાનું રહેવા દે ? રામની પાછળ વનમાં સહન કરવું પડશે તો પરવા નહિ. રાજાશાહી સુખ-સગવડ જતા કરવા જોઈશે, ચિંતા નહિ. રાવણથી પોતાનું હરણ થયું તોય રામને માટે જરાય ઓછું માનવાનું નહિ કે 'ક્યાં એમની પાછળ ઘસડાવું પડ્યું, તે આ અપહરણ અને રાવણની કેદ જોવાની આવી ?' ના, આવું લેશ પણ મનમાં નહિ; ઊલટું ત્યાં

સુધીનો ભોગ આપવાની વાત કે 'અહીં હવે પતિના કુશળ સમાચાર ન મળે ત્યાં સુધી ભોજનનો ત્યાગ !' દિલ રામ પ્રત્યે કેવું ભક્તિથી ઉછળતું હશે કે એ આ વિકટ પ્રતિજ્ઞા ઊભી કરે છે ! જ્યાં રામને ખબર નથી કે સીતા ક્યાં છે અને શું થયું ?, તેમ સીતાજી પાસે કોઈ માણસ નથી કે જેને મોકલીને પોતાનું સ્થાન જણાવી શકે, અને કુશળ સમાચાર મંગાવી શકે. આ મહાવિકટતામાં ભોજન ત્યાગનો સંકલ્પ ! કારણ ? રામ પર અત્યંત ભક્તિ-બહુમાન, પ્રેમ અને શ્રદ્ધા છે. રામને આરાધ્ય માન્યા છે.

**માતાપિતા ખાતર કયા કયા ભોગ અપાય ?**

આજના છોકરાએ માતાપિતા આવા આરાધ્યા ખરા ? પરણેલા જુવાનિયાને ખરા ? તમારા જેવા પીઢ માણસોને ખરા ? (૧) માતાપિતાની ભક્તિ ખાતર પોતાની પત્ની તરફ પણ ન જુઓને (૨) માતાપિતાનું કેટલુંય ખમી ખાઓ; તે પણ હોંશથી ? લેશ પણ મનમાં કચવાયા વિના ? કે ભાઈબંધ દોસ્તાર આગળ એમની ફરિયાદ કર્યા વિના ને ? (૩) માતાપિતાની ભક્તિ જાત કરતાં ઊંચા દ્રવ્ય ઊંચી વસ્તુથી જ કરો ને ? (૪) જગતમાં જાતે સારાં કામ કરીને જશ તો એમને જ અપાવો ને ? (૫) સવારે ઊઠીને પ્રણામ અને રાત્રે સૂતા પહેલાં એમની પગચંપી કરો ખરા ને ? (૬) એમના કડવા બોલ અને તીખા સ્વભાવ પર દિલમાં કોઈ કચવાટ નહિ ને ? બોલો, દુનિયામાં અસાધારણ ઉપકારી માતાપિતાને કેવા આરાધ્ય કેવા પૂજ્ય અપનાવ્યા છે ? જો તમારી જાતમાં નહિ હોય તો તમારા સંતાન તમારા પ્રત્યે કેવા નીવડવાના ? જેવું દેખશે એવું જ શીખશે ને ? તમારા સંતાન એ પહેલા તમારા માતાપિતાના સંતાન અને પછી તમારા ગણો ખરા ને ? જો ના, તો પછી તમારા દીકરાના સંતાન પર તમારો હક્ક રહેશે ખરો ?

**પુણ્યની કમીનું ખોટું બહાનું :-**

'અમારા છોકરા બરાબર ન નીવડે, અમને એવા પૂજ્ય તરીકે અમારું બહુમાન ન કરે, અને અમારી ખાતર એવો ભોગ ન આપે, એટલું અમારું પુણ્ય ઓછું.'- એવી માંડવાળ ન કરતા; કિન્તુ મન પર આ મુખ્યપણે વસાવજો કે 'અમારી પોતાની આ કેવી ગંભીર ભૂલ કે અમારા માતાપિતા પ્રત્યે અમે બરાબર ન નીવડ્યા, એમને અમે એવા પૂજ્ય ન લેખ્યા, ને અમે એમની ખાતર એવો ભોગ ન આપ્યો ! આ એનો જ પડઘો છે.' દીકરા અનુકૂળ ન વર્તે એની હીનતા કરવા કરતાં આપણે માતાપિતાને અનુકૂળ ન વર્ત્યા એનો હૃદય-સંતાપ અને દુષ્કૃત્ય ગર્હા કરવા જેવી છે. એથી પછી પેલી હીનતા નહિ થાય, કેમકે ત્યાં તો મન દીકરાની ય ક્ષતિ જોતાં એના પર ભાવ દયા પર જશે કે 'બિચારા કર્તવ્ય ચૂકો નહિ, સદ્બુદ્ધિ ગુમાવો નહિ.'



**શિષ્યની ગુરુ પ્રત્યે ફરજ :-**

જેવું પુત્રનું માતપિતા પ્રત્યે કર્તવ્ય, એવું જ શિષ્યનું ગુરુ પ્રત્યે સમજવાનું છે. માથે ગુરુ કર્યા પછી ગુરુની એવા આરાધ્ય તરીકે ઉપાસના કરવી, પોતાના શિષ્ય કરતાં ગુરુની અનુકૂળતા અને પ્રસન્નતા વધારે જોવી, એમની ખાતર ભારે ભોગ આપવો, એમના આહારગ્રહણ પછી જ આપણું આહાર લેવાનું, એમની શોભામાં જ આપણી શોભા, એમને જ જશ અપાવવો. એમના કોઈ તેવા ઉગ્રસ્વભાવ યા ભૂલભાલથી આપણે સહવાનું આવ્યું તો પણ એની કિંમત ન આંકવી, બીજા આગળ એની ફરિયાદ ન કરવી, એમની હિતની વાત અનુકૂળ જ રહીને ઝીલવી. ટુંકામાં બધી વાતે ભોગ આપવો. ખમવું, સહવું, એ પરમકર્તવ્ય બની રહે છે. આ વિના સમ્યક્ત્વના પરિણામ આવી જાય કે ટકે એવા ભ્રમમાં રહેતા નહિ.

**સમ્યક્ત્વમાં ગુરુસેવા કેવી રીતે ?**

**પ્ર.**- સમ્યક્ત્વ એટલે તો તત્ત્વાર્થ શ્રદ્ધા, એને ને એને શો સંબંધ ?

ઉ.- સંબંધ આ, કે સમ્યક્ત્વના ભાવમાં કયા તત્ત્વની શ્રદ્ધા ? જિનોક્ત તત્ત્વની જ ને ? તો જિનેશ્વર દેવોએ તો સમ્યક્ત્વની પૂર્વભૂમિકામાં પણ યોગની પૂર્વસેવા તરીકે **'ગુરુદેવતા પૂજનમ્'** કહ્યું છે, ગુરુ એટલે માતાપિતા, વિદ્યાગુરુ અને ધર્મગુરુ એમની પૂજા અનેકાનેક, 'પ્રકારે' કરવાની કહી છે. એમની ઈચ્છાનું અનુવર્તન, એમની આજ્ઞાનું પાલન, એમનું બહાર ગૌરવ વધારવાનું. એમની આપણે વાપરીએ એના કરતાં ઊંચા દ્રવ્યોથી ભક્તિ, એમને આહાર વપરાવ્યા વિના આપણે વાપરવાનો નહિ, એમનું ઊંચું આસન, વગેરે કેટલીય બાબતો ફરમાવી છે.'

એમ, જિનોક્ત તત્ત્વોમાં સાધુને ગુરુસેવા-ગુરુપૂજા ગુરુ બહુમાન પણ અત્યંત જરૂરી કહ્યા છે. ત્યાંસુધી કહ્યું છે કે એ વિનાની બીજી કઠોર પણ સાધના કુલટા નારીના ઉપવાસ જેવી છે, મિથ્યાત્વનો ચાળો છે. આ ગુરુ-ઉપાસના જેવા પરમ કર્તવ્યની ઉપેક્ષા કેમ થાય ? એથી પછી યથાર્થ તત્ત્વશ્રદ્ધા શી રીતે આવી કે રહી ગણાય ? એ વિના સમ્યક્ત્વ ક્યાં ? અલબત્ત એમાં કાંઈ ચૂક થવા સંભવ છે, પણ એનો ખેદ કેટલો બધો હોય ? કે ખેદ વ્યક્ત થયા વિના રહે ? એ ભૂલની પરંપરા ચાલે ? કોઈના કલ્યાણ મિત્ર બની સમ્યક્ત્વનો પાઠ ભણાવવો હોય તો એમાં આ કર્તવ્ય બતાવ્યા વિના રહેવાય ? અને એ કેવી રીતે ચૂકાવા સંભવ, અને એ કેમ ન ચૂકાય એના પર ભાર અપાયા વિના રહે ? આ કર્તવ્ય તો પાયો છે. એ કર્તવ્યના ચિત્ત પરિણામ એટલે જિનોક્ત તત્ત્વના ચિત્ત પરિણામ. એ વિના સમ્યક્ત્વના પરિણામ શે ઊભા રહી શકે ?

**ભોગ ન આપવો અને માલ ખપે એ હરામીવેડા :-**

મહાસતી સીતાજીએ રામના કુશળ સમાચાર ન મળે ત્યાં સુધી ભોજનત્યાગ કર્યો એના પર આ વિચારણા ચાલી કે જેને માથે સ્વામી તરીકે ધર્યા એની ખાતર ભોગ આપવાનું તો એક સહજ કર્તવ્ય બની જાય છે. સંતાનનું માતાપિતા પ્રત્યે, શિષ્યનું ગુરુ પ્રત્યે, અને ભક્તનું દેવાધિદેવ પ્રત્યે, આ સહજ કર્તવ્ય કે એમની ખાતર ભોગ તન-મન ધનથી આપવો જ જોઈએ. પ્રભુના કલ્યાણકનો તપ કરવાનું શા માટે કહ્યું છે ? ખાધે પીધે દિવાળી કરીને ભગવાનનું ખાલી સ્મરણ, દિલનો ભાવ દેખાડીએ તો ન ચાલે ? **પણ ભોગ આપ્યા વિના સિદ્ધિ ક્યાં છે ? 'ભોગ આપ્યા વિના ચાલે' તે વિચાર જ હરામી હૈયાનો છે.**

ભગવાનના પ્રભાવે મળેલી પુણ્યઋદ્ધિ બધી જ જાત માટે ખપે છે, અને ભગવાનના ભજન-પૂજનના અઢળક પુણ્ય પણ જોઈએ છે. એવી ભવાંતરે સારો ભવ અને લચબચતી અનુકૂળતાઓ તથા સુખ-સમૃદ્ધિઓની ભારે આકાંક્ષા છે, યા અમૂલ્ય મોક્ષના સ્વાતંત્ર્ય જોઈએ છે, સમસ્ત દુઃખોનો અંત જોઈએ છે, પરંતુ કશોય ભોગ આપવો નથી. ઉપરથી 'એના વિના ચાલે, ભગવાનને ઠઠારાનું શું કામ છે ? ભગવાનના શાસનને વળી દીપાવવામાં પૈસા ફેંકી દેવાની શી જરૂર છે ? એ તો પૈસાની આપણે જ ખાસ જરૂર છે,' આથી હૃદયની વૃત્તિ એ શું હૃદય હરામી હોવાનું નથી સૂચવતું ? બજારમાં પાશેર ઘી લેવું હોય તોય રૂપિયો એક જોખવો પડે છે, વાર કપડું લેવું હોય તો રૂપિયા બેનો ભોગ આપવો પડે છે, એના વિના એમને એમ મફતિયા થોડોપણ માલ માગે તો હરામી ગણાય છે, તો પછી અહીં કિંમત ન આંકી શકાય એવો મનુષ્યભવ, એવી એક એક ઈન્દ્રિયો અને મનરૂપી માલ મળ્યો, ઉપરાંત ખાનપાન, માન-સ્થાન, સગવડ-સામગ્રી, આદિ કેટલું ય જેના પ્રભાવે મળ્યું, એની ભક્તિમાં રોજિંદો કોઈ ખર્ચ કરવો નથી, તેમજ લખલૂટ પુણ્યની કમાઈનો માલ પણ લેવો છે, એ ધનનો કશો ભોગ આપવો નથી, એ કેવા હરામી વેડા ગણાય ?

**ધનના ભોગ કોણે આપ્યા :-**

વિચારવા જેવું છે કે જગડૂશા, ધરણશા, વગેરે પૂર્વ પુરુષોએ પ્રભુના મળેલ મનુષ્યભવ, અઢળક પુણ્યાઈ તથા ધર્મની પાછળ પ્રભુપ્રત્યે કેટલી બધી અદ્ભુત કૃતજ્ઞતાનો ભારે ભાર કેટલો ધરી રાખ્યો હશે કે એ કૃતજ્ઞતાને અદા કરવા લક્ષ્મીને હિસાબ વિના પાણીના રેલાની જેમ વહેવડાવી દીધી ! જગડુશાહે ત્રણ વરસના જાલિમ દુકાળમાં દેશદેશાવરમાં કરોડો-અબજો રૂપિયાનું ધાન્ય વહેંચી દીધું ! ધરણશાહે એક રાણકપુરનું નલિનીગુલ્મ-વિમાનાકાર મહામંદિર બનાવી નવાણું કરોડ રૂપિયા



ખર્ચી નાખ્યા ! વસ્તુપાલ, વિમળશા, આભુસંઘવી, પૂનડસંઘવી, પેથડશા, ઝાંઝણશા, વગેરેએ કેવા કરોડો રૂપિયાના ભોગો આપી અર્હદ્-ભક્તિ, સંઘભક્તિ, શાસન-પ્રભાવના કરી ! અરે !

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૪,અંક-૧૩,તા.૧૮-૧૨-૧૯૬૫**

રોજની માત્ર બે આનાની કમાઈવાળા પુણિયા શ્રાવકને રોજ સાધર્મિક ભક્તિ અને ફૂલ વગેરે ભરી પ્રભુભક્તિ કરવામાં ધનનો ભોગ આપવા જોઈતો હતો ! સંકાશ શ્રાવકને અઢળક કમાઈમાંથી માત્ર સાદું ભોજન અને વસ્ત્ર સિવાયનું બધું જ પરમાત્માભક્તિમાં ખર્ચી નાખવા જોઈતું હતું ! ભીમા શ્રાવકને સિદ્ધગિરિમાં જીર્ણોદ્ધારમાં ખીચડી ખાવા પૂરતો જ પાસે રહેલ એક દમડો, તે પણ આપી દેવાની હોંશ તે દઈને જંપ્યો ! સિદ્ધગિરિ-સંઘ કુમારપાળ મહારાજા લઈ ગયેલ પણ એની તીર્થમાળા ગુરુ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજના હાથે આદીશ્વર ભગવાનના દરબારમાં પહેરવાની અર્હદ્ભક્તિમાં ભોગ આપ્યો મહુવાના શ્રાવકે ! કેટલો ? સવા કરોડ રૂપિયાનો !

**એમ તનના ભોગ :-** પણ ઉત્તમ આત્માઓએ દેવ-ગુરુ-ધર્મની સેવા ભક્તિમાં કેવા આપ્યા ! ખુદ તીર્થંકર ભગવાન મહાવીર પરમાત્માએ પૂર્વે નંદન રાજર્ષિના ભવમાં માસખમણના પારણે માસખમણ લાખ વરસ સુધી એટલે કે ૨-૪-૬ મહિના સુધી નહિ, કિન્તુ બાર લાખ મહિના સુધી કર્યો ! શા માટે ? અરિહંતાદિ પદની ઉપાસના ખાતર ઉપાસના શું ભોગ આપ્યા વિના જ સીકરાઈ જાય ? ના મૂક ભોજનની લપ.

**'પ્રભુ ! તમને વહાલા કર્યા પછી શા સારુ રોટલા દેવને વહાલા કરું ?'** તમારા પ્રેમમાં જવા દઉં શક્ય એટલી આહારની વાત એથી સંજ્ઞાહ્રાસ અને કર્મક્ષય પણ થશે.' આવી કોઈ બુદ્ધિ કરી હશે ત્યારે જ માસખમણને પારણે માસખમણ લાખ વરસ સુધી થયા હશે ને ? તો છેલ્લા મહાવીરપ્રભુના ભવમાં પણ સાડા બાર વર્ષ સુધી કેવા તનના ભોગ આપ્યા ?

**'સાડા બાર વરસ જિન ઉત્તમ, વીરજી ભૂમિ ન ઠાયા હો.**
**ઘોર તપે કેવળ લહ્યા એહના, પદ્મવિજય નમે પાયા.**
**તપસ્યા કરતાં કરતાં હો, કે ડંકા જોર બજાયા હો.'**

**ભોગ આપ્યાની દાખલા :-**

ત્યારે જીવની દયા માટે **ધર્મ રુચિ અણગારે** કેવો ભોગ આપ્યો ! માસખમણનાં

પારણે ગોચરીમાં કડવી તુંબડી આવી ગઈ, એનો એક છાંટો પરઠવતાં કીડી મરી જોઈ, તો બધીય પોતે વાપરીને જીવહિંસાનું નિમિત્ત ટાળ્યું, પછી ભલે મરણાન્ત ઘોર કષ્ટ વેઠ્યું, પણ ખૂબ સમતાસમાધિથી; તો અનુત્તર વિમાનમાં પહોંચી ગયા !

એમ જીવદયા ખાતર રાજા કુમારપાળે ઊંચો ભોગ આપ્યો. કંટકેશ્વરી દેવીનું ત્રિશૂલ ખાઈ ઘોર વેદના અને કોઢ વહોર્યો !

અરે ! **મેઘકુમારના જીવ** હાથીએ એક સસલાની દયા ખાતર અઢી દિવસ પગ ઊંચો રાખ્યો, અને અંતે શુભ ભાવમાં મર્યો ! કેટલો તનનો ભોગ !

એમ હેમચંદ્રસૂરિગુરુના વચન ખાતર બાલચંદ્રને આચાર્ય પદવી ન આપવામાં **રામચંદ્રસૂરિજીએ** રાજા અજયપાલના ગુસ્સાના ખપ્પરમાં કેવું આત્મ બલિદાન કર્યું ! ધખધખતી લોઢાની કઢાઈ પર બેસી શેકાઈ જઈને ગુરુવચન ખાતર કેવો તનભોગનો આદર્શ મૂકતા ગયા !

ભોગ આપ્યા વિના દેવ-ગુરુ-ધર્મનો પ્રેમ અને એમની પ્રત્યે ઉછળતું બહુમાન આવવાની શી રીતે આશા રાખો છો ? સીતાજી રામના કુશળ સમાચાર ન મળે ત્યાંસુધી ભોજન ત્યાગ કરીને બેઠા ! ક્યાં ? એમને ઉપાડી જનાર રાવણની અજ્ઞાત નજર કેદમાં ! રામ પર બહુમાન પાછળ કેટલો મોટો ભોગ આપ્યો ?

**શીલ વૈભવ કેવો અનુપમ :-**

પછી પ્રસંગ છે સીતાને રાવણની પ્રાર્થના-આજીજીનો પ્રલોભનોનો, ભયનો અને મંદોદરીની વિનવણીનો, કે જેથી સીતાજી રાવણની ઈચ્છા પૂરી કરે. મહાસતી સતીત્વમાં ચુસ્ત હોઈ આમાનો એકને પણ ગણે ?

**એને મન શીલ એટલે જ જગતભરની સંપત્તિ કરતાંય મહાસંપત્તિ !** કેમકે જગતની સંપત્તિ સદ્ગતિ ન અપાવે, સદ્ગતિની પરંપરા ન સર્જે, મોક્ષ અપાવવાની તો વાતે ય શી ? ત્યારે શીલમાં આ બધી શક્તિ છે માટે ક્યાં સૂર્યસમ શીલ ? અને ક્યાં ગૂફાસમ અંધકારમય જડસંપત્તિઓ ? એટલે એના પ્રલોભનો, મોટા હીરામાણેકના ભંડાર કે રાજ્ય ઠકરાણીપણું પણ સીતાને શું લલચાવી શકે ?

**તો ભય પણ** ભલેને મૃત્યુસુધીનો દેખાડે, પણ તેથી સતી શાની ડરે ? ધનવૈભવ તો ગમે તેટલું ઝવેરાત, ગમે તેટલા રૂપિયા સોનૈયા, અને વાડી બંગલા યાવત્ મોટો સામ્રાજ્યરૂપમાં હોય, તો પણ મૃત્યુબાદ એમાંનું કશું આપણું નહિ. એ જરાય જીવની સાથે ચાલે નહિ, કે પરભવે રક્ષણ આપે નહિ, ત્યારે શીલવૈભવ તો મૃત્યુબાદ પણ પોતાનું થઈને રહે છે, સાથે ચાલે છે, અને પરલોકમાં મહાન રક્ષણ-આબાદી આપનારું બને છે ! તો પછી એ શીલ ટકાવી રાખવામાં મૃત્યુ ય કદાચ આવી ગયું, ને મોત આવ્યું તો જીવન ન ટક્યું, પણ શીલ ટકી ગયું, તો



એવા મૃત્યુની ચિંતા શી ? દુઃખ શું ?

**મહાસતીની બુદ્ધિમત્તા :-**

મહાસતી એ ગણતરી પર રાવણના દેખાડેલા ભયથી જરાય ગભરાતી નથી. એ સમજે છે કે 'મૃત્યુ તો એક નિર્ધારિત વસ્તુ છે. એક વાર તો ગમે ત્યારે આવવાનું જ છે. એને રોકવું આપણા હાથમાં જ નહિ. પરંતુ શીલપાલન તો મારા હાથની વસ્તુ છે. એવી હાથની વસ્તુ જતી કરી, બિન હાથની નિર્ધારિત વસ્તુ મૃત્યુને અટકાવવા ફોગટ ફાંફા કાં મારું ? શીલ ખંડિત થયા પછી તો મૃત્યુ કદાચ થોડું મોડું ય થયું ને થોડુંક વધુ જીવી ય ગયા, છતાં એવા કુશીલ-ખરડ્યા જીવનની, વિષ્ટાકણોથી મિશ્રિત ખીરની જેમ, કિંમત શી ? માટે મારે તો શીલજ મારા પ્રાણ.'

**શીલ ભંગની પ્રાર્થના ન મનાય :-**

શીલની આ મક્કમતા ઉપર રાવણે સીતાને મનાવવા કેટલીય કરુણ વિનવણીઓ ય કરી, પરંતુ પીગળે છે જ કોણ ? શીલ વિનાના જીવનને ભૂંડ-ભૂંડણના જીવન સમજનારી આ મહાસતી રાવણની તેવા જીવનની કાકલુદીને ઠોકરે ચડાવે છે. રાવણ શું રૂપવાન નથી ? સૌંદર્ય લાવણ્યવાન નથી ? લષ્ટ-પુષ્ટ કાયાવાળો નથી ? બધું ય છે, માનભેર રંગરાગ-ભોગ ખેલાવે એવો છે. પણ માનવ-જીવનનું મહા સૌંદર્ય, મહાશોભા, અને મહાલાભકારિતા શીલ-સદાચારમાં જ હોવાનું જેના મનને નિશ્ચિત છે, એવી આ મહાસતી તુચ્છ રંગરાગ-ભોગરૂપી પશુધર્મને શાનું મહત્ત્વ આપે ? પશુધર્મના આગ્રહીની શી દયા ખાય ? ચોરની ચોરી કરવા માટેની કરૂણ આજીજી પણ શું નીતિમાન શાહુકાર માને ? ખુનીની ખૂનમાં સામેલ થવાની ભારે વિનવણી શું દયાળું માણસ સ્વીકારે ખરો ? ના, બસ એજ રીતે કુશીલ માટે રાવણના માથા પછાડવાની પણ કરુણ ક્રિયાની કોઈ જ અસર સીતા પર નથી થતી.

**મંદોદરી મનાવવા આવી :-**

ત્યારે વળી મંદોદરી રાણી પતિની દલાલી કરતી આવી સીતાને વિનવે છે, કહે છે, 'અમે હજારે રાણીઓ તારા ચરણની દાસી થઈને રહીશું. તું માન પટ્ટરાણી થવાનું. તને જરાય આ અમારા પતિના કલ્પાંતની દયા નથી આવતી ?'

**મંદોદરીને સીતાની શિખામણ :-**

એના પર મહાસતીએ એને સાફ સંભળાવ્યું કે તમારો બંનેનો ખરેખરો યોગ મળ્યો છે ! પતિ વ્યભિચારી અને તું એની દૂતી ! તને કોઈ બીજો માણસ પોતાની રાણી થવાનું કહે, કરુણ કાલાવાલા કરે, તો તું તૈયાર છે ? શું મોઢું લઈને આ બોલવા આવી છે ? તને શું લાજ આવતી નથી ? પતિને દુરાચારથી પાછો વળવાનું કહેવાને બદલે મને દુરાચારમાં પડવાનું કહેવા આવી છે ? ઊઠ ઊભી થા

અહીંથી. ઘર ભૂલી ઘર ! **'પ્રાણ અમારા પરલોક જાએ, તો પણ સત્ય ન ચૂકું'** સમજે છે ? સત્ય શીલને ચૂકી જીવન જીવવાની શી કિંમત છે ? સત્યને અખંડ જીવંત રાખવાની અને એથી મૃત્યુને પણ શોભાવવાની કિંમત છે,' શું બોલે મંદોદરી ? ભાગી !

**આત્મવિકાસનો આ ઉપાય છે :-** કે સામેથી ગમે તેટલા પ્રલોભન આવે, ભય આવે કે વિનવણીઓ આવે પરંતુ શીલ-સત્ય-સદાચાર અને એની કડક મર્યાદા પણ જરાય ચૂકવાની નહિ, મનમાં જરાય એની કલ્પના પણ નહિ લાવવાની. બહારના કુશીલિયા માણસની જેમ અંતરાત્મામાં કોઈ કુશીલ-અસત્ય-અનીતિ નામની કોઈ વ્યક્તિ લલચાવી રહી છે એવું કલ્પી એની સામે લાલ આંખ કરી કહી દેવાનું એને કે 'ખબરદાર. અહીં ઊભી તો ! ચાલતી પકડ અહીંથી દુષ્ટ ! હરામી ! તારે વશ હું થાઉં ? જરાય નહિ, મારા તો સગાં શીલ-સત્ય-સદાચાર. જીવન જાઓ પણ એ ન જાઓ વળી આ મક્કમતા હોય તો પણ એની મર્યાદાઓ ય નહિ ચૂકવાની ! જેટલી કુશીલ પ્રત્યે ઘૃણા અને તિરસ્કાર, એટલી એના દરવાજા રૂપ મર્યાદા ભંગ-વ્યવહાર ભંગ પ્રત્યે પણ જોઈએ. પછી ત્યાં ખોટી લજ્જા-શરમ-દાક્ષિણ્યમાં તણાવવાનું જ નહિ. મર્યાદાનું કડક પાલન રાખવાનું. મર્યાદાભંજક કોઈ પણ સલાહસૂચન, શ્રવણ વાંચન કે સ્મરણ પણ નહિ જોઈએ.'

**શીલની મર્યાદાનું કડક પાલન :-**

આ મર્યાદાનું કડક પાલન ધ્યાનમાં લેવા જેવુ છે. જમાનો તાણી જાય એવો છે. પરંતુ આપણે આત્મવિકાસના સાચા અર્થી હોઈએ તો જમાનાની પરવા મૂકી દેવી જોઈએ, મર્યાદા બહારના પહેરવેશ, ખાન-પાન, સુખસગવડ, બોલચાલ, વગેરેથી આઘા જ રહેવું. વિચારો સીતાજી રાવણના અશોકવાટિકામાં કેવી મર્યાદાથી રહ્યા હશે ! પહેલું તો રાવણને એજ કહી દીધું કે 'સાડા ત્રણ હાથ દૂર રહીને વાત કરજે. નહિતર ગરબડ કરી તો મારું તો મોત સમજી લેજે.' આ ક્ષેત્ર મર્યાદા એમ વેશ મર્યાદા કેવી સાચવતા હશે ? મોં-માથું ને અડધીપડધી છાતી ઉઘાડી રાખતા હશે કે ઢાંકેલી ? શિકારીની આગળ ઉન્માદવર્ધક અંગ ખુલ્લા રખાય ? આજની દુનિયાના હૃદય પવિત્રતામાં કેવા મજબુત ? નિમિત્ત મળતાં શિકારી બનતાં શિકાર ઝડપતાં વાર કરે ? સીતાજીના બોલમાં પણ મર્યાદા ચોક્કસ પ્રકારની ! એવું વર્તન પણ મહામર્યાદાશીલ !

આ તો બ્રહ્મચર્ય સદાચાર અંગેની મર્યાદાની વાત થઈ. એવું જ ક્ષમા, સત્ય, દયા વગેરે ધર્મ સાચવવો હોય એણે એને યોગ્ય મર્યાદા પણ સાચવવી જ જોઈએ. દા.ત.



**ક્ષમાશીલની મર્યાદા એ કે એના શબ્દમાં ઉકળાટ ન હોય.**

**સત્યના અભ્યાસીને મર્યાદા આ, કે બહુ બોલવાનું કે વિચાર કર્યા વિના બોલવાનું ન હોય.**

**દયાળુની મર્યાદા એ કે શબ્દ સામાના હૃદયમર્મને ઘા કરનારા નહિ જોઈએ; વગેરે વગેરે.**

એવા તો કેટલાય ધર્મ અને ગુણોના પાલન માટે કેટલીય મર્યાદાઓનાં પાલન હોવા જ જોઈએ. આવી મર્યાદાઓ શીખવનારી તો એક ચોપડી બને. નાનપણથી એના પાઠ ભણાવવા પડે. એના અમલ પર ધ્યાન આપવું પડે. આર્યમાનવજીવન એનાથી તૈયાર થાય. જીવનને શોભા એ આપે બાકી મર્યાદા પાલન વિનાનું જીવન તો અનાર્ય મ્લેચ્છ જીવન ગણાય.

**ગુણો અને ધર્મની મર્યાદા શી ? :-**

આ મર્યાદાઓ એટલે તે તે ગુણ અને ધર્મના રક્ષણ, પાલન અને પોષણ કરે, એમાં બાધ ન કરે. વાણી-વિચાર-વર્તાવ ગુણ કે ધર્મને ધક્કો લગાડી દે એવા વાણી-વિચાર-વર્તાવ એ મર્યાદાનો ભંગ કહેવાય, ઉલ્લંઘન કહેવાય. માતાપિતાની પૂજા એ પુત્રનો ગુણ છે. એની મર્યાદાએ કે પોતાનો સ્વાર્થ વધુ પડતો ન રાખે, મિત્રમંડળ બહુ મોટું ન રાખે. નહિતર એની પલેવણમાં અવસરોચિત માતાપિતાની સેવાભક્તિ ગુમાવવાનું થાય. આજે આ સારી રીતે જોવા મળે છે. છોકરા સ્વાર્થ અને મિત્રમંડળની હદ ચૂકે છે એટલે માતાપિતાની સેવા ભૂલે છે. આ ભૂલવામાં બીજાં કારણો ય કામ કરે છે, પરંતુ આ મર્યાદા-ઉલ્લંઘન પણ એમાં એક કારણ છે.

**એમ, અધ્યાત્મરસિકતા ગુણની મર્યાદા :-**

એ કે બહુ વ્યવહારિયા ન થવું. એ થવામાં પછી બહારનું ને બહારનું સંભાળવાનું એટલું બધું વધી જાય છે કે સ્વાત્માનો વિચાર કરવાને સમય જ નથી. વિચારણા બહારનાની,- 'આને મળવાનું છે; આનું આમ કરવાનું છે આને જરા સમજાવાનો છે,...પેલાને ધમકાવવાનો છે,...આનો નિકાલ કરવાનો છે,...પેલાનો આમ ઘાટ ઉતારવાનો છે...' આવી ને આવી ગડમથલ, શિલાભાર, હૈયાહોળી ચાલ્યા જ કરતી હોય ત્યાં સ્વાત્મ ચિંતા અને અધ્યાત્મરસ શી રીતે પોષાય ? માટે મર્યાદા આ કે બહુ વ્યવહારિયા નહિ થવું.

એ તો પોતે જ વિચારી લેવું જોઈએ કે **'હું જે ગુણ ટકાવવા ને જે ધર્મ કરવા ઈચ્છું છું એમાં શું આ આ વર્તાવ, સંયોગ, વાતાવરણ બાધ કરવા સંભવ છે ? જો હા, તો એ મર્યાદા બહારનું કહેવાય, અને તે મારે રોકવું જ જોઈએ, એનાથી દૂર જ રહેવાનું.'**

શીલની રક્ષા માટે તો આ ખૂબજ ધ્યાનમાં રાખવા જેવું છે. નોવેલ-નવલિકાના વાંચન, સ્ત્રીઓ સામે દ્રષ્ટિપાત, ઈત્યાદિને મર્યાદા ભંગ કહેવાય, અરે ! આજના છાપામાં આવતા અનાચારના કેસનાં વર્ણન પણ એવા જ વાંચવાને અયોગ્ય હોય છે. તો આજનાં ચિત્રપટ ફિલ્મ-પિક્ચરનાં દર્શન એ પણ મર્યાદાના ઉલ્લંઘન છે એમાં તો પરસ્ત્રી સામે ધારી ધારીને શાહુકારીથી જોવાનું લોકો કરે છે. એટલે ઉઘાડો જ દુરાચાર ને ? પછી આજના છોકરા-છોકરીઓ અને મોટાઓનાં પણ જીવન કેમ ન બગડે ? મર્યાદા ભંગ ચીજ જ એવી છે. મિત્ર-સ્નેહીના ઘરમાં એકલી સ્ત્રી હોય અને ત્યાં જવું એ મર્યાદા ભંગ છે. એમાંય કેટલાયનાં પતન થઈ ગયાં. જુઓ એક પ્રસંગ છે.

**સુમતિલાલને દુરાચારનું ફળ :-**

જીવણલાલ શેઠ બધી વાતે સુખી હતા. પત્ની સુશીલ સેવાભાવી, દીકરો વિનયી, સદ્‌ગુણી અને હોશિયાર. પૈસા પણ સારા અને આબરૂ પણ સારી હતી. છતાં કર્મની વિચિત્રતા કેવી છે કે ચંદ્રમાં કોઈક કલંક નાખી દે, એમ શેઠને જમાઈ સુમતિલાલની ડાંડગીરી એવી, તે દીકરીની છાશવારે ને છાશવારે ફરિયાદ આવ્યા જ કરે. ફરિયાદ પણ એવી કે એમાં દીકરી બિચારી નિર્દોષ જણાય, અને જમાઈની ઉલ્લંડાઈ ભારે દેખાય. હવે દીકરીને ઠપકારે પણ શું ? કેમકે આ કાંઈ સ્નેહલગ્ન નહોતા કરેલા; માબાપે જ પસંદગી કરેલી. પસંદગી કરી ત્યારે તો મૂરતિયો સારો હતો. પણ એનો બાપ થોડા વખતમાં મરી ગયો, હાથમાં મૂડી, દુકાન આવી એમાં ભાઈ ખરાબ સંગતે ચડી ગયા એટલે બગડ્યા. ગમે તેવા સારા કુળવાનને પણ ખરાબ સંગતે બગડવામાં શી નવાઈ ?

**સંગ તેવો રંગ :-**

સંગત માણસને બગાડે છે ને સંગત સુધારે છે. સારાની સંગત હોય તો સુધારો કરે અને નરસાની હોય તો બગાડે. **અર્જુનમાલીને સુદર્શન શ્રાવકનો** સંગ મળ્યો, તો એવો સુધરી ગયો કે રોજના ખૂનીપણામાંથી છુટી મહાત્મા અર્જુનમાલી મુનિ બન્યા ! આર્દ્રકુમારને અભયકુમારે મોકલેલી જિનપ્રતિમા દ્વારા પણ અનાર્ય દેશના રાજકુમાર આર્દ્રકુમારને અભયનો પરોક્ષ સંગ મળ્યો; અનાર્ય દેશ ત્યજી આર્ય દેશમાં આવી એણે ચારિત્ર લીધું ! **ચાણક્ય મહામંત્રીની સંગતે રાજા ચંદ્રગુપ્ત** જૈન ધર્મનો રાગી બની ગયો. **આચાર્યદેવ શ્રી હીરસૂરિજી** મહારાજની સંગતે ક્રૂર ઘાતકી નિર્દય અકબર બાદશાહ દયામૂર્તિ બની ગયો હતો ને ? સંગ તેવો રંગ. ખરાબના સંગે ખરાબી આવે જંબુકુમારનો કાકો જિનદાસ જુગારીઓની સંગતે ચડી એવો બગડ્યો કે ભાઈ ઋષભદત્તે એને બહુ સમજાવવા છતાં ન સુધરવાથી ઘરની બહાર



કાઢી મૂક્યો. તે પછી જુગારીઓથી ખૂબ કૂટાતાં, નિરાધાર બનતાં ભાઈએ ઘરે લાવી એની સારવાર કરી ને સુધાર્યો.

પેલો જમાઈ સુમતિકુમાર કુસંગતના યોગે બગડી ગયો છે કે એની પત્ની માબાપને ફરિયાદ કરતાં હવે તો કહે છે કે હું હવે સાસરે જવા માગતી જ નથી. માબાપ કહે છે, 'બેન ! ખુશીથી અહીં રહે એમાં તું વધારે નહિ પડે પરંતુ આખી જીંદગી ચાલશે ?'

છોકરી કહે 'પણ શું કરું ? એમનો માર પણ ખાઈ લઉં છું. કિન્તુ હવે વાત એવી બની છે કે જે જરાય ન ચલાવાય.'

'શી વાત છે ?'

'હવે મારા શીલનો પ્રશ્ન છે.'

જીવણલાલ એ સાંભળતાં ચોંકી ઊઠે છે; કહે છે, 'અરે ! આ સારા ખાનદાન કુળનો અને બરાબર તપાસ કરી સારો જાણેલો જમાઈ આટલે નીચે પાટલે જઈ બેઠો ? છોકરાની માતાને પૂરું સાંભળી લેવાનું કહી પોતે ત્યાંથી ચાલ્યો જાય છે.

માતા પૂછે છે શું, બન્યું છે એ બોલ. જરાય સંકોચ ન રાખીશ.'

છોકરી કહે 'મા એમણે હવે ઘરમાં હલકા માણસોને ભેગા કરવા માંડ્યા છે. તે માણસો પછી તો એ ઘરમાં ન હોય ત્યારે પણ આવે છે, અને હું કહું કે 'જાઓ હમણાં એ ઘરે નથી,' તો પણ ઘરમાં બેસી રહે અને ઠેઠ મારી પાસે આવી ચેનચાળા કરે, હલકા શબ્દ બોલે. હું ઊઠીને ચાલી જઉં તો મારું કપડું ઝાલી 'ભાભી ભાભી કેમ રીસાઈ ગયા ?' વગેરે ટાયલા કરે ! પરંતુ હું તો ગુસ્સો કરી પાડોશણને ત્યાં ચાલી જઉં.' પણ આવું કેટલા દહાડા નભે ?

મા પૂછે "તે તું એમને કહેતી નથી ?"

**છોકરીનો છેલ્લો બોલ :-**

"કહું છું પણ એ તો કહે કે એમાં શાની ગભરાય છે ? આ અમે પણ શું મિત્રના ઘરે નથી જતા ? મિત્ર ઘરમાં ન હોય તોય શું એમના બૈરા અમારી સાથે વાતચીત નથી કરતા ?" હું કહું પણ આ તો ટાયલાં ને ચેષ્ટા કરે છે. ત્યારે એ કહે 'એમાં શું થઈ ગયું ?' બસ ! મને લાગે છે કે આ ટોળકી જ એવી થઈ ગઈ છે કે એમની પત્નીઓ પણ ભેગી ભળી લાગે છે. તારા જમાઈ પણ હવે બીજી સ્ત્રીઓ સાથે છૂટ લેતા હશે તે મારી વાત શાની સાંભળે ? મને તો હવે આમાં શીલનો ડર છે કે રખે આ મવાલી જેવા માણસો માનો કોઈ આક્રમણ કરે તો ? જો કે હું તો એ પહેલાં જીભ કચડીને મરી જાઉં, પણ એમ ધર્મ સાધનાને યોગ્ય

આ જનમ શા સારુ ગુમાવવો ? હવે તો હું અહીં રહી ધર્મધ્યાન કરીશ ત્યાગ તપસ્યા કરીને આ માટીની કાયાનો કસ કાઢીશ. મા, મા ! તું દયા કર. હવે આ અસહ્ય છે...' બોલતાં બોલતાં છોકરી રડી પડી. આંખમાંથી પાણી દડદડ ટપકે છે ને કહે છે, 'મા તને શું કહું ? શીલના પાઠ ભણાવવાનો તારો પરમ ઉપકાર છે. તેં તો બ્રહ્મચર્ય સુધીની સલાહ આપેલી; પણ આ હું વિષયભૂખી તે મેં માન્યું નહિ, તો આ દિવસ જોવાના આવ્યા ! પણ હવે એના પ્રસંગમાં આપઘાત કરવો પડે એના કરતાં તપથી જ કાયા ઓગાળી નાખવી શું ખોટી ? અહીં રહીને હું અનશનના માર્ગે જઈશ.'

જીવણલાલ છોકરીની પરિસ્થિતિ જાણીને વિચારમાં પડી ગયા કે હવે છોકરીને શું કહી શકાય ? છતાં એને અહીં રાખી પણ કેમ મૂકાય ? એટલે એને એ કહે છે,

'જો બેન આ ઉપરથી તેં પ્રયત્ન બધા કર્યા લાગે છે. છતાં તું અહીં રહે એમાં તારી શોભા શી ? હજી તું એમને વિશેષ સમજાવે તો ?'

છોકરી કહે છે, 'પિતાજી ! જેની જીવન પદ્ધતિ જ બદલાઈ ગઈ ને જુગાર-દુરાચારનાં ચડસભર્યા વ્યસન લાગી ગયા, એને હું શું સમજાવું ? મારું તો શીલ જોખમમાં છે. તમને કહું તો કદાચ કડવું લાગશે, પણ હવે જો અહીં મારો આશરો નહિ હોય તો મારે તમને જણાવવું પડે છે કે આંખમાં ઉભરાતી દેખાતી વાસનાવાળા એ દુરાચારી પરાયા માણસનું આગમન મને ભયાનક લાગે છે એમાં શીલ પર જોખમ લાગે છે, તેથી બહેતર છે કે હું ઝેર ખાઈ લઈશ.'

**પિતા ઉપાય ચિંતવે છે :-**

શીલની પ્રધાનપણે રખેવાળ એ છોકરીનાં આ વચન સાંભળી માબાપ ચોંકી ઊઠ્યા ! તરત બાપ એક ઉપાય મનમાં ધારી લીધો અને છોકરીને કહે છે 'જો તારે એવું કાંઈજ કરવાનું નથી. ખુશીથી અહીં રહે, હું ઉપાય કરું છું. પરંતુ તને મારા પર વિશ્વાસ છે ? હું જે કરું તે પર મનમાં કચવાટ નહિ કરે ને ? પરિણામ ઘડીભર વિકટ દેખાશે પણ તેથી તને દુઃખ નહિ થાય ને ?'

છોકરી કહે છે, 'એવી શંકા જ શા માટે કરો છો ? તમે મારા હિતૈષી છો એટલે તો હું તમારા શરણે આવી છું. તમે જે કરો તેના પર મારો પાકો વિશ્વાસ છે.'

બસ, જીવણલાલે હવે ઉપાય યોજવા માંડ્યો. એક પોતાના પાકા વિશ્વાસપાત્ર માણસને વાત કરી અને કઈ પદ્ધતિએ કામ કરવું તે બતાવી દીધું. એ માણસે પોતાની અત્યંત સુશીલ પત્નીને સમજાવી દીધું. પછી એણે શેઠના જમાઈ સાથે દોસ્તી શરૂ કરી; એના ઘરે જતો આવતો થયો. એને પોતાના ઘરે લાવતો પણ કર્યો. હવે તો જમાઈ આ નવો મિત્ર ઘરે ન હોય ત્યારે પણ આવતો થયો. આ



બાઈ અંતરથી બહુ સાવધ રહીને જરા હસતા ચહેરે એની સાથે વાત કરે છે, એટલે તો ભાઈ ખીલ્યા ! એકાંતનો ઈશારો કરે છે, એટલે બાઈ હસતી કહે છે, 'ફિકર ન કરો. બધું સારું થશે. કાલે આવજો. પણ એક બીજી મજેની વાત કહું. એક મારી સહિયર છે, એને અહીં તમારા સમાગમમાં લાવવી છે, પણ આવતી નથી. પાછી છે ડરપોક, તમે જો જરાય ભય દેખાડો તો પછી તમને પૂંઠે લાગે એવી છે.'

પેલો આના હસીખીલીને બોલવા પર કામાંધ બનેલો. આ સાચું જ માનીને પોતાની મુંઝવણ કહે છે 'એ શી રીતે બને ?'

આ કહે છે 'તમે એક ચિઠ્ઠી લખો કે જો માની જઈશ તો હું તને ન્યાલ કરી દઈશ. નહિતર પછી તારો જાન જોખમમાં સમજી લેજે' આટલી ચિઠ્ઠી લખી આપો. એને વંચાવીને હું ફાડી નાખીશ, અને એને અવસર ઓળખી લેવા કહી અહીં કાલે લઈ આવીશ.'

કામાંધ, ક્રોધાંધ ને લોભાંધ માણસોને ભાનબાન નથી રહેતું. આ ભાઈએ જાણે બધું મનગમતું નજર સામે આવી ગયું દેખાય છે ! તે આ બાઈના ભરોસે એણે ઝટ દઈને ચિઠ્ઠી લખી આપી. વાસનામાં કે કષાયમાં આંધળા બનેલાને પરિણામનો ક્યાં વિચાર જ કરવો છે ? કદાચ ધાર્યું ન થયું, ઊંધું જ પડ્યું, સામેથી દગો થયો, તો મામલો ક્યાં પહોંચી જશે, એનો શો વિચાર જ કરે ? માર ખાય તે એવો કે ખુવારીનો પાર નહિ ! પવિત્ર જીવનમાં જ મજા છે, આબાદી છે, કષાયોને વશ નહિ થવામાં જ જીવન સુખમય પસાર થાય.

**કામાંધ જાળમાં ફસાય છે :-**

હવે બીજી બાજુ પેલા જીવણલાલ શેઠે ફોજદારને સાધ્યો છે. બરાબર તાકડો ગોઠવાઈ જતાં એને પોલીસો સાથે પેલા મિત્રના ઘરે ખાનગી ગોઠવી દીધો. પેલા જમાઈ સુમતિલાલ આવી પહોંચ્યા. આજે તો જાણે એમને દિવાળીનો દહાડો તે ભારે ઉછરંગમાં છે. બાઈએ આવકારી અંદર પલંગ પર બેસાડ્યા, ને પોતે ઊભી પૂછે છે, 'કેમ મોડા પડ્યા ? શું જમાડું ? આવ્યા છો તો કંઈક સારું કરી દઉં...' ચલાવ્યું પ્રેમાળ શબ્દમાં ભાષણ.

આ ભાઈને તો ભૂખ બીજી હતી. ઉતાવળા થઈ ગયા હતા. એમાં વળી આના શબ્દો કોમળ મમતાભર્યા લાગ્યા એટલે તો હવે જાણે આ પોતાનું ઘર જ સમજી કહે છે 'તું એ બધું પછી કરજે હમણાં જા.' પણ એ તો કહે 'પેલી છોકરી કેમ નથી આવી ?' આ કહે છે, 'કોણ જાણે કેમ નહિ આવી.'

'ખેર ! પણ મારે તો તું જ બસ છે. લે હવે અહીં આવી જા.' બોલે છે

ત્યાં બાઈ હસતી હસતી જરા પાછળ હટી એટલે આ તો ઊઠ્યો, અને જેવો એ બાઈનો હાથ પકડે છે કે તરત બાઈ મોટેથી બોલે છે 'અરે ! અરે ! આ શું કરો છો ?' આ રાંકડો ભેદ સમજતો નથી, તે એને તાણવા જાય છે, ત્યાં જ એકદમ ફોજદાર આવી ગયો. પૂછે છે 'શું છે ?'

**ફોજદારને નિવેદન :-**

બાઈ કહે 'જુઓને આ એમના મિત્ર ઘરમાં નથી તે અહીં આવી મને હેરાન કરે છે. કાલે તો મને ધમકીની ચિઠ્ઠી મોકલેલી કે 'નહિ માને તો તારું ખૂન થશે.' જુઆ આ ચિઠ્ઠી એમ કહી પેલી ચિઠ્ઠી કાઢી આપી કહે છે 'આજ તો આવીને મારા પર આક્રમણ કર્યું; પણ ઠીક થયું તમે આવી ચઢ્યા, નહિતર આ લુચ્ચાએ મારા શીલ પર ધોંસ લગાવી હોત અને હું માનત તો નહિ જ. તેથી કદાચ મારી ગળચી દાબીને મારી નાખી હોત.'

**સુમતિલાલને બેડી :-**

બસ, ફોજદારે નિવેદન નોંધી લીધું. સુમતિલાલને સિપાઈઓ પાસે હાથમાં બેડી પહેરાવી લઈ ગયા. ચોકી પર બજાર વચ્ચેથી આ રીતે જોતાં સુમતિલાલ ચોકી પર કપડાં ઉતરાવી ધોતિયાભેર ઓરડીમાં ઘાલી ફોજદાર હંટર લઈ એને ભારે ગુસ્સો દેખાડી કહે છે, 'બદમાશ ! બોલ કેમ ગયો હતો ત્યાં ?'

જમાઈ સુમતિલાલના તો હાંજા ગગડી ગયા, થર થર ધ્રુજે છે ! એને ભારે ગભરામણ છે કે આ શું ય કરશે ? જરાક બચાવના ઉત્તરમાંય કોરડો ઝીંકાય એ ભયમાં લાંચ આપવાથી બચવાની આશામાં કહે છે, 'ફોજદાર સાબ ! હું તમને પાંચ હજાર રૂપિયા આપીશ. પેલી ચિઠ્ઠી આપી મને જવા દો.'

**કોરડાનો માર ઝીંકાય છે :-**

આટલું બોલ્યો ત્યાં તો ફોજદાર જોરદાર કોરડો ઝીકતા કહે છે, 'હરામ-ખોર ! લાંચથી છુટવું છે ? લે પહેલી લાંચ હું તને જ આપું.' એમ કહી બીજો કોરડો કચકચાવીને મારે છે. 'બોલ સાચું શું છે ?'

આ ચીસ પાડતો કહે છે, 'હું તો અમસ્તો ગયો હતો'

'અમસ્તો ? જુઠ ? લે એમ કહેતાં ક બીજા બે ચાર ગેર્બન ફટકાર્યા !' કહે છે, 'બોલ સચ્ચા બોલ.'

**વાણિયાનો બચાવ :-**

વાણિયો ઢીલો તો પડ્યો, છતાં ફોજદારના પગે પડી કહે છે 'ભાઈસાબ ! માફ કરો. જરાક મારી ભૂલ થઈ હતી. પણ બાઈએ જ મને કાલે કહેલું કે તમે આવજો અને એણે બીજી બાઈની ખોટી વાત કરી મારી પાસે ખોટી ચિઠ્ઠી લખાવી લીધેલી.'



ફોજદાર આ સાંભળી વધુ બગડ્યો. 'બદમાશ ! બાઈ પર ખોટો આરોપ મૂકે છે ? જો એની દાનત ખોટી હતી તો પછી એણે કેમ તને પકડાવ્યો ? જુઠ બોલે ? તું એમ સાચું નહિ બોલે. અંદર એક પોલીસને બોલાવી કહે છે' 'ઉતાર દો ઈસકા ધોતર.'

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૪,અંક-૧૪,તા.૨૫-૧૨-૧૯૬૫**

**નગ્ન શરીર પર મારની ઝડી :-**

ધોતિયું ખેંચાઈ ગયું અને એના નગ્ન શરીર પર જોર જોરથી આડા ને અવળા કોરડા ઝીકવા મંડ્યો. **કહેતો** જાય છે કે 'ઔર કિતની ઓરતોંકો હેરાન કિયા હૈ ? અબ ફિકર મત કર જુઠ બોલતે રહેના. હમને સબ સાક્ષી એકત્રિત કિયે હૈ, યહ ચિઠ્ઠી ભી હૈ કોર્ટ મેં તુઝે ખડા કર દેંગે, વહાં અચ્છી ૨૦-૨૫ સાલકી સખ્ત કેદ વ નિત ફટકેકી સજા મિલ જાયેગી. ગભરાના મત, રોજ કે રોજ હંટર ખાતે રહના'...કહેતો જાય છે ને સનનન સનનન હંટર ઠોકે છે ! ભારે બૂટવાળા પગથી લાતો ઠોકે છે ! પેલો બાપરે બાપ પોકારે છે 'ઓ ભાઈસાબ ! કહું છું સાચું હવે મારો નહિ. મહેર કરો માબાપ દયા કરો, મરી ગયો હું.'

ફોજદાર કહે 'બોલ બોલ આજ તક કહાં કહાં ક્યા ક્યા બદમાશી કી હૈ ? થોડાસા ભી છુપાયેગા, તો સમજ લે અબ તો થંભે કે સાથ બાંધ કર પીટ પીટ કે ખત્મ ખર ડાલેંગે ? ક્યાં સમઝતા હૈ તેરે મનમેં, બદમાશ ?'

**સુમતિલાલનો પશ્ચાત્તાપ :-**

અહીં તો શરીર પર સોળેસોળ ઊઠી ગયા છે, લાય વેદનાનો પાર નથી, એમાં વળી હવે હજી પણ ભયંકર માર, કોરટ, વર્ષોની કેદ, વગેરે નજર સામે આવતાં સુમતિલાલ કંપી ઊઠે છે. મનને પસ્તાવાનો પાર નથી, હાય ! ક્યાં આ કુસંગે ચડી ગયો ? જીવન બરબાદ ! બિચારી સુશીલ પત્નીને ય ત્રાસ આપ્યો. મવાલી દોસ્તદારના સકંજામાં મૂકી ! મેંય બહાર કેટલાં કાળાં કર્યાં ? અહીં જ જો એનું આ ભયંકર ફળ, તો ભવાંતરે તો નરકના કેવા ય મહા ભયંકર ફળ આવત ? હે ભગવાન ! જો આમાંથી છુટી જાઉં તો જીવનભર આ ધંધા છોડી સદાચારી બની જાઉં, પરસ્ત્રી સામે આંખ પણ ન નાખું, સાધુ મહારાજના જ સંગ કરું અને મહાત્યાગ-તપસ્યા તથા ધર્મ સાધના કરું, પણ હવે છુટાશે કેમ ? ખૂનની ચિઠ્ઠી, પેલી બાઈની જુબાની, ફોજદારનું નજરે દેખવું, આ બધા સજ્જડ પુરાવાથી તો કોરટમાં ભયંકર જ સજા છે ! હાય ! હાય !' વિચારતાં જ પોકે પોક રડી ઊઠ્યો.

**સુમતિલાલનો ઈકરાર :-**

રડતાં રડતાં કહે છે, 'સાબ ! હું ડામીસ માણસ છું. માબાપ મરી ગયા પછી કુસંગે ચડી ગયો. પૈસા ઘણા હતા, મવાલી મિત્રોએ ચડાવ્યો. જુગાર અને બદમાસી શીખ્યો. હું એ લોકોના ઘરે જઈ એના બૈરા સાથે ખેલ ખેલવા લાગ્યો પેલા મારા ઘેર આવી મારી સ્ત્રીને પજવે. પણ એતો મહા સુશીલ, સારા ઘરની છોકરી તે મને ફરીયાદ કરી પણ હું લંપટ એનું શાનું સાંભળું ? મેં તો હિસાબ માંડેલો કે મિત્રોને અને મારે સામસામી છુટ હોવી જોઈએ. આવો હું ભ્રષ્ટ ! પેલી સુશીલ પત્ની મારો શો આધાર રાખે ? તે ગઈ બાપના ઘરે પછી તો છુટ થઈ ઘરમાં જ મવાલીઓનો અડ્ડો જમાવ્યો. એમાં એક નવો મિત્ર મળ્યો એના ઘેરે જતાં એની સ્ત્રીમાં હું લોભાયો તે આ તમે દેખ્યું ત્યાં સુધી હું પહોંચી ગયો સારું થયું બાઈ જોરથી બોલી, ને તમે આવી ગયા. નહિતર કોણ જાણે મારી બદમાશી વળી કેટલેય પહોંચત ? હવે ભાઈસાબ ! જો મને છોડો તો મારે જીવનભર સદાચારની પ્રતિજ્ઞા છે, અને એકલું પવિત્ર ધાર્મિક જીવન જીવવાનો નિર્ધાર છે. મને જો કોરટમાં લઈ જશો તો હુંય માર ખાઈ ખાઈ મરીશ, અને પેલી બિચારી નિર્દોષ સુશીલ સ્ત્રી રખડી પડશે ! માટે તમારા પગે પડું છું, મહેરબાની કરી મને મુક્ત કરો.'

ફોજદાર કહે 'લખી આપ આ બધું.' પેલાએ લખી આપ્યું. 'જો હવે ક્યારેય ભૂલ કરી છે, તો આ બધા ચિઠ્ઠી-કાગળ કોરટમાં રજૂ કરીશ, અને તારી ખેર નથી સમજી લેજે. જા અત્યારે છોડી મૂકું છું.'

**જીવન પરિવર્તન :-**

સુમતિલાલે કપડાં પહેર્યાં, ફોજદારના પગમાં પડી કહે છે 'બહુ ઉપકાર કર્યો. ફરી ફરી આભાર માનું છું.'

બસ, કહેવાની જરૂર નથી કે પછી તો એ મહા સદાચારી તપસ્વી ધર્મિષ્ઠ પુરુષ બની ગયો.

કહેવાનો સાર આ છે કે માણસને આડા રસ્તે જતાં પરિણામ તરફ દૃષ્ટિ નથી, આગામી અગમ્ય અને અસહ્ય અનર્થો-આપત્તિઓનો ખ્યાલ નથી. તેથી ટેસમાં ને મોજમાં તથા બેપરવાઈમાં ચાલે છે કે વર્તમાનમાં જે કરીએ છીએ એમાં શો વાંધો છે ? શી ચિંતા કરવી ? બસ, મસ્ત રહેવું. ખરું સુખ ખરું ગૌરવ-શોભા-વડાઈ આમાં જ છે. પરંતુ જ્યારે એ દુઃખદ પરિણામ આવીને ઊભા રહે છે ત્યારે કલ્પાંતનો પાર નથી રહેતો. ત્યાં પછી પશ્ચાત્તાપ તો ઘણો ય કરે પણ વળે શું ? થયું ન થયું થાય નહિ, અને કદાચ મૃત્યુ આવીને ઊભું રહે એટલે સારું





કરવાનો કોઈ અવસર જ નથી રહ્યો હોતો.

ત્યારે ડાહ્યો વિચારક માણસ તે છે કે જેને પહેલેથી જ પરિણામ ઉપર દૃષ્ટિ છે, જીવનના અંતકાળ ઉપર નજર છે અને તેથી જ એ ન બગડે માટે પહેલેથી જ આડા માર્ગે જતો નથી. ભલે ઉન્માદી અને આત્માની શત્રુભૂત ઈન્દ્રિયોના તુચ્છ ક્ષણિક સુખ અટકે, છતાં એને સન્માર્ગે જ ચાલવામાં કોઈ શોક નથી, કોઈ આડખીલી નથી. શું મહાન આત્માઓએ એવા મનોરમ ઈન્દ્રિય-વિષયોની રસ-રૂપ વગેરેનો ત્યાગ કર્યા હશે તે દુઃખી થયા હશે ? ના, ઊલટું હવે સાચા સુખી થવા એમ માનતા.

વાત આ જ છે,-પરિણામદર્શી બનો. પરિણામે જે અનેકોની ભયંકર દુઃખ દુર્દશા દેખીએ છીએ. એવી આપણા આત્માની દશા ન થાય એ માટે અત્યારથી સાવચેતી રાખવી.

સીતાજી આ સમજનારા છે માટે રાવણના તાત્કાલિક પ્રલોભન કે ભયને ગણકારતા નથી. એ તો કુશીલતાના દુઃખદ પરિણામને જુએ છે.

**કુશીલ સામે પ્રબળ દલીલો :-**

મહાસતી સીતાજી રાવણના ઘણાય પ્રલોભનો સામે જરાય પિગળ્યા વિના અણનમ રહ્યાં, હજારો રાજાઓ પર જેની હકુમત છે. એવા રાવણની પટ્ટરાણી અને અથાગ વૈભવ સમૃદ્ધિની સ્વામિની બનવાનું કહેવાઈ રહ્યું છે, રાવણ પોતે એનો દાસ બનીને રહેશે એવી આજીજી કરે છે ! પરંતુ સીતાને મન શીલના અમાપ નિધાન સામે એ બધું કોડીની કિંમતનું લાગે છે. રાવણની પટ્ટરાણી ખુદ મંદોદરી પોતે સીતાને મનાવવા આવે છે, અને કહે છે કે 'અમે હજારેય રાણીઓ તારી દાસી બનીને રહીશું, તારો પડતો બોલ ઝીલીશું, તું અમારી સરમુખત્યારણ, તું સ્વામીનું કહેવું માનીજા.' આવી મંદોદરીની પગે પડીને વિનવણી છતાં મહાસતી સીતા એની કશી જ કિંમત આંકતી નથી. એ તો એને કહી દે છે.

**સીતાની મંદોદરીને શીલ ગર્જના :-**

'વાહ ! ધણી વ્યભિચારી અને તું એની દૂતી ! બંનેનો ખરો યોગ વિધિએ કરાવી દીધો ! આ બોલતા તને શરમ નથી આવતી ? નિર્લજ્જ ! ઊઠ ઊભી થા, ચાલવા માંડ અહીંથી ! શીલની કિંમત નથી એટલે બીજાનું શીલ ભંગાવવાનું ગોઝારું કૃત્ય કરવા આવી છે ? આકાશ-પાતાલ એક થાય, પણ કોઈ આવી આશા મારી પાસે રાખીશ મા. સમજી ? રસ્તે પડ તું અહીં માથું ફોડશે, પણ તારું કાંઈ નહિ વળે. શીલ તો મારા પ્રાણ છે. મારી વિશ્વશ્રેષ્ઠ સમૃદ્ધિ છે, તારી માટીની સમૃદ્ધિને તો હું કોડીની કિંમતની ગણું છું. કોને લલચાવવા અને પાડવા આવી

છે ? ઘર ભૂલી ઘર. ડાહી હોય, શીલવંતી હોય તો ધણીને સમજાવ કે શીલને મહાસમૃદ્ધિ સમજી આ કુશીલ દ્વારા મૂર્ખાઈ ન કરો. પરસ્ત્રીગામી બનવાના વિચારે કુળને કલંકિત ન બનાવો. આત્માને કુટિલ વાસનાની ગુલામીમાં જકડો નહિ. વળવાનું કાંઈ નથી ને ફોગટ શા સારુ જાતને વિડંબી રહ્યાં છો ?'

મંદોદરી શું બોલે ? સજ્જડ થઈ ગઈ ! સીતાના તમતમતા બોલ પર ! એનું એકેક વચન રામબાણ હતું, સનાતન સત્યના ઘરનું હતું. માનવભવના ઊંચા કર્તવ્યનો સાદ હતો. એણે કેટલીય વાતો કહી નાખી ?

**(૧) બીજાનાં શીલ ભંગાવવા એ ગોઝારું કૃત્ય છે.**

**(૨) શીલની સમૃદ્ધિ એ વિશ્વ શ્રેષ્ઠ છે.**

**(૩) દુનિયાની સુવર્ણ-રત્નની પણ સંપત્તિ એ માટીની સંપત્તિ છે.**

**(૪) પરસ્ત્રી તરફ દૃષ્ટિ એ નરકની વાટ છે દુર્ગતિના ભવોની પરંપરા સર્જે છે.**

**(૫) ઉત્તમ કુળવટ તોડ્યે નિર્મળ યશના ભુક્કા.**

**(૬) જ્યાં વળવાનું કાંઈ નહિ એ પ્રયાસમાં જાતની વિટંબણા છે.**

**શીલ ભંગાવવા એ ભયંકર દુષ્ટ કૃત્ય :-**

બીજાનાં શીલ-સદાચાર-સદ્ગુણ-સદ્વૃત્તિ ભંગાવવાનું કૃત્ય ભયંકર દુષ્ટ છે. આપણે બીજાને શીલ-સદાચાર-સદ્ગુણ-સદ્વૃત્તિ પમાડી તો શક્તા નથી; પમાડીએ એમાં વિશેષતા છે. એના બદલે એ ભંગાવવાથી સામાના એ પામવાના સત્ પુરુષાર્થનો નાશ કરનારા બનીએ છીએ. સામાની સદ્ગતિને અવરોધી અટકાવી એને દુર્ગતિમાં પટકનારા અને તેથી જ આગળ એવા દુર્ગતિના ભવોની પરંપરામાં ઘસડનારા બનીએ છીએ.

**બહુ સાવધાન રહેવા જેવું છે, કે જીવન પસાર કરી રહ્યા છીએ.**

**(૧) એમાંની કોઈ ચેષ્ટા કે કોઈ ઉચ્ચારણ બીજાને કુશીલ-દુરાચારમાં ઘસડનારું તો નથી બનતું ને ?**

**(૨) એના કોઈ સદ્ગુણ કે શુભ ભાવને ખંડનારું-નંદનારું તો થતું નથી ને ?**

એક જરા આંખનો ચાળોય કરીએ, અને પરસ્ત્રી કે કુમારિકાને એથી રાગ જાગે એ કુશીલ છે. એવું સ્ત્રીઓના આંખના ચાળાથી પરપુરુષને રાગ થાય એ એને કુશીલમાં પટકવાનું કર્યું કહેવાય. ત્યારે વિચારો આજની સ્ત્રીઓની વેશભૂષા એક જ ખેપમાં કેટલા પુરુષોને ઉન્માદમાં પટકનારી બનતી હશે ? મંદિર-ઉપાશ્રયમાં ય સખણા નહિ ? સામાના શીલ ભંગાવવાનો જાણે ધંધો જ માંડી બેઠી ! આંખ-મનની કુશીલની દુકાનો માંડી ? વેશ્યા જેમ દુકાન માંડે, 'લ્યો આવો કુશીલ લેતા



જાઓ,' એમ આ એથી જરા હળવી દુકાન માંડે છે, હવાડામાં બધાય ઢોર મોંઢાં ઘાલી પાણી પીતા જાય છે, એમ અહીં રૂપના ચાળામાં સૌ કોઈને આંખો ઘાલતા જવાનો હવાડો ખુલ્લો મૂક્યો ! 'એકલો પતિ જ શા માટે સૌંદર્ય પાન કરે ? બધાય કરો.' આવી અધમ મનોદશા પ્રવર્તી રહી છે. એમાં વિચાર નથી કે બીજાને જાગતા કામોન્માદથી વાતાવરણ કેટલું ઝેરી બનતું જાય છે ! તેમજ એમના આત્મા કેવા ભયંકર દુર્ગતિ દુઃખ સર્જી રહ્યા છે. આ ઉન્માદ એટલો ભૂંડો છે કે ત્યાં ધર્મની લેશ્યા જ ખત્મ થઈ જાય છે. ચિત્ત એનાથી એવું સજ્જડ પકડાઈ જાય છે કે પછી એ એના જ વિચારો અને ભાવોમાં સંસારની અસારતાના પાયાના ભાવથી જ વંચિત બની જાય છે !

બીજાના શીલ ભંગાવવાની જેમ દયા, અહિંસા સત્ય-નિતિ, અભક્ષ્યત્યાગ, રાત્રિભોજનત્યાગ, મર્યાદાશીલ વેશ વગેરે સદાચારો ભંગાવવા એ પણ ગોઝારું કૃત્ય છે. એવા બોલ, એવી સલાહ, એવા લેખ વગેરે એ ભંગાવવાનું કરે, એને કઈ કક્ષામાં મૂકવા ? આશીર્વાદરૂપ કે શ્રાપરૂપ ? આર્યચૈતન્યના પ્રબોધક કે સંહારક ?

**વિચારવા જેવું છે** કે આજના છાપા, રેડિયા, ચિત્રપટ સીનેમા, નોવેલો વગેરે શું કામ કરી રહ્યા છે ? નિર્મળ ચૈતન્યના સર્જનનું કે સંહારનું કાર્ય કરે છે ? આજની ક્લબો, આજના મિત્રો અને આજનો રાષ્ટ્રવાદ કઈ દિશામાં છે ? ખુદ આપણા પોતાના જીવનને તપાસવાની જરૂર છે કે આપણે બીજાને શું આપી રહ્યા છીએ ? સત્ય-નીતિ-સદાચાર, અને ક્ષમા-દયા-પરોપકાર, વગેરેની મર્યાદાઓની સલાહ-પ્રેરણા-વાતો ? કે જૂઠ-અનીતિ-આચારભંગ અને ગુસ્સો-ગર્વ-સ્વાર્થ વગેરેની સલાહ-પ્રેરણા-વાતો ? સીતાજીનો મંદોદરીને ટોણો કે 'તું શીલભંગની સલાહ આપવા નીકળી પડી છે એમાં તને શરમ નથી આવતી ?' એની પાછળ સીતાજીની પોતાની કેટલી બધી પવિત્ર ચર્યા ઝળકી રહી છે ? જીવન તો આજનું કોઈ સેંકડો હજારો વર્ષનું છે નહિ. પછી ટુંકા શા જીવનકાળમાં આ ટેક સાચવી લેવાય કે બીજાને સન્માર્ગની મર્યાદાના ભંગમાં ન તાણી જઈએ, એટલું તો ઓછામાં ઓછું અપેક્ષિત છે. પછી એમને સન્માર્ગની મર્યાદામાં ઝીલતાં કરીએ, એ વિશેષ કહેવાય.

**શીલ આપણી મહાસમૃદ્ધિ :-**

સીતાજી મહાસતીએ મંદોદરીને બીજી વાત એ કરી કે તારા પતિને સમજાવ કે 'શીલ એ તો મહાસમૃદ્ધિ છે એના ઊંચા મૂલ્ય આંકો, અને કુશીલની લત મૂકો, બાકી શીલને સર્વશ્રેષ્ઠ સમૃદ્ધિ સમજનાર મારે તારા પ્રલોભનો શી વિસાતમાં છે ? એની તો હું શીલની આગળ એક ફૂટીકોડી જેટલી પણ કિંમત નથી ગણતી મને શું લલચાવવા આવી છે ?'

સીતાને મન મહાસામ્રાજ્ઞીપદના વૈભવવિલાસ અને રાવણ-મંદોદરી જેવાય દાસ-દાસી બની રહે એ ઠકુરાઈ પણ કેવી નિર્માલ્ય લાગતી હશે, એમાં જીવની ખરેખર કેવી ગરીબડી દશા ભાસતી હશે અને શીલરક્ષામાં કેવા મહાવૈભવ ઠકુરાઈ મહાગૌરવ દેખાયા કરતા હશે કે રાવણ-મંદોદરીની પ્રાર્થનાને જરાય મચક ન આપતાં ઠોકરે ચડાવે છે ! અરે ! લેશ વિચાર પણ કરવાનો રાખ્યો નથી.

**રથનેમિ-રાજીમતી :-**

રાજીમતી સાધ્વીને ગુફામાં લચબચતા સૌંદર્યવાળા તરુણ નગ્ન દેહમાં જોઈ રથનેમિ મુનિ લોભાયા, ક્ષોભાયા, એ કહે છે 'સુંદરી ! આવા ભોગયોગ્ય શરીરને આ સંયમ અને તપસ્યામાં કાં વિડંબી નાખે ? તું ય નવજુવાન અને હું ય નવયુવાન ચાલ ઘરે જઈ આપણે બંને આનંદમોજ કરશું ? રાજીમતીને ખબર પડતાં કે અહીં તો મારી પહેલાં રથનેમિ આવી ઊભેલા છે, તરત એણે વરસાદે ભીના વસ્ત્ર પણ અંગપરથી છુટા કરેલા તે તરત ઓઢી લીધા; અને સાવધાન થઈ જઈ રહનેમિને શિખામણ આપે છે કે 'આ શી ભ્રમણામાં પડી ગયા ? **દેહની વિટંબણા તો વિષયોપભોગમાં ગણાય કે તપ-સંયમના પાલનમાં ? નહિતર પછી ભૂંડ-ભૂંડણ. ગધેડો-ગધેડી, શું ખોટું કરે છે ?'** મહાન ભાગ્યોદયે પ્રભુની કૃપાથી મળેલ તપ-સંયમની મહા સમૃદ્ધિને ફગાવી દઈ ભોગની દરિદ્રનારાયણ કંગાળ રાંકડી પશુધર્મની દશામાં મન કાં ઘાલ્યું ?

રથનેમિ એના પર અનેક દલીલ કરતાં એક દલીલ એવી કરે છે કે,-

**"અમે જાણ્યું પતિવિણ રાજુલ ઓશિયાળી જો,**<br>**તેહને પરણી સુખભર પ્રીતડી પાળી જો,**<br>**દંપતી દીક્ષા લેશું યૌવનમાં નહિ જો."**

મહાસતી રાજીમતી સાધ્વીજી ઉત્તર કરે છે,-

**"નહિ ઓશિયાળી હું જગમાં કહેવાણી જો,**<br>**ત્રણ જગતના રાજાની હું રાણી જો,**<br>**ભૂતલ-સ્વર્ગે ગવાણી પ્રભુચરણે રહી જો."**

વિષયભોગને સાર સુખરૂપ માનતા રથનેમિ જ્યારે દયા ખાય છે કે 'રાજુલને બિચારીને ભાઈ નેમિકુમાર લગ્નના તોરણેથી છોડીને ચાલી ગયા તો હું એ બિચારી ઓશિયાળી બનેલીને પરણી અખંડ પ્રીતિ પાળી સુખી કરીશ,' ત્યારે વિષયસુખોને તુચ્છ-નિસ્સાર-વિટંબણારૂપ લેખતી અને બ્રહ્મચર્યને મહાસારભૂત સમૃદ્ધિ માનતી રાજીમતી સાફ સંભળાવી દે છે કે 'ભૂલી જજો ભૂલી, હું જરાય ઓશિયાળી હતી નહિ, ને છું નહિ. તેમ ત્રણલોકના રાજાની રાણી છું. લોકોએ પણ મને ઓશિયાળી



ગણી નથી, ઊલટું તીર્થંકર પ્રભુના ચરણ પકડ્યાથી તો મને આ પૃથ્વી ઉપરના અને સ્વર્ગના લોકોએ વખાણી છે, મારા ધન્ય અવતાર તરીકે ગુણગાયા છે. આમાં ક્યાં ઓશિયાળાપણું આવ્યું તે તમે મને સનાથ કરવા નીકળી પડ્યા ?'

રાજીમતીના આ બોલ શું સૂચવી રહ્યા છે ? એજ કે **આત્માની સાચી સમૃદ્ધિ પૈસા-ટકા અને વિષય-સુખો દેનાર કુટુંબ-પરિવાર વગેરે નહિ, પણ ત્યાગ-વૈરાગ્ય, અહિંસા-સંયમ-તપ, અને ક્ષમાદિ ધર્મો. એ જ સાચી આત્મ સમૃદ્ધિ છે.** માટે પૈસા-ટકાને સમૃદ્ધિ માનનાર અજ્ઞાની મૂર્ખના ટોળામાં શું ભળવું ? એવી અનંતા કાળથી ચાલી આવતી અધમદશાને હવે શા સારુ નભાવવી ?

**આત્માને અધમમાંથી મહાન બનાવવા** રસ્તો જ આ છે કે અધમ સ્થિતિમાં જે બાહ્ય જડ પૈસા-ટકા, માલ-મિલકત, મકાન-વાડી-બગીચા, સોનું-રૂપું, માણેક-મોતી, વગેરેને સંપત્તિ-સમૃદ્ધિ માનવાનું થતું હતું એના બદલે હવે આત્મગુણો દયા-અહિંસા, પરોપકાર-કૃતજ્ઞતા, ગંભીરતા-ઉદારતા-સહિષ્ણુતા, સત્ય-નીતિ-પ્રામાણિકતા, અને સૌમ્યતા-સંતુષ્ટતા-પવિત્રતા, વગેરેને સાચી ખરેખરી સંપત્તિ લેખવાનું કરાય; દાન-શીલ-તપ-ભાવના, દેવભક્તિ-ગુરુભક્તિ વગેરે ધર્મને સાચી સમૃદ્ધિ માનવાનું કરાય, સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન સમ્યક્ચારિત્રને ખરી માલ-મૂડી લેખવામાં આવે, એમ એના સાધનભૂત બનતા માનવભવ, માનવમન, દેવાધિદેવ, નિર્ગ્રન્થગુરુ, જિનમંદિર, શાસ્ત્રો, તીર્થ, વગેરેને સંપત્તિ માનવાનું કરાય.

આત્મગુણો, ધર્મો અને એનાં સાધનરૂપ બનતા દેવ-ગુરુ વગેરેને સંપત્તિ તરીકે માન્યા શાને કહેવાય ? ખાલી કહી બતાવવાની આ વસ્તુ નથી, એ અંદરથી હૃદય પોકારી ઊઠતું હોય કે 'આજ મારી સંપત્તિ છે, માટીના કુકા અને ઈંટ ચૂનાના મકાન નહિ.' તો આવો હૃદય પોકાર શાને કહેવો ? અથવા કહે, એ માન્યતા એ હૃદય પોકાર બનાવવા શું કરવું ?

**આત્મગુણો અને ધર્મને સાચી સંપત્તિ સમૃદ્ધિ માનવાનો ઉપાય અને લક્ષણ આ છે,**

(૧) દિલને શ્રીમંતાઈ એ ગુણોથી અને એ ધર્મથી લાગે પણ પૈસા-ટકા વગેરેથી નહિ. જાતનું વિચારે કે 'મારામાં એ ગુણો અને ધર્મ આવ્યા છે ? તો હું એટલો શ્રીમંત છું, કૂકાથી શ્રીમંત નહિ, પછી ભલે એ ગમે તેટલા હોય કૂકા તો તિજોરીની શ્રીમંતાઈ છે; મારે તો એ છતાં રોગ-અકસ્માત-જરા-મૃત્યુ અને કર્મના ભોગ બનવું પડે છે !'

(૨) શ્રીમંતાઈ આમાં માની એટલે આ આત્મગુણો અને ધર્મ જેટલા મળ્યા એનો હરખ રહે; નથી મળ્યા એટલી ગરીબાઈ-દરિદ્રતા લાગે, અને એ મેળવવાની

ભૂખ હોય, લગની હોય; ન મળે ત્યાંસુધી જીવને અસંતોષ હોય.

(૩) બાકી જડ પૈસા-ટકા-માલ-મિલકત ધાર્યાથી ઓછા મળ્યાનો ખેદ નહિ.

(૪) બીજામાં આત્મગુણો અને ધર્મ-ધર્મસાધનાઓ જોઈને લાગે કે 'આ કેવો શ્રીમંત છે ! કેવો એનો ધન્ય અવતાર !' પછી ભલે એની પાસે પૈસા-ટકા-ઓછા હોય. બાકી કોઈના બંગલા-પેઢી, મોટર-ફર્નીચર વગેરે જોઈને ગિલગિલિયાં ન થાય કે 'અહો કેવો શ્રીમંત ! કેવો સુખી !' એની તો ઊલટી દયા આવે કે 'બિચારો ગુણો અને ધર્મથી વંચિત કેવો દરિદ્ર ચિંથરે હાલ ! શું થશે એનું ? એમાં જેટલા ગુણ અને ધર્મ દેખાય એ પર લાગે કે એ આટલો ભાગ્યશાળી !'

(૫) પોતાને આત્મગુણો અને ધર્મ જ ખરી સંપત્તિ લાગે છે, અગર લગાડવી છે માટે એ વધુ ને વધુ કમાઈ લેવાની સદા ભૂખ રહે, ચાલુ મહેનત રહે, ચિત્ત શોધ્યા જ કરતું હોય કે 'મારે સંપત્તિ તો આજ છે, તો ક્યાં-ક્યાંથી એ કમાઈ લઉં ? અને મન-વચન-કાયથી તન-મન-ધનથી જ્યાં જે રીતે જેટલા પ્રમાણમાં આત્મગુણો કમાવવાની અજમાવવાની તક મળે કે તરત યથાશક્તિ એટલે કે બધી શક્તિ કામે લગાડીને કમાઈ અજમાવી લેવાનું કરાય; એમ ધર્મસાધના કરી લેવા ઉત્સુકતા સાથે પ્રયત્ન કરી લેવાય.'

આપત્તિમાં ગરીબીમાં, અછતમાં કે ઈચ્છાની પૂર્તિ ન થવા આદિમાં એમ નહિ વિચારવું કે 'હાય ! આપણે કમભાગી ! ફુટેલા નસીબવાળા ! કેટલું દુઃખ ! કેવી દુર્દશા.' ના, આવું કશું મનમાં નહિ લાવવાનું. ઊલટું એમ વિચારવાનું કે 'ભલે બાહ્ય સ્થિતિ ગમે તેવી હોય તો પણ એ પરાધીન છે, કર્મનિર્મિત છે, કર્મોદય અકાટ્ય છે, અનિવાર્ય છે, અને કદાચ અનુકૂળતા હોય તોય તેથી શું ? કાંઈ એનાથી શ્રીમંતાઈ નથી. શ્રીમંતાઈ તો દેવ-ગુરુ-શાસન, શ્રદ્ધા વૈરાગ્યાદિ આત્મગુણો અને દાનાદિ ધર્મથી છે એ મારી પાસે છે. માટે હું શ્રીમંત છું, ગરીબ નહિ; ભાગ્યવાન છું, કમભાગી નહિ; માલેતુજાર છું, દુર્દશાવાળો નહિ, આવી હૈયે સજ્જડ માન્યતા બેઠી હોય.'

(૮) આત્મગુણો કે ધર્મની કમાઈની તક ગુમાવાય ત્યારે પારાવાર દુઃખ થાય; એવું દુઃખ ધન કમાઈ, પકવાન જમણ વગેરેની તક ગુમાવ્યામાં નહિ એવું જ પૈસા વગેરે ગુમાવતાં એવાં ઉદ્વેગ ને રોદણાં નહિ કે જે ઉદ્વેગ ને રૂદન આત્મગુણ ઘવાયામાં, દોષ સેવાયામાં અને ધર્મને હાનિ પહોંચવામાં થાય આ બહુ મહત્ત્વનું છે. પૈસા ગયા કે વધુ ખેચાઈ ગયા તો મન કહે કે 'એમાં શું છે ? ક્યાં જન્મ્યા ત્યારે રાતીપાઈ પણ સાથે લઈ જન્મ્યા હતા ?' તમે મર્યા પછીય પૈસા ક્યાં આપણા ભેગા ચાલવાના છે ? પૈસા ગયા તો શું બહુ ગયું ? આત્માની શી સંપત્તિ



ગઈ ? હાથ પર મોંઘેરુ માનવ આયુષ્ય, સ્વચ્છ બુદ્ધિ, દેવ ગુરુ ધર્મનો યોગ, તત્ત્વ શ્રદ્ધા વૈરાગ્ય-દયા-ક્ષમાદિ ગુણો અને વ્રત-નિયમ, નવકાર મંત્ર, અર્હદ્-ભક્તિ, શાસ્ત્રો વગેરે કેટલુંય છે ! રોવાનું શું ? રોવાનું તો આમાં કસર પડે તો હોય, કેમકે પૈસા વગેરે જવામાં પરલોક નથી બગડતો, જ્યારે આત્મગુણો અને સાધન સાધનાઓ ઘવાય ગુમાવાય તો પરલોક બગડી જાય છે. તેમ પૈસાદિ મળવાથી સદ્ગતિ નક્કી નથી થતી, ત્યારે આત્મગુણો અને ધર્મ-ધર્મસાધનાઓ ઠીક રહ્યા થી સદ્ગતિ નક્કી થઈ શકે છે.

**શીલ સમૃદ્ધિની રક્ષા ખાતર રતિસુંદરી :-**

શીલ એ મહાસમૃદ્ધિ છે. 'દુનિયાની બીજી સમૃદ્ધિ જાઓ યાવત્ પ્રાણ સંપત્તિ જાઓ પણ શીલ સંપત્તિ ન જાઓ,' એવી દઢ માન્યતા ધરાવનાર રાણી રતિસુંદરીના અથાગ સૌંદર્યને જાણી એને સોંપી દેવા એના પતિ રાજાને બીજા મોટા રાજાએ કહેવરાવ્યું. જો ન સોંપે તો લડાઈ લડવા તૈયાર રહેવાનું હતું. હવે કેમ કરવું ? સમસ્યા ઊભી થઈ પરંતુ શીલ સંપત્તિને શ્રેષ્ઠ સંપત્તિ ગણી એની ખાતર બીજી સંપત્તિ કે પ્રાણ સંપત્તિ ભલે જાઓ. એવી વીરવૃત્તિ પર રાજારાણી અને મંત્રીઓએ દૂતને ધકેલી મૂક્યો. લડાઈ થઈ અને રાજા મરાયો, રાણી રતિસુંદરીને દુશ્મન રાજા ઉપાડી ગયો.

શું રતિસુંદરીને એ પસ્તાવો થયો કે 'હાય ! આ શીલની ક્યાં પકડ રાખી કે બિચારો પતિ મરાયો ?' ના, ત્યારે શું એના પતિ રાજાને પશ્ચાત્તાપ થયો કે 'હાય ! આ રાણી ક્યાં ન સોંપી કે મારે રાજ્ય અને પ્રાણ બંને જાય છે ?' ના, જરાય નહિ.

**પ્ર.**- પણ તોય રાણી દુશ્મનના હાથમાં તો ગઈ ને ?

ઉ.- ગઈ તેથી શું ? હજી શીલ થોડું જ જવા દીધું ? કે જવા દેવાનું છે ?

**દઢ શીલવાનોની એ તૈયારી હોય છે કે પ્રાણના નાશે પણ શીલસંપત્તિ સુરક્ષિત જ રાખવાની.**

**સતી ધારિણી :-**

રાજા દધિવાહન પર શતાનિક રાજાએ ચઢાઈ કરી એનું રાજ્ય કબજે કર્યું. રાજ્ય વેરવિખેર થવાથી દધિવાહનની રાણી ધારિણી અને પુત્રી વસુમતિ-ચંદનબાળા જ્યાં ત્યાં ભાગવા જતા હતા, તેમાં એમને એક સુભટ ઉપાડી ચાલતો થયો. માર્ગમાં એ ધારિણીને કહે 'હું તને મારી પત્ની બનાવીશ, ગભરાઈશ ના.' શીલસમૃદ્ધિના મહામૂલ્ય આંકનારી ધારિણી આ સાંભળી જ કેમ શકે ? તત્કાલે એણે પોતાની જીભ કરડીને આપઘાત કર્યો.

**શીલ સંપત્તિથી પ્રાણ શા વધારે કિંમતી છે**

(૧) પ્રાણ તો ફરી પણ નવા જનમમાં મળે છે. શીલ ગુમાવ્યા પછી શીલના ભાવ નષ્ટ થવાથી નવા જન્મમાં શીલની પ્રાપ્તિ શાની થાય ? વળી,

(૨) શીલ જવા દઈ પ્રાણ બચાવી રાખવા છતાં, પછીય પ્રાણ જવાના તો છે જ ને, ત્યારે તો ઊભય-ભ્રષ્ટ જ થયા ને ? એના કરતાં પછીય નિશ્ચિત જવાની વસ્તુ પ્રાણાદિને વહેલી જવા દઈ, બચાવવી શક્ય એવી આપણા હાથની વસ્તુ શીલને કાં ન બચાવી રાખવું ?

(૩) શીલના સંરક્ષણમાં તો સદ્‌ગતિ રાહ જોઈ રહી છે કે 'આવો, ઝટ આવો,' ત્યારે શીલ નષ્ટ કરીને પ્રાણનાં કરેલાં સંરક્ષણમાં તો દુર્ગતિ રાહ જોઈ રહી છે કે 'આવ ઝટ આવ અહીં, તારા જેવાથી જ મારું થાળું પૂરાય.'

આવા બધા કારણે એણે શીલરક્ષા ખાતર તરત પ્રાણ જતા કર્યા ! શીલભંગનો શબ્દ પણ એટલો બધો અસહ્ય લાગ્યો !

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"          વર્ષ-૧૪,અંક-૧૫,તા.૧-૧-૧૯૬૬**

**પ્ર.**- તો પુત્રી વસુમતીના શીલની ચિંતા કેમ ન કરી ?

ઉ.- પોતાના મહાપ્રાણનો કેટલો બધો મગજ પર ભાર હોય છે એની કલ્પના નથી એટલે આવા પ્રશ્ન ઊઠે છે. પ્રશ્ન કરતાં પહેલાં મહાસતી ધારિણી ને શીલ ભંગનો શબ્દ કેટલો બધો અસહ્ય હતો એનો ખ્યાલ કરો, તો સમજાશે કે બીજો વિચાર કેમ ન કર્યો. બાકી પુત્રી પણ પોતાની હતી ને ? એટલે એના માટે ય જરાય અવિશ્વાસ નથી કે એ શીલ ન સાચવે ત્યારે એમ એને થોડું જ કહેવાય છે કે 'હું ય મરું છું, ને તું ય મર ?' વસ્તુસ્થિતિ તો આ હતી કે એને પેલા સુભટનો શીલભંગની આગાહીનો શબ્દ જ એટલો બધો અસહ્ય હતો કે એમાં હવે ક્ષણવાર પણ જીવવું મુશ્કેલ લાગ્યું. મહાસતીઓને મન શીલ એ કેટલી મહાન સમૃદ્ધિ વિભૂતિ છે એ સમજાવું જોઈએ.

**રૂપનો ગુલામ નિઃસત્ત્વ :-**

રતિસુંદરીને દુશ્મન રાજા ઉપાડી ગયો, અને લઈ જઈને અંતઃપુરમાં મૂકી દીધી. પછી રાજા એને મનાવે છે કે 'તું હવે અહીં પટ્ટરાણી બની જા. બસ પછી તારો દરેક હુકમ ઝીલવા હું તૈયાર છું. તારા ચરણે વળી આ બધી અથાગ સંપત્તિ છે. મારી સાથે મઝા કર પછી આપણાં બંનેનો કેવો સુભગ મેળ ! બસ, આ તારા દાસને ટળવળાવ નહિ, એના દિલની આગ શાંત કર.'



રતિસુંદરી શું જુએ છે ? શું વિચારે છે ? મોટી રાજ્યસંપત્તિનો માલિક રાજા, એની રાણીઓ, અને એનો બધો વૈભવ, બધુંય પોતાના ચરણે આવી પડે છે ! એને કશુંય મહત્ત્વ આપ્યું ? ના, એને સમૃદ્ધિ તરીકે લેખી એના પર દિલ સહેજ પણ લલચાયું ? ના, એનું કશુ જ મહત્ત્વ નહિ, એની કશી લલચામણ નહિ મહત્ત્વ શીલનું, લોભ શીલ રક્ષાનો, કેમકે એના મનની સાચી સમૃદ્ધિ શીલ !

પણ સતીએ એક વસ્તુ જોઈ કે 'રાજા ગમે તેવો બળવાન, કિન્તુ મારી અને મારા રૂપની પાછળ ગુલામ નિઃસત્ત્વ બની ગયો છે, તેથી એને ઠેકાણે લાવવાની આશા છે.' બસ, એ વિચારે એણે કુનેહથી કામ લેવાનું ધાર્યું, જેથી રાજાની ખોટી વાસનાને જબરદસ્ત ધક્કો લાગે અને એનું કલ્યાણ થાય.

**રાજાનો મોહ ઉતારવા શી કુનેહ હતી ?**

કુનેહ આ જ કે પોતે પોતાનું શરીર તપથી કૃશ અને ચામડાની આંખે જોનારને ફિક્કું, નિસ્તેજ, કરમાઈ ગયેલું દેખાય એવું કરી નાખવું. એથી રાજાને જે રૂપ કાન્તિ-લાવણ્યનો મોહ છે એ ઉતરી જાય. બ્રાહ્મી અને સુંદરીમાંની સુંદરીએ આ કુનેહ વાપરી હતી. ભરતે એને પટ્ટરાણી બનાવવા દીક્ષાની રજા ન આપતા ઘરમાં રાખી મૂકેલી અને દિગ્વિજય કરવા નીકળી પડેલા. બસ સુંદરીએ આયંબિલ જ કર્યે રાખ્યા. સાઠ હજાર વર્ષે ભરત પાછા આવ્યા જુએ છે તો સુંદરીનું રૂપ અને લષ્ટપુષ્ટતા સુકાઈ ગયા છે. ભરતનો મોહ ઉતરી ગયો. ચારિત્રની રજા આપી દીધી. રતિસુંદરીને એવું કાંક કરવું છે. 'પરંતુ એ ગુપ્ત રીતે કરવું છે, તેથી જુઓ એ રાજાને કહે છે.'

મૂળમાં જાત પર કષ્ટ ઉપાડીને શીલ-સમૃદ્ધિનું સંરક્ષણ કરવા ધારે છે કામ ગુપ્ત રીતે કરવું છે. એટલે રાજાને કહે છે.

'આ તમને કાંઈ વિચાર આવે છે ? અત્યારે' મારા દિલને કેટલો આઘાત લાગ્યો હોય ? દિલ કેટલું બધું ઘવાયું હોય ? એમાં તમે આ વાત કરો છો ?

કામલંપટ રાજા કહે છે, 'તો પછી ક્યારે વાત ?'

મહાસતી કહે 'હમણાં ચાર મહિના બોલશો નહિ.'

બસ, રાજા આ એ સાંભળીને હૈયાધારણ કરે છે કે 'વાહ ! ત્યારે ચાર મહિના પછી તો આ મારી થઈ જ જવાની છે. તો ભલે એનું દિલ એમ રાજી થઈને એ મારી થતી હોય તો તો વધારે રૂડું. એની ખુશી ખુશાલી પર પછી મને સ્વર્ગના સુખ એ દેખાડશે.'

**ઈર્ષ્યા બળતરાનું મૂળ :-**

વિષયમૂઢોની કેટલી કંગાળ દશા છે ! રાજ્યપાટ રાણીઓ બધું છે, એમાં

સ્વર્ગનાં સુખ નહિ; પરંતુ એક અધિક રૂપ દેખ્યું ત્યાં સ્વર્ગીય આનંદ ! **જીવ અધિક સારાની તુલના કરીને મરે છે !** અધિક નથી જોયું, નથી સાભળ્યું, મન પર નથી લીધું, ત્યાં સુધી સુખી. પણ અધિકને મન ઉપર લેતાં એ વિના જાત દુઃખી લાગે છે. સ્વર્ગનો મોટો દેવ થયો, દિવ્ય સંયોગો મળ્યા, ખુશી ખુશી ? પરંતુ ક્યાં સુધી કે જ્યાંસુધી અધિક સંપત્તિ-વૈભવ-તેજવાળા દેવ ન દેખ્યા. એ દેખ્યા કે પેલામાં સુખની કલ્પના ડૂલ ! હવે પુણ્ય તો એને મળેલી સંપત્તિ જેટલું જ છે; પેલું અધિક દેખ્યું એ મળવાનું પુણ્ય છે નહિ એટલે એ મળવાનું છે નહિ ને એની હૈયા ચોંટ લાગી પછી કઈ દશા ? જોઈ જોઈને બળવાનું ! **દેવને દુઃખ શું ?** આ દુઃખ કે સહેજે બીજાનું અધિક સુખ, અધિક સમૃદ્ધિ-સન્માન દેખાય, અને એ સહન ન થાય, બળતરા જાગે બીજાનું અધિક કે સારું જોઈને પચાવવું કઠિન છે.

**બીજાનું સારું જોઈને પચાવવું એટલે**

(૧) ભૌતિક પૌદ્‌ગલિક બાબતમાં પોતાને એની બળતરા ન થાય, ઈર્ષ્યા ન જાગે, 'એને કેમ મળ્યું ?' એવી અસહિષ્ણુતા ન આવે, તેમજ પોતાને એવું અધિક મેળવવાના ઓરતા ઊઠે નહિ. મન કહે 'દુનિયામાં તો આવું કેટલું ય હોય, બધે કેટલે હૈયું બાળતો બેસીશ ? કેટલા ઓરતા કર્યા કરીશ ? તને મળવાનું તો ભાગ્યાધીન છે. ભાગ્ય કરશે તે થશે, બાકી બળતરા અને ઓરતા ફોગટ માથે પડશે.' 'માથે પડવા' એટલે એમાં ક્રોધ-લોભકષાયોનું પોષણ, કર્મભારની વૃદ્ધિ, અને આત્માના મહાન ગુણ સત્ત્વનો હ્રાસ. બીજાનું સારુ ન પચાવતાં એની બળતરામાં આ નુકશાની છે.

(૨) આધ્યાત્મિક ગુણો કે સુકૃતો અંગે બીજાનું અધિક સારું દેખાય તે પચાવવું એટલે એનો પ્રમોદ થાય, હર્ષ ઊઠે કે 'વાહ ! કેવો સરસ ગુણ ! કેવું સુંદર સુકૃત ! કેવુંક ધન્ય જીવન !' પોતાને એ પામવાની આતુરતા ઊઠે; ને બીજાની આગળ એ ગુણસુકૃતની પ્રશંસા થાય થોડી પણ અસહિષ્ણુતા હશે કે કદરનો અભાવ યા સ્વમાનાકાંક્ષા હશે તો પ્રશંસા કરતાં દિલ અટકશે. પરંતુ એમ ચૂપ રહેવામાં થોડુંય કષાયનું પોષણ છે, એ ભૂલવા જેવું નથી માટે જ એની ઉપબૃંહણા યાને પ્રોત્સાહન-સમર્થન પણ જોઈએ.

**આ પરથી આ સાવચેતી રહે,** કે આત્મહિતકર વસ્તુ અંગે પચાવવાની બાબતમાં અનુમોદના પ્રશંસા-ઉપબૃંહણા-અભિલાષા કરવાની છે. બાકી ભૌતિક બાબતમાં કાંઈ એની અનુમોદના-અભિલાષા કરવાની નથી. છતાં બળવાનું ઝંખવાનું નથી એ વાત પણ ચોક્કસ છે.

**અનાદિના જડરસિયા જીવને બીજાનું ભૌતિક સારું પચાવવું કઠિન છે એટલે**



**ઝટ દુભાવાનું ખિન્ન થવાનું થઈ જાય છે.** દેવતાઓ પણ એમાંથી બચી શકતા નથી. તેથી પોતાને મળેલાનો આનંદ સુકાઈ જઈ બીજાને અધિક મળ્યાનો સંતાપ ઓરતો શરૂ થઈ જાય છે.

દેવ જેવા આમ દુઃખી થાય, તો આ બિચારા પેલા રાજાનું પૂછવું શું ? પોતાને મળેલ રાણીઓ કરતાં અતિશય રૂપવાન રતિસુંદરી પોતાને ન મળ્યા ના સંતાપમાં કેટલી ભંયકરતાએ પહોંચી ગયો ? કે ખોટું યુદ્ધ કરી એને ઉઠાવી લાવ્યો અને પોતાને મળેલ અંતઃપુરમાં 'કુછ નહિ' માની હવે એની સાથે સ્વર્ગીય આનંદ માણવાના હરખમાં ચઢ્યો છે ! ચાર મહિનાના હવે દહાડા ગણે છે કે 'આટલા બાકી રહ્યા, હવે તો આટલા જ રહ્યા.'

**જીવની આ ઘેલી વિષય મૂઢતા ક્યારે જવાની ?** કોઈ દિ' આવી ગુણ-આતુરતા, ધર્મ-આતુરતા, સુકૃત-આતુરતા થાય છે ખરી ? કેમ જલ્દી ક્ષમા-સમતાદિ ગુણ સાધના મળે ! કેમ બહુ દાનાદિ સુકૃત કરવા મળે !' આવા તો જાણે કોઈ ઓરતા જ નહિ, ઝંખના નહિ. આતુરતા જ નહિ ! એટલે જ તો એ સહેજે આવી પડે. ત્યાં મજાનું ફૂલડું પ્રફુલ્લિત થવાને બદલે કરમાઈ જાય છે !

**ઈન્દ્રિયોના વિષયમાં વિકસ્વરતા અને આત્માના ગુણ-ધર્મ સુકૃતની વાતમાં કરમાવાપણું એ હજી આત્મા કુમતિના તાવને સુચવે છે.** તાવમાં સારા પથ્યની રુચિ ન થાય; જીભ ફીક્કી કે કડવી રહ્યા કરે. એમ અહીં સારા ગુણો વગેરે તરફ મન અરુચિવાળું ફિક્કું-કડવું રહે છે; કુપથ્યરૂપ વિષયોની લંપટતાવાળું ને રસવાળું રહ્યા કરે છે. પરંતુ આ તો હકીકત થઈ એ નભાવી લેવાની નથી. આવા ઉત્તમ ભવમાં ચલાવ્યે જવાની નહિ, વિષયમૂઢતા હટાવવાની એનો ઉપાય આ છે કે

**'માનવભવ પ્રયોગકાળ છે, સંશોધન-સંવર્ધનકાળ છે.'** એ ભુલવાનું નથી. 'શું કરીએ ? અનાદિની કુટેવો નડે છે. ભારે કર્મી છીએ. ભવિષ્ય અમારું ભૂંડું લાગે છે.' વગેરે વગેરે રોદણાં આગળ ધરી નિષ્ક્રિય બેસી રહેવા માટે, આ ઉચ્ચ ભવ નહિ. નિષ્ક્રિય બેસી રહેવાના ભવ તો ભેંસના-કૂતરાના-કીડાના. માનવ ભવ અને તે પણ પરમાત્મા શ્રી અરિહંતદેવના શાસન સાથેનો, એ તો સક્રિય બની જવા, સક્રિય બની જઈ દુષ્ટ વૃત્તિઓ સામે ઝગડવાનો કાળ છે, સામનો કરી એને નિષ્ફળ કરવાનો અને શુભ વૃત્તિ-પ્રવૃત્તિ પગભર બનાવવાનો પ્રયોગકાળ છે, સાધનાકાળ છે.

**માનવભવ તો (૧) કામક્રોધ-લોભાદિ દુર્ગુણોનું સંશોધન, (૨) હિંસા-જુઠ-અનીતિ આદિ પાપોની અટકાયત. (૩) આહાર-વિષયાદિ સંજ્ઞાઓના દુષ્કૃત્યોથી બચાવ, તથા (૪) ક્ષમાસમતાદિ ગુણ અહિંસાદિ ધર્મ, અને દાનાદિ સુકૃતોનાં**

સંવર્ધન કર્યે જવાનો કાળ છે.

**આવા કાળને-અવસરને જે ઓળખશે, અવસરનો યોગ્ય લાભ લેશે, એ જીવન જીતી જવાનો.** બાકી સારી બાબત કરવા સામે કોરા દેખાવનાં રોદણાં અને સાંસારિક બાબતોમાં રીતસરનાં પુરુષાર્થ-પરાક્રમ, અને સક્રિયતા અજમાવ્યે રાખીને તો જીંદગી હારી જવાની થશે.

**કર્તવ્યનો નિર્ધાર :-**

એ તો નિર્ધાર જોઈએ કે સારાનો ધરખમ ઉદ્યમ તો મારે કર્યે જ રાખવાનો છે. ઉદ્યમ યોગ્ય ભવમાં ઉદ્યમ કેમ ચૂકું ? ભીંત પર ઘણના ઘા લાગતાં લાગતાં કોક દિ' એ તૂટવાની જ છે. આજે સ્પષ્ટ ફળ ન દેખાય છતાંય એનું કાંઈ ને કાંઈ કામ તો કરી જ રહ્યો છે. કે જેથી બહુ ઘાના અંતે ભીંત કડડભૂસ થાય છે. એમ અહીં મારે દુર્ગુણ-પાપ-દુષ્કૃત્યો અટકાવવા, મોળા પાડવા, અને ગુણ-ધર્મ-સુકૃતો વિકસાવવા મથવાનું; મન-વચન-કાયાના યોગોને શક્ય એટલા એમાં પ્રવર્તાવવાના, ભલે સ્પષ્ટ ફળ તરત ન દેખાય, પણ દિલથી કરાતી પ્રવૃત્તિ એ પુરુષાર્થ એનું કામ જરૂર કરશે. એમાં દુનિયા સામે જોવાની જરૂર નથી. દુનિયા તો એમજ ચાલવાની. મારે મારા આત્માનું અને મારી લાયકીનું તથા મારા ઉત્તમ દેવ-ગુરુ-ધર્મના પ્રાપ્ત દુર્લભ સંયોગોનું જોવાનું; આવા કોઈ નિર્ધાર સાથે પ્રયત્ન થાય, તો ઊંચા અવાય. બાકી તો કાળના પ્રવાહમાં એમાં તણાઈ ઘસડાઈ જવાનું થાય. રાજા તણાઈ રહ્યા છે.

**રતિસુંદરીએ ચાર મહિના શું કર્યું ?**

એને તો રાજા પરની ભાવદયાથી અને સન્મતિ પમાડવી છે. એટલે એણે રાજાને પહેલેથી કહી દીધું કે 'ચાર મહિના મને એકાંતમાં રહેવા દોજો અને મને બિલકુલ મળવા પણ આવતા નહિ' બસ, એ પાકો બંદોબસ્ત કરીને એકાંતવાસમાં એણે ઘોર તપસ્યા આદરી દીધી ! તપસ્યા સાથે પારણે રસત્યાગ પણ એટલો જ ઉત્કટ ! ચાર માસ પૂર્ણ થતાં થતાં તો શરીર સુકાવી નાખ્યું, હાડપિંજર-શું ફિક્કું અને લુખ્ખું કરી દીધું !

**સ્વ-પરના આત્મોદ્ધાર કરવા છે, તો તે નક્કર ભોગ આપ્યા વિના ક્યાંથી થવાના હતા ? સુંવાળી સુખશીલ વૃત્તિઓ અને આદતોને મજબૂત મન કરી ડામ્યા-દબાવ્યા વિના ક્યાંથી બનવાના હતા ?**

ભોગ આપનારનાં દૃષ્ટાન્ત :-

(૧) **તીર્થંકર ભગવાન મહાવીર** પરમાત્મા જેવાએ અનંત બળ, ઉત્કૃષ્ટ પુણ્યસમુહ, ઈન્દ્રનાં સન્માન છતાં કેવા આત્મભોગ આપ્યા ? કેવુંક સહ્યું ? (૨) **બાહુબળજી યુદ્ધભૂમિ પર મુનિ** બન્યા પછી કેવળજ્ઞાન અર્થે બાર-બાર મહિના



સુધી એક જ સ્થાને સતત ભૂખ્યાને તરસ્યા કાઉસ્સગ્ગ ધ્યાને ઊભા રહ્યા.

(૩) **કુમારપાળ** મહારાજાએ એક બોકડાનો વધ ન કરાવવા ખાતર કંટકેશ્વરી દેવીનાં ત્રિશુળનો પોતાના લમણામાં તીક્ષ્ણ ઘા ખાધો, કોઢિયા બન્યા, અને તરત જ ચિતામાં જીવતા બળી મરવાની તૈયારી કરી !

(૪) **સુદર્શન શેઠે** બ્રહ્મચર્યના પાલન અર્થે અભયારાણીના ઊભા કરેલા પ્રપંચને સહી લીધો, ફજેત થયા. અને ઉપરથી હવે 'રાણીનો પોતાનો સત્ય કથનનું નિમિત્ત ઊભું થઈ ઘાત ન થાઓ,'-એ અહિંસા-અભય ધર્મની ખાતર ઠેઠ શૂળી પર ચડવા સુધી મૌન રાખ્યું કેટલો ભોગ આપ્યો ?

(૫) **સુદર્શન શ્રાવકે** ભગવાન મહાવીર પરમાત્મા પધારેલા એમને વંદન કરવા જવા ઘોર હત્યારા અર્જુનમાળીના મોટી પત્થરિયા મોઘરનો ઘા આવી પડે તેની પરવા ન કરી ! ચાલ્યા, અને એવો જ પ્રસંગ આવી પડતાં નિરાંતે કાઉસ્સગ્ગમાં સમતા ભાવે ઊભા રહી ગયા !

(૬) **રામચંદ્રસૂરિજીએ** ગુરુ હેમચંદ્રસૂરિજી મહારાજનાં વચન ખાતર બાલચંદ્રને આચાર્ય પદ ન આપતાં રાજા અજયપાળના હઠાગ્રહને વધાવી લઈ ધખધખતી અગ્નિમય લોઢાની કઢાઈ પર સ્વેચ્છાએ બેસી જીવતા શેકાઈ જવાનું કર્યું !

(૭) **પોષધમાં ઉદાયી રાજાનું** ખુન થતાં એને પોષધ કરાવવા ગયેલા કાલિકસૂરિજી મહારાજે શાસન હીલના અને સાધુ પર અવિશ્વાસ અટકાવવા માટે પોતાના ગળા પર પણ જાતે છરી ફેરવી દઈ પ્રાણની આહુતિ આપી દીધી !

(૮) **રાજા હરીશચંદ્રે** પ્રતિજ્ઞા ખાતર રાજ્ય આપી દઈ પુત્ર-પત્નીને દાસ તરીકે વેચી, જાતે મશાણભંગીની નોકરી સ્વીકારી લીધી !

(૯) **વીર ભામશાએ** રાણા પ્રતાપની આર્ય સંસ્કૃતિ-રક્ષા આગળ અઢળક સંપત્તિ પાથરી દીધી !

(૧૦) **દાનવીર જગડુશાએ** એકલે હાથે દેશ ની ત્રણ વરસની દુકાળી ફેડવા અનાજના દાનમાં પાછું વાળીને જોયું નહિ !

(૧૧) **મહાસતી** સીતાજીએ સાત્ત્વિક નાથ માથે ધર્યા પછી વનવાસ જવાનું પતિએ ઊભું કર્યું તો સહેજ પણ ચૂંચાં કે એક વિકલ્પ કર્યા વિના વનવાસને વધાવી લીધો ! વનવગડાના ભારે કષ્ટ સુકોમળ રાજકુળના દેહે વધાવી લીધાં !

**વાત આ છે,-આત્મભોગ આપ્યા વિના ઉદ્ધાર નહિ.** રતિસુંદરીએ ચાર માસમાં તો શરીરની સુરત ફેરવી નાખી ! રાજા તો રાહ જોઈ રહ્યો છે કે 'ક્યારે ચાર મહિના પૂરા થાય, ને ગુલાબના દડા જેવી રતિસુંદરીને ભેટી લઉં !' સમય પૂરો થતાં જ આવીને ઊભો આ મહાસતી પાસે.

**પણ રાજા શું જુએ છે ?** રતિસુંદરી સુકાઈ ગયેલી વેલડીની જેમ સંથારે સુક્કી-ભુક્કી-લુખ્ખી બેઠી છે ! રાજા દુઃખ સાથે આશ્ચર્ય પામે છે કે આ શું ? પૂછે છે 'કેમ કાંઈ બિમાર ?'

સતી કહે, 'ના, ના, સાજી સારી છું.'

'તો પછી શરીર કેમ આમ ? ક્યાં પહેલાનું શરીર અને ક્યાં આ ?'

'તો શરીરનો સ્વભાવ જ એવો છે કે રૂપરંગના ચાર દિનના ઝબુકા ! એના પર મોહ શો કરવો ?'

રાજા કહે, 'પણ ના, એતો તમે રીસમાં ખાવું પીવું બંધ કર્યું હશે એટલે આમ થયું હશે.'

રતિસુંદરી કહે છે, 'ના, ના, રીસ શાની ? આ તો તપસ્યાનો લાભ મળે છે બાકી તમારે આના પર મોહ કરવા જેવો નથી.'

રાજા કહે છે, 'એ શું બોલ્યા ? જુઓને ગમે તેવી કૃશ તો ય આ તમારી નાજુક દેહલતા કેવી શોભી રહી છે ! એના પરથી દિલ ઉખડે ? લ્યો હવે તપ રહેવા દો. ચાલો મારા હાથે પારણું કરાવું.'

**રાજાના શરીર મોહ સામે :-**

રતિસુંદરી પારણું કરે છે પણ પૂર્વ ગોઠવણ મુજબ રાજાની જાણ બહાર વમની ફુલનો ઘસારો સાથે સાથે પીલે છે. શું એથી ? વમન ઊલટી થાય છે મોહમૂઢ રાજા પોતાનો મોહ વ્યક્ત કરી રહ્યો છે, રતિસુંદરીના દેહની નાજુકતા-સુંદરતા વખાણી રહ્યો છે, એટલામાં રતિસુંદરીને ભારે ઊલટી થઈ વાપરેલું બધું શરીરની અંદરના પિત્ત આદિ સાથે બિભત્સ થયેલું બહાર નીકળ્યું !

રતિસુંદરી કહે છે, 'આ જુઓ, આ શરીરમાં કશું સારું છે, શી સુંદરતા છે, તે એના વખાણ કરો છો ?'

મુઢ બનેલો રાજા ઉત્તર કરે છે 'અરે ! ગમે તેમ પણ જોને આ તારી આંખ કેવી હરણી જેવી શોભી રહી છે ! દુનિયામાં કઈ સ્ત્રીમાં આનો જોટો મળે ? આ તારી કામણગારી એકલી આંખ પણ ભલભલાને મુગ્ધ કરવા સમર્થ છે.'

રતિસુંદરી આ સાંભળી નિરાશા અનુભવે છે કે અરે ! તપથી શરીર સુકાવી નાખ્યું. કાન્તિ અને લાવણ્ય છારી નાંખ્યા. શરીરની ભીતર કેટલું બિભત્સ ભર્યું છે એનું ઊલટીમાં દર્શન કરાવી દીધું, છતાં આ મૂઢરાજાનો મોહ ઉતરતો નથી ? આ મને શું છોડે ! પરંતુ શીલ ગમે તે ભોગે સાચવવું છે, એ ચોક્કસ છે એટલે તરત જ છેલ્લો ઉપાય વિચારી લે છે, કાંઈ કરતાં રાજાનો મોહ ઊતરે છે ?

**રાજાના સતીના ચક્ષુ પરના મોહ સામે :-**



રતિસુંદરી ઊઠી, છરી લઈ આવી, અને વિના વિલંબે રાજાની સામે છરી પોતાની આંખમાં ઘોંચી દઈ આંખમાં ડોળા બહાર કાઢીને હાથમાં લઈ રાજા ને આપતાં કહે છે, 'લ્યો આ હરણી જેવી સરસ આંખો રાખો તમારી પાસે એ જોઈ જોઈને ખુશ થજો લ્યો.'

**શીલ અને આંખો અંગે સીતાનું ગણિત :-**

મહાસતીને જાતે જ પોતાની આંખોમાં છરી ભોંકી દેતાં કોઈ આંચકો આવ્યો ? હાથ ધ્રુજ્યા ? ખટ કાપીને ડોળા બહાર કાઢી આપતાં વાર લગાડી ? ના શા સારું ? જ્યારે આખાને આખા પ્રાણને પણ મામુલી ગણે છે અને શીલને મહા સમૃદ્ધિ લેખે છે ત્યાં વળી એને મન ચક્ષુ રતન તે શી વિસાતમાં હતા ? 'જાઓ જાઓ, માટીની આંખો ! જાઓ તમે જઈને મારું વહાલું શીલનિધાન બચાવો. શીલ વિના તમે રહીને કશી કિંમતની નથી. ફુટી કોડીની ! શીલ રહીને તમે જાઓ તો એમાં મારે ધન્ય અવતાર ! મહાસંપત્તિરક્ષા ! કોઈ ખોટ નહિ.' આ એનું ગણિત હતું, ગણતરી હતી ! 'આંખો માટીની અને શીલ મહારત્ન !' એ હિસાબ હોય ત્યાં શીલ બચાવવા આંખોનો નાશ કરવો પડે તોય શાનો આંચકો આવે.

**આંધળી શું કરી શકે ? :-**

**પ્ર.**- પણ એમાં બીક ન લાગે કે હવે આંધળી થયા પછી તો રાજા અંગ પર અડપલું કરવા આવે તો દેખાશે જ નહિ તેનું કેમ ?

ઉ.- અરે ! ભૂલા પડ્યા. આંગળીના ટેરવાનો ય સ્પર્શ થતાં તરત ખબર પડી જાય; અને ત્યારે તો શીલરક્ષાર્થે તત્કાલ જીભ કચડીને મરી જવાની તૈયારી છે. શીલને એ સતા-સતીઓ કેટલી ઊંચી અને અતિ પ્રિય સમૃદ્ધિ સમજે છે એનો ખ્યાલ એને આવે કે જ્ઞાનીને.

**શ્વાસોચ્છ્વાસને સત્પ્રવૃત્તિથી દીપાવો :-**

કોરેકોરું જીવવાની કોઈ વિશેષતા નથી, શીલ-સદાચાર-સદ્‌ગુણ ભાંગીને જીવવાની તો ભયંકર અધમતા છે. ત્યારે એ શીલ આદિને વિકસાવનારું જીવન જીવવામાં કોઈ અનેરી ભવ્યતા છે ! સતીઓના મોં એટલે જ ઉજળા રહેતા **કાયાધમણને શ્વાસ લેવા મૂકવાનું કાર્ય તો અટકવાનું નથી, એ તો થતું જ રહેશે, પણ એ ગાળામાં ઊંચી માનવતા દીપાવવાનું જીવન જીવવાની એવી સુંદર વિચારણા-વાણી-વર્તાવ પ્રવર્તાવી લેવાનો અતિ અતિ દુર્લભ અવસર ચાલ્યો જશે !** વિચાર કરો તો દેખાશે કે પ્રત્યેક ક્ષણ પણ માનવજીવનની સોહામણી છે. પાયામાં વિચારશુદ્ધિ રાખી શીલ-સદ્‌ગુણ-સદાચારને મનમાં સતત રમતા રાખવાથી મન સાત્ત્વિક અને પ્રફુલ્લિત બને છે. સત્ત્વ એવું; કે પછી વાણી કે વર્તાવમાં કશું અજુગતું આવે જ

નહિ ! પ્રફુલ્લિતતા એવી, કે હૃદય મહાકમાણીના ઉલ્લાસભર્યા ધબકારા લે ! પછી એની ખાતર સંયોગવશાત્ માટીની સંપત્તિ સઘળીય મુકી દેવી પડે તો ખુશીથી તૈયાર.

**આંતરિક સારા પાછળ બાહ્ય સારાનો ભોગ આપો :-**

પરંતુ એમાં તો બાહ્ય દૃષ્ટિએ જીવન ખૂવાર થઈ જાય ને ? એવો ભય એવી કાયરતા રાખવા જેવી નથી કર્મ ધારે તો કેટલી ખુવારી કરે છે ? ત્યાં ચુંબાઈને બેસી રહેવું કે સહી લેવું પડે છે ને ? અરે ! છેવટે મૃત્યુ થતાં તો આપણા માટે બાહ્ય દૃષ્ટિનું ગમે તેટલું સારું ગુમ જ થવાનું ને ? એને બહુ સાચવી રાખ્યું કેટલું સચવાવાનું ? અને એના મોહમાં ખરેખરી આભ્યન્તર સમૃદ્ધિરૂપ શીલ-સદ્‌ગુણો અને સદ્ધર્મ-સદાચાર ગુમાવ્યાની નુકસાની કેટલી મોટી ? 'આ ઉત્તમ મનુષ્યભવમાં કઈ સોનેરી તક છે,' એનો શું વિચાર જ નહિ કરવાનો ? દુનિયાની દૃષ્ટિ એ જોશો તો ય દેખાશે કે જો માટીની સંપત્તિ જતી કરીને કોઈ એક પણ મહાન આત્મપરાક્રમ કરાય છે, તો દુનિયા એના ભારે ગુણ ગાય છે, અને પરાક્રમ કરનાર નું નૂર વધી જાય છે, તેમજ બીજાઓને ધડારૂપ બની કેટલાયને આત્મપરાક્રમ કરવા પ્રેરે છે. ફંડ ફાળામાં કોઈ એકની ભારે ઉદારતા પાછળ બીજાઓની સારી રકમો નોંધાય છે ને ?

રતિસુંદરીએ છરીથી પોતાની આંખો બહાર કાઢી નાંખી રાજાને જ્યાં આપવા માંડી, ત્યાં એનો ચમત્કાર એવો થયો કે રાજાનો બધો જ કામાવેશ ઊતરી ગયો ! કામવાસના શાંત થઈ ગઈ ! મોહમૂઢતા પલાયન ! એ તો હવે ભારે કલ્પાંત કરતો કહે છે 'અરે ! અરે ! મહાસતી ! આ તેં શું કર્યું ? હું કેવો દુષ્ટ કે તારું સર્વસ્વ નાશ કરતો આવ્યો ? અને ઉપરથી તે આંખોની ય આહુતિ આપી ?'

**આંખ અમર નહિ, સદ્‌ભાવના અમર :-**

સતી કહે છે, 'એમાં દુઃખ કરવાનું કોઈ કારણ નથી. **મારી આંખો જતાંય તમારી વાસના શાંત પડી ગઈ ને ? તો એ મહાન લાભનું જ કાર્ય થયું. આંખો વળી કઈ અમર વસ્તુ હતી ? જ્યારે હવે તમને જાગેલી સદાચારની ભાવના તો અમર બની જશે. એવા મહાન લાભ આગળ મારી આંખ શી વિસાતમાં છે ? એ તો આમેય દુષ્કર્મના ઉદયે ય ક્યાં નથી જતી ?** કોઈ જનમથીય અંધ હોય છે ને ? એની કાંઈ ચિંતા કરશો નહિ કોઈ શોક કરવાની જરૂર નથી. આનંદ માનો કે પાપબુદ્ધિ ઠેકાણે પડી ગઈ ! એક સરસ કાર્ય થયું !'





**રાજાનો ભારે કલ્પાંત :-**

રાજા કહે 'અરે મહાસતી ! પણ આ ઠેઠ તને અંધ બનાવવા સુધી મેં ઘોર પાપ કર્યે રાખ્યા, હું કેટલો દુષ્ટ ! પાપિષ્ઠ ! મારા જેવો નાલાયક કોઈ ચંડાળ પણ નહિ હોય. મારું શું થશે ?' રાજા ભારે કલ્પાંતમાં ચડી ગયો. આક્રંદનો પાર નથી ! સતી ઘણુંય સમજાવવા અને હિંમત આપવા મથે છે, પરંતુ એની કોઈ જ અસર નહિ; એટલો બધો શોક, સતીને વિડંબ્યાનો, હવે એના મન પર વ્યાપી ગયો છે ! ત્યારે હવે સતીને મુંઝવણ વધી ગઈ કે 'આમ ને આમ કલ્પાંત કરતો રાજા ક્યાં પહોંચશે ? શું નહિ કરી બેસે ?'

રાજાનો કલ્પાંત જાહેર થઈ ગયો, એની રાણીઓ, દિવાન, મંત્રીઓ, બધા હાજર થઈ ગયા રતિસુંદરીએ આપેલા ભોગ ઉપર આશ્ચર્ય પામી ગયા ! પણ હવે રાજાનો કલ્પાંત ઓછો થતો નથી તેથી ચિંતાતુર બની ગયા.

**સજ્જનને સ્વ કરતાં પરની તકલીફનું વધુ દુઃખ :-**

રતિસુંદરીને અત્યારસુધી થતી આવેલી નુકસાનીની મુંઝવણ નહોતી, તે હવે રાજાના કલ્પાંતની અને રાજ્ય સંચાલનનું શું થાય એની એવી મુંઝવણ થઈ પડી, ઉત્તમ જીવની આ વિશેષતા છે કે પોતાની તકલીફની જે કિંમત નહિ, તે પારકાની તકલીફની હોય રાજા તો એટલો બધો અકળાઈ ગયો છે કે હવે એને જીવવું ભારે લાગે છે ! 'બસ, આ ભયંકર ગુનાઓની સજા તરીકે આપઘાત જ કરું !' એમ એને લાગે છે સતીની આંખનો નાશ થવામાં પોતે નિમિત્ત બનવાનો ગુનો લાગવા પર હવે તો ઠેઠ પહેલેથી એની માંગણી કરી, યુદ્ધ કર્યું, વગેરે બધું ગુનારૂપ લાગ્યું.

**સન્મતિ એક સાચી જોરદાર જાગે એટલે બીજી કુમતિઓ હચમચી ઊઠે છે.** રાજાને એવું જ બન્યું એટલે હવે કુમતિઓના દંડ તરીકે આપઘાત કરવા ઝંખે છે. જો કે ખરેખર ઉપાય એ નથી, પણ પોતાની પહોંચ પ્રમાણે સૂઝ પડે ને ? નહિતર વિશેષ વિવેક આવે તો એમ થાય કે,

**હવે એ પાપો ધોવાનો ઉપાય તો સર્વથા પાપત્યાગનું જીવન સ્વીકારી ભયંકર તપ પરીસહનાં કષ્ટ ઉપાડવા, એ જ હોય.**

રતિસુંદરીને રાજાની અકળામણ પર ભારે મુંઝવણ થતાં ત્યાં શાસન દેવતા હાજર થાય છે, અને એની આંખો સાજી કરી દે છે ! સતીત્ત્વનો પુષ્પવૃષ્ટિ આદિથી મહિમા કરે છે. રાજાને અને બીજાઓને આશ્ચર્યનો પાર નથી રહેતો, આ બધુંય રતિસુંદરીના શીલસમૃદ્ધિને સાચી સમૃદ્ધિ ગણવા પર, અને હીરા-માણેક-

મહારાણીપદ વગેરેને માટીરૂપ લેખવાના હિસાબે બન્યું.

**સીતાજીની મંદોદરીને શિખામણ :-**

મહાસતી સીતાજી પણ મંદોદરીની વિનવણીને એ જ હિસાબ પર ઠોકરે ચડાવે છે. કહી દીધું એને આ નરકની વાટ અને દુર્ગતિની પરંપરાની દલાલી કરવા ક્યાં નીકળી પડી ?

**આર્ય માણસના જીવનમાં તો પરલોકના હિસાબ પહેલા જ મૂકાય.** એટલે જ શું અલ્પકાળના તુચ્છ સુખ ખાતર એ પરલોકે ઘોર નરક અને દીર્ઘ દુર્ગતિઓ ઊભી કરવાનું કરે ? હરગીઝ નહિ 'એવી પાપલીલાના તુચ્છ ક્ષણિક સુખ જહન્નમમાં ગયા; મારે એ ન જોઈએ.' એ એમા નિર્ધાર હોય.

**ઉત્તમ કુળ પ્રાપ્તિનો માથે ભાર :-**

મંદોદરીને એ પણ કહ્યું કે એક ઉત્તમ કુલવટ તરીકે પણ આ બોલવું-કરવું ઉચિત નથી. બીજાને શીલ-સદાચાર ભાંગવાની સલાહ આપવાનું કે જાતે શીલ-સદાચાર મૂકી દેવાનું કામ ઉત્તમ કુળમાં જન્મેલો કેમ જ કરી શકે ? નહિતર ઊંચ અને નીચ કુળ વચ્ચે ફરક શો ? ઉત્તમ કુળવાળાને તો માથે લજ્જાનો ભાર હોય; એટલે એને ખોટું કરતાં પહેલાં શરમ નડે, શરમથી અકાર્યમાં પડે જ નહિ. માટે તો 'ઉત્તમ કુળમાં જન્મ' એને શ્રાવકનો એક ગુણ ગણ્યો છે. ભાગ્યભોગે આપણને એ ગુણ મળી જ ગયો, તો હવે એને ગુણરૂપ સમજી અકાર્યમાં ન જ પડવાનો માથે એનો ભાર રાખવો જોઈ. હંમેશા ખ્યાલ રહે કે 'હું ઊંચા કુલમાં જન્મ્યો છું માટે મારાથી કોઈપણ અકાર્યમાં ન પડાય, કાંઈ જ અનુચિત ન બોલાય ન વર્તાય.'

અંતે મંદોદરીને પોતાનો નિર્ધાર જણાવતાં સીતાજીએ કહી દીધું 'ફોફા ખાંડમા. અહીં તારું કશું નહિ વળે; તારા ધણીનું ય નહિ વળે. ફોગટ મન અને વાણી કાં બગાડો ?' શીલસમૃદ્ધિને સાચી ઊંચી સમૃદ્ધિ લેખતા સીતાજી પ્રાણના સાટે પણ શીલ સાચવવા કટિબદ્ધ છે; શીલ ખોવા તૈયાર નથી. એ એવા શીલનાં મહત્ત્વ શીલનાં ગૌરવ કરવા પર જીવન જીતી ગયા ! અને ઈતિહાસમાં અમર થઈ ગયા ! એ આદર્શ નજર સામે રાખી એમના જીવનમાંથી ફલિત થતા આત્મવિકાસના માર્ગ આપણાં જીવનમાં જીવતા કરી દઈએ. બીજું બધું તો ચાલ્યા કરવાનું છે, પણ મૃત્યુ પહેલાં આ કરી લેવાનું ન ચૂકાય.

**મરણ સુધીના ભય સામે :-**

મંદોદરી નિરાશ થઈને ગઈ. એનાં પ્રલોભનોની સીતાએ લેશ પણ કિંમત આંકી નહિ. ત્યાર પછી હઠે ચડેલો રાવણ હજી સીતાને છોડવા ક્યાં તૈયાર છે ? યા એમ જપ્યો રહેવા ય શક્તિવાન નથી. હવે એ સીતાને અનેક જાતના ભય દેખાડે



છે પણ તેથી સીતાને શું ? સીતા માણસજાત છે, શું માણસને તેવા કોઈ જુલ્મના ભય ન લાગે ? લાગે ખરા, પણ ક્યારે ? જ્યારે સામે કોઈ પ્રબળ ગણતરી ન હોય ત્યારે, અહિં તો મહાસતીને માટે પ્રબળ ગણતરી છે. શીલસંરક્ષણ. એટલે સહેજ પણ ભય દેખાતાં પોતે મોટા ભયની કલ્પના કરી લે છે કે કદાચ એવા ય ભય આવે, 'કિન્તુ સાથે તૈયાર છે કે આવો, આવો, કોઈપણ આપત્તિ આવો. મને ચિંતા નથી. હું તો સમજી બેઠી છું કે આવશે મોટી મોટી આપત્તિ ! પણ ફિકર નહિ. શીલ સાચવવું છે એ નક્કી છે. એની ભારેમાં ભારે કિંમત પણ ચુકવવા તૈયાર જ છું. મહા કિંમતીને, માટે એવી મોટી કિંમત દેવી પડવાનો સંભવ છે. તો ભલે, એ દઈશ.'

થોડાં દુઃખના આગમન પર મોટાં દુઃખ આવવાની સંભાવના કરી લેતાં મન ફોરું રહે છે, મનને 'હાય ! શું થશે ?' એવો ભય કે કાયરતા ન જોઈએ, પણ એવી ગણતરી જોઈએ કે 'અતિ કિંમતી શીલ યા સમ્યક્ત્વ, કે અર્હદ્ભક્તિ યા ભગવત્પ્રીતિ અખંડ જાળવી રાખવી છે, તો મોટી કિંમત ચુકવવા તૈયારી છે ? કિંમત તો દેવી પડે ને ? કિંમત દઈએ તો માલ મળે એ શાહુકારીનો ગણાય. માટે ફિકર નહિ આપત્તિ આવે એની.'

**મહાન આપત્તિ વધાવવાની ચાવી :-**

મહાપુરુષો અને મહાસતીઓ મહાન આપત્તિઓમાં ધીરવીર કેમ રહી શક્યા હશે ? કેમ શાંતિથી પ્રસન્નતાથી સહી લેનારા બન્યા હશે ? કહો, ચોક્કસ પ્રકારના આલંબન પર મન ચોંટાડી રાખીને, એમાં આ એક આલંબન છે કે **આ આપત્તિનું સહર્ષ સહન એ કિંમતી માલ શીલ, વ્રત, સમ્યક્ત્વ આદિ માટે કિંમતની ચુકવણી છે. એ શાહજોગ ચુકવવાની.'**

મન એ વાત ચોક્કસ જ કરી રાખે કે જો, સમ્યક્ત્વ-શીલ, વ્રત-નિયમ, તપસ્યા-દેવગુરુ ભક્તિ વગેરેને મહાન સમૃદ્ધિ-સંપત્તિ ગણું છું તો એ કમાવવા માટે અને એ સલામત રાખવા માટે એની કિંમત ભરવા તરીકે કષ્ટ-પરિષહ-વિઘ્ન-આપત્તિ વગેરેને શાંતિથી પસાર કરી લેવા જ જોઈએ. સમ્યક્ત્વાદિ એકેક ગુણનો લાભ અને પ્રભાવ જેવો તેવો નથી જીવને અહીં એ મહાન શાંતિ અને સ્વસ્થતા આપવા સાથે ભાવિ કામ ઉજ્જવળ કરી દે છે, સદ્ગતિ એ નક્કી કરી આપે છે. ભવ પરંપરા એ કાપે છે. માટે એનાં અર્જન-પોષણ-સંરક્ષણ ખાતર જે દુન્યવી કષ્ટ અગવડ ભોગવવી પડે, જે કાયા-કંચનનો ભોગ દેવો પડે, એ બધું તો એની કિંમત ચુકવવા તરીકે લેખીને સહર્ષ વધાવી લેવાય. ત્યાં પછી ભય શાનો ઊભો થાય કે 'હાય ! આ કષ્ટ આવશે તો ? અગવડ ઊભી થશે તો ? પૈસા ખર્ચાઈ જશે તો ? આવા આવા તુચ્છ ભય શા માટે ?'

**શીલ-સમ્યક્ત્વના ઊંચા મૂલ્ય આંકો :-**

ખરી વાત એ કહો કે શીલ, સમ્યક્ત્વ આદિની ઊંચી કિંમત સમજાણી નથી, હૈયે એનાં ઊંચા ગૌરવ વસ્યા નથી, તેવા એના પર અતિશય બહુમાન ઊભરાતાં નથી માટે એ માલની સામે જોખવાનું આવે ત્યાં આનાકાની થાય છે, ભય લાગે છે કે 'હાય ! પૈસાનો ખર્ચ થઈ જશે ! શરીર ઊતરી જશે !' અથવા ખેદ થાય છે કે 'અરેરે ! બહુ સહવાનું આવ્યું !' પરંતુ આટલો ભોગ તો આપવો જ જોઈએ. એવી ગણતરી નક્કી જ કરી રાખી હોય તો એમાંનું કશુંય શાનું થાય ?

**આખાય મનુષ્ય જન્મને અપૂર્વ ધર્મકમાઈની તક સમજીએ તો એમાં આવતાં દુઃખ કે આપવો પડતો ભોગ બધું જ વ્યાજબી કિંમત ચુકવવારૂપ લાગે.** આવું લગાડવાની જો કળા હસ્તગત થઈ ગઈ તો પછી દુઃખ શી વાતનું રહે ? ક્યાંય ખેદ કે ભય શાનો લાગે ?

**સ્વસ્થતાની ચાવી :-**

એટલે મનની સ્વસ્થતા અને ધીરતા-વીરતા રાખવાની આ એક ચાવી છે કે મન સીધો હિસાબ જ માંડી મૂકે કે 'આ કષ્ટ-આપત્તિ-અગવડ એ તો ઉચ્ચ ધર્મકમાઈ અને પુણ્ય કમાઈ માટેનાં શાહજોગ નાણાં ચુકવવારૂપ છે, યા આવશ્યક કમીશન દેવા રૂપ છે, ધર્મકમાઈના લાભના તો લાખે ય લેખાં નથી ! ફળ અકલ્પ્ય અમાપ. અચિંત્ય મળનાર છે ! માટે અહીં ભોગ દેવાનું કે સહવાનું ગમે તેટલું આવે, તો પણ એ બરાબર છે એ કિંમત જોખવારૂપ છે.' એવી રીતે વ્યાજબી સમજી ભોગ અપાય કે સહી લેવાય, તો મન કેટલું બધું ફોરું, પ્રફુલ્લિત અને સત્ત્વવાળું બન્યું રહે ? અલબત્ત કષ્ટ-આપત્તિ-વિઘ્ન એ આપણી પૂર્વની ભૂલનું અને તજ્જનિત કર્મના વિપાકનું પરિણામ છે. ને એ ભોગવવું ન્યાયયુક્ત છે એમ મન વાળી શકાય છે, પરંતુ આ કિંમત ચૂકવવા કે કમીશન દેવાની વિચારણા વિશેષ ધીરતા-વીરતા આપે છે. મોટા નફાના વેપારમાં કમીશન આપતાં ક્યાં દુઃખ થાય છે ? તો અહીં આપત્તિનું દુઃખ શું ?

**મૃત્યુની હરેક પળે તૈયારી :-**

હવે એ જુઓ કે સીતાજી તો રાવણની ભયજનક ઉપદ્રવોમાં મૃત્યોનો પણ ભય રાખ્યા વિના પોતાના શીલની અણીશુદ્ધ રક્ષામાં કટિબદ્ધ રહે છે. એની માગણીને વશ થવાની વાત નહિ ! ભલે એમાં મૃત્યુ કાં નથી આવતું ? માણસને મોતનો તો મોટો ભય ગણાય છે. વનવગડામાં ભૂલો પડેલો મોટો સમ્રાટ રાજા મોતથી છૂટવા જરૂર પડ્યે પોતાનું સામ્રાજ્ય દઈ દેવા તૈયાર રહે છે. તો પછી સીતાજીને કેમ મોતનો ભય નહિ ? કારણ એક જ કે,



**મૃત્યુ પર અટલ વિશ્વાસ** કે એ એકવાર તો અવશ્ય આવવાનું જ છે, પછી એનાથી ડરવું શું ? જન્મ પામેલો માણસ જો મોતને અવશ્યભાવિ સમજી હાથમાં લઈને જ ફરે, અર્થાત્ પળેપળ સાવધાન રહે કે મોતનો સંભવ છે કે એ ગમે ત્યાં ગમે તે સમયે આવી જતું હોવાથી અહીં અત્યારે કદાચ આવે.' જો આવી સાવધાની સાથે તૈયારી રાખે કે 'ભલે આવતું જ હોય તો આવો, મારી અનિચ્છાએ એ કોઈ રોકાય એમ નથી, પછી એને રોકવા ખોટા ફાંફા મારવાની કે એનાથી ડર્યા કરવાની શી જરૂર છે ? મારે તો સત્કર્તવ્યનિષ્ઠ અને શુભભાવમાં રહેવાનું.' જો આવી સાવધાની અને તૈયારી હોય, તો કર્તવ્ય ગુમાવવાનો કે અપકૃત્ય કરવાનો વિચારેય શું કામ કરે ?

**મૃત્યુ પર અટલ વિશ્વાસ તો એનાથી નિર્ભીક રહી સત્પથે ચાલ્યા જવાનું બળ આપે છે 'અપકૃત્ય હરગીજ નહિ કરવાનું,' એવી ચુસ્તતા રખાવે છે.** અબલત્ત પોતાને કર્તવ્યનો મહાન રાગ અને અપકૃત્યનો ભારે અણગમો જોઈએ. એમ તો દુનિયામાં એવા પણ જીવો હોય છે કે જેને અપકૃત્યનો ભારે આવેશ હોય છે તો મોતને ગણકાર્યા વિના એમાં આગળ ધપે છે ને ? દુષ્ટ દુશ્મનો પોતાની દુષ્ટતા અજમાવવા ખૂનખાર જંગ ખેલે છે હઠે ચડેલો ધણી 'મૈં મરું પણ તુઝે રાંડ કરું' એવા નાદમાં કંઈ કરી બેસે છે ને ? જંગલી વિરોધી જનાવર સામસામા કાપાકાપી મારા મારી કરતાં મરે ત્યાંસુધી લડે છે. જો અપકૃત્યમાં આટલો બધો આવેશ અને મોતની બેપરવાઈ હોય, તો સજ્જનને સત્કૃત્યને વળગી રહેવાનો નિર્ધાર કેમ ન હોય ? શું કામ એ મોતથી ડરે ? પેલાને અપકૃત્યના અતૂટ આવેશ હોવાથી જેમ આને સત્કૃત્યનો અથાગ રાગ અને અતૂટ મક્કમતા જોઈએ એ હોય પછી બીજા ત્રીજા ભય રાખવાની શી જરૂર ? મન કહે કે 'બહુમાં બહુ તો મૃત્યુ આવે એ જ ને ? પણ મૃત્યુ પર મને અટલ વિશ્વાસ છે કે એ તો ગમે ત્યાં ગમે ત્યારે આવી શકે છે, એ કાંઈ માણસની ફાવટ નથી જોતું કે 'આને અત્યારે હું જાઉં તો ફાવશે કે નહિ ?' ના, મૃત્યુ કાંઈ જીવની અનુકૂળતા જોવા બેસતું નથી. એ તો એના નિર્ધારિત સમયે અને નિર્ધારિત સ્થળે જીવ પર તૂટી પડે છે. જીવને ઘેરી લે છે, અહીંના આ ખોળિયામાંથી જીવને બહાર કાઢી મૂકે છે. આ કાચી સેંકડમાં જ બની જાય છે ! જીવન તો વર્ષોની જહેમતથી નભાવેલું પણ મૃત્યુ ક્ષણમાં ! આવા વિશ્વવ્યાપી મૃત્યુ પર આંખમિંચામણાં કર્યે શું વળે ? યા એનાથી ભાગાભાગ કર્યે શે છુટાય ? એના પર તો અટલ વિશ્વાસ રાખવાનો કે એ અણધારી પળે અને અણધાર્યા સ્થળે એકવાર આવવાનું જ છે. તો અત્યારે પણ કદાચ આવે એનો મને કોઈ ભય નથી.'

**પ્ર.**- પણ આપણી ગફલતમાં વહેલું આવી જવાની શંકા રહે ને ?

ઉ.- મૃત્યુને શું સમજો છો ? એ આપણી ધારણાથી વહેલું નથી આવતું ? દુનિયામાં ઢગલો દાખલા દેખાય છે કે જીવની ધારણા બહાર મોત ભેટી જાય છે. ત્યારે શું આપણને આપણા આયુષ્યની ખબર છે ? જો ના, તો પછી એ જ ધાર્યા કરતાં ઓછું કાં ન હોય ? જ્યારે આપણને ખબર નથી કે આપણું આયુષ્ય કેટલું તો પછી શું કામ માનવું કે આપણા પ્રયત્નથી એ હજી લંબાઈને મોતને અટકાવી શકાશે? આયુષ્ય અલ્પ હોય તો મોતને અટકાવવાના પ્રયત્નમાં કાંઈ વળે નહિ માટે જ

**મૃત્યુ પર અટલ વિશ્વાસની જેમ એ વહેલું ય આવે છે એવો અટલ વિશ્વાસ જોઈએ. તેથી જ એની આજથી તૈયારી રૂપે હૃદય ધર્મમય રાખવું જોઈએ.**

અલબત્ત એથી કાંઈ મોતને નોંતરવા જવાનું નથી. કેમકે જીવતા છીએ ત્યાંસુધી જ અપકૃત્ય નિવારણ અને સત્કૃત્ય સાધનાને અવકાશ છે. ગમે તેવી ગાઢ બિમારી અને વેદનામાં પણ ભગવાનનું નામ લઈ શકવાની સ્થિતિ અહીં હજી હાથમાં છે. માટે જરાય એ ન ઈચ્છવું કે 'મરું તો સારું કે આ દર્દથી છુટાય.' કેમકે એમ મર્યેથી વર્તમાન દર્દથી કદાચ છુટાશે પણ સાથે સાથે ભગવાનના નામ સ્મરણ વગેરેથી ય છુટી જવાશે એનું કેમ ? અને પછીના ભવે કેવા ત્રાસ એની શી ખબર ?

**પરભવે વિશેષ દુર્ધ્યાન :-**

**પ્ર.**- એ ભલે, પણ દર્દથી છુટીએ તો મહા આર્તધ્યાનના પાપથી બચીએ ને ?

ઉ.- તે શું તમને ખબર છે નિર્ણય છે કે મર્યા પછી આવી કે આથીય ભયંકર સ્થિતિ ભયંકર વેદના નહિ આવે ? અને એવું બને ત્યારે જીવ તો આનો આ જ ને ? વેદનાથી કાયર બની આર્તધ્યાન કરવાનો જ ને ? એ ત્યાં કાયરતા સાથે વળી અણસમજની સ્થિતિમાં તો કેવાં ઘોર દુર્ધ્યાન કરશે ? કદાચ આર્તથી રૌદ્રધ્યાનમાં નહિ ચડે એની શી ખાતરી ? માટે મૃત્યુ આવે તો અહીંના આર્તધ્યાનથી બચાય એવી ગણતરી ખોટી છે. કદાચ તીવ્ર વેદનામાં અહીં આર્તધ્યાન થઈ જાય તો ય અંદર ઊંડે ઊંડે સમજ રાખી શકાય છે કે 'આ કાયરતા ખોટી થઈ રહી છે. શું કામ રડવું ? રડીને ય વેઠવાનું તો એનું એ જ નિશ્ચિત છે. વળી જડ શરીરના યોગે જ આ વેદના છે. તો મોટું દુઃખ તો જડ શરીરના યોગનું છે. તો એ પાપ હંમેશનું કેમ ટળે એવો જ વિચાર અને પ્રયત્ન મુખ્ય ન રાખું ? તત્કાલ દુઃખથી છુટવાના ફાંફાં મારવાના બદલે કાયમી દુઃખ ટાળનાર ધર્મને જ કાં ન અપનાવું ?'

## • નિર્વાણીની કથા •

એક નગરમાં સુબુદ્ધિલાલ નામનો એક સુખી ગૃહસ્થ રહેતો હતો. એની



ચાર છોકરા આવી મળેલા. ધંધો સારી રીતે ચાલતો હતો. એની પત્નીને વળી છોકરાની વહુરો સારી આવી મળેલી હવે શી ચિંતા રહે ? માણસ આટલામાં જ ભૂલો પડી જાય છે, નિશ્ચિન્ત બની બેસી જાય છે, માંડવાળ કરી લે છે કે 'હવે બસ, કાંઈ ફિકર નથી.' કેમ જાણે યાવચ્ચંદ્રદિવાકરો આ સ્થિતિ ચાલ્યા કરશે ! કોઈ રોગ, કોઈ આપત્તિ, કોઈ વેદનામય ઘડપણ, કોઈ જ દુઃખદ મૃત્યુ, આમાંનું કશું નહિ આવે ! પણ કહો છો ને કે

**પ્ર.**- એ તો આવે ત્યારે જોયું જાય ?

ઉ.- જોયું શું જાય ? પહેલેથી વેતરણ એવું ઊંધું તરી મૂક્યું હોય કે આવનારી આપદા એના જ યોગે આવી એમ લાગે ત્યારે કેવો સંતાપ ? કઈ હાયવોય ? કેટલો પ્રશ્ચાત્તાપ ? મકાનોમાં પહેલાં મૂડી ઘાલી દેનારા આજે પોક મૂકે છે કે 'આ જૂના ભાડાની આવક થોડી, હવે શું થાય ? ક્યાં આવી સ્થાવર મિલ્કતના ભાડામાં લોભાયા ?' માત્ર પોક જ નહિ, પણ નવા મકાન કરનાર એ માતબર પાઘડી-ભાડા કમાનારની ઈર્ષ્યાથી બળે છે. મૂડીનાં પોતાના પહેલાનાં રોકાણને ઊંધું વેતરણ સમજે છે. સરકારના નવા નવા કાયદા અને ભાડવાતનાં નિત્ય નવા ઉપદ્રવોમાં કલેશ અનુભવે છે.

**પેલા સુબુદ્ધિલાલને** આવો કોઈ ક્લેશ તો નહોતો પણ એમને વળી દુર્ભાગ્યનો ઉદય થતાં એવું બન્યું કે ગામના સુખી માણસો પર રાજાના નવા દિવાનની ભંડાર માટે ધન ભેગુ કરવા કડવી નજર ફરવા માંડી એટલે કેટલાક માણસો પહેલેથી ચેતી જઈને ધંધો સમેટી લઈ ત્યાંથી દેશાંતરે જવા માંડ્યા. આ હજી એમ જ બેઠો છે એટલે મોટા દીકરાની વહુ સાસુ દ્વારા સસરાને કહેવરાવે છે કે.

'શું કામ ભરોસે બેઠા છે ? અહીંનો મોહ છોડો. ઊઠો, ચાલો પરદેશ. ભાગ્ય આપણી સાથે જ છે.'

**દેશપલ્ટો :-**

સસરાને વાત વિચારતાં વ્યાજબી લાગી એટલે છોકરા સાથે સંતલસ કરી, નક્કી કરીને દેશાંતરે ઉપડ્યા કોઈ સારા શહેરમાં જઈ નિવાસ કર્યો; નવી હવેલી, નવી દુકાન અનુકૂળ વેપાર પણ શરૂ કરી દે છે.

**લોક ઈર્ષ્યાની નવી આપદા :-** પરંતુ હવે અહીં એ આપદા ઊભી થઈ કે બજારમાં આ સ્થિતિ સંપન્ન નવો વેપારી જાગ્યો તે જુના વેપારીઓ એની ભારે ઈર્ષ્યા ખટપટ અને વિરુદ્ધ પ્રચાર કરે છે. નસીબ બે ડગલાં આગળ કહેવાય છે ને ? સુબુદ્ધિલાલ બિચારો મૂળ વતનમાં ખુશીખુશી હતો કે 'બંદા કેવા ભાગ્યશાળી છે કે હામ દામ ઠામ ત્રણેય આવી મળ્યા છે !' એમાં ઠામને છોડવાનો અવસર

આવ્યો ! પાછા અહીં બીજા ઠામે આવી વસ્યા અને છુટકારાનો દમ ખેંચે છે કે 'ફિકર નહિ, ભલે મૂળ વતન મૂકવું પડ્યું, તોય બૈરાં સારાં મળ્યાં છે, છોકરા ત્રણે ધંધામાં આવી મળ્યા છે, છોકરાની વહુઓ ય લાયક મળી છે, પાસે બે પૈસાય છે. શી ચિંતા ? બધું મજેનું છે !' આમ ખુશી ખુશી માનતો હતો, પણ હવે તો અહીં બજારમાં કે બગીચામાં જ્યા જાય ત્યાં વિરોધનું જ સાંભળવા મળે છે ! ખુશી અલોપ થઈ ગઈ ! બને છે ને,

**'કરમ રુઠે કદી જ્યારે, જડે લોહ-મેખ કનક થાળે.'**

કર્મ રોષાયમાન થાય ત્યારે સોનાની થાળીમાં લોઢાની મેખ મારે એ અર્થાત્ બીજું બધું સારું ઊભું છે, પણ એક એવું અજુગતું ઊભું કરે છે કે એ પેલા બધાને ચળકાટ વિનાનું કરી દે ! અહીં સુબુદ્ધિલાલને એવું જ બની જાય છે કે બજાર, આડોશ-પાડોશ બધે જ એના આખા-કુટુંબને સહાનુભૂતિ મિત્રતા મળવી તો દૂર, પણ ઊલટું અરુચિ-અપ્રીતિ મળવા જેવું લાગે છે ! બધું ખમાય પણ જ્યાંને ત્યાં સામાનાં મોઢાં ચઢેલા શેં ખમાય ? સંસારનાં સુખનું આવું જ છે. એક આપત્તિ બધાં સુખની અસર બગાડી નાખે છે માટે જ સંસાર અસાર છે.

**સુબુદ્ધિલાલને :-**

કેટલાક દિવસ એમ ચાલ્યું, પણ પરિસ્થિતિ એવી ને એવી જોઈ એક દિવસ કુટુંબ આખું બેઠું વિચાર કરવા, કે હવે શું કરવું ?

ત્યાં ડોસો કહે છે 'ધીરજ ધરો ધીરે ધીરે લોકમાં ભળી જઈશું. સૌ સારાં વાનાં થશે.'

ત્યારે ડોશી કહે, 'શું રાખ સારું થશે ? જાણે ગામ આખું પૂરવ ભવનું વૈરી, તે દાંતિયા જ કરે છે ! આમાં તે શો સુધારો થવાનો હતો ?'

**મોટી વહુનો ઉપાય :-**

એટલે મોટી વહુ બોલી ઊઠી, 'વાત સાચી છે. આવા ગામમાં કાંઈ ભલીવાર નહિ. આપણે ઘર ભૂલ્યા, તો હવે બીજું સારું ગામ પકડો.'

ત્યાં બીજા છોકરાની વહુ ગર્જી, 'શું કપાળ ગામ જ બદલ્યા કરે ? બીજું ગામ વળી કયું સારું જ મળવાનું હતું ? કાગડા તો બધે જ કાળા એમ તો લોકને ઈર્ષ્યા તો બધે જ થવાની.'

પહેલી કહે, તો શું આમ ને આમ અહીં શેકાઈ મરવું ?

**બીજી વહુનો ઉપાય :-**

ના એ ટાળવા રસ્તો કાઢવો. રસ્તો મારી અલ્પ બુદ્ધિમાં આ બેસે છે.

એ કહે છે, 'ખોટું ન લગાડતા, પણ આ આપણે એકલપેટા થઈ મોજ



ઉડાવીએ છીએ એટલે સહેજે લોક આપણી ઈર્ષ્યા કરે, એ સ્વાભાવિક છે. ખરુંજોતાં મને લાગે છે કે આપણે વાર-તહેવારનું ગમે તે નિમિત્ત લઈ બીજા-ત્રીજાઓને જમાડવા, પ્રભાવના કરવી, કોઈ કોઈને સહાયતા કરવી, કોઈને દલાલી ખટાવવી, વગર વ્યાજે થોડી થોડી રકમ ધીરવી... વગેરે વગેરે કરતા રહીએ, તો હમણાં ઈર્ષ્યા મટી જાય. લોકને શું ? લોકને તો ચટાડતા રહો એટલે સારું લાગે. એ તમારા ભાટ બની રહેવાના. તમારું સારું જ ગાશે. ઊલટાં કોઈ તમારું હલકું બોલનાર હશે તો એની સાથે એ લડી લેશે. ચાટવા મળ્યા પછી કોણ ગુલામ નથી થતું ? આ તો મારો અભિપ્રાય છે બાકી તો આપ વડિલો બધાને રુચે તે ખરું.'

સાસુ આ સાંભળીને ખુશ થઈ ગઈ; કહે છે, 'વાહ.' ખરચ વધશે પણ ઈર્ષ્યાની હોળી તો મટશે.'

**ત્રીજા છોકરાની વહુનો વિચાર :-**

ત્યાં ત્રીજા છોકરાની વહુ ગાજી ઊઠી, 'શું બાઈજી આમાં મોહી પડ્યા ? જરાક ઊંડા ઊતરીને વિચારો કે ખરચ કેટલો વધશે ? ખબર છે ને કે આ તો આખા ગામને ઠારવાનું છે, બે-ચાર કે પાંચ પચીસ માણસને નહિ. તો કેટલાને ચટાડવા જશો ? અને શું ધ્યાન બહાર છે કે એકવાર બેવાર ચટાડ્યું, એટલે સામાને ચાટવાનો હવસ કેટલો લાગવાનો ? પછી જો ચટાડવાનું બંધ કર્યું ને, તો પાછું એનું એ જ કાળમુખું લોક છે, સમજ્યા ને ? વળી એમ મફતિયું લહેરાતું મૂક્યું એટલે, સમજી રાખો, પછી તો આપણી ઉદારતા દેખી માંગણિયાની ફોજ ઊતરશે ફોજ ! લોકને માગતાં શી શરમ ? તે આ બધામાં કેટલે પહોંચશો ?'

સાસુ ને બધાય થંભી ગયા. સાસુ કહે 'ત્યારે જોખી ! શું કરવું ? કાંઈ રસ્તો તને સૂઝે છે ?'

આ વહુનુ નામ જોખમણિ હતું નામ તેવા ગુણ એનામાં હતા. જોખી જોખીને ખર્ચનારી-ખાનારી અને ભોગવનારી ! એણે પોતાની પ્રકૃતિ અનુસાર જવાબ કર્યો કે, 'રસ્તો તો છે, પણ બધાને જરા અઘરો લાગશે. છતાં પૂછો છો તો કહું છું. આ જુઓ આપણે મૂળ વતનમાં રહેતા હતા ત્યારે શું, કે અહીં આવ્યા ત્યારથી શું, બહુ ભપકા-ઠઠારથી રહીએ છીએ એની જ આ બધી હોળી સળગી છે. રાજાની ને લોકની નજરમાં ચડીએ છીએ ને ઈર્ષ્યાના ભોગ બનવું પડે છે. નહિતર આપણી સંપત્તિ શાની બહારનાની નજરે ચડે ? મેં તો મારા બાપુજીને ત્યાં જોયું છે કે સાદાઈ અને કરકસરથી બધા રહે છે તો કોઈની દાઢમાં ચવાવું પડતું નથી. આ દેશ આપણે બદલ્યો. એમને કાંઈ બદલવો પડ્યો નથી. માટે મને તો લાગે છે કે આપણે રહેણીકરણી પહેરવેશ વગેરે બધું ફેરવી તદ્દન સાદાઈ અને કરકસરથી

રહીએ, તો બધું ઠેકાણું પડી જશે બાકી ચટાડવા જતાં તો લૂંટ ચાલશે લૂંટ !'

ત્યાં સાસું પૂછે છે 'પણ જોખી ! અત્યાર સુધી આપણે ઠાઠથી રહેતા હતા તે લોક તો જાણી ગયેલું છે, હવે સાદાઈ પકડીએ તેથી શું વળે ?'

'અરે ! બાઈજી ! એ તો એવું શું છે આપણા ઠાઠમાં લોક આપણી સાથે હળતાં મળતાં સંકોચાય. પણ જ્યાં સાદાઈથી રહીએ એટલે મધ્યમ માણસો સહેજે હળતા-મળતા થવાના. એમ કરતાં કરતાં ઈર્ષ્યા ઠેકાણે પડવાની.'

**કરકસરનું સાયન્સ :-**

બસ, હવે આની રજુઆત એવી થઈ કે પહેલી બે વહુરો તો ચૂપ જ થઈ ગઈ અને સસરા-સાસુને વાત ગળે ઊતરી ગઈ. સાસુ કરકસરનું સાયન્સ રજુ કરે છે, 'જુઓ આ મારી વહુ કેટલી પહોંચવાળી, કેટલી બુદ્ધિમાન છે ! ખરો રસ્તો એણે સુઝાડ્યો. દેશ તે કેટલા બદલાય ? ત્યારે બહાર ઉછાળવામાંય કેટલું બધું ઘસાવું પડે ? ને એમ પહોંચાય પણ કેટલે ? ખરું તો આ ઠાઠ-ઠઠારામાં નકામા પૈસા ઘસાઈએ છીએ ને લોકથી ચવાઈએ છીએ કપડા વગેરેના ઠઠારામાં ક્યા શરીર વધી જાય છે ? ને સાદાઈથી રહીએ તો ક્યાં દુબળા પડી જવાના હતા ? આ છોકરા તો મંડાઈ ચુક્યા છે, એટલે હવે કોના માટે હમણાં ને હમણાં કન્યા લાવવાની ઉતાવળ છે ? તે ઠઠારાના દેખાવ રાખવા ? વળી નવો વસ્તાર મોટો થશે ત્યારે જોયું જાશે. બસ, આજ ઠીક છે, આપણે મકાને ય બદલી સાદું લો, ને કપડાલત્તા વહેરવા બધું સાદું કરી નાખો. ઘોડાગાડી રાખીનેય શું કામ છે ? જરૂર પડે ત્યારે ભાડે ઘણી મળે છે. બસ આમ ખરચેય ઓછો, ને લોકને બળાપોય નહિ.'

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"  વર્ષ-૧૪,અંક-૧૭,તા.૧૫-૧-૧૯૬૬**

ત્યારે છોકરા કહે છે, 'બા ! આ તો તમે જિંદગી આખી સુખમાં જીવ્યા છો, પણ હવે અમને તમારે અત્યારથી જ દુઃખમાં નાંખવાં છે ?'

ત્યાં ડોશો ડોશીની વહારે ધાયો, કહે છે છોકરાઓને, 'અલ્યાં ગાંડાઓ ! આ ઠઠારામાં રહીને જુઓ છો તો ખરા કે લોકની ઈર્ષ્યા અને વિરોધની શેકામણમાં કયા સુખે જીવી રહ્યા છો ? આના કરતા સાદાઈમાં રહેવામાં આ બહારની આગ તો ઓલવાશે. વળી મકાન હવેલી મૂકી સાદું રાખ્યું એમાં શું દુઃખ થવાનું છે ? શું કરડશે ? ઊંઘ નહિ આવે ? તો કપડાં રેશમી ને ઉજળા બાફ ન પહેર્યાં, ને સાદા સુતરાઉ પહેર્યાં એમાં શા સુકાઈ જવાના ? બધી મનની કલ્પના છે, કલ્પનામાં



સુખ ને કલ્પનાનાં દુઃખ આ તો ભલા ભાઈ ! સમજો કે સાદાઈ અને વધારો બધો તમારે જ કામ લાગવાનો છે અમે તો હવે કેટલું બેસી રહેવાના હતા ? અને આમ ખર્ચ બચે, તો ઘરમાં બેસી તમે ઘી-દૂધ-મલાઈ વધારે ખાજો ને ? તો બળિયા ય બનશો.'

અને જુઓને આ તો આપણી પુણ્યાઈ પહોંચે છે એટલે હજી સુધી વાંધો નથી આવ્યો એ જુદી વાત; પણ જુઓ પેલા રવિચંદ તારાલાલ શેઠના કુટુંબની દશા કેવી થઈ છે ! પાસે રુંડું હતું, પણ છોકરાઓએ ઉડાઉગીરીમાં ગુમાવી ઘસાઈ ગયા ને ?

જરા સમજો સમજો, આ દુનિયામાં તો પૈસાની કિંમત પહેલી મૂકાય છે. 'વસુ વિનાનો નર પશુ' એ બિચારો જ્યાં જાય ત્યાં પશુની જેમ હડધુત થાય. ઘરમાંય કિંમત પશુ જેવી. પાસે પૈસા નહિ. ને ગુણ ઘણાય હોય, પણ લોક એની 'બિચારો હીણભાગી !' કહીને દયા ખાય છે. !

વળી આ જુઓને, અમારા ગયા પછી તો તમારે આ મૂડીના ચાર ભાગ પડવાના, તે દરેકને ભાગે ચોથો હિસ્સો જ આવવાનો તેથી બચાવ્યું કામનું છે. અને સાદાઈથી રહેવાનું તો પછી તમારે ઠીક અનુકૂળ પડી જશે. માટે દીકરા ! સમય વર્તી જાઓ ચાર દહાડા લાગશે, પણ આમની ટેવ આમ પડી જશે પછી કાંઈ નહિ લાગે. બાકી ઠઠારા ને ઉડાઉગીરીમાં મઝા નથી. પુણ્યના શા ભરોસા છે ? બજારના શા વિશ્વાસ ? માટે ખોટા ખરચા ઓછા કરી નાખવા. એથી બધી વાતે સુખી થઈશું.

બધાને વાત જચી ગઈ. માત્ર ચોથા છોકરાની વહુને સંતોષ નથી. એ શરમાળ છે સાથે એના દિલમાં મોટું દુઃખ છે, એટલે સાસુને ધીરેથી કહે છે, 'હું કાંઈ કહી શકું ?'

સાસુને એની અદબ, એનો વિનય-સેવા-ભક્તિ વગેરે એની લાયકી પર અને વળી સૌથી નાની હોઈને એના પર વધારે રાગ છે; તેથી કહે છે; ઓહો ! શું કામ નિર્વાણી ! તું શરમાય ? બોલ બોલ આ બધી વાતો થઈ, હવે તારો શો અભિપ્રાય છે ? તું ય ડાહી ભણેલી અને સારા ઘરની આવેલી છો, સાંભળો સૌ બધા ! આ કહે તે"

નિર્વાણીએ કહેવાનું માગી તો લીધું પણ બોલવાની હિંમત નથી થતી, તે ખચકાય છે. સાસુ એની મુંઝવણ સમજી જાય છે, એટલે એને પ્રોત્સાહિત કરે છે, 'મુંઝાય શું કરવા ? અહીં બધા ઘરના જ છીએ કોઈને ખોટું લાગવાનું નથી. જે કહેવું હોય તો સુખેથી સંકોચ રાખ્યા વિના કહે.'

હવે આ કહે છે 'એવું છે વાત મારી અલ્પ બુદ્ધિની છે, પણ એવી છે કે જેના પર કોઈની દૃષ્ટિ જ ગઈ નથી. અને છતાં છે બહુ મહત્ત્વની ! પણ જો કહું તો કદાચ દિલ દુભાવા સંભવ છે.'

સાસુ આ સાંભળીને કહે, 'અરે બાઈ ! છાશ લેવા જઈએ ને દોણી સંતાડીએ ?'

વહુ કહે 'તો કાંઈ નહિ બાઈજી ! સૌને ગમ્યું તે ખરું મારી વાત ભલે મારી પાસે જ રહી.'

નિર્વાણી પાકી છે. નામ મોક્ષનું ધરાવે છે ને ? તે ગંભીર છે. સામાની તીવ્ર જિજ્ઞાસા વિના કહેવું અનઅવસરનું સમજે છે; વાત હવામાં ઊડે અગર ઊલટું ચિત્તક્લેશ કરનારી બને. વાત મહત્ત્વની કહીને એણે સળવળાટ તો જગાડી દીધો છે, પણ પાકી ઈંતેજારી કરાવવા વાતને જરા તાણી રહી છે. ત્યારે પૂછો.

**પ્ર.**- પણ એમ કરતાં, સામા માંડવાળા જ કરી દે કે ભલે ત્યારે એમ હોય તો એ વાત પડતી મૂકો, નકામું દિલ દુભાવાનું શું કામ ?

**ઉ.**- કિંમતી વાત એમ નહિ સાંભળે એવી અધીરાઈ શા સારું કરવી ને નથીને ન જ સાંભળી તો તરતમાં શું બગડી જતું હતું ? અને એમ તીવ્ર તાલાવેલી વિના સાંભળેલી કિંમતી વાત ઝટ ઝીલાશે ને અમલમાં આવશે એની ય શી ખાતરી ? એ તો હમણાં નહિ તો પછીથી અવસર પામીને કહી શકાય છે. જો કે આ એકાંત નથી, કોઈક પ્રસંગે વસ્તુ એમ જ જણાવવી જરૂરી હોય છે પણ ખરી, છતાં બધે આવું નથી. બીજા પ્રસંગમાં સામાની તેવી જિજ્ઞાસાના અભાવે ન કહેવું પણ ઠીક જ હોય છે. કેમકે બહેરા આગળ ગીત સુણાવવામાં પરિશ્રમ માત્ર થાય. **સારી વાતની જિજ્ઞાસા નહિ એ એક જાતનું બહેરાપણું છે. જિજ્ઞાસાનો અભાવ ધ્યાન દઈને સાંભળવા જ નહિ દે.**

**અવસરે ન બોલવું જ ઉચિત** નહિતર એમ પણ સંભવ છે કે સાંભળીને ઊલટું નુકશાનમાં ઊતારે, સંભવ છે મશ્કરી પણ કરે, આપણી કિંમત ઓછી આંકે.

અહીં નિર્વાણીને તો બધા ઉત્સાહિત કરે છે ખાસ જિજ્ઞાસા દેખાડે છે કે 'તું જરૂર કહે, તને શું કરવા લાયક લાગે છે ? અમને કશું ખોટું લાગવાનું નથી. એટલે હવે એ કહે છે,'-

**નિર્વાણીની કિંમત વાણી :-**

'આપ બધા તો મારા મુરબ્બી છો. આપની આગળ મારા અભિપ્રાયની શી કિંમત ? પરંતુ મારા ગરીબના મનમાં એમ આવે છે કે આ ઘરમાં પહેલેથી જ આવું કેમ જોવામાં આવે છે કે જીવનની સુખ-સગવડ માત્ર આપણા બુદ્ધિપૂર્વકના



પુરુષાર્થને જ આધીન માની બધું ચાલી રહ્યું છે ? જો ખરેખર એમજ હોત, તો એ પુરુષાર્થ ચાલુ છતાં સુખસગવડમાં વિઘ્ન ઊભા થઈ, એ કેમ લોપાત ? બુદ્ધિપૂર્વકના પુરુષાર્થના હિસાબે જ બનતી વસ્તુ તો પુરુષાર્થ કાયમ રહ્યે, બન્યા જ કરવી જોઈએ અટકાવાનું શું કારણ ? ત્યારે સાચી હકીકત એ, છે કે જીવનમાં સુખદુઃખ સગવડ-અગવડનો મુખ્ય આધાર આપણા ભાગ્ય ઉપર છે. ભાગ્યની અનુકૂળતામાં પુરુષાર્થ ફળે છે, અને પ્રતિકૂળ ભાગ્ય હોય તો એ નિષ્ફળ જાય છે, કદાચ વિપરીત પરિણામે ય લાવે. હવે કદાચ કહેશોઃ

**પ્ર.**- પણ ભાગ્ય તો પૂર્વજન્મથી જેવું લઈ આવ્યા તેવું રહેવાનું એમાં હવે આપણે શું કરી શકીએ ?

**ઉ.**- પરંતુ અહીં બે મોટી વસ્તુ સમજવા જેવી છે.

**ભાગ્ય પર કામ કરતી બે વસ્તુ :-**

**નિમિત્ત વિના કર્મ પાકે :-**

(૧) એક વસ્તુ એ છે કે આપણે સમજી બેઠા હોઈએ કે 'ભાગ્ય તો એનો એનો ભાવ ભજવ્યા જ કરે છે પરંતુ એવું નથી. કેટલાંક ભાગ્ય એવાં હોય છે જરૂર, કે એ ગમે તેવા નિમિત્તની પરવા કર્યા વિના પોતાના પરિપાકકાળે ઉદયમાં આવે જ, અને પોતાનો ભાવ ભજવે જ. કેટલાય અંગરક્ષકો હયાત છતાં રાજા રાજકુમાર કે શ્રીમંત જેવાનું ખૂન થઈ જાય છે ને ? આરોગ્યના નિયમ બરાબર સાચવીને ચાલનારાને પણ ટી.બી., કેન્સર, અકસ્માત જેવું બની આવે છે ને ? એનું કારણ આવાં બેપરવા ભાગ્ય હોય છે, એને નિમિત્તની અપેક્ષા નથી.'

**નિમિત્ત પર પાકનારા કર્મ :-**

પરંતુ એવા ઘણાં કર્મ હોય છે કે જે જો અનુકૂળ નિમિત્ત મળે તો વિપાક રૂપે ઉદયમાં આવીને પોતાનો પ્રભાવ દેખાડે દા.ત. આરોગ્યના નિયમ સાચવતો રહે તો શાતા વેદનીય કર્મ શાતા દેખાડ્યા કરે. પરંતુ જો અવળાં નિમિત્ત સેવે દા.ત. ભારે પદાર્થ ખૂબ ખાઈ નખાય, તો એ શાતા બંધ પડી અશાતા વેદનીય કર્મ ઉદયમાં ટપકી પડી ને ઝટ અશાતા દેખાડે. એ વખતે પેલા શાતા વેદનીય કર્મ આનાં ભેગાં ભળી પોતાનો પ્રભાવ દેખાડ્યા વિના એમજ ભોગવાઈ જાય. એમ શાતાના વિપાકોદય વખતે કેટલાંય અશાતા વેદનીય નિષ્ફળ ભોગવાઈ જતા હોય.

આવું ધન કમાઈ અંગે પણ બને છે. સીધાં સીધાં નિમિત્ત સેવતા રહેવાય તો પુણ્ય પૈસા આપ્યા કરે. એમાં જો ખોટું સાહસ કરી નખાય તો ઝટ પાપ ઉદયમાં આવે, પુણ્ય દબાઈ જાય, અને પૈસા ગુમાવવાનું થાય. ત્યાં વળી જીવ જો ડાહ્યો થઈ પાછો વળી જાય તો વધુ નુકશાનીથી બચે. અહીં એવું પણ બને કે

સીધી લાઈને ચાલવા છતાં જો નિકાચિત પાપ કર્મ ઉદયમાં આવી જાય તો ગમે તે રસ્તે પણ ધનનો નાશ કરી નાખે. છતાં સામાન્ય સંજોગમાં સાવધાનીથી ધંધો અને ખર્ચમાં કરકસર, સાદાઈ વગેરે નિમિત્ત આ એક વસ્તુ છે. આ હિસાબે મને લાગે છે કે આપણી વૈભવી રહેણીકરણી કોક દિ' જોખમ લાવી મૂકે એવી છે, તેમજ બીજાની નજરમાં ચવાવાનું તો પ્રત્યક્ષ નુકશાન દેખાય જ છે. એ પણ અપયશ નામ કર્મને ઉદયમાં વર્તવા માટે નિમિત્ત બની રહે છે. સાદી રહેણીકરણી હોય તો સંભવ છે કે એ અપયશના ભાગ્યને દબાવવાનું કામ કરી જાય. નિમિત્ત પામીને ઉદયમાં આવનારા અશુભ કર્મની આપણને ઓળખ નથી હોતી. તેથી ખરા નિમિત્તને દોષ આપવાને બદલે લોકને અને બીજી-ત્રીજી વસ્તુને ખરાબ કહીએ છીએ. અવિવેકથી ખાઈને માંદો પડનારો હવાફેરને કે કર્મને દોષ આપે એ કેટલું વ્યાજબી ગણાય ? એમ ઉદ્‌ભટ વૈભવી રહેણી-કરણીથી અપયશ પામનારો લોકના સ્વભાવને દોષ આપે એ કેટલું વ્યાજબી ?

(૨) ભાગ્ય પર કામ કરતી બીજી વસ્તુ એથી પણ મહાન છે. મારે જે મુખ્ય કહેવાનું છે તે આ છે. બીજી વસ્તુ એ છે કે **પુણ્ય પાપને ઠેલે.**

પુણ્ય જોરદાર વધારી દેવાય તો એ ઉદયમાં આવ્યે પાપના ઉદયને દબાવી દે છે. શાસ્ત્ર કહે છે.

**'अत्युग्रपुण्यपापानामिहैव लभ्यते फलम्'**

અર્થાત્ અતિ ઉગ્ર પુણ્ય કે પાપ આ ભવમાં જ ફળે છે; કોઈ એવાં ભયંકર દુષ્કર્મ, દા.ત. સાધુની અને સાધુમાર્ગ વગેરે ધર્મની ઘોર નિંદા, યા દેવ-દ્રવ્યનું ભક્ષણ, કે ગુરુનો દ્રોહ વગેરે કર્યા, તો એનાથી બંધાયેલ પાપકર્મ આ ભવમાં જ ભયંકર કડવાં ફળ દેખાડે છે; એ વખતે ચાલુ પુણ્યના ઉદય અલોપ થઈ જાય છે.

**દેવપાલને આ ભવમાં જ તરત પુણ્ય ફળ્યું :-**

બસ એવી રીતે એવાં કોઈ પ્રબળ શુભ ભાવોલ્લાસથી દાનાદિ સત્કૃત્ય કરાય, તો એનાથી ઉપાર્જેલ પુણ્યકર્મ ચાલુ પાપોદયને દબાવીને પોતાનું શુભ ફળ આ જન્મમાં જ દેખાડે છે ! શેઠના ઢોરાં ચરાવનાર નોકર દેવપાલે સાત સાત દિવસની વરસાદની હેલીમાં ઉપવાસનાં કષ્ટ વેઠીને પણ નિયમ જાળવ્યો; 'પ્રભુ પૂજા વિના રોજ મોંમાં પાણી ય ન નાંખવું,' એ ૭-૭ દિવસ ભૂખ્યો-તરસ્યો રહી પાળ્યો, એમાંય ભૂખનું દુઃખ નહિ, પણ પૂજા ન મળ્યાનું ભારે દુઃખ ધર્યું, તો એના ઉત્કૃષ્ટ પુણ્યે સાતમે દિવસે રાજ્ય મળ્યું ! એ જ નગરનો એ રાજા થયો !

એટલે વસ્તુ આ છે કે પુણ્યનો રાશિ એકત્રિત કરવામાં આવે એ નરસા



ભાગ્ય પર કામ કરી જાય છે, એને દબાવી દે છે.

હવે મારે જે ખાસ કહેવું છે તે આ છે. અવિનય ક્ષમા કરજો. મને બાળી-ભોળીને કહેતાં દુઃખ થાય છે કે હું જ્યારથી આ ઘરમાં આવી છું ત્યારથી જોઈ રહી છું કે ઘરમાં વાતો બધી ઘણી થાય છે, પણ માત્ર એક ધર્મને બાદ રાખીને ! સુખ પામવાના કે દુઃખ ટાળવાના ઉપાયો અને યોજનાઓ વિચારાય છે, અજમાવાય છે, પણ તે બધા ઉપલકિયા જડ ઉપાયો અને એની જ પ્રક્રિયાઓ ! કેમ જાણે એમાં પુણ્ય અને ધર્મ એ દુઃખનાશ અને સુખ પ્રાપ્તિનો ઉપાય જ નહિ હોય તેથી એને સ્થાન નહિ ! જીવનમાં રોજને રોજ ઠમઠોક પ્રવૃત્તિઓ થાય છે. પણ માત્ર ધર્મની જ કોઈ પ્રવૃત્તિ નહિ ! કેમ જાણે જીવનમાં ધર્મનું કાંઈ મૂલ્ય-મહત્ત્વ જ નથી. એનો કોઈ ઉપયોગ જ નથી ! અત્યારે જ જુઓને બધાએ વાતો કરી એમાં ક્યાંય ધર્મની વાત આવી ? ત્યારે પૂર્વે પણ ક્યારેય આવી છે ? તો આચરણમાં આપણા ઘરમાં ધર્મ કેટલો પ્રવર્તે છે ? બસ, એવાં જ ધોરણ ચાલે છે કે આપણી બુદ્ધિ અને આપણા ઉદ્યમે જ ધન આવે છે અને સુખ ભોગવાય છે. અત્યારે પણ એના પર જ વિચાર ચાલે છે કે 'આ લોક ઈર્ષ્યા કરે છે સંબંધ રાખતા નથી, તો આમ કરવું કે તેમ કરવું.' આમાં ક્યાંય ધર્મનું શરણું લેવાની તો વાત જ નથી !

ખરી રીતે તો આપત્‌કાળમાં તો વિશેષ ધર્મ કરવો જોઈએ. જેથી પાપ કપાય ને પુણ્ય વધે. માણસ રોગના કાળમાં આરોગ્ય નિયમ વધારે સાચવે છે. એમ પાપોદયના કાળમાં ધર્મનિયમ વિશેષ પાળવા જોઈએ. પણ કેમ જાણે પાપ-પુણ્યની શ્રદ્ધા જ ન હોય, પરલોક જવાનું જ ન હોય, ધર્મી પૂર્વજો મૂર્ખ મનાતા હોય, કેમ જાણે આ નાસ્તિકનું ઘર હોય, તે અહીં ધર્મનો વિચાર જ નથી ! મારી બેઅદબી માફ કરજો. પણ હૃદયના અતિશય દુઃખને લીધે આ બોલાઈ જવાય છે. હે ભગવાન ! કેવાં પાપ મારે ઉદય આયાં ?' નિર્વાણી એટલું કહેતાં કહેતાં રડી પડે છે, આંખમાંથી દડદડ પાણી ચાલે છે, અને ડચકાં લે છે. એ જોઈ સાસુ સસરો વગેરે બધાને લાગણી ઊભરાઈ આવે છે ! બધાની આંખો ભીની થાય છે ! સાસુ એને કહે છે

"નાની ! રડીશ ના; તારું કહેવું તદ્દન સાચું છે, અમે ભીંત ભૂલ્યા છીએ."

નિર્વાણી આગળ ચલાવે છે બાઈજી વધારે શું કહું ? મારા પિતાના ઘરે રોજ મુનિઓને ભારે ભાવપૂર્વક દાન અપાય, સાધર્મિકની રોજ ભક્તિ થાય, બધાને ઘરમાં જિનમંદિર રોજ પ્રભુપૂજા કરવાની, અવરનવર મોટીપૂજા-ઉત્સવ, ધર્મ ખાતાઓની ટીપોમાં દાન, વ્રત-નિયમો, તપસ્યા, સામાયિક-પોષધ-પ્રતિક્રમણ, રોજ

રાતના મારા બાપુજી ધર્મપુસ્તક વાંચે ને આખું કુટુંબ સાંભળે, પર્વતિથિએ તો આખો દિવસ જ ધર્મધ્યાન ! આવું બધું ચાલતું, તે અહીંના તો વિચિત્ર રંગ જોઈને હું સોસાઈ જ ગઈ છું. જીગરના ટુકડા થઈ જાય છે મારે મારું દુઃખ કહેવું કોને ?

મારા કોડ મુજબ જો અહીં ભરપૂર ધર્મ ચાલતો હોત, તો હું તો કહું છું કે આ દેશ નિકાલ જેવી દશા શાની આવત ? અહીંય લોકની ઈર્ષ્યા શાની ઊભી થાત ? ધર્મના વ્યવહારમાં તો શક્તિ મુજબ રાજાને ય તુષ્ટિ પુષ્ટિ કરાતી રહે, પછી રાજાનો ખોફ શાનો ? અને દેશ છોડવાનો અવસર કેવો ? પુણ્યથી પુણ્ય વધે પુણ્ય રૂડું મળ્યું છે તો હું તો ઈચ્છું છું કે દયા-દાન, શીલ-તપ-ભાવ, અર્હદ્ભક્તિ-ગુરુભક્તિ, સાધાર્મિકભક્તિ, સામાયિક, નમસ્કાર સ્મરણ, ઉત્સવ-ઉપધાન, વગેરે વગેરે ધર્મસાધનાથી બધા રંગાયેલા રહે. તેથી લોક પણ આકર્ષાશે ને પુણ્ય પણ વધશે, પાપ તૂટશે, આફતો નહિ આવે; ધર્મ મહામંગળ છે એથી અંતરાયો તૂટી જશે ! બધાનાં મન ખૂબ જ સ્વચ્છ, સ્વસ્થ અને પ્રફુલ્લિત બનશે. જીવન દિવ્ય બની જશે ! બસ, ભૂલચૂક ક્ષમા કરજો.''

**સસરા પર અસર :-**

સસરો વિચક્ષણ હતો, નિર્વાણીના એકેક બોલ ગંભીરપણે તોલતો ગયો. સારમાં જોયું કે ભાગ્ય પર બેની અસર પહોંચે છે, એક પ્રામાણિક પરિમિત વેપાર, જીવનની સાદાઈ તથા શિષ્ટ વ્યવહારની અને બીજું ભરચક ધર્મસાધના અને સુકૃતકમાઈની સુંદર વાત કરી ! ત્યારે વાત તો સાચી જ છે કે **જીવન સાદાઈનું હોય, અને પરમાર્થ-પરોપકાર ભરપૂર હોય તો જ એ વિવેકવાળું જીવન ગણાય** એને વિસારી દેવાય છે, પણ શું આવા ઉચ્ચ માનવજીવનમાં વિવેકને સ્થાન જ નથી ?

એથીય વિશેષ વાત તો આ છે કે શું આવા ઉત્તમ જીવનમાં એકલી જડ પુદ્ગલને અને કાયાના જ સુખ સન્માનને લગતી બાબતોને સ્થાન હોય ? આત્મહિતની વસ્તુને, ધર્મ-સાધનાને, અને સુકૃત-સદ્ગુણને કોઈ જગા જ નહિ ? શું એની કોઈ જરૂર જ નથી ? પેલી બધી પ્રવૃત્તિ વિના ન ચાલે, અને આના વિના ચાલી શકે, એમ ? માનવ જેવા ઉત્તમ પ્રાણી તરીકે જીવવાનું આ કયું ગણિત ? ખરેખર ! આજ સુધી અમે અંધારામાં જ કૂટાયાએ કહે છે.

**નિર્વાણીની કદર :-**

'નિર્વાણી ! આ તારી વિચારણા કેટલી બધી સુંદર ! કેટલી બધી ગંભીર અને અત્યંત અગત્યની ? ખરે જ તેં તો આમન્યા-મર્યાદાથી આજ સુધી અમને આ



પ્રકાશ ન આપ્યો, એમાં તારો તો વિનય અને સહિષ્ણુતા ગુણ સચવાયો, પરંતુ અમે તો અંધારે જ કૂટાયા, કેવા કમનસીબ અમે ? છતાં એટલા ભાગ્યશાળી કે આજે ય આ મળ્યું !'

**છોકરાઓને બાપ કહે છે.** 'જુઓ દીકરાઓ ! આ નિર્વાણીને આપણે ઓળખી નહિ. એ એક રત્ન છે. એણે આજે ખરેખરો પ્રકાશ કર્યો છે. મોટી તો મારી ભૂલ કે જાતે અને તમને બધાને એકલા પાપના, સંસારના માર્ગે જ જોડ્યા ! ધર્મને જીવનમાં સ્થાન જ આપ્યું નહિ ! **કેમ જાણે પૈસા-ટકા, ખાવું-પીવું વગેરે જીવનના બધા જરૂરી અંગ ખરા, પણ ધર્મ જરૂરી નહિ !!'**

**આ કેટલું કારમું અજ્ઞાન !**

'હવે આણે આપણી આંખ ખોલી નાખી છે તો એ બોધને લેખે લગાડવાનો જ, એટલે આપણે સૌએ મુખ્યપણે ધર્મને સેવવાનો...'

નિર્વાણી અહીં એક વાત સ્પષ્ટ કરતાં કહે છે, 'વાહ ! આજ મારો કેવો ધન્ય દિવસ કે આપ વડીલશ્રીના મુખે આ સાંભળવા મળ્યું ! માત્ર આપ સૌને એક ગરીબ દાસીની અરજ છે કે ધર્મ સેવવાનો તે એનું બહુ ઊંચું મૂલ્ય આંકીને. એ મૂલ્યાંકન આ, કે ધર્મ પુણ્ય તો વધારી આપે જ છે, પરંતુ એથી ય મોટું કામ આ કરે છે કે આપણું જીવન એવું બનાવી આપે છે કે જે બીજા જીવોને આપણા તરફથી કોઈ બાધા-પીડા તો ન થવા દે, પણ ઊલટું લોકપ્રિય બનાવે. તેમજ જીવનમાંથી રાગ-દ્વેષ-કષાયો વગેરે ઓછા કરી નખાવે અને એમ ક્રમશઃ સર્વાભયદાતા વીતરાગ બનાવી જન્મ-મરણના ફેરા ટાળી શાશ્વત સુખના ધામભૂત મોક્ષમાં પહોંચાડી દે, આ મોટો લાભ જ મનમાં રાખી આપણે ધર્મ સેવવાનો છે. પુણ્યવૃદ્ધિ તો એની મેળે આપણે ઈચ્છ્યા વિના ય થવાની જ છે. તેથી એના પર દૃષ્ટિ ન રાખતાં જીવનમાં ધર્મપુરુષાર્થ જ એક સારભૂત છે, જીવન ધર્મ સેવનથી જ સફળ છે, એમ સમજીને શક્ય વિશેષ પ્રમાણમાં ધર્મની આરાધના કરતા રહેવાનું છે. આટલી મારી નમ્ર વિનંતિ આપ વડીલ સૌને છે. ઓછું અધિકું બોલાયાની ક્ષમા ચાહું છું !'

**નિર્વાણીના મુદ્દા :-**

સૌથી નાની વહુ નિર્વાણીની વાત બધાના ગળે ઊતરી ગઈ. સમજાઈ ગયું કે,

(૧) જીવનનાં અંગોમાં બધી અનેક વાતોને સ્થાન હોય, અને માત્ર ધર્મને સ્થાન નહિ, એ માનવની કેટલી મોટી દુઃખદ દુર્દશા છે ! એમાં પશુ જીવન કરતાં શી વિશેષતા ?

(૨) જીવન માત્ર આ લોકની સુખ-સગવડ અને વાહવાહથી કૃતકૃત્ય માનવામાં આવે છે, એમાં તો પોતાના આત્માનું જ સરાસર વિસ્મરણ છે, ને એથી મહા

કિંમતી ભવ મૂર્ખ રમતમાં વેડફાઈ જાય છે !

(૩) ધર્મને ભૂલીને જીવાતાં જીવનમાં પાછું ધાર્યું બને છે એવું ય નથી; ત્રણ સાંધતાં તેર તૂટે છે; ચિંતા-સંતાપ અને મનોવ્યથાઓ એક યા બીજા પ્રકારે હાજરા હજૂર રહે છે.

(૪) ધર્મની મુખ્યતા વિનાના જીવનનો અંતકાળ દુઃખદ વિમાસણ, પારાવાર પસ્તાવો, અને 'હવે મારું શું ? આ બધું મૂકી મારે ક્યાં જવાનું ?...' વગેરે ભારે વલોપાતવાળો બને છે.

(૫) ધર્મ-વિહોણા જીવનમાં કેટલાક જડ-ચેતન તરફથી દ્રોહ-વિશ્વાસઘાતના ભોગ થવું પડે છે, ત્યાં ચિત્તક્લેશનો પાર નથી રહેતો.

(૬) આ બધાથી ઊલટું, જીવન ધર્મમય કરી દેવામાં, ધર્મનું જ એકમાત્ર શરણું લેવામાં ને ધર્મને જ મુખ્ય કરવામાં, એવું વિશિષ્ટ આત્મબળ અને ધૈર્ય મળે છે, એવી સુંદર તત્ત્વદૃષ્ટિ જાગતી રહે છે, હૃદય એવું પવિત્ર અને ઉમદા ભાવોભર્યું બન્યું રહે છે, વિવેક-વિચાર-આશ્વાસન-તૃપ્તિ વગેરેથી એવું મઘમઘતું ચાલે છે કે પેલી વિટંબણાઓની પીડાનું નામ નહિ !

**નવું જીવન :-**

કહેવાની જરૂર નથી કે પછી તો નિર્વાણીના ચિંધ્યા પ્રમાણે આખા કુટુંબે જીવન ધર્મથી ઝગમગતું કરી દીધું. એની એવી સુવાસ પ્રસરી કે લોક હવે એમનું પ્રશંસક, શુભેચ્છક બની ગયું. એમ જાતે જીવનમાં સાદાઈ, બીજાઓ પ્રત્યે ઉદારતા, ધર્મનાં પવિત્ર આચારો, ક્રિયાઓ, સત્સંગ, વ્રત, નિયમ વગેરેથી જીવનમાં કોઈ અપૂર્વ શાંતિ, ઉત્સાહ અને સ્ફૂર્તિ અનુભવવા લાગ્યા.

વાત આ હતી કે **મૃત્યુથી ડરવા અને બચવાના ફોગટ ફાંફાં મારવાને બદલે જીવન જ એવું ધર્મમય બનાવી દેવું કે એની કોઈ ચિંતા જ ન રહે.** મહાસતી સીતાજીએ એવી ચિંતા ન રાખતાં, મૃત્યુ પર અટલ વિશ્વાસ રાખ્યો હતો કે એ ગમે ત્યારે એક વાર તો આવવાનું જ છે, માટે એના ભયથી કર્તવ્ય ચૂકવું નહિ.' તેથી જ રાવણે ઘણો ભય બતાવવા છતાં એ પોતાના શીલપાલનના કર્તવ્યમાં અડગ રહ્યા.

**આપત્તિ પર વિશ્વાસે નીડરતા અને ધર્મસાધના :-**

આત્માના વિકાસનો આ કેવો સુંદર ઉપાય છે કે જ્યારે મોટામાં મોટી ગણાતી મૃત્યુ જેવી આપદા ઉપર પણ અટલ વિશ્વાસ ધરી દીધો કે 'એ આપત્તિ આવવાની જ છે, માટે એના ડરથી કર્તવ્ય ચૂકવું નહિ,' તો પછી બીજી ત્રીજી કર્મે નિર્ધારિત આપદા ઉપર પણ અટલ વિશ્વાસ રાખવામાં આવે કે 'એ આવવાની



હશે તો ટાળી શકાશે નહિ,' અને એમ વિશ્વાસ ધર્યા પછી એનાથી નીડર બનવામાં આવે, તો પોતાનાં સત્કૃત્યો, કર્તવ્યો, સ્વધર્મસાધના અને સદ્ગુણોનું દૃઢ પાલન સુલભ થઈ જાય. માણસ એમાંથી ક્યારે ખસે છે ? કોઈ આપત્તિનો ડર લાગે છે, યા આપત્તિ આવી પડે છે ત્યારે, જીવ ત્યાં ગભરાઈ જાય છે, અને આપત્તિથી યેનકેન પ્રકારે બચવા જરૂર પડે તો કર્તવ્ય બાજુએ મુકશે, ગુણને ય વીસરશે, સુકૃતે ય જતું કરશે, અને ધર્મસાધનાથી ય ચલિત થઈ જશે !

**આપત્તિના ભયે કર્તવ્ય ભૂલાય છે :-**

અનુભવ છે ને કે છોકરા પરણ્યા પછી પત્ની પર માતાના કડપની આપત્તિ દેખીને માતાપિતાની સેવાનું કર્તવ્ય ભૂલે છે, જુદા મકાનમાં રહે છે ? મોંઘવારીની આપત્તિમાં કાયર બની પરમ ઉપકારી પરમાત્માની કૃતજ્ઞતા બજાવવા રૂપે ભક્તિ ખર્ચનું કર્તવ્ય ભૂલાય છે ને ? સ્વાર્થ-સ્વમાન પર આપત્તિ દેખાતાં, વિનય-અદબ-મર્યાદાપાલન અને ગુરુજનસેવા વગેરેમાં કેટલાય કર્તવ્ય હેઠા મૂકવાનું બને છે ને ?

ત્યારે, મોંઘવારી કે બીજી ત્રીજી આપત્તિમાં સત્યભાષણ, ન્યાય-નીતિપાલન, ગાંભીર્ય, અન્યના દોષનું અપ્રગટીકરણ, વગેરે કેટલાય કે અમુક ગુણોને તિલાંજલિ અપાય છે ને ? કોઈ ગુનો થતાં પકડાઈ જવાની બીકે જૂઠું બોલાય, અન્યાયથી બીજાના માથે ઓઢાડાય, કોર્ટમાં હારી જવાના ભયથી જૂઠી સાક્ષી કે કેફિયત રજૂ થાય આવું આવું બને છે ને ?

**આપત્તિ દુઃખે સુકૃતનાશ :-**

એમ, કંઈક આપત્તિ દેખાતાં સુકૃત જતાં કરાય છે, 'જતાં' એટલે ભલું હોય તો કરેલા સુકૃતની નિંદા કરીને બાળી નખાય છે ! અથવા હાથમાં લીધલું યા સામે ઊભેલું સુકૃત જતું કરાય છે ! માણસે સારી ભાવનાથી જિનભક્તિ-ઉત્સવ કર્યો અગર સાધર્મિક વાત્સલ્ય કર્યું, એમાં પછી ચાર જણા ખોડખાંપણ કાઢી નિંદા કરનારા નીકળ્યા, તો એ જાણીને પેલા ભાઈ અપયશની આપત્તિ સમજી ગભરાઈ ઊઠે છે ને ? કદાચ એમ માનવા-કહેવા જાય છે ને કે 'મેં ક્યાં આ સુકૃત કર્યું ?' શું આ ? સુકૃત કર્યાનો ખેદ. મમ્મણ શેઠને પૂર્વભવમાં મુનિને લાડુનું દાન કર્યા પછી લાગ્યું કે 'આ તો સિંહ કેસરિયો લાડુ ગુમાવ્યો,' પાછો લેવા ગયો પણ મળ્યો નહિ, આ આપત્તિમાં 'હાય ! મેં ક્યાં આ વહોરાવ્યો !' એમ કલ્પાંતમાં સુકૃત કેટલુંય બાળી નાખ્યું !

**આપત્તિમાં સુકૃત માંડવાળ : ધર્મસ્થાનની અવગણના :-** ત્યારે સુકૃત કરવાનો અવસર આવી ઊભો હોય, હવે લાભ લેવો હોય તો હાથવેંતમાં છે, પરંતુ ત્યાં કોઈ આપત્તિ ઊભી થઈ તો સુકૃત વહેતું મૂકવાના દાખલા કેટલાય બને છે. આજ

જુઓ મોંઘવારી યા ઘર જંજાળની આપત્તિએ મન કેવું બનાવી દીધું છે ! સાધુ પાસે બહારગામથી કોઈ વંદનાર્થે આવ્યું છે. સાધર્મિક-ભક્તિ કે અતિથિ સત્કારના સુકૃતનો અવસર છે. પરંતુ એને ઘરે લઈ જવાનું મન થતું નથી, ઉપરથી કદાચ જો કોઈ ધ્યાન ખેંચશે તો અથવા એમાંય મનોમન થશે કે 'આવા તો લફરાં કેટલાંય આવે, હું ક્યાં પહોંચું ?' સુકૃત ગુમાવ્યું, ઉપરાંત 'લફરાં' શબ્દથી સાધર્મિકની અવગણનાનું પાપ માથે લીધું ! શા માટે ? મોંઘવારીની આપત્તિ આવી છે એમ લાગે છે તેથી.

**આપત્તિથી ધર્મ ખોરંભે :-**

આવું ધર્મ સાધનામાંય બને છે, આપત્તિથી હારી ગયેલું મન એને જતું કરાવે છે ! પ્રભુપૂજાર્થે જવાની તૈયારી કરી, પણ ત્યાં મામૂલીય આપત્તિ મનને વ્યાકુળ કરે છે, 'પૂજા હમણાં આઘી મૂકો,' એમ મનને લગાડે છે ! એમ પર્વ-મહાપર્વના દિવસ આવી લાગ્યા પણ એવી કોઈ સામાન્ય આપત્તિ પણ એમાં ધર્મસાધના કરી લેવાનું ભુલાવે છે. સહેજ તાવ આવ્યો કે પર્વતિથિ છે છતાં 'મૂક આજે તપ, કર નવકારશી પચ્ચકખાણ, આવું આવું તો કેટલુંય ચાલે છે, ગુનો બધો ધર્મસાધનાનો, તે એમાં ઝટ કાપ પડે ! બાકી સંસાર તો જાણે તારણહાર, તે એની પ્રવૃત્તિમાં કાપકૂપ નહિ ! એ તો અખંડ કર્યે જવાની !'

**આપત્તિથી ન ગભરાવા વિચારણા :-**

વાત આ છે કે **'કર્મપરાધીન જીવનમાં મૃત્યુની જેમ આપત્તિ એ સહજ વસ્તુ છે.'** એવો અટલ વિશ્વાસ નથી. બોલો, સંસારમાં છીએ તો કર્મને પરાધીન છીએ કે નહિ ? કર્મથી પીડિત વિડંબિત છીએ કે નહિ ? એ કર્મ ગમે ત્યારે, ગમે તે ઠેકાણે, ગમે તેવી પીડા આપત્તિ ઊભી કરે એવો સંભવ, એવી શક્યતા ખરી કે નહિ ? હૃદયમાં જો આ નિશ્ચિત બેઠું હોય તો આપત્તિમાં શી નવાઈ લાગે ? શી ગભરામણ કરવાની હોય ? ખાતરી જ હોય કે કર્મના પનારે પડ્યા છીએ ત્યાંસુધી કશો ભરોસો નહિ કે આપત્તિ ન જ આવે. આવે એ બહુ સહજ વાત છે, એટલે એમાં મુંઝાયા મુંઝાયા મારે કર્તવ્ય ચૂકવાનાં નહિ, સુકૃત મૂકવાનાં નહિ, સદ્‌ગુણ વિસરવાના નહિ, કે ધર્મસાધના ગુમાવવાની નહિ, આવો નિર્ધાર જોઈએ.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"  વર્ષ-૧૪,અંક-૧૮,તા.૨૨-૧-૧૯૬૬**

**ભાવનાબળ જરૂરી :-**

આ નિર્ધારની વારંવાર ભાવના કરવાની કે 'જો જો ભાઈ ! કર્મને પનારે છું, એટલે એ તો આપત્તિઓ ઊભી કરશે, પણ આપણે કર્તવ્ય-સુકૃત-સદ્‌ગુણ-



ધર્મસાધના અખંડ ચાલુ રાખવાની છે, જો જે હોં, એમાં ચૂક થાય નહિ ! વારંવાર આવી ભાવના દિલની લાગણી સાથે કર્યા કરવાની. આપત્તિ પર અટલ વિશ્વાસ ટકાવી રાખવા આ ભાવનાનો અભ્યાસ જરૂરી છે, જેથી અવસરે અવસરે એના સંસ્કાર બળ આવે, જીવને-મનને શુભમાં સ્થિર રાખે.'

**સંસ્કારોનું બળ :-**

શુભ સંસ્કારના જોર ઉપર વિચારશુદ્ધિ રહે છે. કર્તવ્યમાં, સદ્‌ગુણમાં અને સુકૃત-સ્વધર્મની સાધનામાં સ્થિરતા-અડગતા રહે છે. પૂર્વ જન્મના તેવા સંસ્કાર લઈ આવેલા ભાગ્યવાનમાં આ દેખાય છે ને ? માટે તો એવા નિશ્ચલ, ગુણિયલ, ઉદાર-ગંભીર-સહિષ્ણુ ધર્માત્મા છોકરા માટે કહેવાય છે કે 'એ પૂર્વનો સંસ્કારી જીવ છે.' એનો અર્થ જ એ, કે સંસ્કાર બળ શુભ વૃત્તિ-પ્રવૃત્તિમાં ઉત્સાહ-ઉદ્યમ-સ્થિરતા આપે છે. આ સંસ્કારનું બળ સતત વારંવાર સેવેલી શુભ ભાવના પર ઊભું થાય છે. વ્યાખ્યાન, ઉપદેશ, હિતશિક્ષા તો સારી સાંભળી આવ્યા, પરંતુ એ સાંભળેલ ક્ષમા, ઉદારતા વગેરે વસ્તુ પછી જો વારંવાર ભાવનામાં ન ઉતારી, તો એના એવા સંસ્કાર ન પડવાથી ને સંસ્કારબળ ન વધવાથી અવસરે ક્ષમા નહિ રહે, ઉદારતા નહિ બતાવાય, માટે તો કહો છો ને કે 'શું કરીએ ? અવસરે ભૂલી જવાય છે ! કારણ ? આજ કે વારંવાર એની ભાવના કરતા નથી, ભાવના દ્વારા સંસ્કારબળ વધારતા નથી.'

**ભાવના ઉપરાંત અમલનો અભ્યાસ જરૂરી :-**

ભાવના પણ કોરેકોરી કર્યે જવાનું સમજતા નહિ, એની સાથે સાથે પ્રસંગે પ્રસંગે એનો ઉપયોગ અને એનો ઓછોવત્તો અમલ પણ થવો જોઈએ ! મન મારીને પણ શક્ય અમલનો અભ્યાસ અર્થાત્ વારંવાર પ્રયત્ન પણ જરૂરી છે. આત્માનો વિકાસ આમ સધાય છે.

એટલે જ આ એક ભાવનાના અભ્યાસની વાત છે કે 'હું કર્મોના ઝુંડથી ઘેરાયેલો છું. એમાંનાં કોઈ-કોઈથી કોઈ કોઈ આપત્તિ આવવાનું સુસંભવિત છે.' જો એવો વિશ્વાસ ધરીને જ બેઠા હોઈએ, યાવત મૃત્યુ આવવા પર પણ અટલ વિશ્વાસ હોય તો પછી એ આપત્તિઓથી ગભરાવાની, એ ગભરાઈને કર્તવ્ય વગેરે ચૂકવાની મૂર્ખાઈ ન થાય એમ, એની આગાહીથી ખોટા ભયભીત થવાનું ન હોય. આપત્તિ તો આવે ત્યારે આવે, પણ તે પહેલાથી ભયના માર્યા દુબળા પડવાનું ચિંતાતુર રહેવાનું શું કામ ? એથી વળે પણ શું ?

મહાસતી સીતાજી જેવા ઉત્તમ આત્માઓ મૃત્યુથી પણ ગભરાયા વિના પોતાનાં શીલ આદિ સદ્‌ગુણ-સત્કર્તવ્યનાં પાલનનાં જ લક્ષવાળા કેમ બની

રહેલા ? કહો, પેલી ખાતરી ઉપર કે 'કર્મને પરાધીન છીએ ત્યાં સુધી મૃત્યુ એ એક સહજ બનાવ છે, આપત્તિ સુસંભવિત છે.'

**રોદણાં કેમ નહિ ? :-**

હૃદયમાં આ પાકું લખાઈ ગયાનો એ પ્રભાવ છે કે પછી નિર્ધારિત આપત્તિમાં વારે વારે એનાં રોદણાં રોવાનું નહિ કરાય. હરિશ્ચંદ્ર અને તારામતીના માથે કે નળ અને દમયંતીના શિર પર ક્યાં ઓછી વરસી છે ? છતાં શું એ રોદણાં રોયા કરતા હા-ના. જરાય નહિ. હા, સૂર્યાસ્ત થવાની ને રાત્રિ પડવાની રોજ આપત્તિ છે. ઉદ્યમી માણસને પોતાને ઈષ્ટ ઉદ્યોગમાં એ અંતરાયભૂત થાય છે પણ તેથી શું એનું રોદણું રોયા કરે છે ? ના, સમજી રાખેલું છે કે સૂર્યાસ્ત તો થાય જ. કોઈ ડાહ્યો રોજ રાત પડ્યે રોવા નથી બેસતો કે 'હાય ! સૂર્ય ગયો. સૂર્ય ગયો !' એ તો ત્યાં પણ શક્ય બીજી દિશામાં પોતાના ઉદ્યમને જીવતો રાખે છે.

**રોદણાંની માનસિક અસર બહુ ખરાબ પડે છે.** એ ઉત્સાહના આખા તંત્ર ઉપર એક કાજળના વંટોળની જેમ ફરી વળે છે, ને ભિન્ન ભિન્ન ઉત્સાહ પર કાળી છાયા જાણે લગાવતી જ જાય છે ! અનુભવ તપાસી જુઓ તો જણાશે કે કોઈ એક બાબતમાં રોદણું રોયા પછી બીજા કામમાં લાગ્યા, ત્યાં એવા જોરદાર ઉત્સાહથી કાર્યનો પ્રારંભ નહિ હોય. પેલા રોદણાંની ઘેરી અસરે મનને કંઈક મુડદાલ કર્યું છે. બે છોકરાને કપડું મનમાન્યું પહેરવા ન મળ્યું, ને એક છોકરો તો રોદણું રોતો નિશાળે જાય ત્યારે બીજી બાજુ બીજો એની બેપરવાઈ કરીને હોંશ સાથે નિશાળે જાય. બેના ભણવાના ઉલ્લાસમાં ફેર પડે છે કે નહિ ? કહો છો ને કે રોતો જાય તે મુઆની ખબર લઈને આવે ?

**ખોટાં નિમિત્તો માણસને બગાડે છે, પણ કેટલું ય તો માણસ પોતાના અવળા માનસથી જ પોતાનું વધુ બગાડે છે.** નહિતર માનો ને કે એક બાબતમાં પોતાને કાંઈ ગમતું ન થયું. અણગમતું થયું, તો તેથી મન બગાડીને બીજી બાબતને ધક્કો શું કામ લગાડે ? **મન એક જ છે, એ મન એક ઠેકાણે બગાડ્યું એટલે એ બીજે એનો ભાવ ભજવવાનું.** માટે તો અનુભવીઓ કહેતા કે ઘરમાં કાંઈ ભાંગફોડ થઈ, ને મન ઉદાસ થયું, પછી જો એવું નિરાશ નિરુત્સાહ અને ઉદાસ મન લઈ બીજું નવું કામ કરવા ગયા, તો એમાં ભલીવાર નહિ આવે. ઉત્સાહ વિનાના રોતડાનાં કામ ભલીવાર વિનાના નીવડવાનાં.

માટે ખરી રીતે ભલે એક બાબતમાં અણગમતું થયું, અજુગતું થયું લાગ્યું, પરંતુ રોતડ બનવાની જરૂર નથી; મન ખિન્ન-ઉદાસ-નિરાશ કરવાની કોઈ જરૂર નહિ. અલબત્ત આપણા પોતાના તરફની કોઈ ભૂલ-ગલતી-ખામી હોય, તો તે



ધ્યાનમાં રાખી હવે ફરીથી એ ન થાય એ બરાબર લક્ષમાં રાખવાનું.

**બાકી બાહ્ય સંયોગ-નિમિત્ત-પરિસ્થિતિ કે તેવા અશુભ કર્મના ઉદયે કાંઈ અઘટતું-અણગમતું બની આવ્યું, એથી એ બાબત બગાડવા ઉપરાંત હવે પાછું આપણું મન પણ હાથે કરીને બગાડવાની કોઈ જરૂર નહિ.** એમાં ડહાપણ નહિ. ત્યાં તો સાવધાની બરાબર રહે કે 'કાર્ય બગડ્યું ભલે, પણ વધારામાં મન નહિ બગાડું. સંયોગ-પરિસ્થિતિના વાંકે મનને દંડવાનું શું કામ છે ? જગતમાં જેમ બીજી સંપત્તિ સંપત્તિ ગણાય છે; એમ મારું મન પણ એક મહાન મિલકત છે, એને શું કામ બીજાના વાંકે ખરાબ કરું ?' આ જાગૃતિ જોઈએ. નિરાશા, નિરુત્સાહ, નિસાસા વગેરે તો મનોરત્નને મેલું કરનારા તત્ત્વો છે.

એક બાજુ આપત્તિ આવી. અરે એક નહિ, ચારે બાજુએ આપત્તિની આગ સળગી, તોય મનને વિહ્વળ કરવાથી શું ? મન વિહ્વળ કરવું એટલે મનને બગાડવાનું છે. ત્યાં તો એ વિચાર જોઈએ કે,

**આપત્તિ ધીર મનથી સહી લેવા ઉત્તમ વિચારણા :-**

(૧) **કર્મના ચિક્કાર ઘેરાવાળા આ સંસારમાં** શા માટે એવું નક્કી ધરીને બેઠો છું કે આપત્તિ ન જ આવે ? છૂપા વિચિત્ર કર્મોની મને સાક્ષાત્ ખબર નથી, પણ એ કાંઈ ને કાંઈ ઊંધુંચતું કરે છે એ તો મારામાં અને આખા જગતમાં દેખાય છે. એવા કર્મના વિષમ ઉદય આવી કઈ આપત્તિઓ ઊભી ન કરે એમાં કાંઈ નવું નથી. આટલી આપત્તિને શું રોઉં ? હજી તો નજીકના કે દૂરના ભવિષ્યમાં કર્મ છે ત્યાં સુધી આપત્તિઓ તો આથીય મોટી ભયાનક આવવાની; એ કર્મ કાંઈ રોદણાંથી રોકાયા રોકાય એવા નથી. માટે ભાવિ રોદણાંની જેમ વર્તમાન પણ રોદણું નકામું છે.

(૨) માટે હું તો એમ જ મનમાં લાવ્યા કરું કે **કર્મે જડ્યો સંસાર આપત્તિઓની આગોથી સળગી ઊઠેલો છે.** એમાં જે ભાગમાં આગ નથી દેખાતી એ આશ્ચર્યકારી છે સંસાર, અને આપત્તિ નહિ ? જો નથી, તો એનો જ હરખ માણવા દે જેથી બીજા ભાગની આપત્તિનાં રોદણાં ન થાય.

(૩) **આપત્તિની આગ જ્યાં નથી સળગી એ ભાગને લઈને** ખાસ મન દઈ સારી કાળજી કરવા દે. દુનિયામાં દેખાય છે કે કોઈ મોટા વેપારીને અનેક ઠેકાણે માલની વખારો-દુકાનો હોય, અને એમાં જો કોઈ વખાર કે દુકાન આગમાં ફસાઈ, તો એ ડાહ્યો વેપારી ગભરાઈને ખાલી પોક મૂકવાને બદલે રક્ષણના શક્ય ઉપાય લે છે, અને કદાચ **રક્ષણ** અશક્ય હોય તો બીજી સાબૂત વખાર કે દુકાન પર વિશેષ કાળજી રાખે છે, એના માલનો સારો વેપાર કરી લેવા ખબરદાર બને છે. પેલા નુકસાનનું શક્ય વળતર આમાંથી કાઢવા મથે છે; એમ અહીં પણ મારે

ગભરાવાનું શું કામ ? 'એક ઠેકાણે જો ન રોકાય એવી જ આપત્તિ છે, તો પણ આપત્તિ વિનાની મારી બીજી બાબતો પર વિશેષ કાળજી કાં ન લઉં ? એનો વિશેષ સદુપયોગ કેમ ન કરી લઉં ? કમમાં કમ હજી મનુષ્ય જીવન પર આપત્તિ નથી, દેવ-ગુરુનો સંયોગ પર આપત્તિ નથી, પરમાત્માના સ્મરણ ઉપર, વ્રતનિયમની અખંડતા ને નવાં ગ્રહણ પર, અન્ય આરાધના તથા ગુણ રક્ષાવૃદ્ધિ પર...' વગેરે વગેરે પર આપત્તિ નથી, તો એના માટે તો બરાબર કાળજી લઉં; એમાં વિશેષ ઉલ્લાસથી પુરુષાર્થ કરું;

(૪) **આપત્તિ એ તો આત્માને વિશેષ શુદ્ધ કરવા માટેનો અવસર છે.** અનુકૂળતા-અનુકૂળતા હોય છે ત્યાં તો એ જડ પ્રત્યે અંતરના રાગ-આસક્તિ-મમતા, મદ-અહંભાવ અને દેવ-ગુરુ-ધર્મવિસ્મરણ, તથા જીવ વિરાધનામય આરંભ સમારંભ તથા રંગરાગભોગ વગેરે પગભર રહે છે. આ બધી અશુદ્ધિઓ જ છે. આપત્તિમાં એને સંકોચવાનો વૈરાગ્ય-વિવેક, નમ્રતા-કોમળતા, દેવગુરુ ધર્મનું શરણસ્મરણ, આરંભાદિની ઓછાશ, ત્યાગ-તિતિક્ષા-સહિષ્ણુતા, વગેરે ખીલવવાનો અવસર છે એથી આત્મા શુદ્ધ થતો આવે છે તો પછી આવી સુંદર તક આપનાર આપત્તિને ગાળ દેવાની શી જરૂર છે ? ત્યાં અકળાવાનું શું ? વધાવી જ લેવા દે એને.

(૫) **કર્મ પરવશ જીવન એકલી અનુકૂળતાવાળું જ ચાલી શકે, એ ક્યાંનો હિસાબ ?** 'જીવન તો અનુકૂળતા-આપત્તિ બંનેથી મિશ્ર જ રહેવાનું. અમુક વાતે અનુકૂળતા તો બીજી વાતે આપત્તિ,' એ સમજીને જ ચાલવાનું **કોલસાના ધંધાથી** કમાઈની અનુકૂળતા છે તો કપડાં તો કાળાં થવાના, **રસોઈ કરતાં** તાપ તો લાગવાનો, **પ્રેમાળ સંબંધીની પાછળ** એમની બિમારી વગેરેમાં ચિંતા-ખર્ચ-સમયભોગ વગેરે નભાવવું જ પડે છે. **વેપારમાં નફો કરતાં** કમીશન દેવું પડે છે, વ્યાજ ભરવું પડે છે, ભાડાં પગાર આપવા રહે છે. બસ જીવન પણ એમ જ સમજી રાખી આપત્તિ-પ્રતિકૂળતાને પણ જીવનની અંદર જ સમાયેલી Item (બાબત) ગણી રાખવાની. કંઈ જ કામમાં નહિ આવતા, અશક્ય બિમાર બનેલા, કુટુંબીને ય સંભાળવા જ જોઈએ છે ને ? ત્યાં કચવાટ કરે એ મૂર્ખ ગણાય.

(૬) **મારા આત્માની અંદર અનંત શક્તિ છે.** આપત્તિ ગમે તેવી પણ એને બરદાસ્ત કરવા, સહર્ષ સહી લેવા હું શક્તિમાન છું. નિર્ધારિત કર્મના ઉદય સામે બફારા અને સામનામાં શક્તિનો દુર્વ્યય છે, સહન કરી લેવામાં શક્તિની ખીલવટ અને સદુપયોગ છે' આમ આત્મશક્તિના ગૌરવથી આપત્તિ ધીરતાથી પસાર કરાય, સીતાજી રાવણની કેદ અને રામનો વિયોગ ખૂબ ધર્મ રાખી સહી રહ્યા છે.

મહાસતી સીતાજી રાવણની અશોકવાટિકામાં કેદ પૂરાયેલા છે. રાવણ એમને



ઉપાડી લાવ્યો છે ખરો, પરંતુ એ રાવણે જ્યારથી જાણ્યું કે પોતાનું મૃત્યુ પરસ્ત્રીના કારણે છે ત્યારથી એને પ્રતિજ્ઞા છે કે પરસ્ત્રી ઈચ્છે નહિ તો એના પર બળાત્કાર કરવો નહિ. એટલે એ ઉત્તમ હોવાથી પ્રતિજ્ઞાનો ભંગ કરવા તૈયાર નથી. તેથી સીતાજીને મનાવવા મથે છે, પ્રલોભનો દેખાડે છે, ભય બતાવે છે, કરગરે છે; રાવણ જેવો સમ્રાટ રાજા કાલાવાલા કરે, આજીજી કરે, બીજું માણસ પીગળી જાય, પરંતુ સીતાજી ત્યાં જરાય મચક નથી આપતા, માનવા તૈયાર નથી.

**કોમળતા-કઠોરતા :-**

શું સીતાજી કઠોર નિર્દય દિલના છે ? ના, અને હા. સ્યાદ્‌વાદ છે. જીવની હિતકારી દયા ખાવા માટે કઠોર નિષ્ઠુર નથી, મૃદુ દિલના છે. પરંતુ અહિતકારી દયા ખાવા માટે કઠોર છે, કોમળ નહિ. કુશીલથી બચી શીલ સાચવવા કઠોર છે. શીલભંગની કોઈ ગમે તેટલી પ્રાર્થના ને કરગરવાનું કરે, પરંતુ અહીં તો પત્થર જેવું હૃદય, પીગળવાની વાત નહિ. કેમ કે એથી ભયંકર અહિત છે, દયા તો ગુણ છે, એ સાચવવા જતાં જ જો અહિત થતું હોય, તો એ ગુણરૂપ શી રીતે રહે ? આરાધના તો ગુણની કરવાની હોય, ગુણાભાસની નહિ, હિતમાટે કરવાની હોય, અહિત માટે નહિ.

**શીલભંગ ! સ્વ-પરનું હા અહિત છે.** પોતાનું ય અને સામાનું પણ. ભલે સામો નાદાન બુદ્ધિથી અજ્ઞાનતા મૂઢતાથી શીલ ભાંગવા તૈયાર થયો હોય, તુચ્છ સુખની લાલસાથી સદાચાર ઉલ્લંઘવા માગતો હોય, કિન્તુ એને વશ થવું, એની દયા ખાવી, એના દુરાચારમાં ટેકો આપવો એ એનું ય ભયંકર અહિત સર્જવાની નિર્દયતા છે. અહિતકારી દયા કરાય નહિ, એવી દયા એ ગુણ નહિ, દોષરૂપ છે. ત્યારે પૂછો.

**પ્ર.**- દુઃખીને ભૂખ્યાને દયાથી ખાવાનું કે પૈસા આપવા જતાં એ પછી અગ્નિ-પાણી-વનસ્પતિકાય વગેરે જીવોના આરંભ-સમારંભ કરશે એમાં એનું શું હિત ? એવી દયા હિતકારી ક્યાં રહી ?

**ઉ.**- અહીં જરા દૃષ્ટિ પહોળી કરીને તપાસવાની જરૂર છે કે અગ્નિ-પાણી આદિની હિંસામાં તો એ પડેલો જ છે પણ હિત ક્યાં છે ? ભૂખ્યો માણસ તીવ્ર ભૂખના લીધે ચિત્તની ભારે અસમાધિ ભોગવી રહ્યો છે; વિશેષ આર્તધ્યાનમાં સબડી રહ્યો છે એમાં એ સામાન્ય સ્થિતિ કરતાં વિશેષ મોહનીય કર્મ પણ બાંધી રહ્યો છે કે જેના ઉદયે એ વિશેષ પાપી થાય, મૂઢ થાય.

**ત્યારે જો એને ભૂખનું દુઃખ ટાળવામાં આવે તો**

(૧) ચિત્તને સ્વસ્થતા આર્તધ્યાન-દુર્ધ્યાન મોળું પડે એટલું જ નહિ, કિન્તુ.

(૨) એને દાતાર તરફ એની દયાને લીધે સદ્‌ભાવ જાગે.

(૩) સંભવ છે કે દયાધર્મનું આકર્ષણ-પ્રશંસા થાય કે 'અહો ! કેવી સુંદર દયા કે બીજાની આંતરડી ઠારે છે !'

(૪) આમ ધર્મ પ્રત્યે દયાધર્મ પ્રત્યે આકર્ષણ-પ્રશંસા થવાથી એના દિલમાં એ ધર્મનું બીજ રોપાય.

(૫) એમાંથી આગળ જતાં અંકૂર વૃક્ષ થતાં ધર્મનો પાક ઊતરે અને,

(૬) આગળ વધતાં વિશેષ અહિંસાધર્મ પ્રાપ્ત થવાથી એ ખુદ અગ્નિકાય, અપ્‌કાય વનસ્પતિકાય, વગેરે જીવોને પણ અભયદાન દેનારો બને.

આ બધું જો એની દયા કરવામાં આવે એનું તીવ્ર ભૂખનું દુઃખ ટાળવામાં આવે, તો સંભવિત છે; નહિતર તો એ ભૂખના દુઃખની અવસ્વસ્થતામાં કંઈના કંઈ પાપ બાંધી રહ્યો છે; મનથી એ અગ્નિ વગેરેના જીવોના આરંભસમારંભ ચિંતવી જ રહ્યો છે, તેમ ભવિષ્યમાં પણ એ, જીવોને અભયદાન દેવાની ભૂમિકા ક્યાં છે એની પાસે ?

**(૧) અલબત્ત કોઈની દયા મળવાથી, પછી તરત તો એ જીવોના આરંભ સમારંભમાં નથી પડવાનો એમ નહિ. છતાં એ દયાનાં આકર્ષણથી ધર્મનુ બીજ પામવા-યોગ્ય સ્થિતિમાં છે.**

**(૨) તેમજ ભૂખના દુઃખને લીધે થતી વિશેષ મૂઢતા ભૂખ મટવાથી ઓછી થાય છે.**

દયાધર્મ જ જો ન હોય, તો આ બે મહાન હિત ક્યાંથી સધાવાના હતા ? માટે કહો, આ દયા એ ધર્મ બીજનું આરોપણ અને મૂઢતાની ઓછાશ કરનારી છે. બાકી સ્થાવર કાય જીવોની હિંસામાં તો એ પડેલો જ છે.

ત્યારે દયા ન કરનારને ગેરલાભ જુઓ કે જો એ ભૂખ્યા તરફ દયાર્દ્ર નથી બનતો તો એનું હૃદય કઠોર થાય છે. 'મારે શું ? એ એનાં કર્મે દુઃખી છે,'-એમ દુઃખથી પીડાતા જીવ પ્રત્યે નિષ્ઠુર બને છે. હૃદયની નિષ્ઠુરતા એ બીજા પણ ગુણો પ્રગટવા સામે કઠોર ભૂમિ છે. એમાં ગુણનો પાક શી રીતે થાય ?

**ગુણના પાક માટે હૃદયની કોમળતા જરૂરી છે,** અને એ દયાધર્મથી ઘડાય છે. કોમળ હૃદય એ તો એક રસાળ મુલાયમ ભૂમિ છે, કે જેમાં વાવેતરથી પાક થઈ શકે. એટલે દયા કરનારી દૃષ્ટિએ પણ જોતાં આ કોમળતા સર્જાય એ એનું હિત છે માટે દયા એનેય હિતકારી છે; આમ દયા ઉભયને હિતકારી બને છે.

**કામાગ્નિની પીડા નિવારવામાં દયા કેમ નહિ :-**

**પ્ર.**- એમ તો ભૂખની જેમ કોઈ કામાગ્નિની પીડાતું હોય અને કુશીલની



માગણી કરતું હોય, તો એ સંતોષવામાં દયા નહિ ગણાય ?

**ઉ.**- અહીં મોટો તફાવત છે ?

(૧) ભોજન એ જીવન નિર્વાહની વસ્તુ છે, ત્યારે કુશીલ સેવન એ કાંઈ જીવન નિર્વાહની વસ્તુ નથી.

(૨) ઊલટું એ પોષવામાં એના જુગ જુના કુશીલના પરિણામ દૃઢ થવાથી એ વધારે નિષ્ઠુર બને છે.

(૩) વળી કુશીલ સેવનથી નરકાદિનાં ભયંકર દુઃખની ભૂમિકા સર્જાય છે, ઘોર પાપ કર્મ બાંધે છે.

(૪) કુશીલના દૃઢ થયેલ સંસ્કાર ભવિષ્યમાં મહાપાપીષ્ઠ બનાવે છે.

(૫) ત્યારે કુશીલ પોષનારની પણ એ સ્થિતિ થાય છે અને કુશીલ જેવા ઘોર કુકર્મની સૂગ ઊડી જાય છે. હૈયું નિષ્ઠુર બને છે. આમ જ્યાં પોતાની કત્લ હોય ત્યાં પર દયા શી ?

આ બંનેની દૃષ્ટિએ મહા અહિત સર્જાય એવી કુશીલ પોષણની દયા એકાંતે અહિતકારી જ ગણાય. સીતા આ સમજે છે માટે જ રાવણના કરગરવા પર એ એવી અહિતકારી દયા કરવા જતી નથી. એ તો સ્પષ્ટ જોઈ રહી છે કે **'કુશીલના રાહે સ્વ-પર બંનેનું કારમું અહિત છે.'**

એટલે આ ખૂબ સમજી રાખો કે કોઈપણ ગુણ કે ધર્મ આત્માને હિતકારી હોય તો જ એ ખરેખર વાસ્તવિક ગુણ કે ધર્મ છે. અહિત કરનાર હોય તો તો એ ગુણાભાસ છે, ધર્માભાસ છે. યાને મિથ્યા ગુણ મિથ્યાધર્મ કહેવાય. આત્મવિકાસ વાસ્તવિક સાચા ગુણ અને ધર્મ ઉપર થાય, મિથ્યા ઉપર નહિ.

**સર્વજ્ઞશાસનમાં ગુણ-ગુણાભાસનો વિવેક :-**

માટે તો સર્વજ્ઞકથિત શુદ્ધ ધર્મનું ઊંચું મૂલ્ય છે. એ ધર્મ જીવોની વિવિધ કક્ષા સમજીને તે તે કક્ષાનુસારે ઉત્સર્ગ-અપવાદના માર્ગ બતાવે છે, ક્યાં સુધી ગુણ અને ક્યાં ગુણાભાસ, ક્યાંસુધી ધર્મ અને ક્યાં ધર્માભાસ, એની ચોક્કસ વ્યવસ્થા સમજાવે છે. દા.ત.

(૧) સમકિત દૃષ્ટિ ગૃહસ્થના આંગણે કોઈ ભૂખ્યો મિથ્યાદૃષ્ટિ સંન્યાસી ભિક્ષા માગવા આવ્યો છે હવે એને અનુકંપારૂપે ભિક્ષા આપી દે એ દયા ગુણ છે; પરંતુ જો એનો આદર-સત્કાર કરી એક સુપાત્ર પૂજ્યની જેમ એનું બહુમાન કરવા સાથે આપે તો એ ગુણ નહિ ગુણાભાસ છે; જે એ દાતારની કક્ષામાં અકર્તવ્ય છે.

(૨) એમ કોઈ જીવનો ઘાત થવામાં નિમિત્ત થાય એવું સત્ય પણ વચન ગુણ નહિ, ગુણાભાસ દોષરૂપ કહેવાય.

(૩) એમ ગૃહસ્થ ઘરસંસારના કેટલાય આરંભ-સમારંભ કરતો હોય, પણ જિનપૂજાની વાત આવે એટલે કહે કે 'એમાં તો પાણી, ફુલ વગેરેનો આરંભ થાય, માટે એ જીવોની દયા ખાતર પૂજા નહિ કરવી,' તો એ દયા ગુણાભાસરૂપ કહેવાય.

(૪) એમ ઘરે સાધર્મિક આવ્યો એની ભક્તિ કરવામાં આરંભસમારંભ થાય માટે એ જીવોની દયા ખાતર સાધર્મિક ભક્તિ ન કરવી, તો એવી દયા પણ ગુણાભાસ છે, દોષરૂપ છે.

એનું કારણ સ્પષ્ટ છે કે જે એની કક્ષામાં જિનપૂજાથી દિલમાં જિનેન્દ્ર પ્રભુ પ્રત્યે ભક્તિ-બહુમાન પુષ્ટ કરવાનું છે, દ્રવ્યાર્પણથી જિનનો ઉચિત વિનયસત્કાર કરવાનું છે, એ નિમિત્તે ધનતૃષ્ણા કાપવાની છે, જિનની પ્રત્યે કૃતજ્ઞતા બજાવવાની છે, વગેરે સત્કર્તવ્યો લોપાવે છે. એ અહિતકારી હોવાથી એમાં સંડોવનારી દયા એ કહેવાતી દયા ગણાય, ગુણાભાસ કહેવાય.

**આજના નિશ્ચય ધર્મની માન્યતા :-**

આજના બનાવટી નિશ્ચયવાદ-અધ્યાત્મવાદની પણ આ સ્થિતિ છે. કારણ એ કહે છે કે નિમિત્ત કશું કરતું નથી એટલે કે શરીર, શરીરથી થતી બાહ્ય ધર્મક્રિયા, શરીર દ્વારા થતો તપ, ઈન્દ્રિય, વિષયોનો ત્યાગ, શરીર ઈન્દ્રિયોથી થતું ધર્મોપદેશ શ્રવણ, ધર્મશાસ્ત્રનું વાંચન આ બધાં બાહ્ય નિમિત્ત છે, બાહ્ય ક્રિયા છે, નિશ્ચયથી એ ઉપાદાન આત્મા ઉપર કશો ઉપકાર નથી કરતા. એમાં ઉપાદાન આત્મા પોતે જ પોતાની ક્રિયા દ્વારા પોતાનો ઉદય કે અધઃપતન કરે છે. અર્થાત્ પોતાની ક્રિયા એટલે પોતાના રાગાદિ ભાવ એ જ પતન કરે છે, અને શુભ ભાવ વૈરાગ્ય, અનાસક્તિ વગેરે ઉદય કરે છે.

**આધુનિક નિશ્ચય ધર્મ ગુણ નહિ, ગુણાભાસ :-**

હવે જુઓ આવો નિશ્ચયનો ઉપદેશ અને આવું નિશ્ચયનું જ્ઞાન, એ ગુણ નહિ પણ ગુણાભાસ છે, દોષરૂપ છે. કેમકે એવો ઉપદેશ અને શ્રોતાને થતો એવો બોધ બાહ્ય શુભ ક્રિયાના ત્યાગ તરફ લઈ જાય છે ! તે પણ પાછું વાજબી માનીને ! પરિણામ એ આવીને ઊભું રહે છે કે ઘરસંસારની પૃથ્વીકાયાદિ જીવોના આરંભ-સમારંભની હિંસા, ઈન્દ્રિયોના વિષયોપભોગ અને ધન-માલના પરિગ્રહ તથા એની પાછળ બાહ્ય અસત્યભાષણ, અનીતિ, વગેરે પાપ ક્રિયાઓ અખંડ ચાલુ રહે છે. કેમકે એના માટે પણ એણે માન્યું છે કે એ બાહ્ય ક્રિયા છે, નિમિત્ત માત્ર છે, અને નિમિત્ત આત્મા ઉપર કશો ઉપકાર-અપકાર કરતું નથી; એટલે એ પાપક્રિયાઓ અહિત કરે નહિ. માન્યું એટલે એ ચાલુ રહેશે અને ધર્મક્રિયા હિત નહિ કરનારી માની. તેથી એમાં ઉદ્યમ જ નહિ થાય. વિચારો પરિણામ.

**વસ્તુસ્થિતિ એ છે કે,** અનાદિ કાળથી જીવ પાપક્રિયાઓમાં રચ્યોપચ્યો રહીને જ



અશુભ ભાવોથી વાસિત બન્યો છે. ભાવિત બન્યો છે. એ પાછી અહીં એમજ ચાલુ રહેવાથી દિલના ઉંડાણમા શું આંતરિક અશુભ ભાવોથી વાસિત રહેવાનો ? કે શુભ ભાવથી ? છોકરાને નાનપણથી રોજ રોટલી સાથે મિઠાઈ કે ગોળ સાકર ખાવાની ટેવ રખાવી. તો એ પછી મોટો થયે ગળપણનો સ્વાદિયો બન્યો રહેવાનો ? કે અંતરથી એના રાગ વિનાનો થવાનો ? અહીં પૂછો,

**પ્ર.**- તત્ત્વ સમજતો થાય એટલે અંતરથી રાગ વિનાનો બની શકે ને ?

**આર્તધ્યાનનાં બાહ્ય ચિહ્ન :-**

ઉ.- એટલું શું રોજ ગળપણ ખાતો રહે છતાં અંતરથી એના રાગ વિનાનો રહેશે ? બાહ્ય ક્રિયા તો અંતરનું ચિહ્ન છે. માટે તો 'ધ્યાન શતક' શાસ્ત્રમાં કહ્યું છે કે બાહ્યથી આક્રંદ, શોક, ઉદ્વેગની પોક, સારા-નરસા, ઈષ્ટ-અનિષ્ટ, પદાર્થ-પ્રસંગની પ્રશંસા-નિંદા દોડધામ અને ઈષ્ટ તરફ ધૂમ પ્રવૃત્તિ તથા અનિષ્ટથી ભાગાભાગ...ઈત્યાદિ ઈત્યાદિ એ આર્તધ્યાનના લિંગ છે, બાહ્ય ચિહ્ન છે. એના પરથી અંતરમાં આર્તધ્યાન દુર્ધ્યાન રમી રહ્યાનું સૂચન થાય છે. વળી એ નવાં દુર્ધ્યાનનું પોષણ પણ કરે છે.

આખો દિવસ ખા-ખા કરતો હોય એના દિલમાં શું કહેશો, શું મનગમતું ખાવા-મેળવવાનું ધ્યાન અને મળ્યા ન મળ્યાના હરખ-ઉદ્વેગનો ભાવ ? કે એના પ્રત્યે ઉદાસીન ભાવ, નફરત અને અનાસક્ત-અલિપ્ત દશા ? એમ પરસ્ત્રી અને વેશ્યાઓમાં રખડતો રહેતો હોય. એની સાથેના વિલાસમાં રમતો રહેતો હોય, એના દિલમાં શું દુરાચારનું જ ધ્યાન ને ભાવ રમતા હોવાના ? કે શુદ્ધ ભાવ અને શુભ ધ્યાન રમતા હોવાના ? એમ, સ્વસ્ત્રીના રંગરાગ-વિલાસમાં ખૂબ રચ્યોપચ્યો રહેતો હોય, એના અંતરમાં ભોગવૃત્તિ રમતી હોવાની ? કે બ્રહ્મચર્યનો ભાવ ?

એમ, બહારથી જૂઠાણાં બોલ્યે રાખતો હોય, અનીતિ-અપ્રામાણિકતા-ચોરીઓ કરતો રહેતો હોય, એના દિલમાં અનાસક્તિ અને ધર્મધ્યાન રમી રહ્યાનું કહેવાય ખરું ? કે ભારે લંપટવૃત્તિ અને આર્ત-રૌદ્ર-ધ્યાન રમતા રહ્યાનું કહેવાય ?

'અંતરની તો જ્ઞાનીને ખબર પડે, એવો લોચો વાળતા નહિ. ખોટો બચાવ કરતા નહિ કેમ કે પોતાની જ બાહ્યપ્રવૃત્તિ અને આંતરવૃત્તિ પરથી એનું માપ કાઢી શકાય છે. સિનેમા બહુ જોવાનું કરાય છે, બજાર બહુ ખેલવાનું કરાય છે, ગામગપાટી ને કુથલી વિકથા સારી રીતે કુટવાનું કરાય છે, એની પાછળ પોતાના દિલમાં કૌતુક-બિભત્સ નિરીક્ષણના, ધનલોભના એ તુચ્છ વાતોના રાગના ભાવ રમી રહ્યાની શું પોતાને ખબર નથી પડતી ? ઢગલો આર્તધ્યાન ચાલી રહ્યાનો અનુભવ નથી ? આર્તધ્યાન શું છે ? ઈષ્ટ-અનિષ્ટ સંયોગ-વિયોગના મોહમય ચિંતન એ આર્તધ્યાન એ ક્યાં ઓછા છે ?'

**નિશ્ચયવાદીઓ બાળકને કેમ ઉછેરે છે ? :-**

જાતના અનુભવની જેમ છોકરા-છોકરીની જીવનમાં પણ શું નથી દેખાતું કે એ બહુ ખા-ખા કરવાથી, બહુ રંગરાગ-વિલાસમાં રમતો રહેવાથી, દિવસ-રાત પૈસા જ પૈસા વગેરે પ્રવૃત્તિ કર્યા કરવાથી એના દિલમાં આહારસંજ્ઞા, વિષયસંજ્ઞા ને પરિગ્રહસંજ્ઞા વગેરેનાં પોષણ થઈ રહ્યાં છે ? શું જૂઠુ-ડફાણ-અનીતિઓ આચર્યે જવામાં, એના દિલમાં પાપી વૃત્તિઓનાં પોષણ થવાનું માનતા નથી ? એવું જો ન દેખતા, ન માનતા હો, તો એને રોકટોક શા સારુ કરો છો ? અને જે એ રોકટોક નથી કરતા એના છોકરા-છોકરી કેવા પાકે છે એ શું આજે દેખવા નથી મળતું ?

**'નિમિત્ત કે બાહ્ય ક્રિયા આત્મા પર કશો ઉપકાર-અપકાર નથી કરતી' એ સિદ્ધાન્ત ઉપર એને એવો નિશ્ચયવાદ કેમ ભણાવતા નથી ?** કહો ને એને કે 'આ બધી બાહ્ય પ્રવૃત્તિને તારા અંતરાત્મા સાથે કશો સંબંધ નથી, તારે તો અંતરમાં રાગ નહિ કરવાનો અંતરથી અલિપ્ત રહેવાનું અનાસકત બનવાનું, ભલે બાહ્યથી ગમે તે બોલવા-ચાલવા વર્તવાની પ્રવૃત્તિ ચાલતી હોય,' કેમ આ પાઠ ન ભણાવતાં એને અસત્ પ્રવૃત્તિ, અસદ્ નિમિત્તોથી રોકો છો ? તમે કારણ સમજો છો કે 'એવો નિશ્ચયવાદ ભણાવામાં એનું ભયંકર અહિત થાય. એને અસદ્ ખરાબ નિમિત્તોમાં જવાથી અને ખરાબ ચેષ્ટા તથા વ્યવહારથી અ-છાજતી પ્રવૃત્તિ કરવાથી હેવાનિયત લાગી જાય; એ જુઠ્ઠો, ચોર, લફંગો, લુચ્ચો, બદમાશ બની જાય.' આ સમજો છો એટલે સંતાનને નાનપણથી તેમ કરતાં રોકો છો. જગતમાં ય જુઓ છો કે જે પોતાના સંતાન પર આ કાળજી રાખે છે, એનાં એ સંતાન સારા ઉછરતા આવે છે; અને જે લોકો સંતાનને લાડ લડાવી આવી રોકટોક નથી કરતા, એનાં સંતાન ઉલ્લંઠ-લબાડ-મવાલી જેવા પાકે છે.

આ શું સૂચવે છે ? એજ, કે બાહ્ય નિમિત્તો અને ક્રિયાઓ અંતરાત્મા ઉપર અસર કરે છે. આ સિદ્ધાન્ત જેમ ખરાબમાં લાગુ પડે છે તેમ સારા નિમિત્ત સારી ક્રિયામાં કેમ લાગુ ન પડે ?

સારા ઘરના સારા મા બાપના છોકરા પણ આજે સ્વચ્છંદી છોકરાઓના સંસર્ગનું નિમિત્ત પામીને કે આજના યુગના સ્વાતંત્ર્યવાદના ડિંડિમ પીટાતા સાંભળી સાંભળીને સ્વચ્છંદ, ઉદ્ધત અને વિદ્યાગુરુ તથા વડીલોની આમન્યા ગુમાવતા ક્યાં નથી દેખાતા ? તેમ, બિભત્સ, સિનેમા, પિક્ચર, છાપાનાં લખાણ, નોવેલ-



નવલિકાઓ, રેડિયો-ગીત, છોકરીઓનાં નૃત્યવાળા કોન્સર્ટ (મેળાવડા) વગેરે નિમિત્ત પામીને વિષયાંધ, લંપટ, દુરાચારી બનેલાના દાખલાઓનો ક્યાં તોટો છે ? શું એ જન્મથી એવા ખરાબ હતા કે ખરાબ કુળમાં જન્મેલા છે ? ના કુનિમિત્ત અને કુસંસર્ગથી તેમ ખોટી ચેષ્ટાઓથી એ બગડ્યા છે.

## ● ધર્મદત્તની કથા ●

એક શેઠનો ધર્મદત્ત નામનો છોકરો હતો. પૂર્વના ઉત્તમ સંસ્કાર લઈને આવેલો, અને ખાનદાન ઘરમાં જન્મેલો તેથી નાનપણથી એ સારી, ધર્મરુચિ અને ધાર્મિક આચાર-વિચારવાળો હતો, ઈન્દ્રિયોના સંયમવાળો અને જીવનમાં સાદાઈવાળો હતો. સત્સંગ અને શાસ્ત્રશ્રવણ, શાસ્ત્રવાંચન, એને બહુ ગમે. હવે એ ઉંમરમાં આવ્યો. છતાં એને એવી વાસના ને વિકારો નહોતા-પીડતા, એટલે એકવાર જ્યારે માતા એને કહે 'ભાઈ ! તારા વિવાહ કરવાના છે અમુક શેઠની કન્યા સારી ફુટડી તારે લાયક છે, અને એનાં માટે માગું આવ્યું છે.' ત્યારે આ છોકરો કહે છે, 'મા ! શી જરૂર છે એની ?'

**પરણવાની શી જરૂર :-**

કહો, માતા શો જવાબ આપે ? શું એમ કહે કે 'આગળ ઉપર તને રસોઈ કરી આપવા જોઈએ ?'

તો તો આ છોકરો સીધી સાદી વાત કરે એમ છે કે 'રસોઈ તો આજે પણ રસોઈયો કરે છે, તું ય ક્યાં કરે છે ?'

ત્યારે માતા શું કહે ? 'ઘર સંભાળવા ?'

તો તો આ કહે કે 'પત્ની જ નહિ, તો છોકરા પણ નહિ, પછી ઘરમાં શું એવું સંભાળવાનું છે ?'

ત્યારે મા કદાચ કહે 'અરે ગાંડા ! તે છોકરા વિના તે ચાલે ?'

તો આ છોકરાને કહેતાં આવડે ને કે 'મા મારી ! આજે છોકરા વિનાના કેટલાય લોકોનું જીવન ચાલે જ છે ને ? ન ચાલે એટલે શું ?'

મા કહે 'પણ બચ્ચા ! જોતો ખરો કે એ છોકરા માટે કેટલા ઝુરે છે ? અને પાસે છોકરા સેવા કરનાર નહિ એટલે કેટલા પીડાય છે ?'

તો આ છોકરો બતાવે કે 'મા એ તો જો કે આજે કેટલાય મા-બાપ પોતાના છોકરાથી જ કેટલા બધા સતાવાય છે ? કેટલાય પોક મૂકે છે કે આના કરતાં છોકરા ન હોત તો કેટલા સુખી હોત ? છોકરા જુદા રહે છે, પરદેશ રહે છે, તો મા-બાપ ચલાવી લે છે ને ?'

'પણ સારા છોકરા તો સેવા કરે છે ને ?'

'તે એવો ક્યાં નિયમ છે કે છોકરા સારા જ પાકશે ? તેમ એ પણ ખાતરી ક્યાં છે કે છોકરા થશે જ ?' માટે સમજ, કે છોકરા વિના પણ ચાલે છે, ને પત્ની વિના પણ ચાલી શકે છે. પરણવાની જરૂર જ શી છે ?

બોલો હવે મા શું કહે ?

કદાચ માતા કહે 'અનાચારના માર્ગે ન જવાય માટે લગ્નની જરૂર છે !'

તો આ છોકરો કહે એમ છે કે, 'માડી મારી ! વિષયનો હવસ મને નથી. અને પરણવું, એટલે ઊલટું હવસ ઉન્માદ તો જાગવાના પોષવાના. એ તો વાઘે લોહી ચાખવા જેવું છે પછી એ હવસ-ઉન્માદમાં અનાચારના માર્ગે નહિ જ જવાય એની શી ખાતરી ? દુનિયામાં એના સંયોગો ક્યાં દુર્લભ છે ? માટે શા સારુ ફાંફા મારે ? જરૂર જ શી છે વિવાહની ?'

સંસારી મોહાંધ જીવોના ઘેલા બોલની સામે તત્ત્વદૃષ્ટિવાળા જીવો યોગ્ય રદિયા આપી શકે છે, અને એની સામે સંસારીઓ આડાઅવળા બચાવ કરવા પ્રેરાય; પણ રદિયા મળતાં ક્યારેક ક્યાંક બોલવાનું બંધ થઈ જાય છે. એવો આ એક બોલ ધર્મદત્ત જીવનો છે કે 'વિવાહની જરૂર જ શી છે.'

છેવટે માતા કહે 'ત્યારે શું જગતમાં મહાન પુરુષોએ પણ વિવાહ કર્યા છે તે ખોટા ? શાસ્ત્રે માર્ગાનુસારીના એક ગુણ તરીકે ભિન્ન ગોત્રવાળા અને સમાન કુળ શીલવાળા સાથે વિવાહ કરવાનું કહ્યું છે તે નકામું ?'

**પોતાના કર્મ અને પુરુષાર્થ વિચારી પરણ્યા :-**

પણ ધર્મદત્ત કહે, 'મહાપુરુષોએ વિવાહ નથી કર્યા એવા ય કેટલા બધા દાખલા છે ? ત્યારે જે મહાપુરુષોએ કર્યા છે તે એમના પોતાના કર્મ અને પુરુષાર્થના સંયોગ વિચારી કર્યું છે. મને પોતાને લાગે છે કે મારાં કર્મ એવા બાધક નથી, કે વિવાહ કરવો પડે. વિવાહ ન કરું તો મને અનાચારમાં પાડી નાખે એવું મને લાગતું નથી. મને એવી વાસનાઓ-વિકારો નથી દેખાતા. એજ બતાવે છે કે મને એવાં કર્મની પીડા નથી, વળી મારો પુરુષાર્થ પણ ધર્મ પ્રવૃત્તિમાં જે સ્ફૂરે છે, એ પણ વાસનાઓ હોય કોઈક, તોય એની સામે એનો ક્ષય કરવા તરફ છે એટલે મારા કર્મસંયોગ અને મારો પુરુષાર્થ મને કહે છે કે વિવાહની મારે જરૂર નથી. ત્યારે શાસ્ત્રે સમાન કુળ શીલવાળા સાથે વિવાહનું કહ્યું છે તે, વિવાહ કોઈ ધર્મકૃત્ય તરીકે નથી કહ્યું; પરંતુ એક નિયમન ફરમાવ્યું છે કે જો વિવાહ કરવો જ હોય તો જેવા તેવા હલકા કુળ કે શીલ-આચાર-વિચારવાળા સાથે ન કરતા પરંતુ સમાન ઊંચાને જ શોધજો. જેથી પોતાની ખાનદાની અને ઊંચા આચાર વિચાર



ગુમાવવાનું ન થાય. કુપાત્ર ભટકાઈ જવામાં એ ભ્રષ્ટ થવાનું સંભવિત છે. માટે નિયમન મૂક્યું. બાકી વિવાહ કરવો જ જોઈએ એવું કાંઈ ધર્મકૃત્ય નથી બતાવ્યું. કર્તવ્ય તો બ્રહ્મચર્યનું જ છે; ને એનો પુરુષાર્થ કર્યે જવાથી કર્મ અને વાસના તૂટતા આવે છે.'

**માતાનો વિજય :-**

પુત્રના આ ખુલાસા પર હવે માતા પાસે આડું-અવળું બોલવાનુંય ન રહ્યું ત્યારે છેલ્લું શસ્ત્ર એણે અજમાવ્યું. માતાએ દયામણું મોં કરી આંખમાં પાણી સાથે કહ્યું, 'બસ ત્યારે, તું તારી હઠમાં રહેજે, મારે તો દુઃખી જ થવાનું. એકનો એક દીકરો, અને એના તરફથીય શાંતિ નહિ ! ખેર ! મારાં કર્યાં મારે ભોગવવાના' એમ કરી રડવા લાગી, પુત્ર સુશીલ, વિનયી અને માતાપિતાનો ભક્ત હતો. એ દાક્ષિણ્યમાં તણાયો. માતાને નારાજ કરી શક્યો નહિ, એટલે કહે છે, 'ઠીક, તને ગમે તે ખરું.'

મા કહે છે, 'તો હવે બીજું કંઈ બોલીશ નહિ વિવાહ અમે ગોઠવી દઈએ છીએ. તારા પિતાને પણ તારે નિષેધ નહિ કરવાનો' નેમજીનો વિવાહ મનાવ્યો, ને સારી સુશીલ ધાર્મિક સદ્ગુણી કન્યા સાથે એના લગ્ન કરી દેવામાં આવ્યા.

**ગુણસંપન્ન લગ્નજીવન :-**

નિમિત્ત શું નથી કરતું ? છતાં ધર્મદત્તનો પત્નીને સારો ઉપદેશ કરવાનો અને શક્ય વધુ સંયમ કેળવવાનો પુરુષાર્થ ચાલુ છે. માટે તો દિવસના સમયે પત્ની સાથે કોઈપણ જાતનાં ટાયલાં, રાગનાં વચન કે બહુ વાતોચીતો કરવાનું રાખ્યું નથી. કેમકે એ સમજે છે કે એમાંથી પછી અસંયમ અને લંપટતા વધે છે. એ તો બને તેટલો શુભ પ્રવૃત્તિમાં રહે છે. પત્ની પણ સુશીલ હોવાથી એને આ રીતિનીતિ પ્રત્યે કોઈ જ કચવાટ નથી.

**માતાની નવી ફરીયાદ :-**

પરંતુ માતાથી આ શે સહન થાય ? એટલે હવે ધર્મદત્ત કહે છે, 'ધર્મદત્ત ! તું આમ ઉદાસ કેમ રહે છે ?'

છોકરો કહે 'ના, મા ! મને કોઈ ઉદાસતા નથી. મારે શું દુઃખ આવી પડ્યું છે ?'

મા કહે, 'તો પછી તું તારી વહુ સાથે કાંઈ બોલતો-ચાલતો નથી. કાંઈ હસવા-ખીલવાની વાત નહિ; કશો હરખ-આનંદ નહિ ? રાતનાય તારી ચોપડી વાંચ્યા કરે ! કાંઈ બહાર જતો-આવતો નથી, કોઈને મળવા કરવા જતો નથી. આવું બધું કેમ ?'

છોકરો કહે, 'મા ! એની સાથે શું બોલવા કરવાનું હોય ? રાતના તો મારે પ્રતિક્રમણ હોય, શાસ્ત્ર વાંચન હોય, નકામું બહાર હરવા-ફરવામાં શું મળે ? કામ વિના કોઈને મળવા-કરવાનું ય શું ?'

મા જુએ છે કે 'આ એની ચાલમાં મક્કમ છે મારા કોઈ કોડ આ પુરા નહિ કરે;' એટલે હવે છોકરાના બાપને કહે છે, 'આ છોકરાનું તમને કેમ લાગે છે ?'

બાપ કહે છે 'સારું જ ચાલે છે'

આ તડુકી. 'અરે શું રાખ સારું ? આ છોકરો કાંઈ વ્યવહારમાં સમજતો જ નથી. બઈજી-બાઈની જેમ ઘરમાં ને ઘરમાં જ બેઠો રહે છે. એની વહુ સાથેય કાંઈ વાત નહિ ચિત નહિ આખો દિ' ચોપડી વાંચ્યા કરે ! કોઈને મળવા કરવાનું ય નહિ !'

**બાપનો બચાવ :-**

પતિ કહે, 'પણ એમાં ક્યાં ખોટું કર્યું ? બહાર ભટકતા માણસો ક્યાં સુધી પહોંચે છે એ તને ખબર નથી ? ઘરમાં બેઠો ધાર્મિક-આધ્યાત્મિક વાંચન કરે એમાં શું નુકશાન છે ? ઊલટું લાભ છે કે જીવન સારું સીધી લાઈનનું એનું ચાલ્યા કરશે. એની વહુ સાથે બોલતો નથી એમ તું કહે છે, પણ એની વહુએ તને કાંઈ ફરીયાદ કરી ? દુઃખ બતાવ્યું ? શા સારું તું બળાપા કરે છે ? ચિંતા-સંતાપ રહેવા દે. એની સીધી જીવનસરણી અને પવિત્ર રહેણીકરણીમાં એ કાંઈ આડોઅવળો ફેરફાર કરાવવા જઈશ, તો તારે ને મારે પસ્તાવું પડશે. દુનિયામાં જુએ છે ને કે આડી લાઈને ચડેલા છોકરાના માબાપને કેટલી હૈયા હોળી રહે છે ? ત્યારે આ છોકરો તને શું દુઃખ આપે છે ? ક્યાં એ ઉદ્ધતાઈ, અવિનય, આડાઈ વગેરે કશું કરે છે ? માટે નકામું મનઃકલ્પનાનું દુઃખ ઊભું ન કર.'

પતિની વાત શી ખોટી છે ? પરંતુ વિષયલોલુપી અને સંસારની દલાલણ પત્નીને એ ગળે ક્યાંથી ઊતરે ? કાંઈ બોલવાનું જડ્યું નહિ, એટલે આંખમાં આંસુ સસ્તા ! આંસુ લાવી રડતી રડતી કહે છે, 'બસ, તમે બાપ-દીકરો એક, હું જ જુદી, મૂરખી નકામી, મારું કોણ-સાંભળે ? બેઠી રોવા.'

પતિ ડાહ્યો છે, સ્ત્રીની તુચ્છ બુદ્ધિ અને નાદાનિયત સમજે છે, એટલે એના રુદનમાં લહેવાઈ ગયો નહિ. પણ આવાને સમજાવવા માથાફોડી કરવી, એ પત્થર પર પાણી નાખી અંકુર ઉગાડવા જેવું સમજી ત્યાંથી ઊભો થઈ ગયો. સ્ત્રીમાં થોડી પણ અક્કલ હોત તો આ પરથી સમજી જાત કે 'મારી વાત એમને યોગ્ય ન લાગી, તો પછી મારે મારી તાંત મૂકી દેવી જોઈએ.' **પરંતુ હઠાગ્રહ, વિષયાવેશ, આપમતિ વગેરે એવાં ખતરનાક તત્ત્વ છે કે ઉપદેશને ઝીલવા ન દે, સારું સાચું સમજવા ન દે.**



છોકરાની મા સમજી નહિ. એણે તો ધાર્યું કે 'હવે મારે જ રસ્તો કાઢવો પડશે.' ઉપાય શોધી કાઢ્યો. એ ખરેખર એનું સાહસ હતું. પણ આવેશવાળા માણસને સાહસ કરતી વખતે વિચાર નથી રહેતો કે આનું પરિણામ કેવું દુઃખદ અણધાર્યું આવવું સંભવિત છે. પછી એ તે દુઃખદ અણધાર્યું પરિણામ આવીને ઊભું રહેતાં જાલિમ પસ્તાવો થાય છે. પરંતુ ત્યારે શું કરે ? બાજી હાથબહાર હોય છે.

**આવેશનાં કામ ખોટાં.** જગતમાં બહુ સાવધાનીથી ચાલવા જેવું છે. હૈયામાં એકદમ સંયોગવશ હરખના, ઉમળકાના, ખેદ-ઉદ્વેગના, એવા કોઈને કોઈ આવેશ આવી જાય, પરંતુ એને વશ પડી ખોટાં સાહસ કરવા જેવાં નહિ. એનું કારણ એ છે કે આવેશ એ બીજી બાબતો તરફ આંખ મીંચાવી દે છે; નજર જ એ તરફ જવા ન દે. આ માતાને એ વિચાર જ નથી આવતો કે ગમે તે મનમાન્યા ઉપાય કરીને જો આ છોકરાને સાત્ત્વિક જીવનમાંથી નથી ને તામસી વિષયલુબ્ધ જીવનમાં લાવ્યા, તો પછી એ અનાદિની લુબ્ધતા આગળ કૂદકેભૂસકે વધી જતાં શું પરિણામ લાવશે ? અથવા છોકરાની ઈચ્છા-વિરુદ્ધ બહુ તાણવા જતાં નથી ને એ ઘર છોડી પરદેશ જ ચાલ્યો ગયો, કે સાધુસંત બની ગયો તો પોતાની, પતિની અને એની વહુની કઈ સ્થિતિ થશે ?' ના, આવેશ આ કશું જોવા દે નહિ.

**ભરતનો આવેશ :-**

ભરત મહારાજાએ બાહુબલજી ઉપર આવેશમાં આવીને ચક્ર મૂક્યું. પોતે જાણતા તો હતા જ કે 'ઠરાવેલા ચાર યુદ્ધ તો પતી ગયા છે, તો હવે ન્યાય બહાર ચક્રપ્રયોગ કેમ થાય ? અને કર્યો તો પરિણામ શું આવશે ?' એ વસ્તુ આવેશમાં જોવા ન ઊભા રહ્યા, આવેશ ન હોત તો પરિણામ વિચારી શક્ત કે 'ચક્ર મૂકવાથી, (૧) જગતમાં અન્યાયી તરીકેનું કાયમી કલંક લાગે એ કેવું ભયંકર ? (૨) ભાઈ કદાચ મર્યો તો એનું કલંક કેવું અને પાછળથી પસ્તાવો કેટલો ? (૩) ભાઈ કદાચ મર્યો નહિ, તો એ એનું વેર કેવું વાળે ? ત્યાં નાલેશી નુકશાની કેટલી ?'

આવેશ કશો દીર્ઘદૃષ્ટિનો વિચાર જ નથી રહેવા દેતો. માટે તો ઉતાવળિયા આવેશી માણસો ઊંધું વેતરે છે, અને પછી પસ્તાય છે. ધર્મદત્તની માતા અત્યારે આવેશમાં છે કે 'મારો દીકરો વિલાસમાં કેમ રસ લેતો ન થાય ? હું એને રસિયો કરી જ દઉં.' આ આવેશને લીધે એવો ઉપાય શોધી કાઢે છે કે જે પરિણામે એને જીવનભરના સંતાપમાં બાળ્યા કરે.

**રખડેલના સંગ :-**

એણે ચાર વિલાસી રખડેલ છોકરાને ખાનગી બોલાવી કહ્યું કે 'તમે આપણા

ધર્મદત્તને જરા વહેવારમાં સમજતો કરો. એ એની બાયડી સાથે બોલે નહિ, ચાલે નહિ, ક્યાંય બહાર જાય આવે નહિ, ધરમ ધરમ કરે, એ કેવું ? એને વહેવારમાં રસ લેતો કરો. તમારે ખરચની ચિંતા કરવી નહિ. લ્યો આ સો રૂપિયા.' એમ કહી રૂપિયા આપ્યા.

પેલાઓ કહે 'કાકી ! ફિકર ન કરશો. અમે બરાબર એને રસિયો કરી દઈશું. એને જરા હરવા-ફરવા લઈ જવો પડશે, સંગીતકાર વગેરેના સંપર્કમાં લાવવો પડશે, પરંતુ તે એમ કુનેહથી કરી લઈશું. તમે જરા ખરચ સગવડ રાખજો.'

મા કહે, 'હાં હાં એની ચિંતા કરો નહિ. તમે તમારે કામ કરો.'

**રખડેલોની ચાલાકી :-**

બસ, પેલા ગયા; અવસર સાધીને ધર્મદત્ત પાસે આવી વાતમાં લે છે, "કેમ ભાગ્યશાળી ! મઝામાં છો ને ? આ તું તો ક્યાંય બહાર દેખાય જ નહિ ! ખેર, આ તો અમારે વિવાદ પડ્યો છે કે ભાગ્ય બળવાન કે પુરુષાર્થ ? એનો તોડ પૂછવા આવ્યા છીએ."

આવા પ્રશ્નમાં ધર્મદત્તને બિચારાને શી ગંધ આવે કે આમના પેટમાં શું છે ? એને તો ખુશી થઈ એમને આવકારતાં કહે છે,- 'વાહ ! ભાગ્યવાન છો કે આવી તાત્ત્વિક વિચારણા કરો છો. જુઓ બાહ્ય સંપત્તિ-વિપત્તિમાં સગવડ-અગવડમાં ભાગ્ય બળવાન છે, અને આત્મિક ઉન્નતિ-અવનતિમાં ને ગુણ-દોષની પ્રાપ્તિમાં પુરુષાર્થ બળવાન છે...' બસ, પછી એ દૃષ્ટાન્તો લઈ સમજાવવા માંડ્યો. પણ અહીં તો આ રખડેલોને ક્યાં સમજવું જ હતું ? એ તો વચમાંથી જ એક વસ્તુ ઊંચકી વળી બીજો પ્રશ્ન મૂકે છે. એની ચર્ચામાં વળી ત્રીજો...એમ ચાલી વાતચીત ધર્મદત્ત ખુશ થાય છે કે આ લોકો આવી તત્ત્વ વિચારણામાં રસ લે છે. એટલે એ મુખ્ય પ્રશ્ન વચમાંથી કપાઈ જતાં કંટાળતો નથી. પેલા ઉઠવા જાય છે ત્યારે ઉપરથી હવે આ કહે છે, 'આવજો, ફરીથી આવજો, મને આવી ચર્ચા બહુ ગમે છે ! એના મનને એમ, કે 'આ લોકો તત્ત્વ સમજતાં સમજતાં સારા ધાર્મિક થશે.' પણ કેવો ભૂલો પડે છે !

**આગળ ફંદો :-**

પેલાઓને તો આમંત્રણ જોઈતું જ હતું. તે મળ્યું એટલે હવે અવરજવર, વાતચીતો શરૂ થઈ. એક દિવસ પ્રભુભક્તિ અને સંગીતની વાત છેડી. વાત રસમાં આવતાં એક જણે સંગીતમાં આધ્યાત્મિક પદ ગાયું. ધર્મદત્તને એમાં રસ પડ્યો, એટલે એ ચાલ્યું. એ પરથી પછી નવો ફંદો ! 'બગીચામાં સારું ગવાય' એમ કરી એને બહાર લઈ જવામાં આવ્યો ત્યાં વળી સંગીત સાથે એના ભાવાર્થની



વિચારણા ચાલી પરિણામ એ આવ્યું કે એક વખત આના-કાની કરનારો ધર્મદત્ત હવે મિત્રો સાથે બહાર જવા લાગ્યો. એટલું જ નહિ, પણ ત્યાં પેલાઓને રકમ તો પહેલેથી જ મળી ચૂકી છે, એટલે નાસ્તા-પાણી લાવી દાક્ષિણ્યમાં આને તાણી સાથે ખાતો કર્યો. વળી વાતચીતોમાં હવે તો આધ્યાત્મિક અને તાત્ત્વિક વાતો ભેગી બીજી ત્રીજી વાતોમાંય ખેંચાયો. અલબત્ત હજી એને એવી વાતોમાં કે બહાર ખાવામાં રસ નથી; પરંતુ દાક્ષિણ્યથી એનો ઈન્કાર કરી શકતો નથી પણ એ કેટલું ચાલે ? અસત્ પ્રવૃત્તિ વારે વારે કરતા રહેવાય એટલે, જીવને અનાદિની વાસનાઓ-સંસ્કારો તો છે જ, પછી રસ કેમ ન ઊભો થાય ?

ધર્મદત્તને હવે થોડો રસ લાગતો જોઈ એની માતાને પેલાઓ ખુશખબર આપતા રહે છે, અને પૈસા કઢાવે છે. મા ભોળી તે ખુશ થાય છે. છતાં હજી ઘરમાં એના ધાર્યા મુજબ છોકરો એની પત્ની સાથે હસી-ખીલીને વાત કરતો દેખાતો નથી એટલે પેલાઓને કહે છે કે 'આ કરો. ધર્મદત્ત એની બાયડી સાથે વાતોચીતો કરતો થાય.'

કેવા ઘેલા કોડ ! છોકરો વડીલની આમન્યા રાખી વહુ સાથે છૂટ નથી લેતો, તે એની આમન્યા તોડાવવી છે ! કેમ જાણે પોતે એવા લહાવા લીધેલા માટે અને હવે પોતે જાતે લઈ શકતા નથી તો જોવા મળે એ માટે છોકરો ને એની વહુ કેમ લહાવા ન લે ? લહાવા લેતો જોવા મળે એ ખુશીનો પ્રસંગ ! વાસનાનું જ જોર કે બીજું કાંઈ ? આજ કેટલાય માબાપ પોતાના છોકરા-છોકરી વહુરોમાં આ વેશ-વાણી-વર્તાવના વિલાસો જોઈ ખુશ થાય છે. અંતરની કામવાસનાની આગ કે બીજું કાંઈ ? ભલે ઉંમરે આધેડ થયા, પણ વાસનામાં તો નવજુવાન !

**વાસના કાળ અને કર્મની સામે જાણે ચેલેન્જ !** કાળે ઉંમર વધારી, પણ એની સામે હૃદય વાસનાથી તરુણ જ રહ્યું. કર્મે ગાત્રોની શક્તિઓ હણી પરંતુ વાસના જાણે કહે છે કે તું અમને ન હણી શકે. આવા આત્માઓનો શે ઉદ્ધાર થાય ? શી સદ્‌ગતિ દેખી શકે ? શા સારા સંસ્કાર લઈને જાય ? ઉઘાડેછોગ દીકરો-દીકરી-વહુરોના વિલાસ જોવાનું મન થાય, જોઈને ખુશી થવાય, એ કામવાસનાનો ઊભરો અને દુરાચારનો એક પ્રકાર છે. એમાં ભવાંતર માટે નપુંસક વેદનો કે ઉપભોગાંતરાયનો ઉદય અને એને યોગ્ય હલકા ભવનાં કર્મ ઊભાં થાય છે એ ભોગવતાં કેવી કરુણ દશા ! જુઓ છો ને ખસી કરેલા બળદની કઈ દુર્દશા ? એકેન્દ્રિય-વિકલેન્દ્રિયની કેવી કારમી દુર્દશા ? ક્યાંથી એ ઊભી થઈ ? પૂર્વના કોઈક મનુષ્ય અવતારે એવાં પાપાચરણ, કામલીલાઓ વગેરેમાં મહાલેલા એથી સ્તો.

## • જીવોની દુર્દશા દેખી અદ્‌ભુત વિચારણા •

જગતના જીવોની વિવિધ દુર્દશાઓ, આપણને જો વિચારવા હૈયું હોય તો, દેખાડે છે કે,

(૧) આ બિચારા જીવો એક વાર સુંદર મનુષ્યભવ પામેલા છતાં જે રંગરાગ, ભોગવિલાસ, પૈસા-પરિવાર-પ્રતિષ્ઠા વગેરે પાછળ હું ઘેલો બન્યો રહ્યો છું, અને ભરચક મદ-માયા અને રાગદ્વેષાદિ કષાયોમાં સબડું છું, એની જ પાછળ એ પણ ઘેલાં બનેલા ને કષાયો કરેલા માટે આ એનાં દારુણ ફળ ભોગવી રહ્યા છે ! તો હવે મારું ય શું થશે ?

(૨) હજી અહીં જીવતો છું ત્યાં સુધીમાં વિલાસવૃત્તિ, વિલાસ જોવાનો રસ, અને તૃષ્ણા-અહંકારને દબાવી શકું. એ નહિ દબાવું તો પછી ક્યાં દબાવી શકવાનો ? અને નહિ દબાયાનાં કેવાં ભયંકર દુઃખ ભવોની પરંપરામાં જોવા મળશે ?

(૩) આજે તો જિનવાણી અને મહાપુરુષોના જીવનચરિત્ર એવા ઉત્તમ મળે છે કે એનાં ભરપૂર વાંચન શ્રવણ અને મનનથી એ પાપીષ્ઠવૃત્તિઓ અને વિલાસોને મોળા પાડી શકાય છે પણ એ કર્યા વિના જનમ ગુમાવી નાખ્યા પછી એવી વાણી-વાંચન-મનન ક્યાં મળવાના ? દેવલોકમાંથી તીર્થંકર ભગવાનની વાણી સાંભળવા જઈ શકાય, પરંતુ ત્યાંની વિલાસી અપ્સરાઓ અને દિવ્ય ભોગસાધનાઓમાં ન લપટાવાનું અને ભોગવિલાસમાંથી દૂર રહેવાનું આત્માનું ગજું કેટલું ? માટે; જે સારું કરવાનું તે અહીં જ કરી લેવાનું છે. વૃત્તિ-વાસનાઓને અહીં જ કાપવાની છે.

(૪) વીતરાગ પ્રભુએ મારા કરતાં કેઈ ગુણા ઊંચા ભોગસાધનો મળ્યા છતાં ભોગવિલાસને દૂર ફગાવ્યા છે ! મારા કરતાં અનંત બળ, બુદ્ધિ અને સન્માન મળ્યા છતાં અભિમાન ઓસરાવી દીધાં છે ! મારા કરતાં કેઈ ગુણી સંપત્તિ મળી છતાં રાગ તૃષ્ણા-મમતાને કચડી નાખી છે ! ત્યારે મારે તે શા એવા ભોગસાધન મળ્યા છે કે એને ભિખારીની જેમ ચાટતો બેસી રહ્યો છું ? શા એવા બળ, બુદ્ધિ ને સન્માન મળે છે કે અભિમાન રાખું છું ? શી સંપત્તિ મળી કે મળવાની છે કે રાગ-તૃષ્ણા-મમતાનાં ઝેર રાખી રહ્યો છું ? બસ, બહુ થયું, હવે એ વિલાસો-વાસના, એ મદ-અહંત્વને એ મમતા-તૃષ્ણાદિ મારે જોઈએ નહિ. મનમાં એનો વિચાર ઘાલું તો એ આગળ વધે ને ? વિચાર જ નહિ જોઈએ.'

જીવોની દુર્દશા દેખી આવી ભાવના વારંવાર કરવામાં આવે. રોજ પ્રભાતે ઊઠીને ખાસ કરાય પછી રાતના સૂતા પહેલાં કરવામાં આવે, તો એની સુંદર અસર હૃદય પર પડે ! અને વાસનાઓ મોળી પડતી આવે. વારંવારની શુભ ભાવનાઓ વિના તો એ અડીખમ ઊભી રહેવાની.



**રખડેલાનો નવો પાસો :-**

ધર્મદત્તની માતાના સંકેતથી પેલા રખડેલ જુવાનિયા હવે નવો પાસો ફેંકે છે. માતા કેટલું સાહસ કરી રહી છે ? એની એક જ ધૂન કે 'દીકરાને ખુલ્લા વિલાસનો રસિયો કરું,' એ ધૂનમાં વિચાર નથી કે આ રખડેલા પુત્રને ક્યાં પહોંચાડશે. પેલાઓ તો પોતાના માનસના તોલે તોલે છે, એટલે એમને શાનો મર્યાદાશીલ જીવનનો પક્ષ કે રસ હોય ? એ તો તાકડો એવો ગોઠવે છે કે ધર્મદત્તને ગણિકાને ત્યાં લઈ જવો. એટલે એ લોકો પહોંચ્યા એક ઉસ્તાદ ગણિકા પાસે. એને સમજાવ્યું કે 'અમુક શેઠના છોકરાને વિલાસમાં રસ લેતો કરવાનો છે. એ ધાર્મિકવૃત્તિનો છે પણ એની માતા આ ઈચ્છે છે એટલે તું એ ઘાટ ઉતારે તો તને પૈસા સારા મળ્યે જશે. હવે જુઓ અમે એને આધ્યાત્મિક પદના સંગીતના હિસાબે લઈ આવીએ છીએ, એટલે તમારે એવાં પદ ગાઈ બતાવવા, અને આકર્ષણ ઊભું કરવું. પછી તો તમારી જેવી હોશિયારી.'

**ગણિકામાં ફસાવવાનો દાવ :-**

દાવ ગોઠવીને એ મિત્રો ધર્મદત્તને કહે છે કે 'એક બાઈ આધ્યાત્મિક પદ સુંદર ગાય છે તારી ઈચ્છા હોય તો આપણે જઈએ સાંભળવા. આ તો તારા ભેગો અમને ય સાંભળવાનો લાભ મળે. આ જીવનમાં બીજું સાંભળવા જેવુંય શું છે ? અધ્યાત્મનું શ્રવણ-મનન થાય એ જ જીવનનો સાર છે. અમને તો ગૌરવ છે કે તારા જેવો અધ્યાત્મ પ્રેમી મિત્ર મળ્યો છે. માટે બોલ, ક્યારે જઈએ ?'

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૪,અંક-૨૦,તા.૫-૨-૧૯૬૬**

**સ્ત્રીનાં ગીતશ્રવણમાં અનર્થ :-**

ધર્મદત્ત એ સાંભળી વિશ્વાસ અને દાક્ષિણ્યમાં તણાયો. એને ધર્મબુદ્ધિ છે, ધાર્મિક ગીત સાંભળવાની વાત છે. મિત્રોએ ધર્મચર્ચાનો દેખાવ રાખ્યો છે એટલે ધર્મના રસમાં એ વિશ્વાસમાં પડ્યો. અલબત્ત એ જોવું ભૂલ્યો કે 'હવે તો આ કોઈ સ્ત્રીનું સાંભળવાની વાત કરે છે, તો સ્ત્રી જાતના પરિચય તો ખોટા એમાં શા માટે આવવું જોઈએ ? એમાં વળી મારા જેવા ધર્મપ્રેમીએ તો ખાસ એથી દૂર રહેવું જોઈએ. આજે માત્ર ધર્મગીત સાંભળવાની વાત છે પણ સ્ત્રીના કોયલકંઠનો રણકાર, એના પર દૃષ્ટિપાત, એના હાવભાવનું દેખાઈ જવું, પ્રાસંગિક બીજી વાતચીત, વગેરે વસ્તુ સદાચારીએ અપનાવવામાં કેટલું મોટું જોખમ છે ! એ કેવી મહા અનર્થકારક નીવડે !'-આ બધું જોવું એ ભૂલ્યો. કેમ વારું ? એની પાછળ મિત્રોની

ધાર્મિક વાતો પર વિશ્વાસ કારણ તરીકે કામ કરી રહ્યો છે.

**ધર્મ વિશ્વાસઘાત ભયંકર :-**

ધર્મવિશ્વાસ એ મોટી ચીજ છે. એ જમાવીને ઠગાઈ કરવી એ અતિ અધમ કોટિનો વિશ્વાસઘાત છે. કાલિકસૂરિજી મહારાજને વિનયરત્ન નામના નવા બનેલા શિષ્યે ધર્મવિશ્વાસથી ઠગ્યા ! અભયકુમારને ચંડપ્રદ્યોત રાજાએ બનાવટી શ્રાવિકા દ્વારા ધર્મવિશ્વાસ કરાવી ઠગવાનું કર્યું. આ બધું ખતરનાક અધમાધમ પ્રવૃત્તિ ગણાય.

**ગણિકા અને ગઠીયાઓની ચાલબાજી :-**

ધર્મવિશ્વાસ અને દાક્ષિણ્યમાં તણાયેલા ધર્મદત્તે સંમતિ આપી એટલે પ્રસંગ ગોઠવાયો. ગયા ગણિકાને ત્યાં. પેલીએ પણ સાદાં સફેદ વસ્ત્ર મર્યાદાબદ્ધ રીતે ધારણા કર્યાં છે. વિનયથી આમને આવકારે છે. સુશીલતા દેખાડવા શરમથી મોઢું નીચું રાખી વાતચીત કરે છે એટલે ભોળા ધર્મદત્તને બીજી કાંઈ ગંધ આવી નહિ કે આ કોઈ કુશીલ સ્ત્રી કે પેલીએ પણ અજાણી થઈને પૂછ્યું 'ફરમાવો કેમ પધારવું થયું ?'

મિત્રો કહે, 'આ તો સહેજ આ અમારા મિત્ર આધ્યાત્મિક રસવાળા છે, સારા સુશીલ ધાર્મિકવૃત્તિના. અમને એમ થયું કે તમારી પાસે આધ્યાત્મિક ગીતો સારા છે, તે આમને કંઈક તમારા ભાવવાહી કંઠે સાંભળવા મળે તો સારું ભાઈ પણ ચાહે છે એટલે અમે આવ્યા છીએ.'

આય ઉસ્તાદ છે ને ? કાચી માયા થોડી જ છે ? કહે છે, 'ઓહ ! આવ્યા તો સારું કર્યું, અમારા ગરીબનું આંગણું પાવન થયું. પરંતુ મારી પાસે એવી શી આવડત છે ?'

'તે તમે તો એમ જ કહો. ઉત્તમ જીવોનું એ લક્ષણ જ હોય છે કે મનમાં લઘુતા જ રાખે. પુષ્પ થોડું જ કહે છે કે હું સુગંધીદાર છું એ તો જગત જાણે છે એની સુવાસ અમે પણ આપની વિશેષતા સાંભળી આવ્યા છીએ, તો જરૂર કોઈ આધ્યાત્મિક પદ સંભળાવો. અમે તો હજી બહારના રસિયા ખરા પણ ભાઈને આધ્યાત્મિકતાનો બહુ રસ છે, એટલે આવ્યા છે, તે કૃપા કરી નિરાશ ન કરશો.'

ભદ્રક ધર્મદત્તને આમાં ગુપ્ત ભેદની ક્યાં ગમ પડે ? એ તો બધું સહજ ભાવે થતું સમજે છે. પેલીએ પણ 'ઠીક ત્યારે, જેવી તમારી આજ્ઞા.' કહી આધ્યાત્મિક ગીત લલકાર્યું. પેલાઓ વચમાં વચમાં 'આહાહા ! શી મઝા ! કેવું અવ્વલ પદ !' 'વાહ, ધન્ય વાણી !' 'અરે ! આવો અધમ સંસાર ?...' વગેરે ઉદ્‌ગાર કાઢે છે.

ધર્મદત્તને પણ રસ પડ્યો. **બાહ્ય મન સ્ત્રીનાં આધ્યાત્મિક વસ્તુકથન પર**



**ઓવારી જાય છે, પણ મૂર્ખને ખબર નથી પડતી કે આભ્યન્તર મન કેવું કોમળ સુરના વિષયમાં મુગ્ધ થઈ રહ્યું છે.** એના પણ ઉદ્‌ગાર તો એ જ સરી પડે છે કે 'કેવી સુંદર વૈરાગ્યની વાત ! કેટલું ઉત્તમ આત્મસ્વરૂપનું દિગ્દર્શન !' પરંતુ આંતરિક છુપી વૃત્તિ શ્રોત્રેન્દ્રિયના વિષયભૂત સંગીતની મીઠાશમાં ભીની ભીની થઈ રહી છે, મીઠું સંવેદન કરી રહી છે, એની એને ગમ નથી પડતી. એટલે એ ગીત પૂર્ણ થયા પછી કહે છે કે 'ત્યારે, કાલે પણ સાંભળવા આવીયે ને ?'

**સદ્‌વિચારમાં કુવિચાર :-**

આત્માનાં સચોટ સારાં આંતરનિરીક્ષણ કેટકેટલાં મોંઘા છે ? **ચોર મન એમ મનાવે છે કે** 'મને તો માત્ર ધર્મ અને અધ્યાત્મની વસ્તુ પર આકર્ષણ છે.' પરંતુ ખરેખર તો અંદરખાને એને ઈન્દ્રિયોના મનગમતા વિષયોની મીઠાશ આવી રહી હોય છે. બધાનાં મનની આવી જ સ્થિતિ હોય છે એ કહેવાનો આશય નથી, કિન્તુ આપણાં મનની કઈ સ્થિતિ છે એ ખાસ તપાસતા રહેવા જેવું છે, કેમકે આ બહુ સંભવિત વસ્તુ છે. દા.ત. કોઈ સુકૃત, વ્રત, દાન વગેરે કરનાર રૂપાળા બેનનાં દર્શન ધર્મબુદ્ધિએ કર્યાં, ત્યાં આંખને-મનને એમના રૂપ-લાવણ્યની મીઠાશ નથી લાગીને ? એ તપાસવા જેવું છે. એમના ઘાટીલા શરીર-અંગોપાંગ ઉપર મન મુગ્ધ નથી થયું ને ? કોઈ સારું ધર્મસ્થાન, ઉપાશ્રય, ધર્મશાળા વગેરે જોઈ અનુમોદના થઈ કે 'ભાગ્યશાળીએ આ બનાવવાનું સારું સુકૃત કર્યું,' પરંતુ સાથે સાથે એની રળિયામણી ઈમારત અને એની ફરસી, સિલિંગ, બારણાં વગેરેનાં સૌંદર્ય ઉપર આંખ અને મન મીઠાશ તો નથી અનુભવતાને ? આમ, સુકૃત વગેરે ધર્મના મુદ્દાના વિચાર સાથે ઈન્દ્રિયવિષય તરીકે એના પર ઈન્દ્રિય અને મન મુગ્ધ તો નથી થતું ને ? જો આ તપાસ અને તકેદારી નહિ હોય, તો ઈન્દ્રિયો ને મનને ફાવતું જડી જશે. ધર્મના મુદ્દા પાછળ એનાં તર્પણ ચાલુ રહેશે.

**ધર્મદત્ત કેમ પડે છે ?**

ધર્મદત્તની આ સ્થિતિ બની, કે ગણિકાના આધ્યાત્મિક પદના પાછળ છુપી રીતે એના કોમળકંઠના મીઠા સૂરનું આકર્ષણ ઊભું થયું, ફરીથી આનું સાંભળવા આવું એવી ઈચ્છા જાગી. માત્ર દાક્ષિણ્યથી આવેલો એ હવે આવવાનો જાતે ચાહક બન્યો. આ શું કોરા અધ્યાત્મના પ્રેમથી ? ના, એ પ્રેમ તો જાતે ઘેર બેઠા બોલી-વાંચીને અદા કરી શકત. પરંતુ અહીં મુલાયમ સૂરની મીઠાશ લાગી છે, એટલે આવવા મન થાય છે.

**ધર્મસ્થાનોને સેવતાં, ધર્મક્રિયાઓ કરતાં, ધર્મના આરાધકોનાં દર્શન શ્રવણ કરતાં, ઈત્યાદિ ધર્મબુદ્ધિનાં કાર્યમાં આ તકેદારી રાખવી બહુ જરૂરી છે કે ચોર મન**

**અને ચોટ્ટી ઈન્દ્રિયોને વિષયોની સુંવાળાશ અડી ન જાય.**

**ધર્મખાતાના વહીવટની સેવાનો** લાભ મળ્યો એમાં કોઈએ 'ટ્રસ્ટી સાહેબ' તરીકે સંબોધ્યા, સન્માન કર્યું ત્યાં મન ચોપડાઈ ન જાય, માનકષાય મનને અડી ન જાય એ ખાસ જોવાનું છે. મનને ત્યાં થવું જોઈએ કે 'પૈસા સંઘના, એના ચોપડા લખનાર વગેરે માણસો પગાર સંઘનો કે ટ્રસ્ટનો ખાય, બધી મહેનત એ કરે, એમાં મને જશ લેવાનો શો અધિકાર છે ? મેં જાતના પૈસાનો કે મહેનતનો શો ભોગ આપ્યો છે ? શાના ઉપર હું માન કરું ?'

**એમ આધ્યાત્મિક ગીત** સાંભળવા મળ્યું ત્યાં સાવધાની રહે કે 'જીવ ! જોજે, ગાનારના કંઠની મીઠાશ અને એના રૂપનાં સૌંદર્ય પર ઈન્દ્રિય નાચે-રાચે નહિ, સુંવાળાશ અનુભવે નહિ. વિષય તરીકે તો એ વિનશ્વર છે, મનને બહેકાવી લંપટ કરનારા છે, પરમાત્મા અને ગુરુને ભૂલાવી એની છબી દિલમાં અંકિત કરનારા છે ! માટે એમાં જરાય ભૂલો ન પડીશ.'

**ધર્મદત્ત હવે સત્પથ પરથી સરકે છે.** એની ગીતશ્રવણની ઈચ્છા જાણી ગણિકા કદર કરે છે, 'વાહ ! કેવી આપની ગુણજ્ઞતા ! કેવો ગુણાનુરાગ ! કે મારી કોઈ આવડત નહિ, છતાં આપને આધ્યાત્મની વસ્તુ જોઈ આનંદ થાય છે ! ભલે આપને પસંદ હોય તો ખુશીથી અત્રે પધારજો. આપની સેવામાં મારી શક્તિ અનુસાર ગીત રજુ કરીશ.'

મિત્રો ખુશી થયા કે હવે ગાડી પાટા પર આવતી જાય છે. એ વખતે તો ઊઠીને ગયા. પરંતુ બીજે દિવસે એમના વગર કહ્યે ધર્મદત્ત એમની સાથે અહીં ગણિકાના ઘરે આવે છે. જ્યાં સંગીતની જમાવટ થવા માંડી કે એ મિત્રો ગણિકાને ઈશારો કરી એક પછી એક કંઈક બહાનું કાઢી ત્યાંથી સરકી ગયા. બસ, ગણિકા સાથે ધર્મદત્ત એકલો પડ્યો ! એકલી પરસ્ત્રી સાથે ન બેસાય એમ સમજવા છતાં મધુરું સાંભળવાના રસમાં બેસી રહ્યો. પેલી હવે શું કામ બાકી રાખે ? ગાત્રના ચાળા સાથે ગાવા માંડ્યું. પેલો ખુશીનો ઊભરો દેખાડે એટલે આ એના પગમાં ને ખોળામાં માથું મૂકી કહે છે, 'વાહ કેવી કદર !' આ ગાંડાને ખબર નથી પડતી કે હવે આ પતનનાં પગથિયાં શરૂ થયાં. પેલીએ અંગપ્રદર્શન અને સ્પર્શની છુટ લેવા માંડી. ધર્મદત્ત એમાં તદ્દન લહેવાઈ ગયો. હવે એને જરાય લાગતું નથી કે આ અજુગતું થઈ રહ્યું છે.

ગણિકા ત્યાં ગીત બંધ કરી કહે છે, 'આજે સમય થઈ ગયો છે. માફ કરજો. કાલે પધારશો તો વળી જોઈશ. આજસુધીમાં તમારા જેવા ગુણજ્ઞ અને કદરદાન જોવા ન મળ્યા. અધ્યાત્મની વસ્તુ તો મારી પાસે ઘણીય સારી હોય,



પરંતુ કદરદાન વિના કોને બતાવવાની ? જીવનમાં આ પહેલીવાર તમારા જેવા વસ્તુ સમજનાર મળ્યા.' કહેતી જાય છે, આંખનો કટાક્ષ કરતી જાય છે. પછી સાચવીને કહે છે, 'આ જરા પૈસાની ભીડ છે, એટલે દિલમાં એની ચિંતા રહેવાથી હજીય ગીત એના પૂરબહારમાં ગાવાનું બનતું નથી. નહિતર એ ચિંતા જો ન હોય તો તો જોઈ લો મઝા સંગીતની !' દંભી માણસોના દંભ કેવા અને ક્યાં સુધીના હોય છે ! સદાચારીએ જગતને સમજી લઈ બહુ સાવધ રહેવા જેવું છે. દંભીની સરભરામાં લોભાવા જેવું નહિ.

ધર્મદત્ત કહે છે, 'તે એવી ચિંતા શું કામ રાખો ? ફિકર ન કરતા, ચિંતા મિટાવી દઈશ.'

પેલી કહે, 'બહુ ઉપકાર.'

બસ, ધર્મદત્ત ગયો ઘેર. માતાને કહે છે 'એક ઠેકાણે સંગીત સુંદર સાંભળવા મળ્યું. પરંતુ એને પૈસાની ભીડ છે, તેથી આપણે થોડી રકમ દેવી જોઈએ. એટલે ફરીથી સરસ સાંભળવાનું મળશે.'

મા ભોળી ખુશ થાય છે કે 'વાહ ! મારો દીકરો હવે વ્યવહાર સમજતો જતો લાગે છે.' તે કહે છે, 'એમાં શી મોટી વાત છે ? લે આ સો રૂપિયા. આપજે એને. કહીને રૂપિયા આપે છે. માને ખબર નથી કે આ ગણિકાના સંગીતની વાત કરે છે એ તો જાણે કોઈ સંગીતકાર પુરુષ હશે એમ સમજે છે.'

હવે તો ભાઈ પેલા મિત્રો વિના એકલા જ ઉપડ્યા ગણિકાને ત્યાં. પેલીએ એનું આકર્ષણ ઊભું થયેલું જોઈ એને ગદ્‌ગદ રીતે આવકાર્યો ગીતનો રંગ જામ્યો, ત્યાં પેલો તરત સો રૂપિયા કાઢીને આપે છે, એટલે આ 'અહો કેવી કદર ! કેટલો બધો ઉપકાર !' કહેતી જાણે કૃતજ્ઞતા બતાવવા ભેટી પડે છે. ખલાસ ધર્મદત્તનું હવે સુશીલતામાં ટકવાનું શું ગજું ? એનો ગમે તેટલો અધ્યાત્મભાવ હતો, ઊંચી વિચારસરણી હતી. દિવસ-રાત ધર્મપ્રવૃત્તિ હતી, પરંતુ અયોગ્ય માર્ગે એક ડગલું પણ માંડ્યું તો આજસુધીની બધી સાધનાનાં બળને ધક્કો લગાડ્યો. અનુચિત માર્ગનાં આકર્ષણનું બળ વધી ગયું. વધ્યું તે એટલું વધ્યું કે પહેલાં પોતાની પત્ની સાથે પણ મર્યાદા બહારની છુટ નહિ લેનારો, હવે અહીં વેશ્યા સંગાથે છુટ લેતો થયો. ક્યાં રહ્યું સાધનાનું બળ ?

**કોઈ એક અયોગ્ય પગલું એ દૈવી બળને તોડે છે :-**

જરાય ભૂલવા જેવું નથી કે જીવ અનાદિનો મોહવાસિત છે, અનંતાનંત કાળની મોહની ચેષ્ટાઓવાળો છે. આવી સંસારયાત્રામાં એની સામે શુદ્ધ ધર્મની વૃત્તિ અને સાધના મળી, એનો સારો પુરુષાર્થ પણ આદર્યો. તો એનું એક દૈવી

બળઊભું થયું. હવે જો ત્યાં કોઈ અયોગ્ય પગલું ભર્યું, કોઈ મદ, ઈર્ષ્યા, લાલસા હૈયે ઘાલી તો સમજી રાખવાનું કે એના પર અયોગ્ય આચરણ વધતું જવાનું અને પછી એનું પિશાચી બળ પેલા દૈવી બળને તોડી નાખશે. ધર્મદત્તને આવું જ બન્યું.

જાણી જોઈને અયોગ્ય માર્ગે અયોગ્ય સ્થાને પગલું માંડવું જુદું અને અનિચ્છાએ તેવા સ્થાનમાં સપડાઈ જવું જુદું. સીતાજી અનિચ્છાએ રાવણના સંકજામાં સપડાઈ ગયા હતા. પરંતુ અંતરથી ખૂબ સાવધાન હતા અને વિવેક સંપન્ન હતા, તેથી રૂપાળા રાવણ સામે એક વાર જોવાનો પણ દૃષ્ટિપાત કર્યો નહિ; કેમકે એમાં અયોગ્ય માર્ગે સ્વેચ્છાએ પગલું માંડ્યું ગણાય.

**ચાહીને પતનના સંયોગમાં ન જવાય :-**

અહીં મહાસતીની કિંમત સમજાય છે કે એણે કેવા સંયોગમાં કેટલો બધો સંયમ પાળ્યો ! પણ એનું એક કારણ આ, કે ચાહીને પતનના સંયોગમાં ગયા નહોતા. એમને તો અનિચ્છાએ પરપુરુષ રાવણથી અપહરણ કરાયા અને અનિચ્છાએ એના કબ્જામાં પૂરાઈ રહેવું પડ્યું. જ્યારે અહીં આ ધર્મદત્ત જાણી બુઝીને ગણિકાને ત્યાં જાય છે અને ઈચ્છાપૂર્વક એનાં ગીતમાં ફસાય છે. એ હવે કેમ પતન ન પામે ? મોહક વેશ્યાએ પારધીની જાળો પાથરી દીધી, વિલાસી ગીત, અનુરૂપ હાવભાવ, ચેનચાળા અને સુંવાળા સ્પર્શ, આ બધી જાળો છે, સંસારી જ શું ભલભલા સંન્યાસી ય જો મરગલાં થઈ ચાહીને ત્યાં ગયા તો એમાં ફસાઈ પડે ! એ તો એનાથી દોઢસો ગાઉ દૂર રહે એ બચે; બાકી જાણી જોઈને એના સંપર્કમાં આવનાર તો ડૂબ્યા સમજો. અરે ! અજાણ્યે સંપર્ક થયો, તો ય ત્યાંથી ખસી જવું પડે, નહિતર પતનના પંથે.

**ધર્મદત્તનું પતન :-**

ધર્મદત્ત ગમે તેટલો સારો ધાર્મિક આધ્યાત્મિકવૃત્તિવાળો હતો છતાં ગણિકાના ગીતનો એણે સંપર્ક સેવ્યો તો હવે એ સ્થિતિમાં આવીને ઊભો કે બીજે દિવસે સાંભળવા જવા માટે મા પાસે પૈસા માગે છે. મા મૂર્ખી ખુશી થઈને પૈસા આપે છે. 'ચાલો દીકરો વ્યવહારમાં સમજતો થાય છે.' એવો સંતોષ અનુભવે છે. પેલો પૈસા લઈને ગયો ગણિકાને ત્યાં. આજે તો મિત્રોને પણ સાથે લીધા નહિ; એકલો પહોંચ્યો. ગણિકા હવે પૈસા મળે છે, શું કામ બાકી રાખે ? અધ્યાત્મના ગીતમાંથી વિલાસના ગીતમાં કામ ઉપડ્યું. જીવની અંદરખાને અનંતકાળથી સારી રીતે પુષ્ટ રહેલી ઈન્દ્રિયવિષયોની વાસનાઓ સંજ્ઞાઓને અગ્નિને બળતણ મળે અને ઉત્તેજિત થાય, એમ વિષયસંપર્ક મળ્યા એટલે સજાગ ટટાર ઉત્તેજિત થઈને ઊભી ગણિકાની પ્રેમચેષ્ટાઓમાં લપટાયો. બનાવટી પ્રેમના મીઠા મીઠા બોલથી ઢીલો ગળીયો બની



લહેવાઈ ગયો; અધ્યાત્મ ઊડી ગયું, આદર્શો નેવે મૂકાઈ ગયા, સંપૂર્ણ પતન થયું. થયું તો થયું પણ હવે ગણિકાની આકર્ષક સરભરા લેતાં ઘેર જવાનું મન નથી, તે ત્યાં જ રહી ગયો. બે દહાડા ચાર દહાડા થાય, ને ઘરેથી પૈસા મંગાવે છે. મા આશામાં છે કે છોકરો હવે બરાબર રંગાઈને આવશે તે પૈસા મોકલ્યે રાખે છે. કેટલી ઘેલી મા !

**અજ્ઞાન-મિથ્યાજ્ઞાન કેટલું બધું ભયંકર છે કે જીવને હાથે કરીને અવળી પ્રવૃત્તિમાં ઘસડે છે.** એનો દુરાગ્રહ એટલો હોય છે કે હિતૈષીનું માનવા ન દે. ખત્તા ખાય તોય એમ ન લાગવા દે કે આ પોતાની જ મિથ્યામતિનાં કારણે બન્યું. ભલું હોય તો ખત્તાને પણ સારા પરિણામમાં ખતવે ! માતાની એ દશા થઈ છે, તે એને છોકરો ઘરે આવતો નથી એમાં સારું લાગે છે, છોકરાની વ્યવહારની સમજણ વધ્યાનું દેખાય છે. છોકરો તો નાદાન, તે પોતે કયા કૂવામાં ઊતરી રહ્યો છે એ સમજ્યો નહિ, પણ માતા સમજદાર છતાં માની બેઠી છે કે 'હવે છોકરાનું ઘરખૂણિયાપણું મટે છે.' **મિથ્યાજ્ઞાન આમ એક જ ક્ષેત્રમાં નહિ પણ અનેકાનેક ક્ષેત્રોમાં ઊંધે માર્ગે ચડાવે છે અને ઉપરથી એને ઠીક મનાવે છે.**

પેલા બ્રાહ્મણે ત્રણ ધૂતારાની વાક્જાળમાં ફસાઈ મિથ્યા કલ્પનામાં ચડીને બકરું ગુમાવ્યું ને ? જાતે જ બકરાને કૂતરું માની છોડી દીધું, કૂતરાની આભડછેટ માની નદીએ નાહી આવ્યો અને પછી માન્યું કે 'હાશ ! અસ્પૃશ્યથી બચ્યો.' પૈસા ખરચી ખરીદેલું બકરું ગુમાવ્યું છતાં છુટકારાનો દમ ખેંચ્યો ! કારણ ? મિથ્યાજ્ઞાન. ધૂતારે કહ્યું એ માની લીધું, પણ ન પોતાની અક્કલ દોડાવી, કે ન કોઈ ચાર શાણા માણસને પૂછ્યું કે 'ભાઈ ! આ ખરેખર શું છે ? બકરું કે કૂતરું ? કેમ પેલા ત્રણ જણા કૂતરું કહી ગયા ?' ના કશું પૂછવાનું નહિ મિથ્યાજ્ઞાન અને એની પકડ એ કશું જોવા-પૂછવા દે નહિ ! 'અરે, હવે કોઈ હિતૈષી ઉપરથી કહેવા આવે, તો માનવા પણ દે નહિ.'

**પ્ર.**- ભગવાન જિનેશ્વરદેવનું શાસન ઘણીય સારી સલાહ આપે છે, યથાર્થ તત્ત્વ બતાવે છે, ગુરુઓ ઘણોય હિતોપદેશ આપે છે, પરંતુ જીવને કેમ એ હૈયે જચતો નથી ? કેમ ચોંકામણ થતી નથી કે 'હાય ત્યારે આ હું ઊંધા રસ્તે ક્યાં ચડી ગયો છું ?'

ઉ.- આજ કારણ છે કે પોતે મિથ્યાજ્ઞાનમાં ફસેલો છે. એની પકડ રાખી બેઠો છે. એટલે તો મન કેવા બચાવ કરે છે.

**મિથ્યાજ્ઞાનીના બચાવ :-**

બચાવ આ, કે (૧) શાસ્ત્રમાં તો એજ લખેલું હોય મહારાજ તો એ જ કહે

પણ આપણે સંસારમાં બેઠા છીએ એટલે બધું જોવું પડે.'

(૨) 'શાસ્ત્રમાં કહેલા દગો દેનારા સગાસંબંધી જુદા, ને આપણા બૈરા-છોકરા જુદા. એતો બહુ પ્રેમાળ અને વિશ્વાસપાત્ર. આજસુધી અનુભવ્યું છે.'

(૩) 'લક્ષ્મી મારનારી હશે પણ આપણી પાસે કઈ એટલી લક્ષ્મી છે જ ? ને જે છે તે વિના ઘર ક્યાં ચાલે એમ છે ? મહારાજને પણ ધર્મનાં કામ કરાવવા ક્યાં પૈસા નથી જોઈતા ?'

(૪) વિષયો હળાહળ વિષ જેવા કહે છે, પરંતુ એ તો રંડીબાજી ને ગુંડાગીરીના વિષયોની વિષરૂપતા કહેવાય. આપણે સીધી લાઈને ચાલનારાના વિષયો થોડા જ એવા ગણાય ? એમ તો આનંદ કામદેવ વગેરે શ્રાવકો પણ ક્યાં વિષયોમાં નહોતા બેઠા ! તે શું ડૂબી ગયા સંસારે ?

મિથ્યાજ્ઞાનીની આવી આવી કેઈ ખતવણી હોય છે.

**મિથ્યાજ્ઞાનીના બચાવની પોકળતા :-**

આવાને કોણ સમજાવે છે કે 'મૂર્ખ ! આનંદ કામદેવ સંસારમાં ડૂબ્યા નહિ એનું કારણ એ, કે વિષયોને તો એ હળાહળ ઝેરથીય ભયંકર દેખતા હોય પણ જાતની લાચારી માનતા કે પોતે એ છોડી શકતા નહિ. લક્ષ્મીને એવી કારમી બેડી સમજતા કે જે જીવને સંસારરૂપી જેલખાનામાં જકડી રાખે છે. એ કદી જિનવાણી ને ગુરુવાણી સામે બચાવ ઊભો કરતા નહિ; એ ગુરુવાણીને સમજ વિનાની કે અહિતકારી માનતા નહોતા. સદાચારની મર્યાદા જાળવીને પણ સેવાના વિષયોને તો એ ખતરનાક માનતા, આત્મહિતઘાતક જ સમજતા.'

ત્યારે એવું પણ નથી કે લક્ષ્મીનો મોટો ઢેર જ દુર્ગતિમાં ઘસડે, આત્માને કર્મથી ભારે કરે, ને થોડી લક્ષ્મી કર્મભાર ન વધારે, દુર્ગતિમાં ન જ લઈ જાય. ના, આવું નથી. રાજગૃહીનો દ્રમક-ભિખારી એક ચપ્પણિયાની લક્ષ્મી પર સાતમી નરકે ગયો. વળી 'લક્ષ્મી છે તો ઘર ચાલે' એમ કહે છે, પણ પાયો જ ખોટો છે; કેમકે મૂળમાં ઘર જ ખોટું છે તો એને ચલાવનારી લક્ષ્મી શી રીતે સારી થઈ. દા.ત. મૂળમાં જુગાર જ ખોટો છે, તો તે ચલાવવા ઘરનાં ઘરેણાં વેચવા પડે એ સારું ક્યાંથી કહેવાય ? એટલે જેમ જુગારી કહે કે 'દાગીના વેચીએ છીએ તો જુગાર ચાલી શકે છે; માટે દાગીના વેચવામાં ખોટું નથી, એમ આ કથન છે કે 'પૈસા છે તો ઘર ચાલે છે, માટે પૈસા ખોટા નથી.' વસ્તુ-તત્ત્વની સમજ વિનાનું આ કહેવું છે.

બીજું એ પણ છે કે એક વસ્તુ નભાવવા માટે કોઈ અનિવાર્ય પદાર્થ કે પ્રવૃત્તિની જરૂર રહેતી હોય, તેથી કાંઈ એવો નિયમ ન બંધાય કે સામાન્યથી એ પદાર્થ, પ્રવૃત્તિ સારા જ હોય. જુઓને આજના કાયદા વગેરેની રામાયણમાં હરામી નોકરને કાઢી ન



શકાતો હોય, પણ એનાથી કામ નભાવવું પડતું હોય, તેથી કાંઈ 'હરામી નોકર સારો' એમ નથી કહેવાતું : વ્યવહાર-આબરૂ જાળવવા ખાતર નાલાયક છોકરાને કાઢી ન મૂકાતો હોય તેથી કાંઈ 'નાલાયક છોકરો સારો' એમ ન કહેવાય. ત્યાં તો માબાપ કહે છે, 'ક્યાં ભોગ લાગ્યા કે આવા અભાગિયાના માબાપ બન્યા ? આના કરતાં વાંઝિયા રહ્યા હોત તો સારું હતું.' શું આ ? એવો છોકરો ન હોય એ સારું,-એવી દૃઢ માન્યતા છતાં એને નભાવવો પડે છે. આવા તો કેઈ દાખલા છે કે જે અનિચ્છાએ નભાવવા જરૂરી હોય છતાં સારાં ન હોય, પ્રશંસનીય હિતકર્તવ્ય ન હોય. એ જ રીતે ઘર ચલાવવા પૈસાની જરૂર પડતી હોવા છતાં લક્ષ્મી સારી નથી ઠરતી. કેમકે એની મૂર્ચ્છા પર કેઈ જાતના પાપો આચરાય છે, સ્વાર્થાંધતા, ભોગલંપટતા, રાગદ્વેષ વગેરે કેટલાય દોષો હરખભેર પોષાય છે; ઉપરાંત ખૂન સુધીના અનર્થો પણ મચે છે.

**સ્નેહીના વિશ્વાસભંગ :-**

ત્યારે જે બચાવ કર્યો કે 'અમારા સગાં-સ્નેહી દગો દેનારા નહિ,' ત્યાં પણ સમજ નથી કે દગાનો અર્થ વિશ્વાસભંગ છે અને એ વર્તમાન સગાંસ્નેહીમાંય એમ અનુભવાય છે કે એમની પાછળ મોંઘેરી જિંદગી હોમીને બેઠા અને એમને સુખદુઃખમાં ભાગી બનવાનો વિશ્વાસ ધર્યો, પણ એવા રોગ, અકસ્માત, બેઆબરૂ વગેરેની ચિંતા, આદિની પીડા-વેદના-દુઃખમાં એ કશો ભાગ નથી પડાવતા, એ દુઃખભાગી બનવાનો વિશ્વાસ ધર્યો તેનો ભંગ થાય છે, એ હકીકત છે ત્યાં ક્યાં વિશ્વાસનું પાલન થયું ? એમ એવો વિશ્વાસ ધરી બેઠા કે 'એ આપણી સર્વ ઈચ્છા માન્યતા અને આપણા આદર્શોને અનુસરશે.' કિન્તુ વખત જતાં એ સગાં એને બરાબર અનુસરતા નથી એ પેલા વિશ્વાસનો ભંગ જ થયો ને ? ત્યારે મૃત્યુ આવતાં તો બધાય વિશ્વાસનો ભંગ થઈને ઊભો રહે છે, એ દુનિયામાં મોટા ચમરબંધી ને કરોડપતિઓના પણ મોત વખતે સ્પષ્ટ દેખાય છે.

**પૈસા દાન માટે જરૂરી છતાં પાપ કેમ ? :-**

એક વાત રહી કે, મિથ્યાજ્ઞાની લક્ષ્મીનો બચાવ કરવા માટે કહે છે કે 'મહારાજને ય ધર્મના કામ કરાવવા પૈસાની જરૂર પડે છે.' પરંતુ આ બચાવથી લક્ષ્મીનું ઉપાર્જન અને સંગ્રહ મમત્વ સારું વ્યાજબી ઠરાવવું એ એના જેવું ઠરાવવાનું છે કે 'મહારાજને ય સાધુ સંઘ વધારવા આપણા છોકરાની જરૂર પડે છે, માટે છોકરા પેદા કરવા એ વ્યાજબી; એ માટે અબ્રહ્મ સેવવા એ વ્યાજબી; તથા પેદા કરેલા છોકરાનો સંગ્રહ અને મમત્વ કરવું એ સારું વાજબી છે ?' કેવી વાહિયાત વાત ? હકીકત તો સાચી કે અબ્રહ્મ સેવનથી છોકરા પેદા કર્યા વિના છોકરા ક્યાં ? અને દીક્ષા કોની ? તેમ પાપારંભયી લક્ષ્મી કમાયા વિના, લક્ષ્મી ક્યાં ? અને દાન-સાધર્મિક ભક્તિ આદિ ધર્મ

શાનો ? છતાં તત્ત્વ શું ? તત્ત્વ આ જ, કે જેમ અબ્રહ્મ સેવન અને પુત્રનો સંગ્રહ-મમત્વ એ ધર્મ નહિ પાપ જ, તેમ પાપારંભ અને ધન સંગ્રહ-મમત્વ એ ધર્મ નહિ પાપ જ.

**વિવેક ન હોય** સમ્યગ્જ્ઞાન ન હોય, એટલે ઊંધું મારે. વિવેક અને સમ્યગ્જ્ઞાન હોય તો સમજી શકે કે ત્યાં જેમ પોતાનો પુત્રત્યાગ એ ધર્મ; અને પુત્રનું સાધુપણું એ ધર્મ; એમ અહીં પોતાનો ધનત્યાગ અને દાનાદિ સુકૃત તથા મહારાજનો ઉપદેશ એ ધર્મ. મિથ્યાજ્ઞાનીને પોતાની પાપ પ્રવૃત્તિ વ્યાજબી ઠરાવવી હોય એટલે આ વિવેક ન આવડે; કોઈ શિખવાડે તોય માને નહિ, બચાવ જ કરે !

**શું સાધુ પરિસ્થિતિ જોયા વિના કહે છે ?**

એવો એનો આ એક બચાવ છે કે 'શાસ્ત્ર અને સાધુમહારાજ તો એ જ કહે. પરંતુ આપણે આપણું જોવું જોઈએ,' પણ આ ખોટો બચાવ છે, કેમકે એ બચાવનો સ્પષ્ટ અર્થ તો એ કે, 'શાસ્ત્ર અને સાધુમહારાજ જે કહી રહ્યા છે તે સમજ વિનાનું કહી રહ્યા છે, સામાની પરિસ્થિતિ એમને જોવી નથી ને એના કર્તવ્યની ઘાતક વાત અશક્ય વાત કરવી છે.' પરંતુ આ ગેરસમજ છે. આજસુધી શાસ્ત્રો અને સંત પુરુષો આવી ને આવી સંસારીઓની પરિસ્થિતિ સામે ધર્મોપદેશ કરતા જ આવ્યા છે, ને તો જ ધર્મ આજસુધી ચાલી આવ્યા છે, તેમજ પ્રજામાંથી ધર્માત્માઓ પાકતા આવ્યા છે.

**ખરી વસ્તુ તો પરિસ્થિતિને જોવાની દૃષ્ટિ છે.** કઈ દૃષ્ટિએ પરિસ્થિતિ જોવાય છે એ સવાલ મુખ્ય છે. જો બીજા એવી પરિસ્થિતિ કરતાંય દુઃખદ ક્લેશમય પરિસ્થિતિવાળાની સામે જોઈને વિચારાય તો પોતાની સ્થિતિ ઘણી હળવી લાગે, ધર્મસાધનાને માટે સારી યોગ્ય લાગે મન વિચારી શકે કે 'બીજા મહાદુઃખી જેવી સ્થિતિમાં જો હોત તો તો ધર્મ શું કરી શકવાનો હતો ? ત્યાં તો ધર્મનો પરિચય પણ નહિ એના કરતાં અહીં ધર્મપરિચય મળ્યો છે એ મારુ મહાન સદ્ભાગ્ય છે એ સાધવો ભૂલું તોય પરિસ્થિતિ કઈ સુધરી જવાની હતી ? અને એક યા બીજો ધર્મ સાધુ તો પરિસ્થિતિ કઈ વધુ બગડી જવાની હતી ? દૃષ્ટિ સરખી રાખીને વિચારાય તો પોતાની પરિસ્થિતિ સામે સાધુનો ધર્મ-ઉપદેશ-પ્રતિકૂળ નહિ, પણ ઉપરથી મનને શાંતિસમાધિ આપનારો, નવી ધર્મસ્ફૂર્તિ-ધર્મપુરુષાર્થ જગાવનારો લાગે નહિતર તો જો ધર્મોપદેશની અવગણના કરે અને ખાનદાન કુળનો જીવ પણ લોકવણની જેમ પોતાનું ચલાવ્યે રાખે તો ઊંચો જ ન આવે. જન્મ સફળ ન કરી શકે, ધર્માત્મા બની શકે નહિ એ તો ચાલુ પરિસ્થિતિ વચ્ચે ધર્મને દાખલ કરે. જીવન પદ્ધતિ બદલે પાપ કાર્યવાહીમાં સંકોચ કરી ધર્મ પ્રવૃત્તિ વધારતો જાય, તો જ એ ઊંચો આવે, ધર્માત્મા બની શકે, અને જીવન સફળ કરી જાય.'





સારાંશ, મિથ્યાજ્ઞાનીના બચાવ ખોટા છે, પણ એની મિથ્યામતિ અને એની પકડના નશામાં સાચાને ખોટું અને ખોટાને સાચું માને છે. ધર્મદત્તની માતાનીય આ દશા છે. પોતાની મિથ્યા કલ્પનામાં છોકરાનું પતન માનવા તૈયાર નથી. છોકરો દિવસો થયા ઘરે નથી આવતો, તોય એના મંગાવ્યા પ્રમાણે પૈસા મોકલ્યે રાખે છે.

એક દિવસ પતિ પૂછે છે 'કેમ ધર્મદત્ત દેખાતો નથી ?'

આ કહે છે, 'એ સંગીત શીખે છે.'

'અરે પણ તેથી ઘરે મુદ્દલ આવવાનું જ નહિ ? બોલાવી લેજો એને ઘરે.'

બસ, હવે છોકરાની મા શું કરે ? નોકર સાથે છોકરા પર ઘરે આવવાની ચિઠ્ઠી મોકલી. નોકરે ચિઠ્ઠી આપી, છોકરાએ વાંચી, તરત જવાબ દઈ દીધો કે હમણાં હું ઘરે આવવાનો નથી. તમારે પૈસા મોકલાવા હોય તો મોકલજો, નહિતર હું મારો રસ્તો કરી લઈશ.' નોકરે ઘરે જઈને આ જવાબ કહ્યો. માતા ચોંકી કે 'કેવો વિનયી છોકરો આ ઉત્તર કરે છે ? બસ, ખલાસ છોકરો ફસાઈ ગયો લાગે છે.'

પતિને એ હવે શું કહે ? સાચું જ કહેવું પડ્યું કે 'છોકરો ગણિકામાં ફસાઈ ગયો લાગે છે.'

પતિ કહે 'જોયું ? આ તમને વહેવાર શીખવવાનો અભરખો હતો, તે પૂરો કર્યો ? છોકરો ખોઈ બેઠા ને ? અરે ! આપણે ખોયો એટલું જ નહિ, પણ એણે કેટલું બધું ગુમાવ્યું ? વિચારો, કેટલા જનમથી ધર્મસંસ્કાર અને વૈરાગ્યના સંસ્કાર એકત્રિત કરવા માંડ્યા હશે તે આજે જાણે બધા જ ગુમ ! અને હવે એવો રસ્તો લીધો કે જેમાં પરલોક દુઃખદ દુર્ગતિની પરંપરાવાળો સરજાય આર્ય માતા થઈને, તમે આ આપ્યું ને ? એની સુશીલ પત્નીને બિચારીને કઈ દશામાં મૂકી ?...'

ધર્મદત્તનો બાપ શાણો હતો, એટલે 'વધારે કહીને શું ?' એમ સમજી હવે મૌન પકડે છે. તેમ દિલમાં દ્વેષ પણ કરતો નથી; કેમકે સમજે છે કે 'એથી શું વળે ?' એ તો ધર્મદત્તની ભાવકરુણા વિચારે છે કે એને સદ્બુદ્ધિ જાગો, પોતે ભવિતવ્યતાના વિચિત્ર ભાવ પર દૃષ્ટિ રાખે છે, જેથી દ્વેષ ન થાય.

બાપની આ સ્થિતિ છે, ત્યારે માતાનો કલ્પાંતનો પાર નથી. છોકરા ઉપર પછી પણ કેટલાય પત્ર લખી મોકલ્યા, કરુણ લખાણ લખ્યાં, એના મિત્રો દ્વારા કહેવરાવ્યું, પણ ગણિકાના સંગમાં આસક્ત છોકરો ઘરે આવતો નથી ઉપરાંત 'હું ભાગી જઈશ, ગમે તે રસ્તો લઈશ,' વગેરે દમ ભીડાવી પૈસા મંગાવ્યે રાખે છે

અને મા એ બીકમાં મોકલ્યે રાખે છે, કે 'રખે ક્યાંય દૂર દેશમાં ભાગી જશે, યા આપઘાત કરી નાખશે તો ?' એમાં છોકરાનો બાપ મરવા પડ્યો, હવે તો એ વસ્તુ છોકરાને કહેવરાવી. છોકરાને બોલાવવા માણસ મોકલ્યો, છતાં છોકરો આવવા તૈયાર નથી ! વેશ્યાએ એને એવો ભ્રમિત કરી દીધો છે કે જો ઘરે ગયો તો પછી અહીં આવી શકાશે નહિ. વેશ્યાની ભારે સરભરા પદ્ધતિ અને એની સાથેના રંગરાગભર્યા ભોગવિલાસમાં લીન-મગ્ન તરબોળ બની ગયેલો એ બીજું કશું જોવા વિચારવા માંગતો જ નથી. **વેશ્યાસંગ, ગાઢ મિથ્યાત્વ, વ્યુદ્ગ્રહ, અભિનિવેશ, વગેરે આવા ખતરનાક દોષ છે કે એ બીજું કશું વિચારવા જ ન દે.**

આટલી બધી પરિસ્થિતિ વિકટ બની જવા પર માતાનું હૃદય ચિરાઈ જાય છે ! પારાવાર કલ્પાંત છે કે 'હાય ! ક્યાં મેં જ હાથે કરીને આને આ રસ્તે ચડાવ્યો ? આ ય કેવો નિમકહરામી પાક્યો ? પૈસા લેવા તૈયાર છે અને બાપની આખર સ્થિતિમાં એક જોવા આવવા પણ માગતો નથી ! આ તે કેટલા ભવનો વૈરી ?' વગેરે વગેરે કેટલીય ચિંતા-દુર્ધ્યાન-અસમાધિમાં માતા સબડી રહી છે. દૃષ્ટિ મોહની છે, એટલે પહેલાં શું કે પછી શું, આર્તધ્યાનની જ પ્રબળતા રહે છે. પહેલાં ઈષ્ટસંયોગની ચિંતા, હવે ઈષ્ટ બનવા પર એનો વિયોગ ન થાય એની ગડમથલ અને પછી નવું અનિષ્ટ જાગવા પર એનો ખેદ અને વિયોગની ચિંતા ! આ બધું ય આર્તધ્યાન. એમાં ક્યારેક કષાય વધી જાય. તો રૌદ્રધ્યાન પણ ઝળકી પડે ! સંસાર, સંસારીજીવન આનાથી ખચ ભરેલું છે એની એ મહાવિટંબણા જાણીને સુજ્ઞ જીવને સંસાર-સંસારીજીવન પ્રત્યે ભારે નફરત થાય છે.

**અજ્ઞાનની વિટંબણા :-**

મૂર્ખ, મૂઢ જીવને દુર્ધ્યાન શું, એ કેવું ભયંકર, એની પાછળ સુખશાંતિનો કેવો લોપ અને ક્ષણે ક્ષણે કેટલા પાપનાં પોટલાં તથા કુસંસ્કારોના ઢેર ઊભાં થાય ? ઈત્યાદિ કશી ગમ નથી, કશો વિચાર નથી. એટલે સંસારી જીવન પર શાનો ઉદ્વેગ થાય ? એ શું કામ ચિંતા કરે ? એ તો એક વાર આશા-હરખના ઉન્માદમાંય જાતને વાજબી રસ્તે માને છે ! અને પછી ધારેલું બધું ઊંધું વળતાં કલ્પાંત થાય એને ય વાજબી લેખે છે ! કલ્પાંતનો પ્રસંગ પોતાની ભૂલથી છે, એ તરફ દૃષ્ટિ વધુ જવાને બદલે બીજાની ભૂલ તરફ દૃષ્ટિ જાય છે 'પૂર્વે હરખ કર્યો માટે આ કલ્પાંત ઊભો થયો તેથી મૂળમાં એ હર્ષ જ ખોટો' એવું એને લાગતું નથી. 'મનમાન્યું બગડી જતાં કલ્પાંત તો થાય જ ને ? એમ એને કલ્પાંત કરવો ખોટો છે એવું લાગતું નથી. આ બધી મોહદૃષ્ટિની લીલા છે. ધર્મદત્તની માતા એમાં ફસાયેલી હોઈ હવે લોહીના આંસુ સારે છે. હજી પણ એને મોહદૃષ્ટિ મૂકવા તરફ



લક્ષ નથી.'

**જ્ઞાનદૃષ્ટિની બલિહારી :-**

ત્યારે બાપ જ્ઞાનદૃષ્ટિવાળો છે એટલે એણે તો પહેલેથી પત્નીને ચેતાવી દીધેલી કે 'કાંક આડું અવળું કરવા જઈશ, તો અંતે પસ્તાવાનું થશે.' પણ એણે માન્યું નહિ, પરિણામ ખતરનાક આવ્યું, તો બાપ 'જેવા ભાવિભાવ,'-એમ વિચારી મગજ સમતોલ રાખે છે. એ કર્મની વિચિત્રતા જુએ છે અને જીવોની કરુણા ભાવે છે. એને કોઈ કલ્પાંત નથી કે 'હાય ! આને ઉછેરી પાળી-પોષી મોટો કર્યો ને હવે એ પેટ પર પાટું મારે છે ?' જ્ઞાનદૃષ્ટિ છે તેથી ભવિતવ્યતા, કાળ, સ્વભાવ, કર્મ અને પુરુષાર્થ એ પાંચ કારણોને પ્રસંગ પ્રસંગમાં કોઈની મુખ્યતા અને બીજાની ગૌણતા સમજે છે. એના પર વિચારે છે એટલે બનતા બનાવો પર મધ્યસ્થ દૃષ્ટિ રાખી શકે છે. કોઈ આકુળતા-વ્યાકુળતા કરવાની છે નહિ. માત્ર જ્યાં જેટલો સત્ પુરુષાર્થ શક્ય હોય એટલો કરી લેવાની વાત છે. પરિણામ પાંચે કારણના સમૂહ-જજમેન્ટની દૃષ્ટિએ તોલવાનું છે. પછી આકળા ઉતાવળા થવાનું અનુચિત સંકલ્પ વિકલ્પ અને દુર્ધ્યાન કરવાની જગા જ ક્યાં રહી ?

**પાંચ કારણના જજમેન્ટ પર સમાધિ :-**

**દુર્ધ્યાનથી બચી શુભધ્યાન અને સમાધિ જાળવવા માટે આ એક સુંદર ઉપાય છે કે ભવિતવ્યતા આદિ પાંચ કારણ પર દૃષ્ટિ રાખવી, પાંચમાં મુખ્યપણે અમુકનું અને ગૌણપણે બીજાનું જજમેન્ટ, ચુકાદો, પરિણામ એ જ ભાવે એ લક્ષમાં લેવું.**

**કર્મ પ્રધાન :-**

દા.ત. બજારમાં મહેનત બહુ કરી પણ ધંધો થયો નહિ કે થયો પણ તેવો નફો થયો નહિ, તો ત્યાં જોવાય કે 'આમાં મુખ્યપણે પુણ્યોદય કામ કરે છે, એ અનુકૂળ નહિ એટલે એવું ફળ ન આવે એ સહજ છે.' નહિતર બજારમાં અમુક વેપારની તક આવી, એ તો બધાને માટે ખુલ્લી પડી છે, છતાં એકને બુદ્ધિમાં બેસે છે ને એ સોદો કરે છે, ત્યારે બીજાને બુદ્ધિમાં બેસતું નથી એટલે એ સોદો નથી કરતો; અને ત્રીજો વળી ઊંધું જ વેતરણ કરે છે, આવું કેમ ? ત્યાં કહેવું જ પડે કે પુણ્ય-પાપના ઉદય તેવી તેવી બુદ્ધિ સુઝાડે છે. માણસ એનો એ છતાં એને એક વખતે પાપોદયે બુદ્ધિમાં ઊંધું બેસી અવળો સોદો કરીને ગુમાવનારો, પછી વળી પુણ્યોદય જાગતાં બીજાને બુદ્ધિમાં ન બેસે એવું એને સવળું બેસી સોદો કરતાં કમાઈ પડે છે. માણસ બુદ્ધિશાળી એનો એ પણ એકવાર ઠીક બુદ્ધિ ન ચાલે, બીજીવાર ચાલે. એ પાપ-પુણ્યના ઉદયને લીધે નહિ તો બીજા શાના લીધે ? માટે

ત્યાં કમાઈ પડતાં કે ખોટ ખાતાં જો પ્રધાન દૃષ્ટિ પુણ્ય-પાપના જજમેન્ટ પર રખાય, તો ચિત્તને હરખનો ઉન્માદ કે ઉદ્વેગની દીનતા-રાંકડાગીરી કરવાની રહે નહિ.

**નિમિત્ત બળવાન :-**

અલબત્ત બજારના સંયોગ પ્રતિકૂળ હોય બીજાઓની પણ સલાહ થોભી જવાની હોય, છતાં ખોટા સાહસનો પુરુષાર્થ કરે તો ત્યાં બળાત્કારે પાપોદય તાણવા જેવું બને છે અને પૈસા ગુમાવે છે. એ વખતે દુઃસાહસનું એજ જજમેન્ટ હોવાનું મન પર લે, તો 'બન્યું તે બન્યું' ખેદ કરવાની જરૂર નહિ. એમ ખરાબ નિમિત્ત મળવામાં પણ એમ બને, દા.ત. અતિવિશ્વાસમાં સારો માની રાખેલો ભાગીદાર કે ગુમાસ્તો ઠગાઈ કરી જાય, આગ લાગી જાય, વગેરે અને ગુમાવવાનું થાય, તો ત્યાં ખરાબ નિમિત્તો આપણા પાપોદયને તાણી લાવ્યા કહેવાય એટલે ત્યાં નિમિત્તનું જજમેન્ટ માની ઉદ્વેગ કરવાની જરૂર નહિ.

**સ્વભાવની પ્રધાનતા :-**

એમ, બાળપણથી છોકરાને સારા સંસ્કાર નાખવાનો પ્રયત્ન કર્યો, છતાં અભવી જેવા એનામાં પરિણામ ન દેખાયું, તો સીધો હવાલો 'સ્વભાવ' ના ખાતે નાખવાનો. એ જીવનો એવો જ સ્વભાવ, એ જીવદળ જ એવું કે નિમિત્તોને નાકામિયાબ બનાવે. એટલે એ સ્વભાવનું જજમેન્ટ આવ્યું. મગ રાંધ્યા, પણ એવા કોક કોરડું મગ ચઢ્યા જ નહિ, ત્યાં કોણ ખેદ કરે છે કે હાય આ કોરડું ચઢ્યા નહિ ? ત્યાં તો સીધું જજમેન્ટ મૂકાય છે કે એ ચડે જ નહિ એનો સ્વભાવ જ એવો છે, સ્વભાવ પર દ્વેષ ન કરાય એમ અભવી જેવા છોકરા પર દ્વેષ ન કરાય. ભલે આપણી મહેનત બહુ થઈ પણ એનો એવો સ્વભાવ હોય તો ફળ ન આપે.

**પુરુષાર્થ પ્રધાન :-**

એથી ઊલટું, સ્વભાવ સારો છે, કિન્તુ પ્રયત્ન અવળો છે, તો પ્રયત્ન મુજબ ફળ આવે એ સહજ છે. ધર્મદત્તમાં એવું બન્યું. એની માતા નિમિત્ત બની અને એથી એણે પુરુષાર્થ અવળો કર્યો એટલે એ પ્રમાણે ફળ આવીને ઊભું રહ્યું કે આજે એ વેશ્યામાં મુગ્ધ બનેલો તે બાપ મરવા પડ્યા છતાં એને મરી ગયા પછી પણ ઘરે આવવા તૈયાર નથી ! કારણ પુરુષાર્થ પ્રમાણે કાર્ય બન્યું ત્યાં દ્વેષ ખેદ કોના પર કરવો ?

**પ્ર.**- પેલા છોકરામાં એના ખરાબ સ્વભાવે કામ કર્યું અને આ ધર્મદત્તમાં એનો સારો સ્વભાવ છતાં કાર્ય ન થયું એવું કેમ ?

**ઉ.**- પાંચ કારણોમાં તેવા તેવા પ્રસંગે અમુક અમુક કારણ મુખ્ય હોય છે, અમુક ગૌણ એટલે મુખ્ય કારણ પોતાને ભાવ ભજવી જાય એવું બને છે. ખરાબ



સ્વભાવવાળાને સ્વભાવની ખરાબી એટલી જોરદાર છે કે સારા પ્રયત્ન નિર્બળ બની રહેવાથી ગૌણ રહે છે, તેથી કાર્ય ન થાય. ધર્મદત્તનો સારો સ્વભાવ સારા પ્રયત્નમાં અધિકાધિક સારું ફળ લાવે એ સૂચવે છે કે ત્યાં પ્રયત્નની મુખ્યતા છે. તેથી અવળો પુરુષાર્થ મુખ્ય રહી પોતાનું કાર્ય દેખાડી જાય એ સહજ છે. મૂળ સ્વભાવની અનુકૂળતા હોય તો પ્રયત્ન-વિશેષથી કાર્ય વિશિષ્ટ બને છે, એ હકીકત છે કુંભાર માટી પર જેટલો સારો પ્રયત્ન કરે એટલા પ્રમાણમાં ઘડો સારો બને છે; પરંતુ રેતી પર એનો પુરુષાર્થ નિષ્ફળ જાય છે. કેમકે એનો મૂળ સ્વભાવ જ ઘડો બનાવામાં અનુકૂળ નથી.

આત્માના ગુણ-દોષમાં આવું બને છે. મૂળભૂત સ્વભાવ સારો હોવા પર હવે પ્રયત્નની મુખ્યતા છે. પ્રયત્ન વિશિષ્ટ વિશિષ્ટ કરાયે જાય, તો કાર્ય તેવું વિશિષ્ટ વિશિષ્ટ બનતું આવે છે. ગુણો યા દોષો વિકસ્વર થતા જાય છે. અભવીને સ્વભાવ મૂળમાં જ પ્રતિકૂળ છે, તો પ્રયત્નનું કાંઈ વળે નહિ. ભવ્યમાં મૂળ સ્વભાવ સારો છે, તો કાળ ભવિતવ્યતા અને કર્મની અનુકૂળતા બની આવવા પર હવે સત્પુરુષાર્થ જેટલો વિશિષ્ટ, એટલું હવે સારું ફળ વિશિષ્ટ આવતું જાય છે. મોક્ષમાર્ગમાં જીવ આમ જ આગળ વધતો જાય છે. ત્યાં પ્રયત્નની મુખ્યતા રહે છે. એથી જજમેન્ટ એના પર આધારિત રહે છે.

**આમ, આત્મહિતમાં પુરુષાર્થ પ્રધાન હોવાથી નિમિત્તો આલંબનો એના એ જ છતાં આંતરિક પુરુષાર્થ જેટલો વિશિષ્ટ કરાય, તે પ્રમાણે વિશિષ્ટ આત્મહિત સિદ્ધ થતું આવે છે.** દેવદર્શન-પૂજન, નવકારસ્મરણ વગેરે આલંબન એનું એ; પણ અંતરનો ભાવપુરુષાર્થ જેટલો વધુ વિકસ્વર, એટલું કલ્યાણ વિશેષરૂપનું સિદ્ધ થાય. માટે કહેવાય છે કે,

**ક્રિયાને ભાવ આપો.** જેટલી ભાવ આપવાની મહેનત, એટલું ફળ વિશિષ્ટ કોટિનું આવવાનું. શાલિભદ્રના જીવે સુપાત્ર દાન તો માત્ર એકવાર અને માત્ર થાળીખીરનું આપેલું, પરંતુ એણે એ દાનક્રિયાને ભાવ ઊંચો આપ્યો, ગુરુ પર અત્યંત બહુમાન અને ઉપકાર તરીકેની બુદ્ધિ ધરી, દાન પર ઊછળતો ઉલ્લાસ રાખ્યો, પછી એની ભારોભાર સતત અનુમોદના રાખી આ બધો ભાવ આપવાનો પુરુષાર્થ ઊંચો, તેથી ફળમાં નિત્યનવી નવાણું દેવતાઈ પેટી અને દેવાંગનાસમી બત્રીસ રમણીઓની સમૃદ્ધિ મળી એતો સામાન્ય ફળ ! પણ પછી એને એકાએક છોડી દઈ ઊંચું ફળ આવ્યું. એમાંય કઠોર તપસ્યા સંયમ અને અંતિમ અનશન સુધીના આત્મકલ્યાણ ઊભા થયાં ! એ બધું પૂર્વના ભાવ આપવાના પુરુષાર્થને આભારી છે.

**ભાવ કેટલો આપવો એ આત્માની પોતાની સમજ અને ગરજને આધિન છે.** સમજ આ કે 'એકલી ક્રિયાથી ઊંચું ફળ નહિ આવે, પણ સાથે ભાવની ઉચ્ચતા જોઈશે. ક્રિયા સાથે ભાવના ટકા પર ફળના ટકા બેસવાના.' આ સચોટ સમજ ઉપર ગરજ એ, કે 'લાવ આ ભાવોલ્લાસ વધતો રાખવાનું કરું. દુનિયાને રીઝવવાની કે રાબેતા મુજબ ચલાવવાની જરૂર નથી. એનાથી પ્રગતિ નહિ થાય. મારે તો મારા ભાવ ઊછળતા રાખવાના છે. જો દુનિયામાં ભાવ આપી શકું છું તો અહીં કેમ ન આપી શકું ? ખરું તો દુનિયામાં ભાવ ઓછા કરી, આત્મહિતકર ક્રિયાઓ વસ્તુઓમાં ભાવનો વેગ વધારતો જાઉં ! બસ, પોતે જો આ સમજ અને ગરજ વધારતો જાય, તો ભાવનો પુરુષાર્થ વિકસ્વર કરવો સહેલો છે.'

**કાળની પ્રધાનતા :-**

પાંચ કારણના જજમેન્ટની વાત ચાલે છે. એમાં કાળની પણ મુખ્યતા રહે છે. ગર્ભ નવ મહિને જ તૈયાર થાય છે. કેરી વગેરે ફળફુલ અમુક ઋતુમાં જ બેસે છે. ઠંડી, ગરમી, વરસાદ વગેરે ભાવો તે તે ઋતુકાળે જ ફાલેફુલે છે. આ કાળની મુખ્યતા સૂચવે છે એમ, જીવ જ્યાંસુધી ચરમ (છેલ્લા) પુદ્ગલ પરાવર્તકાળમાં ન આવ્યો હોય ત્યાંસુધી જીવનો ભવ્યત્વ સ્વભાવ, અને મળતા ઉત્તમ દેવગુરુ વગેરેના આલંબનોની પુણ્યાઈ તથા એનો ઠેઠ ચારિત્ર પાળવા સુધીના પુરુષાર્થ કશું જ ફળ અર્થાત્ લેશ પણ આત્મહિતનો વિકાસ સાધી શકતા નથી. એ તો ચરમાવર્તમાં જ ફળે છે; એ કાળની અગત્ય સૂચવે છે.

પરંતુ કાળ અનુકૂળ મળ્યા પછી અન્ય ભવમાં એવો આત્મવિકાસ ન સાધી શકે અને મનુષ્યભવમાં સાધી શકે, એમાં પુણ્યાઈ વધુ જવાબદાર છે. પુણ્ય કર્મ એને અનુકૂળ સામગ્રી મેળવી આપે છે. કાળ અને અનુકૂળ સામગ્રી મળી આવ્યા પર હવે જીવનો પુરુષાર્થ પ્રધાન રહે છે, એ જેટલો જોરદાર, એટલું ફળ વિશિષ્ટ આવવાનું; એટલું આત્મહિત અધિકાધિક સાધવાનું; કલ્યાણ થવાનું; **જો કાળ અને સામગ્રી મળવા છતાં ગલ્લાં તલ્લાં કર્યા, તો રખડી પડ્યા ! પછી કોઈ બચાવવા નહિ આવે.** પુરુષાર્થ પર જજમેન્ટ છે. માટે પુરુષાર્થ ખૂબ અજમાવ્યે જવો.

**બાધક સંયોગમાં ધર્મપુરુષાર્થ કેવી રીતે ? :-**

ત્યારે અમુક પ્રકારનો ધર્મપુરુષાર્થ અજમાવવો છે, પણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ બાધક છે, તો ત્યાં ભવિતવ્યતા બળવાન માનવી. એવા અવસરે જ્યાં અનુકૂળ ભવિતવ્યતા હોય એ દિશાનો પુરુષાર્થ અજમાવવો. એ તો કરવું જ પડે ને ? એક બજારમાં અનુકૂળતા ન હોય તો બીજા બજારમાં મહેનત કરવી પડે, દા.ત. આજે મનુષ્યભવ તો મળ્યો પણ ભવિતવ્યતા વશ અહીં ભરત ક્ષેત્રમાં મળ્યો, મહાવિદેહમાં



નહિ, તેથી વિચરતા ભગવાન ન મળ્યા, એટલે એમનાં દર્શન અને વાણી શ્રવણ પ્રશ્નસમાધાન વગેરે મળ્યું નહિ; એટલે એ દિશાનો પુરુષાર્થ અશક્ય થયો. છતાં જિન-મૂર્તિ અને જિનાગમ તો અદ્ભુત મળ્યા જ છે, પછી આ દિશામાં પુરુષાર્થ જોરદાર કેમ ન બનાવવો ? ભવિતવ્યતા આમાં પ્રતિકૂળ નથી. જીવને અહીં જ વાંધા નડે છે. એ મૂર્ખને સંસારના અનુકૂળ ક્ષેત્રમાં પાપપુરુષાર્થ ભરચક કરવા છે, પણ ધર્મના અનુકૂળ સંયોગો મળવા છતાં ધર્મપુરુષાર્થ ઝગમગાવવા નથી તેથી 'ભવિતવ્યતા અનુકૂળ નથી,' 'વિચરતા ભગવાન નથી મળ્યા,' 'પુણ્યાઈ નથી,' 'ઉદય જાગ્યો નથી,'-વગેરે વગેરે ખોટાં બહાનાં કાઢે છે, પરંતુ એમાં ગુમાવવાનું કોને ? અને શું એ બહાનાં પર કર્મ માફી આપશે ?

આપણી વાત એ હતી કે ધર્મદત્તનું જીવન બગડી ગયું, માતાને કલ્પાંતનો પાર નથી, પણ પિતાને એ નથી, કેમકે પાંચ કારણના જજમેન્ટ પર દૃષ્ટિ છે, તેથી પોતાના અંતકાળે એ અસાધ્ય પ્રસંગ પર ઉદાસીન રહી એ પોતાના ચિત્તની સમાધિ જાળવી શકે છે;

**ચિત્તની સમાધિ જાળવવા અને પાપીષ્ઠ આર્તધ્યાનથી બચવા માટે પાંચ કારણના ફેંસલા પર દૃષ્ટિ રાખવી.** એ ઉપાય બહુ મજેનો છે.

આપણે મન ગમે તેમ ચલાવીએ પણ બની ગયેલા પ્રસંગો કે કર્માનુસાર યા ભવિતવ્યતાનુસાર બનનાર પ્રસંગોમાં શો ફેર પડે છે ? કશો જ નહિ; પછી નાહક મનને આડે રસ્તે ચડાવવાની શી જરૂર ? એમ કરીને નાહક ખોટા સંકલ્પ વિકલ્પ, નિષ્ફળ સંતાપ, રોષ-રાગાદિકષાયો આર્તધ્યાન વગેરેમાં શા સારું પડવું ? શા માટે હાથે કરીને બધાને મહા કિંમતી મન ઘરમાં ઘાલવા ?

**ઝટ દૃષ્ટિ પાંચ કારણ પણ લઈ જવી, અને જોવું કે બનેલ કે બનનાર પ્રસંગ ક્યા કારણને મુખ્યપણે અનુસરનારો છે ?**

જો કાળ, સ્વભાવ, કર્મ કે ભવિતવ્યાતરૂપી કારણનું ફળ હોય તો એમજ વિચારવું કે 'એથી એમજ બને એમાં મારી દખલ-દરમ્યાનગીરી ક્યાં ચાલી શકે એવી હતી ? પછી માથાફોડી શા સારુ કરવી ? એની પ્રત્યે તો ઉદાસીનભાવ જ રાખવો.'

ત્યારે જો મુખ્યપણે પુરુષાર્થ કારણ હોય, અને એ અવળો બનવાથી ખોટું કાર્ય થયું હોય તો હવેથી મારે એવાં નિમિત્ત વખતે કાળજી રાખી અવળો પુરુષાર્થ ન થવા દેવો. એમ હવે બનનારા પ્રસંગ વખતે સત્ પુરુષાર્થનું ધ્યાન રાખવું.

બસ, આ નિર્ણય લઈ પછી મનને બીજા સારા વિચારમાં જોડી દેવું. દા.ત.

**● સારા વિચાર કરવા હોય તો અનેક પ્રકારના છે. ●**

(૧) માનવભવ અને અનેક જાતની પુણ્યાઈ જે પ્રભુના પ્રતાપે પામ્યા છીએ એમનો વારંવાર આભાર માનવો કે 'પ્રભુ ! તમારો કેટલો બધો ઉપકાર, કે તમારા મહાન પ્રભાવે હું આ બધું અદ્‌ભુત પામ્યો ! નાથ ! હું તમારો અતિશય આભારી છું. ઉપકૃત છું, કોટિ કોટિ ધન્ય તમારી કૃપાને.'

(૨) 'અરિહંતા મે સરણં, સિદ્ધા મે સરણં, સાહૂ મે સરણં, કેવલિપન્નત્તો ધમ્મો મે સરણં'-એ શરણસ્વીકાર સાચા ભાવપૂર્વક રટી શકાય.

(૩) પરમાત્માને પ્રાર્થના કરી શકાય કે 'પ્રભુ ! તારા પ્રભાવે સુખસમૃદ્ધિભર્યા પણ આ કથિર સંસારની બહુ બહુ રીતે નિર્ગુણતા જ મને ભાસ્યા કરો. એના પર કંટાળો જાગે; અને એ જીવંત જાગ્રત રહો. જીવન તત્ત્વનુસારી બનો. વસ્તુના તત્ત્વની યાને સાચા સ્વરૂપ અને ઊંડો મર્મની દૃષ્ટિવાળું થાઓ. પ્રભુ ! સમાધિકારક સાધનો પ્રાપ્ત થાઓ. કોઈનાય ચિત્તને ક્લેશ પમાડે એવું મારાથી વર્તન ન થાઓ હે તારકદેવ ! મારે કૃતજ્ઞતાનું વિશેષ વિશેષ પાલન થયા કરો, સેવા અને પરોપકાર જીવનમાં મુખ્ય બનો, વ્યસનરૂપ બનો. સદ્‌ગુરુનો સમાગમ-પરિચય, હિતવાણીનું શ્રવણ અને જીવનમાં તેનો શક્ય અમલ બનો... નાથ ! મારા દોષો હ્રાસ પામો અને ગુણો-સુકૃતો-સદ્‌નુષ્ઠાનોથી જીવન ભર્યું ભર્યું રહ્યા કરો...' આવી આવી પ્રાર્થના વિચારી શકાય.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૪,અંક-૨૨,તા.૧૯-૨-૧૯૬૬**

(૪) જન્મ-જન્માંતરના અનેકવિધ દોષ-દુષ્કૃત્યોની ગર્હા નિંદા દુગંછા કરી શકાય; એનો સંતાપ અનુભવાય; એનાં બીજભૂત ક્યા ક્યા મૂળદોષ છે એની શોધ કરાય; અને એ મૂળદોષ ઉપર તીવ્ર તિરસ્કાર કરી એને કેમ મોળા પાડવા, એ વિચારી શકાય.

(૫) કરેલી-જાણેલી તીર્થયાત્રાઓ યાદ કરી 'જાણે આપણે સાક્ષાત્ ત્યાં પહોંચી ગયા છીએ અને ક્રમસર યાત્રા-પૂજા-સ્તવના કરીએ છીએ ?' એમ વિચારી શકાય.

(૬) ઠેઠ દેવાધિદેવ સુધીના મહાન આત્માઓનાં સુકૃત તથા સાત્ત્વિક જીવન પ્રસંગો યાદ કરાય; એના પર હૃદય ઓવારી જાય, એની ભારોભાર અનુમોદના કરાય.

(૭) તત્ત્વની વિચારણા કરી શકાય. જૈન શાસ્ત્રો જીવાદિતત્ત્વની વિચારણાને બહુ મહત્ત્વ આપે છે, એટલે સુધી કે એ તત્ત્વવિચાર, હૃદયની ખૂબ શ્રદ્ધા-આસ્થાપૂર્વક થતાં થતાં, એટલો ગાઢ બની જાય છે કે દિલ તત્ત્વથી રંગાઈ જાય, તત્ત્વપરિણત



તત્ત્વની પરિણતિવાળું થઈ જાય, તત્ત્વથી ભાવિત બની જાય પછી એનો જગત સાથેનો વ્યવહાર તત્ત્વદૃષ્ટિવાળો હોય, તત્ત્વબોધનું એમાં પ્રતિબિંબ પડે, કહો કે એ બધું તત્ત્વના ઢાંચામાં ઢળે દા.ત. વેપાર-ધંધો ચાલી રહ્યો છે, 'એ આશ્રવ ચાલી રહ્યો છે,' એમ બરાબર ખ્યાલમાં હોય. એમ ક્યાંક ગમ ખાવાની આવી તો સમજે કે 'આ ક્ષમા નામનો સંવર ધર્મ થયો. ચાલો કાંઈ ખોટમાં કામ નથી.' એમ ધંધો-વેપાર અને ઘરકામના પ્રસંગોમાં દેખાતું હોય કે આમાં કેટલાય ત્રસ-સ્થાવર જીવોના સંહારના પ્રસંગ આવે છે, એ હિંસાઆશ્રવ ચાલુ છે. એમ સોનું ચાંદી કે બંગલા મોટર યા મેવા મિષ્ટાન્ન પણ અજીવતત્ત્વ છતાં એકેન્દ્રિય જીવોના જડ કલેવર તરીકે એને ભાસે.

**તત્ત્વભાવિત મતિનો પ્રભાવ :-**

જો આવી તત્ત્વપરિણતિ-તત્ત્વભાવિતતા વર્તતી હોય પછી ક્યાં એને જીવો પર નિર્દયતા, સોનું આદિ અજીવ પર મોહ, વગેરે થાય ? ગમ ખાવી એટલે કે ક્ષમારૂપી સંવર કમાવામાં ક્યાં ગ્લાની લાગે ? ધંધારૂપી હિંસાઆશ્રવમાં એને શી હોંશ કે બહાદુરી લાગે ? ઊલટું અંદરખાને ગ્લાની હોય કે આવા આશ્રવ ક્યાં સુધી સેવવાના ? તત્ત્વથી ભાવિત દિલની આ વાત છે, એમાં કર્મબંધ અલ્પ પડે, કુસંસ્કારો અને પાપની આસક્તિઓ મોળી પડતી આવે. સંસારમાં રહેવા છતાં, જાણે કમળ જળથી ન્યારું, એની જેમ રહે.

**જીવાદિ ૯ તત્ત્વ :-**

મૂળ, આ બધું તત્ત્વભાવિત દિલ પર બને છે. અને દિલને તત્ત્વોથી એવું તત્ત્વભાવિત કરવા માટે મનમાં વારંવાર જીવાદિ નવ તત્ત્વની વિચારણા જરૂરી છે એ વિચારણામાં.

(૧) જીવોના અનેક પ્રકારના ભેદ, એમની કેટકેટલી ઈન્દ્રિયો-પ્રાણ-પર્યાપ્તિ-યોનિ-શરીરમાન-આયુષ્યમાન (ભવસ્થિતિ), કાયસ્થિતિ વગેરે આવે.

(૨) અજીવ ધર્માસ્તિકાયાદિ તથા પુદ્‌ગલવર્ગણાઓ એનાં ગુણધર્મ પરાવર્તન, કાળ-સ્વભાવ...આદિ પાંચ કારણોનો એના પર પ્રભાવ, વગેરે આવે.

(૩-૪) પુણ્ય-પાપના કેટલા કેટલા પ્રકારો છે, કેવાં કેવાં રૂપકો છે, શી શી અસરો છે, ઈત્યાદિ વિચારાય.

(૫) આશ્રવના પ્રકારો મિથ્યાત્વ, ઈન્દ્રિયો, કષાયો, અ-વ્રત (અવિરતિ), શુભાશુભ યોગમન-વચન-કાયાની પ્રવૃત્તિ, ક્રિયાઓ-એ બધું વિચારાય. એ આશ્રવોનાં સ્થાન, સાધનો, નિમિત્તો, કેવાં કેવાં ઊભાં થાય છે. ઈત્યાદિ ઘણી બાબતો વિચાર શકાય.

(૬) એમ સંવરના ૫૭ ભેદ વિચારાય. કયા કયા એના પ્રસંગ આવે, અથવા આશ્રવનાં સ્થાનમાં કેવી સિફતથી તે તે સંવરને ઘાલી શકાય, એનો દાખલાવાર ઘાટ વિચારાય. દા.ત. ધંધો કરાય એ આશ્રવ; પરંતુ એમાં સત્ય-દયા-પ્રામાણિકતા પર મુખ્ય દૃષ્ટિ રાખી એ સંવર ઘાલ્યો કહેવાય; એમાં કાંઈ દાન દીધું એટલો ત્યાગ કર્યો એ સંવરનો પ્રવેશ થયો.

(૭) એ પ્રમાણે કર્મના બંધ, બાહ્ય-આભ્યંતર તપમય નિર્જરા અને મોક્ષ તત્ત્વનો વિસ્તારથી વિચાર કરી શકાય. કર્મોના પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસબંધ, પ્રદેશબંધ, કર્મના ભેદ-પેટાભેદ, ગુણસ્થાનકોમાં કર્મના બંધ-ઉદય-ઉદીરણા-સત્તા વગેરે, કર્મનાં સંક્રમણ-ઉદ્વર્તના-અપર્વતના ૬૨ માર્ગણાસ્થાનોમાં કે જીવોના ૫૬૩ ભેદમાં ક્યા ક્યા ગુણસ્થાનક અને ત્યાં ત્યાં કયા કયા કર્મના બંધ-ઉદય વગેરે હોય તે વિચારાય.

(૮) નિર્જરામાં તપના ૬ બાહ્ય, ૬ આભ્યાન્તર મૂળ પ્રકાર, એના ઉત્તરભેદ, એ એ કયા કયા કેવી રીતે સ્થાન પામી શકે; કેવી કેવી કુશળતાથી બંધના સ્થાનમાં નિર્જરા દાખલ કરી શકાય. દા.ત. જમવા બેઠા પણ ઊનોદરી તપનો કે રસત્યાગ-દ્રવ્યસંક્ષેપનો વિચાર અને અમલ રાખ્યો, તો બંધના સ્થાને નિર્જરા ઘાલી કહેવાય; આ બધું વિચારી શકાય.

(૯) એમ મોક્ષતત્ત્વ વિચારતાં સંસારની એકેક વિષમતા કઈ કઈ અને તે ત્યાં નથી, દા.ત. રોગો કયા કયા, ઈષ્ટ-અનિષ્ટ કેવા કેવા, બંધનો પરાધીનતાઓ કઈ કઈ અને તે મોક્ષમાં નથી, એ બધાનો વિગતવાર વિચાર થાય. એથી જ સિદ્ધ મુક્ત બનેલ જીવોને કેવી અનંત ચિરશાન્તિ છે, વગેરે વિચારાય. જન્મ-જરા-મરણ, ખેદ-ઉદ્વેગ-શોક, ચિંતા-સંતાપ-પશ્ચાત્તાપ, વગેરે જગતમાં કેવાં કેવાં દુઃખ છે, અને તેનો મોક્ષમાં કેવો સદંતર અભાવ છે. એ બધું વિચારાય.

સારા વિચારો કરવા છે ? તો બોલો, આ બધાના વિચાર ક્યાં ઓછા છે ? **માનસિક વિચારસરણી જ એવી બની જાય કે કોઈપણ વિચાર ઉદ્ભવ્યો કે એને નવ તત્ત્વના ગમે તે ઢાંચામાં ઢાળે.**

**૧૨ ભાવના :-**

(૧૦) શુભ વિચારો કરવા માટેનો એક સુંદર વિષય બાર ભાવનાનો છે. બાર ભાવનાની એક લીટી યાદ રાખવાની. **અનિત્યાશરણ સંસાર, એકત્વાન્યત્વાશુચિત્વ, આશ્રવ-સંવર-નિર્જરા, લોકબોધિ-ધર્મ.**

(1) આત્માની બહારના જગતના સંયોગ અને અંદરના કર્મ-વાસના-રાગાદિસંયોગ બધા જ અનિત્ય છે એના પર શો મદાર બાંધવો ?



(2) જીવને મરણ-પરલોકગમન-રોગ-આપત્તિ વગેરે વખતે કોઈ જ જડ-ચેતન શરણભૂત થતું નથી તો એના ભરોસે આત્મહિત શા સારુ ગુમાવવું ?

(3) સંસારના સગાઈસંબંધો વિચિત્ર છે, પરાવર્તનશીલ અને જૂઠા છે. એની મમતા શી ?

(4) જીવ એકલો જ જન્મે છે, એકલો મરે છે, એકલો સ્વતંત્ર કર્મ બાંધે છે, એકલો કર્મફળ ભોગવે છે, એકાકી પરલોકે જાય છે. એવી પોતાને જ સંભાળવાની જાત કેમ ભૂલે ?

(5) શરીર, કુટુંબ, માલમિલકત વગેરે બધું જ જીવથી તદ્દન જુદું છે. એના પર રાગ ખોટો.

(6) શરીર ઉત્પત્તિમાં, સ્વ-પોષણમાં સ્વરૂપમાં અને એના કાર્યમાં અપવિત્ર છે. એને બહુ સાફસુફ રાખવામાં પડી, આત્મશુદ્ધિ કરવાનું કાં ચૂકવું ?

(7) ઈન્દ્રિયો-અવ્રત-કષાયો વગેરે આશ્રવ યાને આત્માને કર્મથી બાંધનારા અને ખતરનાક દુઃખ લાવનારા છે.

(8) સમિતિ-ગુપ્તિ-પરિષહ વગેરે અર્થાત્ ગમનાગમન-બોલચાલ વગેરેમાં જીવરક્ષા-સત્ય વગેરેની સાવધાની, અશુભ વિચાર-વાણી-વર્તાવ પર અંકુશ ક્ષુધા-રોગાદિનું સહર્ષ સહન, ક્ષમાદિ ધર્મનું બરાબર આચરણ ઈત્યાદિ સંવર છે એ મહા સુખદ ફળદાયી છે.

(9) અશનત્યાગ, ઊનોદરી, રસત્યાગ, આદિ બાહ્ય અને પ્રાયશ્ચિત્ત-વિનય-વૈયાવચ્ચ આદિ આભ્યન્તર તપ અદ્ભુત કર્મક્ષય કરે છે.

(10) વિરાટ ૧૪ રાજલોકની વિસ્તૃત પરિસ્થિતિ,

(11) બોધિ યાને સમ્યગ્દર્શનાદિ જિનધર્મ અતિ દુર્લભ છે, જો એનો અહીં થયેલ યોગ સાધી લેવો ગુમાવ્યો, તો ફરી ક્યાં મળવાનો ?

(12) અહો ! સર્વજ્ઞ ભગવંતોએ કેવો વિશ્વહિતકારી મંગળમય ધર્મ કહ્યો છે !

આ બાર ભાવનાના વિષય પર વિસ્તૃત-વિગત-દૃષ્ટાન્ત-દલીલવાર હૃદયસ્પર્શી વિચાર કરી શકાય.

સારા વિચારો કરવા છે ? પાપ વિચારો, મફતિયા વિચારોથી બચવું છે ? અટકાવવા છે ને એથી અટકશે, જરૂર અટકશે પણ સારા વિચારો ધોધમાર કરવાથી, એ કરાશે તો એનો અભ્યાસ પડી જવાથી સહેજે પછી સારા વિચારો મનમાં આવ્યા કરશે, અને ત્યાં ખરાબ વિચારો મનમાં આવ્યા કરશે, અને ત્યાં ખરાબ વિચારોને જગા નહિ મળે મન તો એક જ છે, એકી વખતે એ એક કામ કરશે,

સારું કે ખોટું. સારું કામ એને આપો એટલે ખોટું અટક્યું સમજો.

**પ્ર.-પણ ખોટું અટકે તો જ સારું આવે ને ?**

**ઉ.**- એવો એકાંત નથી. નહિતર અનાદિ અનંત કાળની વાસનાઓ વશ ખોટું તો ચાલ્યા જ કરવાનું, તો સારું આવશે જ નહિ તો સારા બનવાનું કદી નહિ થાય, પછી મોક્ષની વાત શી ? પણ આજે ય સારા પુરુષો સારા જ વિચાર કરનારા દેખાય છે ને ? એ શી રીતે બન્યું ? કહો, મન દઈને, ચીવટ-ચોકસાઈ રાખીને બળપૂર્વક સારા સારા વિચાર કરવાથી ખોટા વિચાર અટકાવતા ગયા; ને બહુ અભ્યાસથી નામશેષ થઈ ગયા.

**આચાર-વિચારને પરસ્પર અપેક્ષા :-**

**પ્ર.**- પણ અમારે તો આચાર જ ખોટા હોય કાયા-કંચન-કુટુંબ-કીર્તિના જ હોય, પછી વિચાર સારા ક્યાંથી આવે ! આચાર તેવા વિચાર.

**ઉ.**- એ સાચું છે માટે તો સારા આચાર જીવનમાં દાખલ કરવા જોઈએ. એટલે આચાર તેવા વિચાર ઘડાશે, ગતિ તેવી મતિ સૂઝશે, જેવી ચાલ તેવી બુદ્ધિ બનતી આવશે. પરંતુ સાથે આ પણ ધ્યાન રાખવાનું છે કે આમાંય એકાંત નથી કે પહેલાં આચાર સુધરે. પછી જ વિચાર સારા આવે કેમકે વિચાર સુધારવાથી ય આચારો સારા થતા આવે છે. જેમ આચાર તેવા વિચાર, એમ વિચાર તેવા વર્તાવ કહેવાય છે ને ? કહો છો ને કે હૈયે તેવું હોઠે, એટલે ? એ જ કે હૈયામાં જેવો વિચાર રમે છે તેવું વાણીના આચરણમાં ઊતરે છે, તો એનો અર્થ એ થયો ને કે પહેલો વિચાર, અને પછી એના આધાર ઉપર વાણીનો આચાર રચાયો ? એટલે વિચાર સુધારો તો આચાર પણ સુધરતા આવે ને ?

માટે બંને બાબત પર લક્ષ રાખવાનું છે. આચાર પણ સુધારતા જવાનું અને વિચાર પણ સારા કરતાં રહેવાનું. એકની અસર બીજા પર પડતી જશે. બાકી એવું બને છે કે સારા આચાર એટલે કે શુદ્ધ ધાર્મિક આચાર એટલા મોટા પ્રમાણમાં આચરવાનું એકદમ શક્ય નથી હોતું. અગર હોય છે તો જીવનો એવો વીર્યોલ્લાસ એકદમ નથી ઉલ્લસતો; કિન્તુ વિચારો ધાર્મિક-તાત્ત્વિક કરવાનું અશક્ય નથી, કે એમાં વીર્યોલ્લાસ મોંઘો પડે એવું નથી. વાત આટલી કે અંતરમાં એનું ભારે અર્થીપણું, ભારે ગરજ, અત્યંત તાલાવેલી જોઈએ.

**માનવભવ શુભ વિચારની ગરજ માટે :-**

જગાડો જગાડો આ શુભ વિચારોની ગરજ, આ માનવભવ એ માટે સુયોગ્ય ભવ છે. બીજી ત્રીજી વસ્તુની ગરજ રાખવાના ભવ તો આ જગતમાં ઘણા. એક માત્ર મનુષ્યભવ જ શુભ વિચારો, વિચારશુદ્ધિ અને શુભ અધ્યવસાયો માટે છે,



તથા એની ગરજ રાખવા સુયોગ્ય ભવ છે, એમ સમજી એના પ્રત્યે જરાય બેદરકાર ન રહો. સમજો કે પૈસાટકા-કુટુંબ, પરિવાર, માનપાન-પ્રતિષ્ઠા વગેરેની ગરજ કર્યે ગયે અંતે શું ? ને એમાં ગબડાવ્યે રાખેલા અશુભ વિચાર-અધ્યવસાયોના દુઃખદ કર્મવિપાક પરલોકમાં કેવા આવશે ? એ અશુભ વિચારોના કુસંસ્કારોના ગુણાકાર જીવને ભવાંતરે કેવી અતિ પાપીષ્ઠ સ્થિતિમાં મૂકશે ? 'પાપીષ્ઠ' સમજો છો ને ? અત્યંત પાપરક્ત જ રહ્યા કરે એવી સ્થિતિ એ કેટલી દુઃખદ ? માટે પહેલા નંબરની ગરજ આ કેળવો કે કેમ હું સદા સતત શુભ વિચાર અને શુભ વિચારોમાં રાખ્યા કરું ? એનો મહિમા ઓર છે. આ જીવનમાં પણ મન એટલું બધું પ્રફુલ્લિત અને હળવું રાખે છે જીવન ફોરું, સ્ફુર્તિભર્યું અને સુખદ અનુભવાય છે. ત્યારે અશુભ વિચારોમાં એથી ઊલટો અનુભવ થાય છે એના દિલને શાંતિ નથી સ્વસ્થતા નથી, જંપ નથી, ચિંતાઓ છે, સંતાપ રહ્યા કરે છે. વાતવાતમાં એને ભય રહે છે શોક, ઉદ્વેગ તો એની કોટે વળગેલા.

**જુઓ સાગરચંદ્ર શેઠ** બિચારો એક બાજુ તો જિનપ્રતિમા ભરાવી ભવાંતર માટે બોધિ યાને જૈનધર્મ પ્રાપ્તિ સુલભ કરનારો બનેલ. છતાં દિવસ રાત વેપારની જળોજથામાં રહેતો 'ક્યાંથી કયો સસ્તો માલ આવે છે ? ક્યાં ક્યાં માલ મોકલવામાં નફો સારો થાય ? કઈ વસ્તુ સંઘરી રાખવાથી ભવિષ્યમાં એના ભાવ સારા ઊપજે ? ભરાઈ પડેલો કયો માલ કેમ ફટકારી દેવો ? ઉઘરાણી કેટલી બાકી છે ? વધુ કેટલી મૂડીનું રોકાણ જરૂરી છે ?'... વગેરે વગેરે કેટલીય અશુભ વિચારણાની ઘોંસ ચાલતી, રાત ને દિવસ કુ-ચિંતાઓ કર્યા કરતો. એના ને એના જ વિચારો મગજમાં ચાલ્યા કરતા શું આ વેપાર-રોજગારના, માલ-મૂડીના અને માટીનું ધન વધારવાના વિચાર શુભ વિચાર છે ? ના, અશુભ પાપ વિચારો.

**એનું પરિણામ** એ આવ્યું કે એણે તિર્યંચગતિનું આયુષ્ય બાંધ્યું અને મરીને પછીના ભવે ઘોડા તરીકે જન્મ પામ્યો ! ઊંચા મનુષ્ય ભવેથી આ કેવું અધઃપતન ! કુદરત જાણે હસે છે, 'લે હવે કર અહીં વેપારના વિચાર ! ધન વધારવાના વિચારો શું કરી શકે ? કદાચ પૂર્વ જન્મનું સ્મરણ થઈ આવવાથી કરવા જાય તો શો ફાયદો ? માણસ શું સમજીને વેપાર-રોજગાર કે માનપાન પ્રતિષ્ઠાના, વિચારોની પૂંઠે લાગતો હશે ? અરે ! ભવાંતર તો પછી, પરંતુ અહીં પણ કોઈ તેવા ભયંકર રોગ, અકસ્માત કે અંતકાળે પણ એ વિચારો શા ઉપયોગમાં આવી શકે છે ? એ શી શાંતિની આશા આપી શકે છે ?'

**શુભ વિચારોએ તિર્યંચભવમાંથી ઉદ્ધાર :-** પેલો ઘોડો ભવિતવ્યતા સારી એટલે, અને જિન-પ્રતિમા ભરાવવાના પ્રતાપે, મુનિસુવ્રતસ્વામી તીર્થંકર ભગવાનનો

યોગ પામ્યો. પ્રભુ ખાસ એના પ્રતિબોધ માટે ભરુચ પધાર્યા, રાજાના એ ઘોડાને પૂર્વજન્મનું સ્મરણ થયું. પોતાના પૂર્વના અશુભ વિચારો અને ધંધાની ગડમથલથી અહીં થયેલી પોતાની દુર્દશા પર હૃદય કકળી ઊઠ્યું, બીજી બાજુ તીર્થંકર ભગવાનનો યોગ થવા પર હૃદય પુલકી ઊઠ્યું. આંખમાંથી આંસુનો પ્રવાહ વહી ચાલ્યો. એ નીચો પડી પ્રભુને નમન કરે છે. પ્રભુની દેશના સાંભળે છે. શુભ વિચારોનો હવે સ્રોત વહી રહ્યો છે. ક્યાં ઉચ્ચ મનુષ્યભવ છતાં પોતાની અર્થકામમાં ફસાયેલી કનિષ્ઠ અવસ્થા ! અને ક્યાં આ તીર્થંકર કથિત ઉચ્ચ તત્ત્વ સાંભળવા મળવાની આ શુભ અવસ્થા ? બેની તુલનામાં તત્ત્વ શ્રવણની એ તીર્થંકર-યોગની ઉત્તમ અવસ્થા પર એનું હૃદય ઓવારી જાય છે ! શુભ વિચારોના વેગમાં ચડી એ ત્યાં બોધિ-સમ્યગ્દર્શન પામે છે.

**હૃદયને કઈ ચીજ વલોવી નાખે છે ? :-**

અશુભ વિચારોએ તિર્યંચ ઘોડાના અવતારને પામેલા આને આ ઉદય થવો એ એક અપવાદરૂપ અછેરું ગણાય; કેમકે માણસનો અવતાર પામ્યા છતાં પણ કેટલા લોકો સમ્યગ્દર્શન અને બોધ પામે છે ? સમ્યગ્દર્શન પામવું બહુ દોહિલું છે માનવભવ જેવી મહાન બુદ્ધિ-શક્તિ હોવા છતાં તત્ત્વ હૈયે જચવાનું સહેલું નથી. સંસારની કાયા-માયા હજી હૃદયને વલોવી નાખશે, પણ સર્વજ્ઞકથિત તત્ત્વનું સ્વરૂપ હૃદયને વલોવી નાખે, પાણી પાણી કરી નાખે એ કઠિન જ હોય ! આ ધનતૃષ્ણા-મમતા અને વિષયાસક્તિ જીવને ભવોભવ ભટકાવનારા ! ત્યારે વાહ ! ત્યાગ, વિરાગ, ક્ષમાદિ કેવા સુંદર આત્મકલ્યાણકર ! 'એમ આશ્રવ ત્રાસ ઉપજાવનાર અને સંવર આવર્જિત કરનાર બને, એ માનવ બુદ્ધિએ પણ અત્યંત કઠિન છે. તો પછી તિર્યંચના વિવેકહીન, બુદ્ધિહીન અવતારે તો પૂછવું જ શું ? એ તો ઘોડાને પૂર્વ જન્મનું સ્મરણ થયું તીર્થંકર દેવ મળ્યા, તે વિવેક પ્રગટી ઊઠ્યો ! પણ એકલા જાતિસ્મરણેય શું થાય ? સરખો સુયોગ આવી મળ્યો, જિનદર્શન-જિનવાણી મળી એમાંય પૂર્વે જિનપ્રતિમાનિર્માણ અને એની આગળ-પાછળ શુભ વિચારણા કરેલી. તે અહીં સદ્‌બુદ્ધિ ખીલી ઊઠી, સમ્યગ્દર્શન ઝળહળી ઊઠ્યું !'

**શુભ વિચારોનો નિર્ધાર :-**

જોવાનું આટલું જ છે કે પૂર્વ ભવે એ મહાન સુકૃત અને પુણ્ય છતાં ધંધાધાપાના વિચારો એટલે અશુભ વિચારોએ એને કેવો તિર્યંચગતિમાં પટક્યો ! માટે આ વાત છે કે શુભ વિચારોની ગરજ જાગી છે ? મનને શું એમ થાય છે ખરું કે 'જીવન જરૂરી પણ ચીજવસ્તુ ઓછી મળશે, રાશિ મળશે, એ ચલાવી લઈશ, પણ અશુભ વિચારોથી તો હું ત્રાસ્યો છું. મારે એ નથી ચલાવી લેવી. હવે



તો મારે સતત સારી જ વિચારધારા જોઈએ. દુનિયામાં કામ બગડતાં હોય તો બગડવા દે, પરંતુ જાલિમ અશુભ વિચારોથી મારું હૈયું બગડેલું રહે એ કેમ નભાવું ? નહિ જોઈએ એ. વિચારો સારા ને સારા જ કરું. કદાચ એમાં અશુભ વિચારો આવી જાય, તો એને ભૂંસી નાખવા ખાસ ચાહીને સારા વિચાર તરત શરૂ કરી દઉં, ભલે એમાં મનનું લક્ષ બીજા કામમાંથી ઉઠાવી લેવું પડે તો ઉઠાવીને પણ સારા વિચારમાં જોડી દઉં, પરંતુ પેલા અશુભ વિચારોની અસર તો ભૂંસી જ નાખું.' આવો કોઈ નિર્ધાર ગરજ ઉત્સાહ જાગે છે ખરો ? જગાડવો છે ? કે જીવન અને મન કેવું એવું રેઢિયાળ અપવિત્ર અને પાશવી જ ચલાવ્યે રાખવું છે ? આત્મવિસ્મરણ અને જડનાં જ સ્મરણ મૂલ્યાંકન કર્યે જવાં છે ? શુભ વિચાર કરવા હોય તો પહેલાં એ અનેક પ્રકારના બતાવ્યા છે. એવા આ બીજા પણ છે.

**(૮) શુભ વિચારનો એક પ્રકાર :-**

માનવજીવન પામ્યાથી આ કેવો સુંદર અવસર મળ્યો છે કે અત્યાર સુધી મોહના અધિકાર અને અસર નીચે કામ કરતા હતા, તે હવે અધિકાર આત્માનો અને જિનવચનનો સ્થાપી કામ ચલાવાય. તો એ માટે જીવન પદ્ધતિ કેવી કેવી કરવાની-રાખવાની ? વાણી-વર્તાવ કેવા વિવેકભર્યા રાખવાના ? વસ્તુ વસ્તુને કેવીક દૃષ્ટિથી જોવાના ? વગેરે વગેરે વિચારવાનું આવે.

**(૯) શુભ વિચારનો બીજો પ્રકાર :-**

એમ માનવ-અવસર એટલે કેવો આહાર-વિષય-પરિગ્રહ-પ્રમાદના નિગ્રહનો અવસર ! ક્યાં ક્યાં ક્રોધ માન-માયા-લોભના આવેગને રોકી રોકી, ક્ષમા આદિ કેળવવાનો ધન્ય અવસર !

કેવા કેવા દાન-શીલ-તપ-ભાવના સાધતા રહેવાનો,

જગતની માયા મૂકી વીતરાગની માયા વધાર્યે જવાનો,

કઈ કઈ સંસારની લપો ઘટાડી શાસનની જિનાજ્ઞાની કેવી કેવી કરણી-વિચારસરણી કેળવ્યે જવાનો અવસર,

સ્વાર્થની દરેકે દરેક ચેષ્ટામાં પરમાર્થ-પરોપકાર ક્યાં ક્યાં દાખલ કરવાનો અવસર,

સમસ્ત અશુભ પાપ પ્રવૃત્તિઓમાં ઝેર કેવા કેવા તાત્ત્વિક વિચારો અને શુભ આશય દ્વારા મોળાં પાડવાનો ધન્ય અવસર,

ઈત્યાદિ ઈત્યાદિ ઘણું વિચારી શકાય.

**(૧૦) શુભ વિચારનો પ્રકાર :-**

સારું વિચારવું છે ને ? વિચારો કે આપણા જીવે પાપનાં અધિકરણ કેટલાં

પાથરી મૂક્યાં છે, અધિકરણ એટલે કે, (i) એ કેવી કેવી રીતે નિર્દોષ ઝીણા જંતુઓનો વિનાશ સર્જે છે ? તેમજ (ii) આપણને કેવા કેવા રાગ દ્વેષ કરાવે છે ? વળી (iii) આ જીવહિંસા અને રાગાદિ કરાવવા દ્વારા આપણા જીવને કેવો દુર્ગતિના ભવભ્રમણનો અધિકારી બનાવી માનવભવની માટી કરે છે ! વાસણકુસણ રાચરચીલું, ગાદલાં-ગોદડાં, સાધનસામગ્રી, માલ-મિલકત વગેરે કેટલાય આવાં અધિકરણ છે ! એ દરેક અંગે આ વિચારણા થઈ શકે.

આ વિચારવાનું ફળ મોટું છે. એવા હિંસા કરનારા અને મૂર્ચ્છા ક્લેશ વગેરે કરાવનારા કેટલાય સાધનો પર વારંવાર ઘૃણા અને ઉદ્વેગ થવાથી એ ઓછાં કરતાં આવવાનું દિલ રહે છે; એ ઘટાડતા જવાય છે. તેથી તૃપ્તિ વધતી જાય છે, લોભ ઘટે છે. વળી જે છે તેના પર મમતા-રાગ-આસક્તિ મોળી પડે છે. એ આઘુપાછું કે વાંકૂચૂંકુ થવામાં તેવી હાયવોય થતી નથી. સરવાળે કર્મબંધ ઓછો થાય છે. એ અધિકરણોનાં નિમિત્તના કષાય ઘટે છે.

**(૧૧) શુભ વિચારનો પ્રકાર :-**

આવો એક વિચાર વળી વિચિત્ર ઔદયિક ભાવ અને ક્ષાયોપશમિક ભાવ અંગેનો છે. કયા કયા કર્મના ઉદયથી કે ક્ષયોપશમથી જીવ કેવા કેવા ભાવ અનુભવે છે, એ વિચારવાનું અર્થાત્ એ તપાસવાનું કે કયા કયા ભાવ પાછળ કેવા કેવા પુણ્ય કે પાપના ઉદય અથવા કર્મના ક્ષયોપશમ કામ કરી રહ્યા છે.

દા.ત. આપણે શાસ્ત્ર બહુ ગોખ્યું. પરંતુ મોંઢે થયું નહિ ત્યાં ગોખવાની મહેનત વીર્યાંતરાયના ક્ષયોપશમથી થઈ. એમાં શુભ નિષ્ઠાએ કામ કર્યું તે મોહનીય કર્મના ક્ષયોપશમથી; અને મોંઢે થયું નહિ તે જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી બન્યું.

ત્યારે કોઈએ વિદ્વત્તા ભર્યું ભાષણ કર્યું, લોકોને ગ્રાહ્ય બન્યું, પ્રશંસા થઈ, અને ભાઈને મનમાં થયું કે 'મેં કેવું સરસ ભાષણ કરી લોક પર પ્રભાવ પાડ્યો !' હવે અહીં જુઓ કે શું શું કામ કરી રહ્યું છે ? વિદ્વત્તાનો ભાવ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી થયો. ભાષણ કર્યું એમાં વચનયોગ તે વીર્યાંતરાયના ક્ષયોપશમથી; એમાં અંગોપાંગ નામ કર્મના ઉદયથી જીભ તાળુ વગેરે અંગોપાંગ થયા; તો આ કાર્ય થયું. વળી લોકગ્રાહ્ય થયું તે આદેય નામ કર્મના ઉદયથી, અને પ્રશંસા થઈ તે યશ નામ કર્મના ઉદયને લીધે. ત્યારે જાતને અભિમાન થવું એ મોહનીય કર્મના ઉદયથી થયું. એને પાછું બહાર પ્રકાશ્યું. તેમાં વિશેષમાં વીર્યાંતરાયના ક્ષયોપશમથી પ્રગટેલ અસત્ વીર્ય ભેળવ્યું અને તેવો અભિમાન-સૂચક વચનયોગ પ્રવર્તાવ્યો. આમ કેટલાય પ્રસંગોમાં કર્મના કેવા કેવા ઉદય અને કેવા કેવા ક્ષયોપશમ કામ કરી રહ્યા હોય છે, એની વિચારધારા ચલાવી શકાય.



**(૧૨) શુભ વિચારનો પ્રકાર :-**

સારા વિચારો કરવાનો આવો એક મુદ્દો પાંચ કારણનો છે. જગતના અનેકવિધ કાર્યોમાં ભવિતવ્યતા, કાળ, સ્વભાવ, કર્મ અને પુરુષાર્થ કેવી કેવી રીતે કામ કરી રહ્યા હોય છે, એના વિચાર કરી શકાય.

દા.ત. અમુકને ત્યાં અમુકનો જન્મ થયો. એ અંગે વિચારી શકાય કે માબાપને પુત્ર મેળવવાનું પુણ્ય કર્મ ખરું. પરંતુ એની પૂર્વ ભૂમિકામાં નિમિત્ત તરીકે વિષયસેવનનો **પાપપુરુષાર્થ** કામ કરી રહ્યો છે. ત્યારે પુત્રને અહીં મનુષ્ય તરીકે અને સારા કુળમાં જન્મવાના મનુષ્ય ગતિ, મનુષ્ય-આયુષ્ય, પંચેન્દ્રિય જાતિ, ઔદારિક શરીર-અંગોપાંગ-બંધન-સંઘાતન આદિ નામકર્મ ઊંચ ગોત્રકર્મ, વગેરે **પુણ્યકર્મ** કામ કરી રહ્યા છે. એમાં અમુકને ત્યાંજ એનો જન્મ અને પેલાને આજ પુત્રની ઉત્પત્તિ, એમાં **ભવિતવ્યતા** કામ કરી રહી છે. નવ મહિને જ જન્મ એ કાળના કારણે બન્યું. ત્યાં જન્મતાં એને વિશિષ્ટ ધર્મસામગ્રી મળી અને એને લેખે લગાડે છે, એમાં પુણ્યકર્મ અને તથાભવ્યત્વ સ્વભાવ કામ કરી રહ્યો.

એમ વેપાર કર્યો અને પૈસા કમાયા ત્યાં લાભાંતરાય કર્મનો ક્ષયોપશમ, આરંભસમારંભમય પાપપુરુષાર્થ, વધુ કમાઈના હિસાબે મોંઘવારીનો કાળ, ઘરાકને ગળે જલ્દી સોદો ઊતરવાનો એનો સ્વભાવ, બીજા સોદામાં નહિ અને આમાં જ કમાઈ અંગે તેવી ભવિતવ્યતા. એમ પાંચેય કારણભૂત બન્યા. આમ બીજે પણ કારણોનો વિચાર થઈ શકે.

**(૧૩) શુભ વિચારનો પ્રકાર :-**

આવું એક વિચાર ક્ષેત્ર તે તે બનાવામાં નવ તત્ત્વમાંથી કયા કયા તત્ત્વ કેવી કેવી રીતે કામ કરે છે, ભાગ ભજવે છે, એનું છે. આપણી અગર જગતની પ્રવૃત્તિમાં કે પ્રસંગમાં જીવ-અજીવ, પુણ્ય-પાપ, આશ્રવ-સંવર, બંધ-નિર્જરા અને મોક્ષ પૈકી કયા કયા તત્ત્વ કેવી કેવી રીતે કામ કરી રહ્યાં છે દા.ત. માણસે લગ્ન કર્યું. એમાં જીવ અને જડ શરીર બંને તત્ત્વ જવાબદાર છે. વળી પુણ્ય કે પાપના ઉદયે સારી કે નરસી કન્યા મળી, લગ્ન વિવાહની ક્રિયા આશ્રવ તત્ત્વ છે. પરંતુ જો એમાં એવો આશય છે કે આ એક નિશ્ચિત પાત્રથી મારે દુરાચારના માર્ગે નહિ જવું પડે માટે દુરાચાર ત્યાગનો નિયમ કરે છે તો એટલો આશ્રવ નિરોધ રૂપ સંવર થયો કહેવાય. વળી ત્યાં જ્ઞાનાવરણીય આદિ કર્મના બંધ પણ થઈ રહ્યા છે. એ બંધતત્ત્વ લગ્ન કરીને જેટલી પુણ્યાઈ ભોગવી લે છે, એટલો પુણ્યક્ષય પણ થાય જ છે. એટલી પુણ્યકર્મની નિર્જરા થઈ. હવે સંસાર ભોગવશે એમાં પાપના બંધ કરશે. એમાં સ્ત્રી માંદી, કે પોતે પરદેશ, વગેરે વિઘ્ન નડશે એ ઉપભોગાંતરાય

કર્મના ઉદયને લીધે થવાનું. તીર્થંકરદેવ જેવા આત્મા કે જે લગ્ન અને સંસાર કરવા છતાં બહુ સાવધાન છે એ ભોગાવલી કર્મ આ રીતે તત્ત્વ જાગૃતિથી વેઠીને ભોગાવલી કર્મભાર ઘટાડી રહ્યા છે. માટે મોક્ષની નિકટ જઈ રહ્યા છે, એમ કહેવાય. ત્યારે મોટાભાગના જીવો રાગાંધ, વિષયાંધ, મૂઢ અને બિન સાવધાન બને છે. એ મોહનિદ્રાથી કર્મભાર વધારી મોક્ષથી દૂર જઈ સંસાર વધારી રહ્યા છે, એમ કહેવાય.

નરસા કચરાપટ્ટી ફજુલ વિચારોને અટકાવવા આ રીતના તરેહ તરેહના શુભ વિચારો કરવા એ ઉત્તમ ઉપાય છે. હવે જુઓ કે આ વિચારોમાંથી મન ખાલી પડે તો કચરાપટ્ટી વિચાર કરી શકે ને ? **સારા વિચારમાંથી મનને નવરું જ ન પડવા દેવું; એની આદત જ બનાવી દેવી.** આ વસ્તુ મન પર લઈ એની પૂંઠે પડવા જેવું છે, કામ ચાલું થઈ ગયા પછી તો સહેજે સહેજે શુભ વિચારો ચાલવાના. જુઓ છો ને કે શુભ વિચારોનો સ્ટોક-જથ્થો ક્યાં ઓછો છે ? હજી પણ જુઓ.

(૧૪) **શુભ વિચારો માટે** મહાપુરુષોના ભરચક ચરિત્રો આજેય મળે છે. એકેકના જીવન ચરિત્રમાં કેટલાય પ્રસંગ આવે છે એમાં સ્મરણ, એ પર ચિંતન, એ એકેક પ્રસંગના રહસ્યનું ઉદ્‌ઘાટન-ખોજ એમાંથી તરી આવતો બોધ, એમાં તરવરતાં તત્ત્વ, આત્મગુણ-દોષ, પરાક્રમ-પીછેહટ, વગેરે કેટલુંય વિચારી શકાય.

**(૧૫) વળી એક વિચારક્ષેત્ર પરિણતિનું છે.**

આમાં પરિણતિનું આલોચન કરવાનું; અર્થાત્ એ વિચારવાનું છે કે આપણી વાણી-વિચાર-વર્તાવ પાછળ કેવી કેવી લેશ્યા કામ કરી રહી છે, શુભ કે અશુભ ? એમાં પણ તેજો-પદ્મ-શુકલ, કે કૃષ્ણ-નીલ કાપોત ?

**લેશ્યા પર જાંબૂના વૃક્ષનું દૃષ્ટાન્ત** જાણો છો ને ? જાંબૂ જોઈએ છે પરંતુ જો એ માટે આખું ઝાડ ઉખેડવાનું મન થાય છે, તો એ કૃષ્ણલેશ્યા કામ કરી રહી છે. એમ ચાલુ જીવનમાં જોવાનું દા.ત. રાત્રે માંકડ કરડે છે તેથી બચવા માટે ઝેરી દવાઓ વગેરેથી માંકડો મારી નાખવાનો વિચાર કૃષ્ણલેશ્યાના ઘરનો કહેવાય. આત્મા એમાં નરકગતિનાં પાપ બાધે.

ત્યારે આખું ઝાડ નહિ, પણ એક મોટું ડાળખું તોડી પાડવાની બુદ્ધિ, એ નીલલેશ્યાના ઘરની કહેવાય, એમ સીધું મારી નાખવાનું ધાર્યું નહિ, પણ ધૂમ તાપમાં ગાદલા-ગોદડા નાખવાનું ધર્યું ત્યાં બુદ્ધિ જરા ઓછી ક્રૂર કરી, એટલા પુરતી નીલ લેશ્યા કામ કરતી કહેવાય.

ત્યારે જાંબૂવાળી ડાળ તોડવાની બુદ્ધિ કરી ત્યાં કાપોત લેશ્યા છે. એમ જાંબૂનો ઝુમખા તોડવામાં તેજો લેશ્યા. જાબૂં જ તોડવામાં પદ્મલેશ્યા, અને નીચે પડેલા જાંબૂને જ વીણી લેવામાં શુકલ લેશ્યા કહી છે.



અલબત્ત જાંબૂ ખાવા લેવાની બુદ્ધિ એ કોઈ ધર્મબુદ્ધિ નથી, પાપબુદ્ધિ છે, એટલે એમાં સારી લેશ્યા શી ? એવો પ્રશ્ન થાય; પરંતુ આ દૃષ્ટાન્ત તો માત્ર એ સમજાવવા માટે છે કે જીવની લેશ્યા પરિણતિ કેવી કેવી કક્ષાએ ઓછી ઓછી ઉગ્ર, ઓછી ઓછી ખરાબ કહેવાય, એ પ્રમાણે આપણી વિવિધ પ્રવૃત્તિ અને ઈચ્છાઓમાં તપાસી શકીએ કે લેશ્યા અતિ કાળી છે, ઓછી કાળી છે, ભુખરી છે, કંઈક ઊજળી, વધુ ઊજળી કે અતિ ઊજળી મુલાયમ છે ? ઈચ્છા કે પ્રવૃત્તિ પાછળ કેટલી મોટી કક્ષાના પાપ સેવવાની બુદ્ધિ થાય છે, એ તપાસવું પડે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૪,અંક-૨૩,તા.૨૬-૨-૧૯૬૬**

બની ગયેલા અને બનતા પ્રસંગોમાં એ રીતે જો તપાસ કરાય કે કેટલી રકમના પાપકાર્ય થાય છે, ને એમાં લેશ્યા કેવી વધારે પડતી ખરાબ કરેલી, ઉગ્ર કરેલી યા કરાય છે ? તો પોતાની અધમાધમ પરિણતિ અને હૃદયનો ખ્યાલ આવે. દા.ત. નાના છોકરાને ના કહેવા છતાં એ ચૂપકીથી બહાર રમવા જતો રહ્યો. ખબર પડી ત્યાં મા કે બાપને વિચાર આવ્યો કે 'એનો ટાંટિયો જ ભાંગી નાખવો જોઈએ જેથી હરામી બહાર જઈ જ શકે નહિ.' તો છોકરાને રમવા ભાગી જતો અટકાવવાનું કાર્ય નાનું, અને લેશ્યા એના પ્રમાણમાં વધારે પડતી ઉગ્ર કરી ગણાય. ત્યારે જો એમ વિચારે કે 'એના પગ જ બાંધી રાખું જેથી બહાર ભાગી જાય નહિ.' તો પેલા કરતાં જરા ઓછી ઉગ્ર લેશ્યા કરી ગણાય.

## ● જૈન ધર્મમાં 'પરિણતિ'ના ૫ અર્થ ●

**(૧) લેશ્યા :-** આવી આવી રીતે કાર્ય કે વસ્તુનું મહત્ત્વ કેટલું અને એની પાછળ કરાતી લેશ્યાનું પ્રમાણ કેવું, ઉગ્રતા મંદતા કેવી, એ વિચારવાથી પોતાની પરિણતિનું માપ નીકળે, પછી એથી પોતાને ખ્યાલ આવી જાય કે હવે મેલી લેશ્યા યાને મેલી પરિણતિ ઉપર કેવો અંકુશ રાખવો. પરિણતિનું આલોચન એ શુભ વિચારસરણી થઈ એનો આ લાભ મળે કે લેશ્યા સુધારીને પરિણતિ સુધારતા જવાય. અહીં 'પરિણતિ' લેશ્યાના અર્થમાં આવી. એની તપાસ રહે.

**(૨) અધ્યવસાયધારા :-**

બીજી રીતે પરિણતિના આલોચનમાં યાને તપાસ વિચારણામાં પોતાની વધુ અધ્યવસાયધારા કેવી ચાલે છે એ તપાસવાનું આવે; અર્થકામના ઉકરડાની કે ધર્મ-ઉદ્યાનની ? માટીની કાયાની કે સોના સરખા આત્માની ? તુચ્છ સ્વાર્થની કે ઉમદા પરાર્થ-પરમાર્થની ? પાશવી સુખશીલતાની કે દૈવી તિતિક્ષા-સહનવૃત્તિની ? ઝેરરૂપ

ક્રોધાદિ કષાયોની કે અમૃતસમા ક્ષમાદિગુણોની ? કેવી કેવી ભાવધારા ચાલે છે. એ વિચારવાનું એથી પછી પરિણતિ સારામાં ફેરવતા જવાય.

**(૩) ગંભીરતા :-**

એમ પરિણતિનું અર્થાત્ ગંભીરતાનું આલોચન એટલે કે પોતે પોતાના ગુણ-સુકૃતો ગુપ્ત રાખવાનું કેટલું કરે છે તે વિચારવાનું. અથવા **પોતાની પરિણતતા વિચારાય.** અર્થાત્ એ જોવાય કે

પોતે બીજાના દોષ યા રહસ્યમય વાત કેવી પચાવી ગુપ્ત રાખી ગંભીર રહી શકે છે ? અથવા છીછરું પેટ રાખી બહાર એનું પ્રકાશન કરી દે છે ? એમ,

**(૪) પરિણતતાથી શાસ્ત્રના ઉત્સર્ગ-અપવાદમાર્ગને કેટલો યથાયોગ્ય ન્યાય** આપી શકે છે એ જોવાનું. પરિણત એટલે ઉત્સર્ગ-અપવાદને યથા-યોગ્ય ન્યાય આપનાર એવો પોતે છે ? કે અપરિણતતાથી જાત-બડાઈ હાંકવા અગર બીજા ઢીલાને ઉતારી પાડવા ઉત્સર્ગમાર્ગને જ તાણે છે ? યા અતિપરિણતતાથી જાતની પોલ ઢાંકવા, જાતની હલકાઈ અટકાવવા અપવાદમાર્ગને જ આગળ કરે છે ? એમ પરિણતતા કે અપરિણતતા કે અતિપરણતતા જોવાય. આની વિચારણાથી પોતાની જાત માટે ઉત્સર્ગ એટલે કે મુખ્ય માર્ગે આરાધના કરવાનું અને અવસરે ઉત્સર્ગનો ઉદ્દેશ ટકાવવા શાસ્ત્રવિહિત અપવાદ માર્ગને અનુસરવાનું કરાય. દા.ત. ઉત્સર્ગમાર્ગે મધ્યાહ્નકાળની જિનપૂજા છે. પરંતુ પોતાની આજીવિકાનો વ્યવસાય જ એવો છે કે એ વખતે એમાં જ રોકાયા રહેવું પડે છે, તો અપવાદમાર્ગે એથી વહેલા પૂજાનું કાર્ય કરે. સાથે હૃદયમાં જરૂર માને કે આ પૂજાનો મુખ્ય સમય મધ્યાહ્નકાળ છે એટલે જ રજાના દિવસે એનો લાભ લેવા ન ચૂકે.

**(૫) જિનવચન પરિણતિ :-**

વળી એક પ્રકાર એવો છે કે પરિણતિ અર્થાત્ જિનવચન પોતાના આત્મામાં કેવું પરિણામ પામતું જાય છે, પરિણત થતું જાય છે, એનું આલોચન કર્યા કરે. હૈયામાં જિનવચનની પરિણતિ વધતી જાય એમાં એ જોવાનું આવે કે

(i) પહેલું તો વાતવાતમાં જિનવચનને આગળ કરવાનું બને છે ને ? મન ઝટ કહે છે ને કે 'મારે જિનાજ્ઞા પહેલી. એ પ્રસ્તુત બાબતમાં શું કહે છે ? સર્વત્ર જિનવચન જ પ્રમાણ છે.'

(ii) બીજું જિનવચનના વિધિનિષેધ શા છે ? કેવા કેવા તપ-સ્વાધ્યાય આદિ કર્તવ્યો આચરવાના બતાવ્યા છે ? અને હિંસા-જૂઠ-અનીતિ વગેરે છોડવાના કહ્યા છે ? પોતાનું જીવન જિનાજ્ઞાકથિત વિધિનિષેધને કેટલું અનુસરે છે ? ગૃહસ્થમર્યાદામાં વિધિનિષેધક કયા કયા અને સાધુ જીવનમાં કયા કયા ?' આનું આલોચન કરતા



રહેવાય. વળી

(iii) જિનવચને જીવ અજીવ આદિ જે તત્ત્વો કહ્યા છે, એ જેવા સ્વરૂપનાં કહ્યાં છે, દા.ત. આશ્રવ હેય-ત્યાજ્ય અને સંવર-નિર્જરા ઉપાદેય કહ્યા છે, તો તેવા તેવા સ્વરૂપને અનુરૂપ પોતાનું હૃદય-વલણ તે તે તત્ત્વ તરફ બન્યું રહે છે ને ? દિલ હેય અંગે નફરત-અરુચિવાળું અને ઉપાદેય અંગે આદર-રુચિ-બહુમાનવાળું બન્યું રહે છે ને ?

આમ જિનાજ્ઞાની સર્વ મુખ્યતા, એના વિધિનેષેધનો ખપ, અને એમાં તત્ત્વનું વલણ, પોતાના દિલમાં અધિકાધિક જામતુ જાય છે ને ? એનું આલોચન એની વિચારણા, તપાસ અન્વેષણ, એ પરિણતિનું આલોચન કર્યું કહેવાય. એ માર્ગે યોગ્ય પુરુષાર્થ થાય તેમ તેમ જિનવચન આત્મામાં પરિણત બનતું જાય, ઠરતું જાય, જામતું જાય.

વિચારો, પરિણતિના આલોચન અંગે પણ કેટકેટલા શુભ વિચારો કરવાની જરૂર છે ?

(૧) પોતાની લેશ્યા કેમ સુધરતી આવે, સાંસારિક કાર્ય મોટી કિંમતનું છતાં એમાં લેશ્યા ઉજ્જ્વળ વિશુદ્ધ બનાવતા જાય.

(૨) પોતાના ચિત્તના અધ્યવસાય મેલા મેલા ઊઠતા અટકાવી કેમ નિર્મળ બનાવાય, પવિત્ર ચલાવાય.

(૩) કેવી રીતે ગંભીરતા વધારતા જવા.

(૪) શાસ્ત્રના ઉત્સર્ગ-અપવાદને યથાયોગ્ય ન્યાય કેમ અપાય. અને

(૫) જિનવચન દિલમાં કેવી રીતે ખૂબ પરિણત કરતા જવાય, દિલને જિનવચનથી અધિક અધિક ભાવિત કરતા જવાય.

આ બધું વિચારવાની જરૂર છે. જો વિચારો એ અંગે ચાલતા હશે, તો એને અનુસરતો પ્રયત્ન-પુરુષાર્થ કરતા રહેવાનું બનશે. વિચારશુદ્ધિ બહુ જરૂરી છે, તે શુભ વિચારોમાં જ દિલ રમતું રાખવાથી બની આવે. પૂર્વના ઉત્તમ ગૃહસ્થ અને મુનિઓ માર્ગ પામ્યા પછી જીવનમાં અવનવો પલટો લાવી શક્યા, તે કોઈ ને કોઈ પ્રકારના શુભ જ વિચારો ચાલુ રાખ્યાથી બની શક્યું છે.

**સમરાદિત્ય કેવળી** ભગવાનનો જીવ પહેલા ભવમાં રાજા ગુણસેન ઠેઠ પાછલી વયે આચાર્ય ભગવાનનો યોગ પામી માર્ગની પ્રાપ્તિ કરે છે, છતાં અલ્પ કાળમાં જિનવચનથી દિલને ખૂબ પરિણત કરી દે છે, એમાં શુભ વિચારોનો-વિચાર શુદ્ધિનો મોટો ફાળો છે. માટે તો એ એકવાર કોઈની સ્મશાનયાત્રા જોતાં એના પર તાત્ત્વિક વિચારણામાં એવા ચડી જાય છે કે એથી વૈરાગ્ય વધી જતાં રાજ્યપાટ છોડી દઈ

બીજે જ દિવસે ગુરુ પાસે જઈ ચારિત્ર લેવા તૈયાર થાય છે. પરંતુ આડી રાત એની શી વાત ? માટે ઘરમાં જ ભાવથી ચારિત્ર સ્વીકારી લે છે. ત્યાં રાતના અગ્નિશર્માદેવનો ભયંકર અગ્નિમય રેતીની વૃષ્ટિનો ઉપદ્રવ આવે છે ! છતાં એક જ વિચાર, કે "હે જીવ ! કરોડો-અબજો-અનંતા ભવમાં આવાં દુઃખ ત્રાસ દુર્લભ નથી, પરંતુ એકમાત્ર અમૃતસમ જિનવચન અતિદુર્લભ છે. તે જો અહીં પ્રાપ્ત થયું છે, તો હવે ચિત્ત એમાં જ રાખજે, એણે કહેલા ક્ષમાધર્મને ઉપશમમાર્ગને અનુસરજે.

**બીજાનો અગ્નિ કાયાને સળગાવે એની સાથે તું તારા જ કષાયથી પોતાના આત્માને સળગાવતો ના.** એને તો જિનવચનના અમૃતથી શીતલ સજીવન જ રાખજે, ઉપશાન્ત રાખજે."

નવેભવમાં આ રીતે શુભ વિચારો દ્વારા આત્મશુદ્ધિનો વિકાસ કરતા જ ગયા, ઊંચો ઊંચો દેવલોક પામતા ગયા, અને અંતે અનુત્તરવિમાન પછી માનવભવે કેવળજ્ઞાન પામી મોક્ષે પધારી ગયા.

શુભ વિચારોમાં,'આયુષ્યનો સુવર્ણ-સમય કેવો વહી ચાલ્યો છે ? માનવજીવનની કેવી દુર્લભતા છે ? સંસાર કેવી કેવી સમુદ્ર, શ્મશાન, કતલખાનું, અટવી, પ્રાણીબજાર, રાક્ષસપુરી, બળતુંઘર. વગેરે ઉપમાઓથી ભયાનક છે ?...' ઈત્યાદિ ઈત્યાદિ વિચારી શકાય. ધ્યાન રાખજો કે જીવનમાં ધર્મભાવના કેમ વધતી નથી. એવી ફરિયાદ કરો છો ને ? પણ એનું આ એક કારણ છે કે શુભ વિચારોનો ધોધ વહેતો રાખતા નથી. અશુભ વિચારોના થોકથી સંસારરસ વહેતો રહે તો પછી શુભ વિચારોના થોકથી ધર્મરસ કેમ ન વહેતો રહે ? શુભ વિચારોના થોકથી તો આત્માના કષાયો મોળા પડવા માંડે છે, ને વાસનાઓ કાબૂમાં આવે છે. આવું કાંક વિચારવા લાગો કે મહાપુરુષોએ જે ધર્મપરાક્રમ કર્યા એમાં શુભ ભાવના કેવી રાખી હશે ? રાખી હશે એ તો નક્કી છે ને ? તો એ શોધવાનું કે કેવી ભાવનાના કેવા વિચારોના બળ ઉપર એ પરાક્રમ ખેડી શક્યા હશે ?

**મહાવીર પ્રભુએ** સંગમના ઘોર ઉપસર્ગ વેઠ્યા,

**સમરાદિત્યના જીવે** ભવોભવ અગ્નિશર્માના ઉપદ્રવ વેઠ્યા.

**વીર પ્રભુએ** છ માસ સુધીના ઉપવાસ ખેંચી કાઢ્યા !

**સુદર્શન શેઠ** અભયા રાણી સામે બ્રહ્મચર્યમાં અડગ રહ્યાં; પોતાને શૂળી સજા આવે છે છતાં અભયાની માયાજાળ પ્રગટ ન કરી !

**ગુણસાગર** લગ્નની ચોરીમાં કેવળજ્ઞાન પામ્યા !

**દશાર્ણભદ્રે** અનન્ય ભક્તિથી પ્રભુને વંદન કરવાનો કરેલો સંકલ્પ ત્યાં જ દીક્ષા લેવા પૂર્વક વંદનથી પાર પાડ્યો !



**રત્નાશ્રાવકે** ગીરનારજીની સંઘયાત્રા લઈ જતાં વચમાં દૈવી ઉપદ્રવ વખતે પોતાનો આત્મભોગ દેવના ચરણે ધરી દીધો !

**કુમારપાળે** કંટકેશ્વરી દેવીનો ત્રિશૂળ-પ્રહાર વેઠી કારમી પીડા અનુભવવા છતાં બોકડાનો ભોગ આપવા તૈયારી ન જ બતાવી,

**પુણિયા શ્રાવકે** રોજની સાધર્મિભક્તિ કરવા માટે પણ ધંધો-આવક વધાર્યા નહિ !

**ધના પોરવાડ વિમળશા** વગેરેએ જિનભક્તિમાં કરોડો રૂપિયા વહેવડાવી દીધા...

આ બધાએ આ ધર્મપરાક્રમ કેવી કેવી શુભ વિચારણા ભાવનાના બળ ઉપર કર્યું તે તે વિચારી શકાય;

**પ્ર.**- પણ એમણે શું વિચાર્યું હશે એની આપણને શી ખબર ?

ઉ.- ભલે અક્ષરશઃ ખબર ન હોય, પરંતુ એટલું તો ચોક્કસ છે કે એમણે કાંઈ પરાધીનપણે અગર રોઈ રોઈને તો સહવાનું પરાક્રમ કર્યું નહોતું. બીજા પણ પરાક્રમ ખેડ્યા તો તે રોઈ લોકવાહવાહ આદિની આકાંક્ષા પ્રલોભનથી નહિ, સમજપૂર્વક સહન કર્યું, સમજપૂર્વક પરાક્રમ ખેડ્યાં. એ સમજ જિનશાસનના તત્ત્વ ઉપર નિર્ભર હતી, એ પણ સમજાય એવું છે, એ સમજના બળ ઉપર એ પસાર થયા, એ પણ હકીકત છે, હવે આપણે કલ્પી લેવાનું કે આપણે જ એમના સ્થાનમાં છીએ અને કોઈ કષ્ટ-ઉપદ્રવ સહર્ષ સહન કરીએ છીએ, યા બીજું પરાક્રમ ખેડીએ છીએ, તો કેવી જોરદાર સમજ ઉપર એ કરીએ-ખેડીએ ? એ વિચારવાનું. એમાં જિનોક્ત તત્ત્વનો, વિશ્વના સ્વરૂપનો, બાર ભાવનાનો, મોક્ષમાર્ગનો, વગેરેનો ઉપયોગ થઈ શકે. જુઓ કેટલાક વિચારણાના નમૂના;

## • વેદના વખતે શુભ ભાવનાના પ્રકાર •

**ગજસુકુમાળે** માથે સગડી સહી, **ખંધકમુનિએ** જીવતાં ચામડી ઉઝરડાઈ, **ખંધકસુરિના ૫૦૦ શિષ્ય** ઘાણીમાં પીલાઈ ગયા, એ કેવી વિચારણાના બળ ઉપર ? આવી કોક, કે-

(૧) 'જીવ ! સાવધાન બની જજે, તારે ને કાયાને પાડોશીનો સંબંધ છે. આ આપત્તિ કાયા ઉપર આવી છે, એટલે કે **પીડા પાડોશીના ઘેર છે, તેથી તારું કાંઈ જતું નથી.'**

**જે બળે છે, ઉખડે છે, પીલાય છે, તે તારું નથી; ને તારું છે તે બળતું નથી, ઉખડતું નથી, પીલાતું નથી.** માથું બળે છે તે કાયાનું છે, ચામડી ઉખડે છે તે

કાયાની છે, માંસના લોચા પીલાય છે તે શરીરના; તારા નહિ. તારું તો વિશુદ્ધ દર્શન છે, જ્ઞાન છે, ચારિત્ર છે. એ કાંઈ આગથી બળે નહિ, છરાથી ઉખડે નહિ, યંત્રથી પીલાય નહિ, તો પછી તારે શી ખોટ તે રોવાનું હોય ?

(૨) ત્યારે હે ભાગ્યવાન ! કાયાનું જાય એમાંય રોવા જેવું શું છે ? કેમકે એ તો નહિતરે ય સડન-પડન-વિધ્વંસના સ્વભાવવાળી છે જ, એટલે **કાયા ક્યાં બચાઈ અમર રહેવાની છે ?** આવી તો અનંતી કાયાઓ ઘણીય બચાવવાની મહેનત કરી છતાં નાશ પામી ગઈ. માટે આની કોઈ ચિંતા ન કર.

(૩) બાકી દુઃખ લાગે, પીડા થાય, એને તો કર્મરોગ કાઢવાની ચિકિત્સાની વેદના છે. ગુમડું ફુટતું ન હોય તો એની ચિકિત્સારૂપે નસ્તરની પીડા ક્યાં વધાવી લેવાતી નથી ! એમ **આ ઉપદ્રવ પણ, સમજ કે કર્મગુમડા પરનું નસ્તર છે.** માથું બળવા સાથે, ચામડી ઊખડવા સાથે, કાયા પીલાવા સાથે કર્મ બળીને ભસ્મ છે ! ઊખડીને ખલાસ છે ! પીલાઈને ચૂરા છે !

(૪) માટે તો હે બુદ્ધિમાન ! સમજે કે **આ પીડા આપનારો તો તારો મિત્ર છે. ભાઈ કરતાંય ભલેરો છે, ઉપકારી છે, કે તારા કર્મક્ષયમાં સહાયક થઈ રહ્યો છે.** તારાં એ કર્મ આ વિપાક દેખાડ્યા વિના ક્યાં ખસે એવા હતા ? અને વિપાક ભોગવવાનો આવ્યો એટલે તો એ બિચારા ક્ષીણ જ થઈ જાય છે.

(૫) ભૂલતો નહિ કે આમ પીડામાં, **છે એ ઓછાં થાય છે વધતાં નથી,** પછી નારાજ શું થવાનું ?

(૬) ખરું જોતાં તો તારાં કર્મ અને કાયા કેવા ગોઝારાં કે સામાને બિચારાને પાપમાં નિમિત્ત બની રહ્યા છે ! એ પાપથી એની બિચારાની પરલોકે કેવી વલે થશે ? આમ એના ભાવિ દુઃખમાં તું નિમિત્ત બનવાથી એના પર તો તારે વિશેષ દયા ઉભરાવવી જોઈએ કે 'અરેરે ! આ બિચારો મારી કાયા અને કર્મનું નિમિત્ત પામી કેવા દુઃખમાં પટકાશે !'

(૭) હે વિચક્ષણ ! ત્યારે એ પણ સમજી રાખ કે **પીડામાં સામો તો નિમિત્તમાત્ર છે, બિચારો તારાં પોતાનાં કર્મનો હાથો બન્યો એટલું જ;** બાકી પીડા આપનાર ખરેખર તો તારાં પોતાનાં અશાતાવેદનીય કર્મ જ છે. પૂર્વે તું કોઈને અશાતા આપી આવેલો, અશાતાના સમારંભ કરી આવેલો, દેવ-ગુરુ-સંઘની અવગણના કરેલી, એટલે આવા કર્મ ઊભા થઈ હવે એ જ તને પીડા દેખાડે છે તો પછી દોષ બીજાને શો દેવો, કર્મને જ દેવો, અને હવે આવાં કર્મ ન ઘૂસે, ન ઊભાં થાય એ જ સાવધાની રાખવી.

(૮) હે મહાનુભાવ ! એવું પણ વિચારી શકે 'હાય ! આવાં મારાં ક્રુર કર્મ



કે આટલી બધી પીડા આવી ?' કેમકે આ તો શું છે ? **તારા ખજાને તો પૂર્વના અસંખ્ય જન્મોમાં દુષ્કૃત્યો સેવી સેવી આવાં તો કેઈ કર્મ ઉપાર્જેલા પડ્યા છે.** એનો આઘાત મૂકી એકાદ કર્મની પીડાનો આઘાત શું લગાડે ?

**હૈયાને ધક્કો તો એ વાતનો લગાડ કે** 'હાય ! મારે અસંખ્ય જન્મોનાં દુષ્ટ કર્મનો ભાર માથે છે.' પછી નિર્ધાર કર કે હવે હું તપ અને ચારિત્રથી એ બધાંનો ચૂરો કરી નાખીશ.' સહર્ષ પીડા સહી લેવામાં આ કામ સુંદર થઈ શકે છે.

(૯) બાકી, **પીડાઓ સહવાની આ જગતમાં શી નવાઈ છે ?** નરકમાં અનંતીવાર જઈ જઈ આના કરતાં અનંતગુણી વેદના અસંખ્ય વર્ષો સુધી એકધારી સહન કરી છે. પશુ-પંખીના અવતારે દુશ્મન પશુપંખી કે શિકારી-પારધી-માછીમારના હાથે પણ દારુણ પીડાઓ સહી છે. મરગલો થઈને સિંહવાઘના જડબામાં જામફળની જેમ બટકે બટકે ચવાયો ! માછલો થઈ મગરમચ્છના ક્રૂર દાંતથી ત્રટકત્રટક તોડાયો ! માંસાહારીના હાથે ઉકળતાં પાણીમાં બફાયો ! તેલમાં તળાયો ! જીવતા છોલાયો ! પીડાની કોઈ અવધિ, કોઈ નવાઈ છે ? **સંસાર પીડાનું ઘર છે.**

(૧૦) સંસારમાં કઈ જાલિમ પીડા નથી સહી ? પરંતુ તે બધી પરાધીનપણે રોતાં રોતાં સહવી પડી છે. તેથી એમાંથી કશો ગુણ ન થયો, લાભ ન થયો, ને ભવના ફેરા ઊભા રહ્યા ! તે આજ સુધી ભટકતો આવ્યો છે ત્યારે આ જે પીડા આવી છે, તે તો પૂર્વની પીડાઓ કરતાં ઘણી હળવી ! છતાં,

**જો તું એ પીડાને સ્વેચ્છાથી વધાવી લે, સહી લે, તો ગુણ અપરંપાર છે !** બીજાં કેટલાંય લખલૂટ કર્મો નાશ અને આત્મશુદ્ધિ સમૃદ્ધિની કમાઈનો મહાન લાભ મળે છે ! **શૂળીનું વિઘન સોંયથી પતે છે !** ખરેખર ભોગવી ભોગવીને અસંખ્ય કાળ સુધી કારમી વેદનાઓ સહવી પડે એવાં કર્મ, અહીં આ પીડા સ્વેચ્છાએ સહર્ષ સહી લેવામાં અને મન જરાય બગડવા ન દેવામાં, એમ જ સાફ થઈ જાય છે ! ઉપરાંત મોક્ષ ન થાય ત્યાં સુધીના માટે પણ સદ્‌ગતિનાં ઊંચા પુણ્યાનુબંધી પુણ્ય ઊભાં થાય છે ! આમાં ક્યાં ગુમાવવા જેવું છે જ ?

(૧૧) તો હે વીરપુત્ર ! ચાલવા દે જે ચાલે તે તું તારે બળવા સર્જાયેલા ઘરમાંથી જે ઝવેરાત હાથ કરી લેવાય તે કરી લે. **નિર્ધારિત પીડારૂપી આગ ઓલવવાનો પ્રયત્ન નકામો છે, નિષ્ફળ છે; સમતા, સમાધિ, કર્મક્ષય વગેરે ઝવેરાત હાથ કરી લેવાનો પ્રયત્ન સફળ છે, સાર્થક છે, હાથવેંતમાં છે.** માત્ર મન સાબૂત, સમજદાર, સાવધાન અને વસ્તુસ્વરૂપ પર કેન્દ્રિત રાખ એટલું જ બસ છે.

(૧૨) **પુણ્યવાન ! જિનશાસન પ્રાપ્તિનું મહાપુણ્ય મળ્યું એની કદર કર.** અતિદુર્લભ એ મળ્યું છે, તો હવે એને જ વળગી રહેવાનું કરજે. **બીજો વળગાડ**

**તો તું ઈચ્છીશ તો પણ ટકવાનો નથી, ને આ શાસનને વળગવાનું ટકી જશે.** માટે આને જ વળગી રહે.

**કોહીનૂર હીરા જેવું આ શાસન પાસે છે તો પછી કાચના ટુકડા જેવી શરીરશાતા ન હોય એમાં શું રોવાનું ?** તારે તો શાસને ચીંધેલ શાશ્વત સુખ, શાશ્વત સમૃદ્ધિને દેનારો રત્નત્રયી દર્શન, જ્ઞાન, ચારિત્રનો માર્ગ હાથ પર છે એની જ સંભાળ કરવાની હોય.

**તારું આત્મસ્વરૂપ જો ને શરીરના કૂચે કૂચા થવામાં પણ ક્યાં એનો એક પ્રદેશ પણ ખેરવાય છે ?** કે જો તું સાવધ હોય તો એના દર્શન-જ્ઞાન-ચારિત્રને, એના ક્ષમાદિ ગુણોને, ને એના અધ્યાત્માદિ યોગને ક્યાં આંચ આવે છે ? શા સારુ નિજનાં સુંદર સ્વરૂપ વિસારી પર કાયાના વિનશ્વર સ્વરૂપમાં અટવાઈ જાય ! એથી તો ઊલટું આત્મસ્વરૂપ વધારે કલુષિત થાય છે. **પરના વાંકે નિજને દંડ મા. પરની આઘી પાછીએ સ્વાત્માને આઘોપાછો કર ના.** કષાયો-અસમાધિ-દુર્ધ્યાન-સંકલ્પ-વિકલ્પો કરવામાં આત્મા દંડાય છે.

**તું તે કોણ ? કાયા કે આત્મા ? કાયા તો પર છે એની સરભરામાં જાતને શા સારું વિડંબે ?** જાગ જાગ, આત્માની અનંત શક્તિ છે એ શક્તિને કાયાના સેવકો રાગદ્વેષ વગેરેનો વિધ્વંસ કરવામાં કામે લગાડી દે...કાયાના પર્યાય સામે ન જોતાં સ્વપર્યાય સામે જો. કાયા બળી, છોલાઈ, પીલાઈ એ કાયાના પર્યાયમાં ફેરફાર થયો, એના પર્યાય બગડ્યા; એને આત્માના પર્યાય સાથે શો સંબંધ ?

જુઓ, શુભ વિચારો કરવા છે ને ? તો આમાં કેટલી જાતની વિચારણાઓ આવી ?

૧. કાયા પાડોશી છે. એનું બળે છે, તારું નહિ.

૨. કાયાનું બચાવ્યું પણ વિનશ્વર છે.

૩. કાયા પર ઉપદ્રવ એ કર્મ-ગુમડાનું નસ્તર છે.

૪. પીડા વેઠી લેવામાં કર્મ ઓછાં જ થાય છે.

૫. ઉપદ્રવ કરનારો કર્મરોગ કાઢવામાં સહાયક છે.

૬. સામો આપણી કાયા નિમિત્તે વિશેષ પાપ બાંધે છે, માટે એ ખાસ દયાપાત્ર છે.

૭. દુઃખમાં મૂળ નિમિત્ત આપણાં જ કર્મ છે. તો નવાં કર્મ અટકાવવાં.

૮. આઘાત પીડાનો નહિ, પણ અસંખ્ય જન્મના આપણા કર્મથોકનો જોઈએ.

૯. પીડા તો નરક-તિર્યંચગતિમાં અનંતી ભોગવી. સંસાર પીડાનું ઘર છે ત્યાં પીડાની શી નવાઈ છે ?



૧૦. અનિચ્છાએ જાલિમ પીડા સહેલી, પણ એણે આત્માને ગુણ ન કર્યો; સ્વેચ્છાએ થોડી પણ સહેલી પીડા ગુણ કરે.

૧૧. પીડિત કાયા એ બળતું ઘર, એમાંથી કર્મનિર્જરા અને રત્નયત્રી વૃદ્ધિનું ઝવેરાત કાઢી લે.

૧૨. શાસનપ્રાપ્તિની કદર કર, એ કોહિનૂર હીરો પાસે હોય, પછી કાચના ટુકડા સમી કાયા-માયા પાછળ શું રોવું ?

૧૩. આત્મસ્વરૂપ જો પરના વાંકે સ્વાત્માને ન દંડ, ન બગાડ પરપર્યાય મૂકી સ્વપર્યાયની ચિંતા કર.

**મહાપુરુષોએ ઉપદ્રવ-ઉપસર્ગો** સહ્યા, એની વચ્ચે જે ભવ્ય વિચારણાઓ કરી એ શોધીને આપણા દિલમાં અંકિત કરતા જઈએ; તો મન એમાં કેટલું બધું સુંદર રીતે કામે લાગી જાય ? ફજુલ વિચારોને જગા જ ક્યાં રહે ?

આ ઉપસર્ગ સહવામાં ભાવનાની વાત થઈ.

એમ **મહાવીર પ્રભુએ પૂર્વના નંદન રાજર્ષિના** ભવમાં એક લાખ વરસ સુધી માસખમણના પારણે માસખમણની ઘોર તપસ્યા, એમ સતત ૧૧ લાખ ૮૦ હજાર માસખમણો કઠોર ચારિત્રના પાલન સાથે કર્યા ! કોઈ અવધિ ? એમ **શાલિભદ્ર, ધનાજી, મેઘકુમાર** વગેરેએ પણ ઘોર તપસ્યાઓ કરી કાયાને સુક્કી ભુક્ખી, લુક્ખી બનાવી દીધી ! ત્યારે આપણે ય આવા મહાન તપસ્વીઓનું આલંબન નજર સામે રાખી તપસ્યા કરવી છે તો કઈ ભાવના ઉપર થાય ! આવું કાંક વિચારી શકાય.

## ● તપની ભાવના ●

(૧) 'હે જીવ ! જ્ઞાની ભગવંતોએ તપને કર્મક્ષયનું સચોટ કારણ બતાવ્યું છે. ખુદ તીર્થંકર ભગવાન જેવાએ પણ સ્વયં તે ભવમાં મુક્તિ નક્કી થવાનું જાણવા છતાં તપસ્યા કરી છે. તો તું પણ **તપના માર્ગે તારા કિંમતી પુરુષાર્થનો સુંદર સદુપયોગ કરવામાં પાછો પડતો નહિ.'**

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૪,અંક-૨૪,તા.૫-૩-૧૯૬૬**

**'તે ભવ મુક્તિ જાણે જિનવર, ત્રણ ચઉ જ્ઞાને નિયમા;**
**તો પણ તપ-આચરણ નવિ મૂકે, અનંતગુણો તપમહિમા !...'**

**(૨) ધ્યાનમાં રહે, જડમાં ક્યાંય નહિ, એવી પુરુષાર્થ શક્તિ જીવને જ વરેલી છે.** એમાં પણ એકેન્દ્રિયપણા આદિમાં એ પુરુષાર્થ શક્તિ અલ્પ પ્રમાણમાં ખૂલેલી હતી. અહીં પંચેન્દ્રિય માનવપણે એ વિશાળરૂપે ખીલી ઊઠી છે. હવે

સવાલ એ છે કે **ખાનપાન આદિમાં એ પુરુષાર્થશક્તિ વેડફાઈ જાય છે,** ત્યારે તપમાં એનો મહાન તારક સદુપયોગ થાય છે. પુરુષાર્થ તો બંનેમાં ખરચાય જ છે. પરંતુ ઈન્દ્રિયો અને કાયાના તુચ્છ વિલાસ તાનામાનામાં એ ખરચવામાં આત્માની ગુલામી વધે છે, જીવ ગળિયો થાય છે, એમાં જરા ફેર પડતાં ક્લેશ અપરંપાર ! ત્યાર પછી જીવના બિચારાના ભવ ભારે થાય છે ! દુર્ગતિના ભવ વધે છે ! ત્યાં જીવના ડૂચા નીકળે છે ! ત્યારે તપના પુરુષાર્થથી આત્મા ન્યાલ થઈ જાય છે ! આત્માનું સત્ત્વ અને સદ્‌ભાવના વધે છે, મનઃતૃપ્તિ વધે છે ! પ્રબળ પાપકર્મોના ચૂરા થાય છે ! મોક્ષ ન પામે ત્યાં સુધી પણ ઉચ્ચ સદ્‌ગતિના પુણ્યાનુબંધી પુણ્યના થોક કમાય છે ! તો પછી પુરુષાર્થશક્તિનો યથેચ્છ ખાવાપીવામાં ઉપયોગ મૂકી ત્યાગ-તપસ્યામાં સુંદર વ્યય કાં ન કરવો ?

(૩) 'હે જીવ ! સમજવાનું છે કે **તપનું સહ્યું આત્માને ગુણરૂપ થાય છે.** નરકાદિ ગતિમાં અનિચ્છાએ કર્મની પરાધીનતામાં તો ભૂખના ભયંકર દુઃખ સહ્યાં છે, છતાં એણે **આત્માને ગુણ નથી કર્યો,** એ તપના લેખામાં નથી ગણાયા. ત્યારે અહીં તપમાં એના કરતાં તો અનંતમાં ભાગનું સહવાનું આવે છે; અને તેનાથી નિશ્ચિતપણે આત્માને ગુણ થાય છે, કર્મક્ષય થાય છે; સત્ત્વ-ઓજસ-સ્વાધીનતા વધે છે ! સુસંસ્કારની મૂડી વધે છે ! વળી અનેક પ્રકારના શાતા-યશ-સૌભાગ્ય આદિના પુણ્ય વધે છે ! પછી શા સારુ તપમાં પુરુષાર્થશક્તિ કામે લગાડી કમીના રાખવી ? પાછું વાળીને જોવું.'

(૪) 'જોજે મહાનુભાવ ! કે તપ વિનાના એકલા જ્ઞાનાદિ ધર્મયોગમાં તો નીવડે વખાણ છે, આત્માની કષાયાદિ પરિણતિ સુધરે, અંકુશમાં આવે તો જ લાભ થાય છે; ત્યારે **તપમાં તો રોકડાનો વેપાર છે,** તપ કર્યો કે કર્મક્ષય ચાલુ ! તેથી આવા તપની આરાધનામાં પ્રમાદ કેમ થાય ?'

(૫) 'બીજું એ પણ હકીકત છે કે **મુક્તિ- કષાયોની મુક્તિથી જ થાય છે.** એ માટે ક્ષમાદિ ધર્મોનો ઊંચો અભ્યાસ જોઈએ છે. કિન્તુ એતો જીવ જો ખડતલ, સહિષ્ણુ અને મનોનિગ્રહી બને તો જ સાધી શકાય. આ ખડતલના અને સહનવૃત્તિ કેળવવા માટે તપ એ અદ્‌ભુત ઉપાય છે. જીવ અભાગિયો હોય એ તપ કરવા છતાં ખડતલ ન બને. ક્ષમાદિ ન કેળવે એ એનો પોતાનો કસુર છે. બાકી ખડતલતા કેળવવા માટે તપસ્યા એ સુંદર સચોટ ઉપાય છે. એનાથી આત્માનું સત્ત્વ વિકસે છે; કેમકે,'

(૬) એ તપ શી રીતે થાય છે ? ખાનપાનાદિના સંયોગ હાજર અને સ્વાધીન છતાં એ લહાવા લૂંટવાને બદલે, સ્વેચ્છાએ એને પડતા મૂકી તપ કરવામાં



આવે છે. એ જીવના સત્ત્વનો વિકાસ થયા વિના ન બને.

**સત્ત્વનો વિકાસ એ અપૂર્વ સાધના છે, કેમકે સત્ત્વથી અનેકાનેક પ્રકારના ગુણો, સુકૃતો અને સદ્‌અનુષ્ઠાનોની સાધના થાય છે. મહાન આત્માઓએ સત્ત્વના આધાર પર યશસ્વી કારકીર્દી અપનાવી છે.**

(૭) ત્યારે હે પામર પ્રાણી ! હંમેશા ખાનપાન કર્યા જ કરવા, ખાટા મીઠા રસોથી ત્રણસો સાઠે દહાડા રસનાની ઉજાણી ઉડાવ્યે જ જવી, એમાં તો આત્માની નરી કાયરતા છે, તુચ્છ ભોગનો આનંદ માનવાની અધમ કક્ષા છે, ઉચ્ચ આત્મહિત આત્મકલ્યાણ સાધવાનો યોગ્ય આ સુંદર ભવમાં ખાવુંપીવું, રસ ઉડાવવા એ નરી અજ્ઞાનચેષ્ટા છે, અહીં ત્યાગ-તપની અતિ દુર્લભ મળેલી તક વેડફી નાખવાની મૂઢતા છે, માટે સાવધાન થા. એવી કાયરતા, અધમતા, અજ્ઞાનતા, અને મૂઢ દશામાં છતી બુદ્ધિએ જકડાઈ રહેવાની જરૂર નથી. એ ધ્યાનમાં રહે કે,-

**(૮) પરલોકના પુણ્યના ચોપડે અહીંનું ખાધુંપીધું જમે થતું નથી પણ ત્યાગ અને તપ કરેલો એ જ જમે થાય છે.** ખાધુંપીધું, મોજ ઉડાવી, એ તો પૂર્વના પુણ્યમાંથી ઉધરી જાય છે એથી નવું પુણ્ય કાંઈ વધે નહિ. ત્યારે જૂનાનો ઉધારો થાય, પછી વિચારવા જેવું છે કે પરલોક માટે અંતકાળે શું આશ્વાસન રહે ? અને ભાતા વિના પરલોકમાં કેવી દુર્ગતિ, દુર્દશા અને વિટંબણા થાય ?

**(૯) બાકી, શરીરનો બહુ રાગ** રાખી એને તપથી નહિ કસવામાં જીવને સરવાળે ભારે પડી જાય છે કેમકે એમ બહુ મૂર્ચ્છાથી સુંવાળું અને સુખશીલ રાખેલું શરીર પાપકર્મના અકસ્માત ઉદય વખતે ભારે આકુળવ્યાકુળ બને છે ! તપ કરી ખડતલ બન્યો નથી એટલે આ હવે શેં સહન થાય ? હાયવોયનો પાર નહિ, ને અહીંનું પુણ્ય તો કયું એમ જ બેસી રહેવાનું હતું ? એક'દિ એ જરૂર ખૂટી જવાનું છે પછી પુણ્ય વિના જીવની પાપના આક્રમણે કેવી દુઃખદ દુર્દશા !

(૧૦) અરે ! નાદાન જીવ ! દુઃખમય તો એ છે, કે અહીં **ખાઉં ખાઉંના અભ્યાસથી** એના જ કુસંસ્કાર રૂઢ અને રીઢ કર્યા છે, એટલે પરલોકે એજ સૂઝવાનું, ખાવાની લેશ્યા સળગતી રહેવાની ! પુણ્ય છે નહિ એટલે ખાવાનું મળે નહિ, ને કુસંસ્કાર ભરચક છે, આહારસંજ્ઞા અને રસસંજ્ઞા જોરદાર છે, તેથી ખાવાપીવાની લાલસા ખખડધખ ઊભી છે, શું ? ખાવા મળવાનું પુણ્ય નથી, ને ખાવાની ભૂખ જોરદાર; એ પરથી સમજી શકાય છે કે કેવી ભારે વિટંબણા થાય ? કીડા મકોડાના અવતારમાં પણ શું છે ? **આહારસંજ્ઞાના પાપે આહારના જ સ્થાનમાં જતા ક્રૂર કચડામણ-છુંદામણ** અને કમોત મૃત્યુ પામે છે. આવી પાપીષ્ઠ આહારસંજ્ઞાને એવા ભવોમાં તો શું, પણ દેવતાઈ ભવમાંય કચરવાનો અવકાશ નથી ! એ **પાપીષ્ઠ**

**આહારસંજ્ઞા તો અહીં માનવ અવતારે સારી રીતે જ્ઞાનીઓએ બતાવેલ વિવિધ તપસ્યાઓ, રસત્યાગ, દ્રવ્યસંક્ષેપ અને ક્ષુધાવેદનીય પરિષહ-સહન વગેરેથી કચરી શકાય,** તો શા માટે આવો ધન્ય અવસર ચૂકવો ?

(૧૧) વળી હે જીવ ! એ તો જો કે ખાણના રત્ન પર જ્યાં સુધી પત્થરિયું મટોડું જામેલું અને પુષ્ટ થતું હોય છે ત્યાંસુધી રત્નનો પ્રકાશ ક્યાં ખૂલે છે ? એમ **આત્મા ઉપર માટીની કાયાનો લેપડો અને ઉપરાંત એની માટીમય આહાર-પુદ્‌ગલથી તૃષ્ટિપુષ્ટિ ચાલુ રહે, ત્યાંસુધી આત્માનું તેજ શી રીતે ખૂલવાનું ?** માટે જો આત્મતેજ ખોલવું હોય તો માલમસાલા અને વારંવાર ભોજનથી તનના તાનામાના કરવાનું ઓછું કર.

(૧૨) ધ્યાન રાખજે કે **અંતકાળ સુધારવો હોય, પંડિત મરણ પામવું હોય,** તો આહારની લેશ્યા અત્યંત મોળી દુબળી પાડવી પડશે. નહિતર મન એમાં ને એમાં જવાથી સમાધિ નહિ રહે ! મરણ બગડશે ! માટે એ વખતે આહારની લેશ્યા ન પીડે એ ખાતર, ચાલુ જીવનમાં આહારત્યાગ-રસત્યાગ-દ્રવ્યસંક્ષેપ-અને ક્ષુધાવેદનીય સહવાનો બહુ અભ્યાસ પાડ.

**(૧૩) આહાર અને રસની બહુ સરભરાથી તો જડ દેહના પર્યાય વધે છે, પરંતુ આત્માના શુદ્ધ જ્ઞાનાદિ પર્યાયો વધતા નથી, ઊલટું** ઘટવાનું બને છે. ત્યારે આત્માના શુદ્ધ જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ વગેરે પર્યાય અહીં નહિ વધારે, તો સાથે લઈ જવા શું મળશે ? પાપ સંજ્ઞા, પાપ લેશ્યા અને પાપ વલણ વગેરેના જ પર્યાય ને ? એ ભાવિ ભવ કેવા સરજશે ? કેવા ખતરનાક બનાવશે ?

(૧૪) ભૂલીશ ના, કે આહારસંજ્ઞા પર તો ભવચક્રમાં અનંતા પરિભ્રમણ થયાં છે. પૂજામાં આવે છે ને કે,-

**'આહાર કરતા અહનિશ માચ્યો,**
**નાચ્યો ઈણ સંસાર. સાંભળ વિશરામી !'**

ત્યારે જીવન તો બધાનાય પસાર થાય છે, ખાનારનાય અને તપ કરનારનાય. ખાનાર વધુ જ જીવે છે અને તપ કરનારો ઓછું જ જીવે છે એવું પણ નથી. ઊલટું, દેખાય છે કે તપસ્વીઓ દીર્ઘ કાળ જીવે છે. એમને વારેવારે રોગ નડતા નથી. ડાકટરી દવાખાનાં ખાનારાઓથી ઊભરાય છે, તપસ્વીઓથી નહિ. વળી તપસ્વીને તો અંતકાળે સુંદર સમાધિ હોય છે; પરલોક સુંદર બને છે, પછી શા સારુ તપથી ગભરાવું ? ખરેખર તો તપમાં જતા દિવસોને ધન્ય જીવનકાળ સમજવો; કેમકે એ આત્માના અનેક શુભખાતામાં જમે થયા !

(૧૫) બાકી 'તપ કરીએ તો સારું સારું ખાવાનું રહી જાય,' એ ઘેલછા



સારી નથી કેમકે એ ખાધેલુંય ક્યાં ટકી રહે છે ? નવા ટંકે ભૂખ ઊભી ને ઊભી ! સંજ્ઞા એની એ ખખડધખ રહે છે ! **ક્યાં ખાધેલાનો સરવાળો મૂડીરૂપે ઊભેલો મળે છે ?** એટલે જીવની એ ઘેલછા ગણાય. જો માને કે તપ કરું તો હાય ! ખાવાનું રહી જાય !' તપ કરવાથી તો હોજરીને આરામ મળે છે, તેથી આવરદા વધે છે. અમેરિકામાં ત્રણ ઉંદર પરના પ્રયોગમાં રોજ બહુ વાર ખાતો ઉંદર પહેલો મર્યો, એક વાર ખાતો ઉંદર પછી મર્યો અને એકાંતર દિવસે ભૂખ્યો રહેતો ઉંદર છેલ્લે મર્યો. તપથી જીવનશક્તિ ટકે છે.

**(૧૬) તપમાં તો જીવનની શોભા છે, પુરુષાર્થકાળ અને પુરુષાર્થશક્તિની રોકડી સફળતા છે, નિર્મળ યશ છે, પુણ્યનો પ્રાગ્ભાર વધે છે, કર્મની નિર્જરા થાય છે, પાપકર્મોનાં પુણ્યકર્મમાં સંક્રમણ થઈ એ પુણ્યરૂપ બની જાય છે, જિનાજ્ઞાનું પાલન થાય છે, જિન પ્રત્યે સાચો પ્રેમ અને સેવકભાવ અદા થાય છે...**ઈત્યાદિ લાભનાં લેખા હોઈ ચાલવા દો. તપનું મજેનું કાર્ય. -તપ અંગે આવી આવી વિચારણા થઈ શકે.

## ● બ્રહ્મચર્યની ભાવના ●

ત્યારે સુદર્શન શેઠ, વંકચૂલ ચોર વગેરે રાણીના ઉપદ્રવના પ્રસંગમાં આવ્યા, તેમ જંબૂકુમાર, ગુણસાગર વગેરે કન્યાઓના પાણિગ્રહણના પ્રસંગમાં આવ્યા, એમ સતીઓ કામીના ઉપદ્રવથી ઘેરાઈ, છતાં એ બધા અખંડ બ્રહ્મચર્ય રાખી શક્યા, અણીશુદ્ધ પવિત્ર રહી શક્યા, એ પણ કેવી સુંદર ભાવના-વિચારણા પર થઈ શક્યું હશે ? શુભ વિચારોમાં રહેવું છે તો અંટસંટ વિચારો બંધ કરી આ પણ વિચારનું એક ક્ષેત્ર છે. વિચારણા આ રીતે કરી શકાય, કે-

(૧) 'જીવ ! ધ્યાન રાખજે, આ એક કસોટીવાળી છે. શીલ-બ્રહ્મચર્યને આંચ આવવા દેવાની નથી. ઈન્દ્રિયોની તુચ્છ ખણજને વશ નહિ જ થવાનું. એ તો ચોટ્ટીઓ છે, આપણને ઘેલા-મેલા કરી માત્ર ક્ષણિક જ અને તે પણ અતિ ધન્ય સુખનો ઝબૂકો દેખાડી આત્માનું પુણ્યધન, સુકૃતધન, સુસંસ્કારધન, સત્ત્વધન, ધર્મબુદ્ધિનું ધન, પવિત્રતા ધન વગેરે કેટલુંય લૂંટી ખાય છે. એના પનારે પડેલા જીવને નિઃસત્ત્વ, નિષ્પુણિયો, દીન-હીન-ગુલામ, વિકારી, પાપલેશ્યાવાળો, ઈત્યાદિ બનાવે છે. એવી ચોટ્ટીઓને શા માટે મહત્ત્વ આપવું ? શા સારુ નિજનું મહત્ત્વ ગુમાવવું ?'

**(૨) 'આત્માનું મહત્ત્વ આ છે કે મારે ઈન્દ્રિયોની ખણજોને વશ ન થતાં, તૃષ્ણાદિ વિકારોને દબાવવા, ઈન્દ્રિયોની આજ્ઞામાં રહી એને વિષયોમાં લઈ જઈ**

**ઠારવા કરતાં એને આપણી ઈચ્છાનુસાર અંદરમાં તૃપ્ત કરવી, શુભમાં વાળવી, જડ વિષયો તરફ નફરત ઊભી કરી ઈન્દ્રિયોનો પ્રચાર, એની ગતિ, એના દરવાજા, બંધ કરી દેવા.'** વિષયોમાં રાગ કરીએ, સારાપણું જોઈએ, તો ઈન્દ્રિયો એ તરફ કૂદે ને ? વિષયોને તો ધખધખતા દાવાનળસમા જ દેખું ! મહાન સદ્‌ભાગ્યે કમાયેલ દેવ-ગુરુસંયોગ, ધર્મબુદ્ધિ, પવિત્રતા, કર્મલઘુતા વગેરેને બાળી નાખનારા જ લેખું ! પછી શું કામ મન એમાં મિઠાશ અનુભવે ? ઈન્દ્રિયો શું કામ લલચાય ?

(૩) 'વહાલા ચેતન ! ભૂલતો નહિ કે **ઈન્દ્રિયો તો કારમી ભુખારવી છે.** એની ભૂખ સંતોષવામાં સારા મનુષ્યભવો પણ અનંતા બરબાદ કર્યા ! મનુષ્ય-તિર્યંચ-દેવ ગતિના અનંતાકાળ એ રમત રમ્યા કરી છતાં હજી આજે એની ભૂખ ઊભી ને ઊભી છે, એ હકીકત છે. આવી દીવા જેવી સ્પષ્ટ હકીકતને કાં ધ્યાન પર ન લે ?'

**વિષયોની ભયંકરતા :-**

પૃથ્વીચંદ્રે તરત પરણીને આવેલી પોતાની નવોઢાઓને આ બતાવ્યું કે,

**'અગ્નિ જો તૃપ્ત તે ઈંધણે, નદીએ (જો) જલધિ પૂરાય, મેરે લાલ;**
**તો વિષયસુખ ભોગતાં, જીવ એ તૃપ્તો થાય, મેરે લાલ;**
**વિષયસુખ સુરલોકમાં, ભોગવિયા એણે જીવ, મેરે લાલ;**
**તો પણ તૃપ્ત જ નવિ થયો, કાળ અસંખ્ય અતીવ, મેરે લાલ,**
**ચતુરા સમજો સુંદરી, મુંઝો મત વિષયને કાજ, મેરે લાલ,**
**સંસાર અટવી ઊતરી, લહીએ શિવપુર રાજ, મેરે લાલ,**
**ચતુર સ્નેહી સાંભળો.'.............ચતુર સ્નેહી સાંભળો.'**

સ્ત્રીઓ ખરેખર ચતુર હતી. જરાક અંતરમાં ઊતરી, વિચાર કરીને સમજી ગઈ. કુમારને કહે છે, 'તો હવે ઉપાય બતાવો.' કુમાર કહે છે, 'સંયમ સ્વીકારો. એ જ અદ્‌ભુત ઉપાય છે.' બસ એટલી જ વાર ! સ્ત્રીઓએ સંયમ માટે રજા માંગી, તત્કાળ એ લેવા તૈયારી બતાવી. કુમારે સદ્‌ગુરુનો યોગ પ્રાપ્ત થતાં સુધી રાહ જોવા કહી અને સ્ત્રીઓ કુમાર સાથે ત્યારથી જ માંડીને બ્રહ્મચર્યમાં સામેલ થઈ ગઈ ! કેવાય કોડ લઈને આવી હશે, રાજકન્યાઓ છે, પૃથ્વીચંદ્ર જેવા નામાંકિત રૂપાળા સમૃદ્ધ રાજપુત્રને વરી છે, પરણ્યા પછી પહેલી જ મુલાકાત છે, છતાં બ્રહ્મચર્ય ત્યારથી જ અપનાવી લીધું ! કારણ એક જ કે વિષયોને હળાહળ વિષથીય ભૂંડા દીઠા.

**(૧) વિષ તો ખાય તો મારે, વિષયો યાદ કરે, મન પર લે, તો પણ મારે !**



(૨) વિષ તો એક મોત અપાવે, વિષયો મોતની પરંપરા દેખાડે !

(૩) વિષભક્ષણમાં સદ્‌બુદ્ધિ બગડે જ એવો નિયમ નહિ, વિષયસેવનમાં સદ્‌બુદ્ધિ નાશ જ પામે !

(૪) વિષમાં ગુલામ જ બનવું પડે એવું નહિ. વિષયોમાં ગુલામી શિરે લદાય !

(૫) વિષભક્ષણમાં પાપની શૃંખલાઓથી જકડાવું જ પડે એવો નિયમ નહિ, વિષયોની ગુલામીમાં તો ભયંકર પાપની બેડીઓમાં જકડાવું જ પડે !

ઈન્દ્રિયોની વિષયરમતમાં ચેતન આત્માની કેટલી બધી ખુવારી ! કેટલી નાલેશી કેવી કંગાળ ભુખાવરી હાલત ! કેટલે ઊંચે ચઢ્યા પછી કેવું ભયાનક અધઃપતન !

(૬) વિષયોના કેફ ભારે ભૂંડા ! જીવે સત્સંગ, સદ્‌વાચન-શ્રવણ વગેરેથી કેટલીય ઊંચી ભાવનાઓ કેળવી હોય, પણ એક વાર વિષયરંગમાં લલચાયો, તો મર્યો સમજો. એનો નશો એવો ચઢે છે ! અરે ! માત્ર દૃષ્ટિનો સંબંધ બાંધી દૃષ્ટિ બગાડી, હૈયું બગાડ્યું કે મુઓ પડ્યો ! હવે એ સુંવાળારૂપનાં ગિલગિલિયાં ઉત્તમ ભાવનાને ઉલ્લસવા ન દે. વાઘે વર્ષો સુધી લોહી ચાખ્યું નહોતું, જોયું નહોતું, હવે જોયું તે છ મહિના નહિ પણ એકવાર ચાખ્યું કે વિફર્યો ! શા સારુ શાંત સ્વસ્થ બનેલા આત્માને વિષયના ચટકાથી પણ વિફરવા દેવો ? શા માટે રાંકડી ઈન્દ્રિયોની તૃષ્ટિ-પુષ્ટિ ખાતર મહાન ઓજસ અને જ્ઞાનધનવાળા પોતાના આત્માને વિહ્‌વળ, નિસ્તેજ અને મૂઢ કરવો ? અશાંત ઉકળેલો આકુળ-વ્યાકુળ બનાવવો ?

**(૫) ઈન્દ્રિયો જીવને શું પરખાવે છે ? એ પોતાની વિષયરમતમાં**

(૧) આત્માનાં શુદ્ધ ચિદાનંદ સ્વરૂપનું સત્યાનાશ કાઢે છે.

(૨) વીર્યનો નાશ કરે છે !

(૩) તત્ત્વ વિચારણા કોરાણે મૂકાવે છે !

(૪) તત્ત્વ રમણતાનો વિધ્વંસ કરે છે.

(૫) પૂર્વનું પુણ્ય સફાચટ કરી,

(૬) પાપનાં પોટલાં આત્માને માથે ચડાવે છે !

(૭) પરમપ્રભાવી શાસન, મહાપુરુષો, અને દેવાધિદેવનાં અનન્ય અનંત કલ્યાણસાધક આલંબનો બાજુએ મુકાવી જડ તુચ્છ વિનશ્વર વિષયોને મહત્ત્વ અપાવે છે !

ઈન્દ્રિયો પોતાની તુષ્ટિ પુષ્ટિમાં આત્માનું શું ભલું કરે છે ?

(૮) અનાદિની ખંજવાળને સતેજ કરે છે;

(૯) આત્માની વિકારી પામર દશા અકબંધ ઊભી રખાવે છે.

(૧૦) એના કુસંસ્કારો પોષી દૃઢ કરી જીવને કૂચા જેવો કરીને ભવચક્કીમાં પીસાતો કરી દે છે, !

(૧૧) આગામી હલકા ભવમાં એ કુસંસ્કારોના દુઃખદ પાપોમાં ગરકાવ કરી દે છે !

(૧૨) પાપ સેવનમાં આંધળો બનાવી સદ્ધર્મ-સદાચરણથી અત્યંત વિમુખ કરી દે છે !

(૧૩) ભવોના ભવો સુધી ધર્મનું નામ નહિ, એવી સ્થિતિમાં જીવને રુલાતો કરી દે એવી ઈન્દ્રિયોની ગુલામી સેવવામાં જ આત્માની કેવી મૂઢતા ? કેવો અવિવેક ? ક્યાં રહ્યું એનું શાણપણ ?

**દિલ ક્યાં ઠરે ? :-**

જે મીઠાશથી પત્નીનું સ્મરણ થાય છે, એવી મીઠાશની બ્રહ્મચારી મહાન આત્માનું સ્મરણ કેમ નથી થતું ? વિષયોની ગુલામીને લીધેસ્તો, જે મીઠાશની પેંડા-પકવાન્ન સામે નજર પડે છે, એ મીઠાશથી આંબેલના નીરસ ભોજન સામે કેમ નજર નથી ઠરતી ? ઈન્દ્રિયોની પરવશતાના જ કારણે જે હોંશ-ઉમળકાથી કામિની-કુટુંબ-શેઠ-શાહુકાર વગેરેને હૈયે વધાવાય છે, એવી હોંશ ઉમળકાથી પરમાત્માને કેમ નથી વધાવાતા ? કારણ, પેલાઓ તુચ્છ વિષયો ચટાડે છે માટે, જીવનો આ કેવો અવિવેક, કેવી મૂઢતા-પશુતા કે ઉત્તમ તારક આલંબનોને ઓછા મહત્ત્વ આપી મારક વિષયોને અને વિષયસાધનો-વિષયપાત્રોને હૃદયાંકિત મહત્ત્વ આપે ?

**(૬) વિવેક આ જોઈએ કે** 'વિષયવાસના ! તું તો હું વિષયમાં મન ઘાલું તો જ ઊઠી શકે, માટે હું હવે મન એમાં લઈ જ ન જાઉં ને.'

(૧) **આ ઊંચા ભવની મારે અગમ્ય વિષયોમાં હોળી નથી કરવી.**

(૨) પરમાત્માને નીચે પાટલે બેસાડી લેભાગુ મોહાંધોને ઊંચે પાટલે નથી બેસાડવા, વિષય ચાટવાની લાલચ રાખું તો એમ ઊંધું કરવું પડે ને ?

(૩) હવે મારે વિષયગધેડો નથી બનવું; હવે તો હું વીતરાગસેવક બન્યો રહેવાનો.

(૪) હવે ભવચક્રમાં ભટકતા નથી થવું, તુચ્છ વિષયોના રાગ આકર્ષણને કચરી ઉચ્ચ ગતિ અને મોક્ષના રહેવાસી બનવું છે.

(૫) તત્ત્વજ્ઞાન સંપાદન-પરિણમન માટેના એકમાત્ર યોગ્ય માનવભવમાં એ પવિત્ર કાર્ય છોડી ગલિચ વિષયસેવા અને હરામી ઈન્દ્રિયોની તુષ્ટિપુષ્ટિના અધમ



ધંધાથી યાને પશુરમતથી હવે સર્યું ?

એમાં શું કઠિન છે ? મન આ બાજું ફેરવ્યું એટલે બસ.

**(૭) કેટલા વિકારો ? ક્યાં શાંત ? :-**

વિચારવાનું એ છે કે આત્માનો મૂળ સ્વભાવ તો નિર્વિકારીતાનો છે, કામાસક્તતા, વિષયાકર્ષણ, વેદોદયની ઝણઝણાટી, રાગ-રતિનો આવેગ, ક્રોધાદિ લાગણી, હાસ્ય-ભયાદિનો અનુભવ, વગેરે વગેરે એ આત્માના વિકાર છે. વિકારોની રામાયણ અનાદિકાળથી ચાલી આવે છે. એને શાંત કરી દેવા, નિષ્ક્રિય-નિષ્ફળ-નષ્ટભ્રષ્ટ કરી નાખવા, અને આત્માએ વિકાર-રહિત બનવું, એ મનુષ્ય જીવનમાં જ શક્ય છે. જો અહીં એ કાર્ય ન કર્યું, અને વિકારોને ઊલસવા દીધા, મહાલવા દીધા. એને સેવ્યે ગયા, તો પછી એને બીજે ક્યાં શાંત કરી શકાવાના ? અને શાંત ન કરતાં એના અનુભવ કર્યે ગયા, તો ભવની જંજાળ, ગતિઓમાં ભ્રમણ, અને દુઃખદ દુર્દશા ચાલુ જ રહેશે કે અટકશે ?

**(૮) મનની મસ્તી :-**

ખરી રીતે તો આત્માના શુભ ભાવો, જેવા કે,-ઉપશમ, ક્ષમાદિ, બ્રહ્મચર્ય, ગાંભીર્ય, સ્વસ્થતા, જ્ઞાનાદિ-રમણતા વગેરે એવા સુંદર સ્વરૂપવાળા છે કે એના જ અનુભવમાં રમતા રહેવાથી જીવને વિકારોમાં પડવાનું અટકે છે; એના તરફ ખ્યાલ પણ નથી જતો, મન ઉપશમ આદિમાં પરોવાઈ ગયું, પછી શા સારુ વિકાર-પરવશ બને ? ઉપશમ અને જ્ઞાનાદિરમણતાની મસ્તી એવી છે કે એમાં તરબોળ બન્યા એટલે પછી મોટી ઈન્દ્રાણીએ શું, માલમેવા શું, કે ગીત-નૃત્ય શું, કશે જ મને આકર્ષાતું નથી. એને તુચ્છ લેખે છે. એટલે એનો કોઈ વિકાર ઊઠવા જ પામતો નથી.

**(૯) સ્ત્રી શરીર વિચિત્ર :-**

વાત પણ સાચી છે કે સ્ત્રીનું શરીર એ જગતનો એક વિચિત્ર ભાવ છે ! પાછો એ ઉપરથી સુંદર પણ અંદરથી ગંદવાડ ભર્યો ! અને ઉપરની સુંદરતા પણ નાશવંત ! યુવાનીમાં એ પ્રૌઢવયે નહિ, પ્રૌઢવયે એ વૃદ્ધ વયે નહિ !

જગતના બીજા ભાવની જેમ આ ભાવ તરફ મૂઢ થવાની, આકર્ષાવાની, અને વિકારી બનવાની શી જરૂર છે ? ચાલવા દો એને એના રાહે; આપણે કાંઈ એથી ભાવિત થવાની લાગણીવશ બનવાની, જરૂર નથી. કેમકે એની પરવશતામાં જીવને મળે છે શું ? તામસભાવ, વીર્યનાશ અને ગુલામી દશા કે બીજું કાંઈ ? કૂતરો હાડકાને ચાટે-કરડે એમાં શું પામે છે ? પોતાના દાંત ઢીલા કરવાનું, એમાંથી લોહી નીકળવાનું એ ચાટીને ક્ષણિક સુખ માનવાનું પણ એની પછી દુઃખી થવાનું

જ એને મળે ને ?

વાત એક જ છે કે વિકાર એ રોગ છે એને મિટાવવા, ભૂંસી નાખવા, એ આ ઉત્તમ ભવનું ઉત્તમ કાર્ય છે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૪,અંક-૨૫,તા.૧૨-૩-૧૯૬૬**

**(૧૦) આત્મ-ભાવનામાં મન વાળો :-**

મહાન આત્માઓએ નિર્મળ બ્રહ્મચર્યનાં કે વિશુદ્ધ સદાચારનાં પાલન શી સમજ ઉપર કર્યા હશે ? આવી જ કોક કે જીવન માનવનું જીવવું છે, એ તો જ જીવ્યા ગણાય કે ગધેડાની જેમ ઇન્દ્રિયોની ખોટી ખણજોને ખરજવાની ચળની જેમ ચળ્યા ન કરીએ. એ પશુક્રીડા ન કરીએ, કિન્તુ આત્મ-ભાવનારૂપી ઔષધથી દૂર કર્યા જ કરીએ. એમ કરતાં કરતાં ચિત્તની તદ્દન સ્વસ્થતા આવી ગયા પછી તો ખણજ ઊઠવા જ નહિ પામે. એકલી ઈન્દ્રિયોની તો ખણજ ઊઠતી જ નથી; માંહી મન ભળે છે ત્યારે એ ઊઠે છે. મનને આત્મભાવનામાં વાળી બરાબર શાંત-સ્વસ્થ-સ્વચ્છ કરી દીધું પછી તુચ્છ વિષય-વાદની ખણજ જ શી ?

વાત આ છે કે **જીવનકાર્ય શું ? ઈન્દ્રિયોની વિષયભૂખ પોષ્યા કરવી એ જ કાર્ય છે કે એનાથી કોઈ ઊંચું કોઈ નિરાળું કાર્ય છે ખરું ?' એનો વિચાર જોઈએ.**

**વિજયશેઠ અને વિજયાશેઠાણીએ** લગ્ન પૂર્વેથી કૃષ્ણ, શુકલ પક્ષનાં બ્રહ્મચર્યના નિયમ લીધેલા હતા; તે આજ સમજ ઉપર કે માનવભવે જીવનકાર્ય ઈન્દ્રિયોની વિષયભૂખ દબાવવાનું છે, પશુચેષ્ટા કરવાનું નહિ.

**પ્ર.**- પણ મનને ગમતું નથી ને ?

**ઉ.**- મનને ન ગમતું પણ કેટલુંય કરો છો, ભેગું મન પાસે આ પણ કરાવવાનું-કરિયાતું પીવું નથી ગમતું પણ તાવ કાઢવા જરૂરી માની મોં-જીભ પાસે પીવરાવો જ છો ને ? અમુક એક સમજ ઊભી કરી દીધા પછી તો કામ સહેલું બની જાય છે. વિજય-વિજયાએ કુમારઅવસ્થામાં આ સમજ કરી દીધી છે કે 'માનવજીવન જીવીએ એનું ખરું કાર્ય વિષય ખણજને પોષવાનું નહિ. દબાવવાનું છે, નાથવાનું છે, તેથી લગ્ન પહેલાં એક બીજા સાથે કોઈ વિચારણા મસલત-જાણકારી છે નહિ. એવા સંયોગમાં જુદા જુદા પક્ષનું બ્રહ્મચર્ય જીવનભર માટે નક્કી કરી લીધું છે. એમાં પછી લગ્ન થયા, હવે મન કઈ દિશામાં દોડતું હોય ? છૂટા પક્ષનો લહાવો લૂંટવાની દિશામાં જ દોડતું હોય ને ? પણ જોવાની ખૂબી છે, કે'

**વિજય વિજયાને પહેલી મુલાકાતે કહે છે** કે 'હજી ત્રણ દિવસની વાર છે.



કૃષ્ણપક્ષનું મારે બ્રહ્મચર્ય છે, તે આ પક્ષ પૂરો થવા દો.' સામે બેસાડીને આ વાત કરે છે, સાથે બેસાડીને નહિ, કઈ સમજ પર ? આજ કે ઈન્દ્રિયોની ખણજ પર અંકુશ મૂકતા રહેવું, એની 'કેટલીય ખણજોને જતી કરવી, એ આ જીવનમાં અવશ્ય બજાવવા યોગ્ય ભવ્ય કાર્ય છે. એ કર્યા વિનાના દહાડા પસાર થાય અને જીવન જીવાય, એ તો લુહારની ધમણના જેવા શ્વાસ-લેવા-મૂકવાની વ્યર્થ ક્રિયા છે.' આ સમજ વિજયની જાગતી હતી. તેથી આનંદથી કરેલા નિયમ પછી કૃષ્ણપક્ષમાં પાસે બેસાડવી શું, કે અડવું શું, વાત જ નહિ;

**ત્યારે વિજયા ય વિજય કરતાં ઊતરે એવી છે.** એને પણ મુખ્ય જીવનકાર્ય ઈન્દ્રિયોની ખણજ દબાવવા-ડામવાનું ખપે છે. એટલે પોતાના શુકલપક્ષના બ્રહ્મચર્યના નિયમ ઉપરાંત હવે જ્યારે પતિ તરફથી કૃષ્ણપક્ષના બ્રહ્મચર્યના લહાવા લૂંટવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે ત્યારે ધન્ય અવસર ધન્ય જીવન સમજે છે મનને વિચાર આવે છે કે 'પૂર્વે શુકલપક્ષનો નિયમ તો વધાવ્યો, પણ કૃષ્ણપક્ષના બ્રહ્મચર્ય વધાવવાની જે અશક્તિ જાતે દૂર ન કરી શકી તે સારું થયું કે આવા સોભાગી પતિએ એ અશક્તિ મુકાવી દીધી !'

From which angle you perspect the incident or object that matters most.

**તમે પ્રસંગ કે વસ્તુને કયા ખૂણેથી કઈ દૃષ્ટિથી જુઓ છો, એ અતિ મહત્ત્વનું છે.**

**જોવાની દૃષ્ટિ પર મોટો આધાર છે કે એ તમને પ્રકાશમાં લઈ જાય, ને આલ્હાદ, સ્ફૂર્તિ, તાજગી દેખાડે, અથવા અંધકારમાં અટવાવે અને નિરાશા-નીસાસા-ગ્લાની પમાડે.**

બનેલો પ્રસંગ તો અન્યથા થવાનો નથી, બન્યું ન બન્યું નહિ થાય; પરંતુ એવી જ કોઈ કુશળ દૃષ્ટિથી એને અપનાવાય કે એમાંથી જ નુકસાનને બદલે લાભ જ નજર સામે તરવરે, મન પ્રફુલ્લિત બને, આત્માનું કિંમતી સત્ત્વ વિકસે, અને કર્મોની ઘણી નિર્જરા થાય, પુણ્યના પ્રવાહ આત્મઘરે વહેતા થઈ જાય, જો આ આવડત ન હોય, સ્વભાવ જ જો રોદણાં જ રોવાનો અને મનને ઓછું જ લાવવાનો પડી ગયો હોય, તો તો એવી મૂઢ અજ્ઞાન દૃષ્ટિથી જોવાશે કે એમાંથી ઉદ્વેગ-શોક-નિરાશા અને દુઃખનો જ અનુભવ થશે.

**આ એક મૂઢતા જ છે ને કે જ્યાં વળવાનું કાંઈ નથી, વાણી-વિચારના ધમપછાડા નિષ્ફળ જવાના છે, છતાં મહાકિંમતી માનવ સમયને, શુભોપાર્જન સુલભ છતાં ગુમાવી, અશુભ કમાઈ અને દુઃખવેદનમાં બરબાદ કરવામાં આવે ?** જ્યારે કશું વળવાનું છે નહિ, પોતાનું ઉપજવાનું છે નહિ, તો પછી ડહાપણ એ

છે કે જોવાની દૃષ્ટિ ફેરવી નાખી, કુશળ બનાવી, પ્રસંગ કે વસ્તુને આનંદ-સ્ફુર્તિ-સ્વસ્થતા-સમાધિમાં ઊતરે એવી જ બનાવી દેવી.

**વિજયાની દૃષ્ટિ :-**

વિજયા આ કરી રહી છે. એટલે જ 'હાય ! આ પતિ કેવો મળ્યો ? એક તો મેં ભોળીએ પહેલાં એમની સાથે મંત્રણા કર્યા વિના શુકલપક્ષનો આનંદ છોડ્યો, અને હવે આ પાછો કૃષ્ણપક્ષના પોતાના બ્રહ્મચર્યની લોથ મૂકે છે ! એટલે એના વિષયાનંદ પર પણ દેવતા મૂકાયો !'-આવો કોઈ ખેદ નથી, કલ્પાંત નથી એણે આ પ્રસંગને ખણજો પોષવાના જીવનની દૃષ્ટિથી ન જોયો 'આ દૃષ્ટિએ આ પતિના કૃષ્ણપક્ષના બ્રહ્મચર્ય નિયમનો પ્રસંગ કેવો ?' એ જોયું, એમાં દેખાયું કે 'વાહ ! આ તો મારે સંપૂર્ણ જીવનના બ્રહ્મચર્યનો મહાકલ્યાણકર બનાવ બની આવ્યો ! બહુ સરસ, થોડી ઘણી અશક્તિ-આસક્તિ ઊભી રાખી હતી તે આ સોભાગી પતિએ કઢાવી નાખી ! બહુ સરસ બની આવ્યું !'

ત્યારે પતિ વિજય પણ જાય એવો નથી. એણે પણ કૃષ્ણપક્ષનો નિયમ કર્યો છે. તે ખણજો દબાવવાનો આ મોંઘામૂલા માનવજીવનની દૃષ્ટિથી કર્યો છે. એટલે જ્યારે વિજયા કહે છે કે 'ત્યારે મારે શુકલ પક્ષનો નિયમ છે. પણ તમને આ ખબર નહિ, એટલે મારી સાથે લગ્ન કર્યા તો ખેર ! હવે તમે બીજી પત્ની પરણી લો એમાં મારો વિરોધ નથી. રજા છે, ત્યારે વિજય શું કહે છે, જાણો છો ને ?'

વિજયે કહ્યું કે 'જો તમને જીવનભરનું બ્રહ્મચર્ય ખપે છે, તો શું મને એ નહિ ખપે ? મારે પણ આજીવન બ્રહ્મચર્ય હો, અને આ વાત આપણે કોઈને કરવાની નથી. બાકી જ્યારે બા-બાપુજી આ વસ્તુ જાણી જાય. ત્યારે આપણે ચારિત્રપંથે ચાલી નીકળવાનું.'

બંને જણા જુએ છે કે પ્રસંગ એવો બની આવ્યો છે કે જેમાં હવે ફેરફાર થાય એવો નથી. પછી એને સારી દૃષ્ટિથી આત્મ-લાભમાં કાં ન ઉતારવો ? શા સારુ દૃષ્ટિ મેલી, ટૂંકી અને અબૂઝ રાખી કલેશ-કલ્પાંત, ખેદ અને રોતડવેડા કરવા દ્વારા આત્માને નુકશાનમાં ઉતારવો ? પ્રસંગ ટળવાનો કે ફરવાનો તો છે નહિ. પછી હાથવેંતમાં આવેલ આત્મ-લાભ ગુમાવી નુકસાન ઊભું કરવાની જરૂર શી ? જીવનના બીજા પણ અનેક અનિષ્ટ પ્રસંગમાં આ સૂત્ર લગાડી શકાય કે એને હવે આત્મલાભમાં ઉતારો.

વિજય-વિજયાએ આવી દૃષ્ટિની કુશળતાનું એક કારણ એ હતું કે મૂળમાં એમણે મહિનામાં એકેક પક્ષનું જે બ્રહ્મચર્ય લીધેલું તે આ માનવભવનું ખરું કર્તવ્ય સમજીને સ્વીકારેલું. કર્તવ્ય આ, કે આટલું બધું ઉચ્ચ જીવન ઈન્દ્રિયોની વિષયભૂખ



પોષવા માટે નહિ, પણ દબાવવા માટે છે. અલબત્ત અડધા માસનું બ્રહ્મચર્ય નક્કી કર્યું. તેથી બાકીના અર્ધમાસની વિષયસુખની આકાંક્ષા ઊભી હતી. પરંતુ એ જીવનકર્તવ્ય રૂપે માની નહોતી, કર્તવ્ય તો એને દબાવવાનું જ માનેલું. હૃદયમાં આ જ કર્તવ્ય રમતુ હતું. તેથી અહીં મોકો ઉપસ્થિત થતાં, બંનેએ આનંદભેર એ કર્તવ્ય જીવનભર માટે વધાવી લીધું. અનંતાનંત કાળથી પૂંઠે પડેલી વિષયસુખની ગોઝારી ભૂખને સંપૂર્ણ બ્રહ્મચર્યથી કચડી નાખી ! ઈન્દ્રિયની ભયંકર જીવલેણ ખણજને આંતરતૃપ્તિથી હવે ચળવાની બંધ કરી દીધી ! ખંભાતી તાળું લગાવી દીધું ! **જીવનનો દૃષ્ટિકોણ બદલ્યો, જડધર્મ પશુરમત અને પરની ગુલામીમાં સરાસર આત્મવિટંબણા-નાલેશી અને નપાવટ અધઃપતન દેખ્યા.**

(૧૧) ચેતન છીએ, સમજશક્તિવાળા છીએ એટલે મુખ્ય સવાલ તો મનની સમજનો છે ને ? યાદ રહે 'Man is not a belly, but a brain' **માનવ એ પેટ નથી, મગજ છે. મનુષ્યે પોતાના મનના રોગ નિવારવા તથા એ મનને શુદ્ધ-પુષ્ટ કરવાનું મુખ્ય કર્તવ્ય છે તો પછી**

(૧) સમજ ઈન્દ્રિયતર્પણ પરથી ઉઠાવી આત્મતૃપ્તિ લઈ જવાની છે.

(૨) પશુરમત પર ન રાચતાં સુજ્ઞાન માનવ-પરાક્રમના ઉલ્લાસી-ઉત્સાહી બનવાનું છે.

(૩) સમજ જડની ગુલામી ચલાવી લેવા પરથી ઉઠાવી આત્મ-સ્વાતંત્ર્ય અજમાવવા પર સ્થાપિત કરવાની છે.

**બીજું કરવાનું છે શું ?** અનંત શક્તિના માલિક આપણે ભિખારડી ઈન્દ્રિયોની ખણજો-વિકારોની ગુલામી કરવાનું હવે ખપતું નથી, જોઈતું નથી, એ નક્કી કરવાનું છે;

**ઈન્દ્રિયો સ્વતંત્ર નથી. આપણે સ્વતંત્ર છીએ.** આપણે એને વિષયોમાં લઈ જવી, ન લઈ જવી, એ આપણી મનસૂફી વાત છે. એની ખણજને ભૂખને, પોષવી કે દબાવવી, એ આપણને આધીન છે.

**આપણી સ્વતંત્રતાનું આપણને ભાન હોય તો અને આપણે એનો પૂર્ણ ઉપયોગ કરવો હોય તો ઈન્દ્રિયો બિચારી શું કરી શકે ? એ તો રાંક છે, લંગડી છે, આત્મા એને ચલાવે તો જ ચાલી શકે.**

બસ, સાચી સમજ અપનાવી લીધી, પછી પોતાના સ્વાતંત્ર્યનો અમલ કરવાની વાત છે. સમજ નક્કી કરો કે વિષયસંજ્ઞાને મહાલવાનું તો અનંતકાળ કર્યું, ચકલા-ચકલી, ગદ્ધા-ગદ્ધી વગેરેના અવતારે બહુ કર્યું, પણ એ હૃદય-અંધકારના ભવ હતા. હવે આ પ્રકાશમય માનવજીવનમાં એ કરાય નહિ. ઈન્દ્રિયોની વિષય

ભૂખ પોષ્યા કરનારા મજૂર બન્યા રહેવાય નહિ. હવે તો સ્વતંત્રતા વાપરી એને દબાવવાની જ વાત. નહિતર એ વિષયભૂખ કાંઈ શમે એમ નથી.

(૧૨) દેવલોકમાં દિવ્યભોગો અસંખ્ય કાળ આપ્યા છતાં એ શમી નથી એમ આજની દુર્દશા કહી રહી છે. સ્વર્ગનાં ભોગસાધન કરતાં તો અહીં કઈગુણ નીચા-નપાવટ ભોગસાધન છે, તો એમાં શું રીઝવું ? શું આકર્ષાવું ! ઊંચા દૂધપાક ભરચક આરોગ્યા પછી ઉકરડે મૂકેલી, કોહી ગયેલી, ખાટીછાશની ઘેંસ ચાટવા જવા જેવા અહીંના વિષયો ભોગવવાનું છે, માટે હવે તો એનાથી થાક્યા ! ન જોઈએ એ.

**(૧૩) ઈન્દ્રિયોને ક્યાં લગાવવી ?** એને તો વિષયોમાંથી વાળી આત્મહિતકર તત્ત્વો ને સાધનોમાં લગાવી દેવાની, દા.ત. આંખને (૧) વીતરાગ પ્રભુની મૂર્તિ પર, (૨) શાસ્ત્રનાં અક્ષરો પર, (૩) ચાલતાં જીવરક્ષાર્થે નીચે જમીન ઉપર (૪) એમ મુનિ મહાત્મા ઉપર સ્થિર કરી શકાય. આ મૂર્તિ વગેરે નજર સામે હોય ત્યારે તો ખરું જ; ઉપરાંત સામે ન હોવા છતાંય સ્મરણ-કલ્પનામાં લાવી જાણે હુબહુ નજર સામે છે એ રીતે એના પર આંખ માંડી શકાય, આનો ભાવપૂર્વક વારંવાર અભ્યાસ કર્યે જીવનમાં એના એવા ભરચક સંસ્કાર ઊભા કરે છે કે પછી તો એ બહુ બહુ યાદ કરે, એટલે પછી જ્યારે જડ પદાર્થો ધન, બંગલા, સ્ત્રી વગેરે સામે આવી જાય ત્યારે પણ એ જોયું ન જોયું થઈ, પેલી મૂર્તિ વગેરે મનમાં તરવર્યા કરે, આજે તમને અભ્યાસ નહિ, તેથી અનુભવ નહિ થાય; પણ અભ્યાસ કરી જુઓ પછી અનુભવ થશે.

**જીવનસૂત્ર નક્કી કરવાની જરૂર છે** કે 'મારે ઈન્દ્રિયની વિષયરમત પોષવી છે કે અટકાવવી છે ? વિષયભૂખને દબાવવી છે કે એનું તર્પણ જ કર્યા કરવું છે ?' બેમાંથી જેવો નિર્ધાર કર્યો હશે. તેને અનુકૂળ કામ શરૂ થઈ જશે.

આ એક વસ્તુ ખૂબ ધ્યાન પર લાવ્યા કરો કે,

**(૧૪) જીવન અંગ શું ?**

વિચારો, (i) જો હું ઈન્દ્રિયોના ઈષ્ટ વિષયસંપર્ક અને મનગમતા વિષયદર્શનને જીવનઅંગ તરીકે ગણું છું. તો શું વિષયત્યાગ, વિષય-અદર્શન, ઈન્દ્રિયનિગ્રહ એ કોઈ મારા જીવનઅંગ જ નથી ? જેટલું સારું જોવા મળે એ જોઈ લેવું, સાંભળવા મળે એ સાંભળી લેવું, ખાવા મળે એ ખાઈ લેવું, સ્પર્શવા મળે એ સ્પર્શી લેવું, તો શું એના બદલે એ ન જોવું, ન સાંભળવું, ન ખાવું, ન સ્પર્શવું, પણ ઈન્દ્રિયને એમાં જોડતાં અટકાવવી એ કોઈ જીવન અંગ જ નથી ? આ જીવનનું કાર્ય જ નથી ? ઢોર કે મૂઢ માણસની જેમ **ઈન્દ્રિયવાંદરીઓને વિષયોમાં ઠેકાવ્યા કરવાનું જ કામ છે ? શાંત બેસાડી રાખવાનું કાર્ય જ નથી ?**

(ii) એમ શું મારે તૃષ્ણા-મમતા-આસક્તિ, રોષ-રોફ-પ્રપંચ, ઈર્ષ્યા-મદ-માયા, વગેરે વગેરે જ જીવન કાર્ય છે ? એના બદલે તૃપ્તિ-સમતા-ઉદાસીનભાવ-ક્ષમા-નમ્રતા-નિખાલસતા, સર્વસ્નેહ-નિરભિમાન-નિષ્કપટતા વગેરે વગેરે શું જીવનકાર્ય જ નથી ? **શું હસવું ખીલવું-ખિન્ન થવું એજ મારું જીવન અંગ ? અને ગાંભીર્ય-વિવેક-મધ્યસ્થભાવ એ કોઈ જીવનકાર્ય જ નહિ ?**

(iii) એમ, સારા પૈસા ભેગા કરવા, સારુ સારું ખાવું-પીવું, સારું ભોગવવું, સારી આરામી કરવી, શું એજ જીવનસૂત્ર ? કે બહુ પૈસા મળે છે છતાં નથી લેવા, છે એમાંથી દાન-પરોપકાર કરવા, તપસ્યા કરવી, રસત્યાગ કરવા, વ્રતનિયમથી બીજા પણ ત્યાગ સ્વીકારવા, એ પણ જીવનકાર્ય ખરાં ? શું **પરિગ્રહ ને ઉપભોગ જ જીવન ? ત્યાગ નહિ ?**

(iv) **એમ શું તુચ્છ સ્વાર્થ સાધવા એજ જીવનઅંગ ?** કે કૃતજ્ઞતા અદા કરતા રહેવું, પરોપકાર-સેવા-વૈયાવચ્ચ કરતા રહેવું, ગુરુજન પૂજા-ભક્તિ વિનય આચરતા રહેવું, એ પણ જીવનકાર્ય ખરાં ?

(v) **એમ, સ્નેહીનાં સ્મરણ, પૈસાટકાના હિસાબની ગણતરી, માનાકાંક્ષા અને દુન્યવી જળોજથાનાં જ ચિંતન.** શું એ જ જીવનકાર્ય છે ? કે ભગવાન્નામસ્મરણ, આત્મહિતકર વાત-વસ્તુના વિચાર, ગુપ્ત સુકૃતના કોડ અને તત્ત્વો તથા મહાપુરુષના જીવનપ્રસંગો પર ચિંતન, શું આ પણ જીવનકાર્ય ખરાં ?

આ બધું વારંવાર ધ્યાન પર લાવવા જેવું છે, મનને સમજાવવા જેવું છે કે શા સારુ ખોટા વલોપાત કરે ? શા માટે નાખી દેવાની વસ્તુની જ ગડમથલ કર્યા કરે ?

**સમજ, કે અહીં આંખ ખુલ્લી છે ત્યાંસુધી જ ઉત્તમ જીવન અંગો સાધી લેવાને તક છે.** આંખ મીંચ્યે ડૂબ ગઈ દુનિયા, શા સારુ માનવદેહે પશુજીવન જીવે ?

**પૂર્વપુરુષોએ શું કર્યું ?**

મોટા તીર્થંકર દેવો, ચક્રવર્તીઓ, શેઠ-શાહુકાર રાજરાણીઓ અને રાજકુમાર-રાજકુમારિકાઓ, એ બધા અક્કલહીન નહોતા, ઘેલા યા પાગલ નહોતા, કે પશુસુલભ કાર્યો, વાસના-વિકારની ચેષ્ટાઓ, વિષયરમત અને કષાયકેફ તથા અજ્ઞાન પડતા મૂકી ઉત્તમ આત્મ હિતકર પ્રવૃત્તિઓ. ત્યાગ-તપસ્યા-બ્રહ્મચર્ય, ઉચ્ચવ્રત-મહાવ્રત અને ક્ષમાદિ તેજ તથા તત્ત્વજ્ઞાન અપનાવ્યા, એને જ પ્રધાન જીવનઅંગ બનાવ્યા.

**(૧૫) જીવનમાં સારભૂત શું ?**

ત્યારે એ પણ જોવાનું છે કે

કયા જીવનઅંગ સારભૂત છે ?

જીવને કાયમી આનંદ કયા જીવનઅંગ આપ્યા કરે ?

અંતકાળે હસતા-ખીલતા અને પ્રસન્ન રાખે ?

પરલોકના પુણ્યના ચોપડે કયા જીવન અંગ જમે થાય ?

અહીં પણ યશ કયા આપે ? ઉત્તમ કાર્યવાહી, ઉત્તમ બોલ અને ઉમદા વિચારસરણી જ ને ? એને જો જીવનમાં સ્થાન નથી, તો માનવી તરીકે જીવવાનો અર્થ શો ?

**ઉત્તમ આલંબનોને નજર સામે રાખવા આનંદ-કામદેવાદિ** ધનાઢ્ય શ્રાવકો જન્મે જૈન નહિ. જૈન ધર્મનાં પરિચયમાં નહિ. છતાં મહાવીર પ્રભુ પાસેથી, "માનવભવે કેવી કેવી ઉમદાવૃત્તિ અને પ્રવૃત્તિને જીવન અંગ બનાવવી જોઈએ અને એના લાભ કેવાં ? જીવને નાલેશી અટકી શાબાશી કેવી મળે ?" ઈત્યાદિ સાંભળ્યું, જાણ્યું તો તરત જ પહેલા જ વ્યાખ્યાન શ્રવણે એમણે ઉત્તમ શ્રાવકજીવન સ્વીકાર્યું, અને ઉત્તમ વ્રત-નિયમોને જીવનઅંગ બનાવી દીધાં.

**ગજસુકુમાળ, ઢંઢણ, થાવચ્ચાપુત્ર, મેઘકુમાર સુબાહુકુમાર** વગેરેએ તથા કૃષ્ણપિતા વાસુદેવની પાંત્રીસ હજાર રાણીઓએ એકલી ઉત્તમ જીવનઅંગોની જ સાધુદીક્ષા અપનાવી લીધી !

**પૃથ્વીચંદ્ર, ગુણસાગર, સમરાદિત્ય, જંબૂકુમાર, નેમનાથપ્રભુ,** વગેરેએ બ્રહ્મચર્યને જ જીવન અંગ બનાવી દીધું !

આ બધા કેટલાં ઊંચા આલંબન આપણને મળ્યા છે ? એમને નજર સામે રાખી ઉત્તમ વિચાર-વાણી-વર્તાવ એ જ મારાં પ્રધાન જીવન અંગ એવું વારંવાર મન પર લેવાય, તો તો ડગલે ને પગલે એ આચરવાનું બને.

શુભ વિચારો લાવવા અને બન્યા રાખવા માટે લંબાણથી વિચારણા થઈ, એમાં આ વિચારણા ચાલી કે કેવી કેવી ભાવનાના બળ ઉપરી મહાપુરુષોએ તેવાં તેવાં પરાક્રમ કર્યા હશે ? પાકો સદાચાર અને સંપૂર્ણ બ્રહ્મચર્ય કઈ ભાવના પર સાધ્યા હશે ? એની વિચારણા ચલાવવાની. કાયા ગંદકીના ગાડવાસમી, એનાથી શું સાધી લેવાનું હોય ? દૂધ-દહીંનો સારો ઉપયોગ ન કરી લો તો એ કોહી-બગડી ઉકરડે નાખવા જેવા થઈ જ જવાના છે; એ ખબર છે માટે એ દૂધ-દહીંનો મનગમતો ઉપયોગ કરી લેવાય છે તો પછી આ માનવકાયાનો ઉચ્ચ કોટિનો સદુપયોગ કાં ન કરી લેવો ?

**'ઉત્તમ બાબતો એ જ મુખ્ય જીવન અંગ હોવી જોઈએ'** આ નિર્ધાર પર એ બનવું શું અશક્ય છે ? બ્રહ્મચર્ય, વ્રત, નિયમ, ત્યાગ, તપસ્યા વગેરે બધું જ સુંદર



સાધી શકાય, **ત્યાગ, તપસ્યા વગેરે બધું જ સુંદર સાધી શકાય.** ભૂલતા નહિ કે આત્માને ઉકળતો અને વિકારી મિટાવી શાંત અને નિર્વિકાર કરવાનો છે, ત્યારે જગડુશા, વિમળશા, ધના પોરવાડ, વસ્તુપાળ વગેરેએ સુકૃતમાં ધનની નદીઓ વહેવડાવી, એ કેવી ભાવનાના આલંબને થઈ શકે એ વિચારો, એમાં આ ભાવના કરવાની,

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૪,અંક-૨૬,તા.૧૯-૩-૧૯૬૬**

## ● સુકૃતમાં ધનવ્યય અર્થે ભાવના ●

(A) **જીવનમાં મહત્ત્વનું શું ? ધનનો સંબંધ ? કે દાનનો સંબંધ ?** ધનના સંબંધથી શ્રીમંત કહેવાઈએ, દાનના સંબંધી દાનેશ્વરી ગણાઈએ.

(B) બેમાંથી નિર્મળ યશ શેમાં ?

(C) મન ભારે ક્યાં અને ફોરું ક્યાં ?

(D) પાપ ક્યાં વધે અને પુણ્ય ક્યાં વધે ?

(E) ચિંતા-સંતાપ-અજંપો શેમાં અને નિશ્ચિન્તતા-શાંતિ-પ્રસન્નતા શેમાં ? ધનના સંબંધમાં કે દાનના સંબંધમાં ?

(F) ઈતિહાસમાં અમર કોણ થઈ ગયા. ધનવાળા કે દાનવાળા ? કોણ ગવાયા, મમ્મણ કે શાલિભદ્ર ?

(G) પરલોક સદ્ધર કોણ કરી આવે, ધનનો સંબંધ કે દાનનો સંબંધ ? ઊંચેથી નીચે કોણ પટકે ? ધનનો સંબંધ કે દાનનો સંબંધ ?

(H) લોકને રાહ સુખ-શાંતિ ધનનો સંબંધ આપે, યા દાનનો સંબંધ ?

(I) દેવ-ગુરુ-ધર્મની દિલ પરોવીને આરાધના ધનના સંબંધે થાય કે દાનના સંબંધે થાય ? બધાનો જવાબ દાનના સંબંધમાં આવશે, ધનના સંબંધમાં નહિ. માટે આ વિચારવું કે,

(૧) 'હે જીવ ! ધનનો સંબંધ રાખી મૂકવામાં તો ચિત્ત એમાં ને એમાં,- એને સાચવવામાં, ઓછું ખરચવામાં, નવું કમાવામાં, સારું વ્યાજ-વળતર નફો ઉપજાવવામાં, વગેરેમાં રમ્યાં કરતું હોય છે. ત્યાં દેવ-ગુરુ-ધર્મની આરાધના ક્યાંથી સૂઝે જ ? સૂઝે તોયે દિલ શી રીતે ભળે ? તેમ નિરાશંસભાવે આરાધના ક્યાંથી થાય ? ત્યારે,'

(૨) ધનના સંબંધમાં જીવને ચિંતાયે કેટલી રહ્યા કરે ? બજારમંદી કે વ્યાજકાપ થઈ, આસામી નબળા પડે, માલની ખપત નહિ, મકાનમાં પૈસા રોક્યા પણ

પાકિસ્તાની થઈ, ભાડવાત-કાયદા આવ્યા, અનેક જાતના ટેક્ષ, ગુમાસ્તાધારો વગેરે આવ્યું, એ કેટકેટલા સંતાપ કરાવે છે !

(૩) વિશેષ ધનના સંબંધમાં,

(i) લોક કૃપણ તરીકે અપકીર્તિ કરે છે;

(ii) પુણ્ય વધતુ નથી;

(iii) પરિગ્રહ-મૂર્છાનું પાપ વધે છે;

(iv) પૂર્વનું પુણ્ય કપાય છે.

(v) અંતકાળ હાયવોયનો આવે છે.

(vi) સગાંસ્નેહીમાં અંટસવિરોધ ઊભા થાય છે;

(vii) ચોર-બદમાશ કે આજે તો સરકારની દાઢમાં આવવું પડે છે;

(viii) 'હાય પૈસા ! હાય પૈસા !' માં લોહી શેકાય છે.

(xi) આર્તધ્યાનનાં અંધકાર છવાય છે;

(x) ખર્ચ કરાવનાર વૈરી લાગે છે.

(xi) ધર્મની ટીપ લઈ આવનાર પર દ્વેષ થાય છે.

(xii) કેટકેટલું ? અરે ! મોટા સિદ્ધગિરિતીર્થ જેવાએ ગયો હોય, કે જ્યાં સુપાત્રદાન, સાધર્મિકભક્તિના લખલૂટ લાભ શાસ્ત્ર કહે છે, ત્યાં ધર્મશાળાની ઓરડી બંધ રાખી અંદર બેસી ખાવા-કરવાનું મન થાય છે ! 'રખે કોઈ આવી જાય ને દેવું પડે તો ?' કેટલી અધમ મનોદશા !

**ત્યારે જો દાનના સંબંધને જીવનમાં મહત્ત્વ આપ્યું હોય** તો દેવ-ગુરુ-ધર્મની આરાધના હોંશે હોંશે દિલથી થાય છે. પોતે તપ ન કરી શકતો હોય છતાં તપસ્વીઓની ભક્તિ કરી તપની મહાન અનુમોદનાનો ધર્મ હોંશપૂર્વક સાધી શકે છે. એવું બ્રહ્મચર્ય આદિ વ્રતની અનુમોદના, વ્રતધારીની ભક્તિ કરીને, કરી શકે છે. બ્રહ્મચર્ય-વ્રતધારીઓને મીઠાઈ, કામળ કે રોકડનાણું વગેરેની પહેરામણી કરવામાં આવે છે ને ? એ શું છે ? એ વ્રતની અનુમોદના, દાનનો સંબંધ જીવનમાં મહત્ત્વનો માન્યો હોય તો આ બની શકે છે.

**પ્ર.**- પણ દાન ન કરે અને મનમાં વ્રત લેનારના વ્રતની ખુશી માને તો શું અનુમોદના ન થાય ?

**ઉ.**- આ સવાલ અંતરના કેવા પરિણામમાંથી ઊઠે છે એ તપાસજો. 'બીજાનું વ્રત સારું, એની અનુમોદના સારી, પણ મારા પૈસા વધુ સારા એટલે એ કાંઈ ઢીલા કરવાના નહિ.' વિચારો, અનુમોદના કરતાં પૈસા સારાં એ વૃત્તિ કેવી ? અનુમોદના સારીએ લેવી છે, પરંતુ નાણાં દેવા નથી, એ કેવું ? વેપારીનો માલ



સારો લેવાય છે, કિન્તુ પૈસા ઢીલા કરવા નથી, એવી વાત થઈ ને ?

(૪) શક્તિ ન હોય તો દાન ન કરી શકે. છતાં અનુમોદના કરી શકે છે. પણ છતી શક્તિએ દાન નથી કરવું અને પાછું માનવું છે કે 'અનુમોદના તો મનથી કરવાની વસ્તુ છે, એમાં દાનની શી જરૂર છે ? એ વૃત્તિ ધનની મોટી કિંમત-આંકણી અને અતિ ગુદ્ધિ તથા મિથ્યામતિમાંથી ઊઠે છે. મિથ્યામતિ આ, કે જ્ઞાનીઓ કહે છે, કે શક્તિ પ્રમાણે ભક્તિ કરવાની જરૂર છે; નહિતર દિલ ચોર બનશે, અને એ પૈસા આશ્રવખાતે પાપખાતે જવાના. જ્ઞાનીઓના આ કથનથી વિરુદ્ધ માન્યતા કે 'દાન ભક્તિની જરૂર નથી' એ મિથ્યા માન્યતા છે, મિથ્યામતિ છે, એ મિથ્યાત્વનું પાપ માથે ન લેવું હોય તો શક્તિ પ્રમાણે દાનની જરૂર માનવી જ જોઈએ. એ મનાય તો 'અનુમોદનામાં દાનની શી જરૂર ?' એવો ઘેલો બચાવ ન ઊઠે.

**બળદેવ મુનિને** જંગલમાં રથકાર આહાર વહોરાવે છે, દાન કરે છે, હરણિયો અનુમોદના કરે છે, 'કેવા તપસ્વી મુનિ ! કેવો ભાગ્યશાળી રથકાર !' એમ મનમાં લાવી થનથન નાચે છે ! 'અનુમોદના તો મનથી કરવાની છે, એમાં નાચવાની શી જરૂર ?' આવું એને નથી થતું. સાચી અંતરની અનુમોદના શક્ય અનુરૂપ કાયિક ક્રિયા અને વાચિક શબ્દ પ્રગટ કરાવી જ દે છે. અલબત્ત એની શક્તિ દાનની નહોતી તેથી આટલું જ કરી શક્યો, પરંતુ રથકાર પણ ભાતાનો ડબ્બો બંધ રાખી દાન ન દેતાં માત્ર હાથ જોડી કહે 'ધન્ય મુનિરાજ ! ધન્ય તમારું સંયમ અને તપ !' અને પાછો બચાવ કરે 'દાનની શી જરૂર ?' તો એ અનુમોદના કેવી ? દિલની ચોરી જ ને ?

**અનુમોદના ત્રણ રીતે થાય,-મનથી, વચનથી અને કાયાથી.** મનથી અનુમોદના એ કે ખુશી અનુભવવી, વચનથી એ કે પ્રશંસા ગુણગાન કરવા, કાયાથી એ કે મુખની રેખા ને આંખ વિકસ્વર થાય, રોમાંચ ખડા થાય, કાયા નાચી ઊઠે, ઓવારણાં લે, દાન કરે, સેવા-વૈયાવચ્ચ કરે,...વગેરે આમ ત્રણે પ્રકારે અનુમોદના છે. હવે જો એક પ્રકારે કરે અને બીજા પ્રકારનો અપલાપ કરે કે 'એની જરૂર નથી' તો એ દિલની ચોરી છે, ચોર દિલ છે. પોતે અનુમોદનાના બીજા પ્રકાર સેવવા નથી, એટલે એની જરૂરિયાત મૂળમાંથી જ ઉડાવવી છે ! આ દિલચોરી ચોર દિલ નહિ તો બીજું શું ?

**પ્ર.**- પણ એ અજ્ઞાનતાથી કરતો હોય તો ?

**ઉ.**- આ અજ્ઞાનતા કેવી ? જ્ઞાનીઓ સામે બળવો કરવાની ને ? અગર જો જ્ઞાનીઓ કહે છે એની પોતાને ખબર નથી તો એમ કહેવું જોઈએ કે 'આ બાબતમાં

હું કશું જાણતો નથી, જ્ઞાનીઓ કહે તે પ્રમાણ;' અને જો પોતે જાણે છે કે 'યથાશક્તિ ત્રણે પ્રકારની અનુમોદના છે,' તો શક્તિ છતાં પોતે ન આચરતો હોય એવા પ્રકાર માટે પણ એની જરૂરિયાત મંજૂર કરવી જોઈએ, કિન્તુ જાણકારી-બિનજાણકારી બંને સ્થિતિમાં એમ કેમ કહેવાય કે 'દાનની જરૂર નથી થનથન નાચ-રોમાંચનો કોઈ ઉપયોગ નથી, પ્રશંસાય બિનજરૂરી છે...' આવો અનુમોદનાના પ્રકારનો અપલાપ કેમ થાય ? ઈન્કાર કેમ કરાય ?

**જ્ઞાનીઓના કરેલાં કોઈપણ વિધાનનો ઈન્કાર કરવો કે 'એ જરૂરી નથી,' અને જ્ઞાનીઓના કરેલાં કોઈપણ નિષેધ સામે એને કર્તવ્ય અને જરૂરી તરીકે સ્થાપવું, એ જ્ઞાનીઓના કથન પર અવિશ્વાસ છે, કથન સામે બળવો છે, મહા મિથ્યાત્વ છે.**

મરીચિને કોડાકોડી સાગરોપમકાળ જેટલો સંસાર કેમ વધી ગયો ? આવા બળવાથી. પરિવ્રાજકપણામાં વિરતિધર્મ નથી, એમ જ્ઞાની કહે છે અને મરીચિએ એ જ્ઞાનીઓના નિષેધ સામે સ્થાપ્યું કે એમાં પણ ધર્મ છે; આ બળવો. એથી સમ્યક્ત્વ બળે-ભવના કાંઠા નજીક આવેલ એ ભવસાગરમાં દૂર તણાઈ ગયા ! માટે સાવધાન રહેવા જેવું છે.

**જ્ઞાનીઓએ કહેલ કર્તવ્ય અને કહેલ ત્યાગ અર્થાત્ વિધિ અને નિષેધ ન બજાવીએ, ન બજાવી શકીએ, એ જુદી વાત, પણ એનાથી વિરુદ્ધ સમર્થન તો ન જ કરાય; નહિતર એ જ્ઞાનીની સામે બળવો થાય ! મહામિથ્યાત્વ માથે ચડે !**

ભૂલશો નહિ, અહીં જ્ઞાની એટલે કોણ લેવાય છે ? વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર ભગવાન એમની સામે બળવો કરવો એ કેટલો મોટો ગુનો ? મરીચિને કર્મે કરેલી સજા ઉપરથી કલ્પી શકો છો. સજામાં માત્ર સંસારવૃદ્ધિ જ નહિ. પણ ભવોના ભવો સુધી શુદ્ધ ધર્મનાં દર્શન-સરખા નહિ ! કોડાકોડી સાગરોપમ કાળમાં અસંખ્ય ભવો ! અસંખ્ય શેને કહે છે ? લાખો જ નહિ, કરોડો જ નહિ અબજો ને પરાર્ધો જ નહિ, પણ એથી ય આગળ અસંખ્યગુણ ભવો ! એ પાછા કેવા ? દુઃખ-ત્રાસ-વિટંબણભર્યા ! માત્ર એક વાક્ય 'કપિલ ! અહીં પણ ધર્મ છે.' એક ઉત્સૂત્ર, એક જ પ્રસંગમાં જ્ઞાની સામે બળવો ! એની આ સજા, તો પછી હાલતાં ને ચાલતાં મનસ્વીપણે કુસિદ્ધાન્તો ઠોકવા હોય, જાણ્યે-અજાણ્યે જ્ઞાનીનાં વચનથી વિરુદ્ધ સ્થાપના-સમર્થન-પ્રતિપાદન-વિચાર કરવો હોય, એની આ ૮૪ લાખ યોનિના ભવચક્રમાં કઈ દુર્દશા ? કેટલી અને કેટલો કાળ ?

વાત આ છે કે દાન ન કરીએ એ આપણી કમનસીબી માનવી, પણ એની શી જરૂર છે એવો વિરોધ નહિ ઉઠાવવો, માનવું કે છતી શક્તિએ દાન વિના પણ



અનુમોદના થઈ શકે તો ખરી, કિન્તુ એમાં ધનનું મહત્ત્વ વિશેષ રહેવાથી એટલો માલ નહિ; અને દાનથી કરાય એ વિશિષ્ટ અનુમોદના છે.

(૫) છતે પૈસે દાન વિનાનાં અનુમોદનમાં સામાના બ્રહ્મચર્ય આદિની આપણને ખુશી છે. કિન્તુ આપણા પૈસા એમાં ન ખરચાતાં આપણી પાસે રહે. એમાં કેટલી ખુશી ? એનો અંદાજ માપ કાઢવાની જરૂર છે. હૈયાને કિંમતી શું લાગ્યું છે ? પૈસા બચે એ ? કે પૈસા ખરચીને સામાના વ્રતાદિની વિશિષ્ટ અનુમોદના થાય એ ? 'ના, અનુમોદના તો સામાન્ય પણ થઈ શકે છે, આપણા પૈસા બચાવી રાખો,' એમાં શું પૈસા બચાવ્યાની ગાઢ ખુશી નથી દેખાતી ? એવું જ પ્રભુભક્તિમાં છે ભગવાનની પૂજા-ભક્તિ કરવાની, પણ એમાં જો આપણા પૈસા ખરચવાની તૈયારી નથી, તો ત્યાં **પૂજાભક્તિનો પ્રેમ સામાન્ય રહેશે અને પૈસા બચ્યાનો પ્રેમ વધી જશે.**

ખૂબી કેવી છે કે પૂર્વ ભવે વીતરાગ પ્રભુના આશરે જ પુણ્ય ઊભું થઈ અહીં જે પૈસા મળ્યા, એ પ્રભુના પ્રતાપે પ્રભુના ઉપકારે મળ્યા ગણાય. છતાં પ્રભુની ભક્તિમાં બધા તો નહિ, પરંતુ અલ્પ પણ ખરચવા નથી એટલો બધો પૈસા ઉપર પ્રેમ છે ! ત્યાં પ્રભુ પર અને પ્રભુભક્તિ પર પ્રેમ કેટલો ?

**(૬) માનવભવ ટાણું : પ્રભુ મેમાન : પુણ્યસામગ્રી જમણવાર :-**

પ્રેમ કેટલો ? કોઈને ત્યાં ટાણે પ્રસંગે તમે ગયા. જમણ તૈયાર છે, પરંતુ પેલો જમાડવાનો કોઈ વિવેક ન કરે અને શબ્દોથી પ્રેમ દેખાડે, અથવા તમારા હાથમાં દૂધ સાકર હોય અને એ કહે 'લાવો દૂધસાકર, ગરમ કરી પીવરાવું કે ચાહ બનાવી પાઉં, તો તમને કેવું લાગે ? સામાનો તમારા પર પ્રેમ હોવાનું માનો ખરા ?' 'ના, પ્રેમ શાનો ? એનો સ્વાર્થસાધુતા અને અવિવેક ગણાય,'-એવું ઝટ તમે કહેવાના તો પછી અહીં તમને મનુષ્યભવ મળ્યો, શું એ રુડું ટાણું, રુડો અવસર નથી આવ્યો ? એમાં વીતરાગ દેવ મળ્યા એ શું અવસર, મોટા મેમાન ઘરે નથી આવ્યા ? તમારી પાસે પુણ્યે ધન-માલ-સામગ્રી છે એ જમણવાર નથી ? હવે એ ધન-માલ-સામગ્રીમાંથી વીતરાગની કાંઈ ભક્તિ નથી કરવી અને ઉપરથી વીતરાગની આગળ બીજાઓએ સામગ્રી મૂકી છે એમાંથી કે ખુદ એમના દેવદ્રવ્ય-સાધારણ દ્રવ્યે, પેલા મેમાન બનેલાના પોતાના દૂધ-સાકરની જેમ, સામગ્રી મૂકી છે, એમાંથી 'લાવો ચાહ બનાવી પાઉં' ની જેમ કહેવું કે 'લાવો એ સામગ્રી, હું તમારી ભક્તિ કરું' પાછું એમ કરી માનવું કે 'મને વીતરાગ ઉપર બહુ પ્રેમ ઊભરાય છે' **તો વીતરાગ આ તમારો પ્રેમ મંજૂર કરી લે ને ?**

કોઈના માટેની આ વાત નથી, આપણાં પોતાના આત્માની સ્થિતિ તપાસવાની

અને પૂજાભક્તિ કર્યાનો સંતોષ માનવો છે, તો પ્રેમ પૈસા પર કે પ્રભુ પર ? કેવા સંયોગમાં, એ લક્ષમાં લઈને વિચારજો. પૂર્વે કહ્યું તેમ આપણી મેમાનગીરીમાં સામાને ત્યાં લગ્નાદિ ટાણું છતાં અને જમણવાર તૈયાર છતાં એણે ખાલી પ્રણામ કર્યો ને શબ્દો જ પીરસ્યા. અગર ઉપરથી આપણા દૂધ-સાકરે આપણી સરભરા કરી, ત્યાં આપણે સામામાં પ્રેમનો છાંટો ય માનવો નહિ અને અહીં આપણા અનંત ઉપકારી મેમાન વીતરાગ પર આપણે પ્રેમનો દાવો રાખવો છે ! આ જાત માટે વિચારવા જેવું છે કે કેટલો પોકળ પ્રેમ ?

**ઓળખો, ઓળખો, મનુષ્ય ભવ એ એવું એક મહાન ટાણું છે.** મહાઅવસર છે, કે જ્યાં વીતરાગપ્રભુ, શાસ્ત્ર, ચતુર્વિધ સંઘ, તીર્થ, ધર્મક્રિયાઓ-વ્રતો-તપસ્યા, આ બધા મેમાનો મળ્યા છે, ભક્તિ કરવા માટે મળ્યા છે; વળી તૈયાર જમણની જેમ પાછી પાંચે ઈન્દ્રિયો, મન, પૈસા, પરિવાર વગેરે ભક્તિ કરવાની માલ-સામગ્રી તૈયાર છે. હવે એનાથી માનવભવના ઉચ્ચ અવસર બજાવી લેવાના કર્તવ્યોનું ભાન જોઈએ. **ભાન નહિ હોય તો છતે અવસરે ઊંચા મેમાનોને કોરાધાકોર રવાના કરવાનું થશે ! અને બાકી ઘર-દુકાન-પરિવાર એ બધાને સારી રીતે પૈસાથી ચોપડી-ચોપડીને પ્રેમથી નવાજવાનું કરાશે !!**

**(૭) મૂળ, સ્વાર્થાંધતા અને ધનનો અતિપ્રેમ, સાથે મનસ્વી સિદ્ધાન્તો જીવનમાં ધનના સંબંધને મહત્ત્વનો લેખાવે છે,** અને દાનના સંબંધને જાણે 'એ કાંઈ કોઈ જરૂરી જીવનઅંગ જ નથી.' એમ મનાવે છે. ખરી રીતે દાનની વિશેષ પ્રવૃત્તિથી જીવને એનો એવો રસ ઊભો થાય છે કે પછી એ મુખ્ય જીવન અંગ બની જાય છે. એના વિના ચાલતું નથી. પરંતુ ઘણાને એ જોવું નથી કે પોતાની નજર સામે અનેકોને મરીને ચાલી જતા જોયા છે, મરેલા સાંભળ્યા છે, અને એ બધાએ ધનના સંબંધ ઘણાય રાખ્યા હતા, છતાં ધન અહીંનું અહીં રહ્યું. એ હકીકત પણ નજરે દેખી છે, ધન સંબંધનો શો અરમાન રહ્યો ? કયો અંજામ આવીને ઊભો ? દાનનો સંબંધ કર્યો હોત તો નક્કર પુણ્ય મૂડી સાથે લઈ જવાનું થાત, પણ એ અવગણી વહાલા કરેલા પૈસા મૂકીને મરવું પડે એ શું ઓછી નાલેશી છે ?

**ધન પર અહીં આફતો :-** આ તો મર્યા પછીની વાત, પરંતુ અહીંય શું છે ? ક્યાં ધનના સંબંધ એવા ને એવા નિશ્ચિત સ્થાયી છે ? ઘણુંય ખોવાઈ જાય છે, ખરચાઈ જાય છે, ચવાઈ-ઘલાઈ જાય છે, અને દબાઈ જાય છે ? ધનના સંબંધ પર કેટલાય ક્લેશ મચે છે ! ત્યારે દાનના સંબંધમાં કશું દાન ખોવાતું નથી, ઘલાતું નથી, દબાતું નથી, ક્લેશ થતો નથી.

(૮) એટલું જ નહિ પણ ધન વધવાથી પુણ્ય ઘટે છે. પાપ વધે છે,



ત્યારે દાનના સંબંધ કરવામાં પાપ કપાઈ પુણ્ય વધે છે ! મૂરખ અને અભાગિયો, કોણ ? પુણ્ય સફાચટ કરી પાપ ભરચક કરે એ ? કે પાપ ઉડાડી પુણ્ય ભરચક કરે એ ?

(૯) વળી ધન રહેવા-વધવાનો આનંદ તામસી અને વિનશ્વર છે, ત્યારે કરેલા દાન સુકૃતનો સાત્ત્વિક આનંદ દીર્ઘજીવી છે. પાછું,

(૧૦) જ્યારે જ્યારે ધન રહ્યા-મળ્યાનો મનમાં આનંદ મનાય છે, ત્યારે ત્યારે પાપનાં પોટલાં વધે છે.

**ધન કમાયા એકવાર, પણ એના વારંવાર આનંદ-અનુમોદનથી પાપ વારંવાર વધારાય એ કેટલી બધી મૂઢ મૂર્ખ દશા ?**

**ત્યારે, દાનસુકૃત એકવાર પણ કરેલું, જ્યારે જ્યારે આનંદ-અનુમોદન થાય ત્યારે ત્યારે, પુણ્યની વૃદ્ધિ કરતું જ જાય છે !**

ચક્રવર્તીઓ અને મમ્મણ જેવાએ સાતમી નરકના ચીકણાં પાપ શી રીતે ઉપાજર્યાં ? આમા જ ધનના સંબંધમાં તીવ્ર આનંદ-અનુમોદન કરી કરીને ! પરાર્થ-પરમાર્થમાં દેવાનું આવે ત્યારે મન કચવાય છે, પરંતુ આ પુણ્યવર્ધક દાનના વારંવારના આનંદ-અનુમોદનથી થતી વારંવાર પુણ્યવૃદ્ધિનો વિચાર કરવામાં આવે તો કચવાટને બદલે હરખ થાય.

(૧૧) ત્યારે એ પણ ધનના સંબંધમાં એક મહા અજુગતું બને છે, કે ધન મળ્યું તો પૂર્વના દેવ-ગુરુ-ધર્મના આલંબને ઊભા થયેલા પુણ્યથી, પણ હવે એ જાય છે સંસારના પાપના પલ્લે. અર્થાત્

**દેવ-ગુરુ-ધર્મરૂપી સતીનો એ માલ હવે સંસારરૂપી વેશ્યાને હોંશે હોંશે દેવાય છે !** શું સતીનો માલ વેશ્યાને ! સતીની ટીકા કરાય છે ! આ કેવી બેકદર ? લંપટતા અને ધિટ્ઠાઈ ? ત્યારે દાનના સંબંધમાં સતીનો માલ સતીની સરભરા-સત્કારમાં જાય, એ કેવી સુંદર કૃતજ્ઞતા-માણસાઈ-સહૃદયતા ?

(૧૩) બાકી ધન રાખીને એ શું આપે છે ? જેમ શરીરમાં તાવ રહીને ૧. ભક્તદ્વેષ અર્થાત્ ભોજનની અરુચિ, ૨ જડ પ્રીતિ યાને જડની રુચિ, ૩. તૃષ્ણા એટલે કે તૃષા-તરસ, અને ૪ મુખની કટુતા આપે છે, તેમ ધન રહીને ૧. ભક્તદ્વેષઃ અર્થાત્ પૂર્વના આપણા ભક્ત-સ્નેહી પર અરુચિ, 'રખે એ માગવા આવશે !' ૨. જડપ્રીતિઃ ઘર-ઘરેણાંદિ ઠીક ઠીક કરવાનો રાગ, ૩. તૃષ્ણાઃ અધિકાધિક ધન-નામના-માનપાન વગેરે વધારવાની લાલસા, અને ૪. મુખકટુતાઃ મોં પર ભારેખમપણું, 'રખેને પ્રેમાળતા-નરમાશ દેખાડતાં કાંઈ ખરચ-માગણી કરાવવા-કરવા આવે તો ?'

ત્યારે દાનના સંબંધથી પેલા કરતાં ઊલટું થાય છે. ભક્તનો પ્રેમ, જડનો વિરાગ, તૃષ્ણાનો કાપ અને મુખની મધુરતા રહે છે. પછી શા માટે આ દાનસંબંધ જ ન વધાવવો ?

(૧૪) લક્ષ્મી તો છે ત્યાં સુધી વાહવાહ દેખાય, આનંદ ઉભરાય, પણ એ જતાં માણસ કોડીની કિંમતનો. શું શું થાય છે ? સગી પત્ની કે પુત્રોનેય અકારો લાગે છે, એમનાથી દબાય-ચંપાય અને ટોણાં-મેણાં ખાય છે ! પાછું ધનના છકંછકા વખતે કરેલા પાપ-વેપાર, ભારે અભિમાન, બીજાના તિરસ્કાર, બીજાને દબાવવા-દબડાવવાનું, કેઈ માયા-પ્રપંચ-જૂઠા-અનીતિ-નિંદા વગેરે વગેરેનાં ભરચક પાપનાં પોટલાં તો શિરપર લાદેલા પડ્યા છે ! એનો દારુણ ફેંસલો દુર્ગતિઓમાં ચૂકવવાનો ઊભો છે ! ધન તો ગયું, પણ દાનમાં ન જોડવાથી આ પાપોની અટકાયત ગુમાવી, પુણ્યની ભરતી અટકાવી એ વળી નફામાં !

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"       વર્ષ-૧૪,અંક-૨૭,તા.૨૬-૩-૧૯૬૬**

(૧૫) ધનનો સંબંધ એ વગર-સાંકળની બેડી છે, વગર-ધારનું જીવલેણ ખંજર છે, દુર્ગતિની વાટ છે, ભાવિ સીતમ દુઃખદાવાનળનો અગ્નિ છે, સ્નેહ સગાઈ કાપનારી કાતર છે. રાગ-મમતા-તૃષ્ણા, જૂઠ-પ્રપંચ-કાવાદાવા વગેરે કરાવનાર ગૂંડો મિત્ર છે, ઉચ્ચ માનવભવના હોદ્દેથી ટાંગ પકડી નીચે એકેન્દ્રિય યોનિ આદિ ખીણમાં પટકનારી રાક્ષસી છે,

આવું બધું સમજનાર ધના પોરવાડ, વિમળશા, આભુ, પુનડ, જગડુશા વગેરેએ ધનના સંબંધ કાપી દાનના સંબંધ સાધ્યા ! લાખો કરોડ રૂપિયા મંદિર, યાત્રાસંઘ, અનુકંપા, વગેરેમાં ઉરાડ્યા ! પૈસાને હાથનો મેલ સમજી ખંખેરી નાંખ્યા. મહાન સુકૃત કરી નિજના અને પરના ભારે આત્મહિત, આત્મઉત્થાન અને આત્મ-સંરક્ષણ સાધ્યા !

શુભ વિચાર કરવા છે, તો આવા અનેકાનેક પ્રકારે થઈ શકે છે. વારંવાર જો શુભ વિચારોનો ખૂબ અભ્યાસ અશુભ વિચારોને અટકાવી દે છે; અશુભના મોકા પર શુભ વિચારની ધારા શરૂ કરી આપે છે !

**ધર્મદત્તના બાપની તાત્ત્વિક વિચારસરણી**

પેલો ધર્મદત્તનો બાપ ધર્મ ખરેખર પામેલો, અને તેથી જ શુભ વિચારોમાં રમ્યા કરનારો, હવે અહીં જુએ છે કે 'પત્નીએ ખોટી રીતે ધર્મી દીકરાને લાલચોમાં ફસાવી વેશ્યાગામી બનાવી દીધો, અને હવે છોકરો ઘરે આવવા પણ તૈયાર નથી.'



છતાં એણે કલ્પાંત કે હાયવોય કર્યો નહિ. એ તો તાત્ત્વિક શુભ વિચારસરણીમાં લાગી જાય છે,-

"કોનો છોકરો, ને શી વાત ? આ જનમમાં પાછળથી ઊભું થયેલું.

હું એક સંસારનો ભટકતો પ્રવાસી ! મારું હતું શું ને ગયું શું ?

છોકરો બિચારો કર્મપીડિત, મોહથી નષ્ટ બુદ્ધિ વાળો ! ભલું થાઓ એનું ! એને સદ્બુદ્ધિ મળો.

બાકી એની પાછળ ખરચાયેલા પૈસા પણ મારા હતા જ ક્યાં ? ક્યાં જનમતાં હું સાથે લઈ આવ્યો હતો ? મારું કશું ગયું નથી.

પત્ની તથા છોકરો ભવિતવ્યતાના નિશ્ચિતભાવને વશ પડેલા, એમના પર મારે દુઃખ કરાય નહિ, દુર્ભાવ રખાય નહિ, કોઈ ચિંતા-સંતાપની જરૂર શી ?

**જે ભાવિ ભાવ હવે અન્યથા થાય નહિ, એનો વલોપાત નકામો છે. ભગવાન જિનેશ્વરદેવનું તત્ત્વજ્ઞાન મને આ શીખવાડે છે. મારે એનું જ શરણ હો."**

**છેવટે પત્નીની દશા :-**

બાપ તત્ત્વજ્ઞાનમાં રમતો અને શુભ વિચારોમાં કલ્લોલ કરતો આયુષ્ય પૂરું કરે છે, ત્યારે મા વલોપાતમાં મરે છે ! સંસારની જ દલાલણ મા શુભ વિચારો લાવે ક્યાંથી ! બંને મર્યા છતાં ધર્મદત્ત ઘરે ન આવ્યો. વેશ્યાના આંધળા રાગ અને ભોગવિલાસમાં ગરકાવ થયેલો ધર્મ ભૂલ્યો, માણસાઈ ભૂલ્યો, કૃતજ્ઞતા, ખાનદાની, સાત્ત્વિક જીવન, બધું ચૂક્યો ! એ માણસ મોકલી હવે પત્ની પાસેથી પૈસા મંગાવે છે. પેલી બિચારી સુશીલ પતિવ્રતા, પતિના દિલને ન દુભાવા દેવા માટે પૈસા મોકલે છે, યાવત્ દાગીના સુદ્ધાં વેચીને પહોંચ્યું ત્યાંસુધી પૈસા મોકલ્યે રાખ્યાં. વારંવાર ઘરે આવવા વિનવે છે, પણ આ ભાઈબંધ શાના આવે ? ઘરે કોઈ કમાનાર તો છે નહિ. એટલે ક્યાં સુધી પહોંચે ? છેવટે બાઈએ કહેવરાવ્યું કે 'હવે પૈસા ખૂટી ગયા છે. મારે પણ ખાવાના સાંસા છે.' ત્યારે વેશ્યાએ જોયું કે 'ખલાસ, હવે આ લુખ્ખામાંથી પૈસો મળે નહિ. તો આ લોથ હવે ઉપાડીને શું કામ છે ?' લાગ જોઈને, દૂધ-મજૂરી આપતા બંધ પડેલા ગાય-બળદને ઘરમાંથી બહાર ભટકતા જંગલમાં મૂકી દે, એમ આને ઘર-બહાર રસ્તા વચ્ચે મૂકી દીધો. બારણાં બંધ કર્યાં.

**ખરાબ નિમિત્તે કેટલો અનર્થ :-**

વિચારો, માતાએ આવેશ-હઠાગ્રહમાં છોકરાનું અને જાતનું શું ભલું કર્યું ? જાતે પસ્તાવાનો સમય આવ્યો, અને છોકરો ધર્મમાંથી અધર્મમાં પડ્યો. સદાચારનો ધર્મ ચૂક્યો, પિતૃભક્તિ, પિતૃ-આજ્ઞાપાલન, અને કૃતજ્ઞતા ભૂલ્યો. તત્ત્વચિંતન અને ધર્માનુષ્ઠાન વિસાર્યા, ધાર્મિક વાંચન, શાસ્ત્રસ્વાધ્યાય કોરાણે મૂક્યા, દાનઆદિધર્મ

પણ-જતા કર્યા, દુરાચાર, વેશ્યાસક્તિ, વિષયચિંતન, વિષયકથા કૃતઘ્નતા, ધન દુર્વ્યય, આહારાદિસંજ્ઞાનું પોષણ, પાપક્રિયાઓ વગેરે કેટલાય અધર્મોનું સેવન ઊભું કર્યું !

સારો પણ આત્મા ખરાબ નિમિત્તના પડખે ચડી જાય, તો કેટલી હદ સુધી પતન પામે છે એ અહીં બરાબર જોવા મળે છે. એ તો સારું થયું કે પત્ની એને આર્ય કુલીન બાળા મળેલી, અને પોતાને વેશ્યાએ કાઢી મૂક્યા પછી ઘરે જઈ પત્ની આગળ ભારે પશ્ચાત્તાપ કરી પાપથી પાછા ફરવાની સદ્‌બુદ્ધિ સૂઝી, તો જીવન પાછું પરિવર્તન પામ્યું. બાકી તો વાર્યો તો ન રહે, પણ હાર્યો ય ન રહે, કહેવાય છે કે 'હાર્યો જુગારી બમણું રમે' એ ન્યાયે આવી દુર્દશામાં આવી ગયેલા છતાં કેટલાય જીવો પછી તો જુગારી, ચોર, અને ખૂની ગૂંડા બની જાય છે ! એ બધા પાપોનું મૂળ અસત્ નિમિત્તનું સેવન કરે છે. એવાં નિમિત્તમાં પાડનારા કેવા ભયંકર દ્રોહ કરનારા છે ! એ નિમિત્તને વશ થનારા એ કેવા ભારે અજ્ઞાન મોહમૂઢ છે ! સીતાજીના જીવન-પ્રસંગની વિચારણા લંબાવતા આત્મ-વિકાસના આ માર્ગ જડે છે કે,

(૧) શુભ વિચારોની ભરચકતા રાખવી;
(૨) કોઈને અસત્ નિમિત્તમાં પાડવા નહિ;
(૩) જાતે અસત્ નિમિત્તથી દૂર રહેવું.

## • શીલની મર્યાદાનું પાલન •

હવે સીતાજીનો એ જીવન પ્રસંગ આવે છે કે રામચંદ્રજીની આજ્ઞાથી વિદ્યાધરો સીતાજીની ભાળ કરવા જુદી જુદી દિશામાં નીકળી પડ્યા છે. એમાં સતી અંજનાસુંદરીના સુપુત્ર હનુમાનજી કે જે વિદ્યાધરરાજા પવનંજયના પરાક્રમી સુપુત્ર છે, એ સીતાજીને શોધતાં શોધતાં લંકામાં આવી પહોંચે છે અને અહીં રાવણની અશોક વાટિકામાં મહાસતીને એકલા અટુલા બેઠેલા જુએ છે.

**વિધિની વિચિત્ર ગતિ છે.** આલીશાન રાજમહેલમાં મહાસુખી, સખીઓ અને દાસીઓથી વિંટળાઈ, આનંદ કલ્લોલ કરી રહી હોય એ સ્થિતિના બદલે, ક્યાંય દૂર વાટિકામાં કેદ પૂરાઈ એકલી અટુલી દશામાં સીતાજીને મુકાવું પડ્યું છે ! એમનો શો વાંક હતો ? પણ વિધિના વિચિત્ર ખેલનો ભોગ બનવું પડે છે ! સંસાર આટલા જ કારણે અસાર છે કે એમાં જીવના હાથે જાણ્યે અજાણ્યે એવાં પાપાચરણ થઈ જાય છે, ને એનાથી સર્જિત ક્રૂર વિધિના ભોગ બનવું પડે છે ! માટે એ સંસારવાસ પણ દુઃખદ ! અને એમાં આહાર-વિષય-પરિગ્રહાદિ સંજ્ઞાઓ, તથા



એની પાછળ સેવાતા હિંસાદિ પાપો અને ક્રોધાદિ કષાયો પણ દુઃખદ ! અલબત્ત જીવ આ હોંશે હોંશે સેવે છે. કિન્તુ સંસારવાસ જ એવો છે કે કેમ જાણે જીવની પાસે આ બળાત્કારે સેવરાવે છે ! પણ પછી કોઈ જીવનો બચાવ કર્મસત્તા આગળ ચાલી શકતો નથી કે મારે તો સંસારની જવાબદારીઓના કારણે આ સેવવું પડ્યું હતું !

**મૂળ ભૂલ પર બચાવ નકામો :-**

**એતો જાણે કર્મસત્તા કહે છે કે** 'મૂળમાં તે સંસારમાં રહેવાનો ગુનો જ શા સારુ કર્યો ? અને કદાચ કર્યો તો પણ વિવેક, સંયમ અને હિંસાદિત્યાગનાં પગરણ કેમ ન માંડ્યા ? કેમ ન ચાલુ રાખ્યા ? માટે આ અવિવેક, અસંયમ અને હિંસાદિ પાપોમાં સ્થિરતા દ્વારા સેવેલા સહર્ષ સંસારવાસની સજા ભોગવ' પછી બીજાં પુણ્યના યોગે સારા સંયોગ મળ્યા હોય છતાં આ અતૂટ કર્મ ઉદયમાં આવતાં દુઃખદ પરિસ્થિતિ ઊભી કરે છે ! ચાહે તે ભયંકર રોગરૂપ હોય, કુટુંબ-ક્લેશરૂપ હોય, પુત્રાદિની નાલાયકીરૂપ હોય કે પરાધીનતા ગુલામીરૂપ ઈત્યાદિ કોઈ અચિંત્ય અણધારી દુર્દશારૂપ હોય ! આમ અણધાર્યું અને તદ્દન જુદું બની આવે એને આપણે વિધિની વિચિત્ર ઘટના કહીએ છીએ. પરંતુ કુદરતના Methamatics-ગણિતમાં ક્યાં ભૂલ છે ? ભૂલ તો જીવની છે કે પૂર્વે ઊંધા વેતરણ કરીને તે આવ્યો છે. ઉપરાંત અહીં અવળા પ્રશ્ન ઉઠાવે છે કે 'હું સારો નિર્દોષ છતાં આ આપત્તિ મારે કેમ આવી ?'

માણસ જો એક જ સ્થિર વિચાર રાખે કે,

**કુદરતનું ગણિત બરાબર હોય છે; સરવાળાનો આંક રકમો મળ્યા વિના આવતો જ નથી. બાદબાકીનું પરિણામ કશું બાદ થયા સિવાય આવી શકે નહિ; આ સમજ પર ખોટા હર્ષોન્માદ કે અફસોસ કરવાનો રહે નહિ.**

નિર્ધાર એક જ રહે કે કુદરતનું ગણિત બરાબર છે. વિચાર કરવાનો હોય તો એ કે 'મારે અશુભ વિચાર-વાણી-વર્તાવની રકમો નવી ઉમેરાવવી નહિ શુભ વિચાર-વાણી-વર્તાવની રકમો બાદ કરાવવાની નહિ.' અર્થાત્

**મારે અશુભનું કરણ, કરાવણ, કે સીધું યા આડકતરું સમર્થન પણ નહિ કરવાનું; તેમજ કમમાં કમ કોઈની પણ શુભ પ્રવૃત્તિની નિંદા-દ્વેષ-અરુચિ કે અંતરાય કરવાના નહિ. યા સ્વસુકૃતનો પશ્ચાત્તાપ નહિ કરવાનો. નહિતર એ પુણ્યમાંથી બાદબાકી કરશે.'**

**આ એક પ્રકૃતિનું ગણિત છે કે** પોતાનો કે બીજાના શુભ યોગની યાને શુભ વિચાર-વાણી-વર્તાવની નિંદા-જુગુપ્સા-અંતરાય એ સંચિત પુણ્યમાંથી ભારે બાદબાકી કરે છે, અને નવી અશુભની જંગી રકમો ઉમેરે છે ! સીતાજીની પૂર્વ ભવની

ભૂલનો અહીં હિસાબ ચૂકવાઈ રહ્યો છે કે એ રાવણની કેદમાં પૂરાય.

**હનુમાન-સીતાનો સંવાદ :-**

હનુમાનજી સીતાને શોધી કાઢતાં ખુશ થાય છે. આકાશમાંથી નીચે ઊતરી આવી સીતાજી સામે નમસ્કાર કરીને હાથ જોડી ઊભા રહે છે.

સીતા પૂછે છે, 'કોણ છો ?'

આ કહે છે, 'હું પિતા પવનંજય અને માતા અંજનાસુંદરીનો પુત્ર, તેમજ રામચંદ્રજીનો દૂત છું, ધર્મપુત્ર છું.'

'કેમ આવ્યા છો ?'

'રામચંદ્રજી આપના વિયોગથી ચિંતાતુર છે. આપની ભાળ કરવા મારા જેવા કેઈકને આપની શોધ અર્થે ચારેબાજુ મોકલ્યા છે. તેમાં હું સદ્‌ભાગ્યે અહીં આપના દર્શન પામી કૃતાર્થ થયો છું. રામચંદ્રજીના દૂત તરીકે મારી ખાતરી થાય એ સારુ લ્યો આ એમની વીટીં.' એમ કરી વીટીં દેખાડે છે. પછી તો સીતાજીના કૃશ થઈ ગયેલા દેહ પરથી પૂછતાં ખબર પડે છે કે આમણે ભોજનત્યાગ કરેલ છે એટલે એ રામચંદ્રજી અને લક્ષ્મણજીના કુશળ સમાચાર કહી ફળો લાવી સીતાજીને પારણું કરાવે છે. પછી કહે છે,-

'ચાલો મારી ખાંધ ઉપર બેસાડી અહીંથી આકાશમાં ઊડીને આપને રામચંદ્રજી પાસે લઈ જાઉં.'

રામના વિરહથી દુ:ખિત સીતાને આ કેવો સરસ મોકો લાગે ? રાવણને કેવો ધૂળ ફાકતો કરી દેવાનો હરખ થાય ? એથી વિશેષ આનંદ તો રામચંદ્રજીની પાસે પહોંચી જવાનો કેટકેટલો ઊભરાય ? પણ ના, અહીં તો સીતાજી એમ આવવાનો સાફ ઈન્કાર કરે છે. કહે છે 'ના મારે એમ આવવું નથી.'

શું સીતાને અહીં આનંદમંગળ છે ?

શું એમને અહીંથી છૂટવું નથી ?

શું હનુમાન પર વિશ્વાસ નથી ?

ના, આમાંનું કશું નહિ

ત્યારે સીતાજી કેમ ઈન્કાર કરે છે ?

હનુમાનજી મુંઝાય છે. એમને એમ લાગે છે કે, 'કદાચ સીતાજી એમ ધારતા હોય કે આ હનુમાનની રાવણ અને એના દુર્ધર્ષ સુભટો આગળ શું ગજું કે એમ ઉઠાવી લઈ જવા દે ? એટલે ના કહેતા હશે, માટે એમને મારી શક્તિનો પરચો દેખાડું.'

હનુમાનજી કહે છે, 'રાક્ષસો સામે મારી શક્તિની શંકા કરશો નહિ. જુઓ;'-



એમ કહીને અશોકવાટિકાનું મોટું ઝાડ બાથમાં પકડી હચમચાવીને મૂળમાંથી ઉખેડી હાથમાં ઊંચકીને આકાશમાં ઊડે છે, અને મોટી હવેલી પર એના પ્રહાર કરી ઉપરના છાપરા-ધાબા-મજલા તોડી બતાવે છે.

પછી કહે છે, 'જુઓ કદાચ રાક્ષસો પૂંઠે ધાય તો એકે એકના માથા આ રીતે તોડી શકું છું. માટે જરાય શંકા લાવ્યા વિના ચાલો, તમને ઉઠાવીને સ્વામીની પાસે મૂકી દઉં.'

**હનુમાનની કાંધે બેસી ન જવાનું કારણ :-**

સીતાજીને કહે છે, 'મને તમારી શક્તિમાં શંકા નથી. રાવણના ભડવીર સુભટોના ચોકી પહેરા વચ્ચે તમે અહીં સુધી આવી શક્યા છો. એજ તમારી અસાધારણ શક્તિ સૂચવી રહી છે. પરંતુ આ રીતે મારે ન આવવાનું કારણ તો એ છે કે પરપુરુષનો સ્પર્શ મારે ખપે નહિ.'

હનુમાન કહે, 'અરે પણ મહાસતી ! હું રામનો ધર્મપુત્ર છું. તમે તો મારી માતા છો.'

**શીલની મર્યાદા :-**

'એ ગમે તેમ હો, પણ શીલની મર્યાદા મારે પાળવી જ જોઈએ. હૃદયથી ભલે તમે એ ભાવ રાખો. પરંતુ હકીક્તમાં મારા માટે તમે પરપુરુષ છો; અને એમાં વળી તમે યુવાન અને હું ય યુવાન વયની, તમારી કાંધે બેસી મારાથી અવાય નહિ ! પરપુરુષનો સ્પર્શ કે દર્શન પણ નહિ કરવાની શીલની મર્યાદા મારે પાળવી જ જોઈએ. **મર્યાદાનું ઉલ્લંઘન એ ગુણનું જ ઉલ્લંઘન કરવા બરાબર છે,** અને એમ શીલ ઉલ્લંઘાઈ જાય તો પછી સ્વામી મળે તોય શું ? એના કરતાં શીલ અને એની મર્યાદાનું પાલન અખંડ રહ્યામાં કદાચ સ્વામીથી દૂર રહેવું પડતું હોય તોય એમાં શોભા છે, જાઓ આનંદથી જાઓ, અને સ્વામીને મારા કુશળ સમાચાર આપી કહેજો કે એ તો પોતે જ અહીં આવી મને લઈ જઈ શકે.'

મહાસતી સીતાજીના મર્યાદાપાલનના આગ્રહ પર ધ્યાન દેવા જેવું છે. સામે કોણ છે ? રામનો પરમ ભક્ત, રામના પુત્ર જેવો હોવાનું સ્વીકારી લેનાર, અને સીતાજીને માતા સમજનાર હનુમાન ! તે પણ લઈ જવાનું કહે છે તે કાંઈ બાથમાં ઊંચકીને નહિ. કિન્તુ કાંધ પર બેસાડીને. હનુમાનજી પોતે એકલી પવિત્ર ભાવનામાં અને સેવાની બુદ્ધિમાં રમી રહ્યા છે. છતાં સીતાજી એમ જવાની ના કહે છે.

**સંયોગ-પરિસ્થિતિ કેવી ?**

(૧) દુષ્ટતા કરનાર અને પરસ્ત્રીની લંપટતામાં ચડનાર રાવણની કેદ ! એમાંથી છુટવાનું છે.

(૨) દગો-પ્રપંચ કરી સીતાજીને પકડી આણીને મગરુબી માનનાર રાવણે ધૂળ ફાકતો કરી દેવાનો છે.

(૩) શીલના સંરક્ષણ કરવાં છે.

છતાં મહાસતી ના કહે છે. કારણ કાંઈ ? એ જ કે શીલની મર્યાદા ઓળંગવી નથી, કહો તો ખરા કે કઈ વિશેષતા પર સીતાજી મહાસતી તરીકે ઈતિહાસમાં અમર થઈ ગયા ? કાળપટ પર સુવર્ણાક્ષરે છપાઈ ગયા ! એનું રહસ્ય માત્ર શીલપાલન જ નહિ, કિન્તુ શીલની મર્યાદાઓનું પણ કડક પાલન છે. એ એમને મહાગૌરવ અપાવી રહ્યું છે. સગા પુત્ર જેવી ભાવનાવાળા પણ પરપુરુષને અડવાની ય વાત નહિ !

**પ્ર.**- તો રાવણે જ્યારે ઉપાડી લાવવા એમને ઊંચકીને વિમાનમાં બેસાડી દીધા, એ વખતે સ્પર્શ થયાનું કેમ ?

**ઉ.**- એ તો બળજબરી હતી, તેથી કાંઈ એનો અર્થ એવો નથી કે પોતાની રાજીખુશીથી પરપુરુષને અડવાની છૂટ ! એવું કરવામાં તો વટલેલી બ્રાહ્મણી તરકડીથી ભૂંડી થાય. શીલવતીપણાની ચુસ્તતા માટે તો જાતે શીલની કડક વાડ-મર્યાદાનું સચોટ પાલન કરવાનું તે કરવાનું જ.

**આજના શીલમર્યાદાભંગના પરિણામ** આજે નથી જોતાં ? સહશિક્ષણ, સહમિલન, સહગમનાગમન, સહસિનેમા-દર્શન, વગેરેએ કેટલો દાટવાળ્યો છે ? પરણ્યા પહેલાથી સાથે ફરવા જવાનું, એકાંતમાં મળવાનું. એ શું પ્રભુતા આપે છે ? કે વિષયલંપટતા ? બિભત્સદર્શન-તુલ્ય આજનાં છાપાં-સામાયિકોનું 'વાંચન કેટકેટલી મર્યાદાઓ અને દિલની પવિત્રતાનું ખૂન કરે છે ? ભોજાઈના લાજમર્યાદારહિત વેશનાં મીઠાશથી કરાતાં દર્શન કયા દિયર-જેઠના મનમાં અસદ્ લાગણી નથી પેદા કરતાં ?'

**ભગવાન દર્શને આવેલી પણ ભગવાન આગળ મર્યાદારહિત ઉઘાડા માથા કેશલટ અને ગરદનનું પ્રદર્શન કરનારી એ શું સ્વયં પ્રભુના દર્શન કરવા આવી છે. કે પરપુરુષોને પોતાના અંગોપાંગોનું દર્શન કરાવવા આવી છે ?**

પવિત્ર વીતરાગનાં મંદિરમાં પણ જો આ ધિઠ્ઠાઈ, તો બહાર બીજે તો પૂછવાનું જ શું ? માણસ ગમે તેટલું ભણેલો હોય, સમજદાર હોય, અરે ! નેતા વડેરો હોય. કિન્તુ અનાદિની કોટે વળગેલી વાસનાને ક્યાં મૂકી આવશે ? વિજાતીયના મર્યાદાહીન વેશ-બોલ-ચેનચાળા અને યાવત્ સ્પર્શ સુધીના સંપર્કમાં, વિકારોથી કેમ નહિ પકડાય ? મન સાક્ષી છે કે કોઈ ડોશીબુઢી ને જોતાં નહિ, ને યુવતીને જોતાં, એમાંય ખૂબ મર્યાદાવાળા વેશ પહેરેલી કરતાં ઉદ્ભટ વેશવાળી યુવતીને જોતાં દિલ



ઠરે છે, તાજગી અનુભવે છે, મીઠાશ અનુભવે છે, એ વિકારની પકડ છે.

**જીવનભર આવા વિકારોમાં સડવાનું હોય તો માનવતા પામ્યાનું મૂલ્ય શું ? માનવ જન્મ પામ્યા મૂલ્ય પર ખરીદી કેવા માલની ?**

ઉકરડાના કચરાની ? કે ઝવેરાતની ? વીતરાગના મંદિરમાં સ્ત્રીઓના મર્યાદા-હીન વેશને લીધે ખુલ્લા અંગોપાંગ પર દૃષ્ટિ પડી ગયે ઝેર ખવાઈ ગયાનો ખેદ ? કે અમૃત ચખાઈ ગયાની મીઠાશ ? એ મીઠાશના અનુભવ આગળ પછી વીતરાગની વીતરાગતા પર શે ઓવારી જવાય ? વૈરાગ્યનું સંવેદન થાય ખરું ? એ તો

**સ્ત્રી દર્શનથી કેમ બચાય :-**

એ તો વિષ્ટાના ટોપલા પર અચાનક દૃષ્ટિ પડી જતાં જેવી જુગુપ્સા-ઘૃણા-સૂગ થાય તેવી અહીં થાય, તો પેલી વિરાગ-લાગણીનું સંવેદન થાય, મનને થાય કે 'મારા પ્રભુએ મોટી ભક્ત ઈન્દ્રાણીઓ તરફ પણ આકર્ષણ રાખ્યું નથી, એનો હું સેવક આ નાદાન નફ્ફટ ઉદ્ભટવેશવાળી, મર્યાદાભંજક સ્ત્રીઓનાં તરફ દૃષ્ટિય કેમ નાખું ? સ્ત્રી શરીરને તો હું નરકાગાર, સળગતો દાવાનળ, ઝેરી વિકરાળ અજગર, માણસખાઉં પિશાચ, માણસ પીલનારું યંત્ર વગેરે લેખું ! એના શરીરને માત્ર, રસ્તા પર ધસમસ વેગથી આવી રહેલી આઠ પૈડાવાળી મીલીટરી તોતિંગ લોરી માનું. હરામ એને ક્ષણ પણ જોવાનું ! આવો કોઈ નિર્ધાર, હિસાબ અને લેખું રાખ્યું હોય તો જ આજના કાળે બચાય. બાકી તો સ્ત્રીઓનાં શીલમર્યાદાના ભંગ સ્ત્રીને પોતાની જાતને અને પુરુષોને ખત્મ કરી નાખે છે.'

નંદીષેણ જેવા મહાતપસ્વી, મહાત્યાગી અને વિકારો તરફ ઘૃણાથી જોનારા પણ જો વેશ્યાના મર્યાદા બહારના હાવભાવ આગળ ક્ષણવાર પણ ઊભા, તો પડ્યા ! ચારિત્ર ખીંટીએ મૂક્યું !

આર્દ્રકુમાર મહાવૈરાગ્યથી ચારિત્ર લીધું છે, પૂર્વ જન્મનું સ્મરણ છે, તપસ્યા આતાપના અને ધ્યાનની મહાન સાધના કરી રહ્યા છે, છતાં રમતિયાળ છોકરીની મર્યાદાબહારની રમતના સંપર્કમાં આવ્યા, તો અંતે પડ્યા !

**આત્મવિકાસના માર્ગ તરીકે સુકૃત-સદાચારોની જેમ એની મર્યાદાઓનું પાલન એ પણ ભવ્ય માર્ગ છે.** એનું ઉલ્લંઘન એ આત્માનું અધઃપતન કરાવી દે એવો સંભવ છે.

**સસક અને ભસક** બે રાજકુમાર ભાઈઓએ વૈરાગ્ય પામી ચારિત્ર લીધું એમની બેન પણ એમની પાછળ ચારિત્ર માર્ગે ચડી. બેન સાધ્વીનું શરીર-સોંદર્ય ઘણું જ છે, તેથી જુવાનિયા ઉપદ્રવ કરે છે. એટલે બેનના શીલની રક્ષાર્થે સસક-ભસક મુનિઓ સાધ્વીઓના ઉપાશ્રય બહાર ચોકી કરી જુવાનિયાઓને અટકાવે છે.

**બેનનું અનશન :-**

કેટલોક વખત આવું ચાલ્યું ત્યારે બેનને વિચાર આવ્યો કે 'આ રીતે તો શું ભાઈઓને જીવનભર મારી રક્ષા ખાતર હેરાન થવાનું ? ધિક્કાર છે મારા રૂપને ! પણ આ રીતે જીવવું એના કરતાં અનશન કરી દેવું સારું.'-એમ વિચાર કરી એણે ઉપવાસ શરૂ કરી દીધા. અમુક ઉપવાસ થતાં તો એ એવી મૂર્છિત થઈ ગઈ કે હવે જરાય હાલતી નથી ને ચાલતી નથી, બધાને લાગ્યું કે હવે આ જીવે નહિ. એટલે ભાઈઓ એના શરીરને ઉંચકીને જંગલમાં છોડી દેવા લઈ ચાલ્યા.

આમાં ભાઈઓ તો પૂરા સાવધાન છે, તે આ સગી બેનનું મૃત શરીર છે એમ સમજે છે. એટલે એમના દિલમાં લેશ પણ વિકાર થયો નહિ. કિન્તુ બેન બેભાન દશામાં હોઈ એને ખબર નથી કે આ શું ચાલી રહ્યું છે; પરંતુ પુરુષનો સ્પર્શ તો થયો જ, સગા ભાઈ ઊંચકીને લઈ જાય છે એની ખબર નથી, એટલે અવ્યક્ત દશામાં એક પુરુષના-સ્પર્શ તરીકે એ સ્પર્શે એના શરીરમાં વિકારની ઝણ-ઝણાટી ઊભી કરી દીધી. જાણો છો ને કે સ્ત્રીના સુંવાળા શરીરને કર્કશ સ્પર્શ વિકાર જગાવે છે; જ્યારે પુરુષના કર્કશ શરીરને સુંવાળો સ્પર્શ વિકાર જગાવે છે, બેનના શરીરને ભાઈઓ તો જંગલમાં મૂકી ને ગયા, પરંતુ પછી શીતળ વાયુએ એના શરીરમાં ચેતના જગાડી દીધી, અને પેલી વિકારની ઝણ-ઝણાટીએ એને વિહ્વળ કરી દીધી. એના મનમાં અસદ્ વિચારણા જાગી. અને પછી તો સંયમનું ભાન ભૂલી એ પાપના માર્ગે ચડી ગઈ ! તે પાછી જ્યારે કાળાન્તરે ભાઈ મુનિઓનો યોગ થાય છે, ભાઈઓનો આ બેન હોવાની શંકા પડે છે, પૂછગાછમાં ઓળખાણ પડે છે, ત્યારે એને ઉપદેશ આપી માર્ગે લાવે છે.

**સંયોગ-પરિસ્થિતિના બચાવમાં અધઃપાત :-**

વિચારવાનું આ જ છે કે શું સદાચારનો ખુદનો ભંગ જ ખતરનાક છે ? કે એની મર્યાદાનો પણ ભંગ ખતરનાક નીવડે છે ? રાજકુમારી વૈરાગ્યથી સાધ્વી બનેલી ને પોતાની શીલરક્ષા પાછળ ભાઈઓને હેરાન થવું પડે છે, માટે અનશન કરનારી ! એને પણ જો અવ્યક્ત દશામાં ય પુરુષનો સ્પર્શ થયો, તો તે એના માટે મર્યાદાનો ભંગ હતો; અને એ ભંગે એને પતનના માર્ગે ચડાવી દીધી ! આવા અનર્થને જાણતી સીતા, ભલે હનુમાન દીકરા જેવો ભાવ રાખે, છતાં એની કાંધે બેસી રાવણની કેદમાંથી છૂટી રામચંદ્રજી પાસે જવાનું કેમ જ કબૂલ કરે ? ભારે ગંભીર પરિસ્થિતિમાં પણ સીતાજીની સાવધાની કેટલી બધી પ્રશંસનીય છે !



આત્માના અધઃપાત નહિ પણ વિકાસ તરફ દૃષ્ટિ જાગતી હોય તો સંયોગ-પરિસ્થિતિના બચાવ પડતા મૂકી શીલની અને ગુણોની મર્યાદાનાં પાલન માટે કટિબદ્ધતા જોઈએ.

**વૃત્તિની તપાસ :-**

મર્યાદાનાં ઉલ્લંઘન તરફ મન જાય ત્યાં એ જોવું જોઈએ કે એની પાછળ કઈ વૃત્તિ કામ કરી રહી છે ? એ મર્યાદાભંગની વૃત્તિને, જે સદાચારની મર્યાદા ચૂકાય છે, એ સદાચારના ભંગની વૃત્તિ સાથે કોઈ સંબંધ છે કે કેમ ? ભલે સીધો સાક્ષાત સંબંધ નહિ સહી, તો ય આડકતરો સંબંધ લાગે એવો છે કે નહિ ? દા.ત ઉપવાસાદિ તપની મર્યાદા સામાન્ય સંયોગ-પરિસ્થિતિમાં એ કે આહારના સ્થાનમાં બહુ જવું નહિ. હવે જો એ જવાનું મન થાય છે તો કઈ વૃત્તિથી ? જો બીજાને સારું લગાડવાની વૃત્તિથી, તો એ સારું લગાડવાની વૃત્તિ તપ સદાચારના ભંગ યાને ભોજનપટ્ટીની વૃત્તિ સાથે મેળ જમાવશે એવો સંભવ છે ? કેમકે બીજાને સારું લગાડવાનું મુખ્ય કર્યું એટલે બીજા જો જરા આગ્રહ કરે કે 'આ તમે તપ કરો છો તે અમને ઠીક નથી લાગતું, તમને મૂકી મૂકીને અમે ખાઈએ ?' આમ જો મનદુઃખ બતાવશે, તો પછી એમને સારું લગાડવા માટે તપનો વિચાર ગૌણ થશે. મન ચોર છે, એ કહેશે કે 'આપણે અંદરખાને તો સમજીએ જ છીએ કે આ ખાવું ખોટું છે, પણ હવે આપણે આમનો આગ્રહ છે તો ખાવું પડે. પણ તેથી કાંઈ આપણને ખાવા પર મોહ નથી.' આ મનની ચોરી દાખલ થઈ જાય છે અને એ તપ સદાચારથી પાડે છે.

**અજુગતા બોલ આદિ મર્યાદાભંગ :-**

પ્રસંગે શીલ પણ આમ જ ચૂકાય છે; પહેલાં સામો એવાં અનુચિત બોલતાં ટાયલાં કૂટે, પછી શુદ્ધ પ્રેમવાત્સલ્યના દેખાવ હેઠળ હાથનો સ્પર્શ કરતો આવે, આમાં જો એનાં મનને ખોટું ન લાગે એટલા માટે એ ચલાવી લેવાય, કડવાશ અરુચિ ન દેખાડાય, મોઢું બગાડીને વિરોધ ન બતાવાય કે 'આવું શું અજુગતું બોલો છો ? મારા શરીરને શું અડો છો ?' આવો વિરોધ ન દેખાડાય, અને એ 'કાંઈ નહિ' કરીને ચલાવી લેવાય, તો એ મર્યાદાભંગ છે. એની પાછળ એને માઠું ન લગાડવું, સારું લગાડવું એવી વૃત્તિ કામ કરી રહી હોય છે, બસ, પછી એમ સામો અડપલાં કરવામાં આગળ વધ્યો, તો એ સારું લગાડવાની વૃત્તિ સામાની એ વિશેષ કુચેષ્ટા પણ ચલાવી લેશે, અને એમાં પોતાનો જીવ પણ અનાદિ વાસનાનો અભ્યાસી તો છે જ, એટલે છૂપી વાસના જાગ્રત થશે ! એમ કરતાં ઠેઠ પતન સુધી યાને શીલભંગ સુધી પહોંચી જવાશે !

સામાને માઠું નહિ લગાડવું, સારું લગાડવું એવી વૃત્તિ આમ પહેલાં સદાચારના મર્યાદાભંગથી માંડી પછી સદાચારભંગ સુધી લઈ જાય છે. પરસ્ત્રી પરપુરુષ સાથે હસી હસીને વાત કરવી કે એની સામે રાગભરી દૃષ્ટિથી જોવું, એ પણ શીલ-સદાચારની મર્યાદાનો ભંગ છે. મર્યાદા તો એ, કે મુખ ગંભીર રાખવું, દૃષ્ટિ સામે માંડવી જ નહિ, માંડવી પડી તો રાગ વિનાની ઉદાસીન અને તેય ક્ષણવાર જ રહે. આનો જો ભંગ થયો તો અંતરમાં પહેલા કશો શીલભંગનો વિચાર નહિ છતાં, સામાને સારું લગાડવાની વૃત્તિના લીધે એ શીલભંગ સુધી પહોંચાડી દે છે !

**મર્યાદાભંગની પરંપરાનું દૃષ્ટાન્ત :-**

**પેલી બાલ વિધવા** એમજ પતન પામી. આગાહી તો પહેલેથી જ મળી હતી, એટલે તો પોતે જ મુનિમને દૂર દેશ મોકલાવી દીધો હતો. બ્રહ્મચર્ય-પાલનની તીવ્ર કામના હતી. પરંતુ પોતાને દૂર યાત્રાએ જવાનું થતાં અજાણપણે મુનિમનું ગામ આવી ગયું. ત્યાં રસ્તામાં એનો ભેટો થયો.

**શીલની પહેલી મર્યાદા આ, કે** 'જ્યાંથી અનર્થનો સંભવ છે, એનાથી દોઢસો ગાઉ દૂર જ રહેવું. અચાનક એ રસ્તામાં મળી જાય, કે ઘરમાં આપણે એકલા ને એ આવી રહે, તો ગમે તે નિમિત્ત ઊભું કરી ત્યાંથી આપણે ખસી જવું, આઘે જતા રહેવું; પછી ભલે એને ખોટું લાગે એની બહુ પરવા ન કરવી.' પણ બાલ વિધવા સામાને સારું લગાડવાની વૃત્તિમાં આ પહેલી મર્યાદા ભૂલી, અને સામાએ વાત કરવા ઊભી રાખી તો ઊભી રહી;

**ત્યારે બીજી મર્યાદા એ, કે** કદાચ સામાના કોઈ પ્રશ્નો જવાબ આપવા ઊભું રહેવું પડ્યું તો પણ એવો જ કોક ઉત્તર વાળવો કે જેથી ટૂંકે જ પતે, અને આપણે ત્યાંથી ચાલી જવાનું કરાય. બાલ વિધવા અહીં પણ ભૂલી પડી, ઊભી !

પેલો કહે, 'ઓહો બેન ! અહીં ક્યાંથી ?'

અહીં કદાચ આણે જવાબ દેવો હતો તો એમ કહેવું જોઈતું હતું કે 'આ યાત્રાએ ગયા હતા તે વળતાં અહીં મુકામ થયો. પણ હવે બીજાઓ બહુ ખોટી થતા હશે તે જાઉં છું.' એમ કહીને ચાલતી પકડવી જોઈતી હતી. પણ એ તો સહેજ કહે છે યાત્રાએ ગયા હતા.'

એટલો પેલો પાછો બીજો બોલ કાઢે છે કે એમ ? તો પછી મારે ત્યાં ચાલો.'

આ ભોળી આનો ય જવાબ આપવા રહી કે "ના, મારે મોડું થાય છે. અલબત્ત આમ કહીને પણ ચાલવા માંડવું જોઈએ, પણ સામાને ખોટું ન લાગે માટે ઊભી રહી."



ત્યાં તો પેલો કહે, 'અરે ! જરાકમાં મોડું ? તમારે તો મારા ઘરે જ ઊતરવું જોઈએ એના બદલે ઘરે જવા આવી જવાનું પણ નહિ ? 'બાપુજીનો મારા પર કેટલો બધો ઉપકાર છે ? અને તું તો મારે ધર્મની બેન છો, એકની એક બેન તે મારા ઘરે આવે પણ નહિ ?'

આ વળી સારું લગાડવા ખુલાસો કરવા રહે છે, કે 'આવું જ શું, ઊતરું ય ખરી પરંતુ બીજાઓ સાથે રહ્યા, એટલે તમારે ત્યાં મારે ઊતરવું ઠીક ન લાગે બાકી આવવાનું તો જરૂર કરું; પરંતુ બીજા બહુ ખોટી થતા હશે તેથી જલ્દી જઉં. વળી કોક વાર અવસર મળશે તો જોઈશ.'

આમ કહ્યા પછી ય તરત ચાલવા માંડવું જોઈતું હતું. પણ પેલો એટલો બધો સ્નેહનો ઉછાળો બતાવે છે, અને તરત બોલવાનું કરે છે કે એને ખોટું ન લાગે, એ માટે આ ત્યાં સાંભળવા ઊભી રહે છે.

પેલો કહે છે, 'અરે પણ મારી બેન ! મારા ઘરે આવી બેસી ન રહેજો. પણ જરાક પગલાં તો કરો; તમારા જેવા ધર્મિષ્ઠ બેનના મારે ઘરે પગલાં ક્યાંથી ? આ રસ્તો આ બાજુથી લો છો તે જરા પેલી બાજુથી લેજો; ઘરે તમારા ભાભીને પણ કેટલો બધો આનંદ થાય ? માટે ચાલો, ખોટી નહિ કરું;'

ભોળી બાળ વિધવા હિસાબમાંડે છે કે 'ખેર ત્યારે ઘરે ભાભી છે ને ? જરા જઈ આવું, ઊભી ઊભી મળીને ચાલી જઈશ. ઉઘાડો ફાગ દહાડો છે, એટલે કોઈ વાંધો નહિ આવે.' ચાલી મુનિમની સાથે.

**ઠગારા ભાગીદારના સંબંધે લૂંટાવાનું :-**

એનું હૃદય પવિત્ર છે. છતાં સારું લગાડવાના મોહમાં શીલની મર્યાદાઓ ચૂકી રહી છે એનું એને ભાન નથી, પછી મર્યાદાની અમુક કક્ષા વટાવી જતાં પતન થાય એમાં આશ્ચર્ય શું ? ઠગારા ભાગીદાર પર વિશ્વાસ વધારતાં વધારતાં એવી કક્ષાએ પહોંચી જવાય છે ને કે જ્યારે એકસામટું બધું લૂંટાઈ જાય ? બસ, એવું જ મર્યાદા-ભંગના વિશ્વાસે આગળ વધતાં ગુણ કે વ્રતનો સર્વથા નાશ આવીને ઊભો રહે છે. બાળ વિધવા આવા વિશ્વાસે આગળ વધી રહી છે. મુનિમના ઘરે પહોંચી ત્યાં મુનિમ ઘરમાં હાક મારે છે, પણ પત્ની કંઈક બહાર ગઈ હોવાનું જણાય છે, એટલે બાળ વિધવા કહે છે, 'લ્યો ત્યારે હવે હું જોઉં છું. મારે મોડું, થાય છે.'

મુનિમ કહે 'અરે બેન ! પણ એમ જવાય ? મારા ઘરનો પાણીનો પવાલોય નહિ પીવાનો ? પાણી-બાણી પી, એટલામાં તારી ભાભી ક્યાંક ગઈ હશે તે આવી જશે. બસ, પછી એને જરાક-મળીને જજે ને ?'

બાળવિધવા જુએ છે કે 'આને બિચારાને ખોટું લાગશે માટે લાવ જરા પાણી પીને ઝટપટ ચાલી જાઉં.' એમ વિચારી ત્યાં બેસે છે; અને મુનિમ રસોડામાંથી દૂધની તપેલી લઈ આવે છે. વાટકીમાં દૂધ કાઢીને આપતાં કહે છે, 'લે બેન તું તો બહુ ઉતાવળ કરે છે, મારે તો તને જમાડવી છે, પણ ખેર ! લે આ પી લે !'

વિધવાને આ લપમાંથી છૂટવું છે, કેમકે એને જ્ઞાનીએ મુનિમથી અનર્થ થવાની,-ગર્ભ રહેવાની આગાહી કરેલી છે. એટલે એના મિલનથી છુટવા ઝટપટ વાટકી દૂધ પી લઈ ઊભી થવા જાય છે, ત્યાં મુનિમ કહે છે,

'અરે મારી બેન ! આટલામાં શું ? વાટકી કેટલી નાનકડી ! હાથ આવી એટલે ઝટ પતાવવા એ જ લઈને એમાં દૂધ આપ્યું. પરંતુ આટલાથી ચાલે ? લે આ વાટકી ફરી ભરી, પી લે.'

મુનિમનો આગ્રહ છતાં વિધવાને અંતરમાં ફફડાટ છે કે 'કોણ જાણે આ એકલા ઘરમાં રોકાવામાં શું ય થાય ?' એટલે ઝટ ઊઠવાનું કરે છે. ત્યાં મુનિમ ગળગળો થઈ કહે છે,

'બેન ! બસ ? આટલી ભક્તિમાંથી હું ગયો ? બાપુજીનું લૂણ ખાઈ મારે એકલું હરામ જ કરવાનું ?'

બાળ વિધવા ઝટ પતાવવા એ પણ પી લે છે. ત્યાં તો ત્રીજી વાર વાટકી દૂધથી ભરી મુનિમ તપેલી ખાલી બતાવતાં કહે છે 'લે બેન ! હવે આ છેલ્લી વાટકી દૂધનો લાભ આપી દે ! બાઈ ઊઠવાનું કરતાં કહી દે છે' ભાઈ ! હવે માફ કરો. બહુ મોડું થાય છે !

મુનિમ હસી પડીને કહે છે 'બેન ! હવે દૂધ જ ક્યાં છે ? આટલી ભક્તિમાંથી ય હું ગયો ?'

બાઈને પણ હસવું આવી ગયું, હસતા કહે છે, 'આગ્રહ શું કામ કરો, મારે પેલા બધા રાહ જોતા હશે, તે મોડું થાય છે ! એમ કહી જ્યાં ઊઠવા જાય છે, ત્યાં મુનિમ હાથ પકડી બેસાડે છે. પછી' એક હાથે એની પીઠ પકડી બીજા હાથે વાટકી પોતે જ લઈ હસતો હસતો લે હું ઝટ પાઈ દઉં છું.' કહી પીવરાવવા જાય છે, ત્યાં બાઈ ખસવાનું કરતાં પેલાનો હાથ ગરદન પર આવી જાય છે, તે પકડી હસી પડી પીવરાવવાનું કરે છે; પણ હવે તો હસવામાંથી ખસવું થઈ ગયું. એકબીજાના સ્પર્શ, મોં મલકાટ, મીઠા બોલ, વગેરે થયા પછી શું બાકી રહે ? બંને ભૂલ્યા.

**લોકને સારું મનાવવાની ઘેલછા :-**

કેમ આટલી પાયરીએ ? મુનિમને સારું લગાડવા એકેક મર્યાદાનું પગથિયું



ચૂકી માટે જ સ્તો. પોતાની સ્થિતિ, સ્થાન, સંયોગ, વગેરેના જોખમનો વિચાર રાખ્યા વિના માત્ર સામાને સારું લગાડવાની વૃત્તિ કેટલી બધી ભયંકર નુકસાનીના પરિણામે પહોંચાડે છે, એ આમાંથી જાણવા મળે છે. ત્યાં પછી પોતાનો ધર્મ, સત્કુલ, વ્રત વગેરે બધું જાણે ભૂલાઈ જાય છે ! વાતે ચડેલા માણસ સામાને સારું લગાડવા અને પોતે ડાહ્યામાં ખપવા જૂઠ વાત પણ કરી નાખે છે ને ? સારા માણસની નિંદા ય કરે છે ને ? લેવા-દેવા વિના કોઈના માટે આરંભ-સમારંભની અનુમોદના, ચાડી ચુગલી, પાપોપદેશ વગેરે કરે છે ને ? આ ટૂંકાશા અને ઉત્તમ જીવનમાં આમ ? પણ એક જ ઘેલછા કે સામાને સારું લગાડું, વહાલો થાઉં, હું એને સારો લાગું !' એથી પછી ભાન ભૂલે એમાં શી નવાઈ ?

**તુચ્છ શાબાશીનો મોહ ગંજાવર પાપ સુધી લઈ જાય છે.** દેવ બનેલા બળદેવે ભાઈ કૃષ્ણને સારું લગાડવા, લોક આગળ દેવવિમાન દેખાડી 'કૃષ્ણ તો ઈશ્વરના અવતાર હતા, દ્વારિકાનું નિર્માણ, તથા પછી સંહરી લેવાનું વગેરે વગેરે એમની લીલા હતી, ઈત્યાદિ મહિમા ફેલાવ્યો; પણ એમાંથી મિથ્યાત્વ પ્રવર્ત્યું; જેના કરોડો અનુયાયી આજ સુધી થતા રહ્યા દેખાય છે. આટલી હદ સુધીનું પરિણામ માત્ર ભાઈને સારું લગાડવા માટેની પ્રવૃત્તિમાંથી ! અહીં બાળવિધવા મુનિમને સારું લગાડવા મર્યાદા ચૂકતી આવી; તે છેલ્લી હદ સુધી પહોચી ગઈ.'

**સારું લગાડવાની વૃત્તિમાં અનર્થો :-**

સારું લગાડવાની એકાંગી વૃત્તિ ખતરનાક છે. એ જો હટાવી દેવામાં આવે તો કેટલાય અનર્થમાંથી ઊગરી જવાય, એને હટાવવા માટે આ વિચાર જોઈએ કે,-

'આવા ઉચ્ચ મનુષ્ય જીવનમાં મારે તો આત્મગુણો, તારક ધર્મ અને પવિત્ર શિષ્ટાચાર એની કલ્યાણ મર્યાદાઓ સાચવવાની અને જીવન અજવાળવાનું ? કે સામાની તુચ્છ શાબાશી લેવા એ બધું વાટી નાખી જીવનને કાળું મેશ કરવાનું ?'

(૧) લોકને સારું મનાવેલું કેટલે લાંબે પહોંચવાનું ? ત્યારે સેવેલા દોષ-દુષ્કૃત્ય કેવા ભયંકર અને દીર્ઘ કાળ સુધી પીડે એવા કુસંસ્કારોનો ઢગલો ઊભો કરશે ?

(૨) પછી ભવે ભવે ચાલતી એની પરંપરા કેવા દુઃખદ અને પાપીષ્ઠ જીવન બતાવશે ?

(૩) એ અહીં પણ ધર્મની ગ્રેઈડ યાને ધોરણ કેવું ઊતારી નાખશે ?

(૪) દિલ ક્ષુદ્ર બનાવી નીચે ઠેઠ ભવાભિનંદીપણામાં કેવું તાણી જશે ?

(૫) તુચ્છ માનાકાંક્ષા, અભિમાન અને લોભમાં કેવું પતન કરશે ?

(૬) સારું લગાડવા માટે વિકથા, કુથલી, નિંદા, ચાડી-ચુગલી, બીજાની

ગુપ્ત વાતો વગેરે કરવા બેસતાં માણસને ભાન નથી રહેતું. પવિત્ર સતીમાતા સરસ્વતીનો ઉપયોગ એની પાસે વેશ્યાગીરી જેવાં કામ કરાવવામાં કરે છે. એના મૂળમાં પોતાની જાતને સારો મનાવવાની ઘેલી વૃત્તિ પડેલી હોય છે, એવી વાતો સાંભળી લેવામાં પણ આ જ લોકેષણા કે 'હું આનો વિરોધ કરી ખોટું કાં લગાડું ? કડવો શા માટે થાઉં.'

**નંદીષેણ મુનિ** વેશ્યાને સારું લગાડવા સોનૈયા, વરસાવી પેલીના મોહક વચનનો જવાબ આપવા ઊભા, તો ચારિત્રથી પડ્યા !

**કાલિકસૂરિજી** મહારાજે દત્ત રાજાને સારું ન લગાડ્યું, અતત્ત્વ-સમર્થન ન કર્યું તો લોકમાં શાસનની પ્રભાવના થઈ.

**મયણાસુંદરીએ** તત્ત્વસિદ્ધાન્તમાં મક્કમ રહી બાપ રાજાને સારું ન લગાડ્યું. તો એ શ્રીપાલકુમાર પામી અને અંતે જિનશાસનનો જયજયકાર અને પિતાનો હૃદય પલટો થયો. એના બદલે જિનશાસનની મર્યાદા ચૂકી બાપને સારું લગાડવા ગઈ હોત તો ? શ્રીપાલને મેળવત ? શાસન પ્રભાવના થાત ?

અભયા રાણી શીલની મર્યાદા ચૂકી **સુદર્શન શેઠને** ગુપ્તપણે મહેલમાં ઉંચકાવી લાવવાનું કર્યું; પણ શેઠ શીલમાં મક્કમ રહ્યાં; તો અંતે એમનો ને જૈનધર્મનો જયજયકાર થયો, અને અભયારાણીને દેશનિકાલની સજા મળી.

**મહાસતી સીતાજી** હનુમાનજીને મર્યાદા ચૂકી સારું મનાવવા તૈયાર નથી, તો અખંડ શીલવતી બન્યા રહ્યા, ને રામ વગેરેને પણ એમના પર સદ્ભાવ વધી ગયો.

**આત્મ વિકાસનો આ મહાન માર્ગ છે કે** બીજાને સારું મનાવવાની અર્થાત્ તુચ્છ શાબાશી લેવાની વૃત્તિ રાખવી નહિ, અને શીલ-સદાચાર, ગુણ-ધર્મની મર્યાદા ચૂકવી નહિ. હનુમાનજી ભક્ત છતાં પરપુરુષ છે. પરપુરુષની કાંધે બેસીને જવું એ મર્યાદા વિરુદ્ધ; માટે સીતાએ જવાની ના પાડી તેથી હનુમાનજી પછી ત્યાંથી ગયા.

## • શીલના મહામૂલ્ય •

હવે સીતાજીનો એ પ્રસંગ જોઈએ કે એમની ખાતર રામ-રાવણનું યુદ્ધ જામ્યું. એમાં કેટલા મનુષ્યનો સંહાર ? એમાં ય આગળ વધીને છેવટે જતાં રાવણે જરા વિદ્યાનો પ્રયોગ રામ-લક્ષ્મણ સિવાય એમના આખા સૈન્ય ઉપર કરીને એને મૂર્છિત કરી દીધું છે, હવે કાલ સવારે એમ જ સૈન્યને રાખી, રામ-લક્ષ્મણને પકડી લાવવા છે.

સીતાજીને સમાચાર તો મળ્યા હશે કે એક પોતાના શીલપાલનની પકડ પાછળ આ ઘોર વિમાસણ છે. તો પછી એમણે કેમ એ પકડ રાખી ? રાવણ કહે



છે 'તું મારી પટ્ટરાણી બની જા, તો આ બધો માનવસંહાર અટકી જશે.' તો સીતાએ કેમ એ કબૂલ ન કર્યું ? કેમ શીલ જતું ન કર્યું ? અહીં એક સુંદર પ્રશ્ન છે.

**પ્ર.-** કહેવાય તો એમ છે કે સત્ય, નીતિ, શીલ, અપરિગ્રહનાં વ્રત બધાંય અહિંસાવ્રતના પાલન માટે છે, અહિંસા વ્રતની વાડરૂપ છે., રક્ષક છે. જો અહિંસા જ નષ્ટ થતી હોય તો એ વ્રતો ગુણરૂપ નથી રહેતા.' તો પછી અહીં સીતાનું શીલ જ્યારે બીજી બાજુ ઘોર અહિંસા છે તો, ગુણરૂપ કેવી રીતે ?

**ઉ.- આનું સમાધાન સ્પષ્ટ છે કે, આ બધીય હિંસા સીતાનાં શીલનાં પાલન ઉપર નથી કિન્તુ રાવણની કુશીલબુદ્ધિ ઉપર છે.** એને કુશીલ જોઈએ છે માટે સીતાને કબ્જે રાખી રામનો સામનો માંડ્યો છે...

**અહીં તફાવત જોઈએ.** સત્ય આદિ વ્રત અહિંસા માટે છે, સત્ય બોલવા પર જ અહિંસાને બદલે હિંસા ઊભી થતી હોય તો એ સત્ય સત્યરૂપ ન રહે. એના દૃષ્ટાન્તમાં પારધી કે કસાઈને સાચું કહી દેવામાં આવે કે 'પશું આ બાજુ ગયું છે' અને એ જઈને એની હિંસા કરી નાખે. ત્યાં પેલું બોલેલું સાચું એ સત્યરૂપ નથી, ગુણરૂપ નથી, કિન્તુ નિશ્ચયથી અસત્ય છે, દોષરૂપ છે. અલબત્ત પારધીને મારવાની બુદ્ધિ તો પહેલેથી હતી જ, મારવા નીકળ્યો પણ હતો. કિન્તુ મારવાની ક્રિયા તો પેલા સત્ય-કથન ઉપર થઈ; માટે એ સત્યકથન હિંસામાં જવાબદાર છે.

**ત્યારે અહીં જુદું છે.** રાવણ પહેલેથી જ મારવા નીકળ્યો નહોતો, કે જેથી એમ કહેવાય કે 'એને લાગ મળતો નહોતો પણ સીતાનાં શીલે એને મારવાનો લાગ મેળવી આપ્યો.' આ વસ્તુ નહોતી. અહીં તો એને કુશીલ બુદ્ધિ થઈ હતી. તેથી એ સીતાજીના શીલ ભાંગવા માટે ખૂનખાર લડ્યો, અને હવે સીતા નથી જ માનતી તો અભિમાનથી એને પાછી સોંપવા વળી સામા લશ્કરની ખુવારી કરવી છે ! એટલે પહેલાં પોતાની કુશીલબુદ્ધિ અને પછી પોતાનું અભિમાન, આ જ બંને એને હિંસા તરફ લઈ જાય છે. સારાંશ આમાં સીતાનું શીલ નહિ પણ રાવણની કુશીલબુદ્ધિ, હિંસાપ્રેરક છે. સીતાનું શીલ તો પહેલાં ય ઊભું હતું; એમાં કાંઈ લડાઈ કે હિંસા નહોતી; તેથી અત્યારે પણ જે યુદ્ધ અને સંહાર છે, તે એનાં શીલના લીધે શી રીતે કહેવાય ? એ તો રાવણની કુમતિ, કુશીલબુદ્ધિનો જ કહેવાય. માટે સીતાનું શીલ એ ગુણરૂપ જ છે.

એમ તો કોઈ પતિના આસ્તિકપણા ઉપર ધાર્મિકતા-આધ્યાત્મિકતા ઉપર, ને સત્યવ્રત ઉપર એની નાસ્તિક-અધર્મી-પાપીષ્ઠ પત્ની કહે 'તમે આ આસ્તિકતા વગેરે છોડો, નહિતર હું આપઘાત કરીશ,' અને ધણી એ ન છોડતાં કદાચ પત્ની દુરાગ્રહના આવેશમાં આત્મહત્યા કરી ય નાખે, તો શું ધણીની આસ્તિકતા-ધાર્મિકતા

સત્ય આદિ વ્રત એ હિંસામાં જવાબદાર છે ? ના, આત્મહત્યા તો પત્નીની પોતાની ખોટી પકડ, આવેશ અને પાપીષ્ઠતાને લીધે છે; એટલે એ જ દુર્ગુણો એમાં જવાબદાર છે. જો આવું ન હોય તો તો ધર્મ ક્યાંય ગુણરૂપ ન રહે ! કેમકે એ દુર્જન-દુષ્ટ-પાપીષ્ઠ જીવોને દુઃખ કરનારો દેખાય છે, અને બીજાને દુઃખકારક હોય એ કર્તવ્ય કેવી રીતે હોય ? એટલે તો પછી બસ, ધર્મ કરવો જ નહિ એમ ને ? પણ ખરી રીતે જોવાનું એ છે કે દુષ્ટાને પેલાને ધર્મ દેખી દુઃખ થાય છે એનું કારણ ધર્મ નથી, પરંતુ પોતાની કુમતિ છે, અજ્ઞાન દશા છે, મૂઢતા-પાપીષ્ઠતા છે. એટલે ધર્મ એ દુઃખકારક નથી ઠરતો. એ તો ઊલટું કંઈકને અભયદાન, દયાદિ દ્વારા તત્કાળ સુખ કરે છે અને પરિણામે પણ બીજાઓને ધર્મમાં પ્રેરી ધર્મી બનાવી, દાતાર દયાળુ કરીને અનેકને સુખ પમાડે છે. ધર્મ જ ન હોય તો તો દુષ્ટોની જ ને હિંસકો તથા જૂઠાબોલા વગેરેની જ દુનિયા થઈ જાય. એવી રીતે અહીં પણ સીતાનું શીલ નહિ, પરંતુ **રાવણની કુશીલબુદ્ધિ હિંસાકારક છે. સીતાનું શીલ તો અનેકોને શીલની પ્રેરણા અને શીલની મક્કમતા આપી જગત ઉપર કલ્યાણ પ્રવર્તાવે છે.**

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૪,અંક-૨૯,તા.૯-૪-૧૯૬૬**

**પ્ર.**- ભલે રાવણની કુશીલબુદ્ધિએ ઉત્થાન થયું, પણ સીતાએ શીલ મૂકી દીધું હોત તો યુદ્ધ, હિંસા અટકી જાતને ? રામને ખબર અપાઈ જાત કે યુદ્ધમાં હિંસા થાય માટે સીતાએ હવે રાવણ સાથે રહેવાનું કર્યું છે. તો પછી જ્યારે સીતાને આવવું જ નથી ત્યારે રામ શું કામ યુદ્ધ કરત ? આમ હિંસા અટકી જાત ને ?

ઉ.- વાહ ! તુક્કો ઠીક ઉઠાવ્યો ! પણ લાંબા વિચાર વિનાનો. વિચાર આ કરવાનો છે કે જો સીતાએ એમ કર્યું હોત તો એના પર સિદ્ધાન્ત કેવો સ્થપાત ? આ જ ને કે શીલ, તપ, દાન વગેરેની પાછળ જો કોઈને દુઃખ થતું હોય, હિંસા થતી હોય તો એ નહિ આચરવાના. સતી સીતાએ પણ હિંસા રોકવા ખાતર શીલ જતું કર્યું હતું;-આ આદર્શ સ્થપાત પછી કેમ ? તો કે દા.ત. દેરાણી તપ કરે છે પણ જેઠાણીને એથી દુઃખ થાય છે, માટે દેરાણીએ તપ છોડી દેવાનો. એમ દેરાણી શીલ પકડી રાખે છે પણ જેઠ એના પર રાગવાળો છે તે દુઃખી થાય છે, માટે દેરાણીએ શીલની પકડ છોડી દેવાની અને જેઠના કુશીલમાં ભળવાનું ! આ જ તારવણી નીકળીને ? એટલે પછી દાન-શીલ-તપ ક્યાં ઊભા રહેવાના ? દુનિયામાં કોઈને ને કોઈને એનાથી દુઃખ થવાનું માટે એ નહિ કરવાના ને ? પણ આ બધી ખોટી ગણતરી છે, ભ્રાન્ત તારવણી છે, કેમકે પાયો જ ખોટો માંડ્યો છે.



પાપીને દુઃખ થાય છે તે સામાના દાન, શીલ, તપના લીધે નહિ, પણ પોતાની ક્ષુદ્રતા-કૃપણતા, યા કુશીલબુદ્ધિ, કે આહાર-રસગૃદ્ધિના લીધે, અજ્ઞાનતા-મોહમૂઢતા-સ્વચ્છંદમતિના પ્રભાવે સામાનો ધર્મ એમાં જવાબદાર નથી.

એટલે વાત આ છે કે સીતાએ રાવણની માંગણી સ્વીકારી લઈ યુદ્ધ કદાચ અટક્યું હોત, પણ પોતે કુશીલથી અનેક દુર્ગતિના ભવો પામી ઘોર હિંસાઓ કરત ! અને જગતમાં બીજાને દુઃખી ન કરવા કુશીલ સ્વીકારી લેવાના પોતાના દૃષ્ટાન્તથી અનેકને કુશીલના માર્ગે ઘસડ્યા હોત ! એનું પરિણામ એ કુશીલમાં તણાનારા ઘોર પાપકર્મથી દુર્ગતિઓમાં જઈ કેટલાય ભયંકર મારપીટ-છેદન-ભેદન વગેરે ત્રાસ જાતે પામે ! અને પોતાની હિંસક બુદ્ધિથી બીજા કેટલાય જીવોને પોતે ત્રાસ દેનારા બને ! આ બધા અનર્થોનો વિચાર કરો તો સમજાય કે સીતાજીને શીલ પકડી રાખ્યું તે તદ્દન વાજબી જ હતું, અને એના શીલરક્ષણ પાછળ યુદ્ધમાં ખપી જનારા પણ કર્તવ્ય બજાવી ગયા.

આત્મવિકાસનો આ માર્ગ આમાંથી ફલિત થાય છે કે (૧) શીલનાં ઊંચા મૂલ્ય આંકવા; (૨) સામા કુશીલિયાને દુઃખ લાગવાની દયા ન ખાવી; (૩) એ કુશીલબુદ્ધિએ એ ખાતર યુદ્ધ-હિંસાદિ પાપો કરે એથી આપણે પોતે શીલમાંથી ચલિત ન થવું.

**રાણકદેવી** સતીને ચલિત કરવા રાણા રા'ખેંગારે સતીના બે છોકરાને આગળ કરી કહ્યું, 'મારું માન, નહિતર આ બેને મારી નાખીશ.' પણ સતી પોતાના શીલમાં મક્કમ રહી. પેલાએ છોકરાને મારી નાંખ્યા પરંતુ ચલિત ન થઈ.

**મદનરેખાએ** પોતાના શીલ પાછળ પતિ ખોયો, પછી પણ દુર્બુદ્ધિ જેઠ શીલની ઉપર આક્રમણ ન કરે એ માટે પોતાના પુત્રને મહેલમાં જ પડતો મૂકી પોતે ગામ બહાર ઉદ્યાનમાં હતી ત્યાંથી વનવગડામાં એકલી અટુલી નાઠી ! અહીં એણે જોયું કે 'પોતે જો મહેલમાંજ રહે, તો કદાચ પેલો દુષ્ટ જેઠ રાજા ચળાવવા માટે છોકરાને મારવા લે, અને મારી નાખ્યા પછી પણ શીલ પર આપત્તિ તો ઊભી જ, એના કરતાં ભાગી જ જવા દે. તો એમાં છોકરો અને શીલ બંનેનું રક્ષણ થાય.'

**શીલનાં મૂલ્ય ઊંચા !** દુર્બુદ્ધિ માણસની કુટિલતા-નફ્ફટતાથી થતી હિંસાઓ અટકાવવાની કિંમત કરતાં શીલની કિંમત ઘણી ઊંચી ! અભયકુમારે દીક્ષા લીધા પછી કોણિકે ઘણા અનર્થ કર્યા. બાપ શ્રેણિકને જેલમાં પૂર્યા, હલ્લ-વિહલ્લને ભગાડ્યા, દાદા ચેડા મહારાજ સાથે ખુનખાર યુદ્ધ કર્યા, પણ અભયકુમાર દીક્ષા મૂકી ઘેર ન ગયા; તેમ શ્રેણિકે એની દીક્ષાનો પશ્ચાત્તાપ ન કર્યો. કેમકે ચારિત્રપાલનનાં મૂલ્ય બહુ ઊંચા ! બાકી,

**અનર્થો તો કોણિકની દુષ્ટ બુદ્ધિને લીધે નીપજ્યાં,** પણ નહિ કે અભયની દીક્ષાને લીધે. નહિતર તો ઋષભદેવ ભગવાને દીક્ષા લીધી બાદ ભરત બાહુબળી ખુનખાર યુદ્ધ પર ચડ્યા. જો ભગવાન દીક્ષા ન લેતાં સંસારમાં રહ્યા હોત, તો શું આ યુદ્ધ અને હિંસા થાત ? દીક્ષા લીધી, પાળી એ ખોટું કર્યું ? ના જરાય નહિ. હિંસા તો ભરતના લોભને આભારી હતી, પ્રભુની દીક્ષાને આભારી નહિ. એમ કોણિકનું યુદ્ધ અભયની દીક્ષાને લીધે નહિ. એમ જ રાવણનું યુદ્ધ સીતાના શીલને લીધે નહિ. શીલ તો કલ્યાણકર જ.

**સારાંશ, દાન-શીલ-તપ-ચારિત્ર વગેરે ધર્મનાં મૂલ્ય ઊંચા ! એની ખાતર મહાન ભોગ આપીએ એ લેખે.**

(૧) એમાં ધર્મની મક્કમતા થાય;

(૨) પછી અનેકને ધર્મ માર્ગે જોડવાનું બને;

(૩) ઈતિહાસમાં આદર્શ દૃષ્ટાન્ત મૂકી જવાનું થાય;

(૪) એના આલંબને કેટલાય હજારો લાખો જીવો ધર્મ પામે ! ધર્મમાં સ્થિર થાય !

ભોગ આપીને સેવેલા દાનાદિ ધર્મનાં આ મહાન લાભો છે, તેથી એ કલ્યાણકર જ છે. માટે (૧) એનું ખૂબ આકર્ષણ જોઈએ, (૨) એનો ભારે રસ (Interest) જોઈએ, (૩) એ સાધવાની તીવ્ર તમન્ના જોઈએ, (૪) સાધવાનો ભારે પુરુષાર્થ અને ભોગ આપવો જોઈએ. એ કરીને એવાં કોઈને પોતાની મોહમૂઢતાથી દ્વેષ થાય, નિંદા કરે, ઝગડો કરે, એથી કાંઈ આ ધર્મ દૂષિત નથી થતો. જીવનમાં આ ખૂબ ધ્યાન રાખવાનું છે, જેથી નાનું મોટું કોઈપણ સુકૃત બીજાની અવળ-ચંડાઈ પર નિંદવાનું ન કરીએ, એના પર સંતાપ ન કરીએ, એને બાળી ન નાખીએ. આત્મવિકાસનો આ માર્ગ છે.

સીતાજી પોતાના શીલમાં મક્કમ હતા, એટલે રાવણે હાથ ખંખેરી નાખ્યા હતા. એને પૂર્વે જ્ઞાની પાસેથી પોતાનું મૃત્યુ જનક રાજાની પુત્રીના કારણે થવાનું માલુમ પડેલું ત્યારે એણે નિયમ કરેલો કે પરસ્ત્રી સ્વયં ઈચ્છે નહિ. ત્યાં સુધી એની સાથે રમવું નહિ. આ હિસાબે સીતા પર બળાત્કાર કરવા એ તૈયાર નહોતો, અને અનેક રીતે પ્રયત્ન કરવા છતાં સીતા માને એમ છે નહિ એ એણે જોયું. એટલે હવે એને પાછી સોંપી દેવા નક્કી કર્યું, તો પછી હવે રાવણ કેમ નાશ પામે ?

**રાવણની ઉત્તમતા** એવી હતી કે 'પરસ્ત્રી ઈચ્છે નહિ તો એનો ત્યાગ' એ નિયમ, એ પ્રતિજ્ઞા બરાબર પાળવાની નિશ્ચિત છે. તેથી સીતા ગમે તેટલી સુંદર રૂપ-લાવણ્યવાળી અને પાછી પોતાના કબ્જામાં છે, તથા એકાંત વાટિકાનું સ્થળ



છે, છતાં નિયમ તે નિયમ; એને તોડવાની વાત નહિ. નિયમ તૂટે એવો વાસનાનો આવેશ દિલમાં જાગવા જ દેવાનો નહિ.

**નિયમ કામ શું કરે છે ?** આ કે લલચાવાના પૂરા સંયોગ છતાં નિયમથી જે વસ્તુ નક્કી કરી એને હવે ઉલ્લંઘવાનો આવેશ થાય નહિ, નિયમ ન હોત અને એમ જ મનમાં ધાર્યું હોત કે 'મારે અમુક પાપ ન કરવું; અગર અમુક ધર્મક્રિયા કરવી.' તો આ ધારણા પછી તેવા કોઈ સંયોગ ઊભા થતાં સંભવ છે કે ધારેલી વસ્તુ પડતી મૂકવાનો આવેશભર્યો વિચાર અને અમલ ઊભો થઈ જાત. મન માંડવાળ કરત કે 'ક્યાં આપણે નિયમ છે ? કે ક્યાં ભાંગવાનું પાપ છે ? ચાલો સંયોગ બજાવી લો' શું કર્યું આ ?

**વિના નિયમ પાપ સેવવામાં 'હાશ' ની મૂઢતા**

નિયમભંગમાં પાપ માન્યું, પરંતુ 'વિના નિયમેય ત્યાજ્ય વસ્તુ સેવવામાં કોઈ દોષ લાગે છે,-' એ વિચાર ન આવ્યો. દા.ત. ચાલુ જીવનમાં ભલે રાત્રિભોજન નથી કરતો, પરંતુ જ્યારે તેવો કોઈ મોકો આવ્યો ત્યારે તો રાત્રિભોજન કરવા બેસી જાય છે ! તેય પાછો 'હાશ !' કરીને કે 'હાશ ! ચાલો આપણે બાધા નથી તેથી બાધા ભાંગવાનું પાપ નથી લાગવાનું.' કેવી ખૂબી છે કે વ્રતભંગ એ પાપ છે, એ ન થવાનું આવ્યું એમાં હાશ લાગી, પરંતુ રાત્રિભોજન એ પાપ છે એ સેવવાનું થાય છે એની 'હાય !' ન લાગી ! કે 'હાય ! ક્યાં આ પાપ સેવવાનું આવ્યું !'

**કેટલા અનર્થ ?**

(૧) પાપ ક્રિયાની ગ્લાની ન આવી, નિયમભંગ થતો નથી એનો હરખ આવ્યો ! કેમકે નિયમ લીધો નથી.

(૨) એટલે જ કદાચ એ પણ 'હાશ' થશે કે 'હાશ ! નિયમ ન લીધો એ સારું કર્યું !' ચિત્તની વૃત્તિ તપાસવાની છે કે એ ક્યાં જઈ રહી છે.

(૩) નિયમરૂપી સુકૃત કરવાની વાત તો દૂર પણ ન કરવાનો હરખ રહે છે ! એટલે સુકૃતને અનુમોદવાનું ય ગયું ! અવસરોચિત, માનવભવોચિત સુકૃત ચૂકાઈ રહ્યાનો ખેદ નહિ, ને ઉપરથી ! **'હાશ ! નિયમ નથી કર્યો તે સારું કર્યું.' એવી અવિરતિ-પાપની ખુશી માનવી એ ચિત્તવૃત્તિ કેવી ? મૂઢતાભરી !**

**પાપની આકાંક્ષા એ અવિરતિ :-**

ત્યારે બીજી વાત એ છે કે રાત્રિભોજન કરવું પડ્યાનો ખેદ નહિ, અને નિયમ નથી માટે નિયમ ભાંગવો ન પડ્યાનો હરખ રહે, એનું કારણ શું ? આ જ કે હૃદયમાં રાત્રિભોજન પાપની એવી આકાંક્ષા અપેક્ષા ઊભી રાખી છે કે 'આમ

રાત્રિભોજન નથી કરવું, પણ અવસર આવ્યે કરી લઈશ. નિયમ હોય તો ન કરાય, માટે નિયમ નથી રાખવો.' આવી એ પાપની આકાંક્ષા અપેક્ષાભાવ ઊભો રાખ્યો છે. પછી અહીં એ સેવવાનું આવે ત્યાં ખેદ શું કામ થાય ? માટે જ પાપાચરણ એ જેમ એક 'અશુભ યોગ' નું પાપ છે, એમ પાપનો અપેક્ષાભાવ એ પણ 'અવિરતિ' પાપ છે એ કેવો ખતરનાક છે ! કે હજી પાપાચરણરૂપ પાપ સેવતાં કદાચ દુઃખ થાય, પણ હૈયામાં આ પાપનો અપેક્ષાભાવ રૂપી પાપ રાખી મૂકતાં ખેદ નથી ! પાપમાં ખેદ નહિ એ, સંભવ છે, મિથ્યાત્વમાં જકડી રાખે ! આના મૂળમાં જોઈએ તો દેખાશે કે 'જેમ હિંસા કરવી એ પાપ લાગે છે, જૂઠ બોલવું, ચોરી-અનીતિ-છિનારી કરવી એ પાપ લાગે છે, એવી રીતે 'એ ક્યારેક પણ કરવાની માત્ર માનસિક અપેક્ષા રહેવી, છૂટ અર્થાત્ એવી અ-વિરતિ ઊભી રહેવા દેવી, એ પણ પાપ છે, એમ એને લાગતું નથી. એને તો એમ થાય છે કે,' 'પાપ ન આચરવું એ બરાબર છે, મંજુર છે, ને નહિ આચરીએ; પણ ભાઈ ! પાપ માટે મન છુટું રહે એમાં શો દોષ છે ? મનને અને ત્યાગનું બંધન ન જોઈએ. બાધાથી શું વિશેષ છે ?' આવા આવા ભાવમાં મિથ્યાત્વ આવતાં કેટલી વાર ?

**બાધાની વિશેષતાઓ :-**

સમજવું જોઈએ છે કે (૧) બાધા બખ્તર છે, પ્રતિજ્ઞા, વિરતિ એતો એક મહાન કિલ્લેબંધી છે; એ પાપકર્મનાં બાણ આવતાં અટકાવી દે.

(૨) બાધા એ પ્રસંગે સત્પ્રવૃત્તિમાં ટકવા માટેનું બળ છે.

(૩) પાપમાં ન લલચાવા સારુ બાધા એક પાકી નફરત છે.

(૪) બાધા એ જીવની અનાદિની માનસિક પાપદોસ્તીનો અંત કરનાર છે. અ-વિરતિ (પાપની છુટ) ના ભૂત-વળગાડોને દૂર કરનાર ભુવો છે.

એવી કલ્યાણ પ્રતિજ્ઞા, બાધા વિરતિથી ગભરાવવાનું કે એનાથી છેટા રહેવાનું શું ? રાવણ પ્રતિજ્ઞાને લીધે સીતાજી પર બળાત્કાર કરતો અટક્યો છે. સવારથી ઉપવાસનું પચ્ચક્ખાણ છે તો મન એ દિવસે ખાવાની વાતનું માંડવાળ કરી, બેસી જાય છે. નહિતર તો ડગુમગુ થયા કરે કે આજે ખાઉં કે ન ખાઉં ? પરસ્ત્રી ત્યાગની બાધાથી જ અવસરે એ પાપથી બચી જનારાના દાખલા ઘણા.

**આત્મવિકાસનો મહાન માર્ગ 'પ્રતિજ્ઞા.'**

રાવણ એમ તો બચ્યો છે અને સીતાને સોંપી દેવા પણ તૈયાર થયો છે, પરંતુ હવે જુઓ કે એ ક્યાં ફસાય છે. કેમ એનો નાશ થયો ?

**રાવણનો છેલ્લો દાવ :-**



સીતા કોઈપણ રીતે માની નહિ અને રાવણને બળાત્કાર ન કરવાની પ્રતિજ્ઞા છે, એટલે હવે નક્કી કર્યું કે આ બલા પાછી સોંપી દેવી. પરંતુ મનમાં અભિમાન આવ્યું કે 'એમ જ પાછી સોંપવા જાઉં તો મારી હલકાઈ થાય કે જોયું ? મોટે ઉપાડે ઉપાડી ગયા હતા, પણ રામ-લક્ષ્મણની પાછળથી બીક લાગી તેથી પાછી સોંપવી પડી !' આવી હલકાઈ ન થાય એ માટે હવે તો રામ-લક્ષ્મણને હરાવી અહીં ગરીબડા તરીકે પકડી લાવી પછી એક દયાદાન કરવા તરીકે રૂવાબબંધ સીતાને આપી દઉં કે 'જાઓ રખડતાઓ ! લઈ જાઓ તમારી સીતા !' રાવણે આ અભિમાનમાં ચડી વિશેષ વિદ્યાસાધના કરીને યુદ્ધભૂમિ પર ઉતરી રામ-લક્ષ્મણના લશ્કર ઉપર જરા વિદ્યાનો પ્રયોગ કરી આખા લશ્કરને મૂર્છિત કરી ધરતી પર ઢાળી દીધું ! એટલામાં સૂર્યાસ્ત થવાથી લડાઈ ન્યાયપુરસ્સર બંધ પડી, અને 'હવે સવારે ગરીબડા રામ-લક્ષ્મણને પકડી લાવીશ' એ ધારણાએ રાવણ ચાલી ગયો પોતાના આવાસે.

**રાવણનું અજ્ઞાન : રામની ઉદારતા :-**

જુઓ, રાવણને એક આંધી ઊતરી બીજી આંધી ચડી છે. કુશીલથી યે બચ્યો, પણ હવે અભિમાનને વશ થઈ ગયો ! એને ખબર નથી કે 'પોતે કેવો વિનાશથી બચી જવાની સ્થિતિમાં આવી ગયો. છતાં ફરી વિનાશના પંથે જઈ રહ્યો છે !' કેવું અજ્ઞાન ! કુશીલથી બચી હવે સીતાને પાછી સોંપી દેત તો રામ-લક્ષ્મણ કાંઈ ખૂનનો બદલો ફાંસી કરે એવી હલકટવાળા કે ખુન્નસવાળા નહોતા. સીતાને લઈને ચાલ્યા જાત એમની એ ઉત્તમતા-ઉદારતા ત્યાં જ દેખાય છે. સવારે રાવણના વિનાશ પહેલાં પણ રાવણને છેલ્લી ચેતવણી આપે છે કે 'સીતાને સોંપી દે અને વિનાશથી બચ.' ઉત્તમ વિશાળ હૃદય વિના આ કેમ બને ? વિજય હાથમાં હોય છતાં કામથી કામ, વૈર વાળવાની વાત નહિ. અંદર એવી ગાંઠો જ વાળી રાખવાની નહિ ને. માટે તો રાવણના વિનાશ પછી પણ એનું રાજ્ય પોતે દબાવી બેસવાનું નહિ, પણ એ તો એના કુટુંબીને જ આપી દેવાનું કર્યું !

**મહાન આત્માઓનાં દિલ કેટલાં ૧ સ્વચ્છ, ૨ હળવાં, ૩ ઉદાર, ૪ ગંભીર અને ૫ નિખાલસ હોય છે !**

(૧-૨) વૈર-વિરોધની ગાંઠો બાંધી નથી રાખવી માટે સ્વચ્છ-ચોખ્ખાં અને ફોરા-હળવાં હૃદયની એક મહાન સંપત્તિ ધરાવે છે.

(૩) એવું જ, સામાનો ભયંકર કસૂર છતાં જ્યાં સુધી એને ભૂલથી ઉગારાય ત્યાંસુધીના એજ પ્રયત્ન રાખવાની ઉદારતાભર્યું હૃદય રાખે છે. માટે તો રાવણને વિભીષણ આદિ દ્વારા સમજાવવાના કેટલાય પ્રયત્ન રામ-લક્ષ્મણે કર્યા છે. છેલ્લા

વિનાશ પહેલાં પણ કહ્યું છે કે હજીય માની જા, સીતાને સોંપી દે અને નાહક મરવાનું કર નહિ. આ મહા ઉદાર દિલની વાત છે.

(૪) તો ગંભીરતા પણ ઉત્તમ પુરુષો એવી જ ધરાવે છે; વસ્તુના ઊંડા પરમાર્થ સુધી દૃષ્ટિ દેનારા હોય છે. સામો હઠે ચડ્યો છે. પણ એ બિચારો તુચ્છ વિષયસુખ અને તુચ્છ લોકવડાઈમાં તણાઈ અંતે ઉભયભ્રષ્ટ થઈ મહા અપકીર્તિ સાથે જ નરકાદિ દુર્ગતિમાં ચાલ્યો જશે ! માટે બને ત્યાંસુધી એને બચાવી લેવાનો પ્રયત્ન રાખવો. આ ગંભીરતા રામચંદ્રજીએ વનવાસમાં ય અનેક ઠેકાણે દાખવી છે. ત્યારે,

(૫) દિલની નિખાલતા પણ એવી છે; કોઈ પ્રપંચ, અધમ દાવપેચ, ષડ્યંત્ર, કશું જ એવું કરવાની વાત નહિ. હાનિ કેટલી મોટી થઈ છે ? સીતાજી જેવાનું અપહરણ થયું છે ! જરૂર એમને છોડાવી લાવવા છે, પરંતુ અધમ નીચ ઉપાયથી નહિ; અને છોડવાનું જ કામ છે એ જો સીધું પતતું હોય તો રાવણે કરેલી ભયંકર ભૂલ ઉપર ગાંઠ વાળી રાખી એનું વૈર વાળવું નથી. **નિખાલસ સાફ દિલ;-કાર્ય સાથે નિસ્બત. કાર્ય પતતું હોય પછી સામાની દુષ્ટતાને બરાબર દંડો એ વાત નહિ.**

**જગત મોટું પડ્યું છે; એમાં કેઈ દુષ્ટો છે; એને દંડવાનો આપણે ઈજારો નથી રાખ્યો. ઈજારો રાખવો હોય તો આ, કે આપણે તો બીજાનું ભલું થતું હોય તો કરો, બાકી એના પર દંડનાં શાસન ચલાવનાર આપણે કોણ ?**

**દ્વેષ છે તો દયાનો અવસર ક્યાં ?** જો આપણી પાસે, પુણ્યાઈ છે માટે જોર છે, એનાથી આપણે જો ભૂલનારાઓને સરખા જ કરવાના હોય, દંડવા-પીટવા દબાવવાના જ હોય તો એમાં તો દ્વેષ ભારોભાર રાખ્યા કરવાનો રહે; પછી દયા ક્યાં અને ક્યારે કરવાની ? તો શું આત્માનો વિકાસ આ દ્વેષ ઉપર થાય છે ? જરાય નહિ, એ તો દયા-ઉદારતા-નિખાલસતા ઉપર જ થાય. એવા કોઈ મહા ધર્મનાશક જુલ્મગાર જેવાનો નિગ્રહ કરવો પડે તો પણ આંધળા દ્વેષમાં ડૂબી જઈને નહિ. પણ અંતરમાં સ્વ-પરને મહા આશીર્વાદભૂત દયા-ઉદારતા ઊછળતી રાખીને, જીવનમાં એ જાગતી દેખાય, તો આત્મવિકાસ કંઈક પણ લાધ્યાનું સમજાય અગર ન દેખાતી હોય પરંતુ મન પર જિનાજ્ઞાનો માથે ભાર રાખીને એ દયાદિનો ખાસ અભ્યાસ કેળવ્યે જવાય તો ય આત્મવિકાસ ઊભો થાય.

**આત્માના વિકાસનો માર્ગ આ કે બીજાને દંડવાના ઈજારા મૂકી દેવા. શક્ય ભલાઈના ઈજારા રાખવા. માનવકાળે એવા એવા પ્રસંગ પામીને જ દયા-નિખાલસતા-ઉદારતા કેળવવાની તક ઝડપવી જ.**

**મોહ ફસામણી સુલભ : અહંત્વથી પકડ સુલભ :-**



સંસારમાં મોહની જાળો કેવી સુલભ છે ! એકમાંથી બચો ત્યાં બીજી તૈયાર જ છે ! રાવણ કુશીલમાંથી બચે છે ત્યારે અભિમાનમાં ફસાય છે. સંસારના આવા મોહસુલભ સ્વરૂપને સમજનાર નિરાંતે કેવી રીતે બેસી શકે ? એણે તો સતત કાળજી રાખ્યા કરવી પડે કે ક્યાંય કોઈ મોહના પ્રકારમાં ફસાતો તો નથી ને ? ફસાયા પહેલાં જ ચેતવા જેવું છે. પહેલેથી જ ન ફસાવાની તકેદારી રાખવાની છે. ફસાયા પછી તો જીવને ego-અહંત્વ એવું એમાંથી બહાર નીકળવાનું જાણે કૌવત જ નથી. મનને થાય છે કે 'પકડેલું કેમ છોડાય ?' જૂઠ ન બોલવાના વિચારવાળો પણ જો કુટુંબના દાક્ષિણ્યમાં પડે છે, તો અવસરે એની ખાતર અસત્ય બોલી નાખે છે. કેમકે એને એમ થાય છે કે જો જૂઠ ન બોલું તો કુટુંબને ખોટું લાગે છે તો ખોટું કાં લગાડું ? શું કર્યું આ ? જાતનું સારું લગાડવાના અહંત્વમાં તણાયો.

**વિસલ્યાના સ્નાનજળે જરા ગઈ :-**

અહીં રાવણને એમ લાગ્યું છે કે સીતાને એમ ને એમ શાની સોંપું ? સવારે રામ-લક્ષ્મણને પકડી લાવીશ, પછી દયાદાન કરવાની જેમ સીતાને સોંપીશ. 'અહંત્વ કેવા વિનાશ તરફ લઈ જઈ રહ્યું છે ! એની એને ખબર નથી પડતી. અતિ વિશ્વાસમાં એને તાણે છે કે 'આ જરા વિદ્યાથી મૂર્છિત કરેલું લશ્કર આમ જ પડ્યું રહેશે અને એકલા અટુલા રામ-લક્ષ્મણને પકડી લાવી શકાશે.' પણ એ બિચારો ભૂલો પડ્યો ! અહીં તો રાતના વિશુદ્ધ શીલસંપન્ન વિશલ્યાના સ્નાનજળના છંટકાવથી સેના સ્વસ્થ થઈ ગઈ !

**વિશ્વાસ અંધ છે :-**

સવારે યુદ્ધ ભૂમિ પર આવતાં રાવણ જુએ છે તો વિશાળ સેના સજાગ ઊભી છે ! જોતાં જ ઠંડાગાર ! પોતાની જરાવિદ્યાના વિશ્વાસમાં ઠગાયો, એમ પૂર્વે સીતા સાથેના કુશીલની આશા પરના વિશ્વાસમાં ઠગાયો હતો, હવે રાવણ અભિમાન પરથી વિશ્વાસ ઉઠાવી એથી પાછો ફરે ? સીધે સીધી સીતાને લાવી સોંપી દે ? ના વિશ્વાસ આંધળો છે, બીજું જુએ જ નહિ. મોહની જાળ જ એવી છે કે એકવાર 'આવ બલા, પકડ ગળા' કર્યું, પછી છુટવાની વાત નહિ જુઓને, હજી અહીં રામ-લક્ષ્મણ તો કહે છે કે 'સીતાને સોંપી દે, અને નાહક વિનાશ ન વહોર.' પણ પેલો માને શાનો ? ત્યારે લક્ષ્મણે કહ્યું, 'તું ય શ્રાવક, હું ય શ્રાવક શા સારુ નિર્દોષ મનુષ્યોનો આપણે સંહાર ચાલવા દેવો ? ઝગડો આપણા બે વચ્ચે છે તો આપણે જ લડી લઈએ.' બસ, રાવણ-લક્ષ્મણ વચ્ચે લડાઈ ચાલી. એમાં છેવટે રાવણે લક્ષ્મણ ઉપર સુદર્શન ચક્ર છોડ્યું. પણ લક્ષ્મણના ભાગ્યનો સિતારો ચમકે છે. તેથી ચક્ર સીધું લક્ષ્મણના હાથમાં જ આવી ઊભું ! હજી પણ લક્ષ્મણ આ રાવણને કહે

છે કે 'સીતાને સોંપી દે અને ચિરંજીવ રહી સુખેથી રાજ્ય ભોગવ. નહિતર આ જ તારા ચક્રથી તો હવે તું ખત્મ છે.'

હવે તો નજરે જોયું કે 'પોતાના જ સુદર્શન ચક્રે લક્ષ્મણનું ગળું કાપવાને બદલે, એ તો લક્ષ્મણને સ્વાધીન બની ગયું !' આવા છેલ્લી હદના અમંગળના એંધાણ જણાયા પછી તો સૂઝ પડે ને ? ના, અહંત્વ અભિમાન સૂઝ ન પડવા દે. એ તો હજીય વિશ્વાસમાં તાણે છે કે 'ગમે તેમ તોય મૂળ ચક્ર તો મારું જ છે ન ? કદાચ લક્ષ્મણ એ છોડશે તો પણ હું એને હાથમાં પકડી લઈશ.' કહો, ક્યાં બચે ?

**કેટલી જાતના અહંત્વ :-**

સામગ્રીનું અહંત્વ, સમૃદ્ધિનું અહંત્વ, ભોગનું અહંત્વ, આવડતનું અહંત્વ, આબરૂ-પ્રતિષ્ઠા-લાગવગનું અહંત્વ, આરોગ્યનું અહંત્વ, દીર્ઘ આયુષ્યનું, સારા પરિવારનું, શરીર-શક્તિનું વગેરે વગેરે કેટલાય અહંત્વ એવા છે કે જે અતિ વિશ્વાસમાં તાણીને માણસને વિનાશના માર્ગે લઈ જાય છે.

રાવણ 'સુદર્શન-ચક્ર મારું છે, મને એ શું કરવાનું હતું ?' એવા સામગ્રીના અહંત્વમાં તણાય છે. પરંતુ લક્ષ્મણે છોડેલા એ જ ચક્રે, એ ઘણુંય એને રોકવા-પકડવા ગયો, પણ પળવારમાં એનું ગળું કાપી નાખ્યું ! પૂર્વે પણ ચંદ્રહાસ ખડ્ગ પાસે હોવાના અહંત્વમાં તણાયો ત્યારે વાલી રાજાથી એ હાર્યો હતો. સામગ્રીના અહંત્વને સરવાળે શું પરખાવ્યું ?

આજે માણસ સામગ્રીના અહંત્વમાં કેટલાય ઉદ્ભટ વેશ, ઈસ્ત્રીબંધ સફાઈ, પફ-પોમેડ-પાઉડર, તથા વાહન-ફર્નીચર આદિના ઠઠારા-મઠારા અને દેખાવ-પ્રદર્શન કરે છે, ને (૧) એમાં વ્યર્થ ધૂમ ખરચામાં તણાય છે ! (૨) વળી કેટલાક મદ-અભિમાન-દુર્ધ્યાન-કુવિકલ્પો તથા ઈર્ષ્યાને પોષે છે. (૩) બીજી બાજુ દેવ-ગુરુ ભક્તિના, ધર્મક્ષેત્ર પોષણના અને પરોપકારના ખર્ચમાં અખાડા કરે છે, ટુંકો-સાંકડો થાય છે.

**શું આશ્ચર્ય નથી આ કે સ્વાત્મહિત-પરહિતને ઠોકરે મારી અહંત્વ ખાતર સામગ્રીના પ્રદર્શનમાં નીચોવાઈ જવું ? ખરી રીતે એ હેવાનિયત છે.**

**આત્મવિકાસનો માર્ગ એ, માનવતા એ, કે એવા ઠઠારા-મઠારા અને એના ખર્ચ બંધ કરી દઈ પરમાર્થ-પરોપકારના ખર્ચમાં પહોળા રહેવું. શોભા એમાં છે.** બાકી ઠઠારા-મઠારાથી મન મનાવ્યું કે 'લોકમાં વટ પડે છે.' પણ એ પોકળ સંતોષ છે. અણીના અવસરે એ લોક પૂરવા નથી આવતું; એ તો સાદાઈથી જીવન જીવી બચાવી રાખ્યું હોય એ જ કામ લાગે છે.

**ધર્મ-પરોપકારમાં ખરચેલું પુણ્યના ભંડાર ભરો.**



(૧) પરલોકે ઓથ આપે છે, અને
(૨) અહીં પણ વારંવાર સુકૃતની હર્ષ-અનુમોદના કરાવે છે.
(૩) અંતકાળે આશ્વાસન-સમાધિ આપે છે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૪,અંક-૩૦,તા.૧૬-૪-૧૯૬૬**

સુકૃત કર્યાં જ ન હોય તો શી અનુમોદના ? ત્યારે અંતકાળે આશ્વાસન સમાધિ શાના પર મળે ? સામગ્રીના અહંત્વ રાખી પ્રદર્શન કરવાં ભૂંડા છે.

**સમૃદ્ધિના અહંત્વના પણ ભારે અનર્થ** જીવનમાં પેસે છે. સુભૂમ ચક્રવર્તી એમાં ધાતકી ખંડના ચક્રવર્તીપણાને સર કરવા ગયો, પણ કુલ લશ્કર વગેરે સાથે લવણ સમુદ્રમાં ડૂબ્યો !

**પ્ર.**- તો એ લશ્કરના જીવોને કેમ ડૂબવું પડ્યું ? એમણે ક્યાં સમૃદ્ધિનાં અહંત્વ કર્યા હતા ?

**ઉ.**- જાતે નહોતા કર્યા, પરંતુ સમૃદ્ધિનું અહંત્વ કરનારના ઝેરી છાટાં ઊડ્યા ! એમનો ય પાપોદય તો ખરો જ, પરંતુ આવું નિમિત્ત પામીને એ પ્રગટે એવો પાપોદય. એવા હજારો-લાખોના પાપોદયને જગાડે કટુ ફળ સન્મુખ બનાવે, એ સુભૂમનો સમૃદ્ધિ મદનો કેવો અનર્થ !

ત્યારે, આમેય શું છે ? એક માણસ સમૃદ્ધિ-સત્તાનો મદ કરે છે એ (૧) બીજા કેટલાયને દ્વેષ કે ઈર્ષ્યાના ઘોર પાપમાં પાડે છે ને ? (૨) સમૃદ્ધિના મદવાળાને નસકોરાં ફુલેલાં રહે છે, ભાષા એવી જ કાઢે છે, રોફ અને હુકમશાહી તો જાણે એના શ્વાસ ! આ કોણ પચાવે ! ભલે લોક કદાચ મોંઢામોંઢ ન બોલે પણ પેલાના મદના ચાળા ઉપર દિલ બળે છે.

**એવું ભોગનાં અહંત્વ ઉપર** બને છે. પુણ્યાઈના યોગે સારા સંસારસુખોના ભોગ મળ્યા હોય એના પર જો અભિમાની થઈ બીજાને તુચ્છ લેખે તો ત્યાં એ બંનેનું બગાડે છે. પણ એને ખબર નથી રહેતી કે કેટલીક વાર કુદરત જ ફટકો મારી દે છે !

**સનત્કુમાર ચક્રવર્તીને** ક્યાં ખબર હતી કે 'પોતાના રૂપનાં ભલે ઈન્દ્રે વખાણ કર્યા. પરંતુ એનું અભિમાન કરવા પાછળ કોઈના ય પ્રયત્ન વિના એમજ સોળ ભયંકર રોગ પોતાના શરીરમાં ઉત્પન્ન થઈ જશે.' વિના ખબર, વિના નોટિસ, રોગ એવા એકાએક ઊભા થઈ ગયા કે એક વાર ખુશ થયેલા દેવનાં મોં હવે બગડી ગયાં !

**સમૃદ્ધિ-રૂપ-ભોગનો મદ, કુદરતનો ફટકો પડતાં, ક્યાં ઊભો રહે ?** માટે પહેલેથી જ આવા અનિષ્ટ ભાવિની ગણતરી રાખી મદ-અહંત્વ જરાય કરવા જેવા નહિ.

**ત્યારે, આવડતનું અહંત્વ** પણ ખોટું. એમાં તો પછી કેટલીક વાર માણસ અતિ આત્મવિશ્વાસમાં ભારે ભૂલ કરી બેસે છે ! મનને મદ છે કે મારી બુદ્ધિ ભૂલ કરી બેસે છે ! મનને મદ છે કે મારી બુદ્ધિ બહુ પહોંચે છે પછી તત્કાળ-સ્ફુરણા પર કંઈક કામ કરી નાખે છે. કિન્તુ એ એનું ખોટું સાહસ નીવડે છે અને એનાં દુઃખદ પરિણામ એને ભોગવવાં પડે છે ! **૧૦ પૂર્વનાં જ્ઞાન સુધી પહોંચેલા સ્થૂલભદ્રજીએ બેન**-સાધ્વીઓ આગળ આવડત દેખાડવા સિંહનું રૂપ બતાવ્યું, તો એનું પરિણામ એ આવ્યું કે વાચના-ગુરુએ પછી દશ પૂર્વની આગળ વાચના આપવી બંધ કરી.

**એમ, સોમચંદ્ર મુનિ** બહારથી આવેલા અણ-ઓળખાયેલા બુઢા મુનિ આગળ શિષ્યોને સુંદર શાસ્ત્રવાચના આપવાની આવડતનું અભિમાન દાખવે છે. પરંતુ પાછળથી જ્યાં ખબર પડી કે 'આ બુઢા તો સામાન્ય મુનિ નહિ, પણ સમર્થ જ્ઞાની પ્રભાવક કાલિકસૂરિજી મહારાજ છે,' ત્યાં ભોંઠા પડી ગયા. આવડતનો મદ શો ટક્યો ?

**કુમારપાળના બનેવી** અર્ણોરાજ અભિમાનમાં ચઢી પોતાની સાથે સોગઠાબાજી રમતી રાણીને તિરસ્કારે છે. બાજીમાં એ બોલે છે 'માર મુંડિયો માર,' ત્યાં રાણી કહે છે 'ખબરદાર, આવો શબ્દ ન બોલો, એમાં સાધુને ગાળ લાગે છે. મારા ભાઈ જાણશે તો તમને નુકસાન થશે.'

આ કહે છે, 'રાખ રાખ હવે ! તારો ભાઈ મને શું કરી શકવાનો હતો ? એને રાજ્યગાદીએ લાવનાર તો હું છું. માર, મુંડિયો માર.'

સાધુનું આ અપમાન કરતો જાણી રાણી ગુસ્સે થઈ ગઈ. ઊઠીને ગઈ ભાઈ કુમારપાળ પાસે, કુમારપાળે વાત જાણી બનેવીનો મદ ઉતારવા અને ગુરુ મહારાજનું ગૌરવ સાચવવા એના પર ચઢાઈ કરી. પેલાએ પહેલેથી ખાનગીમાં કુમારપાળના સેનાપતિ વગેરેને ફોડી નાખ્યા. યુદ્ધભૂમિ પર કુમારપાળ જુએ છે કે પોતાનું લશ્કર સુમસામ ઊભું છે ! હથિયાર ઉઠાવતું નથી ! મહાવતના કહેવાથી બનેવીનો દગો જાણ્યો. એમાં પાછો સામેથી સિંહનાદની ગર્જના આવતાં પોતાનો હાથી પણ ગભરાઈ સ્તંભિત થઈ ઊભો છે, આગળ ચાલતો નથી. હવે શું થાય ? પણ આ તો નરવીર કુમારપાળ છે, સાત્ત્વિક અને બુદ્ધિશાળી છે. મહાવતને ખેસ આપી કહે છે કે 'લે આ હાથીના બે કાનમાં દાબી દે.' દાબ્યો ને હવે જ્યાં હાથીને



સિંહનાદ સંભળાતો બંધ થયો કે તરત એ ફલાંગ મારી દુશ્મન સામે દોડ્યો. ક્ષણવારમાં બનેવીના હાથીની નજીક પહોંચતાં જ કુમારપાળે કૂદકો મારીને સામા હાથીના હોદ્દા પર પડી બનેવીને પકડી નીચે પટક્યો, એની છાતી પર ચડી બેસી કુમારપાળ તલવાર ઉગામી કહે છે, 'બોલ કૂતરા ! બોલ, ગાળ દે જો સાધુને ! આ તલવારથી હમણાં ખત્મ કરી નાખું.' બનેવીએ દીન ગરીબડો બની ક્ષમા માગી.

**બેન કેવી ધર્મપ્રેમી !** બેનને વિધવા બનવાની ચિંતા નથી, 'ધણી સાધુનું અપમાન કરવાની સજા ભલે ભોગવે ! એથી લોકમાં છાયા પડી જશે કે જૈન મુનિનું અપમાન આ ગુરુભક્ત કુમારપાળ નહિ સહન કરે. છાયા પડે એ સારું છે.' બેન આ વિચારની છે. એને પતિ મરી પોતે વિધવા બને એની ચિંતા નથી. પરંતુ કુમારપાળ બનેવીની બચવા અર્થે દીનતા કાકલુદી પ્રાર્થનાથી અને બેનના સૌભાગ્ય ખાતર બનેવીને છોડી મૂકે છે. ક્યાં રહ્યું બનેવીનું પ્રપંચની આવડતનું અભિમાન ?

**ત્યારે લાંબા આયુષ્યનું મોટી ઉંમરનું અભિમાન** પણ ખોટું. કેટલીક વાર સીધી ન્યાયસરની વાત કરનાર નાનડિયાને મોટી ઉંમરવાળો તુચ્છકારે છે, બેસ બેસ, તને શી ગમ પડે ? તારા કરતાં મેં ઘણી દિવાળીઓ જોઈ છે, પરંતુ એમ કરી સામા નાનાનું અવગણવા જતાં અને પોતાની મતિએ ચાલવાનું કરતાં કર્મની થપાટ ખાય છે.

**એક જુના બેરિસ્ટરની** બધી દલીલો નવા બેરિસ્ટરે તોડી નાંખતાં હવે જુનાને બીજું કાંઈ બોલવાનું જડ્યું નહિ એટલે ગુસ્સે ભરાઈને પેલાને કહે છે.

'What nonsense you are speaking before me ? I have seen more summers than you.' અર્થાત 'મારી આગળ આ અક્કલ વિનાનું શું બોલી રહ્યો છે ? તારા કરતાં મેં ઘણા ઉનાળા જોયા છે.'

પેલો ખટ જવાબ દે છે,- 'Right, and therefore your sense is burnt away' ખરી વાત, અને એટલા જ માટે તમારી બુદ્ધિ ઉનાળાના બહુ તાપમાં બળી ગઈ છે.'

ન્યાયાધીશે જુના બેરિસ્ટરની પોકળતા સમજી ચુકાદો નવાની તરફેણમાં આપી દીધો. બોલો, ઉંમરના ગર્વમાં એ શું કમાયો ? કોર્ટ વચ્ચે બની ગયો, અને જજ કદાચ કેસ પર વધુ વિચાર કરત તે માંડી વાળવાથી કેસ ગુમાવ્યો. ઉંમરના અભિમાનને શું કરવાનું ? અવિશ્વસનીય કાળની મહેરબાની પર ગર્વ કરવો એ મૂર્ખતા છે.

**ત્યારે આરોગ્યનું અભિમાન** પણ રાખવા જેવું નથી. કેટલાક માણસો દાવો

રાખે છે કે અમારું તો શરીર કદી બગડે જ નહિ. અલબત્ત આરોગ્યના નિયમ પર ચાલે અને એથીય વિશેષ એ સાથે જીવન તપસ્યાથી ભર્યું ભર્યું હોય તો પ્રાયઃ આરોગ્યને વાંધો નથી આવતો. આજની ઈસ્પિતાલો-દવાખાના જુઓ કે કોનાથી ભર્યા ભર્યા રહે છે ? નિયમસર ચાલનારાથી કે નિયમ ભૂલનારથી ? ખાનારાથી કે તપસ્વીઓથી ? આયુર્વેદનો સામાન્ય નિયમ છે કે **'અજીર્ણપ્રભવા રોગાઃ'**- રોગ અજીર્ણ-અપચનમાંથી ઊઠે છે. નિયમ ભંગ કરે એટલે પચે નહિ. પછી એમાંથી રોગો થાય, વાત, પિત્ત, કે કફ દૂષિત થાય; ને એજ રોગરૂપે દેખાવ દે છે. આમ છતાં નિયમસર અને તપસ્યાથી ચાલનારે પણ આરોગ્યનું અભિમાન કરવું ખોટુ. કેમકે એવા કોઈ નિકાચિત કર્મના ઉદયે રોગ ફૂટી નીકળે છે ! ત્યાં અભિમાન ક્યાં ટકવાનું ? મોટા મહાત્માઓને પણ રોગ ઊઠી આવ્યાના દાખલા સાંભળવા મળે છે ને ? સનત્કુમાર ચક્રવર્તીને એકાએક રોગ ઊભા થઈ ગયાની વાત પ્રસિદ્ધ છે. પરંતુ એ શાણા ઉત્તમ જીવ કે એમણે નીરોગી-અદ્ભુત સૌંદર્યનું કરેલું અભિમાન તરત પરખી કાઢ્યું અને હવે એ ભ્રમમાંથી બહાર નીકળી જઈ, કાયા અને કર્મને અચાનક છેહ દેનારા તરીકે ઓળખી લઈને, એ જ કાયા દ્વારા તપસ્યા કરીને કર્મનો કૂટો કરવાનો રસ્તો લીધો !

પરંતુ રાવણને એ આવડતું નથી. સીતાની મક્કમતા ઉપર કુશીલના વિચારથી તો પાછો હટયો; એટલે બચી જવાનો સંયોગ ઊભો થયો; કિન્તુ હવે અભિમાનમાં અટકી પડે છે ત્યાં શી રીતે બચે ? સીતાને એમ ને એમ હારીને પાછી ન આપુ, રામને હરાવીને, પકડી લાવી પછી સીતાનું દયાદાન કરું,' એવા અભિમાનમાં તણાયો. વિનાશના આંધણ મૂક્યાં !

**એકેક દોષની પકડથી અનર્થના દાખલા :-**

**આત્માના અનેક દોષોમાં એકેક દોષ જાલિમ જુલ્મગાર છે.** જેણે એક પણ દોષની પકડ રાખી એ મૂઓ પડ્યો.

**કંડરીક** એક હજાર વર્ષના સંયમ પછી ખાવાના પાપમાં પડ્યો તો મરીને સાતમી નરકે ગયો !

**પ્રભાવક આચાર્ય** આર્ય મંગુ ખાવાના રસમાં અટકી પડ્યા, તો મરીને હલકી જક્ષયોનિમાં ઊતરી ગયા !

**મોટા ચૌદપૂર્વી** એક વિકથાના પાપમાં મરીને નિગોદમાં ચાલ્યા ગયાનું ભવભાવના શાસ્ત્ર બતાવે છે !

**અગ્નિશર્મા** વૈરના પાપમાં સમરાદિત્યના ઉત્તમ જીવને ભવોભવ મારનારો થઈ અંતે અનંત સંસાર ભટકતો થઈ ગયો !



**સાગરચંદ્ર શેઠ** ભક્તિ પૂર્વક જિનપ્રતિમા ભરાવનારો છતાં એક વેપાર-ધંધાની બહુ લગનીમાં મરીને ઘોડાનો અવતાર પામ્યો ! એ તો સારું થયું કે (૧) પૂર્વે જિનપ્રતિમા ભરાવેલી અને (૨) અહીં ભવિતવ્યતાના યોગે મુનિસુવ્રત ભગવાન પધારી ગયા, તેથી ઘોડાના અવતારે સમ્યક્ત્વ પામ્યો ને સદ્ગતિભાગી બન્યો ! બાકી ધંધાની અતિ લગનીએ તો એને તિર્યંચ ગતિમાં ઊતારી દીધો હતો !

**મલ્લિકુમારીને** પૂર્વ જીવનમાં જબરદસ્ત તપ-સંયમની સાધનાનું અને ઠેઠ તીર્થંકરપણાનું પુણ્ય ઊભું કરી આપનાર વીસ સ્થાનકની આરાધનાનું પીઠબળ છતાં એક માયાના દોષે સ્ત્રીપણું મળ્યું !

**કુન્તલારાણી** એક ઈર્ષ્યાના પાપે કૂતરી થઈ.

**અરે ! બાહુબલજીએ** ભરતના અન્યાયી ચક્રપ્રયોગ સામે ઊગામેલી મૂઠી મારવી જતી કરી, એનાથી જ પોતાના કેશનો લોચ કરી ચારિત્ર લઈ ધ્યાનમાં ઊભા રહી ગયા, આટઆટલું ધર્મપરાક્રમ કર્યું ! પરંતુ 'દીક્ષિત અને કેવળજ્ઞાની બનેલા નાના ભાઈઓને વંદના કેમ કરું ?' એટલું અભિમાન મનમાં આવ્યું, તો ત્યાંજ અટકી પડ્યા. 'કેવળજ્ઞાન પામીને પછી જ જાઉં, જેથી વંદના કરવી ન પડે' માટે બાર મહિના સુધી અન્ન-પાણી ત્યજી એક જ ધ્યાનની મુદ્રાએ કાઉસ્સગ્ગમાં ઊભા રહ્યા ! પરંતુ મનમાં જે અભિમાન છે, એ શાનું ઉપરના ગુણસ્થાનકે ચડવા દે ? બાર મહિના કે બાર વર્ષ શું બાર જિંદગીય જાય તો ય અહંત્વ-માનકષાય ઉપરના ગુણસ્થાનકે ચડવાનું અટકાવે જ. એટલે કેવળજ્ઞાને પહોંચવાનું બને જ નહિ. એ તો બેન સાધ્વીઓએ આવી, **'વીરા મોરા ! ગજ થકી ઊતરો. ગજ ચડ્યે કેવળ ન હોય રે'** નો સાદ સંભળાવ્યો, અને પોતે સમજી જઈ અભિમાન પડતું મૂક્યું, **'જાઉં, ને નાના ભાઈઓને વંદના કરું'** એવી ભાવનામાં ચડ્યા, તો જ કેવળજ્ઞાન પામ્યા ! બાકી ચારિત્ર છતાં અભિમાન હોય તો ઉન્નતિ નહિ.

**રાવણને અભિમાન મૂકવું નથી.** તો કુશીલથી પાછો ફરવા છતાં બચાવ નહિ. રાતના અહીં તો મહાસતી વિશલ્યાના સ્નાનજળથી રામની સેનાની જરા-મૂર્ચ્છા ઉતરી ગઈ. સવારે રાવણ એ જોઈ સ્તબ્ધ ! તો પણ અભિમાનના આવેશમાં લક્ષ્મણ પર સુદર્શન ચક્ર મૂક્યું. લક્ષ્મણજીનું પુણ્ય જોરદાર છે, એટલે એ જ ચક્ર વશ થઈ એમના હાથમાં આવી ઊભું ! હજીય એ રાવણને દયાથી કહે છે, 'વિનાશ ન પામ. સીતાજીને સોંપી દે.' પણ 'મારું ચક્ર મને શું કરવાનું છે ?' એવું અભિમાનમાં ન માન્યું, અને પછી લક્ષ્મણે મૂકેલા ચક્રે એનું ગળું છેદાઈ ગયું. ધડથી ડોકું જુદું ! કોનું ? મોટા બળિયા હામ-દામ-ઠામવાળા રાવણનું ! **મરીને ચોથી નરકમા** પટકાઈ ગયો ! અભિમાને ક્યાં પહોંચાડ્યો ? સરાસર અપકીર્તિ અને

મહાદુર્ગતિ જ દેખાડી ને ?

**દોષથી કેમ બચાય ? :-**

એક અભિમાનમાં આ દશા ! ત્યારે, સ્વજીવનમાં વિચારવા જેવું છે કે અભિમાન અને બીજા અનેક દોષો ઝગમગતા રહ્યા તો કેવી કરૂણ દશા આવીને ઊભી રહેવાની ?

**'દોષ સેવવાનો તાત્કાલિક લાભ એ અતિ તુચ્છ છે, વળી જંગલી પશુને ગમતો છે'** એમ સમજાય, તો એવા લાભનું આકર્ષણ ઓછું થઈ એને જતા કરવાનું અને એની ખાતર દોષ ન સેવવાનું મન રહે. પામર જીવને એના પરિણામે નીપજતાં નુકસાન તો નજર સામે આવતા નથી. એટલે એનો ભય શી રીતે રહે ? નહિતર તો એ ભયને લીધે દોષસેવનથી પાછો હટે. પરંતુ દીર્ઘ દુઃખદ પરિણામ નજરે જ ન ચડે ત્યાં શી રીતે બચવું ? આ પણ એક ઉપાય છે કે દોષ સેવીને ઊભા થતા લાભને અતિ તુચ્છ અને જંગલી પશુને ગમતા સમજવા. વાઘ ક્રૂરતાના દોષથી હરણનો શિકાર કરે, એમાં તત્કાલ લાભ પોતાની શિકાર-શોખની ખણજ પૂરી કરવાનો, તાજું માંસ મેળવવાનો, અને પોતાનું બળિયાપણું દેખાડવાનો ! એ તુચ્છ લાભ છે.

આપણે જો એ વિચારીએ કે,

**મહત્ત્વ કોનું ? પસંદગી કઈ ?**

'એવી તામસી ખણજો પૂરી કરવી, ભક્ષ્ય મેળવવું અને બીજાના ઉપર બળિયાપણું દેખાડવું, એ તુચ્છ લાભ છે, **જંગલી વાઘ જેવા પશુને પસંદ પડે** એવા લાભ છે ! એમાં શું રાચવું ? શું આટલા બધા ઉચ્ચ ભવે આવ્યા પછી જંગલી પશુની પસંદગીઓમાં અટકવું ? જંગલી પશુને પસંદ એ આપણને પસંદ ? અહીં વળી મનની તામસી ખણજો જ પૂરી કર્યા કરવી ? બીજા પર જોહુકમી જ સ્થાપ્યા કરવી ? જીવને બેફામ જડરસિયા બનાવે એવા નાશવંત માલ, પૈસા વગેરે જ મેળવ્યા કરવાનું કર્યા કરવું ? આ તો તુચ્છ લાભો છે. એનાં શા મહત્ત્વ માનવાં ?'

**(૧) મહત્ત્વ તો ઉચ્ચ લાભોનાં અંકાય.**

**(૨) પસંદગી તો મહાપુરુષોએ રાખી એ જ રખાય.**

(૧) સીતાએ શીલનું મહત્ત્વ આંક્યું, રાવણે વિષય-સુખનું; કોણ પાછું પડ્યું ? કોને જશ મળ્યો ? કોની વડાઈ થઈ ?

શીલ એ ઉચ્ચ આત્મગુણનો લાભ છે; ગેરરસ્તે વિષય સુખ એ તુચ્છ અતિતુચ્છ લાભ છે;



પેલામાં આત્માનું સત્ત્વ ખીલ્યું, વિષયાકાંક્ષામાં સત્ત્વ ઓસરી ગયું;

રાવણ દીન-રાંકડો કરગરતો બન્યો; સીતાજી અણનમ, સ્વસ્થ, ધીર-વીર બની રહ્યા.

કોણે આટલું મોટું અંતર પાડ્યું ? મહત્ત્વ-આંકણીના તફાવતે ?

**આત્માનો વિકાસ સાધવો છે, તો આ**

**(૧) એક માર્ગ છે કે, વારંવારની ભાવનાથી મનનું આ ઘડતર કરવું છે કે એ મન મહત્ત્વ આત્મગુણ-આત્મશુદ્ધિ-આત્મસત્ત્વનું જ આંકતું રહે; અને જડલાભને, વિનશ્વરના લાભને અસત્ય-અન્યાય-લંપટતા વગેરે ગેરરસ્તે થતા લાભને તુચ્છ અતિતુચ્છ લેખતું રહે.**

**(૨) બીજી વાત પસંદગીની.** પસંદગી જંગલી પશુ જેવી નહિ, પણ મહાપુરુષો ઉત્તમ આત્માઓ કરે એવી કરવાની, રાવણે લડાઈ લડતું જંગલી પશુ ઠેઠ મરતાં સુધી જે અભિમાન રાખવાનું પસંદ કરે છે, એની પસંદગી કરી. તો જગતમાં હલકો ગવાઈ ગયો. અને જાતે ચોથી નરકમાં જઈ પડ્યો ! સીતાજીએ, પૂર્વ મહાસતીઓએ અથાગ કષ્ટ વેઠીને ય ઠેઠ સુધી જે શીલસંરક્ષણ જ પસંદ રાખ્યા, એની જ પસંદગી રાખી તો પરિણામે રામ અને લક્ષ્મણને પણ જશ મળ્યો. મૂળમાં જો સીતાજી જ બગડ્યા હોત, જો કુશીલ નારીને પસંદ હોય એવું પસંદ કર્યું હોત, તો પોતાને ય શો જશ મળત ? અને રામ-લક્ષ્મણને ય શો મળત ?

**ઉચ્ચ પસંદગીમાં તો સીતાજી** હજારો-લાખો વરસો માટે ભવ્ય જીવોને આત્મવિકાસનો ઉચ્ચ આદર્શ આપી ગયા ! પ્રબળ આલંબન મૂકી ગયા ! અંતરિક્ષમાં જાણે આજે પણ બોલી રહ્યા; છે કે 'સત્ત્વશીલ-સન્માર્ગથી પડવાના પ્રલોભન સામે આવીને ઊભા રહે ત્યારે **અમારા સામું જુઓ.** અમને રાવણનાં કેવાં મહાપ્રલોભન સામે આવી ઊભેલાં ! એને પણ અમે તુચ્છ લેખ્યાં ! એક શીલ જ મહા કિંમતી લેખ્યું ! શીલ જ ગમતું રાખ્યું ! ત્યારે તમને તો શા એવા પ્રલોભન મળે છે ? માટે અમારા સામે જોઈ એ પ્રલોભનોને સરાસર અણગમતા કરો, એક માત્ર શીલ સન્માર્ગ જ પસંદ રાખો, ગમતો રાખો.' સંભળાય આ અવાજ ? મહાન આલંબન છે હોં. મહાપુરુષો, મહાસતીઓને પસંદ એ જ અમને પસંદ,'-આ ટેક જોઈએ 'એમને ગમતુ,' એવી દઢ પસંદગી જોઈએ.

**તુચ્છના મહત્ત્વ ન આંકીએ, જંગલી પશુના જેવી પસંદગીઓ ન રાખીએ તો એવા તુચ્છ લાભમાં લલચાઈ ન જવાય; અને એની ખાતર દોષ-દુષ્કૃત્યનાં સેવનથી બચી જઈએ.**

પાપનો ભય અને દુર્ગતિનાં દુઃખોનો ભય પણ જરૂર બચાવે છે, કિન્તુ

આજના 'શ્રદ્ધાગૌણ, બુદ્ધિપ્રધાન,' બની ગયેલા વિષમ ઝેરી કાળમાં એવાં પાપ અને દુર્ગતિની સચોટ શ્રદ્ધા કે નજર સામે 'એક દુ બે' જેવો હિસાબ નથી તરવર્યા કરતો. એવી શ્રદ્ધાના અભાવમાં આ અતિશય જરૂરી માર્ગ છે કે દોષ-દુષ્કૃત્યનાં સેવનનાં જડ લાભ તુચ્છ અને બિનમહત્ત્વના માનીએ અને જંગલી પશુની પસંદગીઓ આવા ઉચ્ચ ભવમાં તો અવશ્ય માંડી વાળીએ. મહત્ત્વ આત્મગુણો-આત્મસંપત્તિનું; પસંદ મહાપુરુષોએ કર્યું તે જ.

પૈસા મહત્ત્વના નહિ લોભનિગ્રહ મહત્ત્વનો; લોભ પર જબરદસ્ત ચેક, કાપ એ મહત્ત્વના.

**પરિગ્રહ મહત્ત્વનો નહિ, દાન મહત્ત્વનું.**

**ઈર્ષ્યા મહત્ત્વની નહિ, ભાવદયા-ગુણરાગ મહત્ત્વના.**

**ખાધું મહત્ત્વનું નહિ, ખવરાવ્યું મહત્ત્વનું.**

**ભોગવ્યું એ મહત્ત્વનું નહિ, ત્યાગ કર્યો એ મહત્ત્વનો.**

વારંવારની આ ભાવના કર્યા કરાય, તો એ મનમાં સચોટ વસી જાય.

એમ, 'જંગલી પશુ જેવાને પસંદ એ આપણને પસંદ નહિ, પણ મહાવીર પ્રભુએ સાધનાકાળમાં જે સહવા વગેરેને પસંદ કર્યું તે આપણને પસંદ;' આવી મનઃકામના રહ્યા કરે. નેમિકુમાર, સ્થૂળભદ્રજી, સુદર્શન શેઠ, વિજયશેઠ-વિજયા શેઠાણી; વગેરેએ જે ગમતું કર્યું એજ આપણે ગમતું કરવું જોઈએ; તો સદાચાર બ્રહ્મચર્યમાં દૃઢ બન્યા રહેવાય, ને આત્માની ઉન્નતિ થાય. રાવણે ઉન્મત્ત પશુને પસંદ એવું અભિમાન પસંદ કર્યું, તો કુશીલથી બચવા છતાં એ અભિમાનમાં મર્યો.

## ● સીતાજીને કેમ કાઢી મૂકે છે ? ●

હવે સીતાજી રામચંદ્રજી સાથે અયોધ્યામાં ગયા પછી રામ વડે વનમાં કેમ કાઢી મૂકાય છે એ પ્રસંગ વિચારીએ, જૈન રામાયણ મુજબ રામચંદ્રજીને બીજી રાણીઓ છે એ સીતાજી પર ઈર્ષ્યા કરે છે, અને રામનો સીતા પરનો રાગ તોડાવવા છિદ્ર શોધે છે. પણ મહાપવિત્ર અને અનેક ગુણસંપન્ન સીતાજીમાં એમને છિદ્રનો કોઈ અવકાશ હોય તો જડે ને ? એથી પ્રપંચ રચે છે. સીતાજીને બહુ માનસન્માનમાં ચડાવી એક દિવસ પ્રેમથી હસતાં હસતાં કહે છે કે 'આ લોકો કહે છે કે રાવણનું સૌંદર્ય અનુપમ છે, તે એવું કેવું રૂપ છે ?'

સીતા કહે 'એ મને ખબર નથી.'

'અરે ! તું ત્યાં દિવસો સુધી કેદ પૂરાણી, તારી પાસે એ મનામણાં કરવા વારેવારે આવે, ને તને ખબર નથી ?'

**પરપુરુષ તરફ સ્ત્રીની મર્યાદા :-**



'સાચું કહું છું મને ખબર નથી. પહેલાં તો મેં એને સાડા ત્રણ હાથ દૂર જ રહેવા કહેલું, અને વળી એ એમ પણ ઊભો રહી કાલાવાલા કરે પરંતુ આપણે સ્ત્રીઓએ પરપુરુષના સામે જોવાની જરૂર જ શી ? 'એનું રૂપ સારું છે કે નરસું ? કેવુંક છે ?' એવી જિજ્ઞાસા ય રાખવાનું શું કામ ? જગતમાં કેઈ રૂપો છે, ક્યાં બધાની જિજ્ઞાસા કરતા બેસીએ છીએ ? મન આમેય પાગલ છે, એમાં એવી જાણવાની ઈચ્છા અને પછી પ્રવૃત્તિમાં પાગલ મનને શું વિશેષ પાગલતા કરવા દેવી ? એ સમય પણ બરબાદ થાય, અને એના પછીના પ્રત્યાઘાતો ય કશાય આત્મહિતમાં ન ઊતરે; એ તો ભૂંડા જ પડે માટે એવું બધું જાણવું ખોટું.'

**આત્મવિકાસનો માર્ગ : 'વિષયજિજ્ઞાસા ઘટાડો' :-**

સીતાજીના શુદ્ધ દિલના બોલ આત્મવિકાસનો આ માર્ગ સૂચવી જાય છે કે,- ઈન્દ્રિયોના વિષયોની જિજ્ઞાસા-આતુરતાઓ છોડો, ઘટાડી ઓછી કરી નાખો. અંતરમાં એ ઊઠે ત્યાં સદ્‌વિચારથી એને શમાવો, અગર બીજા કોઈ શુભ ચિંતન કે પ્રવૃત્તિમાં લાગી જાઓ, મનને કહો 'મૂર્ખ ! આવી ખોટી ખોટી જિજ્ઞાસા-આતુરતા પાછળ કાં અમૂલ્ય માનવ-સમય બગાડી નાખે ?'

**એના કરતાં નમસ્કાર-મહામંત્ર રટવા માંડ.** જો એથી પછી આનંદ થશે કે 'હાશ ! આ જિજ્ઞાસા દબાવવા નિમિત્તે પાંચ-પંદર નવકાર ગણવાનો લાભ મળ્યો ! સારું થયું.' આવી આવી રીતે વારંવારની નવનવી આતુરતાઓ રોકીએ ત્યારે લાંબે ગાળે એવો અવસર આવી લાગે કે પછી ખોટી જિજ્ઞાસાઓની ખણજ જ ન ઊઠે. બાકી તો જો એ જિજ્ઞાસાઓ કર્યા કરવાનો અભ્યાસ ચાલુ જ રખાય. તો એનું જોર અને વારે વારે મનની ડહોળામણ શાની ઓછી થાય ? અને જો એ ઓછું નહિ, તો મજાલ શી કે એક પણ ધર્મક્રિયામાં ચિત્ત સ્થિર રહી શકે ? જિંદગીનો છેડો ભલે ને આવે, પણ આ ખોટી જિજ્ઞાસા-આતુરતાનો અભ્યાસ, એ ભયંકર કુટેવનું વારંવાર સેવન, ચિત્તને સ્થિર બનવા જ ન દે.

**સીતાજીને શોક્યો ફસાવે છે :-**

સીતાજીએ પરપુરુષનું રૂપ જોવાની આતુરતા રાખી જ નહોતી એટલે રાવણ સામે દૃષ્ટિપાત જ કર્યો નથી. ત્યારે શોક્ય રાણીઓને દાવ લાગતો નથી. એટલે અંતે એ કહે છે, 'પરંતુ તું નીચી દૃષ્ટિએ બેસી રહી હશે એમાં રાવણના પગ તો દેખાતા જ હશે ને ?'

સીતા કહે છે, 'હા માત્ર પગનો પંજો દેખાય.'

પેલીઓ હસતી હસતી જાણે સહજ રૂપે પૂછે છે 'તો શું તું ચીતરી બતાવે કે એ પંજા કેવાક હશે ?'

**રામને ભંભેરણી :-**

સીતાજી પ્રત્યે શોક્ય રાણીઓના મનમાં ભારોભાર ઈર્ષ્યા ભરી છે, પરંતુ સીતા એમનાં પર સગી બેન જેવો ચોક્ખો પ્રેમ રાખી રહ્યા છે ! તેથી પ્રેમવશ કાગળ પર એ બે પંજા ચીતરી બતાવે છે. પેલીઓ ઉસ્તાદ છે, એ વખતે મોજની વાતોચીતો કરી પતાવે છે, પણ પેલો કાગળ સીફતથી રાખી લે છે. પછી એકાંતમાં રામ પાસે એ લઈ જઈ ચિત્ર બતાવતી કહે છે, 'જુઓ આ સીતાની હજી પણ રાવણ પાછળ ઝુરણા ! આ રાવણના પગનું ધ્યાન કરતી બેસી રહે છે. તમે ભરોસે તણાઓ છો, પણ એના દિલમાં રાવણ રમી રહ્યો છે, એ આ સ્પષ્ટ દેખાય છે.'

**છે અધમતાની હદ ? ઈર્ષ્યા ભયંકર અધમતા સુધી લઈ જાય છે.** અહીં નિર્દોષ પવિત્ર અને મમતાળુ મહાસતી ઉપર અણછાજતું કુટિલ કલંક ચડાવે છે. એ ચડાવનારી સ્ત્રીઓ ખાનદાન કુળની નહિ હોય ? ભણેલી નહિ હોય ? પરંતુ અસહિષ્ણુતા, સીતાની પોતાની લાયકી ઉપર મળતું માન-સન્માન-ઈજ્જત આદિ શોક્યોને સહન નથી થતું. એ એમને કુળની ખાનદાની વગેરે બધું ભૂલાવે છે, અને અતિ અધમ અભ્યાખ્યાન સુધી પહોંચાડે છે ! એ અસત્ આરોપ ચડાવે છે ત્યાં વિચાર નથી કે 'કદાચ રામ એ સાચું માની લે તો આવી ઉત્તમ મહાસતીની કઈ દશા થાય ?' ઊલટું એવી લેશ્યા હશે કે 'આને પતિ તરછોડી દે તો સારું !' કેટલી અધમ મનોદશા ! માનવના અવતારે આવી, આ કરવાનું ? તેય લેવા-દેવા વિના ? પોતાનાં ખાન-પાન વગેરે તો બરાબર ચાલ્યા કરે છે. એમાં કાંઈ ખોટ આવતી નથી, પછી શી જરૂર આ ઈર્ષ્યાની ! પરંતુ દૃષ્ટિમાં ઝેર છે, બીજાનું સારું સહન થતું નથી, તેથી ઉકળાટ કર્યા કરાય છે પછી ત્યાં 'સામામાં કેટકેટલું સારું તત્ત્વ ભર્યું છે,' એ જોવાની તો વાત જ ક્યાં રહે ? એની અનુમોદના આવે જ ક્યાંથી ? એના અનુકરણનો પ્રયત્ન જ શાનો રહે ? ભલું હોય ને એ સારાં તત્ત્વને અને સદ્‌ગુણને ઉતારી પાડે. એને ય ન નિંદે તો સારું. આવી અધમ મનોદશામાં માનવજીવનની માટી કરવાનું થાય છે. પુણ્યયોગે બુદ્ધિશક્તિ તો પશુ કરતાં કેટલીય ઊંચી મળી; પરંતુ એનો ઉપયોગ કૂતરાના જેવી ઈર્ષ્યામાં કરાય એ મહા મૂઢતા છે. ઊંચી બુદ્ધિનો ઉપયોગ તો સુંદર ગુણાનુરાગ પ્રમોદભાવના અને સૌમ્ય સ્વભાવ ઘડવામાં થવો જોઈએ. આની ખપ વિનાની શોક્ય પત્નીઓ સીતા પ્રત્યે ભારોભાર ઈર્ષ્યા ધરાવી રહી છે અને રામને કહે છે 'જુઓ સીતા આ રાવણના ચરણનું ધ્યાન કરતી બેસે છે.'





**રામચંદ્રજીને સીતા પર પાકો વિશ્વાસ છે.** એટલે આના પર વજન આપતા નથી. સ્ત્રીસુલભ ઈર્ષ્યાને એ સમજી જાય છે, તેથી શોક્યોના કહેવાની કોઈ અસર એમને થઈ નહિ. ઉપરથી કહ્યું 'શા સારુ ઈર્ષ્યા કરો ? સીતા તો મહાસતી છે.' હનુમાનજીએ રાવણની અશોકવાટિકામાં એને જોયેલી ત્યાંનો જે અહેવાલ આપ્યો હતો તેની તમને શી ખબર ? માટે પ્રેમથી રહો.

**શોક્યોનો નવો દાવ :-**

બસ, દાવ નિષ્ફળ ! છતાં ઈર્ષ્યાળુ શોક્યો જપે ? એમણે વળી બીજો સ્ટન્ટ ઊભો કર્યો. નગરના ચાર મોટા આગેવાનોને બોલાવી એ કહે છે 'જુઓ તમારે મહારાજને કહેવાનું છે કે આ સીતાજી પરપુરુષને ત્યાં રહી આવેલા, તેમને હવે અહીં આપ પાછા સંઘરો, પાસે રાખો, તેમાં લોક ટીકા કરે છે. અયોધ્યાના પ્રતાપી રાજાને આ શોભતું નથી.'

પેલા કહે, 'અરે પણ આવું કેમ કહેવાય ? સીતાજી તો મહાસતી છે.'

શોક્ય રાણીઓ એમને દબડાવે છે, 'નહિ કહો તો નગરમાંથી ઊપડી જવું પડશે એની ધમકી આપે છે. કહે છે તમારે ક્યાં અસતી કહેવાના છે ? પરપુરુષના ઘરમાં રહી આવેલા એમને મોટા રાજા જેવાએ સંઘરવા ઠીક નહિ એટલુંજ કહેવાનું છે. નહિ કહો તો પરિણામ ભોગવજો.'

**વણિકોનો આરોપ : સીતાના કયા કર્મે ? :-**

વાણિયા ગભરાયા, કહેવાનું કબૂલ કર્યું, અને પછી રામ પાસે જઈ લોકવાયકા તરીકે એ વાત મૂકી, હવે રામ એના પર ધ્યાન દે કે નહિ ? ના, સીતાના સતીત્વ પર પાકો વિશ્વાસ હોઈ ન દે. પરંતુ સીતાજીએ પૂર્વ ભવે બ્રાહ્મણીના અવતારે મુનિ પર કલંક મૂકેલું એનું પાપ પછીથી ભોગવતાં ભોગવતાં જે બાકી રહેલું તે અહીં ઉદયમાં આવે છે એ રામના હૃદય પર અસર કરી દે છે. એમના મનને થાય છે કે 'જો લોક ઈચ્છે છે કે રાજા સીતાને રાવણના ઘેર રહી આવ્યા પછી સંઘરે તે છાજતું નથી, તો પછી મારે એને નહિ રાખવી જોઈએ. લોક પર રાજ્ય કરવું છે તો એક સારા રાજા તરીકે લોકના અભિપ્રાયને માન આપવું જોઈએ.'

**સીતાનું કર્મ લક્ષ્મણને કેવા આંજે છે ? :-**

'ત્યારે શું લોક ગમે તવો અયોગ્ય મત બાંધે એને ય માની લેવો ?' પરંતુ અહીં સીતાનું પૂર્વકૃત દુષ્કર્મ ઉદયમાં આવ્યું છે તે રામને આ વિચાર જ નથી કરવા દેતું. અરે ! એટલું જ નહિ, પણ મહારાજના આ ચાર માણસો કહે છે એટલા

પરથી શું માની લેવું કે બધા લોકોનો આ અભિપ્રાય છે ? કે તપાસ કરવી ? પેલા દુષ્કર્મનો ઉદય આ તપાસ તરફ દૃષ્ટિ જ નથી જવા દેતો, કેટલો એ ખંધો કર્મોદય છે ? અરે ! રામને સીતાની સાથે મંત્રણા પણ નથી કરવા દેતો. એને સાવ અજાણમાં જ રાખે છે. લક્ષ્મણ સાથે પણ મંત્રણા નહિ, કિન્તુ સીધી લક્ષ્મણને આજ્ઞા જ કરે છે કે 'લોકો આમ કહે છે માટે સીતાને જંગલમાં મૂકી આવ.' દુષ્કર્મના ઉદય સામે માનવીનું શું ચાલે ? અહીં આ અશુભોદય રામચંદ્રજીને સીતાજીને પહેલેથી આ લોકમત જણાવવાનું ય નથી કરવા દેતો. સીતાના પ્રબળ પૂર્વકર્મની શિરજોરી કેવી ? કે લક્ષ્મણે રામનો વિચાર જાણ્યા પછી લક્ષ્મણ પણ સીતાને આ પરિસ્થિતિ જણાવવા જતા નથી ! પછી સીતાનો દેશનિકાલ ન થાય એવો પ્રબંધ કરવાની તો વાતે ય ક્યાં ? શું લક્ષ્મણની રામ પ્રત્યે એવી આજ્ઞાધીનતા છે કે એ મહાસતી સીતાના રક્ષણની પરવા જ ન કરવા દે ? જો એવું હોત તો તો રામે જ્યાં લક્ષ્મણને બોલાવીને કહી દીધું કે 'લોકો કહે છે પરઘર રહી આવેલ સીતાને હવે આપણા ઘરમાં રખાય નહિ. માટે તું એને દૂર જંગલમાં મૂકી આવ,' ત્યાં સદાના આજ્ઞાધીન લક્ષ્મણજી તરત એનો વિરોધ કરે છે, તે કેમ બનત ?

**ગાંડી આજ્ઞાધીનતામાં** લક્ષ્મણજી માનતા નહોતા, આ કોઈ જડ પારસલનો સવાલ નથી કે રામને રવાના કરવાનું ગમતું હોય અને લક્ષ્મણને ન ગમતું હોય, છતાં રામની આજ્ઞા છે માટે લક્ષ્મણને આજ્ઞાધીનતાના ગુણે એ રવાના કરી દેવું પડે. આ તો જીવતા જીવનો પ્રશ્ન છે, તે પણ મહાસતી અને પોતાના વડિલ સીતાજીના સતીત્વની શ્રદ્ધાનો અને એમની સલામતીનો, એટલે તો ઊલટું એ રામનો અભિપ્રાય જાણ્યા પછી એમનાં રક્ષણ માટે કેમ કટિબદ્ધ ન થાય ? એવું કાંઈ કરવાને બદલે શું એ રામની આજ્ઞા તહત્તિ કરીને ઉઠાવી લે ? ના, એવી ગાંડી આજ્ઞાધીનતામાં એ માનતા નથી.

એટલે તો લક્ષ્મણજી કહી દે છે કે 'મોટાભાઈ ! મેં કદી તમારી આજ્ઞા લોપી નથી. પણ માફ કરજો, શું તમને સીતાજીના સતીત્વમાં શ્રદ્ધા નથી ? છે જ, પછી ઘેલા લોકના મતમાં તણાઈ જઈ અનુચિત પગલું ભરવાનું ? અને તે મારા હાથે એમને જંગલમાં મૂકાવવાનું ? સીતાજીનો ત્યાગ કરી દેવામાં હું જરાય માનતો નથી.' એમ કહીને ત્યાંથી એ ઊઠી ચાલી ગયા.

ભલે ચાલી ગયા, પણ અવસર કેમ ન ઓળખ્યો કે 'આ મારા હાથે નહિ, તો કદાચ બીજાના હાથે સીતાજીનો ત્યાગ કરાવવા સંભવ છે ને એમાં તો લોકની જેમ પોતાના તરફથી પણ સીતાના સતીત્વની શંકા કર્યા જેવું થાય, તેમજ એક મહાપવિત્ર કુટુંબીને છેહ દઈ બિનસલામતીમાં મૂકાવાનું અવગણ્યું ગણાય ? માટે



મારે એવું ન બને એનો પહેલેથી બંદોબસ્ત કરવો.' આવો અવસર કેમ એમણે ઓળખ્યો નહિ ? કહો, અહીં સીતાજીના પ્રબળ અશુભ કર્મનો ઉદય જવાબદાર છે. એમનું પૂર્વકૃત કર્મ જોરદાર હોય ત્યાં રામને સીતાના સતીત્વની શ્રદ્ધા છતાં ઘેલા લોકમતમાં તણાઈ જવાનું કરાવે, ને લક્ષ્મણ એમાં ઈન્કાર કરવા છતાં એને આગળ કોઈ રક્ષાનો વિચાર ન કરવા દે, એ સહજ છે. સીતાજીને ઉત્તમ સંયોગ છતાં સીદાવું-શોષાવું જ પડે.

**કર્મશ્રદ્ધાના લાભ :-**

ત્યારે સીતાજીના જીવન પ્રસંગોમાં આ એક ટંકશાળી તત્ત્વજ્ઞાન મળે છે કે પૂર્વકૃત કર્મ બળવાન હોય, ત્યાં આપણી કોઈ દખલ-દરમિયાનગીરી ચાલે એવી નથી. સીતાને જાણ જ થતી નથી ! ને લક્ષ્મણને જાણ થાય છે, તો આગળ વિચાર જ નથી. સ્ફુરતો, તે જઈને મૌન બેસી રહે છે !

**'કર્મ કરે તે થાય,'- આ સૂત્ર જો બરાબર શ્રદ્ધાથી નજર સામે રખાય.** તો જીવનમાં બનતા કેટલાય પ્રસંગોમાં ભલે ગમે તેટલી પ્રતિકૂળતા આવે, છતાં,

(૧) મન બગાડાય નહિ; આકુળવ્યાકુળ ન થવાય; ખોટા વિકલ્પો ન કરાય; ને આર્તધ્યાનમય દુઃખદ ચિંતાને અટકાવી દેવાય.

(૨) વળી એક બગડવા પર કર્મને ઓળખી જઈ બીજાં ઊંધા વેતરણ ન થાય કે જેથી વધુ પસ્તાવા ઊભા થાય.

(૩) પૈસા, સન્માન વગેરેની પ્રાપ્તિમાં છકી ન જવાય કે 'કેવી મારી હોશિયારી કે મને આવું સુંદર મળ્યું !' એ તો સીધું કર્મને જ ભળાવાય, કે આ પ્રાપ્તિ પુણ્યના ઉદયથી છે, અને પુણ્ય ચંચળ છે માટે જ્યાં એ ખસ્યું કે કરેલું અભિમાન ઊડી જશે ! માટે કર્મને આધીન સંપત્તિ-સન્માન મળવામાં જાતની કોઈ હોંશિયારી માનવા જેવી નથી; કશું ફુલાવા કે રાજી રાજી થવાની જરૂર નથી. એવું જ આપત્તિ પણ કર્મને આધીન હોવાથી આપત્તિમાં દીન દુઃખી બનવાની જરૂર નથી.

(૪) આજે દેખો છો ને કે સંયોગો છેલ્લા કેટલાક વરસોમાં કેટલા બધા પલટાઈ ગયા ! અને હજી પણ અણધારી આપત્તિઓ કેવી કેવી ખડી થઈ રહી છે ! આમાં આપણા પૂર્વકૃત કર્મની મોટી જવાબદારી છે, એટલે જ આડાઅવળા ફાંફાં મારી જે ખોટી ધાંધલ-ધમાચકડી કરવા જાય છે એ પાછા પડે છે.

**ખરો વિચાર તો એ જોઈએ કે**

કર્મજન્ય સ્થિતિની સામે બખાળા કાઢવા યા હૈયારુદન કરવા અને એવી સ્થિતિનો વ્યર્થ સામનો કરવા કરતાં જે આત્મહિતની સાધના અને ચિત્તસમાધિ

જાળવવાનું મારા હાથમાં છે, એ જ કાં ન જાળવી લઉં ?

પ્રબળ કર્મના ઉદય સામેનો પુરુષાર્થ નકામો છે, અને આત્માના ગુણો,- દેવાધિદેવ વીતરાગ પ્રભુ અરિહંતની પ્રીતિ-ભક્તિ વધારવાનો, એમણે ફરમાવેલ તત્ત્વ-સિદ્ધાન્તોની શ્રદ્ધા દઢ કરવાનો, સાધુસેવા, સર્વજીવો પ્રત્યે મૈત્રીભાવ દુઃખી અને પાપી-અજ્ઞાન જીવોની કરુણા, ઈન્દ્રિય-નિગ્રહ અર્થે વિવિધ વ્રત-નિયમ-તપસ્યા, કષાયોના નિગ્રહ અર્થે ક્ષમા-નમ્રતા અને નિખાલસતા-નિસ્પૃહતા, વગેરે વગેરે આત્મગુણોનો ખૂબ ખૂબ અભ્યાસ કરવાનું મારા હાથમાં છે, એ શા માટે ચૂકું ?

પૂર્વકૃત કર્મથી આમ તો દંડાઈ રહ્યો જ છું, હવે પાછું આત્મગુણો વિસરી શા માટે પરાપૂર્વથી ચાલી આવતી મિથ્યા માન્યતાઓ, લોકસંજ્ઞા, જડપ્રીતિ, મોહસેવા, ક્રોધ-લોભ, મદ-ઈર્ષ્યા, અસત્ય-અનીતિ, વિષયગૃદ્ધિ, સ્વાર્થાંધતા,-વગેરે દોષોને પોષી કર્મના ભાવ વધારું, કે જેથી આગળ વળી ભારે દંડાવું પડે ?'

બાંધેલા પ્રબળ કર્મની આપત્તિ અટકાવવાનું હાથમાં નથી, ને જુની વાસનાથી ચાલી આવતા દોષ-દુષ્કૃત્યોને અટકાવી સદ્‌ગુણો-સુકૃતો આચરવાનું હાથમાં છે. હવે ડહાપણથી વિચારી શકાય છે કે વલખાં ક્યાં મારવા જેવા છે ? ઉત્તમ સત્ પુરુષાર્થનો અવસર વીતી જાય છે એ ભૂલવા જેવું નથી. એને લેખે લગાડતા રહેવાનું જરાય ચૂકવા જેવું નથી. સારું ખાવાનું ધાર્યું ન મળે એની સામે ધાંધલ-બળાપા નકામા છે; ઈર્ષ્યા નકામી છે, અનુચિત અપ્રમાણિક ઉપાય અનર્થકારી છે; જ્યારે મળેલામાંથી પરોપકાર કરવો, દુઃખીની દયા કરવી, ઈન્દ્રિયસંયમ અર્થે ત્યાગ કરવો, એ હાથની વસ્તુ છે.

**'જાતનું જ પૂરું નથી થતું' એ દલીલ :-**

**પ્ર.**- પણ જાતનું જ પૂરું થતું ન હોય ત્યાં પરોપકાર કે ત્યાગ શું કરે ?

**ઉ.**- એ તો હમણાં બોલાય છે, પરંતુ દુર્ભાગ્યના ઉદયે હજી પણ તંગી આવે, તો નભાવી શકો છો. કુટુંબમાં બે માણસ વધી જાય, અને આવક એની એ જ ઊભી હોય તો શું કરો ? ચોરી કરવા જાઓ છો ? કે ચલાવી લો છો ? આ તો મન મનાવવાની વાત છે કે 'મારા ચાલુ સંયોગમાં મારા કરતાંય વધારે દુઃખી વધારે નિર્ધન છે કે નહિ ?' એનુંય જીવન ચાલે છે કે નહિ ? સરકારી ટેક્ષો, અછત, મોંઘવારી હજી પણ વધે તો હું ચલાવી લઉં કે નહિ ? કે સીધું મોત જ સ્વીકારી લઉં ? માટે જે મળ્યું છે, મળે છે, એને બહુ માની ત્યાગ, પરોપકાર, દયા અને સુકૃતસેવન ભૂલવા જેવા નથી. ખાવા-પીવાની જેમ બીજી બધી કર્મને આધીન બાબતોમાં આ જ ધ્યાન રહે કે 'શક્ય આત્મહિતની સાધના, આત્મગુણોનો વિકાસ અને ભવના ભાગાકાર કેમ કરું.'



**'ભવના ગુણાકાર-ભાગાકાર'** સમજો છો ને ? આજનો ભયંકર જડવાદ, વિલાસિતતા, દેહપૂજા, ભૌતિક બેફામ પ્રવૃત્તિઓ, રેડિયો-સિનેમા-છાપા વગેરે સાધનો કુટુંબ-નિયોજનાદિ યોજનાઓ, વગેરે વગેરેની સુલભતા એટલી બધી વધી પડી કે એમાં ભૂલો પડ્યો એ જંગલી પશુ કરતાં બદતર જીવનમાં ઊતરી જાય છે ! ગુપ્ત આભિગ્રહિક-આભિનિવેશિક મિથ્યાત્વ ઊભાં કરે છે, વધારે છે ! પારાવાર આર્તધ્યાન અને રૌદ્રધ્યાન સેવે છે ! અસમાધિ કોટે વળગાડે છે ! હલતાં ને ચાલતાં પ્રબળ ક્રોધ, ઈર્ષ્યા, અહંત્વ, અન્યાયી વિચારો લોભ-તૃષ્ણા-મમતા વગેરે કષાયો સેવે છે ! વિષયમૂઢતા, અજ્ઞાનમૂઢતા, રાગમૂઢતા વગેરે તો જાણે નવા જમાનાની 'સંસ્કૃતિ'ના નામ હેઠળ આચરવામાં કોઈ સંકોચ નહિ ! આ બધું શું છે ? સારા આર્ય મનુષ્ય ભવમાં આવ્યો ત્યારે તો કેટલોય કર્મલઘુ થઈને આવ્યો. પરંતુ હવે જમાનાના પલ્લે પડી, એ કર્મ લઘુતાના હિસાબની બાકીની ભવસંખ્યાને ડામી કેટલાય ભવોની પરંપરા વધારી દે છે ! અર્થાત્ ભવનો ગુણાકાર કરે છે !

**ભવના ભાગાકાર કેમ થાય ?**

આના બદલે જો જમાનાની ખતરનાકતા ઓળખી લે, આજના જડવાદ, વિલાસીતતા, વગેરેની ભયાનકતા નજર સામે તરવરતી રાખી એના રવાડે ન ચડતાં પહેલાં કહ્યું તેમ, વીતરાગ અરિહંત પરમાત્મા પર ઊછળતી પ્રીતિ-ભક્તિ એમનાં તત્ત્વ અને મોક્ષમાર્ગની અનન્ય શ્રદ્ધા ધરાય, તથા એનાં આચરણમાં લાગી જવાય, આત્મહિતો-આત્મગુણો અને પરમાર્થ, પરોપકારના ધરખમ પુરુષાર્થ આદર્યે રખાય, તો અહીં મનુષ્યભવમાં આવતાં લઈ આવેલી કર્મલઘુતાના હિસાબની ભવસંખ્યા પર મોટો કાપ પડે ! ભવપરંપરા ટૂંકી કરાય, તે એટલી બધી ટૂંકી કે પેલી સંખ્યામાં માત્ર બાદબાકી નહિ. પણ ભાગાકાર થાય એટલી બધી ભવસંખ્યા ઘટી જાય ! પણ એ કર્મ-વિપાકના અઘટિત સામના બાજુએ મૂકાય તો બને.

**રામનો સેનાપતિ :-**

વાત ચાલતી હતી પ્રબળ કર્મની શિરજોરીની. સીતાજીના અપયશ વગેરે કર્મનો જોરદાર ઉદય ઊભો થયો છે એટલે રામચંદ્રજી લોકસંજ્ઞામાં તણાયા છે, ને લક્ષ્મણ ચૂપકીદી પકડે છે ! બસ, રામે સેનાપતિને બોલાવીને ફરમાવી દીધું કે 'જાઓ લોકનો બહુ વિરોધ છે માટે સીતાને જંગલમાં મૂકી આવો.'

ખલાસ ! નોકરને સ્વામીનો હુકમ, તથાસ્તુ કર્યે જ છૂટકો. સેનાપતિ મનમાં ઘણું ય કચવાય છે, પણ એ લક્ષ્મણજીની જેમ થોડો જ વિરોધ કરી શકે ? કર્મની આ પણ એક વિચિત્રતા ! લક્ષ્મણ ભાઈ છે માટે બોલી શકે; સેનાપતિ નોકર છે તેથી ન બોલી શકે. ભાઈ અને નોકરને સમાન મનુષ્યપણું, સમાન શરીર, બે

હાથ, બે પગ, માથું, પાંચે ઈન્દ્રિયો સમાન છે, છતાં કર્મે સર્જેલી પરિસ્થિતિ જુદી ! હોદ્દો જુદા ! રામ સાથેના સંબંધ ભિન્ન ભિન્ન એથી સમજવા છતાં આચરણમાં ભેદ. આ વસ્તુ સૂચવે છે કે **માનવપણાના વિશિષ્ટ હોદ્દા પર સુલભ ધર્મસાધના અવશ્ય આચરી લો.**

**શિખરજીની યાત્રાએ :-**

સેનાપતિ હાથજોડી તથાસ્તુ કહી સીતાજી પાસે જઈ કહે છે, 'ચાલો, સ્વામીનો આદેશ છે તમને સમ્મેત શિખરજીની યાત્રા કરાવવાની છે ! પ્રબળ અશુભકર્મનો ઉદય સીતાને આ એકાએક આદેશ પર બીજો વિચાર નથી ઊઠવા દેતો, એટલું જ નહિ કિન્તુ સાથે કોઈ સખી કે દાસી લેવાની બુદ્ધિ ય નથી જાગવા દેતો. એ તો સીધા રથમાં બેસી ઉપડ્યા. ભર જંગલમાં સેનાપતિ રથ ઊભો રાખી નીચે ઊતરી પડે છે.'

**વસ્તુસ્થિતિથી :-**

અજાણી સીતા પૂછે છે 'કેમ આમ ?'

સેનાપતિ કહે છે, 'માફ કરજો, સ્વામીનો આદેશ છે, પણ એ કહેતાં મારી જીભ કેમ નથી કપાઈ જતી ? પાપી પેટને ધિક્કાર છે કે જેની ખાતર આવી ગોઝારી નોકરી બજાવવી પડે !' એટલું બોલતાં તો સેનાપતિની આંખમાં ઝળઝળિયાં આવી જાય છે. બોલતાં અચકી પડે છે.

**સીતાને કર્તવ્યનો પસ્તાવો નથી :-**

સીતાજીને નીકળવાનું થયું ત્યારે જમણું અંગ સ્ફુર્યું છે, તેથી લાગ્યું તો ખરું કે આ કંઈક અનિષ્ટ-અપમંગળનું સૂચક છે, પરંતુ તીર્થયાત્રાનો સવાલ હતો, અને તે પણ સ્વામીના આદેશથી, એટલે એને ગણકાર્યું નહિ. હવે અહીં જંગલ વચ્ચે સેનાપતિ રથ ઊભો રાખી સ્વામીના કોઈ આદેશની વાત કરે છે, એટલે સહેજે પેલું અપમંગળચિહ્ન યાદ આવે. છતાં સીતાની લાયકી જુઓ કે પોતે સ્વામીનો આદેશ સમજીને યાત્રાપ્રવાસે નીકળી છે અને હવે કોઈ બીજો આદેશ છે એમ જાણવા મળે છે, તો એ સ્વામીના આદેશના પાલનનું યોગ્ય કર્તવ્ય બજાવવા પર એને એવો પસ્તાવો નથી કે 'હાય આ અપમંગળ જાણવા છતાં હું ક્યાં નીકળી ? શા સારુ આવો આદેશ મેં આંધળિયા કરીને માથે ચડાવ્યો ?' ના, આવો કોઈ સંતાપ નથી. કર્તવ્યપાલનમાં આગળ વધ્યાં પછી કર્તવ્યને અકર્તવ્ય માનવાનું શું કામ ?

**ભલે આપત્તિ વેઠવાની આવે તો વેઠી લેવાની; તેથી કાંઈ કર્તવ્ય એ અકર્તવ્ય બની જતું નથી.**

કર્તવ્ય અકર્તવ્ય મનાય નહિ. ધર્મી જીવે આ બહુ ખ્યાલ રાખવાનો છે. ધર્મ



કરતાં આપત્તિ આવે, તેથી કાંઈ ધર્મ અકરણીય કે આપદારૂપ બની જતો નથી. એ તો સમજી જ રાખવું જોઈએ કે આપત્તિ એ તો આપણાં પૂર્વકૃત કર્મનું ફળ છે અવશ્ય વેદવા યોગ્ય છે. ધર્મ ન કરીએ તો ય અવશ્યંભાવી કર્મવિપાક એક નહિ તો બીજો રસ્તે આવીને ઊભો જ રહે છે. એમાં ધર્મે શું બગાડ્યું ? ધર્મ તો ધર્મ જ રહેવાનો. ધર્મ કર્તવ્ય જ રહેવાનો. ત્રિકાળમાં ધર્મ એ હિતકારી જ અને કરવો જરૂરી જ છે.

**આત્મ-વિકાસનો આ માર્ગ છે કે** ધર્મસેવન-કર્તવ્યપાલનની પાકી નિષ્ઠા રાખવી; તે એવી કે ધર્મ આદર્યો, કર્તવ્ય બજાવ્યું, એના પર પછી આપત્તિ આવતાં અભાવ ન થાય, અરુચિ ન જાગે, પસ્તાવો ન થાય કે 'હાય ! મેં ક્યાં ધર્મ કર્યો ? ક્યાં મેં કર્તવ્ય માથે લીધું ?' તેમજ ધર્મ-કર્તવ્ય માટે દુઃખકારિતાનો ભાવ ન ઊભો થાય, અકરણીયતાની બુદ્ધિ ન થાય.

સીતાએ સ્વસ્થ ચિત્તે સેનાપતિનું કથન સાંભળ્યું. એમાં એને લાગ્યું કે સ્વામીનો કોઈ એવો આદેશ છે કે જે કહેતાં આ સેનાપતિને દુઃખ થાય છે. તેથી કહેતાં અચકાય છે. એટલે એ સેનાપતિને ધૈર્ય આપતાં કહે છે,

'સ્વામીનો આદેશ કહેવામાં તમારે અચકાવાની શી જરૂર છે ! તમે અને હું તો સ્વામીના આદેશના પૂજારી છીએ. એ કહેવા-બજાવવામાં આપણે કશું ખોટું નથી કરતાં.'

સીતાજીને ક્યાં ખબર છે કે આ કલ્પના બહારનું કહેવા માગે છે. પરંતુ ગમે તે હો, એક નોકરમાણસ ઉપર પણ એને સહાનુભૂતિ છે, દયાભાવ છે એટલે એના દુઃખને દૂર કરવા તત્પર છે. તે પણ એને દયામણી સ્થિતિમાં મૂકીને નહિ કે 'ભાઈ તું ! બિચારો શું કરે ? તારે નોકરી રહી એટલે શેઠનો હુકમ બજાવવો પડે ને ?' ના, એને તો પોતાની સમાન સ્થિતિમાં એ મૂકે છે કે 'આપણે બંનેએ સ્વામીના આદેશ પાળવાનું સમાન કર્તવ્ય છે એ પાળવામાં કાંઈ આપણે ખોટું કરતા નથી, માટે જરાય સંકોચ ન રાખ, કહે શો આદેશ છે ?'

**આત્મવિકાસ કેમ સધાતા હશે ? સાધેલા કેમ ટકતા હશે ?**

વાયડી વાતોથી નહિ, ક્વચિત સુકૃતમાત્રથી નહિ, જાતની વડાઈ અને સામાની હીનતા-દીનતામાં ટેકો પૂરવાથી નહિ, પરંતુ

**(૧) મૈત્રી-કરુણા આદિ ભાવોની સક્રિય સાધનાથી.**

**(૨) પ્રસંગે પ્રસંગે ઔચિત્ય પાલનથી,**

**(૩) યથાયોગ્ય કૃતજ્ઞતાના સેવનથી; સ્વાર્થ સાધના નહિ પણ પરાર્થકરણના વ્યસનથી;**

(૪) **તુચ્છ જડના મહત્ત્વ-અંકન અને જડપ્રવૃત્તિની ધોંસ નહિ, પણ આત્માનાં મૂલ્યાંકન, આત્મહિતચિંતા, અને આત્મહિત-પ્રવૃત્તિની ભરચકતાથી.**

સીતાજીના જીવનમાં આ ભરપૂર વણાયેલું છે, એટલે પ્રસંગે પ્રસંગે એ દેખાય છે. અહીં નોકર-માણસની પ્રત્યે પણ એના હૈયે સહાનુભૂતિ અને કરુણા ઊભરાય છે.

**તોરી પર તોર :-**

શેઠ-શેઠાણીપણાના, વડીલ ભ્રાતૃત્વના, સાસુપણાના, અમલદારી અધિકારના, ઈત્યાદિના તોરમાં ચાલનારા અને સામાની પ્રત્યે દયા-સહાનુભૂતિને બદલે દ્વેષ-ડામ વરસાવનારા બિચારા જાતે જ મોહમૂઢતા-અભિમાન આદિ આંતરશત્રુના તોરથી કચડાઈ રહ્યા છે એનું પોતાને ભાન નથી.

**આંતરશત્રુ જીવને જાણે કહે છે,** 'ભામટા ! તું તારા દયા-નમ્રતા-સ્વસ્થતાના આત્મસ્વભાવને શું દાખવી શકે ? બજાવ બજાવ મારી નોકરી. ચાલ દબાવી દે સામાને; તુચ્છકાર એને; દમ માર એના પર, ગુરુ-બુરુના શાસ્ત્ર-બાસ્ત્રના ઉપદેશ અહીં કામે નહિ લગાડવાના, એનો અમલ તો બધી સારાસારી હોય ત્યારે. અત્યારે તો હોદ્દો બજાવવાનો. ભલે લખલૂટ પાપ બંધાય, એની ચિંતા જ નહિ કરવાની. રોફ, પાવર, રોષ, ધમધમાટ કરતા રહેવાનું, નહિતર ખાવાનું ટળશે ! સમજ્યો ?' આંતરશત્રુનો આ તોર છે. એની નીચે કચડાયેલો જીવ સામા પર, નાનડિયા કે સામાન્ય પર તોર બજાવ્યા કરે છે.

**પણ બીજા પર તોરમાં લા'રો શું કાઢે ?** સુવર્ણભવની માટી કરવાની ! વાઘ-વરુના મિજાજનાં અનુકરણમાં તણાવાનું ! અંતે એક રાંકડા બોકડાની જેમ યમકસાઈથી રેંસાઈ જવાનું ! આ જ લા'રો, આ જ સાર કે બીજું કાંઈ ? જુઓ ભાઈએ ઉત્તમ મનુષ્ય જીવનમાંથી આ સાર કાઢ્યો ! તોરના ક્ષણભરના મનઃસંતોષમાં મહાલ્યા ! પણ અંતે શું પામ્યા ? શું એ ઈતિહાસમાં અમર થયા ? ગુણ ગવાયા ? કશું જ નહિ, ચાર દિનકી ચાંદની, પીછે ઘોર અંધેરી રાત !

**સાવધાન બનો,** તોર-બોર હેઠા મૂકો, વોસિરાવો, દયા-નમ્રતા-સહાનુભૂતિ કેળવવાના આ સુંદર અવસરને લેખે લગાડો. પંચસૂત્ર શાસ્ત્ર કહે છે, **'ખણે દુલ્લહે' અર્થાત્ 'ક્ષણ, અવસર, દુર્લભ છે.'** આત્મવિકાસનો આ માર્ગ છે કે તે તે અવસરને ઓળખી આત્માને છાજે, એક ધર્માત્માને શોભે. અરિહંતનું સેવકપણું ચરિતાર્થ થાય, જિનવચનાનુસારિતા ઝળહળે, એવું કરતા ચાલો, એવું જ બોલો, એવું જ વિચારો. સીતાજી જેવાના જીવનપ્રસંગ નજર સામે તરવરતા રાખો.

નોકરમાણસ પ્રત્યે પણ દયા-સહાનુભૂતિ અને તે પણ એને પોતાની સમાન



હરોળમાં મૂકીને, સીતાજીને સ્વામીનો આદેશ જણાવવા કહ્યું. ત્યારે સેનાપતિ કહે છે, 'એમનો આદેશ છે કે લોક વિરોધ કરે છે માટે સીતાને ઘરમાં ન રખાય, તેથી એને જંગલમાં મૂકી આવ.'

સીતાજી ગર્ભિણી છે, એકલાઅટુલા છે, પાસે કોઈ દાસી પણ નથી, ભર જંગલમાં જંગલી પશુ સામે બચવા કોઈ સાધન પણ નથી, એમાં આ ક્રૂર આદેશ !

**સીતાજી ગર્ભિણી ક્યારે ?** પરણ્યાને વરસો થઈ ગયા, ચૌદ વરસ તો વનવાસના, તે પૂર્વના વળી જુદા એટલા વર્ષોમાં ગર્ભિણી નહિ ! ત્યારે તમને વિચાર આવે છે ખરો કે રામની સાથે કેવું જીવન જીવ્યા હશે ? ચકલા-ચકલીના રોજના વિષયભોગનું ? કે લગભગ બ્રહ્મચર્યનું ? વર્ષો પછી ગર્ભ રહી મહાસાત્ત્વિક પુત્ર લવણ-અંકુશ થયા તે નૂર ક્યાંથી આવ્યા ? માતા-પિતાએ વરસોથી સાચવી રાખેલા નૂરમાંથી કે રોજના વેડફી નાખી હીન નૂરવાળા બનેલામાંથી ? ગદ્ધા-ગદ્ધીની ખણજ ભૂંડી ! કંગાળ નિર્માલ્ય તામસી પ્રજા પેદા કરે.

**સ્ત્રીને ભોગ્ય તરીકે જોવાની દૃષ્ટિ જ મૂળમાં ખોટી છે,** તેથી ચકલા-ચકલીપણું આવે છે. આ દૃષ્ટિને જ અટકાવવામાં આવે તો મન શાંત રહેવાનું, કોઈ ઉન્માદ, કોઈ વિષયાવેગ, નહિ જાગે. માતા કે સગી બેનને ક્યાં આ દૃષ્ટિથી જોવાય છે ? તેથી જ એના પ્રત્યે કોઈ ઉન્માદ નથી જાગતો. સ્વપ્ને પણ નહિ ! માટે સ્ત્રી પ્રત્યે દૃષ્ટિ ફેરવો

**સ્ત્રી પ્રત્યે બીજી અનેક દૃષ્ટિ છે કે જેની વારંવાર ભાવના કરવાથી ભોગ્યદૃષ્ટિ મરી પરવારે. પછી ખણજ નહિ, ઉન્માદ નહિ, પશુરમત નહિ.**

**સ્ત્રી પ્રત્યે ભાવવાની દૃષ્ટિઓ ધારી લો,-**

(૧) આ બિચારો એક પામર, અજ્ઞાન, સંસારમાં ડૂબેલો જીવ છે. મારા પાપે સંસારમાં એને વધુ વધુ નીચે ક્યાં ઉતારવો ? મારે તો એના કલ્યાણમિત્ર બનવાનું, પણ ભવમાં ભટકાવનારા હિતશત્રુ નહિ.

(૨) માત્ર કાયાકોટડીની થોડી રચના જુદી, બાકી માંહી માલ તરીકે આ એક ઉત્તમ ભવ્યાત્મા વસ્યો છે, અનેક ગુણસંપન્ન છે; એના ગુણોની અનુમોદના જ કરવા જેવી છે, પણ એના મળમૂત્રભર્યા દેહમાં સાર જોવા જેવો નહિ, કે એને ભોગ્ય ગણવાની નહિ.

(૩) આ એક કાયાની કેદમાં પૂરાયેલો પણ મારા કરતાં ઊંચો જીવ છે. સ્ત્રીવેદે આ જીવને બિચારાને પરાધીન સ્થિતિમાં મૂક્યો, છતાં એની ધર્મવૃત્તિ અનુમોદના કરવા જેવી અને એની ધર્મસલાહ મારે લેવા જેવી છે.

(૪) આ એક કર્મપીડિત જીવ છે. આ બિચારા જીવની તો મારે ભાવદયા

વિચારવાની હોય. કેમ એને મારી સાથે કર્મના ભાર ઓછા કરવામાં સહાયક થાઉં !

(૫) ઊંચા જીવન તરીકે આ મારે કલ્યાણમિત્ર છે, પણ એનું શરીર નરકની અંધારી વાટ માટે ટોર્ચ લાઈટ છે. જો એનો ઉપભોગ કરું, અરે ! એના માત્ર એક અંગ જોવાનો ઉપભોગ સેવું, તો આ એનું અંગ મને નરક દેખાડે, નરકની અગ્નિધીખતી પુતળી ભેટવાનું અને આંખમાં પરમાધામીના ભાલા ભોંકાવાનું દેખાડે !

(૬) આ શ્રાવિકા છે, એક મારા પ્રભુના ચતુર્વિધ સંઘનું અંગ છે. સંઘના અંગને તો પૂજ્ય મનાય, ભોગ્ય નહિ.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૪,અંક-૩૨,તા.૩૦-૪-૧૯૬૬**

**સ્ત્રીશરીર એટલે :-**

બોલો, કેટકેટલી ઉત્તમ દૃષ્ટિએ સ્ત્રીને જોઈ શકાય છે ! એના બદલે કૂતરો કૂતરીને જુએ, ગધેડો ગધેડીને જુએ, ચકલો ચકલીને જુએ, એવી દૃષ્ટિ એ માનવ માટે કોઈ દૃષ્ટિ છે ? ધિક્કાર પડો એવી ઉચ્ચ માનવના અવતારે પાશવી ભોગ્ય-દૃષ્ટિને ? શું ભોગ્ય ? કલેવર ? તે કેવું ? સારી રીતે બિભત્સ માંસ-ચરબી-લોહી-વિષ્ટા-પેશાબ-કફ-લીંટ-થૂંક વગેરેથી ભરેલી કોથળી ! ઉપર માત્ર એક પાતળી ચામડીનું અસ્તર, જાણે વિષ્ટા-ભરેલી રેશમી બોસ્કીની કોથળી ! આ જ શરીર ને ? શું એ ભોગ્ય કે દૂરથી ત્યાજ્ય ? એનામાં આકર્ષાયા પછી જીવની કેવી દુર્દશા ? કે વીતરાગના મંદિરમાં પણ ગયા પછી જે આકર્ષણ પ્રભુ પર ન થાય એ ત્યાં કોક આવેલી યુવતી પર થાય. ભગવાન પ્રત્યે દિલ ન ઓવારી જાય એવું સ્ત્રી પ્રત્યે ઓવારી જાય ! કામની કેટલી વિટંબણા ? ભોગ્યની દૃષ્ટિ જ ભૂંડી ! ભગવાનની છબી હૈયામાં ઠરવા જ ન દે ! ભગવાન વારે વારે યાદ જ ન આવવા દે ! બીજી પણ ઉમદા ભાવનાઓ ન સ્ફુરવા દે, પરસ્ત્રી તરફ પણ આંખને લલચાવે ! મનને બગાડે ! જગતમાં રહેવું છે એટલે પરસ્ત્રીઓ નજરે તો ચડવાની. એમાં મન કેટલું આકુળવ્યાકુળ ? આ સ્ત્રી જાડી, આ નાજુક; આ ગોરી, આ શામળી; આ સારી રૂપાળી, આ જરા ઓછી; આ યુવતી, આ બુઢી;- 'આવું આવું તો કેટલુંય મનમાં આવ્યા કરે !' આ બધી મોકાણ ભોગ્યદૃષ્ટિની છે, ચામડાની દૃષ્ટિની છે, એને કાઢો, નિર્મૂળ નષ્ટ કરો. જો આત્માનું કાંઈક પણ કલ્યાણ સાધવા માગતા હો, પરમાત્મા પર આકર્ષણ જગાવવું હોય, સ્ત્રીરત્નોના શીલ-બ્રહ્મચર્યની



અનુમોદના કરવી હોય, સારી ધર્મભાવનાઓ ભાવવી હોય, તો સ્ત્રી એ ભોગ્ય છે એ વાત જ વિસારી નાખો.

સીતા વર્ષો પછી પહેલીવાર ગર્ભિણી છે ! પાછી મહારાણી એટલે કેટલાં સન્માન હોય ! એવી અવસ્થામાં વનમાં તરછોડવાનો રામનો આદેશ છે. તે પણ એકલી-અટુલી ! અંજનાસુંદરી તરછોડાઈ હતી, પણ એની સાથે એની સખી વસંતતિલકા હતી. આની સાથે કોઈ જ નહિ ! અંજના ઘરેથી જ તરછોડાઈ, જ્યારે સીતાને વનમાં આવ્યા પછી તરછોડાવાની ખબર પડે છે ! કેટલો કારમો વિધિપ્રહાર !

**મળેલી પુણ્યાઈના જરાય અભિમાન કરવા જેવા નથી.** કર્મના કોથળામાંથી ક્યારે કેવું એક યા બીજું અશુભ કર્મબિલાડું બહાર પડશે એનો પત્તો નથી. એ વખતે અભિમાન બધા સૂકાઈ જશે ! માટે પુણ્યનો ભરોસો જ ખોટો; એના પર મદાર રાખવી જ મૂર્ખતા.

**આત્મવિકાસનો માર્ગ કે પુણ્યની અતિ ચંચળતા સમજી રાખી જરાય ગર્વ ન રાખતાં એનાથી જેટલી સુકૃત કમાઈ થાય એ કરી લેવી.** એની સારાસારીમાં તપ-વ્રત-નિયમ-દાન વગેરે સાધી લેવા.

સીતાજી સ્વામીનો આદેશ સાંભળી તરત જ રથમાંથી નીચે ઊતરી પડ્યા ! હોંશથી ? ના દિલની વ્યથાથી, માણસ છે, આવો પ્રસંગ આઘાત લગાડે દિલ દુભાવે એ સહજ છે. છતાં એના વિકસિત આત્માના બોલ જુઓ. એ સેનાપતિને કહે છે,-

**સીતાની નિર્મળ દૃષ્ટિની વાણી :-**

'જુઓ ભાઈ ! તમારે જરાય દુઃખ કરવાની જરૂર નથી સ્વામીનો આદેશ પાળવો જ જોઈએ; તમારે ને મારે બંનેએ. અને આમાં સ્વામીનો કોઈ દોષ નથી, દોષ મારા કોઈ તેવા પૂર્વકૃત કર્મનો છે. કર્મની ગતિ અકાટ્ય છે આપણે જ ઊભા કરેલાં કર્મ આપણે વેઠવા જ રહ્યા. સ્વામી તો નિમિત્તમાત્ર છે. મારાં કર્મ જ એમને આવી બુદ્ધિ કરાવે છે, અને આ પગલું ભરાવે છે.'

**હૃદયમાં ભારે આઘાત છતાં દૃષ્ટિ કેટલી બધી સાફ છે ! મન પર કેટલો બધો અંકુશ છે ! દૃષ્ટિ સાફ ચોકખી એટલે પરિસ્થિતિના અસલી સ્વરૂપ પર લક્ષ પછી વાસ્તવિક કારણને જ જવાબદાર લેખવાનું.** અહીં તેવું વાસ્તવ કારણ પોતાના કર્મ છે, રામ નહિ; માટે કર્મને જ જવાબદાર લેખી એનો જ અપરાધ માને છે, રામનો નહિ.

**મન પર અંકુશ એટલે ? બિનજવાબદાર ઉપર જરાય દ્વેષભાવ કે અસદ્ભાવ**

**નહિ, આપત્તિમાં હાયવોય નહિ.** સીતાજી રામ પર દ્વેષ કરતા નથી, અસદ્ભાવ કરતા નથી, કે હાયવોય કરતા નથી. પતિને કોઈ ગાળ દેવાની વાત નથી, કે 'હાય ! આવો દ્રોહી-ક્રૂર પતિ ક્યાં મળ્યો ? કેવું ફૂટલું મારું નસીબ કે આ જુલ્મ આ ત્રાસ જોવાનો આવ્યો ?' ના, આવો કશો હાયબળાપો નહિ. વિચારજો તમારે કોઈ આપત્તિ આવી હશે ત્યારે શું શું કર્યું છે ? કેવા તામસભાવના વિચાર અને બોલ કાઢ્યા છે ! સત્ત્વ ક્યાં ઓસરાવી દીધું ? સીતાજીનો આ પ્રસંગ બહુ નજર સામે રાખી એમનો જ્વલંત વિવેક અને ધીરજ શીખી લેવા જેવી છે.

**આત્મવિકાસના આ બે મહાન માર્ગ, સાફ નિર્મળ દૃષ્ટિ અને મન પર અંકુશ, એ અહીં કમાવાની લહાણ છે.**

**જીવવાની કળા સાફ દૃષ્ટિ અને મનોનિગ્રહ :-**

હજી મોક્ષ પામ્યા નથી, સંસારમાં છીએ, એટલે કર્મના બંધનમાં છીએ. એ બંધનના યોગે સગવડ-અગવડના પ્રસંગ આવ્યા કરવાના; ઈષ્ટ-અનિષ્ટ ઊભા થયા કરવાના. એમાંથી બચવાની એટલે કે નવાં અશુભ કર્મબંધન ન આવી પડે એવી પરિસ્થિતિ સરજવાની કળા એનું નામ જીવન જીવવાની કળા કહેવાય. એ કળામાં આ કરવાનું છે કે આત્માની દૃષ્ટિ સાફ રહે અને મન અંકુશમાં રહે. એજ પરિસ્થિતિ રાખ્યા કરવાની. જગતમાં બેઠા છીએ એટલે બહાર કાંઈ ને કાંઈ ઊભુ થાય. એમાં આપણે એના સંપર્કમાં આવ્યા કરવાના. ત્યાં આ જાગતી સાવધાની રહે કે દૃષ્ટિ મેલી ન થાય, વસ્તુને માત્ર ઉપલક દૃષ્ટિએ ન જોવાય, પણ એનાં મૂળ કારણ પર દૃષ્ટિ રહે.

**દેવ-ગુરુ-ધર્મનો ઉપકાર દૃષ્ટિપથમાં :-**

દા.ત. પૈસા મળ્યા, ત્યાં અનુકૂળ બજાર પર, મોખરાની દુકાન પર, જાતની આવડત-હોંશિયારી પર ન ઓવારી જવાય; કિન્તુ દેખાય કે 'આ તો પૂર્વનું પુણ્ય કમાઈ રહ્યું છે, પુણ્ય ઊભું કરી આપનાર કોઈ સુકૃત ધર્મ અને એ ધર્મમાં આલંબન થનાર દેવાધિદેવ અને ગુરુ, એ પુણ્ય દ્વારા આ અનુકૂળતા સરજી રહ્યા છે.'

**ખરો ઉપકાર દેવ-ગુરુ ધર્મનો છે. માટે**

(૧) જીવનમાં એમને જ આગળ રાખું, મુખ્ય રાખું, પણ પૈસા-દુકાન-હોશિયારીને નહિ;

(૨) હૃદય રાજી રાજી થઈને ત્યાં ઝુકે, પણ આ ધન-દુકાન આદિ પર નહિ.

(૩) જીવનની બહુધા પ્રવૃત્તિ હોંશે હોંશે દેવ-ગુરુની સેવા-ભક્તિ અને ધર્મકાર્યોનાં આચરણની રહ્યા કરે; પણ ધન દુકાન વેપાર વગેરેની નહિ.

**આનંદ-કામદેવાદિ** કે રાજા કુમારપાળ-ચંદ્રાવતંસક વગેરેનાં ચરિત્ર જુઓ તો



દેખાશે કે એમણે શ્રાવકધર્મ, પામ્યા પછી, દૃષ્ટિ નિર્મળ બનવાથી, જીવન કેવું ધર્મથી મઘમઘતું બનાવી દીધેલું ! દેવ-ગુરુના કેવા સક્રિય ભક્ત બની ગયા ! દૃષ્ટિ મોહ-મિથ્યાત્વના અંધકારમાં મગ્ન હતી ત્યારની વાત જુદી; પણ હવે એ ટળી સાફ-નિર્મળ બની, તો જીવનમાં રીત ભાતમાં પરિવર્તન ન આવે એ કેમ ચાલે ? નહિતર કહો કે હજી દૃષ્ટિ સાફ થઈ નથી. પૈસા, બજાર, વ્યવહાર, વગેરેને બહુ મહત્ત્વની દૃષ્ટિથી જોયા કરવાનું થાય છે, ને એ પ્રમાણે જ એને મહત્ત્વ આપી, આચરણ થાય છે, એ સૂચવે છે કે હજી જુની-પુરાણી, પશુજીવનમાં પણ સુલભ એવી, મેલી દૃષ્ટિ ઊભી છે.

**પેથડશામંત્રીની** વિરુદ્ધમાં રાજા વીર ધવળને બીજાઓએ ભંભેરણી કરી કે 'આ મંત્રી તો તમારાથી સ્વતંત્ર બની ગયેલ છે; એ પોતાનું ધાર્યું તમારી પાસે કરાવે, પરંતુ તમારી કાંઈ બધી આજ્ઞા એ માને નહિ. પરીક્ષા કરવી હોય તો એક સહેજ એમને અત્યારે બોલાવી જુઓ, એ આવે છે ?' ભંભેરણી કરનારા જાણતા હતા કે મંત્રી અત્યારે પૂજામાં હશે તે આવે જ નહિ. રાજાને એ ખબર નથી, એટલે બોલાવવા માણસ મોકલે છે. માણસ ગયો, પણ ગૃહ-મંદિરની બહાર બેઠેલા પેથડશાના નોકરે એને અંદર જતો અટકાવ્યો.

પેલો કહે 'મહારાજ મંત્રીજીને બોલાવે છે તે કહેવા જાઉં છું.'

નોકર કહે "મંત્રીજી હમણાં પૂજામાં છે તે નહિ આવે; ને એમણે મને મનાઈ કરી છે કે કોઈને પણ અંદર નહિ આવવા દેવા પછી ભલે ગમે તે કાર્ય હોય."

'અરે ! પણ તું એમને કહે તો ખરો કે આ તો મહારાજ બોલાવે છે.'

નોકર બિચારો ગભરાઈને અંદર કહેવા ગયો, પેથડશાએ કહ્યું 'કહી દે હમણાં પૂજા સુધી નહિ અવાય.'

બસ નોકરે આવી કહ્યું, રાજાનો માણસ રવાના થયો. આવીને રાજાને હકીકત કહી. પેલા ભંભેરનારા કહે છે. 'જુઓ સાહેબ ! અમે કહેતા હતા ને ? આપની આજ્ઞાની પણ કિંમત છે ? એ તો પોતાનું ધાર્યું જ કરે !'

રાજા મનમાં વિચારમાં પડ્યો કે 'શું ખરેખર પેથડશાહ અભિમાનમાં છે ! મારી આજ્ઞાની એને કિંમત નથી ?' પણ પાછો કંઈક ડાહ્યો છે તે વિચારે છે કે 'શું ખરેખર મંત્રીને પૂજાની એટલી ટેક હશે કે ગમે તે કાર્યની દરકાર ન કરે ? લાવ, જોઉં તો ખરો કે એ કેવીક પૂજા કરે છે !' એટલે એ ત્યાંથી ઊઠીને મંત્રીના ઘરદેરાસરે આવ્યો. ત્યાં બહાર બેઠેલો નોકર હાથ જોડીને નમી અંદર ન જવા ઈસારો કરે છે. મંત્રીનો નોકર પણ મંત્રીના આશયને અનુસરે છે.

**પરમાત્માના ભક્ત કે વિડંબક ? :-**

અહીં જોવાની ખૂબી છે કે પેથડશાહ શાની ના પાડી રહ્યા છે ? પોતે કોઈ શેઠિયાની નહિ, પણ મોટા રાજાની નોકરીમાં છે, ને રાજા ખુદ બોલાવી રહ્યા છે, છતાં ઘસીને ના પાડે છે કે 'હમણાં નહિ અવાય.' કારણ ? દૃષ્ટિ સાફ છે; નિર્મળ છે. શી નિર્મળતા ? આ જ કે, 'હું રાજાઓના રાજા, દેવોના દેવ, ત્રણ લોકના નાથની સેવામાં છું. ત્યાં એમની સેવા અધવચ પડતી મૂકી એક નાના રાજ્યના રાજાની સેવામાં દોડી જવું એ રાજાધિરાજ પરમાત્માની અવગણના છે. પરમાત્માના ભક્ત થઈને એમની અવગણના ન કરાય.'

શું ? પરમાત્માના ભક્ત થઈને એમની અવગણના ન કરાય. તમે ભક્ત છો ને ? તો આટલી ધીરજ રહે ?

**પ્ર.**- અમે ભલે એટલા બધા ભક્ત નથી. પણ નીચેની પાયરીના ભક્ત તો ખરા ને ?

**ઉ.**- એનો અર્થ એ કે નીચેની પાયરીના ભક્ત અવગણના કરે તો ચાલે, એમ જ ને ? કહો તો ખરા કે **અવગણના કરે એ ભક્ત કહેવાય કે વિડંબક ?** બસ, દૃષ્ટિ જ સાફ નથી, એટલે પ્રત્યક્ષ ઉપકારી અને માન્ય એવા માતાપિતાની અવગણના કરવા છતાં જાતને એમના ભક્ત સુપુત્ર તરીકે માની લેવાય છે, પછી પરમાત્માની ય એમ જ મનાય એમાં નવાઈ શી ? નહિતર તો ભક્તપણું એટલે નક્કી હોય કે અવગણના ન જ કરાય.

**નસીબ પર શ્રદ્ધા રાખી ધર્મ ઉદ્યમ ન ચૂકાય :-**

**પ્ર.**- પરંતુ આ પેથડશા જેવા પ્રસંગમાં રાજાની આજ્ઞાનો અનાદર કરતાં ભય ન રહે ?

**ઉ.**- એટલે તેથી શું પરમાત્માની, બોલતા નથી માટે, અવગણના કરવી ? રોજ દર્શનપૂજા કરવા જાઓ છો એમાંથી શું મેળવ્યું ? સરવાળે આ જ ને કે સંસારના તુચ્છ કામ માટે પણ ભગવાનને પડતા મૂકાય ! માગવાનું તો આ છે કે 'પ્રભુ ! મને એવું બળ આપ કે તારો શુદ્ધ ભક્ત બનું. બન્યો રહું. કદી તારી અવગણના ન કરું. બીજું બધું તો લલાટમાં લખ્યું બનવાનું છે. અનિષ્ટ, મારુ અટકાવ્યું અટકવાનું નથી; કે ઇષ્ટ ધાર્યું મળવાનું નથી. તો શા સારુ એની પાછળ કૂચે મરી હાથવેંતની વસ્તુ તારી શુદ્ધ ભક્તિ ગુમાવું ? પેથડશાહમાં આ હતું નસીબમાં હશે તે થશે. દેવાધિદેવની અવગણના ન થાય. દૃષ્ટિની નિર્મળતા આ કે 'બહારનું બનવા અંગે લલાટ પર શ્રદ્ધા રાખવી; અને પ્રભુભક્તિ આદિ ધર્માનુષ્ઠાન કે વ્રત-નિયમ-તપસ્યા વગેરે જે **હસ્તગત છે,** એમાં ઉદ્યમ બગડવા દેવો નહિ.'



રાજાની અંદર જવાની ઈચ્છા જોતાં ચોકીદાર, કહે છે, 'મહારાજ ! માફ કરજો મંત્રીજીએ મને મનાઈ કરી છે તેથી અંદર ન જવાય તો સારું.'

**રાજા મંત્રીનું મિલન :-**

રાજા સ્તબ્ધ થઈ જાય છે કે 'મંત્રીનો પરિવાર કેવો વફાદાર !' પછી તો હસતો હસતો સંકેતથી નોકરને બાજુએ રાખી પોતે અંદર જાય છે. જુએ છે તો પેથડશાહ પ્રભુની પુષ્પોથી અંગરચના કરવામાં લીન છે. એક માણસ એમની પાછળ બેઠેલો એકેક ફૂલ આપતો જાય છે અને મંત્રી મોઢું ભગવાન તરફ જ રાખી હાથ પાછળ કરી ફૂલ લેતા જાય છે, ને આંગીમાં ગોઠવતા જાય છે. રાજા એ માણસને ઈશારાથી ઉઠાડી મૂકી પોતે ફૂલ આપવા બેસી જાય છે. ત્યાંસુધી પેથડશાહને ખબર નથી પડતી એટલા બધા એ પ્રભુની પૂજામાં લયલીન છે ! પછી જ્યાં રાજા ગમે તે એક ફૂલ આપે છે અને પેથડશાહ એ લઈ આંગીમાં ગોઠવવા જતાં એને અસંગત દેખે છે એટલે માણસે આવું ફૂલ આપવાની ભૂલ કેમ કરી એ જોવા જાય છે. ત્યાં રાજાને દેખાતાં આશ્ચર્ય પામી તરત ઊભા થઈ જાય છે. બંનેની આંખો મળતાં બંને હસી પડે છે.

મંત્રી ઔચિત્યથી હાથ જોડી પૂછે છે, 'આપ અહીં ક્યાંથી ?'

રાજા કહે છે, 'સહેજ તમારી પ્રભુભક્તિ જોવા,'

મંત્રી કહે, 'ભલે, પણ ફૂલ આપવાનું કામ તો આ તાલિમ પામેલા માણસનું છે; આપનું ન હોય. આપ બિરાજો અહીં બાજુના આસન પર.'

**નિષ્ઠાપૂર્વકની ભક્તિની અસર :-**

રાજા મંત્રીની એકાગ્ર નિષ્ઠાપૂર્વકની પ્રભુભક્તિ જોઈ દિંગ થઈ જાય છે ! ત્યારે મંત્રીની એકાગ્રતા કેવી કે રાજા આવીને ફૂલ આપવા બેસી જાય છે ત્યાંસુધી એમને એની ખબર જ પડતી નથી. પછી તો પૂજા પૂરી થયે મંત્રી બહાર આવી ખુલાસો કરે છે કે "દેવાધિદેવની પૂજાની આ વિધિ છે કે એને પ્રણિધાન સાથે કરવી જોઈએ." એટલે મારે નિયમ છે કે એમાં ભંગ ન કરવો. તેથી આપનો આદેશ આવેલો તે બજાવતાં આટલો વિલંબ થયો. હવે ફરમાવો, શી આજ્ઞા છે ?

રાજાને આ વસ્તુસ્થિતિ જોતાં સમજાઈ ગયું કે પેલા ભંભેરનારા કેવળ બિચારા ઈર્ષ્યાના માર્યા મને ચડાવતા હતા પણ આવો પરમાત્માનો ભક્ત ખોટું અભિમાન શાનો કરે ? મને બેવફા હોય જ કેવી રીતે ? પેથડશાહની દૃષ્ટિની નિર્મળતાની છાપ પડી જાય છે. **'લલાટે લખ્યું થશે. દેવગુરુની અવગણના ન કરાય.'** ધન, માન, આદિને એવું મહત્ત્વ ન અપાય કે જે આપણા આત્મહિતમાં બગાડો ઘાલે.

**પ્ર.**- તો પછી પેથડશાહ રાજાને જોઈ પ્રભુની આંગી કરતાં કેમ ઊભા થયા ?

ઉ.- એ ઔચિત્ય-વિનય છે. સમવસરણમાં ખુદ પ્રભુની હાજરીમાં મહર્દ્ધિક દેવ આવે ત્યારે એને જગા કરી આપવા ઊતરતી ઋદ્ધિવાળો દેવ ઊભો થઈ હાથ જોડી આગળ જગા કરી આપે છે. પ્રભુનો આ અવિનય નથી, ભક્તિ-ભંગ નથી, પરંતુ ખુદ પ્રભુના 'ઔચિત્ય-વિનય પાળવાના' આદેશનું પાલન છે. આજે ન સમજનારા માણસો ફરિયાદ કરે છે ને કે 'તમે કોઈ શેઠિયો આવે એને આગળ કેમ બેસાડો છો ?' પણ એમનો આ વિધાનની, આ ઔચિત્ય-વિનયની ખબર છે ? જિનેશ્વરદેવનો ભક્ત બુધ્ધુ, જડ કે અભિમાની ન હોય, કિન્તુ નમ્ર, સુજ્ઞ અને ઔચિત્યનો પાલક હોય. એ જો ચૂકે તો જાતની જ શું, ખુદ પ્રભુની હલકાઈ કરનારો બને.

**પ્ર.**- ધર્મમાં પૈસાને માન છે ?

ઉ.- જાણો છો ખરા કે તીર્થંકર ભગવાન જન્મ્યા પછી મેરુ પર્વત ઉપર જ્યારે દેવો પ્રભુનો જન્માભિષેક ઊજવે છે ત્યારે પહેલો અભિષેક કોણ કરે છે ? ત્યાં બોલી નથી બોલતી, બારમા દેવલોકનો અચ્યુત ઈન્દ્ર કે જે ત્યાં આવેલા બધા દેવોમાં સૌથી વધુ ઊંચી સમૃદ્ધિવાળો છે એ પહેલો અભિષેક કરે છે. ધર્મમાં પૈસાને માન ? ના, ઔચિત્યને માન, એવા ઔચિત્યનાં જ્યાં પાલન છે ત્યાં એ દેખી સામાને ધર્મ પર, પ્રભુ પર વિશેષ આકર્ષણ થાય છે અને એવી વિશેષ ધર્મપ્રભાવક દેવ-ગુરુભક્તિ કરે છે, સુકૃત કરે છે, કે જેથી અનેકોને એના લાભ સાથે મહાન કલ્યાણકર અનુમોદનાનો લહાવો મળે છે.

**પ્ર.**- પણ ઔચિત્ય-માન દેવામાં એ વિશેષ ઋદ્ધિવાળાને અભિમાન થાય તો ?

ઉ.- અભિમાન થાય તો ? એનું કમભાગ્ય, એનું અજ્ઞાન, બાકી સમજુને તો એમ થાય કે 'વાહ ! આ દેવ-ગુરુ-ધર્મ કેવા સરસ કે એમને માનનારાઓમાં આ જાતનું ઔચિત્યપાલન હોય છે !' એમ એ વિશેષ આકર્ષવાથી દેવ-ગુરુ-ધર્મની વિશેષ સેવા-ભક્તિ કરવા લાગશે. આમાં ખોટું શું છે ?

અસ્તુ પેથડશાહના આ એક પ્રસંગની નિર્મલ દૃષ્ટિની જેમ બીજા પ્રસંગોમાં કેવી કેવી નિર્મલ દૃષ્ટિ રાખવી જોઈએ એ વિચારી લેવા જેવું છે, દૃષ્ટિની નિર્મળતા લાવવા અને જાળવી રાખવા ખાસ આ ધ્યાન રાખો કે,

**પૈસાટકા-પરિવાર-પ્રતિષ્ઠા કે કાયાને બહુ મહત્ત્વ ન આપવું; કેમકે એ બહુ મહત્ત્વ આપવામાં પછી દૃષ્ટિ બગડે છે,- પ્રભુ ભૂલાય છે, ગુરુ સામાન્ય લાગે છે,**



'ધર્મ પછી; પહેલાં એ પૈસાટકા વગેરે;'-એવી કુમતિ રહે છે. ત્યાં પછી 'બાહ્ય બાબતમાં લલાટે લખ્યું બનવાનું;' આપણે સત્ પુરુષાર્થ જરાય ચૂકવાનો નહિ,'-આ ટેક ક્યાંથી રહે ? સર્વત્ર આ નિર્મળ દૃષ્ટિ શી રીતે જાગતી રહે ? એ તો જડને મહત્ત્વ ઓછું અપાય તો જ બને; સીતાજી એ જ કહી રહ્યા છે.

**'મન પર અંકુશ રાખવો' એ આત્મ-વિકાસનો માર્ગ છે.**

**મનોનિગ્રહ માટે (૧) જડસંયોગને મહત્ત્વ ન દો :-**

મનને મારવું, મનને આવેશ આંધળિયામાં ચડી જતું અટકાવવું. જડસંયોગને મહત્ત્વ ન આપવું. સીતાજી એ કહી રહ્યા છે. આટલી બધી ભયંકર પરિસ્થિતિમાં મૂકાવા છતાં જડને એવું મહત્ત્વ આપવાની વાત નહિ; રામ પર દ્વેષ ઊભરાવવાની વાત નહિ; ઝટ અસદ્ભાવ ઊભો કરવાની વાત નહિ. વિચારજો પરિસ્થિતિ કેવી સર્જાઈ છે, અને છતાં મન પર કાબુ કેવોક છે ! આ તો જ બને કે સુખમાં પણ મન પર અંકુશ રાખી છકી જવાયું ન હોય. **સુખમાં છક્યા તો દુઃખ વખતે શોક-પોકનો પાર નહિ !**

**સુખ અને દુઃખ બંનેમાં મન પર અંકુશની જરૂર છે.**

**(૨) હર્ષ-મદના પ્રત્યાઘાત વિચારો :-**

મન પર અંકુશ મૂકો એટલે મન મારો મન સારી સુખસગવડ-સંપત્તિ, અનુકૂળ ચીજ, માન, સત્તા, આબરૂ વગેરે મળવા પર હર્ષઘેલું થવા જાય, ઉન્માદમાં ચડવા જાય, મદ-અહંત્ત્વ કરવા માંડે, કે તરત એને દાબો; મન મારો, વિચારો કે 'મારાથી આ હર્ષ-મદ ઉન્માદાદિ ન કરાય, છાજે નહિ મને. એ ચંચળ છે. પુણ્યના ખેલ છે, સ્થિર ટકવાના નથી, પછી શા સારુ એ હર્ષ-મદ કરુ ? એના પ્રત્યાઘાત ભૂંડા છે, એની પાછળ મહા ઉદ્વેગ-નીસાસા-દીનતા વગેરેને આમંત્રણ છે; ભવાંતર માટે ચિકણાં પાપકર્મના બંધ પડી મહાદુઃખના એંધાણ છે. એવી ખતરનાક હર્ષઘેલછા, ઉન્માદ, મદ-અહંત્ત્વ ન ખપે મારે.' આવી વિચારણાથી મન મારવું, હર્ષોન્માદાદિ મોળા પાડવા, અટકાવવા, એ સુખમાં મન પર અંકુશ કહેવાય.

**(૩) સંસાર-નાટકમાં રોતડ નટ ન બનો :-**

દુઃખમાં મન બળાપો કરવા જાય, ખેદ-શોક-કચવાટ કરવા જાય, બીજાના પર રોષ-તિરસ્કાર-અભાવ કરવા જાય, એજ વખતે મન મારવું; મનને તેમ કરતાં અટકાવવું; મનને વિચાર આપવો,- 'શા સારુ સંતાપ-વલોપાત ? આ તો નિશ્ચિત પાપનાં ફળ; એ થોડા જ રોક્યા રોકાય ? **સંસાર છે એટલે પુણ્ય-પાપના વારા ચાલ્યા કરવાના. એમાં મારે નટડો બનવાની શી જરૂર, કે ઘડીમાં હર્ષઘેલો, ને ઘડીમાં રોતડના નાચ નાચું ?** ત્યારે બીજા પર રોષ પણ નકામો છે, ગેરવાજબી

છે, કેમકે એ તો બિચારો મારા કર્મ કુહાડાનો હાથો બન્યો છે. એના પર તો ભાવદયા વરસાવું, બાકી દ્વેષ-ખેદ-નીસાસા વગેરેના પ્રત્યાઘાત ખરાબ ! એમ, જીવનમાં બીજી સગવડ-અનુકૂળતાનો આનંદ મારી નાખશે; પાપકર્મનાં પોટલાં, બાંધી પરભવે ભારી દુઃખદ વિપાક ભોગવવા પડશે !... ઈત્યાદિ સમજ કરી મનને મારવાની જરૂર છે, ખેદ-દ્વેષાદિ અટકાવવાની જરૂર છે.'

**(૪) ધર્મધ્યાનમાં પલટો મારો :-**

સુખ-દુઃખ બંનેમાં મન ઈષ્ટ-અનિષ્ટના સંયોગ-વિયોગની ઝંખનામાં લીન બનતાં કોરું આર્તધ્યાન થાય છે. ડહાપણ હોય તો એ સંયોગ-વિયોગને કર્મની લીલા માની કર્મવિપાકના ધર્મધ્યાનમાં પલ્ટી નાખવું જોઈએ. વિચારાય કે 'હું તો સ્વરૂપે નિર્લેપ-નિર્વિકાર શુદ્ધ જ્ઞાનમય અરૂપી આત્મા છું. આ તો કર્મનો લેપ લાગ્યો છે, એના આ વિપાક છે. જીવ એમાં હવે તું નાહક રાગ દ્વેષ હર્ષ-ખેદ વગેરેના વિકાર વહોરીશ નહિ. કર્મના તંત્રમાં આ દખલગીરી નકામી છે. ખરું તો કર્મરહિત બનેલા પરમાત્માનું, શરણ પકડી એમના આદેશને એમના વિધિ-નિષેધને અનુસરવાનું કરવાનું છે. બાકી આ તો શું, પણ જાલિમ કર્મના વિપાક તો આથીય ભયંકર હોય છે.'

**(૫) મન પર હક વિચારી કાળું ન થવા દો :-**

બીજો એક મન પર અંકુશ આ જરૂરી છે કે મન આવેશમાં ચડી ઉદ્ધત બોલ કે નિંદા ગળે લાવે, હઠાગ્રહ મંડાવે, બીજાની ઈર્ષ્યા કરાવે, વેર-ઝેર-અસહિષ્ણુતા-ધમપછાડા કરાવે, રોફ, રોષ, તીવ્ર આસક્તિ-તૃષ્ણા જગાવે, મિથ્યા માન્યતા-સિદ્ધાન્ત-હિસાબ ઊભા કરે, વગેરે વગેરેને અટકાવવા મન મારવું. મન પર પાકો દાબ મૂકી દેવો કે આ બિલકુલ નહિ બને, બહુ કર્યું એ; હવે બસ હવે તો જડ જગત આખા કરતાં પહેલાં મારા આત્માને સંભાળુ, એને મલિન ભાવોથી કાળો બનતો અટકાવું, અને ક્ષમા-દયાદિ ખાસ કેળવું. તાકાત શું છે મનની કે એ કાળું બને ? મન મારું છે, હું એને મારી ધારણા મુજબ ચલાવું. એને રોષ, ને રોફ, ને ઈર્ષ્યા, ને અહંકાર યથેચ્છપણે ન કરવા દઉં. હવે તો ક્ષમા, દયા, લઘુતા, ગુણાનુરાગ વગેરેનો જ ખપ રાખું. આવી આવી ગડમથલથી મનને મારવાનું.'

**(૬) તત્ત્વસમજ જીવંત રાખો :-**

દૃષ્ટિ સાફ અને મન પર અંકુશ, આ બે મહાન ઉપાયથી આત્મવિકાસ ધપાવ્યે જવાનો. સીતાજી જંગલમાં ગર્ભિણી અવસ્થામાં એકલા અટુલા તરછોડાઈ જવાના પ્રસંગમાં મૂકાવા છતાં મન પર કેટલો બધો અંકુશ રાખી રહ્યા છે કે લગ્ન પછી વરસો સુધી એકધારી જેની આમન્યા વિનય અદબ ઉઠાવી છે, એ રામ હવે



આમ તરછોડી દે છે. છતાં એમના પર મનમાં દ્વેષ-નફરત-તિરસ્કાર નથી ઊઠવા દેતા ! શું કામ ઊઠવા દે ? એમણે તત્ત્વસમજનો સહારો જીવંત રાખ્યો છે કે આ બધું કરાવનાર પોતાનાં દુષ્ટ કર્મ છે. આવી ભયંકર કપરી સ્થિતિ ઊભી કરવામાં જવાબદાર એ છે. પછી દોષ એને દેવાય, સ્વામીને શા માટે ?

**જેને ઊંચે ચઢવું છે એને તત્ત્વાનુસારિતા ગુણ એમાં સહાયક છે.** એ સહાય પડતી મૂકો, પ્રસંગ કે વસ્તુના સચોટ તત્ત્વને બદલે ઉપલકિયા સ્વરૂપની ઓથ પકડો તો ઊંચે ચઢવાનું પડ્યું રહ્યું સમજો ! એ તો નીચે પડવાનું જ કરાવે દા.ત. અહીં ઉપલક દૃષ્ટિ તો એ જ દેખાડે કે 'રામનું આ વિશ્વાસઘાતનું પગલું છે. એ દ્રોહ કરી રહ્યા છે.' એ દૃષ્ટિ પાછળ એમના પર હાડોહાડ દ્વેષ જાગે, તિરસ્કાર જ છુટે, કલ્પાંત જ થાય, હાયવોયનો પાર ન રહે ! 'હવે હું શુનું શું કરી નાખું' એવા ઉગ્ર દુર્ધ્યાનમાં ચડવાનું થાય. ત્યારે તત્ત્વને અનુસરવામાં એમાંનું કશું નહિ, કોઈ અનુચિત વિચાર-વિકલ્પ નહિ. પ્રભુ પાસે રોજ 'ભવનિવ્વેઓ' પછી 'મગ્ગાણુસારિઆ' માગીએ છીએ એનો અર્થ આ જ તત્ત્વાનુસારિતા છે. 'વસ્તુના તત્ત્વને અનુસરો, સાચી વસ્તુસ્થિતિ જ નજર સામે રાખો. એના આધાર પર જ વિચાર-વાણી-વર્તાવ પ્રવર્તાવો;' એ ઉપદેશ છે; જીવન સુખદ જીવવાની, સંકલેશ વિનાનું જીવવાની સલાહ છે. એથી જ વલોપાત-દ્વેષ-તિરસ્કારાદિ ક્લેશથી બચી જવાશે.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૪,અંક-૩૩,તા.૭-૫-૧૯૬૬**

સીતાજી દૃષ્ટિ એવી તત્ત્વાનુસારી રાખી, નિર્મળ રાખી, દ્વેષાદિથી બચી રહ્યા છે, અને સેનાપતિને કહે છે, 'જાઓ ભાઈ ! સ્વામીનો આમાં દોષ નથી, કે તમારો દોષ નથી. દોષ તો મારાં પૂર્વકૃત કર્મનો છે. તમારે કાંઈ જ દુઃખ કરવાને કારણ નથી !'

સેનાપતિ હવે જતાં પહેલાં પૂછે છે કે 'સ્વામીને કાંઈ કહેવરાવવું છે ?'

**સીતાને રામ પર બળતરા નથી :-**

અહીં તો જ્યાં રામ પર દ્વેષ જ સળગી ઊઠ્યો નથી, પછી એ બળતરા શા સારુ હલાવવાની હોય કે 'કહેવરાવી મૂક્યા છે ! સાવ મારી નાખ્યા પછી હવે શું કહેવરાવવાનું રહ્યું જ છે ?' ના, ખોટી બળતરા જ નથી, પછી બળતરાના ઉદ્ગાર શાના હોય ? અવસરે આપણે જો એવા ઉદ્ગારનો અગ્નિ ઠાલવીએ છીએ, તો સમજવું કે એની પાછળ દિલમાં ભારે બળતરા છે. તત્ત્વાનુસારિતા, સાફ દૃષ્ટિ

અને મન પર અંકુશ એનાથી બચાવી લે છે.

હવે અહીં સેનાપતિની માગણી પર સીતાજી રામના હિતાર્થે એક સંદેશો મોકલવાનો અવસર જુએ છે. એ એવો સંદેશ છે કે જે રામને જઈને સંભળાવવામાં આવશે ત્યાં એ એમને ભારે પશ્ચાત્તાપમાં મૂકી દેશે ! મનને થશે કે' હાય ! આવા મહાન આત્મા પ્રત્યે મેં કેવું હીચકારું કૃત્ય કરી નાખ્યું ? કેટલો હું દ્રોહી ? વિશ્વાસઘાતી ? પાપાત્મા ? લાવ, લાવ, સીતાને પાછી બોલાવી લઉં.' આટલી સળગતા પશ્ચાત્તાપની સ્થિતિએ લઈ જનાર સીતાજીનો એ સંદેશો કેવોક જાણે મંત્રમય હશે ?

**બોલ કાઢીએ તે એવા હોય, કે** સામાને હૃદયવેધી બને, અને એને પોતાની ભૂલ તરફ દૃષ્ટિપાત કરાવી એનો પાકો પશ્ચાત્તાપ જગાડે !

**ક્યારે એવા બોલ નીકળે ?**

ત્યારે જ, કે આપણા સ્વાર્થ યા સ્વાર્થભંગનો વિચાર બાજુએ મૂકી સામાના હિતનો, સામાનું ભલું થવાનો વિચાર આગળ થાય.

**પરના ભલાના વિચાર વિના પરને સારી અસર કરે એવા બોલ કાઢવાનું મુશ્કેલ છે.** જીવન-અનુભવ તપાસી જુઓ તો ખબર પડશે કે આપણી સ્વાર્થાંધતાના વિચારના પાયા પર તો કેવા અજુગતા બોલ, સામાને દુઃખ, દુર્ભાવ તથા આવેશ કે હીનતા વગેરે ખરાબ અસર કરનારા નીકળે છે ! છોકરા પાસે પાણી માગ્યું કે એને કાંઈ કામ ચીંધ્યું, અને એણે ન કર્યું, તો ભડાકો કરો છો કે નહિ ? આ સાસુ-વહુના ઝગડા શાના ઉપર થાય છે ? મોટા ભાગે અજુગતા બોલ ઉપર. વહુ મોડા ઊઠ્યા, સાસુ જો ડામે કે 'કેમ ? બાપના ઘરે રહ્યા લાગો છો ? સવારના ઊઠતાં જ એ સાંભળતાં વહુને કેવું લાગે ? પણ જો કહે કે 'મોડું થયું ? ચિંતા કરશો નહિ, કોકવાર મોડું ય થાય. ચાલો આપણે બંને ઝટ ઝટ કામ પતાવી દઈએ.' તો વહુના દિલ પર કેટલી બધી સારી અસર થાય ? છોકરે ન ગણકાર્યું એને જો કહેવાય કે 'ભાગ્યવાન ! હજી તો તારે ઘણું આગળ વધી મહાન થવાનું છે. એ માટે અત્યારથી સચેતના, સ્ફૂર્તિ, હોશિયારી, વિનય, વગેરેનો અભ્યાસ રાખીશ, તો સારું આગળ વધાશે.' આવું જો કહો તો એને શું સારી અસર ન કરે ?

**અનુપમાની સાધુભક્તિ :-**

વસ્તુપાલ-તેજપાલના ઘરે સાધુ વહોરવા આવ્યા, અહીં રાજા વીરધવલને કોકે ભંભેરણી કરી કે આ આપના વણિક મંત્રીઓ આપને ભોજનનો થાળ મોકલે છે પણ તે આપને વટલાવવા એંઠો કરીને મોકલે છે. રાજા સંન્યાસીના વેશે જોવા આવ્યો છે કે 'જોઉં તો ખરો કે થાળ કેવો ભરે છે !' એ બહારમાં રહી અંદર



જોતો ઊભો છે અને અનુપમાદેવી સાધુને વહોરાવે છે. કોણ વહોરાવે છે ? 'મહારાજ ! મહારાજને વહોરાવી દેજો' નહિ; નોકર કે દાસી નથી વહોરાવતી. ઘરમાં સર્વમાન્ય તેજપાલ-પત્ની અનુપમા વહોરાવે છે ! વહોરાવતાં પાતરાની બહાર ઘી લાગ્યું. તરત અનુપમા પોતાની સાડીના પાલવથી લૂછી નાખવા જાય છે !

રસોઈઓ બોલી ઊઠે છે, 'અરે ! અરે ! બાઈસાહેબ ! આપની કિંમતી સાડી બગડશે !'

અનુપમા કહે છે, અરે મૂર્ખ ! તેલી (ઘાંચી) ના ભવમાં તેલીની પત્ની થઈને તો ઘણાય કપડા તેલિયા કર્યા ને ઓઢ્યા, પણ કાંઈ ઉદ્ધાર ન થયો. આપણાં અહોભાગ્ય ક્યાંથી કે આવા મહાપવિત્ર નિષ્પાપ મુનિમહારાજનું પાત્ર આપણાં કિંમતી કપડાથી લૂછવાનું મળે ?' રસોઈઓ શેઠાણીનું મુનિ-સન્માન જોઈ તાજુબ થઈ ગયો !

રાજા આ સાંભળી રહ્યો છે. એટલામાં સાધુ કહે છે અનુપમાને, 'રાખો રાખો તમારું કપડું ન બગાડો.'

ત્યારે અનુપમા જે બોલ કાઢે છે, એ જુઓ કે રાજાને કેવી અસર કરી જાય છે ! અનુપમા હૃદયનો ભાવ ખોલે છે, કહે છે

**અનુપમાના જુગતા બોલ :-**

'ભગવંત ! માથે દેવાધિદેવ અરિહંત પ્રભુ આપ સરખા ત્યાગી મુનિમહારાજો, જૈનધર્મ અને મહારાજ વીરધવળ જેવાની કૃપા મળી છે, પછી શી ખોટ છે ? સાડી શી વિસાતમાં છે ?' કહેતાક એણે તો સાડીથી પાત્ર લૂછી નાંખ્યું.

અહીં કાંઈ રાજા હાજર રહેવાની ગંધ પણ નથી. એટલે રાજા જુએ છે કે 'અહો ! પરોક્ષમાં પણ આ મંત્રી પત્ની મારી કૃપા માને છે ! તો પછી એ મને મોકલવાનો થાળ એંઠો કરીને મોકલે એ વાત કેટલી બધી વાહિયાત છે ! મંત્રી વિરુદ્ધ ભંભેરણી કરનારા જુઠ્ઠા છે. ઈર્ષ્યાથી બળી રહ્યા ખોટા બોલ બોલે છે,'

રાજાના મનમાં ઊભો થયેલો વસવસો શાંત પડી ગયો. શાના ઉપર ? અનુપમાદેવીના જુગતા બોલ ઉપર. ત્યાં જ જો નથી ને અજુગતાં વેણ નીકળ્યાં હોત, તો ગુપ્તવેશમાં આવેલ રાજા સાંભળી જાત; અને એનો કદાચ કેટલો અનર્થ મચત ? અરે ! રાજા હાજર નહોત અને બીજો કોઈ સાંભળીને એ જઈને રાજાને પહોંચાડત તો પણ અનર્થ થાત કે નહિ ?

આપણે કોઈની નિંદા કે એવા અજુગતા બોલ બોલતાં એમ સમજીએ છીએ કે આ તો હું ખાનગીમાં વાત કરું છું, ક્યાં પેલો સાંભળવાનો છે ?' પરંતુ એ

ભાન ભૂલી જઈએ છીએ કે જેને કહીએ છીએ એ જ કે બાજુનો સાંભળનારો કોઈ કારણસર આપણાથી જરા અકળાયો ને તે ધણીને જઈને વાત કરે કે 'આ ભાઈ તમારા માટે આમ કહેતા હતા અગર એમણે આવેશમાં કે હસા-મશ્કરીમાં આવા અજુગતા બોલ કાઢેલા,' તો એની સામા પર કેવી અસર પડે ? ખરાબ જ ને ?

**મુનિમના અવિવેકી બોલ :-**

એક શેઠ ને મુનિમ ચાલ્યા આવતા હતા. રસ્તાની એક શેરીમાં એક એમના દેવાદાર માણસે ઉઘરાણીથી કંટાળીને ઝગડો માંડ્યો, અને ગુસ્સામાં શેઠની પાઘડી ઊછાળી નાઠો. શેઠ તો ગમ ખાઈ ગયા, અને અવસરે એને સીધો કરવાનું એમણે ધારી રાખ્યું, પણ મુનિમે શેઠના ઘરે આવી માડી કે 'જુઓને આ પેલાની નાલાયકી ! શેઠની બિચારાની પાઘડી ઊછાળી,' ત્યાં જ નહિ પણ બજારમાં ય એકને મોંઢે, બીજાને મોંઢે આ કહ્યું. તેથી લોકમાં હાંસી થઈ કે 'શેઠ કેવા નમાલા !' શેઠનો કેવો પાવર ઊતારી નાખ્યો ! ભાઈ ! એ તો શેરના માથે સવાશેર મળે ત્યારે ખબર પડે...' આ હાંસી-હલકાઈ શાના ઉપર ? મુનિમના અજુગતા બોલ ઉપર. નહિતર એણે મૌન રાખ્યું હોત, તો આ હતું કાંઈ ? શેઠ તો સમજતા હતા કે રસ્તા વચ્ચે ઢેડની સામે ઢેડ ન થવાય. અને અહીં બીજું પરાયું કોણ જોવા આવ્યું છે ? શા માટે નાદાન સાથે ઊકળવું ? એ તો અવસરે વાત ! અને બરાબર અવસર આવતાં પેલા ભાઈને તેવી કાંક જરૂર પડતાં શેઠ પાસે એ આવ્યો, વિનવે છે, ત્યારે શેઠે બરાબર પકડમાં લીધો, અને એને ચાર વેપારીઓની વચમાં ભારોભાર પશ્ચાત્તાપ કરતો અને માફી માગતો કર્યો. નાહક અજુગતા બોલ કાઢ્યેથી શું વળે ? તેમ એમાં શોભાય શી ?

ઊલટું દિલ પર અંકુશ રાખી આવેશને કે સાહસને રોકી ઠંડકથી જુગતા બોલ, છાજતી વાણી, ઉચ્ચારવામાં શોભા રહે છે, યશ મળે છે, સામા પર અને બીજાઓ ઉપર સારી અસર પડે છે. આપણું મન પછી પણ શાંત, સ્વસ્થ અને ખુશનુમાં રહે છે. બાકી અજુગતા બોલના તે પછી પશ્ચાત્તાપે ય ભારે !

**બુદ્ધિલાલ અને એનો છોકરો :-**

એક નગરમાં એક વેપારીને ત્યાં એક બુદ્ધિલાલ નામનો માણસ નોકરીમાં હતો. એની હોશિયારી જોઈ વેપારીએ એને આગળ વધાર્યો, સેલ્સમેન બનાવ્યો, યાવત્ ભાગીદારીમાં લીધો. વેપારી જરા મગજનો પાવરવાળો હતો, પણ આ સમજતો કે આપણે તો બહાર એક વેપારી તરીકેની ખ્યાતિ અને સારી કમાઈ સાથે નિસ્બત છે ને ? માટે આ વેપારીનો પાવર નભાવી લેવાનો, બરદાસ્ત કરી લેવાની ! એટલે એની પાવરની એ બહુ ગણતરી રાખતો નહિ.



**છોકરાના અજુગતા બોલ :-**

એક વાર એવું બન્યું કે બુદ્ધિલાલનો મોટો છોકરો દુકાન પર બેઠો હશે ને પેલા વેપારી શેઠે કંઈક રોફથી વાત કરી. આ છોકરાને સહન થયું નહિ, તે શેઠને કહે છે,

'શેઠ ! જરા ધીરા પડો. આ દુકાન તો મારા બાપુજીની હોશિયારી પર ચાલે છે. મારા બાપુજી અહીં ન હોત તો આપ દેખત કે ટટ્ટુ કેટલું ચાલે છે.'

બસ, પેલા વેપારીને આ શબ્દોએ હાડોહાડ અસર કરી તરત એણે નિશ્ચય કરી બુદ્ધિલાલને બોલાવી કહી દીધું કે 'આપણે ભાગીદારી બંધ કરી દેવાની છે, માટે બધું સરવૈયું કાઢી નાખો. તમારા ભાગની કમાઈ લઈ છૂટા થઈ જાઓ.'

**બાપના જુગતા બોલ :-**

બુદ્ધિલાલે કારણ જાણ્યું, શેઠને કહે છે, 'શેઠ ! છોકરો નાદાન છે. બોલવાનો એને વિવેક નથી આપ મોટા પુરુષ છો. આપે જ મને આજ સુધી ઊંચે લાવવાનું કર્યું છે. અક્કલહીન છોકરાની ભૂલ ક્ષમા કરો. એ તો બેવકૂફ છે. એને આપના મારા પરના અને મારા કુટુંબ પરના અથાગ ઉપકારની કિંમત નથી, એટલે ભારોભાર કૃતજ્ઞતા માનવાને બદલે નાલાયક થઈ કૃતઘ્નતાનું બોલી ગયો છે, પણ મારે આપના આજ સુધીના મહાન ઉપકારની રૂએ આપને છોડવા નથી.' કહીને પોતાના છોકરાને સમજાવી લાવી શેઠના પગે પાડી માફી મંગાવી મુનિમના જુગતા બોલ પર શેઠનો ગુસ્સો શાંત થઈ ગયો.

હવે જુઓ છોકરાના અજુગતા બોલ પર શેઠે જો ભાગીદારી છૂટી કરી નાખી હોત, તો એક મોટી આબરૂદાર પેઢીના ભાગીદાર વેપારી તરીકેના દરજ્જા પરથી બુદ્ધિલાલને હેઠા ઊતરી જવું પડત ! પરંતુ બુદ્ધિલાલના કૃતજ્ઞતા દર્શાવતા યુક્તિયુક્ત બોલ પર શેઠે ખુશ થઈ ભાગીદારી ચાલુ રાખી. અજુગતા અને જુગતા બોલનાં કેવાં પરિણામ !

**સાચું બધું બોલવા યોગ્ય નહિ :-**

આમાંથી એ પણ સમજવાનું મળે છે કે હકીકત સાચી પણ હોય છતાં બધી બોલવા લાયક નથી હોતી. વાત સાચી હતી કે બુદ્ધિલાલની આવડત પર વેપાર ધમધોકાર ચાલતો હતો, છતાં છોકરે કહ્યું તે કહેવા લાયક નહિ, અજુગતુ કહ્યું. માટે જે લોકો એવો દાવો રાખે છે કે 'આપણે તો સાચું હોય તે કહી નાખીએ. કોઈની શરમ-બરમમાં પડીએ નહિ,' આ દાવો ખોટો છે. ઘણીએ સત્ય હકીકત બોલવા જેવી નથી હોતી. સત્ય બધું કહી નાખવાનો આ દાવો રાખનારાને પૂછો કે તમારો છોકરો પ્રસંગે જો તમને કહે કે 'બેસોને અભિમાન રાખવું ? કમાઈ લાવો

છો તેથી શું ? ઓછી કમાઈમાં આ મારી બા જો કુશળ રીતે આખા ઘરનું સૂત્ર કરકસરથી ન સંભાળનારી હોત તો ખબર પડત કે કોનું કેટલું મહત્ત્વ છે ?' આવું તમને કહે તો છોકરાના એ બોલ તમને કેવા લાગે ? શું એ ખોટું કહે છે ? ના, વાત તો સાચી કહે છે, છતાં છોકરાના એ સત્ય પણ બોલ તમને અજુગતા બોલ લાગે ને ? એ જ સૂચવે છે કે સાચું બધું કહી નાખવા જેવું નથી હોતું. સત્ય બોલ પણ અજુગતા હોઈ શકે છે. માટે તો સત્ય બધું કહેવાનો દાવો રાખનારો પણ પોતાની અને પોતાની પત્નીની કેટલીય સત્ય હકીકત બહાર નથી કહેતો. એમ સાચું પણ કેટલુંક રાજ્યવિરુદ્ધ નથી બોલાતું.

એમ કોઈ ઉદારતાથી જમણ કરે, બીજાને નોંતરે, અને બધાના જમતાં જમતાં એમ આ બોલે કે 'જુઓ ભાઈ ! આ હું તમને બધાને ઉદારતાથી ખવરાવી રહ્યો છું,' તો એ કેવું લાગે ? કહો ને, જમનારા સ્વમાનવાળા હોય તો ત્યાંજ ઊભા થઈ ચાલવા માંડે ચાલવા ! માટે હકીકત સાચી છતાં આ બોલ અજુગતા. ત્યારે ત્યાં બોલવું હોય તો જુગતું એ બોલાય કે 'જુઓ ભાઈ ! આ આપ સૌએ અત્રે પધારી મને અનુપમ લાભ આપી મારા પર બહુ ઉપકાર કર્યો છે. તો કૃપા કરી મીઠાઈનો સારી રીતે લાભ આપવામાં સંકોચ કરશો નહિ.'

યોગ્ય બોલની બલિહારી છે. મોટી લડાઈઓમાં દૂતના જુગતા બોલ પર સંધિ થઈ જાય છે. પરાપૂર્વથી ચાલ્યા આવતા વૈર ઉચિત બોલની ઉપર શમી જાય છે. બે રાજપુતનો પ્રસંગ જુઓ.

**બે રાજપુતનો પ્રસંગ :-**

એક નગરમાં રાજપુત મામા-ફોઈના બે દીકરા વચ્ચે અદાવત થઈ, તે વધી પડતાં ફોઈના છોકરાએ મામાના છોકરાનું ખૂન કરી નાખ્યું. પછી પોતે કુટુંબ સાથે ભાગીને બીજા રાજ્યમાં જઈ વસ્યો. ત્યાં કાળે કરીને એ મરણ પામ્યો અને એનો હોશિયાર છોકરો રાજાનો મંત્રી બન્યો.

આ બાજુ મામાના છોકરાના છોકરા મોટા થતાં એમને ખબર પડી કે 'અમારા પિતાજીનું ફોઈના છોકરાએ ખૂન કરી નાખ્યું હતું, અને હવે એનો દીકરો બીજા રાજ્યમાં મંત્રી બની બેઠો છે' બસ. પિતાના ખૂનનું વૈર વાળવાની એમને બુદ્ધિ જાગી, તે સંગીતકારનો સ્વાંગ સજી બંને આ રાજ્યમાં આવ્યા; અને રાજાને પોતાની સંગીતકળા દેખાડી. એટલે રાજાએ એમને રોકી લીધા.

હવે એ મંત્રીનું ખૂન કરવા લાગ શોધે છે, પરંતુ એ પોતાનો સ્વચ્છ હૃદય, જુગતા બોલ તથા ઉચિત વ્યવહારથી એટલો બધો રાજાને માન્ય અને લોકને પ્રિય છે કે હજુરિયા સાથે ને સાથે હોઈ આમને કોઈ લાગ મળતો નથી.





**સ્વચ્છ હૃદય અને ઉચિત બોલ-ચાલ** માણસને કેટલું બધું સંરક્ષણ આપે છે ! શ્રીપાલકુમાર માણસને કેટલું બધું સંરક્ષણ આપે છે ! શ્રીપાલકુમાર સામે ધવળ શેઠ ઘણું ય મથતો, પણ પાછો પડતો. શ્રીપાલને નવપદની સાધનાએ અને પૂર્વના સંસ્કારે એવું સ્વચ્છ હૃદય અને ઉચિત વાણી તથા વ્યવહાર શીખવી દીધા હતા, કે એ મન બગાડતો નહિ. તેમાં અંતે ધવળ જ પોતાના પ્રપંચમાં કમોતે મર્યો !

અહીં બે ભાઈ ગવૈયાઓને લાગ મળતો નથી, એટલે એક વાર ઊકળી જઈને મંત્રીને કહે છે, 'અમે તારા ભાઈઓ છીએ. તારો બાપ અમારા પિતાજીનું ખૂન કરી અહીં ભાગી આવ્યો, અને હવે તું બધાની વચમાં રહીને બહાદુરી હાંકે છે ! પરંતુ ગામબહાર એકલો આવ, તો તને બતાવી આપીએ. તને માર્યા વિના નહિ છોડીએ; ત્યાં બતાવજે તારું પરાક્રમ !'

મંત્રી કહે છે, 'આજ સાંજના ગામ બહાર મંદિરે એકલો આવીશ' શું મંત્રીએ સાચું કહ્યું કે માયામૃષા ? સાચું જ. શું સમજીને આમ કહે છે ? એ આગળ સમજાશે માટે ઝટ કલ્પનામાં ન દોડતા, તે એમની કાયરતા હશે, યા લડીને પેલા બેને ખત્મ કરવાના પરાક્રમનું ગુમાન હશે, કે પ્રપંચથી પછી પેલા બંનેને પકડાવી દેવા હશે, મંત્રી એક મહાન આત્મા છે. **મહાનની પ્રવૃત્તિ મહાન આશયવાળી હોય છે.** એને અધમ આત્માઓ સમજી શકતા નથી, તેથી કુકલ્પના અને ગલત હિસાબ માંડે છે. મહાત્માઓના મહાન આશયને સમજવા આપણે પણ થોડા મહાન બનવું જોઈએ છે. એટલા જ માટે મહાન આચાર્યોના શાસ્ત્રવચનનાં રહસ્ય-સદ્ભાવ સમજવાનું ત્યાગી-વિરાગી ગંભીર મુનિઓ વગેરે કરી શકે છે. તે ગમે તેટલા બુદ્ધિમાન પર શ્રદ્ધા તથા વૈરાગ્ય વિનાના સાક્ષરો ય કરી શકતા નથી.

**ઉચ્ચના આશય સમજવા માટે ઉત્તમતા જોઈએ.** રંગરાગ, જડની આંધળી આસક્તિ અને પક્ષપાત આ ઉત્તમતાને ન આવવા દે. ક્રોધાન્ધ માણસ ક્ષમાશીલના ઉચ્ચ આશય શું સમજી શકે ? કામાન્ધ જીવ બ્રહ્મચારીના ઉત્તમ સંવેદનને શું પરખી શકે ? સ્વાર્થલંપટને પરોપકારીના દિલની શી ખબર પડે ? મોહમૂઢ આત્માને તત્ત્વદૃષ્ટિવાળા ઉત્તમ આત્માઓના ઉદાર ગંભીર આશયને શી ગમ પડે ? એવા બધાના ઉચ્ચ આશયો સમજવા માટે જાતે એ ક્ષમા-બ્રહ્મચર્ય-પરાર્થકરણ-તત્ત્વદૃષ્ટિ વગેરેના ખપી બનવું જોઈએ.

**પ્ર.**- ક્ષમાદિના ખપી ન બન્યા તો જીવનમાં શી ખોટ આવી જાય છે ?

ઉ.- ખોટ બીજી તો પછી પણ પહેલું તો ક્રોધાન્ધ વાઘવરુ, કામાન્ધ ગદ્ધા-ગદ્ધી, સ્વાર્થાંધ શિયાળ-શિયાળણ, મોહમૂઢ કબૂતરા-કબૂતરી, માનાંધ સાંઢ, ઈર્ષ્યાન્ધ કૂતરા-કૂતરી વગેરે પશુનાં જીવન માનવ-અવતારે જીવવાનું થશે ! માનવભવે મળેલી વિશિષ્ટ બુદ્ધિશક્તિનો ઉપયોગ જો એ અંધતાઓમાંથી બહાર નીકળી **ક્ષમા-બ્રહ્મચર્યાદિની ભવ્યતા વિચારવામાં કરવો નથી, તો પશુતાની આવૃત્તિ કે હરિફાઈ જ રહીને ?** માનવ જીવનમાં આ ઓછી ખોટ છે ? થોડી ખોટ છે કે સરાસર બરબાદી છે ? સારું ધન ભેગું કર્યું. ખાધું પીધું ભોગવ્યું અને માન-સન્માન લીધાં, એથી શું વળ્યું ? મહારાણીનો કૂતરો ય એ કરી શકે છે. એના માટે ય રાણીના વીલમાં વારસો હોય છે. માટે એમાં ડૂબી ન જતાં વિશિષ્ટ બુદ્ધિશક્તિ, વિવેકશક્તિ અને પુરુષાર્થશક્તિનો સદુપયોગ કરી લો.

**પેલા બે ભાઈઓ** સાંજ પડ્યે ગામ બહાર મંદિરે હોંશમાં ને હોંશમાં પહોંચી ગયા, શાની હોંશ ? આજે બાપ મરાયાનું ખુનીના છોકરા પર વૈર વાળવું છે ને ? કેટલી અધમ મનોદશા ! રોજ ગિરોળી માખી ઉપર, કે બિલાડી ઉંદર પર તાકતી રહે, અને શિકાર હાથમાં આવતો લાગે છે એટલે હોંશ આવી જાય, એવી પાપીષ્ઠ મનોદશામાં આ બે ભાઈઓ રમી રહ્યા છે ! વૈર કેટલી બધી ભયંકર ચીજ છે ! કાર્ય તો કોને ખબર ક્યારેય થાય, પરંતુ વૈરબુદ્ધિમાં સમયે સમયે લખલૂટ પાપકર્મ બાંધ્યા કરે !

**કર્મ બંધાવામાં ઉધારો નથી.** જે જે સમયે જીવ જેવા શુભ કે અશુભ ભાવમાં વર્તતો હોય, તે તે સમયે જ જીવ તેવા તેવા શુભ કે અશુભ કર્મ બાંધે છે. 'ઉપદેશમાલા' કાર આ કહે છે,-

**'जं जं समये जीवो आविसइ जेण जेण भावेण ।**
**सो तंमि तंमि समये सुहासुहं बंधए कम्मं ॥'**

કર્મબંધનો ઉધારો નથી. જેવો ભાવ તેવાં કર્મ એ જ સમયે આત્મા પર ચોંટી જાય છે. કપડા પર તેલનો ડાઘ છે કે તરત જ ક્ષણે ક્ષણે વાતાવરણમાંથી રજ ખેંચે જ છે, કપડા પર ચિટકે જ છે. રાગ-દ્વેષાદિ એ પણ આત્મા પર ચિકણાં તેલ જેવા છે, ઝટ કર્મરજને ખેંચી આત્મા સાથે એકમેક કરી દે છે.

બે ભાઈઓ ખૂનની ભાવનામાં લાંબો કાળ રમી રહ્યા હતા. હવે ધાર્યું બતાવવાની હોંશમાં છે. એમાં વળી મંત્રીને એકલો મંદિર તરફ આવતો જોઈ વધુ ખીલ્યા ! 'વધુ ખીલ્યા' એટલે ? અતિ કાળી લેશ્યામાં ચઢી પૂર્વ કરતાં પણ ઉગ્ર પાપકર્મથી બંધાઈ રહ્યા છે ! પણ વૈરના અંધાપામાં એમને જોવું છે ક્યાં ?

મંત્રી મંદિરે આવી પહોંચ્યો એટલે પેલા ભાઈઓ જૂનું પુરાણ ઊકેલે છે,



મંત્રીને દબડાવે છે, તલવાર ખેંચી કાઢે છે. પણ એટલામાં દૂરથી કોઈ સ્વાર અને બે ઘોડા દોડતા આવતા જુએ છે, એટલે તરત મંત્રીને કહે છે, 'હેં દગો ? એકલો આવવાનું કહી પાછળથી ઘોડેસવાર લાવવાનો પ્રપંચ ખેલ્યો ?'

મંત્રી કહે છે 'ના, જરાય નહિ.'

'ત્યારે આ શું છે ?' એટલું કહે એટલામાં તો મંત્રીની પત્ની જ એ બે ઘોડા સાથે આવી પહોંચી જોઈ ! ક્ષણભર એ આભા બની ગયા ! કે 'આ શું' પૂછે છે, 'કેમ તમે આવ્યા ? ધણીને ભગાડવા અને જાતે ભાગવા આ બે ઘોડા લાવ્યા ? પણ ધ્યાન રાખો કે અમારા પિતાજીના ખૂનીના દીકરાને અમે માર્યા વિના રહેવાના નથી.' અજ્ઞાનીઓ મહાન આત્માના આશયને ક્યાંથી સમજી શકે ?

**આત્માની સાબીતિ :-**

મંત્રીપત્ની કેમ આવી ? મંત્રીને ખબર નથી એમ નહિ; કેમકે મંત્રીએ ઘરે એને વાત કરી છે. પણ તેથી એ ગભરાઈ ગઈ નથી. પત્ની કોની ? મોટા મનના મંત્રીની છે ને ? એ ય એવા મોટા મનવાળી છે.

**આવી પત્નીનો શું, પુત્રનો શું, કે માતાપિતાદિ યા મિત્રનો શું મહાપુણ્યે જ યોગ મળે.**

**નાસ્તિકતા રાખનારને** આ જોવું નથી કે 'કેમ બધાને ધાર્યો મનગમતો સગાં-સ્નેહીનો યોગ નથી મળતો ? શું મેળવવાની ઈચ્છા નથી ? મહેનત શક્ય હોય તો ના કરે ? છતાં કેમ ન મળે ?' આ જોવું નથી, માની લેવું છે કે એતો અકસ્માત ઘટના છે. અરે ! કારણ વિના કાર્ય બને ? ડીગ્રી હોય કે લાગવગ હોય તો ઊંચી નોકરી મળે છે, એ વિના અકસ્માત નહિ. નોકરી ભરે તો પગાર મળે છે, એ વિના અકસ્માત નહિ. તો આ અકસ્માત કેમ મળે ? સારા માતાપિતાને ઘેર જન્મ મળે છે, પત્ની વગેરે સારા નીવડે છે, એ અકસ્માત નહિ.' પણ એની પાછળ પૂર્વનું પુણ્યતત્ત્વ કામ કરી રહ્યું છે એ જ આત્મતત્ત્વની સાબીતિ છે. પૂર્વથી ચાલી આવતા આત્મા વિના પુણ્ય કોનું ? પુણ્યની સત્તા માની. તો એનો સ્વામી આત્મા માનવો જ પડે.

પરંતુ એક વાત છે કે આવાં પુણ્ય અહીં અનુકૂળ અનુકૂળ સ્નેહી-સંબંધી અને સાધન-સગવડ મેળવવામાં ભોગવી લીધું, પણ પછી આગામી ભવે શું ? પુણ્ય અહીં ખત્મ ! એટલે પછી તો પરભવે કાં તો એકલ-દોકલ અવસ્થા કે પ્રતિકૂળ પરિવાર અને દુઃખદ સંયોગ જ લમણે લાગવાના ને ? માટે અહીં મળેલ યોગને સુકૃત સાધનામાં લગાડી દેવાનો પુરુષાર્થ કર્યે રાખવો જોઈએ.

મંત્રીએ એ કર્યું છે. પત્ની સાથે ઘરે એવી જ સંતલસ કરી છે. એટલે એ

બે ઘોડા સાથે આવી છે. પેલા બે ભાઈઓને એની ગંધ નથી એટલે પૂછે છે,- 'કેમ ધણીને ભગાડવા અને જાતે ભાગવા આવ્યા છો ?'

**મંત્રીપત્ની ઉદાર ભેદ ખોલે છે :-**

મંત્રી પત્ની કહે છે. 'ના, જરાય નહિ. આ તો હું એટલા માટે આવી છું કે તમે તમારા ભાઈનું ખૂન કરીને ભાગો, પણ પગે ચાલતાં કેટલે દૂર નીકળી શકો ? મહારાજને ખબર પડતાં જ એ ઘોડેસવારો દોડાવે, ત્યાં તમે પકડાઈ જાઓ, એટલે તમને મારી નાખે ! તેથી બિચારી મારી દેરાણીઓ રાંડે ! રોતી કકળતી થાય ! એવું કાંઈ ન બનવા પામે એટલા માટે હું આ તમારા જ માટે બે ઘોડા લાવી છું કે જેથી તમે તમારા ભાઈનું ખૂન કરી વૈર વાળીને જલ્દીથી ઘોડા પર દૂર ભાગી છૂટો, અને બચી જાઓ.'

ભાઈઓ આ સાંભળીને સજ્જડ થઈ ગયા ! મંત્રીને પૂછે છે, 'શું આ સાચું કહે છે ?'

**મંત્રી કેમ મરવા તૈયાર :-**

મંત્રી કહે છે, 'તદ્દન સત્ય. તમે સમજતા નથી. આ તમે તમારા પિતાના મારા પિતાએ કરેલા ખૂનના વૈરથી અહીં મને મારવા આવ્યા, મારીને તમે વળી ભાગતા પકડાઓ એટલે વાત જાહેર થઈ જાય; તેથી મારા છોકરા વળી તમારા છોકરા પર વૈર વાળવા મથે !... એમ વૈરની પરંપરા ચાલે એના કરતાં હું એકલો જ અહીં ગુપસુપ મરાઉં, તમે પકડાઓ નહિ, કોણ જાણે કોણે ખૂન કર્યું ? વાત આટલેથી પતી જાય અને પેઢી-ઉતાર વૈર ચાલે નહિ. આ દુઃખદ સંસારમાં આપણે પાછળનાઓને બિચારાને વૈરમાં કાં ઉતારવા ? એના કરતાં આત્મભોગ આપી આટલેથી વાત પતી જાય એ સારું. લ્યો હવે કામ પતાવી દો. આ મારું ગળું તૈયાર છે તમારો તલવારનો ઘા ખાવા; અને આ ઘોડા તૈયાર છે તમારે બંનેને ભાગી છૂટવા. પછી આ તમારી ભાભી તો અહીં જ તરત મારી ચિતા સળગાવી માંહી પોતે બળીને સતી થશે. બધું સુમસામ પતી જશે. લ્યો પતાવો.'

શું રાખ પતાવે ? પેલા ભાઈઓને ગમે તેટલી ભયંકર વૈરની આગ સળગતી હતી, પરંતુ ભાઈ-ભોજાઈની પોતાના પ્રત્યે આ કલ્પના-બહારની ઊંચી ઉદારતા અને ઉચ્ચ મમતા જોઈ આગ તદ્દન ઓલવાઈ ગઈ ! ગદ્ગદ થઈ ગયા ! મંત્રી અને એની પત્નીના પગમાં પડી ગયા, આંખમાં આંસુ ઊભરાવા સાથે કહે છે,

**ભાઈઓના હૃદયપલટાના ઉદ્ગાર :-**

'ભાઈ ! ભાભીશ્રી ! માફ કરો અમને, અમે તમને ઓળખ્યા નહિ.'

(૧) આટલી ઊંચી તમારી ઉદારતા કે સાધન-સંપન્ન મહામંત્રી છતાં એકલા



અહીં આવી અમારી દુષ્ટ લાલસાને શાંત કરવા મરવાનું કરો છો !

(૨) આટલું બધું અમારી પ્રત્યે અને અમારી પત્નીઓ પ્રત્યે હેત-વાત્સલ્ય ધરાવો છો કે પાછા અમને ભાગી જવા ઘોડાની સગવડ આપો છો !!

(૩) આટલી બધી જીવોની દયા ચાહો છો કે જાતનો ભોગ આપી વૈરની પરંપરા પેઢી-ઊતાર ન ચાલે એવી તમન્ના અને તૈયારી છે !'

આંખમાંથી આંસુ પડતાં ભાઈના પગે પડી રહ્યા છે. ભાઈ મંત્રી એમને બેઠા કરે છે ત્યારે હાથ જોડી એ કહે છે,-

(૧) 'મોટાભાઈ ! ક્યાં મહા ઉત્તમ, ઉદાર એવા તમે ? ને ક્યાં અધમાધમ ક્ષુદ્ર અમે ? દીર્ઘ કાળથી અમે તમારું ખૂન કરવાની નીચતા ભરી બુદ્ધિમાં રમી રહ્યા હતા ! વાંક હશે તો વડીલોનો, એમાં આપણે શો વિરોધ ? તમારો શો ગુનો ? છતાં મહા પાગલ અમે નિર્દોષ એવા તમને મારી નાખવાનો રાક્ષસી વિચાર કરી રહ્યા હતા. જ્યારે તમારી સજ્જનતાની ને ઉદારતાની કોઈ અવધિ નથી, કે જાતે ચાલીને અહીં એકાંતમાં આત્મભોગ આપી દેવા આવ્યા છો ! શા માટે ? કેવળ અમારી દુષ્ટ ખુન્નસવૃત્તિને શાંત કરવા ! એક ગૃહસ્થ અને તે પણ સાધન-સંપન્ન, રાજમાન્ય, અને લોકપ્રિય છતાં મહાન સંત પુરુષ બની, દુષ્ટ એવા અમારો કચ્ચરઘાણ કાઢી નાખવાની બધી અનુકૂળતાને દૂર ફગાવી, જાતે કપાઈ મરવા અને બળી મરવા તૈયાર ! જેવું માનવ શરીર અમને એવું જ તમને ! જે ધરતી પર અમે જીવીએ છીએ એ જ ધરતી પર તમે જીવો છો ! જેવો ભાઈનો સંબંધ અમારે, એવો જ તમારે ! છતાં જ્યારે અમે દુષ્ટતાની દોજખમાં સબડી રહ્યા છીએ, ત્યારે તમે અતિ ઉત્તમ ઉદારતા-સજ્જનતા ઊંચા આસમાનમાં વિહરી રહ્યા છો !'

(૨) 'પૂજ્ય શ્રી ! પુણ્યવંતા તમારે સાધનની શી ખામી છે કે પાપીષ્ઠ અમને ભયંકર જેલમાં રીબાતા ન કરાવી શકો ? ત્યારે આ તો ઉપરથી અમારી પાપલીલા બાદ પણ અમને બચાવી લેવા ધખો છો ! અમારા આ ભાભીશ્રી વળી એમાં સંમત થઈ જાતે ચિતામાં સળગી મરવાનું બલિદાન દઈ અમને બચાવી લેવા તૈયાર છે ! કેટકેટલું આપ બંનેનું અમારા પર હેત કે અમને બહારના આક્રમણ-અપયશથી બચાવી લેવાની જ એક તત્પરતા છે ! અમારા દ્વેષની હદ નથી ? ત્યારે આપના હેતની પણ અવધિ નથી ! અમારે ક્યાં ઊભા રહેવું ? આપનું કેટલું ઊંચું સ્થાન ! શું આ પાપી જગતમાં આટલું બધું વાત્સલ્ય દાખવી શકાય છે ? કૂપમંડૂક, દ્વેષની દુનિયામાં ખૂંચેલા અમને આની કલ્પના જ ક્યાંથી હોય ? આજ આપે સાક્ષાત જીવી બતાવી અમને ઊંચા પ્રેમ-વાત્સલ્યની પ્રતીતિ કરાવી છે. જીવો, જીવો, ચિરંજીવો મોટાભાઈ ભાભીજી ! આપ સરખા ઉત્તમ આત્માઓથી જ આ

કાળ, આ જગત, આ કુળ જયવંતુ છે. અમારા જેવા દ્વેષીલા ને વૈર-વિરોધ-શત્રુવટભર્યા અધમ જીવો તો જગત ઉપર ભારભૂત છીએ, કુળને કલંકરૂપ છીએ ! દ્વેષ-વૈર-વિરોધમાં કશું સારું પામનારા નહિ; અંતે તો ખત્મ જ થનારા છીએ, પણ આ ઉચ્ચ ભવમાંથી સરિયામ અધઃપતન, અધમતા અને દુઃખના શુદ્ર ભવોમાં ભટકવાનું ઊભું કરતાં અમને પાપી ગમારને સંકોચ નથી ! લાજ નથી ! ભય નથી !'

**પાપી જીવો પર પણ પ્રેમ-વાત્સલ્ય વરસાવી અહીં ઊંચાં આત્મોત્થાન કરવાની મળેલી સોનેરી તકને સફળ કરી લેવાનું ક્યાં ?** અને પુણ્યવંતા પવિત્ર આત્મા પર પણ દ્વેષ-વૈર-વિરોધ કરીને જીવન-બરબાદી સર્જવાનું ક્યાં ? અરેરે ! જગતના જીવમાત્ર ઉપર હેત-વરસાવવાના અમૃતપાન મૂકી ભાઈ ઉપર પણ દ્વેષ ઠાલવવાનાં વિષપાન અમે કર્યાં ? ધિક્કાર છે અમારા જંગલી જીવનને ! આપસરખા સંત પુરુષના આ હેતદર્શન વિના આ વિષપાનનું ભાન પણ અમને ક્યાંથી થાત ? ખરેખર ! આપે તો અમારા દેવાઈ ગયેલાં આંતરચક્ષુ ખોલી નાંખ્યાં ! કેટલો ગજબ ઉપકાર !

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"  વર્ષ-૧૪,અંક-૩૫,તા.૨૧-૫-૧૯૬૬**

**તત્ત્વદષ્ટિના વિચારથી આત્માનાં નફાના વેપારમાં આ બેવડો લાભ** કે નવું પુણ્ય પણ વધે, અને જુનું પાપ ઓછું થઈ પુણ્યરૂપ થાય, કરવાનું માત્ર આટલું કે વિચારસરણી નિર્મળ-ચોક્ખી-ઉપશમ-ઉદારતાના ઘરની રાખવી. ગમે તેવા પણ પ્રસંગ કે પદાર્થને જોવાથી દૃષ્ટિ જ એવી જ શોધી રાખવી કે શોધી કાઢવી કે જેથી એમાંનો કોઈ પણ સારો અંશ પકડી વિચારસરણી સંતના ઘરની ચાલે, શેતાનના ઘરની નહિ; જિનાજ્ઞાને અનુકૂળ ચાલે, પ્રતિકૂળ નહિ, થવા દો ને જગતમાં થાય તે; એમાં વિચારધારા બગાડી આ નફાનો વેપાર શા સારુ જતો કરવો ?

(૨) **બીજું, આપણા મન પર આપણો અધિકાર ખરો કે નહિ ?** એક જ વિચાર જોઈએ કે 'મન તો મારું છે ને ? એને શું મારા અધિકાર નીચે ન રાખું ? શું એને મારી શુભેચ્છા પ્રમાણે ન વર્તાવી શકું ?'

આ શી વાત છે કે મારી જીભ પાસે મારી ધારણા મુજબ બોલાવી શકું, જે મારા મન પાસે ધાર્યા પ્રમાણે જ વિચારાવી ન શકું ? અલબત્ત વાણી બોલતાં હજીય વાર લાગે છે, પણ વિચાર કરતાં વાર નથી લાગતી. તેથી ખોટા વિચાર ઝટપટ આવે છે; પરંતુ એનું કારણ છે કે આપણે આપણા મનનો દોર એટલો બધો છૂટો મૂકી દીધો છે કે એની પાસે આચડકુચડ અંટસંટ વિચારોનો થોક વહેવડાવવામાં



જરાય સંકોચ રાખતા નથી, પાછું વાળીને જોતા નથી કે આના કુસંસ્કારોનાં પોટલે-પોટલાં કેવાં માથે ઊંચકીને ચાલવું પડશે ? મનને ખૂબ દોડાવવાથી એનો વેગ વધી જાય છે, તેથી પછી એ વેગબંધ વિચારો કરવા લાગે છે, એમાં પાછી આત્માની ઊંડી આંતરિક રુચિ જડમુખી હોવાથી વિચારો તુચ્છ હલકટ કોટિના ચાલ્યા કરે છે, જો અંતરની રુચિ જડ પ્રત્યેના તિરસ્કારવાળી હોય, તો મન તો મેનેજર છે, તે એ માલિક આત્માની રુચિ મુજબ વર્તવા માંડશે, તેથી સારા વિચારો સ્ફુર્યા કરશે.

**આટલુ નક્કી કરો કે, જેમ આપણી જીભ પર, તેમ આપણા મન ઉપર આપણો અધિકાર છે,** એ અધિકારનો ઉપયોગ કરી આપણે આપણી શુભ ઈચ્છા મુજબ જ એને વિચાર કરતું, લાગણી ધરતું, ને ભાવના ભાવતું રાખવાનું. જ્યાં આપણને લાગે કે આ ખોટો વિચાર છે ત્યાં તરત એના પર બ્રેક મારી વસ્તુનો સારો અંશ પકડી સારા વિચારમાં લઈ જવાનું.

**જો જો, ખરાબમાં ખરાબ વસ્તુમાં પણ સારો અંશ હશે.** દા.ત. પાયખાનું-સંડાસ ખરાબ લાગે છે, પણ એ ન હોત તો એદી માણસો શહેર બગાડત. આ શહેર ન બગડવા દેવાનો અંશ સારો કે નહિ ? એમ વિષ્ટા ખરાબ લાગે છે, પણ એમાંથી ખાતર બને છે ને ? તો એ સારો અંશ નહિ ? ત્યારે શું ઝેર ખરાબ છે ? અરે ! એનું ય ઔષધ એવું બને છે કે જીવલેણ રોગ કાઢી નાખે ! ત્યારે શું કસાઈ ખરાબ છે ? અરે ! એનામાં ય કોઈક જીવો પર કોઈ વાત્સલ્ય, યા નેકી, કે ઉદારતા, યા નિયમિતતા વગેરે કાંઈ પણ હશે. તો શું ચોર, લૂંટારા, ખૂની ખરાબ છે ? એમનામાં ય કોઈ ને કોઈ સારો ગુણ હશે. મારવાડમાં લૂંટારાને ય ક્યારેક વળાવો તરીકે લેવાતો; પછી એ જંગલમાંથી પસાર થતાં બીજા લૂંટારા મળે તો સમજાવી દેતો કે 'હું આમનો વળાવો છું, માટે આમને લુંટવાના નથી;' જે બીજા લુંટારા એમ ને એમ ચાલ્યા જતાં. શું આ ? લુટારામાં ય ભાઈચારો કે એકના નિષેધ પર બીજા આક્રમણ ન કરે. શું આ ગુણ નથી !

**સારો અંશ જોવો છે ને ?** કમમાં કમ ગમે તેવા પણ **ખરાબ જડ પદાર્થમાં વૈરાગ્ય ઉત્પન્ન કરવાનો સારો અંશ છે; ને ગમે તેવા પણ ખરાબ જીવોમાં દયા પાત્રતાનો સારો અંશ છે.**

ખરાબ જડને જોઈ એમ વિચારી શકાય કે 'અહો ! જડ પુદ્ગલના કેવા વિચિત્ર ખેલ છે ! ઘડીમાં એ સારું, ને ઘડીમાં ખરાબ થાય છે. એવું કે જોતાં સુગ ચઢે. પણ પાછું એનું એ પરિવર્તન પામીને આવે એટલે સારું લાગે છે. વિષ્ટા ખરાબ પણ એના ખાતરમાંથી ઘઉં થઈ આવેલા સારા ! શહેર બહાર તણાઈ ગયેલ મેલું ખરાબ, પણ એ પાણીમાંથી શાકભાજી ઊઘાડે તે સારી ! આના પર વિચાર

કરતાં વૈરાગ્ય ઉત્પન્ન થાય છે ?'

**ખરાબ જીવમાં સારો અંશ :-**

ત્યારે ખરાબ જીવ નજર સામે આવે ત્યારે સાવધાન આત્માને એના પર દયા આવે છે કે બિચારો કેવો કર્મથી પીડાઈ-કચરાઈ રહ્યો છે ! એને સદ્‌બુદ્ધિ મળો.' હવે વિચારો કે જો આવા જીવ નજર સામે ન આવે. ને સારા સારા જ જીવો જોવા મળે તો દયાનો ભાવ, દયાનો વિચાર શી રીતે આવવાનો ? શું સારા સદ્‌ગુણી જીવો દયાપાત્ર છે ? શું એમના પર દયા કરવાની દયા ચિંતવવાની છે ? ના, એ તો ખરાબ જીવો પર બસ. તો આપણે દયાનું સુકૃત સાધવા માટે આ જીવો નિમિત્તભૂત છે.

**એ જ ખરાબ જીવોમાં સારો અંશ થયો ને, કે 'મારે દયા કમાવાનું આ પાત્ર છે.'** તો બસ, સારા અંશને જ પકડો; તો જ સારું પામશો. આ સારું પકડવાનું અને ખરાબ ધ્યાનમાં જ નહિ લેવાનું, એ આપણા મનની મુન્સફી પર છે. આપણા મન પર આપણો અધિકાર છે, એનો જ ઉપયોગ કરવો. બહારની વસ્તુ પર આપણો અધિકાર નથી, તો એ કેમ બગડી, કેમ પ્રતિકૂળ થઈ, એની ચિંતા-વ્યાકુળતામાં નહિ પડવાનું. આત્મવિકાસની આ બીજી વાત મનના અધિકારની થઈ. સીતાજીના બોલમાં જોજો એ દેખાય છે.

(૩) આત્મવિકાસની ત્રીજી વાત ઉચ્ચ જીવન-દૃષ્ટિ રાખવાની છે. એ પેલા મંત્રી અને એની પત્નીમાં દેખાય છે. ખૂન કર્યું તો પોતાના બાપે કર્યું હતું; એમાં પોતાનો ગુનો નથી, છતાં ઉચ્ચ જીવનદૃષ્ટિ આ, કે હવે વૈરની પરંપરા ચાલવા દેવી નથી.

**જીવન તો પશુ યા સામાન્ય પામર માણસો પણ જીવે છે,** પરંતુ એમાં કોઈ એવા ઊંચા આદર્શ અને ઊંચા ધોરણ રાખીને નહિ. આપણે સારા ખાનદાન કુળમાં જન્મ્યા. આપણને આપણા પૂર્વ પુરુષો, ઊંચા આદર્શો તરીકે મળ્યા છે; એમણે ઉદાર અને પર હિત-વિચારથી ઉચ્ચ ધોરણ રાખી જીવન જીવ્યું છે, તો પછી આપણે એમાં શા સારુ પાછી પાની કરવી ? આવું સુંદર જીવન, સુંદર ભવ પામ્યા છીએ તો જ આ ઉચ્ચ આદર્શ અને ઉચ્ચ ધોરણને પકડી રાખવાનો અવકાશ છે ને ? પશુનો અવતાર હોત, અનાર્ય મ્લેચ્છ મનુષ્યનો ભવ હોત, તો આ વસ્તુને ક્યાં અવકાશ હતો ? જ્યારે અહીં આને અવકાશ છે, તો પછી એ અપનાવી લેવાનું શા સારુ ચૂકવું ?

## • જીવનદૃષ્ટિ બે •

**ઊંચી જીવનદૃષ્ટિ ભેંસના ભવમાં શી રાખી શકાવાની હતી ?** જે સારી વસ્તુ



જગતના બીજા ભવોમાં અલભ્ય જેવી છે, અતિ દુર્લભ છે, એ અહીં જો સુલભ બને છે, તો એને છોડી હલકી-તુચ્છ-પાશવી જીવનદૃષ્ટિ શી રાખી બેસવું ?

**આપણે ક્યાં રખડતા ? :-**

વિચારવાનું આ છે કે,

**આપણે આ જીવનમાં પરઘેરથી સ્વઘર તરફ આવવું છે ? કે પરઘરમાં જ ભટકતા રહેવું છે ?** જેટલા આપણે બાહ્યભાવમાં રહીએ છીએ, કેવળ કાયા, ઈન્દ્રિયો અને મનની તુષ્ટિ પુષ્ટિ કરવામાં ગુંથાયેલા અને એનો જ વિચાર, એના જ ઉચ્ચાર, અને એની જ પ્રવૃત્તિમાં રક્ત રહીએ છીએ, એટલા આપણે બહારમાં છીએ, બાહ્યભાવમાં યાને જડ જીવનદૃષ્ટિમાં છીએ, આશ્રવભૂત જીવનદૃષ્ટિ રાખી છે, આત્માને બંધનકારી જીવનદૃષ્ટિ અપનાવી છે. જાણે 'જીવવું તે કાયા-ઈન્દ્રિય-મનને અનુકૂળ બાહ્ય વિષયોથી જ !' આ જડ જીવનદૃષ્ટિ છે.

**જગતમાં તત્ત્વ બે,** જડ અને ચેતન, જીવ અને અજીવ. સમજનારું તત્ત્વ એ આપણે ચેતન, જીવ છીએ. કાંઈ સમજ જ નહિ, જ્ઞાન નહિ એ અજીવ છે. પૈસા-ટકા, માલમેવા, આપણી કે બીજાના કાયા, એના માન-સન્માન પ્રતિષ્ઠા વગેરે બધું જડ.

**આપણે કોના પક્ષકાર ? કોના ખબરદાર ? જીવના કે જડના ?** જો જડના જ પક્ષકાર છીએ, તો આપણી જાતનું અને સગાંસ્નેહી વગેરેના આત્માનું આપણને ભાન જ નથી, જો એ નહિ, તો જડને જ દેખનારા, એનો જ વિચાર કરનારા, ને એનો જ પક્ષ કરનારા આપણે બાહ્યની દૃષ્ટિનું જીવન જીવીએ છીએ એમ કહેવાય. આ જીવનદૃષ્ટિ બાહ્યભાવની છે; ને એ આત્મા પર કચરો તાણી લાવનારી છે. આશ્રવભૂત છે, પાપકર્મોનું આશ્રવ કરનારી છે, કર્મોના પ્રવાહ ને આત્મસરોવરમાં ઠાલવનાર આશ્રવ કહેવાય. એથી જીવ પાપકર્મોનાં બંધને બંધાય છે, કર્મનો યોગ એ જ સંસાર, તેથી કર્મબંધ વધતાં સંસાર વધે છે, મોક્ષ દૂર બને છે, આમ, **જડ જીવનદૃષ્ટિ કેવું કામ કરે છે ? જીવને આશ્રવ અને બંધમાં જકડી સંસારભ્રમણ વધારી મોક્ષથી વધુ દૂર રાખે છે !**

**એથી ઊલટું જો જીવનદૃષ્ટિ જીવ પક્ષે હોય,** જડને બદલે પોતાના જીવનો જ વિચાર કરનારી હોય, અને એથી જ જો જીવ પર આ આસ્રવણ-કર્મપ્રવાહને અટકાવનારા જાગૃતિ-સહિષ્ણુતા-ક્ષમાદિને જીવંત રાખનારી હોય તો એ સંવરરૂપ બને છે, જીવ સરોવરમાં કર્મકચરાને પેસવા દેનારાં બાકાં પર સંવરણ ઢાંકણ કરનાર બને છે. એથી કર્મબંધ અને સંસાર વધતો નથી; મોક્ષથી દૂર ફેંકાવાનું થતું નથી. ત્યાગ, તપ, જ્ઞાનધ્યાનથી કર્મકચરાને સાફ કરવાનું થાય છે.

**અધમ-ઉચ્ચ જીવનદૃષ્ટિ :-**

જીવ-અજીવ, આશ્રવ-સવર, બંધ-નિર્જરા અને મોક્ષ એમ સાત તત્ત્વ તત્ત્વાર્થ-મહાશાસ્ત્ર બતાવે છે, જો આપણી જીવનદૃષ્ટિ જડ, આશ્રવ અને બંધ તરફ ઢળતી છે, આશ્રવભૂત હિંસાદિ પાપો અને ક્રોધાદિ કષાયોમાં લાગેલી છે, તો એ હલકી તુચ્છ અધમ જીવનદૃષ્ટિ છે. એના બદલે જો આપણા જીવ અને સંવર તથા નિર્જરા-કર્મક્ષય તરફ ઢળતી છે, તો એ ઉચ્ચ ઉદાર ઉમદા જીવનદૃષ્ટિ છે.

**પેલા મંત્રીએ અને એની પત્નીએ** એવી ઉચ્ચ જીવનદૃષ્ટિ રાખી છે. જડ શરીરનો પક્ષ છોડી જીવતત્ત્વનો પક્ષ કર્યો છે. વૈરભાવ ચાલુ રહેવાથી ભાવિ જીવો પોતાના જીવને કષાયઆશ્રવ અને હિંસા આશ્રવથી પકડાય નહિ, કર્મબંધમાં પડે નહિ, એથી સંસારવૃદ્ધિ ન કરે, એવી જીવનદૃષ્ટિ રાખી છે. જીવનદૃષ્ટિ જ ઊંચી ઉદાર ઉમદા હોય, પછી એની પાછળ સહેજે વિચાર વાણી-વર્તાવ ઉચ્ચ કોટિના આવે, સંવરકારી આવે.

**ઊંચી જીવનદૃષ્ટિ ઉત્તમ આચાર-વિચારને લાવે છે. એટલું જ નહિ પણ ઉત્તમ આચાર અને ઉત્તમ વિચાર ઉચ્ચ જીવન દૃષ્ટિને લાવે. પોષે, ને દૃઢ કરે છે.** માટે તો ભગવાને શ્રાવક અને સાધુના જીવન માટે ભરચક ઉત્તમ આચાર-વિચાર ફરમાવ્યા છે. એટલે એ ધોરણે નથી બેસી રહેવાનું કે 'જ્યારે જીવનદૃષ્ટિ ઊંચી બને, પછી ઉત્તમ આચાર-વિચાર અપનાવું;' કિન્તુ જીવનમાં ઉત્તમ આચાર-વિચાર ખૂબ ખૂબ સેવતા રહેવાનું છે; તેથી જીવનદૃષ્ટિ અધમ મટી ઉત્તમ કોટિની બનવા લાગશે, દેવદર્શન-પૂજન, સાધુસેવા, દયા, દાન, શીલ-વ્રત, નિયમ, ત્યાગ-તપસ્યા, સામાયિકાદિ ધાર્મિક ક્રિયા કાંડ, અને ક્ષમાસમતા-નિઃસ્પૃહતાદિ વિચાર-સરણી, વગેરે વગેરેનું શ્રાવકે ખૂબ ખૂબ પાલન કરતા જ રહેવાનું છે. તો જ જીવન-દૃષ્ટિ નિર્મળ થશે, ઉત્તમ બનશે, નિર્મળ-ઉચ્ચ જીવન-દૃષ્ટિ દૃઢ અને વિકસ્વર થતી આવશે. આત્માનો વિકાસ એમ જ સધાતો આવે છે. બાકી તો જો જીવન દુનિયાદારીના જ પાપવિચારો અને પાપપ્રવૃત્તિમાં જ પસાર થવા દેવું છે, તો પશુસુલભ અધમ જીવનદૃષ્ટિ જ પોષાતી રહેવાની, દૃઢ બનવાની અને એ અસમાધિ-કષાય-દુર્ધ્યાન જીવનભર. અંતે પણ એ જ અને પરલોકમાં એના ખૂબ ખૂબ પોષક અધમ ભવોનું સર્જન થવાનું ! આત્મવિકાસની તક વેડફાઈ જઈને અધઃપતન ઊભું થવાનું !

(૪) **મંત્રીની ચોથી વિશેષતા :-**

પેલા મંત્રીએ ભાઈઓને એમને ખૂન કરવાની ઈચ્છામાં અનુકૂળ થવાનું કર્યું, પણ એમને પકડાવવાનું ને જેલમાં નંખાવવાનુ ન કર્યું, એમાં પોતાને મંત્રી-પણાની સત્તા અને વૈભવનો જરાય કેફ ન હોવાનું સૂચિત થાય છે, જો કેફ હોત તો તો મનને એમ થાત કે 'આ રાંકડા શું સમજતા હશે ? કાચી સેકન્ડમાં ઉડાવી



દઈશ.' પણ ના, એવો મદ નહોતો, અભિમાન નહોતું; તેથી સ્વપ્નામાં પણ એ વિચાર સ્ફુરતો નથી, કેટલું ધન્ય જીવન !

**સત્તાનો કેફ અને વૈભવનો કેફ ભયંકર છે !** માણસને એવો સત્તાનો કેફ ચડ્યા પછી સત્તાવિહીનને તુચ્છ લેખે છે ! એમના ગુણને સાવ મામુલી લેખે છે ! પોતાની સત્તાનો ડંડો જ્યાં ને ત્યાં ઝીંકવા મથે છે ! મોટમોટા ગુણિયલ ગૃહસ્થ જ શું, પણ સાધુ મહારાજને ય દબાવવો અને એમના પર પોતાનો પ્રભાવ પાડવા ઝંખે છે ! એ બધા આની ચાપલુસી-દીનતા-આજીજી કરે એમાં એ ખુશી હોય છે. સત્તાના કેફમાં જાતે ગુણિયલ, સહિષ્ણુ, અને અનુકંપા-સહાનુભૂતિવાળા બનવાનું સૂઝતું નથી. એવી જ વૈભવના કેફવાળાની દુર્દશા છે, ત્યારે વિચારવા જેવું છે કે આવા કોઈ સત્તાના કે લક્ષ્મીના કેફ ચડ્યા પછી આત્માની માનવકાળ-માનવશક્તિની કેટલી ભયંકર દશા ?

**માનવકાળ-માનવશક્તિ કેવા મળ્યા છે ? :-**

**આ મનુષ્યજન્મનો તો તે કાળ છે** કે જ્યાં પુણ્યયોગે સત્તા કે લક્ષ્મી મળી પણ હોય, છતાં મન પર લેશમાત્ર કેફ-મદ-ગુમાન અડવા ન દેવાય, અને સુંદર નમ્રતા મૃદુતા લઘુતા કેળવવી સહેલી બને અને તે અતિ જરૂરી લાગે. વિચારો તો ખરા કે માનવકાળમાં જો આ કેળવણી નહિ કરો તો બીજે ક્યાં બનાવશો ? શું ભેંસના ભવમાં ? દેવના જીવનકાળમાં ? કે કીડાના જીવનકાળમાં ? જ્યાં કોઈ સત્તા જ મળી નથી, ત્યાં તો બીજાના દબાયા-ચંપાયા રહેવું પડે છે; એટલે મદ-ગુમાન કરવાને અવકાશ જ ક્યાં છે કે દિલમાં એ ઊઠતા દબાવવાની વાત જ રહે ? માનવકાળમાં એને અવકાશ છે માટે એને દબાવવાની કેળવણી કરવાનો સુંદર જીવનકાળ છે.

**એમ, આ માનવશક્તિ તો એવી અદ્ભુત છે** કે એને મદ-ગુમાન અને એનાં દુરાચરણોમાં વેડફી નાખવાને બદલે નમ્ર મૃદુ અને લઘુભાવવાળા બન્યા રહેવામાં ખરચી શકાય. ભૂલતા નહિ; આ નમ્રતાદિની કેળવણી કરવા માટે પણ શક્તિ જોઈએ છે ! સત્તા આગળ કંઈ ચાલતું નથી, શ્રીમંતને કોઈ કહી શકાતું નથી માટે રોફ ન દેખાડવો એ કોઈ નમ્રતા ગુણ નથી. ચાલતું હોય કે ન હોય પણ મન પર પાકો અંકુશ કે 'જીવનની બરબાદી કરનારા મદ-ગુમાન ખપે નહિ, આત્માને ઉચ્ચ ઉન્નતિ પમાડનાર નમ્રતા-મૃદુતા-લઘુતા જ ખપે,' એ અંકુશ ગુણરૂપ બને છે. આવા અંકુશને રાખવા માટે શક્તિ જોઈએ છે. સારું સારું ભરપૂર અને વારંવાર ખાઈ શકવાની જેમ એક શક્તિ છે, એમ એવું ખાવાનું છોડવા માટે પણ શક્તિ જોઈએ છે. જેમ ક્રોધ કરવાની એક શક્તિ, એમ ક્ષમા કરવાની પણ એક મહાન

શક્તિ છે. હવે વિચારો આ માનવશક્તિ જેવી શક્તિ બીજે ક્યાં મળે ? ભોગ, રંગરાગ, ખાનપાન, હિંસા, ક્રોધ, મદ-ગુમાન વગેરે કરવાની શક્તિ મળવાના અને વાપરવાના ભવ ઘણા પણ ત્યાગ-તપ-દાન, અહિંસા-ક્ષમા-નમ્રતા વગેરે ઉચ્ચ કોટિના કેળવવા-વાપરવાનો ભવ એક માનવભવ. ઓળખો, ઓળખો, આપણને કઈ ખરી શક્તિ મળી છે ? શા માટે આપણને મળેલી મહામૂલ્યવંતી સ્વ-પરની તારક શક્તિને ઓળખતા નથી ? ને સ્વ-પરની ઘાતક શક્તિના જ ઉપયોગ કરી રહ્યા છીએ ? એની એ જ સત્તાશક્તિને સ્વાત્માના ઉત્થાનકારી અને લોકોપકારક કાર્યોમાં જ વાપરી એને સફળ કરી શકીએ. એમ વૈભવની શક્તિનો ઊંચા દાન, પરોપકાર, દયા અને યાવત્ સર્વત્યાગમાં સદુપયોગ કરી શકાય છે. આવી અતિ દુર્લભ શક્તિને ક્યારે ઓળખી પણ શકવાના ? ને ક્યારે સ્વ-પરતારક સદ્‌ગુણો અન સત્કૃત્યોમાં વાપરી શકવાના ?

મંત્રી અને એની પત્નીએ સત્તા-વૈભવની, શક્તિનો ઊંચો ઉપયોગ ઓળખ્યો છે, માટે એનો જરાય કેફ રાખ્યો નથી. ખબર છે ને કે.

**મહારાજ કુમારપાળે** બળવો એ દગોફટકો કરનારા એના બનેવીને હરાવીને સત્તામાં કચડી ન નાખતાં જતો કર્યો ?

**રાણી દ્રૌપદીને** ઉઠાવી જનારા ધાતકી ખંડના રાજા પદ્મોત્તરને કૃષ્ણે હરાવ્યો પછી આવા પરસ્ત્રીલંપટ અને પરસ્ત્રી ચોર રાજાને મારી નાખવા જતા કૃષ્ણને દ્રૌપદીએ અટકાવ્યો અને ક્ષમા અપાવી જતો કર્યો.

**કંડરીકમુનિએ** કુળને કલંક લગાડનારો ચારિત્ર ત્યાગ કરી ઘરે આવવાનું કર્યું તો મોટાભાઈ રાજા પુંડરીકે સત્તાથી એને કચડી ન નાખતાં, રાજ્ય સોંપી દઈ પોતે જ ચારિત્ર લઈ નીકળી પડ્યા !

**બાહુબળે** અન્યાયી યુદ્ધ કરનારા ભરતને મુઠ્ઠી મારી ખત્મ કરવાની શક્તિ છતાં ઉપાડેલી એ મુઠ્ઠીનો ઉપયોગ કેશલોચ કરી ચારિત્ર લેવામાં કર્યો.

આ શક્તિહીનતા નહિ, પણ શક્તિનો ખરેખરો સદુપયોગ છે. એના બદલે બીજાઓને કચડવામાં-દબાવવામાં-ઊખેડવામાં શક્તિનો શો સદુપયોગ ? એવી મારક પિશાચી લીલા તો બહુ કરી, અનંતીવાર કરી. હવે તો તારક દૈવી ઉપયોગ કરવાની શક્તિ મળી છે, એને લેખે લગાડવી જોઈએ.

ત્યારે વૈભવનો પણ કેફ ન રાખતાં ખરેખરી તારક માનવશક્તિથી એનો દાનના પૂર વહેવડાવવામાં અને સુકૃતોના પ્રવાહ રેલાવવામાં સદુપયોગ કરનારા ભાગ્યવાનોના પૂર્વે અને આજે દૃષ્ટાન્ત ક્યાં નથી મળતા ? ભરપૂર દૃષ્ટાન્ત છે.

**સવાસોમાની ટુંક :-**



સિદ્ધગિરિ પર સવા-સોમાની ટૂંક કેમ બની ? વગર ઓળખાણે અને વગર થાપણે એકે બીજાની સવાલાખ રૂપિયાની હુંડી સ્વીકારી લીધી. જોયું કે આ હુંડી પર આંસુના ટીંપા પડેલા છે, તેથી કોઈ મારા સાધર્મિક ભાઈએ આફતમાં આ હુંડી લખી છે, તો મારે એની આફત ટાળવી જોઈએ.' બસ, તત્કાળ મુનિમને કહી દીધું 'મારા ખર્ચ ખાતે લખી રૂપિયા સવાલાખ આપી દો.' અપાવી દીધા. કેમ વારુ ? વૈભવથી મળેલ પરોપકાર શક્તિ, સાધર્મિક વાત્સલ્ય શક્તિ લેખે લગાડી દેવામાં માનવભવની સફળતા દેખી માટે. પછી તો હુંડી લખનાર રૂપિયા ભરવા આવ્યો ત્યારે આ કહે છે 'અમારે ત્યાં તમારા નામે કોઈ રૂપિયા જ ઊધર્યા નથી, તેથી એ ન લેવાય.'

બસ આપવા ન લેવાની ખેંચાખેંચ ચાલી અંતે એ સવાલાખમાં પોતાના સવાલાખ બીજા ઉમેરી ટૂંક બંધાવી !

**મોતીશા શેઠે** શું કર્યું ? સિદ્ધગિરિ પર કુંતાસરના ખાડાની બે બાજુ ટૂંક વસેલી છે. ત્યાં ભાવના થવાથી પૂછે છે 'અહીં ટૂંક ક્યાં બંધાવી શકાય ?'

જવાબ મળ્યો 'અહીં તો જગા જ નથી. આ એંશી હાથ ઊંડો ખાડો છે એના પર શું થાય ?'

'અરે પણ હું આના પર ટૂંક બંધાવું.'

કામ શરૂ કર્યું. નીચેથી એકેક પત્થર શિખર ઉપર લઈ આવે એનો ૧-૧ રૂપિયો દઈ ખાડો પૂર્યો, એના ઉપર આજે નજરે જોઈએ છીએ એ વિશાળકાય ટૂંક ઊભી કરી ! સુકૃતની માનવશક્તિનો ઉપયોગ વૈભવના પૂર વહેવડાવવામાં કર્યો !

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૪,અંક-૩૬,તા.૨૮-૫-૧૯૬૬**

વાલી રાજાએ રાવણને જીત્યા પછી માનવશક્તિનો ઉપયોગ એને માત્ર ક્ષમા આપવામાં જ નહિ, પણ ઉપરાંત સત્તા-વૈભવાદિનો સર્વત્યાગ કરી ચારિત્ર લેવામાં કર્યો. 'જગતમાં સત્તા-વૈભવાદિની સામગ્રી રાવણ જેવા મહાન અર્હદ્‌ભક્ત શ્રાવકને પણ કેવો કેફ ચડાવી ભૂલાવે છે, અને આત્માની પાશવી લડાયક શક્તિના ગોઝારા ઉપયોગ તરફ તાણી જાય છે !' એ વસ્તુ પર વિચાર કરતાં પોતાની સત્તા-સંપત્તિ ઉપર પણ વૈરાગ્ય પામી ગયા, અને ચારિત્ર માર્ગે અહિંસા-સંયમ-તપની મળેલી અતિ અતિ દુર્લભ માનવશક્તિને કામે લગાડી દીધી ! પછી તો ઘોર તપસ્યા-ધ્યાનાદિ સાધી અવધિજ્ઞાન અને કેટલીય અદ્‌ભુત લબ્ધિઓ ઉપાર્જી !!

આ તારક આત્મ-શક્તિનું ભાન જાગતું રહેવું જોઈએ, અને પાશવી શક્તિઓને બદલે એને કામે લગાડી દેવાનો પુરુષાર્થ જોઈએ. રાત ને દિવસ આ મનોમંથન ચાલે કે 'મને ખરેખર તો આ ક્ષમાદિની, ઈન્દ્રિયનિગ્રહની, દાનાદિની, અને અહિંસાદિની સાથે અપ્રમાદની દિવ્ય શક્તિઓ મળી છે. એ છોડી કષાયાદિની ગોઝારી શક્તિઓને શા સારુ કામે લગાડું ? હવે તો જ્યાં જ્યાં મોકો મળે ત્યાં ત્યાં એ ક્ષમાદિની શક્તિઓ જ અજમાવતો રહું'- આ મનોમંથન જો સતત ચાલુ રહે તો અવસરે અવસરે એનો ઉપયોગ કરવાની ધગશ સાથે પ્રવૃત્તિ થાય. સતત મનોમંથન નથી એટલે ફરિયાદ કરો છો કે 'બધુંય સમજીએ પણ અવસરે ભૂલી જવાય છે.'

**(૫) મંત્રીની પાંચમી વિશેષતા :-**

પેલા મંત્રીના જીવનમાં તારક શક્તિના ઉપયોગ ઉપરાંત આ પણ આત્મ-વિકાસનો માર્ગ જોવા મળે છે કે એણે ભાવિ વૈરની પરંપરા ચાલી પેઢીઉતાર જીવોમાં હિંસક ભાવમાં અને જાતે દુઃખદ અકાળ મોત પામવાનું ન ચાલે એ પર લક્ષ રાખ્યું. જીવોની દ્રવ્યદયા અને ભાવદયા હૈયે વિકસ્વર રાખી એ દયાનો અમલ કરવાની તૈયારી રાખી.

જીવનમાં પોતાનું મોત ન થાય એવી સ્વાર્થ સાધનાને પણ અવકાશ તો છે, અને બીજાઓના એવા મોત ન નીપજે એવી પરાર્થ સાધનાને પણ અવકાશ છે. એકમાં દિલની કઠોરતા છે, બીજામાં જીવો પર દયા છે. બેમાંથી શું અખત્યાર કરવું એ વિચારવાનું છે. જો જાતની જ સુખશાતા અને કઠોરતા અપનાવવી છે, તો જીવોના બચાવ, જીવોની દયા અને પોતાના હૃદયની કોમળતા જ વધાવી લેવાનું ક્યાંથી બનવાનું હતું ? 'આપણી એવી પ્રવૃત્તિના નિમિત્તે જીવો મરો નહિ એટલું જ નહિ પણ એ હિંસક-ક્રોધાદિનાં પાપમાં ય ન પડો,' એવી દ્રવ્યદયા-ભાવદયાને સ્થાન ક્યાંથી મળવાનું હતું ? સ્વાર્થ ભૂલાય તો જ એ ઊભય ધ્યાને સ્થાન મળે.

**મેઘરથ રાજાએ** નિષ્કરુણ બની જાતે જીવતા રહેવાનો સ્વાર્થ પડતો મૂક્યો, તો એક પારેવાની દયા એમના જીવનમાં સ્થાન પામી; અને એ દયા પાછળ એમણે આત્મભોગ દેવાનું પરાક્રમ ખેડ્યું ! પહેલાં તો બાજપક્ષીની ભાવદયા વિચારી એને કહે છે કે 'અરે ભલા જીવ ! તારા એક પેટને ખાતર આ પંચેન્દ્રિય નિરપરાધી જીવની હિંસા કાં કરે ? આ ઘોર પાપથી તો તારે આ ભવપંજરમાં દીર્ઘ કાળ પૂરાયા રહેવું પડશે અને દુર્ગતિઓની ભયંકર વેદનાઓ ભોગવવી પડશે !' આ પાપ તું છોડી દે. **જીવનને નિષ્પાપ જીવવું એ આપણી બુદ્ધિમત્તા છે, સાત્ત્વિકતા છે; બાકી તો પામરતા છે.**



બિચારું બાજપક્ષી પાપમાં ન પડો,'-એવી ભાવદયા પહેલી આગળ કરી શિખામણ આપે છે, પરંતુ જ્યારે જુએ છે કે એને તો પાપથી બચવું જ નથી, ત્યારે કમમાં કમ હવે પારેવાના પ્રાણ બચે એવી દ્રવ્યદયા પર લક્ષ રાખ્યું, એ માટે આત્મ-ભોગ દેવા તૈયાર થાય છે. બાજપક્ષીને કહે છે. 'જો તારે જીવતા જીવનું માંસ જોઈએ જ છે, તો પારેવાને બદલે મારા શરીરમાંથી તને માંસ કાપી આપું. પણ તું પારેવાને છોડ.'

**ચિંતા પરને બચાવવાની :-**

બાજપક્ષી એમાં મંજૂર થતાં રાજા પોતે પોતાના શરીરમાંથી, માંસ કાપી કાપીને આપે છે. રાજાનો પરિવાર થીજી જાય છે. એને દુઃખનો પાર નથી, પણ રાજા પ્રસન્ન છે કે આમ પણ આ બિચારું પારેવું બચી જાય છે ને ? પાછું ત્રાજવામાં પારેવાના વજન-બરાબર જોખીને આપવાનું છે; પણ નવા નવા માંસના ટૂકડા કાપીને પલ્લામાં મૂકવા છતાં એ પલ્લું ઊંચું જ રહે છે અને પારેવાનું નીચું રહે છે. એથી રાજા ચિંતાતુર છે.' કે શું પારેવું નહિ બચે ?' જુઓ એ ચિંતા નથી કે 'અરે ! હજી કેટલું માંસ કાપી આપવાનું ?' કેમકે અહીં તો માત્ર દયાનો જ વિચાર છે, એટલે છેવટે પોતે આખું શરીર અર્પી દઈ બાજ પક્ષીને કહે છે, 'લે મારું, આ આખું શરીર તારા ભોજન માટે. પણ તું પારેવાને મારીશ નહિ,'

**દયાના વિચારમાં રાજાની એક જ ગણતરી** છે કે 'જો આ અસાર, પર અને વિનશ્વર શરીરથી સારભૂત પોતાની અવિનાશી દયાસંપત્તિ, સુકૃતસંપત્તિ ઉપાર્જી શકાય છે, તો એનાથી રુડું બીજું શું ?' કેમ આ ગણતરી ? એટલા જ માટે કે રાજા સમજે છે કે 'શરીર તો આમે ય એકવાર જવાનું છે; એ કાંઈ પોતાની પરલોકમાં સાથે ચાલનારી ચીજ નથી, તેમજ રહે છે ત્યાંસુધી પણ અંદરના મળમૂત્રથી એ અસાર છે, અને બહારના અસાર વિષયભોગનાં સાધનરૂપેય અસાર તથા ભવવૃદ્ધિનું કારણ છે. એ જો અત્યારે જ જતું હોય અને પરલોક-સુધારક દયાસંપત્તિ પ્રાપ્ત થતી હોય તો ભલે શરીર જાઓ અને દયા ઊભી રહો.'

**દેવની પ્રશંસા :-**

આટલે સુધીની ગણતરીમાં ઠેઠ શરીર આખું જવા છતાં એને કોઈ ખેદ નહિ. એ જોઈ પક્ષીરૂપે આવેલ દેવતા રાજાનાં સત્ત્વ અને દયા ઉપર ઓવારી જાય છે ! બાજી સંકેલી લઈ, રાજાનું શરીર સ્વસ્થ કરી દઈ કહે છે, 'ક્ષમા કરજો, ઈન્દ્રમુખે તમારી પ્રશંસા સાંભળી હું પારખું કરવા આવ્યો, ને તમને પીડા આપી. ધન્ય છે તમારા સત્ત્વને, તમારી દયાને !'

**પેલા મંત્રીની પણ એક જ ગણતરી છે કે** 'આ શરીર દઈને ભાવિ વૈર

પરંપરા અટકાવી જો જીવોને બચાવી લેવાતા હોય તો એનાથી બીજું રુડું શું ? મરનારા જીવો બિચારા મરવાના દુઃખમાંથી બચે અને વૈરથી મારવા તૈયાર થયેલા જીવ ખૂનથી નીપજનાર પાપથી બચે, દુર્ગતિ ગમનથી બચે !' દ્રવ્ય અને ભાવદયા બંને કામ કરી રહી છે.

ભાવદયાની વિશેષતા છે. 'જીવો બિચારા પાપથી બચો, ભૂલથી બચો, અધર્મથી બચો ! દોષ-દુષ્કૃત્યો અને અવગુણ અને દુર્ગતિ-ગમનથી બચો,' આજ એક લેશ્યા, એ ભાવદયા-હૃદયમાં આ જો આવી જાય, તો તો જોઈ લો દિલની વિશાળતા ! સ્વાર્થ-સાધના ગૌણ બની જાય, દ્વેષ-અણગમા દૂર ભાગી જાય, વૈર-વિરોધ ઊભા ન રહે. કેમકે એક જ વાત છે કે

**'સવ્વે જીવા કમ્મવસ, ચઉદહ રાજ ભમંત.'**

-સર્વે જીવો બિચારા કર્મપીડિત છે, અને કર્મવશ ચૌદ રાજલોકમાં પરાધીનપણે દુઃખદ સ્થિતિમાં ભટકી રહ્યા છે ! એમાં હું દ્વેષ કરી સામાને પણ કષાય વધારી પાપમાં કાં પાડું ? એની તો બિચારાની દયા ખાઉં કે 'આ કર્મજંજાળથી એ બચો !' પોતાનો સ્વાર્થ સધાયેલો તો ક્ષણિક-ક્ષણજીવી છે, તુચ્છ છે. એને શું મહત્ત્વ આપવું ? એ તો અજ્ઞાન પામર જીવોના હિસાબ, કે જીવનમાં તુચ્છ ક્ષણિક સ્વાર્થને મહત્ત્વ આપે. આપણે જો આપણી જાતને ઉચ્ચ મહાન ગણતા હોઈએ, યા બનાવવી હોય, તો મહત્ત્વ દયાને આપવું જોઈએ.

**અધમ અને ઉત્તમ જીવો વચ્ચે આંતરું** આનાથી જ પડે છે કે એક મહત્ત્વ તુચ્છ વિનશ્વર વસ્તુને આપે છે, બીજો સારભૂત અવિનાશી ચીજને આપે છે. પૈસા ટકા, પ્રતિષ્ઠા-પરિવાર, માલ-મિલકત, માન-સન્માન, વિષયસુખો અને પોતાની કાયા સુદ્ધાં અસાર છે. વિનશ્વર છે. પરમાર્થ પરાર્થ, પરમાત્મા, સંઘ, સુકૃત-સદ્‌ગુણો, સમતા-સમાધિ અને સ્વાત્મશુદ્ધિ એ સારભૂત છે, અવિનાશી છે. અવસરે અવસરે આ વિચારવા જેવું છે કે બેમાંથી કોને મહત્ત્વ આપી કોને ગૌણ કરીએ છીએ. ઉત્તમતા લાવવી હશે તો પરાર્થ-પરમાર્થ વગેરેને જ મહત્ત્વ આપવું પડશે. દુનિયા કેમ સારા ગણે, ગુણ ગાય, એ જોવું નકામું છે. **પરાર્થ-પરમાર્થ વગેરે આત્મસંપત્તિ જો સલામત, તો સબ સલામત.** દુનિયા ખાંડ ખાય છે. દુનિયાના લેખા જોતા બેસવામાં તો અંતે સરાસર ગુમાવવાનું અને હારી જવાનું છે.

**પ્રસન્નચંદ્ર રાજર્ષિ** જો એ જોવા ઊભા કે 'નાના છોકરાને રાજ્ય સોંપી મેં ચારિત્ર લીધું તો હવે દુનિયા મારા માટે શું કહે છે; ?' તો ગબડ્યા; અધમ બન્યા, સાતમી નરકનાં ભાતાં ભેગાં કર્યાં.

**ભરત ચક્રવર્તીના** લોક ગુણ ગાતા હતા 'વાહ કેવો વૈભવી સમ્રાટ ! શો



એનો પ્રતાપ ! કેવી એની ઠકુરાઈ ! પરંતુ એ દુનિયાનું લેખું જોવું પડતું મૂકી અરીસાભવનમાં આત્મભાવનાને એમણે મહત્ત્વ આપ્યું, તો ઉત્તમ બની એમાં ઊંચે ચડી ગયા, ને કેવળજ્ઞાન પામી ગયા !'

જીવદયાને મહત્ત્વ આપવું એ પણ એવું જ છે.

**અર્ણિકાપુત્ર આચાર્ય** નદી ઊતરતાં દેવથી ઊંચે ઊછળાઈ ભાલાથી વિંધાયા, છતાં મહત્ત્વ જીવદયાને આપ્યું. 'અરે ! બિચારા નીચે પાણીના અસંખ્ય જીવો મારા લોહીના પડવાથી મરી રહ્યા છે ! કેવી આ દુષ્ટ કાયા કે જીવોના ઘાતમાં નિમિત્તભૂત થાય છે !' કેવી આ ભાવનામાં ચડ્યા, તો ઉત્તમ બની ત્યાં જ કેવળજ્ઞાન પામી મોક્ષે જનારા થયા !

**પ્ર.**- એટલામાં કેવળજ્ઞાન ? એ તો વીતરાગ બનવાથી આવે ને ?

ઉ.- આ જીવદયાને મહત્ત્વ આપવામાં આવે તો એની એ ખૂબી છે કે આગળ વધીને પછી તો પોતાની કાયામાયા માત્ર ગૌણ નહિ, પણ કિંમત વિનાની લાગી જાય છે, એથી એના પ્રત્યે આસક્તિ ઓછી થતાં થતાં શુભ ભાવનાના વેગથી એના પ્રત્યે તદ્દન અનાસક્ત ભાવ જન્મે છે. એ જન્મતાં બધે જ અનાસક્તિ ઊભી થાય એવી આત્મલીનતા-આત્મલય સરજાય છે. પરમાત્મભક્તિમાં પણ આવું જ છે. ભક્તિગુણગાન કરતાં કરતાં, તાન, ધ્યાન અને લય ઊભો થાય છે. લયમાં પછી પરમાત્મભક્તિની ય આસક્તિ નથી રહેતી, કિન્તુ પરમાત્મસ્વરૂપમાં લય એકરસ ભાવ જન્મે છે ત્યાં સંપૂર્ણ અનાસકત દશા ઊભી થતાં કોઈ રાગને સ્થાન નથી રહેતું, તેથી આત્મા વીતરાગ બને છે. પછી તો કેવળજ્ઞાનને શી વાર ?

**પરંતુ આ વીતરાગ બનવાની ભૂમિકા** શી રીતે ઊભી થાય ? પહેલાં કાયા-માયાની આસક્તિ ઓછી કરવાનું કરાય તો સ્તો. એ કરવા માટે સ્વાર્થ-સાધના અને સુખશીલતાની ગોઝારી લગની ઓછી કરી, ગૌણ કરી, પરાર્થવૃત્તિ, દયા, અને સહનવૃત્તિ મુખ્ય કરવી જોઈએ. બીજાના ભલાનો રાગ વધારો તો પોતાની સુખશીલતા અન વિષયસાધનોનો રાગ ઓછો થતો આવે. કાયા-માયા-સ્વાર્થ-સાધનાના આ રાગને-આસક્તિને ઓછી કરવા માટે દયા અને દાન-શીલ-તપ-ભાવનાના ધર્મ અપૂર્વ ઉપાય છે; અહિંસા-સંયમ-તપ એ અદ્‌ભુત કારણ છે; શાસ્ત્રશ્રવણ-સ્વાધ્યાય મનન એ સચોટ સાધન છે; ને જિનેશ્વરદેવ-નિર્ગ્રન્થગુરુ-તીર્થ-શાસ્ત્ર-સંઘ એ પરમ આલંબન છે.

**વીતરાગ દશા પામવાની ધગશ હોય** તો અનાસકત દશા લાવવાની તમન્ના જોઈએ; અને એ માટે આ દયા-દાનાદિને જીવનમાં પ્રધાન સ્થાન આપવું જોઈએ. એ ખૂબ ખૂબ આચરતાં આ ખાસ ધ્યાન રહે કે અસદ્‌ વિષયોની આસક્તિ-

આકર્ષણ-મહત્ત્વ ઓછાં થતાં આવે. દયા-દાનાદિ ખૂબ ગમે એટલે એ ઓછાં થવાનું સહેલું છે. પછી દયા-દાનાદિમાં એકતાન થતાં થતાં એમાં એવો લય ઊભો થશે કે એની આસક્તિ કરવી નહિ પડે, એ આત્મસાત્ થશે, અનાસક્ત ભાવ ઊભો થશે, અને વીતરાગદશા પામવી સરળ થઈ જશે.

(૬) **'ભગવાન વહાલા'** એ મંત્રીના જીવનમાં છઠ્ઠો મુદ્દો છે, પેલા મંત્રીએ ખૂન કરવા આવેલ પોતાના પિતરાઈભાઈઓને તેમ કરવા અનુકૂળતા કરી આપી ભાવિ વૈરની પરંપરા અટકાવવા ધાર્યું, એમાં છઠ્ઠો મુદ્દો એ નીકળ્યો કે એણે જાત કરતાં ભગવાન વહાલા કર્યા. એ એવી દૃષ્ટિએ કે 'ભગવાન જગતના જીવો હિંસા-મારામારી ન કરે એજ હિતાવહ ગણે છે. હવે જો આ પિતરાઈ ભાઈઓને પકડાવી જેલમાં નખાવાય, અગર બીજા જાણી જાય એ રીતે વૈર વાળવા દેવાય, તો પછી પેઢી-ઉતાર જીવોમાં વૈર-મારામારી-હિંસા ચાલે. આમ જાત વહાલી કરવી જતાં ભગવાનનો અભિપ્રાય-ઉપદેશ ઉલ્લંઘવાનું થાય, એમાં ભગવાન પર પ્રેમ ક્યાં રહ્યો ? એના કરતાં જો જાતને મૂકી ભગવાનને વહાલા કરવા હોય તો એ ભાવિ હિંસાપરંપરા અટકાવવા જાતનું બલિદાન દેવું જોઈએ.'

ભગવાન વહાલા કરવા, ભગવાનના સિદ્ધાન્તને, પોતાના જીવનનો ભોગ આપવા દ્વારા પણ અખંડ રાખવા ઈચ્છ્યું આપણને ભગવાન વહાલા છે ને ? એ એમની ઈચ્છા-અભિપ્રાય-મતને અખંડ રાખવા પૂર્વક ? કે એની પરવા રાખ્યા વિના ?

**'પરવા' ની મર્યાદા :-**

**પ્ર.**- ભગવાનના મત-અભિપ્રાયની પરવા રાખીએ તો તો પછી સંસાર નભે જ કેવી રીતે ? સંસાર તો પાપોથી ચાલે છે, અને ભગવાનનો મત પાપો માટે થોડો જ સંમત છે ?

**ઉ.**- વાત સાચી કે ભગવાનની સંમતિ પાપકાર્યોમાં હોય નહિ. એમનો મત તો પાપના ત્યાગનો જ હોય. પરંતુ, હવે 'આ મતની પરવા રાખવી,' એમાં 'પરવા' શું એ સમજવા જેવું છે. એનો અર્થ માત્ર અમલ જ કરવો એવો નથી, ભગવાનના મતનો અમલ તો શક્તિ અનુસાર છે. શક્તિ ન હોય તો એટલો અમલ ન પણ થાય એમ બને, છતાં જો ભાન હોય કે 'આ હું ખોટે રસ્તે જઈ રહ્યો છું.' દુઃખ હોય, હૃદય કરડતું હોય તો તેથી કાંઈ પરવા જ નથી, બેપરવાઈ છે, અવગણના છે, ઉપેક્ષા છે, એમ ન કહેવાય;

બાપે છોકરાને શિખામણ આપી કે 'સારું ભણજે, રખડતો નહિ;' પણ છોકરો થોડું ભણી રમવા-ફરવામાં પડી ગયો, છતાં ખ્યાલ આવ્યો એટલે પસ્તાવો થયો અને પાછો ભણવા બેસી ગયો, એને બાપની શિખામણ પ્રત્યે બેપરવા ન



કહેવાય. બીજો છોકરો એવો હોય કે એના મનમાં એમ થતું હોય કે, 'બાપા, તો કહે, તેથી શું ઘરમાં ગોંધાઈ મરીએ ?' અને રમતો-ફરતો જ રહે, તો એ બેપરવા કહેવાય.

એમ, કોઈનું નોંતરું આવ્યું કે 'આપણે ત્યાં ટાણું છે તો કૃપા કરી હાજરી આપશો,' પરંતુ સંયોગવશ જઈ ન શકાયું, છતાં મનમાં દુઃખ છે અને તે અવસરે પેલા આગળ વ્યક્ત કરાય; અગર ગયા તો ખરા પણ પાંચ મિનિટ જઈ 'મારે અગત્યનું કામ છે એટલે અહીં બહુ રોકાઈ શકતો નથી માટે દિલગીર છું.' 'એમ કહીને પાછું આવવાનું થયું, તો તે પેલાના નોંતરા પ્રત્યે બેપરવા ન ગણાય. પણ 'હા, જો એમ માને કે 'એવાં તો નોતરાં કેઈ આવે, તેથી શું આપણે નવરા બેઠા છીએ કે જઈએ ? જવા બંધાયેલા જ છીએ ?' આમ વિચારે તો એ બેપરવાઈ કહેવાય, ભગવાનના મત પ્રત્યે આજ્ઞા પ્રત્યે જો આવો ભાવ રહે કે 'ભગવાન તો બધું કહે, પરંતુ આપણે સંસાર લઈને બેઠા એટલે થોડું જ એ પાલવે ?' તો એવી માન્યતા એ બેપરવાઈના ઘરની કહેવાય.

પરવા હોય તો તો મનને એમ થાય કે 'ભગવાનનો મત તો બરાબર જ છે, આદરવો જ જોઈએ, પરંતુ આપણે ભૂલમાં બેઠા છીએ, કર્મના બંધનમાં અને વાસનાની પકડમાં છીએ; તેથી કમનસીબ કે આપણા જ હિતની કારણભૂત જિનાજ્ઞાને તેવી અમલમાં નથી ઉતારતા, પહેલું તો સંસાર લઈને બેઠા એ જ આ ઉચ્ચ માનવભવ માટે ભયંકર ભૂલ છે, સંસાર લઈને બેસવા માટે તો ચકલા-ચકલી, કાગડા-કાગડી, વગેરેના કે અનાર્ય મ્લેચ્છના ભવ ઘણા ! આ આર્ય માનવભવ એ માટે હોય ? હવે પાયાની ભૂલ પર પાછી શું એ ભૂલ કરવી કે તરણતારણ જિનાજ્ઞાને 'ન પાલવતી' માનવી ? જો હિત-કલ્યાણ ન પાલવે, તો શું અહિત અને વિનાશ પાલવે ? ના, અહિત પાલવે એનો અર્થ તો એ કે પછી દુર્ગતિનાં ઘોર દુઃખ પાલવશે ! ખરી રીતે તો, 'સંસારમાં બેઠા પણ પાલવવાની વસ્તુ તો હિત જ, હિતકારી જિનમત જ, એ નથી પાળી શક્તો એથી મારું દિલ કકળે છે. પાપ તો શું કરું, ન પાલવતાં છતાં કરવા પડે છે એ મારી કમનસીબી છે. પરલોકમાં મારું શું થશે ?'-

આમ જો જિનમત-જિનાજ્ઞા અમલમાં ન ઉતારી શકવાનું દુઃખ હોય, પરલોકનો ભય હોય તો એ જિનમત પ્રત્યે બેપરવાઈ નહિ, પણ પરવા છે, અપેક્ષા છે. સમકિત દૃષ્ટિ ચક્રવર્તીઓ કે ઈન્દ્રો પણ જિનમત પ્રત્યે બેપરવા નથી ગણાતા. એટલે અલબત્ત સંસારમાં પાપો છે, પરંતુ એ આચરવા પડે તેની હોંશ ન હોય, હૃદયવ્યથા હોય; નિરાંત નહિ પણ અકળામણ હોય; નિશ્ચિતતા નહિ, પણ

ભયભીતતા હોય. એ હોવા પર તો પછી પાપમાં કાપકૂપ ચાલવાની, બિનજરૂરી પાપો પડતા મૂકાવાના; પ્રમાદથી કે વીર્યોલ્લાસ ન હોવાના લીધે થતાં પાપો પર કલેજે સંતાપ રહ્યા કરવાનો, ભગવાનના મત-અભિપ્રાય પાછળ જો આ પરવા હોય, તો ભગવાન વહાલા કર્યા ગણાય, પેલા મંત્રીએ એ કર્યું, માટે એણે ભગવાન ખરેખર વહાલા કર્યા એમ કહેવાય, બાકી વહાલ દેખાડવું છે, વહાલનો દાવો રાખવો છે, અને એમના મત-અભિપ્રાય-આજ્ઞાની પરવા જ નથી રાખવી, તો એ દેખાડો, એ દાવો વાહિયાત છે. ખોટો છે. અસ્તુ. મંત્રી અને એની પત્નીના સુયોગ્ય બોલથી બે ભાઈઓનું હૃદયપરિવર્તન થઈ ગયું.

સુયોગ્ય બોલની કેટલી બલિહારી છે એની વાત ચાલે છે. સેનાપતિએ સીતાને જંગલમાં ઊતારી હવે પાછા જતાં સ્વામી રામચંદ્રજીને કોઈ સંદેશો કહેવો હોય તો કહેવાની માગણી કરી છે. એ વખતે સીતાજી કેટલા સુંદર સુયોગ્ય બોલ કાઢે છે એ જોવાનું છે.

મહાસતી મહારાણીપદેથી એકાએક ભ્રષ્ટ કરાઈને ગર્ભિણી અવસ્થામાં ભયાનક જંગલમાં એકલા-અટુલા તરછોડ્યા છે; છતાં આકુળવ્યાકુળ થયા વિના સુંદર સંદેશો આપી રહ્યા છે. આ વસ્તુ આપણા માટે ખૂબ જ આલંબનભૂત છે. જીવનમાં આટલી હદ સુધીના અપમાન, તરછોડાવાપણું, ભયંકર અટવીમાં હકાલપટ્ટી, વગેરે ઘોર કષ્ટ-દુઃખ-અને ભય આપણે શા પામીએ છીએ ? છતાં નજીવી બાબતોમાં કેવી સ્વસ્થતા ગુમાવી આકુળવ્યાકુળ થઈ જઈએ છીએ ? પછી ત્યાં ઉકળાટના, બફારાના, અધીરાઈના કેવા અજુગતા બોલ કાઢીએ છીએ એ વિચારવા જેવું છે. ત્યારે ચાલુ સામાન્ય પ્રસંગોમાં સ્વસ્થતા, ધીરતા અને તત્ત્વાનુસારિતાના બોલ ક્યારે આવડવાના ? જો આ ન આવડે તો અસાધારણ વિકટ પરિસ્થિતિમાં તો કઈ ય દશા ? શું જિંદગીના છેડા સુધી આટલી બધી નિઃસત્ત્વતા ચાલુ રહેવાની ?

**અતિ જરૂરી તત્ત્વ કેળવવાનો આ મોંઘેરો માનવકાળ સરકી રહ્યો છે. એ જરાય ભૂલવા જેવું નથી. સત્ત્વ કેળવવા માટે તો આવા પ્રતિકૂળ સંયોગ ખરેખરી તક આપે છે,** સાધન આપે છે. એ વખતે (૧) કર્મનો અટલ સિદ્ધાન્ત, (૨) ભવિતવ્યતાના નિર્ધારિત ભાવ, (૩) કાલાનુસારે અન્ય આથી પણ ભયંકર વિકટ પરિસ્થિતિની તુલનાએ બહુ હળવી સ્થિતિ, અને (૪) આત્માની અવિકાર્ય અક્ષય અરૂપી અવસ્થા; ઈત્યાદિનો વિચાર રાખી સત્ત્વ કેળવી શકીએ છીએ, હૃદયને સ્વસ્થ શાંત શીતલ રાખી તત્ત્વદૃષ્ટિએ જ વિચાર કરવાનું રાખી શકીએ છીએ. શા માટે જરાય આકળ-બેબાકળા થવું ? ચાલવા દો જગતને એના રાહે, એના પર આપણો અધિકાર નથી કે એણે આમ જ ચાલવું જોઈએ એ આપણાથી સ્વતંત્ર છે.



એ એના રાહે ચાલે, આપણે આપણા રાહે ચાલીએ. આપણી તત્ત્વદૃષ્ટિ-તત્ત્વાનુસારિતા, સત્ત્વ, ધૈર્ય, સ્વસ્થતા આદિ રાખવામાં આપણે સ્વતંત્ર છીએ. જગત એમાં બાધ કરી શકતું નથી, અગર જો આપણે સાવધાન છીએ, આપણા મહા કલ્યાણકર આ હક આ અધિકાર આ સ્વાતંત્ર્યનું ભાનવાળા છીએ, આડીઅવળી લપ મૂકી એ બજાવવા તૈયાર છીએ.

**સીતાના સંદેશાનું પૃથક્કરણ :-**

મહાસતી સેનાપતિને આ સત્ત્વ અને તત્ત્વદૃષ્ટિ સાથે કહે છે, **'સ્વામીને કહેજો કે જેમ આપે લોકનાં વચનથી મને ત્યજી તેમ લોકવચનથી જૈનધર્મ ત્યજતા નહિ.'**

**લોક સંજ્ઞાને ત્યજો :-**

શું કહ્યું ? હું સતી છતાં લોકે વિરોધ કર્યો તો તમે મારો ત્યાગ કર્યો. એ રીતે કાલે ઊઠીને લોકો જૈનધર્મ સારો છતાં એની નિન્દા એનો વિરોધ કરવા લાગે, લોક કહે 'રામે આ ધર્મ રાખવા જેવો નથી,' તો તેથી કરીને જૈનધર્મનો ત્યાગ કરતા નહિ.

**લોકના મોઢે બંધન હોતું નથી,** એટલે એ તો કાંઈ ને કાંઈ બોલે, પણ વિવેકી માણસે એમાં તણાઈ જવું જોઈએ નહિ. માટે તો શાસ્ત્રકારો લોકસંજ્ઞા છોડવાનું કહે છે, લોકહેરીમાં ન તણાવાનું કહે છે. અવિવેકી લોક ગમે તે બોલે, ધર્મવિરુદ્ધ બોલે, એટલા માત્રથી લોકોને રાજી રાખવા સારી વસ્તુ છોડાય નહિ. લોકને એવું ખુશ કરવાનું ઘેર ગયું. નહિતર એમ કરવામાં સારી સાચી વસ્તુથી આપણે વંચિત થઈ જઈએ ! એનો દ્રોહ કરનારા બનીએ ! લોક તો ચાર દહાડા વાત કરીને પાંચમે દહાડે ભૂલી જાય, બીજી વાતે વળગે; પણ આપણે હંમેશ માટે સારી-સાચી વસ્તુના દ્રોહી બની એને ગુમાવનાર બનીએ ! માટે **લોકના પૂજારી બનવા કરતાં સારી-સાચી વસ્તુના જ ખપી બનવું, બન્યા રહેવું એમાં જ વિવેક છે, સત્ત્વ છે, ડહાપણ છે, પરિણામે જીતવાનું છે.**

**જૈનધર્મના ત્યાગમાં પરિણામ :-**

સીતાજીના આ પોતાનો ત્યાગ સ્વીકારી લે છે, પણ રામને માટે જૈનધર્મનો ત્યાગ ન કરવાનું કહે છે તે એમ જ નહિં, કિન્તુ એની દલીલ પણ આપે છે. એ કહે છે તે હું આ એટલા માટે કહું છું, કે **મને ત્યજવાથી બીજી મારા જેવી પત્ની નહિ જ મળે એમ નહિ, મારા કરતાં સારી પણ મળે, અને મારા ત્યાગથી તમારો મોક્ષ અટકી જ જશે એવો પણ નિયમ નથી. પરંતુ જો લોકવિરોધથી સર્વજ્ઞ કથિત (જૈન) ધર્મ છોડ્યો છે, તો પછી એ ધર્મથી સારો તો શું, પણ એના જેવો ય ધર્મ નહિ મળે, અને એથી મોક્ષ અચૂક અટકી જશે.** અનંતા કાળના લોકાલોકના સમસ્ત

ભાવો જેને પ્રત્યક્ષ છે એવા સર્વજ્ઞે કહેલ તત્ત્વ-ધર્મ એ પ્રત્યક્ષ વિનાની વ્યક્તિ શી રીતે કહી શકે ?

સીતાજીએ આ સંદેશો કહેવા કહ્યો એમાં ક્યાંય પોતાના પર રામે વરસાવેલી અણધારી ભયંકર આફત અંગે લેશ પણ ઠપકો, તિરસ્કાર, હાયબળાપો કશુંય છે ? જરાય આક્ષેપ છે ખરો કે 'આ પરણીને તમારા વિશ્વાસે બેઠા, રાવણ બળાત્કારે ઉપાડી ગયો તો ય ત્યાં માત્ર તમારી જ જપમાળા ગણી શીલ અખંડ રાખ્યું, હવે તમે દ્રોહ દો છો ? મારા અખંડ પ્રેમના બદલામાં આ વિટંબણા કરવાની હૃદયહીનતા ?' છે કોઈ આવો આક્ષેપ કરવાની વાત ? ના, ત્યારે વિચારવા જેવું છે કે હૃદય કેટલું ઉચ્ચ અને ઉમદા હશે કે એમાં આવું કશું સ્ફુરે નહિ ! ને ઉપરથી એ સ્ફુરે કે 'રામે મારો ત્યાગ ભલે કર્યો, પણ ધર્મનો ત્યાગ ન કરે. મારી વિરુદ્ધ લોકવચન પર ભલે મદાર બાંધે, પણ ધર્મવિરુદ્ધ લોકવાયકા પર ધ્યાન ન દે, એના ઉપર મદાર ન બાંધે.' આ કેવા ઉચ્ચ ઉમદા હૃદય પર સ્ફુર્યું હશે ? એવું હૃદય કેમ બને ?

## • ઉચ્ચ અને ઉમદા હૃદય શી રીતે બને ? •

એ બનાવવાના આ ઉપાય છે,-

**(૧) કર્મ પર અટલ શ્રદ્ધા સાથે કર્મ-વિપાકનો જાગતો ખ્યાલ,**

**(૨) તત્ત્વાનુસારિતા.**

**(૩) જિનવચનની રસિકતા સાથે એથી ભાવિત મન. અને**

**(૪) શુભ ભાવોના જ નિરંતર ખપ સાથે એનો જાગતો પુરુષાર્થ.**

આના પર થોડો વિચાર કરીએ. હૃદય ઉચ્ચ એટલે કે સત્‌તત્ત્વ અને સન્માર્ગના આસમાનમાં વિચરતું, અને ઉમદા એટલે કે બહુ વિશાળ અને પવિત્ર. આવું હૃદય બનાવવા ઝંખો છો ને ? તો આ એ માટે સુંદર ચાર ઉપાય બહુ ઉપયોગી છે. એમ કહેતા નહિ કે 'આ તો અમારા ધ્યાનમાં જ છે.' જો ધ્યાનમાં હોય તો તપાસી જુઓ કે દિલ ઉચ્ચ છે ? એટલે કે સત્ તત્ત્વ અને સન્માર્ગમાં વિહરતું છે ? ઉમદા અર્થાત્ વિશાળ-ઉદાર-પવિત્ર, સંતુષ્ટ છે ? (૧) જો હા, તો પછી આજના તમારા ચાલુ રોદણાં શાના હોય (૨) જો નથી, તો એ ઉપાયો હજી બરાબર ધ્યાનમાં નથી એ સમજી રાખો, હવે એનું એકેકનું જરા સ્વરૂપ જુઓ એટલે ખ્યાલમાં આવશે કે ઘર-આંગણે આ કેવાં અનુપમ નિધાન પડ્યા છે, છતાં એને ઓળંગી જવાય છે ?

આનંદઘનજી મહારાજ કહે છે ને,-



**'પરમ નિધાન પ્રગટ મુખ આગળે, જગત ઓળંઘી જાય, જિણેસર !**
**જ્યોતિ વિના જુઓ જગદીશની, અંધો અંધ પુલાય, જિણેસર !**
**ધર્મ જિણેસર ગાઉં રંગશું.' ॥૧॥**

અર્થાત્ મોંઢા આગળ પરમ નિધાન ખુલ્લાં પડ્યાં છે, પરંતુ જગદીશની અનુભવજ્યોતિ વિના એ નહિ દેખી શકવાથી જગતના લોકો એને ઓળંઘીને ચાલે છે ને તેથી અંધે અંધનો ગાડર પ્રવાહ ચાલી રહ્યો છે. એ ગાડર પ્રવાહમાં 'હાય, પૈસા, હાય વિષયો' ની બૂમરાણ મચે છે, ઈષ્ટવિયોગ-અનિષ્ટ સંયોગનાં રોદણાં રોવાય છે, રોગ-વ્યાધિ-અકસ્માતની પોક મૂકાય છે, 'હેં મોત આવ્યું !' ના કલ્પાંત મચે છે, જગતમાં આ બધો કોલાહલ મચી રહ્યો છે એ અંધોઅંધની દોડધામ છે. એમાંથી ઉગારનાર પરમ નિધાન છે.

**ક્યું પરમ નિધાન ? કઈ જ્યોતિ એને બતાવી આપે ?**

પરમાત્માનો પ્રેમ એ જ પરમ નિધાન એ ઘરઆંગણે છે; પરંતુ અંધાપામાં ક્યાંથી દેખાય ? અંધાપો ટાળનાર છે જિનવરની અનુભવજ્યોતિ. એનો ખપ ન કરાય ત્યાંસુધી અંધાપો ન ટળે. પરમાત્માનો પ્રેમ એટલે પરમાત્માએ બનાવેલ પરમ ઉચ્ચ અને ઉમદા હૃદયનો નમૂનો. એના નમૂનાભૂત અભ્યાસરૂપ ઉચ્ચ અને ઉમદા હૃદયનું નિર્માણ થાય, એ જ ભગવત્પ્રેમ-પરમાત્મપ્રીતી, એવા હૃદયનું નિર્માણ કરવા માટે જિનવરની જ્યોતિરૂપ આ ચાર ઉપાય છે. જીવનમાં એ રીતસર ઝગમગાવો. તો દિલ ઉચ્ચ અને ઉમદા બન્યું સમજો.

**પ્ર.**- પણ હૃદય ઉચ્ચ-ઉમદા ન હોય, અધમ અને ક્ષુદ્ર જ હોય તો એ જ્યોતિ ક્યાંથી ઝગમગે ?

**ઉ.**- આ સવાલ જ્યોતિથી છૂટવા માટે અને દિલ અધમ-ક્ષુદ્ર બન્યું રહે એનો સંકોચ રાખ્યા વિના કરો છો ? કે જ્યોતિ લાવીને હૃદય ઉચ્ચ-ઉમદા બનાવવાની પૂરી ધગશથી કરો છો ? છૂટી પડવા માટે જો સવાલ હોય તો જવાબ દેવાનો કોઈ અર્થ નથી. હૃદય પરિવર્તનની ધિખતી તમન્નાથી પ્રશ્ન હોય તો આ ખુલાસો છે કે સમજી રાખો કે અનાદિ કાળથી તો હૃદય અધમ અને ક્ષુદ્ર જ ચાલ્યું આવે છે. હવે એને ઉચ્ચ-ઉમદા બનાવવું છે, તે આ જ્યોતિના અભ્યાસથી થશે. પહેલવહેલાં હૃદય તેવું ઉચ્ચ-ઉમદા નથી એટલે મન મારીને આ જ્યોતિનો અભ્યાસ કરવો પડશે. એ અભ્યાસ ખૂબ ચાલશે પછી એ સહેજે બની આવશે. એમાં દિલ ઉચ્ચ-ઉમદા થતું આવવાનું. હંમેશા સારી વસ્તુ પહેલાં અભ્યાસથી જ આવે છે. જીવ કાંઈ અનાદિ સૂક્ષ્મ નિગોદ અવસ્થામાંથી અર્થાત્ સૂક્ષ્મ અનંતકાય એકેન્દ્રિય અવસ્થામાંથી સદ્‌ગુણો અને શુભ ભાવો લઈને નથી આવ્યો. એ તો પછીથી જ્યારે

એ માટેનો પુરુષાર્થ કરે છે ત્યારે કર્મનો ક્ષયોપશમ થતાં એ પ્રગટ થાય છે. અભ્યાસ વધતાં એ બને છે. ત્યાં પછી સહજ ભાવે એ સદ્ગુણો અને શુભ ભાવો કામ કરવા માંડે છે. જિનવરની જ્યોતિ માટે આ રીતે અભ્યાસ કરવાનો છે. એ અભ્યાસ વધતાં વધતાં સહજભાવે જ્યોતિ આપણા અંતરમાં ઝગમગવા માંડશે અને ત્યાં દિલ ઉચ્ચ અને ઉમદા બનેશે. એનું જ નામ પરમાત્મપ્રીતિ; ને એ પરમ નિધાન છે.

**ઉચ્ચ-ઉમદા હૃદયને પરમાત્મ-પ્રીતિ કેમ કહો છો ?**

એટલા માટે, કે પરમાત્માનું સ્વરૂપ સદ્ગુણો અને શુભ ભાવોની પરાકાષ્ઠાએ પ્રગટ થાય છે. એની પ્રીતિ એટલે જ પરમાત્મપ્રીતિ. પરમાત્મા સાથે સંબંધ કરવાનો તે આ ઉત્કૃષ્ટ-સ્વચ્છ સ્વરૂપ સાથે કરવાનો છે. એ જ ખરેખરો સંબંધ છે. સંબંધ પ્રીતિનો, તે આ સ્વરૂપની પ્રીતિનો કરવાનો. પરમાત્મા પાસેથી તુચ્છ ધન-માલ કઢાવી લેવા માટે એમના પર પ્રીતિ હોય તો તે ખરેખર પરમાત્મસ્વરૂપ ઉપર પ્રીતિ જ નથી; કેમકે ત્યાં ધનમાલ પર જ પ્રેમ હોઈ પરમાત્માને તો એક એનું સાધન બનાવવાનું થાય છે, પરમાત્માને વટાવવાનું થાય છે. ધનમાલ જ ગમ્યા એટલે તો અવગુણો અને દુષ્ટભાવો જ ગમવાના, હૃદય ક્ષુદ્ર-અધમ રહેવાનું ત્યાં ક્યાં ગુણમય પરમાત્મસ્વરૂપ ગમવાનું રહે ? એથી વિરુદ્ધ, જો સદ્ગુણ-શુભભાવો ગમે છે, તો એ પરમાત્મસ્વરૂપ ગમ્યું કહેવાય; ને એ ગમવાનું ઉચ્ચ-ઉમદા હૃદયથી બને છે. એવું હૃદય બનાવ્યું એ જ ખરેખર પરમાત્મપ્રીતિ થઈ ગણાય, માટે ઉચ્ચ-ઉમદા દિલને અહીં પરમાત્મપ્રીતિ કહીએ છીએ, સીતાજી પાસે એ છે, એવું દિલ બનાવવા એટલે કે પરમાત્મા સાથે પ્રીત ઊભી કરવા જિનવરની જ્યોતિ એ સાધન છે.

**જિનવરની જ્યોતિમાં ચાર વસ્તુ** (૧) કર્મ પર અટલ શ્રદ્ધા સાથે કર્મવિપાકનો ખ્યાલ, (૨) તત્ત્વાનુસારિતા, (૩) જિનવચનની રસિકતા અને (૪) શુભ ભાવોના ખપ સાથે એનો પુરુષાર્થ, એ દરેક શું કામ કરે છે એ જુઓ. સીતાજીના પ્રસંગમાં આ દેખાય છે.

**(૧) કર્મ પર અટલ શ્રદ્ધા એટલે કે એવો** સચોટ વિશ્વાસ કે મારે આ જગતના જીવનમાં જે બાહ્ય સારું-નરસું પ્રાપ્ત થાય છે એમાં મુખ્યપણે મારાં પોતાનાં પૂર્વકૃત શુભાશુભ કર્મ ભાગ ભજવે છે, મેં એ પૂર્વે શુભ કે અશુભ ભાવ સેવીને ઊભા કરેલા હોઈ અહીં હવે એના વિપાક ભોગવવા જ જોઈએ; અને તે નવાં અશુભકાર્ય ઊભા થતાં અટકાવવા માટે શુભ ભાવ રાખીને જ ભોગવવાનાં. સીતાજી એટલે જ સેનાપતિને કહે છે કે 'આ મારે પટ્ટરાણી અને ગર્ભિણી અવસ્થામાં એકલી-અટુલી જંગલમાં મુકાવું પડે એમાં મારાં પોતાનાં પૂર્વકૃત અશુભ કર્મ જ



કામ કરી રહ્યાં છે. સ્વામીનો કોઈ દોષ નથી, એ તો મારા સતીત્વ પર શ્રદ્ધાવાળા, એમને આવી મને તરછોડવાની બુદ્ધિ કેમ જાગે ? પણ મારાં અશુભ કર્મ જ એ જગાડી રહ્યા છે, દોષપાત્ર મારાં કર્મ જ છે.' એટલે સ્વામીને ઠપકો આપવા જેવું ને એમના પર રોષ ઠાલવવા જેવું મારે કાંઈ કહેવાનું નથી, મારે તો સ્વામી આ લોકનિંદાથી મારી જેમ ધર્મનો ત્યાગ ન કરે એટલું જ કહેવાનું છે.'

શું કર્યું આ એણે ? કર્મ પર અટલ શ્રદ્ધા દિલમાં ઝગમગાવી અને વ્યક્ત કરી, પોતાનાં કર્મના વિપાક પર જાગતો ખ્યાલ રાખ્યો, અને રામ પ્રત્યે કે લોકો પ્રત્યે રોષ-દ્વેષ-તિરસ્કાર નહિ કરીને પોતાના દિલમાં અશુભ ભાવ અટકાવ્યો. ને બસ જ્યાં આ સચોટ શ્રદ્ધા ઝગમગતી છે કે 'કર્મ કરે તે થાય' ત્યાં બીજા પર દ્વેષ-તિરસ્કારના અશુભ ભાવ શા સારુ થાય ? પોતાના જ કર્મની મશીનરી મુખ્ય કામ કરતી દેખાય પછી એ અશુભ ભાવ શી રીતે જાગે ?

આપણે અહીંજ ભૂલા પડીએ છીએ કે પ્રસંગ-પ્રસંગમાં જાતનાં પૂર્વકૃત કર્મ પર દૃષ્ટિ લઈ જવાને બદલે ઝટ બાહ્ય આગન્તુક નિમિત્તોને જવાબદાર લેખીએ છીએ ને તરત એના માટે કચવાટ, રોષ, તિરસ્કાર, હૈયે ઉભરાવીએ છીએ. ત્યાં જોવા નથી બેસતા કે 'ભલા ! તારાં પોતાનાં તેવાં અશુભ કર્મ ન હોત તો આ આમ શું કામ બનત ? અને **પરમાત્માનું શાસન મળ્યું છે એ શું આ અજ્ઞાનદષ્ટિ પડતી મૂકી મૂળવસ્તુ પર મન લઈ જવા માટે નથી મળ્યું ?**

**જો મોહમૂઢ દૃષ્ટિ પડતી ન મૂકવી હોય તો શાસન મળ્યાનો શો ઉપયોગ છે ? તેમ જગતના અનુભવો જોવા મળે છે એનો શો ઉપયોગ છે ?'**

જગતમાં જોઈએ છીએ કે માણસના બચાવ માટે કેટલીય તકેદારી હોય છતાં અકસ્માતો બને છે. રસ્તાની બાજુએ માણસ સાવધાનીથી ચાલતો હોય છતાં સાયકલ, મોટર વગેરે એને લપેટામાં લઈ લે છે ! વાહન હાંકનારની ભલે બેપરવાઈ હોય છતાં બીજાને નહિ, ને આને જ કેમ લપેટામાં લીધો ? ખાસ ઈરાદાપૂર્વક તો આ બન્યું નથી કે 'બીજાને નહિ, આને જ લેવો છે,' તો પછી કેમ આમ બન્યું ? કહેવું જ પડે કે એના અશુભ કર્મનો ઉદય; તેથી એને જ અકસ્માત બન્યો. દુનિયામાં અનેક ઠેકાણે આવા અકસ્માતો બની રહ્યા છે.

ક્યારેક અમુક વિમાન તૂટે છે, રેલવે ટ્રેઈન ભટકાઈ ભાંગે છે, મોટર અથડાઈ ઊંધી પડે છે, વરસાદની હેલી થાય છે, નદીનું પૂર ગામડાં સાફ કરે છે, ધરતીકંપ, આગ, કરો-પાટડો તૂટવો, વગેરે પ્રસંગો બનતાં અમુક જ માણસોનો કચ્ચરઘાણ નીકળે છે ! ત્યાં એ જીવોના કર્મના વિપાક સિવાય એમના માટે બીજું કયું મુખ્ય કારણ છે ?

જગતના અનુભવો જુઓ, શ્રીમંત એ ગરીબ દેવાદાર થઈ જાય છે ! પત્ની મરે છે ! બાઈ નાની ઉંમરમાં વિધવા થઈ જાય છે ! પરિવાર મરી ખૂટે છે ! રળતો-કમાતો દીકરો ઊપડી જાય છે ! તબિયત એકાએક બગડી જાય છે ! આંખને મોતિયો-ઝામર વગેરેના ઓપરેશનમાં નુકસાન પહોંચે છે !...આ બધું કર્મના ઉદય વિના કેમ બન્યું ?

વિશ્વાસ રાખેલો ભાઈ કે ભાગીદાર દગો દે છે; ખીસું કપાય છે, ગઠડી ઉપડી જાય છે, ચોરી થાય છે; એ પોતાના પાપ ઉદયમાં આવ્યા વિના કેમ બને ?

**વિચિત્ર રીતે ચોરી થયાનું દૃષ્ટાન્ત :-**

મુંબઈ શહેરમાં રહેતા એક ભાઈને સહકુટુંબ યાત્રાએ જવું છે. તેથી બ્લોક બંધ કરી એની ચાવી બાજુના પાડોશીને સોંપી કહ્યું, 'આ ખાસ સાચવજો. બીજા કોઈને ઉઘાડવા આપશો નહિ.' પેલા પાડોશી ખાનદાન હતા, વિશ્વાસપાત્ર હતા. એટલે જ એમને ચાવી ભલામણ સાથે સોંપી. એણે પણ સ્વીકારી લીધું 'ભલે, બરાબર સાચવીશું.'

કહો, બરાબર ? હવે આમાં ચોરીનો સંભવ છે ? ના, જો ઘરધણીનું પુણ્ય જાગતું હોય તો પણ જો કર્મ રુઠ્યાં હોય તો તો ગમે તે રીતે ઉપડ્યું સમજો. અહીં એવું જ બને છે. પેલા ભાઈ તો યાત્રાએ ગયા.

એકવાર એવું બને છે કે 'પાડોશીના નોકરની બુદ્ધિ બગડે છે. એણે બે લુચ્ચાને સાધ્યા. એ બે માણસ ગોદરેજનું મોટું નવું કબાટ લઈ આવ્યા. પેલા યાત્રાએ ગયેલા ભાઈનું નામ લેતાં પૂછે છે કે 'આ ભાઈ ક્યાં રહે છે ?'

પાડોશી કહે, 'રહે છે તો આ બાજુમાં, પણ યાત્રાએ ગયા છે.'

કબાટવાળા ખેદ દેખાડે છે, 'અરેરે ! આ કબાટનો ઓર્ડર આપી ગયા હતા, તે બહારગામ ગયા ? એમને આની ડીલીવરી આપવાની છે હવે આને ક્યાં પાછું લઈ જઈએ ? એમના બ્લોકની ચાવી છે કે નહિ ?'

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"** **વર્ષ-૧૪,અંક-૩૭,તા.૪-૬-૧૯૬૬**

પાડોશી વિચારમાં પડ્યો કે શું કહેવું ? પણ પાછું એના મનને થયું કે 'આમાં કંઈ લઈ જવાની વસ્તુ તો છે નહિ. આ તો કબાટ મૂકવાની વાત છે. એટલે કહે છે, 'ચાવી તો છે. પણ અમને કાંઈ કબાટની વાત કરી નથી.'

પેલા કહે, 'તે ભૂલી ગયા હશે વાત કરવાની. તમે તમારે આ કબાટ જરા



અંદર મૂકાવી દોને. અમારે બીજું કાંઈ કરવું નથી. કબાટ નાહક પાછું લઈ જવામાં મજૂરી માથે પડશે. તે પાછી મજૂરી ભાઈના બીલમાં ચડશે. ફોગટ એવો ખર્ચ શા માટે ? મકાન ખોલી આપો એટલે કબાટ અંદર મૂકી અમે ચાલ્યા જઈએ.'

પાડોશીને ગળે વાત ઊતરી ગઇ. ચાવી કાઢી, મકાન ખોલી, કબાટ અંદર મૂકાવી દીધું. મકાન બંધ કર્યું. પહોંચ્યાની રસીદ પર સહી કરી આપી પેલા લુચ્ચા ગયા.

અહીં ચોરીનું પગરણ ઊભું થયું. શી રીતે ? શું પેલો નોકર કંઈ કરવાનો છે ? અગર શું પેલા લુચ્ચા ઘર જોઈ ગયા, તે હવે રાતે કે દહાડે ચોરી કરવા આવવાના છે ? ના, આમાંનું કશું નહિ. ને એમ તો પાડોશી સાવધાન છે. ચાવી ઠેકાણે મૂકી છે, નોકર પર આંધળો ભરોસો નથી, છતાં જુઓ ચોરી શી રીતે થઈ.

પેલું કબાટ આવેલું એમાં જ અંદર બે માણસ હતા. રાતના એ બહાર નીકળ્યા સાધનો લઈને આવેલા તે ઘરધણીની તીજોરી કબાટો ખોલી રૂા. ૩૫,૦૦૦) નો માલ ઊઠાવ્યો, એ લઈને બધું પૂર્વવત્ કરી નવા કબાટની અંદર ગોઠવાઈ ગયા.

સવારે પાછા પેલા કબાટવાળા માણસો આવ્યા અને પાડોશીને કહે છે, 'ભાઈ સાહેબ ! અમારી ભૂલ થઈ, પેલું કાલવાળું કબાટ બીજે આપવાનું હતું તે અહીં લઈ આવ્યા. માટે જરા એ કબાટ લઈ જવા દો.'

પાડોશીને ય લાગ્યું કે 'આ સંભવિત છે. કેમકે આવું મોટું કબાટ આવવાનું હોય તો યાત્રાએ ગયેલા ભાઈ જરાક સૂચના તો કરી જાત ને ? ત્યારે લઈ જવા દો કબાટ એમાં ઘરધણીનું તો કાંઈ આપવાનું છે નહિ. પછી શી ચિંતા છે ?'

બસ, રસીદ પાછી લઈ લીધી અને કબાટ લઈ જવા દીધું; યાત્રાથી પાછા આવેલા ભાઈએ ઘર ખોલી જોયું તો રૂપિયા પાંત્રીસ હજારનો માલ ઉપડી ગયો છે ! પાડોશીને પૂછતાં એ કબાટની વાત મળી, પાડોશી ઉપર વિશ્વાસ હતો, નહિતર એના પર જ આરોપ ચઢત, કલ્પના થઈ કે કબાટમાં જ ચોર આવેલા તે માલ ઉપાડી ગયા, હવે એનો પત્તો ક્યાં લગાડે ? કલ્પાંત કરીને બેસી રહ્યા.

અહીં વિચારો કે આટલી સિફતથી જેની ચોરી થઈ એનાં અશુભ કર્મના ઉદય વિના એ ચોરીમાં કોણ પ્રધાન કારણ છે ? એ કર્મના ઉદય જ એવા પ્રબળ કે પાડોશીને પહેલાં કે પછી કબાટ ખોલાવી જોવાનું મન જ ન કરાવે ! એના નોકરને પણ વિશ્વાસઘાતી બનાવે ! ચોરને ઘરધણી યાત્રાએ જાય એવી સગવડ કરી આપે ! મૂળ પાયામાં કર્મના વિપાક કામ કરી રહ્યા હોય છે.

પ્રબળ અશુભ કર્મના ઉદય તો મોટમોટા રાજ્ય ઉથલાવી નાખે છે. એ પ્રપંચ એવો સર્જે કે રાજાનો મંત્રી અગર ઘરભેદું ફૂટે ! અગર અચાનક પરરાજાનું

આક્રમણ આવે ! યા રાજાનો દીકરો જ રિસાઈ બહાર ભાગીને દુશ્મનના ભેગો ભળે ! કર્મની વિચિત્રતા વિલક્ષણ હોય છે.

સીતાજી આ કર્મતત્ત્વ પર અટલ વિશ્વાસ ધરાવે છે, અને અત્યારે જાગેલા પોતાના અશુભ કર્મના વિપાક પર પૂરેપૂરા જાગરુક છે, એના જાગતા ખ્યાલવાળા છે. તેથી હૃદય ઉચ્ચ અને ઉમદા રાખી, બિહામણા જંગલમાં ગર્ભિણી અને રાજરાણી અવસ્થામાં પતિ દ્વારા એકલા-અટુલા તરછોડવા પર પતિને સંદેશામાં કોઈ ઠપકો-તિરસ્કાર-ટોણાંમેણાં મારવાનું કરતા નથી. આપણને આટલો મોટો અનર્થ તો ક્યાં આવે છે ? પણ ચાલુ સામાન્ય આપત્તિમાં શું આપણે આ પ્રબળ કર્મસત્તા પર અટલ શ્રદ્ધા અને કર્મવિપાકનો ખ્યાલ ન રાખી શકીએ ? વાતે વાતે જે એમ થાય છે કે 'મારી કોઈ ભૂલ નથી, ને સામા આમ કેમ વર્તે ? એમને શો હક છે ? એ કેવું ખરાબ કરે છે ?' આવો આવો ઉકળાટ જાગવા પર અંકુશ ન મૂકી શકીએ ? જ્યાં આપણે જ ખરાબ વર્ત્યા છીએ ત્યાં સામા પર આક્ષેપ ચડાવવાનું અને નિંદા કરવાનું ન રોકી શકીએ ?

**આપણાં કર્મ રુઠ્યા વિના આપણું કોણ બગાડનાર છે ? અને અશુભ કર્મના ઉદય જાગ્યા એટલે અનિષ્ટ થતું કોણ અટકાવનાર છે ?**

**હૃદય તામસી કેમ ન બને :-**

પણ ધીરજ નથી, ખ્યાલ નથી, પરવા નથી, બીજા પર ખોટા ઉકળાટની અનાદિની ઘરેડમાંથી બહાર આવવું નથી ! એટલે મૂળ અને મુખ્ય કારણ પૂર્વકૃત કર્મને હિસાબમાં ગણવા નથી; એના પર દૃષ્ટિ જ નથી લઈ જવી; દૃષ્ટિ ક્ષુદ્ર રાખી ઝટ બીજા પર ઉકળાટ આક્ષેપ કરવા છે; ત્યાં હૃદય ઉચ્ચ અને ઉમદા શી રીતે બને ? નહિતર જો ધારીએ તો ડગલે ને પગલે એક યા બીજો અનિષ્ટ પ્રસંગ આવ્યા કરે છે, ત્યાં કર્મવિપાક પર જાગતો ખ્યાલ રાખી ઉકળાટ અટકાવવાનો સારો અભ્યાસ પાડી શકીએ, હૃદય ઉમદા રાખવાનું કરી શકીએ. 'બનવાનું તો બન્યું જ છે, પછી ઉકળાટથી શું વળે છે ?'-એ વિચારી 'આ મારાં કર્મનું જ ફળ છે' એમ કર્મ પર સતત નજર રહ્યા કરે; 'દેવું ચુકવાય છે' એનો ખ્યાલ રહે; પછી હૈયું તામસી નીચ ક્ષુદ્ર કરવાની કોઈ જરૂર નહિ. મહાન આત્માઓ એમજ ઉમદા હૃદય રાખી શકે છે. શ્રીપાળકુમારને ધવળશેઠ તરફથી મોટી મોટી આપત્તિઓ આવ્યા કરી છતાં એમણે હૃદય બગાડ્યું નહિ ! ધવળ પર લેશ પણ ઉકળાટ-આક્ષેપ કર્યો નહિ ! નળ-દમંયતી પર ક્યાં ઓછા દુઃખ વરસ્યા હતા ? છતાં કર્મ પર અટલ શ્રદ્ધા, તે પોતાનાં જ પૂર્વકૃતકર્મ પર દૃષ્ટિ રાખી હૃદયને ક્ષુદ્ર બનવા દીધું નહિ.



**કર્મોદય પર દૃષ્ટિનો લાભ :-**

કર્મના ઉદયને જવાબદાર લેખી એના જ પર દૃષ્ટિ રાખવામાં લાભ એ છે કે પછી મન બીજા સારા વિચાર કરવા નવરું પડે છે. તેમજ ચાલુ ધર્મક્રિયામાં મન એકાગ્ર રહી શકે છે. નહિતર તો બીજાનો વાંક જોવામાં પછી એના અંગેના જ ખોટા વિચાર આવ્યા કરે છે. અરે ! ભગવાનના દેરાસરમાં પણ મન આ ગડમથલ કર્યા કરે છે ! ત્યારે કર્મ ખાતે હવાલો નાંખવાથી પછી એની લાંબી વિચારણા નહિ.

**'કર્મ ખાતે હવાલો'** સમજો છો ને ? કંઈ બન્યું કે 'ખતવ કર્મના ચોપડે.' ઉધાર એને કર્મ સિલકમાંથી. માન કે આટલું કર્મ ઉદયમાં આવી રવાના થાય છે. કર્મ સિલકમાંથી ઉધરે છે' આવો હવાલો, આવી ખતવણી, કરવા પર પછી એના લાંબા લાંબા વિકલ્પમાં પડવાની જરૂર નહિ. તેથી સારા વિચારોને, ક્રિયામાં સારી એકાગ્રતાને અવકાશ રહેવાનો કોઈના તરફથી આપત્તિ આવી તો પણ એના માટે મન નહિ બગાડાય. સીતાએ એ કર્યું છે.

